# ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી
## (નો)
# ઇતિહાસ

વિભાગ બીજો

ઈ. ૧૮૭૫થી ૧૯૦૮



# ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી

નો

# ઇતિહાસ

વિભાગ ૨

[ સન ૧૮૭૯ થી ૧૯૦૮ ]

સંયોજક અને પ્રકાશક,
હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ, બી. એ.,
આસિ. સેક્રેટરી-ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી,
અમદાવાદ.

કિમ્મત એક રૂપિયો

આવૃત્તિઃ પહેલી. પ્રતઃ ૧૫૦૦.
સનઃ ૧૯૩૩. સંવતઃ ૧૯૮૯.

ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું;
ઠે. પાંચકુવા, ચાર રસ્તા; ગાંધીરોડ—અમદાવાદ.

# ઉપોદ્ઘાત

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના ઇતિહાસનો બીજો વિભાગ ગુર્જર જનતા સમક્ષ સહર્ષ સાદર કરીએ છીએ. આપણે સહુ જાણીએ છીએ તેમ સાહિત્ય એ પ્રજાજીવનનું પ્રતિબિંબ છે, અને આ પુસ્તકમાં આપેલી સામગ્રી એ વસ્તુને પ્રત્યક્ષ કરાવવા અનેક રીતે સફળ થઈ છે. સોસાઈટી સ્થાપન થઈ, ત્યારથી ગુજરાતના જીવનના વિવિધ દિશાના વિકાસનું આલેખન સોસાઇટીનાં પ્રકાશનો તેમ જ બુદ્ધિપ્રકાશના લેખોમાં દૃષ્ટિગોચર થાય છે, અને આજ આટલાં વર્ષોને અંતરે એ Kaleidoscopic ચિત્રસરખી પ્રગતિનું સચોટ દર્શન કરાવવા તેમાંના મુદ્દાઓ એકત્રિત કરી આ પુસ્તકની રચનામાં ગોઠવ્યા છે.

નવીન શિક્ષણ અને નવીન સંસ્કારો પામેલા આપણા વિચારકોને તે સમયના શિક્ષણમાં, સામાજિક રીવાજોમાં અને ધાર્મિક સ્થિતિમાં ઘણી ઘણી ઉણપો જણાઇ હતી અને પ્રજામન ખરી દિશામાં દોરવા માટે સાહિત્યનું બળવાન સાધન તેમણે હાથમાં લઇ આ દિશામાં Spade work યાને શરૂઆતના પથરા તોડવાનું કામ કર્યું. આ કામ સાચે જ પથરા તોડવા કરતાં પણ મુશ્કેલ હતું. અગ્રગામી કાર્યકર્તાઓ જેને Pioneers કહીએ છીએ તેમનાં લક્ષણમાં, આંખ મીચીને કામ ધપાવવાની ખંત અને અવિશ્રાન્ત પરિશ્રમ, વિઘ્નો વટાવી પાર જવાની શ્રદ્ધા તથા હિંમત મુખ્ય ગુણો હોય છે. તે સર્વને પરિણામે આજે આપણા દેશમાં દૃઢ ભૂમિકા તૈયાર થઇ ગઈ છે. દેશની પ્રગતિને અંગે હજી ઘણું ઘણું કરવાનું છે. પરંતુ આપણે ક્યાં છીએ અને ક્યાં પહોંચવાનું છે એ વાત નિશ્ચિત થઈ ગઈ છે. જે સામાજિક રીવાજો અને રૂઢિઓ સામે બંડ ઉઠાવનાર એ જમાનાના માન્યવરોને ગાળો ખાવી પડેલી તથા હાડમારીઓ વેઠવી પડેલી તે સર્વ અનિષ્ટો દૂર કરવા હવે અનેક જ્ઞાતિ સંસ્થાઓ અને મંડળો કામ કરી રહ્યાં છે. આ સંબંધમાં અત્યારે જે મત પ્રજા ધરાવે છે તે ઘડવામાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના કાર્યકર્તાઓનો ફાળો જોઈ શકાશે.

સમાજ ઉપરાંત આર્થિક અને ઔદ્યોગિક બાબતોને પણ સુધારણામાં ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના કાર્યકર્તાઓએ પોતાના લક્ષ બહાર રાખી નથી એ તેનાં પ્રકાશનો પરથી જણાઇ આવશે. શિક્ષણ એ તો સાહિત્ય ખીલવવાનું બળવાન શસ્ત્ર હોઇ એને પ્રથમ સ્થાન આપવું જ જોઇએ; તે અને ગુજરાતી ભાષાની સંવૃદ્ધિ અને ઉન્નતિ કરવા માટે આ સંસ્થાએ સર્વથા પ્રયત્નો કરેલા છે તે આ જમાનાના તેમ જ પછીના જમાનાના લોકોના લક્ષમાં આવવા માટે આ પુસ્તક સાધન બનશે એવી ઉમેદ છે.

આટલાં વર્ષના ગાળા પછી જે perspective આપણે દેખી શકીએ તે પરથી આ પુસ્તક આપણને દેખાડી શકશે કે ગુજરાતના નવા જમાનાના પ્રથમ મહાપુરુષોએ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને પોતાના કાર્યક્ષેત્રના વિકાસ અને વિસ્તાર માટે કેવી રીતે સબળ સાધનો તરીકે વાપર્યું; તેમ જ સાથે પોતાનાં ધ્યેય પ્રાપ્ત કરવાને સોસાઇટીએ એ પુરુષોની કર્તવ્યદક્ષતાનો કેટલે બધે અંશે લાભ લીધો. એટલે આવું સાધન ન હોત તો તેમનું કાર્ય વેગવાળું ન બનત અને આવા કાર્યકર્તાઓ ન હોત, તો સોસાઇટીની પ્રગતિ કુંઠિત થાત. આમ ગુજરાતના જીવનના ઘડતરમાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનો હીસ્સો આપણે જોઈ શકીએ છીએ.

હવે આપણે વિચારની દશામાંથી આચારમાં આવવાનું છે અને તે માટે અનેકવિધ પ્રયત્નો ચાલી રહ્યા છે. માત્ર માન્યતાઓ બસ નથી પરંતુ કરી બતાવવું એ જ જરૂરનું છે. પરંતુ આપણને આ દશામાં લાવનાર આપણા પુરોગામીઓને તેમના ભગિરથ પ્રયત્નો માટે યશ આપવો એ આપણું કર્તવ્ય છે.

ભાઈ હીરાલાલે જે દૃષ્ટિબિન્દુ પોતાની નજર સમક્ષ રાખ્યું છે, તેમાં સુયોગ્ય વસ્તુઓ વીણી કાઢી વાંચનારને પોતાની સાથે લઈ રસિક અને આકર્ષક બીનાઓમાંથી પસાર કરાવી પોતાનું ધ્યેય પ્રાપ્ત કર્યું છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી.

યુગ પ્રવર્તાવવામાં, જે અનેક બળો કાર્ય કરે છે, તેનું યત્કિંચિત્ દર્શન કરાવવા આ ઇતિહાસ સફળ થશે તો ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી આ કૃતિ રચાવવાને કરેલો પ્રયત્ન યથાયોગ્ય થયો એમ માનશે.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની કાર્યવાહક સમિતિને એક નમ્ર સૂચના કરવી અસ્થાને નહીં ગણાય. બુદ્ધિપ્રકાશની જુની ફાઇલોમાંથી મહત્ત્વના લેખોને તારવી કાઢી એક શુભ સંગ્રહ પ્રકટ કરે તો ગુજરાતની પ્રજાની માનસિક ઉત્ક્રાંતિનું એક ઉપયોગી દર્શન આપણને પ્રાપ્ત થાય એમ આ ઇતિહાસ જોતાં મને લાગે છે. ગયો જમાનો અને આ જમાનો કેમ સંકળાએલો છે, કેટલાં પરિવર્તનો જીવનના સર્વ પ્રદેશોમાં થયાં છે તેનો સાક્ષાત્કાર કરવાની તક એથી સાંપડશે.

**અમદાવાદ**
**ભદ્ર,**
તા. ૨-૧૦-૩૩.

**વિદ્યાબહેન ર. નીલકંઠ**

# પ્રસ્તાવના.

સોસાઈટીનો ઇતિહાસ લખવાનું કાર્ય હાથ ધર્યું ત્યારે મારૂં એમ માનવું હતું કે એક પુસ્તકમાં તે ઇતિહાસ પૂરો થશે; અને એક સન્મિત્રે તો એટલે દરજ્જે શંકા ઉઠાવેલી કે એક પુસ્તક ભરાય એટલી તેની સાધનસામગ્રી છે ખરી? પરંતુ જેમ એ વિષય વિચારાતો ગયો, તેનો પાછલો વૃત્તાંત અને બુદ્ધિપ્રકાશની જુની ફાઇલો વંચાતી અને તપાસાતી ચાલી, તેમ એ ઇતિહાસ પરત્વે ઘણા મુદ્દાઓ ચર્ચવા યોગ્ય માલુમ પડ્યા અને કંઈ ને કંઈ ઉપયુક્ત માહિતી લાધી, જેનાથી અત્યારની પ્રજા અપરિચિત કહેવાય.

સોસાઇટી તેના આરંભકાળથી આપણા પ્રાંતમાં પ્રવર્તતી સાહિત્ય અને કેળવણી વિષયક, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનાં એક કેન્દ્રરૂપ પ્રજાકીય સંસ્થા હતી અને તેનું એ સ્વરુપ યથાસ્થિત રજુ કરવા તેમ તેમાં તેનું કાર્ય–હિસ્સો લક્ષમાં આવવા, પશ્ચાદ્ ( background ) ભૂમિકા તરીકે તત્કાલીન જનતાનું માનસ અને તેના જીવનનું ચિત્રાલેખન અને વાતાવરણ ઉભું કરવાની અગત્ય સમજાઈ.

એ હેતુ પાર પાડવા પ્રથમ દષ્ટિએ સમકાલીન સમાજ સ્થિતિનું ચિત્ર દોરવા જે તે બનાવ કે પ્રસંગનો સાર ભાગ, વર્ણન કે વિવેચનરૂપે આપવાનો વિચાર કર્યો; પણ જ્યારે લખવા માંડ્યું ત્યારે એમ થયું કે એ રીતિના કરતાં સમકાલીન લેખ કે ગ્રંથમાંનો ઉતારો, તેમાંની ભાષા, વિચાર અને લાગણીવડે, વધારે સારી અસર ઉપજાવી શકશે; અને એ ફકરાઓ તે સમયના લેખનના અને સાહિત્યના નમુના તરીકે વિચારણીય માલુમ પડશે.

એ પ્રકારે વિષયનું નિરુપણ કરવામાં પુસ્તકનું કદ ધાર્યા કરતાં બહુ લાંબું વધી ગયું; પણ એ લેખ વિસ્તારમાં વિવિધતાના અને નવીનતાના અંશો પ્રવેશ પામવાથી તેના રસમાં ક્ષતિ થવા પામી નથી; એટલું જ નહિ પણ એ ઉતારાઓએ જે અનુકૂલ વાતાવરણ ઉભું કર્યું છે, તેથી તેનું આકર્ષણ વધી પડ્યું છે, એમ પહેલા ભાગ વિષે જે અભિપ્રાય મારા જાણવા સાંભળવામાં આવ્યા છે, તે પરથી કહી શકું.

પ્રસ્તુત ઇતિહાસના આલેખનમાં એકજ દૃષ્ટિબિન્દુ મારી સમીપ મેં રાખ્યું છે અને તે એ કે, સોસાઈટીને લગતી મહત્વની સઘળી માહિતી, જેમ અને તેમ તેના મૂળ સ્વરૂપમાં રજુ કરવી, અને તેની સાથે, સોસાઈટી સાથેનો મારો નિકટ સંબંધ ધ્યાનમાં લઇને, તેની હકીકત આપવામાં પક્ષપાત કે અતિશયોક્તિનો દોષ ન આરોપાય એ આશયથી, જ્યાં બની આવ્યું ત્યાં, "અન્યના જ" શબ્દોમાં જે તે નોંધ કરી છે અને તે વૃત્તાંત વિશ્વસનીય થાય એ અભિલાષ સેવ્યો છે.

અંતમાં મારા આ કાર્યમાં સહાયતા આપવા માટે હું ભાઈશ્રી મણિલાલ છબારામ ભટ્ટનો અત્યંત આભારી છું; અને લેડી વિદ્યાબ્હેને મને એમનો કૃપાપાત્ર માન્યો છે, એને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.

અમદાવાદ,
તા. ૧૦-૯-૧૯૩૩

હીરાલાલ ત્રિ. પારેખ

તા૦ ક૦

**આખા પુસ્તકની અનુક્રમણિકા ત્રીજા વિભાગના છેડે આપવામાં આવશે**

# અનુક્રમણિકા


વિષય: ... પૃષ્ઠ.

ઉપોદ્ઘાત ... લેડી વિદ્યાબ્હેન રમણભાઇ નીલકંઠ ... ૩ થી ૪

પ્રસ્તાવના ... ... ... ... ... ૫ થી ૬

પ્રકરણ:

૧ લું નવજીવનનો સંચાર ... ... ... ૧ થી ૩૪

પરિશિષ્ટ ૧: એજ્યુકેશન કમિશનના પ્રેસિડેન્ટ અને મેમ્બરોને લખેલો પત્ર ... ... ૩૫ થી ૪૩

પરિશિષ્ટ ૨: યુનિવર્સિટીના રજીસ્ટ્રારને લખેલો પત્ર ... ... ... ... ૪૪ થી ૪૬

૨ જું નવાં પુસ્તકો (સન ૧૮૭૯ થી ૧૮૯૧) ... ૪૭ થી ૬૫

પરિશિષ્ટ ૩: ફંડમાંથી રચાવવાનાં પુસ્તકો નિર્માણ થયલાંની યાદી... ... ... ૬૬

૩ જું રાજામહારાજાઓની ઉદાર સહાયતા ... ... ૬૭ થી ૮૯

પરિશિષ્ટ ૪: કચ્છના મહારાવને અભિનંદન પત્ર .. ૯૦ થી ૯૧

૪ થું રા. સા. મહીપતરામ રૂપરામ... ... ... ૯૨ થી ૧૧૭

પરિશિષ્ટ ૫: રાવ સાહેબ મહીપતરામને માન... ૧૧૮ થી ૧૨૭

૫ મું પ્રાચીન કાવ્યોનું સંશોધન અને પ્રકાશન ... ૧૨૮ થી ૧૩૯

પરિશિષ્ટ ૬: વડોદરા પ્રાચીન કાવ્ય ઑફિસનો પત્ર ... ... ... ૧૪૦ થી ૧૪૪

૬ ઠું સ્ત્રી કેળવણીને ઉત્તેજન ... ... ... ૧૪૫ થી ૧૫૩

પરિશિષ્ટ ૭: ખાડિયા રણછોડલાલ છોટાલાલ કન્યાશાળા ઉઘાડવાની ક્રિયા ... ... ૧૫૪ થી ૧૫૮

૭ મું સરદાર ભોળાનાથ સારાભાઇ ... ... ૧૫૯ થી ૧૬૭

૮ મું વધુ નવાં પુસ્તકો (સન ૧૮૯૨ થી ૧૯૦૮) ... ૧૬૮ થી ૧૯૨

પરિશિષ્ટ ૮: વધુ નવાં પુસ્તકો—સન
૧૮૯૨ થી ૧૯૦૮ ની યાદી ... ... ૧૯૩ થી ૧૯૯

૯ મું સોસાઇટીનાં ધારાધોરણ ... ... ... ૨૦૦ થી ૨૦૪

૧૦ મું સોસાઇટીનું મકાન ... ... ... ૨૦૫ થી ૨૧૯

૧૧ મું સોસાઇટીના પ્રમુખો ... ... ... ૨૨૦ થી ૨૩૩

પરિશિષ્ટ ૯: દી. બા. અંબાલાલ
સાકરલાલ દેસાઇનું ભાષણ ... ... ૨૩૪ થી ૨૪૭

૧૨ મું લાલશંકર ઉમિયાશંકર ... ... ... ૨૪૮ થી ૨૬૫

પરિશિષ્ટ ૧૦: બ્રહ્મચારીની વાડી ... ... ૨૬૬ થી ૨૭૦

પરિશિષ્ટ ૧૧: સોસાઇટીના આસિ.
સેક્રેટરીઓ ... ... ... ... ૨૭૧

૧૩ મું સોસાઈટીનો હીરક મહોત્સવ ... ... ૨૭૨ થી ૨૮૪

પરિશિષ્ટ ૧૨: હીરક મહોત્સવનું
દિગ્દર્શન પ્રિન્સિપાલ ધ્રુવ ... ... ૨૮૫ થી ૨૯૩

પરિશિષ્ટ ૧૩: હીરક મહોત્સવ નિમિત્ત
સોસાઇટીને સૂચનાઓ—"અભ્યાસી" .. ૨૯૪ થી ૨૯૯

# ચિત્રોની સૂચી


| નં. | નામ. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | ગણપતરામ રાજારામ ભટ્ટ ... ... ... | ૫૬ સામે |
| ૨ | બાલાશંકર ઉલ્લાસરામ કંથારીઆ... ... ... | ૫૭ ,, |
| ૩ | બુલાખીદાસ ગંગાદાસ દેસાઈ અને | |
| ૪ | કેશવલાલ મોતીલાલ પરીખ ... ... ... | ૬૨ ,, |
| ૫ | રા. સા. જમિયતરામ ગૌરીશંકર શાસ્ત્રી ... ... | ૬૩ ,, |
| ૬ | શ્રીમંત મહારાજા સર સયાજીરાવ ( ત્રીજા ) ગાયકવાડ... | ૬૮ ,, |
| ૭ | મહારાવ શ્રીખેંગારજી સવાઈબહાદુર ( કચ્છના મહારાજા ) | ૮૦ ,, |
| ૮ | રા. સા. મહીપતરામ રૂપરામ ... ... ... | ૯૨ ,, |
| ૯ | મહીપતરામના હસ્તાક્ષર... ... ... ... | ૧૧૫ ,, |
| ૧૦ | મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી ... ... ... | ૧૩૪ ,, |
| ૧૧ | હરિલાલ હર્ષદરાય ધ્રુવ ... ... ... ... | ૧૩૫ ,, |
| ૧૨ | હરિલાલ હર્ષદરાય ધ્રુવના હસ્તાક્ષર ... ... | ૧૩૨ |
| ૧૩ | ભાલણની કાદંબરીની હાથપ્રત ... ... ... | ૧૩૬ |
| ૧૪ | મુગ્ધાવબોધ ઔક્તિકની હાથપ્રત... ... ... | ૧૩૭ |
| ૧૫ | સરદાર ભોળાનાથ સારાભાઈ ... ... | ૧૫૯ સામે |
| ૧૬ | કૃષ્ણરાવ ભોળાનાથ દીવેટીઆ ... ... ... | ૧૬૦ ,, |
| ૧૭ | રા. બા. ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ ... ... | ૧૬૧ ,, |
| ૧૮ | ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ ... ... | ૧૭૦ ,, |
| ૧૯ | ડૉ. જોસફ બેન્જામિન ... ... ... ... | ૧૭૧ ,, |
| ૨૦ | શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ... ... | ૧૭૭ ,, |
| ૨૧ | સાહિત્યમાર્તંડ હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા... ... | ૧૭૮ ,, |
| ૨૨ | રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી ... ... | ૧૭૯ ,, |
| ૨૩ | રા. ડાહ્યાભાઇ પીતામ્બરદાસ દેરાસરી ... ... | ૧૮૬ ,, |

૨૪ સાંકળેશ્વર આશારામ જોશી ... ... ... ૧૮૭ સામે
૨૫ સૌ. શારદાબ્હેન સુમન્ત મહેતા ... ... ... ૧૮૮ ,,
૨૬ સૌ. સુમતિબ્હેન લલ્લુભાઇ ... ... ... ૧૮૯ ,,
૨૭ સોસાઇટીના જમીનપટાની સનંદ... ... ... ૨૧૩
૨૮ ખાતમુહૂર્ત સ્મારક તક્તિ ... ... ... ૨૧૪
૨૯ ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનું મકાન ... ... ૨૧૬ સામે
૩૦ પ્રેમાભાઈ હૉલ ... ... ... ... ૨૧૭ ,,
૩૧ શેઠ પ્રેમાભાઇ હીમાભાઈ ... ... ... ૨૨૦ ,,
૩૨ શેઠ બહેચરદાસ અંબાઇદાસ લશ્કરી ... ... ૨૨૨ ,,
૩૩ રા. બા. રણછોડલાલ છોટાલાલ ... ... ... ૨૨૪ ,,
૩૪ દી. બા. અંબાલાલ સાકરલાલ ... ... ... ૨૨૯ ,,
૩૫ લાલશંકર ઉમિયાશંકર ... ... ... ... ૨૪૮ ,,
૩૬ લાલશંકર ઉમિયાશંકરના હસ્તાક્ષર ... ... ૨૬૧
૩૭ અભિનંદનપત્રનો મૂળ ખરડો ... ... ... ૨૮૩

# ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી

નો

# ઇતિહાસ

## વિભાગ-૨

(સન ૧૮૭૯ થી ૧૯૦૮)

## પ્રકરણ ૧

### નવજીવનનો સંચાર

"But there are other instruments of social change which it is essential to bring into active co-operation with new statute law. We may summarily include them in the term public opinion, a supremely powerful factor in changing habits and customs; whether at work in the family, the school, the vocation, the association of consumers, the organisations for religion and culture. sport and recreation, the locality or the nation as a whole. Every influence that helps to create or to mould public opinion, the spread of new knowledge, the teaching in the schools, the utterance of the popular prophets, the newspaper, the pulpit, the theatre, the cinema and last by no means least-the "wireless broadcast"-counts either as an ally of the new statute or as an opponent."

['Methods of social study'
by Sydney and Beatrice webb-pp. 251 ]

ગુજરાતી પ્રજાજીવનપર આ બીજી ત્રીસીમાં નવા ઇંગ્રેજી રાજ્ય અમલ, ઇંગ્રેજી શિક્ષણ, ઇંગ્રેજી વિચાર, સાહિત્ય અને સંસ્કૃતિની બહોળી અને વ્યાપક અસર થયલી જોવામાં આવે છે. આરંભમાં ઇંગ્રેજી રાજ્યકર્તાઓએ દેશમાં સુલેહશાન્તિ પાથરવા પ્રયાસ કર્યા; તેમાં સફળતા મળતાં તેઓએ તેમની સત્તા દૃઢ કરવા માંડી. તદર્થ કાયદાકાનુન ઘડયા. કેટલાક અનિષ્ટ ચાલો—જેવા કે છોકરીને દૂધ પીતી કરવાનો, સતી થવાનો—બંધ પાડયા; પરંતુ સઘળો રાજવહિવટ તેમણે પિતૃસત્તાક ધોરણે પણ એકહથ્થુ રાખ્યો હતો. ઇસ્ટ ઇંડિયા કંપની હસ્તક હિન્દુસ્તાનનો કારભાર હતો ત્યાં સુધી તેમની રાજનીતિ દેશમાંથી વેપારદ્વારા કેમ ઉપજ વધારવી અને ધનની પ્રાપ્તિ કરવી, એ મુખ્ય નીતિ હતી. કંપનીના નોકરો તાલેવંત બની કેવા સ્વચ્છંદપણે વર્તતા તેનું મનોવેદક વર્ણન લૉર્ડ મૅકોલેએ તેમના લૉર્ડ ક્લાઇવ અને વોરન હેસ્ટિંગ્સપરના નિબંધોમાં કરેલું છે; એટલે તેમને હિંદીઓ માટે કંઈ પડી નહોતી; પણ દર વીસ વીસ વર્ષે કંપની સરકારના પટાની મુદત વધરાવવા બોર્ડ ઓફ ડિરેકટરોને પાર્લામેન્ટ સમક્ષ જવું પડતું; તે વખતે પાર્લામેન્ટના સભાસદો દેશીઓના હિતચિંતક તરીકે, હિન્દની ઉપજમાંથી અમુક રકમ જુદી પાડી તે હિન્દીઓને કેળવણી આપવામાં ખર્ચવા કંપની પર દબાણ કરતા. સન ૧૮૨૦ માં બોમ્બે એજ્યુકેશન સોસાઈટીની સ્થાપના થઈ. સન ૧૮૪૦ માં બોર્ડ ઓફ એજ્યુકેશન રચાયું અને સન ૧૮૫૪ માં સર ચાર્લ્સ વુડનો હિન્દી કેળવણી વિષયક ખરીતો (dispatch) લંડનથી લખાઇ આવ્યો અને સન ૧૮૫૬ માં કેળવણી ખાતાને જુદું પાડવામાં આવ્યું; એ સઘળું સન ૧૮૧૩, સન ૧૮૩૩ અને સન ૧૮૫૩ માં કંપની સરકારના પટાની મુદત વધારી આપતી વખતે પાર્લામેન્ટમાં જે ચર્ચા થયલી અને તેમના પર દબાણ કરવામાં આવેલું તેનું પરિણામ હતું, એવું અમારું માનવું છે.

કંપની સરકારને હિન્દીઓની કેળવણી માટે કંઈ દરકાર નહોતી, એ આપણે ઉપર જોયું; પણ કંપની સરકારના હાકેમો તે માટે કાંઇ પ્રબંધ કરે તે પૂર્વે હિન્દમાં આવી વસેલા ક્રિશ્ચિયન મિશનરીઓએ તેની શરૂઆત કરી હતી. તેઓ આ દેશમાં ખ્રિસ્તી ધર્મનો બોધ કરવા આવ્યા હતા. લોકોનો સમાગમ તેઓ શોધતા; તેમના આચારવિચાર સમજવા પ્રયત્ન કરતા; તેમનાં ધર્મપુસ્તકો અને ઇતિહાસ જાણવાને ઇંતેજાર રહેતા; એટલું જ નહિ પણ બાઈબલનો જુદી જુદી ભાષાઓમાં તરજુમો કરવા તે તે ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવું તેમને આવશ્યક થઇ પડયું હતું; વળી, ધર્મપ્રચાર અર્થે

તેમણે નિશાળો ખોલી; અને નવાં પાઠ્ય પુસ્તકો રચવા સાથે જે જે ભાષાના પરિચયમાં આવ્યા તેના કોશ, વ્યાકરણ અને તે તે પ્રજાનો ઇતિહાસ તૈયાર કરવા તેઓ મથ્યા.* આ જુદી જુદી મિશન સંસ્થાઓએ હિન્દીઓની કેળવણીમાં કિમતી હિસ્સો આપેલો છે. આપણા ભાષાસાહિત્ય અને ઇતિહાસના ગ્રંથો આરંભમાં રચવા સંબંધી એમની સેવા અવગણાય એવી નથી; એથી પણ વધારે મહત્વની એમની સેવા પછાત અને દલિત કોમોના ઉદ્ધારની છે; જનસેવાની છે; અને તે માટે હિન્દી પ્રજા એમની સદા ઋણી રહેશે.

તથાપિ શરૂઆતમાં માબાપો એમનાં બાળકોને મિશનરી શાળામાં મોકલતાં બીતાં; તેઓ વટલી જાય એવી તેમને દહેશત રહેતી અને તે ભીતિ અકારણ નહોતી. એ ધર્માન્તરનો (Conversion) ભય હિન્દના સર્વ પ્રાન્તોમાં જણાતો અને કંપની સરકારે સન ૧૮૫૦ નો ૨૧ મો એક્ટ* પરધર્મમાં વટલી જનાર બાપીકી મિલકતનો કે વારસાનો હક નહિ ખુએ એ મતલબનો પસાર કરી મિશનરીઓનું એ પ્રચાર કાર્ય સરલ કરી આપ્યું હતું; અને એવા પરધર્મમાં વટળાવાના બનાવથી લોકોમાં કેવો ખળભળાટ થતો તેનું એક દૃષ્ટાંત આપણને 'નંદશંકર ચરિત્ર'માંથી મળી આવે છે. મી. વિનાયક લખે છે, કે " વિદ્વાન પાદરી મોન્ટગોમરીના ફંદામાં ફસી નસરવાનજી માણેકજી નામના એક પારસી યુવકે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો. હો હા થઈ ગઈ. પારસી જેવી સાહસિક કોમ પણ ઇંગ્રેજી શિક્ષણથી બ્હીવા લાગી. હિન્દુઓના

---

**સરખાવો:**

" इंग्रेजी राज्यांतलि पहिला मराठी–इंग्रेजी कोश केरी या मिशनच्यानें पवित्र शास्त्राच्या प्रसारार्थ रचिला. "

[ विविधज्ञानविस्तार, जान्यु. १९३३ ]

* " So much of any law or usage now in force within the territories subject to the Govenment of the East India Company as inflicts on any person forfeiture of rights of property or may be held in any way to mar or affect any rights of inheritance by reason of his or her remaining or having been excluded from the communion of any religion or being deprived of caste shall cease to be in force as law in the Courts of the East India Company and in the courts established by Royal Charter within the said serritories ".

છોકરા શીખતા બંધ થવા લાગ્યા. ગ્રીન સાહેબે જોયું કે તાલીમની બાજી બગડી. આકાશથી પાતાળ સુધીના ભગીરથ પ્રયત્નો આરંભ્યા. મોન્ટગોમરી સાહેબના પાદરીપણાપર તુચ્છકારનાં સેંકડો લખાણો લખાયાં; અને આખર રૂસ્તમજી મોદી, દુર્ગારામ મહેતાજી ને ગ્રીન સાહેબે મળી પારસી યુવકને સમજાવ્યો; જાતભાઇને શાન્ત કર્યા ને વીસમે દહાડે નસરવાનજીને તેના બાપીકા ધર્મમાં પાછો દાખલ કરાવ્યો. પોતે ( નંદશંકર ) કહેતા કે નાગરોમાં આ વેળા ભારે ભય પેઠેલો. ”

( જુઓ નંદશંકર ચરિત્ર, પૃ. ૩૭

એ પછી લોક માનસમાં જબરૂં પરિવર્તન થવા પામ્યું છે. પહેલાંનો ભય આજે ભાંગી ગયો છે અને હજારો હિંદી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ મિશનશાળા અને પાઠશાળાઓમાં વિના સંકોચે દાખલ થઇને અભ્યાસ કરવા જાય છે. મિશન હૉસ્પીટલોનો હજારો મનુષ્યો લાભ લે છે અને તેની લોકપ્રિયતા થોડી નથી. એવા સેંકડો નવશિક્ષિત યુવકો મળી આવશે, જેઓ પવિત્ર ગ્રંથ ( The Bible ) નિયમિત રીતે વાંચે છે અને તેમાંથી પ્રેરણા અને આશ્વાસન મેળવે છે. ગિરિશૃંગનો ઉપદેશ ( The Sermon on the Mount ) આપણને પ્રભુ બુદ્ધના પ્રવચનોનું સ્મરણ કરાવે છે; અને તેનું વાચન કંઇ અનેરો આનંદ, બળ અને પ્રોત્સાહ આપણા જીવનમાં આણે છે. આ યુગના મહાયોગી મહાત્મા ગાંધીજીએ તો નવા કરાર (The New Testament)નો સુધારસની પેઠે આસ્વાદ લીધો છે. અગાઉ કરતાં વિશ્વબંધુત્વની ભાવના વધારે વિસ્તાર પામી છે, મજબુત બની છે; અને સર્વત્ર બ્રહ્મ વ્યાપી રહ્યો છે એ ભાવનાની સાથે આપણે સૌ એક જ પિતાના પુત્રો છીએ એ ભાવના મૂર્તિમંત થઇ ભિન્ન ભિન્ન ધર્મના અનુયાયીઓ એકેશ્વરવાદમાં અને જગતની પ્રજાઓની એકતામાં વધુ અને વધુ માનતા થયા છે. તેમાંય ખ્રિસ્તી ધર્મની સેવાવૃત્તિ જેમ ઉત્કૃષ્ટ અને લોકોપકારી તેમ જનતાનાં સુખ અને ઉન્નતિ સાધનારી જણાઇ છે. યંગ મેન

---

**સરખાવો:**

બહેરામજી મલબારીના જીવનપર ખ્રિસ્તિ મિશનરીઓએ પ્રબળ અસર કરી હતી; અને તે સહજમાં ખ્રિસ્તિ થતા બચી ગયા હતા. “And looking back to those days Malbari often wonders how he excaped becoming a Christion.”

[ દયારામ ગિદુમલ સંપાદિત મલબારીનું ચરિત્ર, પૃ. ૫૭ ]

ક્રિશ્ચિયન એસોસિએશન, સ્ટુડન્ડસ ક્રિશ્ચિયન મુવમેન્ટ, ખ્રિસ્ત સેવાસંઘ જેવાં ખ્રિસ્તી મંડળો અને સ્ટેન્લી જોન્સ, ફેરુકીક, કેનન સ્ટ્રીટર, સ્ટોકસ્, સાધુ સુંદરસિંગ, આપાસ્વામી, રુદ્ર દત્ત, દિનબંધુ એન્ડ્રુઝ, ફાધર એલ્વિન વગેરે સાચા સાધુ પુરુષો ક્રાઇસ્ટના ઉપદેશને તેમના જીવનમાં ઉતારી રહ્યા છે અને ક્રાઇસ્ટના સિદ્ધાંતોના પ્રચારાર્થે પોતાનું સર્વસ્વ એ કાર્યમાં સમર્પ્યું છે, એની અસર શિક્ષિત સમાજપર થયા વિના ન જ રહે; અને અનેક સ્ત્રી પુરુષો એમના ચારિત્ર્યથી મુગ્ધ બની, તેમાંથી પ્રેરકબળ અને બોધ મેળવતાં જોવામાં આવે છે. છેલ્લાં પોણોસો વર્ષમાં ખ્રિસ્તી મિશનરીઓએ નિઃસ્વાર્થ પ્રેમ અને સેવાભાવથી જે સંગીન સેવાકાર્યો અહિં કર્યા છે અને હજી પણ કરે જાય તેની હિન્દી સમાજજીવન પર પ્રબળ છાપ પડી છે; અને એમનાં દષ્ટાંત અનુકરણીય જણાયાં છે. દેશમાં નવજીવનનો સંચાર થયો છે તેમાં આપણે કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારવું જોઇએ કે ખ્રિસ્તી મિશનોનો હિસ્સો મોટો તેમ મહત્વનો છે.

ખ્રિસ્તી મિશનરીઓ અહિં આવ્યા બાદ જે પ્રાંતમાં વસ્યા તે પ્રાંતની ભાષાનું જ્ઞાન સંપાદન કરવા પ્રયત્નશીલ થયા અને તેમાં પાવરધા બન્યા. વળી સંપૂર્ણ જ્ઞાન અને અભ્યાસ માટે આવશ્યક એવાં તે તે ભાષાનાં વ્યાકરણ અને કોશ તેમણે યોજ્યા. હિન્દની જુદી જુદી ભાષાઓનો ઇતિહાસ તપાસીશું તો તેનું નવું વ્યાકરણ અને કોશ તૈયાર કરવામાં મિશનરીઓનો હાથ બહુધા જોવામાં આવશે. હિન્દી લોકોના સમાગમમાં આવવા, તેમને ઉપદેશ કરવા અને તેમને શિક્ષણ આપવા સારૂ તેમની ભાષાનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું મિશનરીઓ માટે આવશ્યક જ હતું. લોકોને તેમનો સંદેશો પહોંચાડવા એ જ માર્ગ સ્વાભાવિક અને સહેલો હતો. પણ કંપની સરકારના કોન્સિલરો સમક્ષ હિન્દીઓને કેળવણી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે તેમનામાં માંહોમાંહે મતભેદ પડયો. એક પક્ષે હિન્દીઓને સ્વભાષા દ્વારા શિક્ષણ આપવાની હિમાયત કરી, ત્યારે બીજા પક્ષે દેશી ભાષાઓનું સાહિત્ય નિર્માલ્ય અને વહેમપ્રચુર છે એવી દલીલ કરી ઇંગ્રેજીના શિક્ષણપર ભાર મૂક્યો. આખરે સન ૧૮૩૫ માં લૉર્ડ મેકોલેની ઐતિહાસિક નોંધથી ઇંગ્રેજી શિક્ષણની વકીલાત કરનાર પક્ષનો વિજય થયો.

ઇસ્ટ ઇંડિયા કંપની સરકારના હાકેમો હિન્દીઓની કેળવણી પ્રતિ ઉદાસીન રહેતા. તે માટે કોઈ ચોક્કસ ધોરણ કે વ્યવસ્થિત યોજના તૈયાર

કરવામાં આવી નહોતી. માત્ર છૂટાછવાયા અને અનિયમિત અખતરાઓ થતા; છેવટ પાર્લામેન્ટ તરફથી દબાણ આવતાં સન ૧૮૫૪ માં બૉર્ડ ઓફ ડિરેક્ટરોએ કંપની સરકારને હિન્દીઓની કેળવણી વિષયક ધોરણ નિર્ણિત કરવા માટે એક પત્ર લખી મોકલ્યો. તે સર ચાર્લ્સ વુડના ખરીતા તરીકે હિન્દની કેળવણીના ઇતિહાસમાં મશહુર છે. તે પછી જ હિન્દીઓની કેળવણીનું સ્વરૂપ ઘડાયું. એ નીતિને અનુસરીને નિશાળોનો વહિવટ કરવા જુદું કેળવણી ખાતું સ્થાપવામાં આવ્યું. એ અરસામાં ગુજરાતમાં નિમાયલા એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર થિયોડર સી. હોપે ગુજરાતી નિશાળોમાં ચલાવવા વાચનમાળાની યોજના કરી. તે હોપ વાચનમાળા તરીકે જાણીતી છે.

કંપની સરકારની ઉપરિ બોર્ડ સમજતી હતી કે મોટી હિન્દની વસ્તીને દેશી ભાષા દ્વારા શિક્ષણ આપવું સુતરૂં થશે; તેથી ઉપર નિર્દિષ્ટ સર ચાર્લ્સના પત્રમાં લખ્યું હતું, કે "that the Vernacular languages must be employed to teach the far larger classes who are ignorant or imperfactly acquainted with English." અને વળી એમ સ્વીકારી લેવામાં આવ્યું હતું કે નવીન ઈંગ્રેજી શિક્ષણ પામેલો વર્ગ પોતે પ્રાપ્ત કરેલા જ્ઞાનનો લાભ માતૃભાષા દ્વારા તેના અન્ય બંધુઓને આપશે.* પણ એ હેતુ બરોબર ફળીભૂત થયો નહિ, જનસમૂહ અજ્ઞાનતામાં સબડતો રહ્યો છે; અને લૉર્ડ મેકોલેએ નવશિક્ષિત યુવકો માટે જે ભવિષ્ય ભાખ્યું હતું, કે તેઓ "Indian in blood and colour, but English in tastes, in opinions, in morals and in intellect દેખીતા અને વર્ણે હિન્દી પણ આચારવિચારમાં, અભિપ્રાયમાં, નીતિ અને બુદ્ધિમાં વિદેશી થઈ જશે." તે વચન ઘણુંખરૂં ખરૂં પડ્યું છે.

વળી એ જાગ્રત થયલો અને નવા સંસ્કાર પામેલો શિક્ષિત વર્ગ જતે

---

* "This can be only done effectually through the instrumentality of masters and professors who may by themselves knowing English and thus having full access to the latest improvement in knowledge of every kind, impart to their fellow countrymen through the medium of their mother tongue, the information which they have thus obtained."

[*Sir Charles Wood's dispatch—1854*]

દિવસે રાજકર્તાઓ સામે પડી તેમને દેશમાંથી પાછા કાઢી મૂકવા તત્પર થશે એ આગાહી પણ સાચી પડી છે. એ સંબંધમાં એવું કહેવાય છે કે લૉર્ડ એલ્ફીન્સ્ટન પેશ્વાઇ સત્તા હસ્તગત કર્યાં પછી છાવણીમાં તંબુ ઠોકીને પડ્યો હતો; અને તેના આસનની આસપાસ નવાં છાપેલાં દેશી ભાષાનાં પાઠ્ય પુસ્તકો પાથરેલાં પડ્યાં હતાં. એવામાં સરદાર બ્રિગ્ઝ એમની મુલાકાતે આવ્યો અને આ પથારાથી વિસ્મય પામીને પૂછ્યું, કે આ બધું શું છે? તેનો એ ઉમરાવ દિલના પુરુષે ઉત્તર આપ્યો કે દેશીઓને પઢવા માટે તૈયાર કરાવેલાં એ પુસ્તકો છે. વસ્તુતઃ યુરોપ પાછા ફરવાનો આપણો તે રાજમાર્ગ છે. મોડે વ્હેલે હિન્દીઓથી છૂટા પડવાનો પ્રસંગ આવશે જ; તો પછી આપણે એમની સાથે મિત્રાચારી અને પ્રેમથી જુદા પડીએ એ જ રાજનીતિ હિતાવહ છે. અને તે રાજનીતિની કુંચી સર હેન્રી કોટનના શબ્દોમાં કહીએ તો હિન્દીઓને કેળવણી આપવી તે હતીઃ-" There is but one remedy for this which is Education."

એ જમાનાનો ઇંગ્લાંડનો ઇતિહાસ આપણે જોઈશું તો જણાશે કે નિપોલિયન યુદ્ધે ઇંગ્રેજ પ્રજાના વિચાર અને માનસમાં ભારે ક્રાંતિ આણી હતી. પાર્લામેન્ટ । સુધારણાનું બીલ એ જ વાતાવરણમાંથી જન્મ્યું હતું. જ્યાં ત્યાં પ્રગતિ અને સુધારાના ભણકારા સંભળાતા. તેના પડઘા અહિં પણ પડ્યા. સન ૧૮૫૭ માં હિન્દમાં મોટો બળવો થયો; સામાન્ય રીતે સર્વત્ર સખ્તાઈ પ્રવર્તી રહી, તેમ છતાં બ્રિટને હિન્દુસ્તાનને બ્રિટિશ તાજ હેઠળ મૂકીને સમ્રાજ્ઞિ વિકટોરિયાના નામનો એક ઢંઢેરો બહાર પાડ્યો, અને તેમાં હિન્દની પ્રજાને કેટલાક વિશિષ્ટ હકો આપવામાં આવ્યા એટલું જ નહિ પણ લંડન યુનિવર્સિટીના ધોરણપર મુંબાઈ, મદ્રાસ અને કલકત્તામાં જુદી જુદી યુનિવર્સિટીઓ પણ ફક્ત પરીક્ષાઓ લેનારી સ્થાપી. આ બધી હકીકત આપણને હેરત પમાડે પણ રમેશચંદ્ર દત્ત એમના "ઇંગ્લાંડ અને હિન્દુસ્તાન" નામક પુસ્તકમાં તેનું સ્પષ્ટીકરણ કરતાં કહે છે, કે તે કાળના સત્તાધિકારીઓના માનસનું એ પ્રતિબિંબ માત્ર હતું. એમના તે શબ્દો નીચે મુજબ છેઃ—

'The same moving force determined events in both countries; the extension of privileges to the people of India during this period is the counterpart of the Reform Act in England; and Munro, Elphinstone

and Bentick were inspired by the same reforming spirit and the same desire to benefit humanity as Canning, Grey and Lord John Russell.' (Cotton's Elphinstone p. 194 ).

હિન્દીઓની કેળવણીની શરૂઆત આ પ્રમાણે તત્કાલીન ઉદાર અને સમભાવપૂર્ણ વાતાવરણમાંથી પ્રોત્સાહન પામીને થઈ; પણ તેમાં આરંભથી કેટલીક ગંભીર ભૂલો થઇ અને પાછળથી રાજકર્તાઓની નીતિમાં ફેરફાર થતાં એ કેળવણી પરંપરાથી જે સુંદર પરિણામોની શુભ આશા રાખવામાં આવી હતી તે અદ્યાપિ પરિપૂર્ણ થવા પામી નહિ.

સન ૧૮૫૪ ના ખરીતામાં કેળવણીનો કાર્યક્રમ રચવામાં આવ્યો તેમાં નીચેની વિગતો મુખ્ય હતી:—

૧. હિન્દમાં યુનિવર્સિટીઓ સ્થાપવી.

૨. માધ્યમિક શાળાઓની ભરતી કરવી.

૩. નોર્મલ શાળાઓ કાઢવી.

૪. મિશનરીઓને અને અન્ય કેળવણી સંસ્થાઓને નાણાંની મદદ કરી ખાનગી પ્રયાસને ઉત્તેજન આપવું.

અને તેનો ઉદ્દેશ મુખ્યત્વે યુરોપીય જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો જેમ બને તેમ વધુ અને વધુ વિસ્તારવાનો હતો. "We are desirous," it is declared, "of extending far more widely the means of acquiring general European knowledge."

આ હેતુમાં ખોટું કાંઇ નહોતું; પણ આ સઘળું શિક્ષણ લોકની માતૃભાષાને બદલે પરભાષા ઇંગ્રેજીમાં અપાયાથી એ જ્ઞાન મેળવવામાં પ્રજાને મોટી હાનિ પહોંચી છે; અને એ શિક્ષણનો લાભ અહિંની વસ્તીના પ્રમાણમાં બહુ થોડા મનુષ્યો લઈ શક્યા છે; અને આટલું જ્ઞાન પ્રાપ્ત કરવામાં એમને એમની શક્તિનો થોડો ભોગ આપવો પડ્યો નથી; કેમકે ચાલુ સ્વાભાવિક પ્રવાહની સામે એમને પ્રયાણ કરવાનું ને આગળ વધવાનું હતું. જો માતૃભાષા દ્વારા શિક્ષણ મેળવવાનો એમને સુયોગ પ્રાપ્ત થયો હોત તો એમણે હજી વધુ સારૂં કાર્ય કરી બતાવ્યું હોત અને એમની સ્થિતિ હાલ છે તેથી કાંઇક જુદી અને વિશેષ પ્રગતિમાન માલુમ પડત; એટલું જ નહિ પણ આજે હિન્દની વસ્તીનો ૯૦ ટકા ભાગ, દેશમાં નવી કેળવણી

પદ્ધતિ દાખલ થયે લગભગ ૮૦ વર્ષ વીત્યાં છે તથાપિ, અજ્ઞાન રહેલો છે એ શોચનીય સ્થિતિ રહેવા પામત નહિ; અને દુઃખની કથા એ બની છે કે સદરહુ નવશિક્ષિત વર્ગ પ્રજામાં ભળી જવાને બદલે તેમનાથી તદ્દન અળગો થઇ ગયો છે.

હિન્દની કેળવણી પરત્વે ટીકા કરતાં મી. એચ. ડોડવેલે યથાર્થ કહ્યું છે, કે "that the abandonment of the endeavour to develop Western learning *through the Eastern languages* was a profound mistake. It is at least certain that the excessive use of English as the medium of instruction has rendered the educational system less effective than it should have been."*

તથાપિ એ ઇંગ્રેજી કેળવણીના સંસ્કાર એમના જીવન પર દૃઢ થતાં, એ નવશિક્ષિતોમાં નવી સ્ફૂર્તિ આવી; તેઓ વિચારતા થયા, તેમનું દૃષ્ટિબિન્દુ ફેરવાયું, એમના આચારવિચારમાં પરિવર્તન થવા પામ્યું, એમના જીવનમાં નવા નવા અભિલાષો જાગ્યા; જીવન વિકાસ અને ઉલ્લાસ માટે તેઓ તલસવા લાગ્યા, સ્વમાન અને સ્વદેશાભિમાનની લાગણી એમનામાં ઉત્કટ બની, સેવા ભાવના પ્રકટી અને સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરવા તેઓ ઉત્સુક બન્યા. આમ એમનો એક નવીન-સુધારક અને પ્રગતિમાન વર્ગ ઉભો થયો; અને તેઓ એમના સંસ્કાર, શક્તિ અને સ્થિતિના કારણે પ્રજાના પ્રતિનિધિ, આગેવાન કાર્યકર્તા અને વકીલ થઇ પડયા.

સમાજ જીવનમાં એમનું આ મહત્વનું સ્થાન દૃષ્ટિ સમીપ રાખીને સન ૧૮૮૨ માં હંટર કમિશન સમક્ષ નિવેદન રજુ કરતાં સોસાઇટીના કાર્યવાહકોએ, માધ્યમિક અને ઉંચી કેળવણીની સંસ્થાઓને અપાતો રાજ્યાશ્રય ખેંચી નહિ લેવાનું એક કારણ એવું દર્શાવ્યું હતું કે, "It is we believe of the greatest importance to foster by means of liberal education the formation of a class of men who may be looked to as faithful interpreters between the rulers and the ruled."

અને બીજું કારણ તેમ નહિ કરવા એમણે એવું બતાવ્યું હતું કે એ કેળવાયલો વર્ગ જે શિક્ષણ આપવાનું અને ગ્રંથ રચવાનું કાર્ય કરી શકે

* Dodwell's Sketch of the History of India. p. 124.

એમ છે, તે હજુ પુરતી સંખ્યામાં અસ્તિત્વમાં આવ્યો નથી. દાખલા તરીકે, અનુવાદ કરાવવા માટે સોસાઇટીએ જાહેર કરેલાં પુસ્તકોની યાદી આપીને તેમણે એમ પ્રતિપાદન કર્યું હતું કે ઇનામની સારી રકમો આપવા છતાં યોગ્ય ઉમેદવારોના અભાવે તે કામો અટકી પડયાં છે. દેશી ભાષા સાહિત્યની ખીલવણીમાં કોઇની સહાયતા ઉપયોગી અને અનુકુળ થાય તો તે કેળવાયલા વર્ગનીજ છે. તેથી એ મુદ્દાપર ભાર મૂકતાં તેઓ કહે છેઃ "Experience has shown to us that the study of vernacular language and the enriching of vernacular literature by means of translations or original compositions can only be promoted by and through the exertions of men who have received a high and liberal education."

જો એ ઇંગ્રેજી ભણેલાઓએ પર ભાષાઓમાંથી સારા સારા અને ઉત્તમ ગ્રંથોના અનુવાદ ગુજરાતીમાં કરીને ભાષાસાહિત્યને સમૃદ્ધ કર્યું હોત અને તે વડે ઉપલબ્ધ વાચન સાહિત્યમાં ઉમેરો કર્યો હોત તો શિક્ષણની જે કંઈ ઉણપ રહેતી હોત તે કંઇક અંશે એનાથી પુરાત; અથવા તો થોડું ઘણું શિખેલાઓ એ સાહિત્યના વાચનદ્વારા એમના જ્ઞાનમાં વૃદ્ધિ કરત. પણ તે કાર્યમાં પ્રમાદ સેવવામાં આવ્યો એમ આપણે કદાચ નહિ કહી શકીએ; પણ જે પ્રયાસ થયા તે અર્ધદગ્ધ, ખામીવાળા અને સત્વહીન હતા. તેનું કારણ એ હતું કે ભાષાંતરકર્તાને બંને ભાષાઓનું બહોળું જ્ઞાન અને તે પર પ્રભુત્વ હોવું જોઇએ તેનો અભાવ હતો. બેમાંથી એકકે ભાષાનું પુરું અને પાકું જ્ઞાન નહિ, એટલે તેનું જે ફળ નિપજે તે સંતોષકારક ન હોય એ સહજ સમજી શકાશે.

આપણું ગુજરાતી સાહિત્ય અનુવાદ ગ્રંથોથી ભરેલું છે. પણ જેને નમુનેદાર ભાષાંતર ગ્રંથો કહી શકીએ અથવા તો જેમાં મૂળ કૃતિનું પ્રતિબિંબ યથાર્થ ઉતર્યું હોય એવા ગ્રંથો ગણત્રીબંધ જડશે. સોસાઇટી ભાષાસાહિત્યની અભિવૃદ્ધિ અને વિકાસ અર્થે સ્થાપવામાં આવી હતી. જ્ઞાન પ્રચાર એ તેનો મુદ્રાલેખ હતો. નવાં નવાં પુસ્તકો રચાવવાં—સ્વતંત્ર કે અનુવાદ—એ તેનું કર્તવ્ય હતું. પણ એ કાર્યમાં તેને પૂરી સફળતા મળી નહોતી. તે માટે અનેક કારણો હતાં; અહિં ફક્ત હંટર કમિશન સમક્ષ સાદર કરેલાં નિવેદનમાંથી એક ફકરો નોંધીશું:

"The efforts put forth in this direction during the last quarter of a century, partly by means of translation or adaptations of standard works in English and partly by means of original compositions have given a certain impetus to the cultivation of vernacular literature, but the results so far have not, it must be admitted, been very satisfactory."

ભાષાંતર ગ્રંથોની બે મુખ્ય કસોટીઓ: (૧) અનુવાદનું લખાણ વાચનીય ( readable ) થવું જોઇએ અને (૨) તે મૂળ ગ્રંથના ભાવ ને વિચારને પૂરેપૂરું અનુસરતું, વિશ્વસનીય ( reliable ) હોવું જોઇએ. આ બે કસોટીએ આપણે આપણા અનુવાદ ગ્રંથો તપાસીશું તો ઘણાક તો મૂળ પુસ્તકના અનુવાદ પરથી થયલા માલુમ પડશે; અને કેટલાક મૂળ પરથી રચાયા હશે તો તેની ભાષાશૈલી સારી નહિ હોય અથવા તે મૂળ કૃતિને પુરતો ન્યાય આપતા નહિ હોય. એ સર્વમાં કાંઇ ને કાંઇ ખામી–દોષ મળી આવશે. દી. બા. કેશવલાલ ધ્રુવ જેવા યશસ્વી અને સમર્થ અનુવાદક વિરલ હશે.

ઇંગ્રેજીદ્વારા સઘળું શિક્ષણ અપાતું હોવાથી વિદ્યાર્થીને જે તે વિષયને બરોબર સમજવામાં મુશ્કેલી નડતી; અને તે ઉણપ એ વિષયના અનુવાદ ગ્રંથોથી કંઈક અંશે પૂરી શકાય પણ એવા ગ્રંથોનો પણ તોટો; અને જે બે ચાર મળી આવે તે ખામીવાળા અને અનાકર્ષક એટલે તેનો ઝાઝો ઉપયોગ થતો નહિ.

તાત્પર્ય કે નવી કેળવણી માટે આરંભમાં જે સરસ પરિણામની આશા રખાતી હતી તે આ બે અડચણોને લઇને સારી રીતે ફળી નહિ.

સારા અને ઉપયોગી ગ્રંથો લખાવવા અને છપાવવા એ માટે સોસાઇટી પ્રથમથી પ્રયાસ કરતી રહી છે. આજ દિન સુધીમાં તેના તરફથી ૪૦૦ થી વધુ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. એ પુસ્તકોની ગુણવત્તા (quality) વિષે મતભેદ રહેશે; પણ સમયાનુસાર અને સાધન પ્રમાણે ગુજરાતી સાહિત્યમાં સોસાઇટીનો ફાળો મોટો અને કિંમતી છે, તેની એના કટ્ટર વિરોધાથી પણ ના પાડી શકાશે નહિ.

ઉપર નિર્દેશ કરેલા શિક્ષણના બે માર્ગ પૈકી એકમાં તેની પ્રવૃત્તિ સતત ચાલુ રહી છે; અને જો કે શિક્ષણનું વાહન ઇંગ્રેજીને ફેરવવામાં

સોસાઇટી ઝાઝું કરી શકે એમ નહોતું, તોપણ શાળા અને પાઠશાળામાં દેશી ભાષાનો અભ્યાસ દાખલ કરવા સન ૧૮૮૮ માં સોસાઇટીએ, પ્રાંતના જુદા જુદા અગ્રગણ્ય અને પ્રતિષ્ઠિત વિદ્વાનો અને કેળવણી નિષ્ણાતોના અભિપ્રાય મેળવીને એક નિવેદન ( memorial ) મુંબાઈ યુનિવર્સિટીને મોકલી આપ્યું હતું. એ વિષે સન ૧૮૮૮ ના વાર્ષિક રીપોર્ટમાં નીચે પ્રમાણે હકીકત નોંધી છે

"યુનિવર્સિટીની પરીક્ષાઓમાંથી 'ચાલતી દેશી ભાષાઓ' બાતલ કરવાથી વિદ્યાર્થીઓ પરભાષામાં પ્રવીણ થવા છતાં, પોતાની જન્મભાષાનું પૂરતું જ્ઞાન મેળવી શકતા નથી; તે માટે આગલા સાલમાં દેશી ભાષાઓ પરીક્ષામાં દાખલ કરવાને યુનિવર્સિટી ઉપર મેમોરિયલ જૂદા જૂદા વિદ્વાનોના અભિપ્રાય લઇ મોકલવાનું ઠરાવ્યું હતું, તે ઠરાવને અનુસરી મેમોરિયલનો ખરડો છપાવી જૂદા જૂદા વિદ્વાનો પર અભિપ્રાય સારૂ મોકલ્યું અને તે ગૃહસ્થો તરફથી જે સૂચનાઓ થઈ હતી તે પ્રમાણે યોગ્ય સુધારો કરીને આ સાલમાં એ મેમોરિયલ યુનિવર્સિટી પર મોકલાવ્યું છે."*

યુનિવર્સિટીએ એ મેમોરિયલનો સોસાઈટીને શો જવાબ આપ્યો તે જાણવામાં નથી; પણ તે પછી દશ વર્ષે સન ૧૮૯૮ માં દીવાન બહાદુર મણિભાઈ જશભાઇએ એક મેમોરેન્ડમ ઘડી, શાળામાં માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાની માગણી કરી હતી; તેમ તેમાં વેપાર ઉદ્યોગ અને ધંધા હુન્નરનું સાહિત્ય ગુજરાતીમાં દેશી ભાષામાં રચાવાની અગત્ય દર્શાવી હતી. એમના મુદ્દાના સમર્થનમાં અનેક દાખલા દલીલો ટાંકી, સંખ્યાબંધ મોટા પ્રસિદ્ધ પુરુષોના અભિપ્રાય નોંધ્યા હતા.† એમની માગણી વાજબી હતી. શિક્ષણનો એજ સ્વાભાવિક ક્રમ હતો, પણ તે પછીનાં વર્ષોમાં શિક્ષણ પૂર્વવત્ ઇંગ્રેજીદ્વારા અપાતું રહ્યું હતું તે જોતાં એ પ્રયાસનું, એમ સમજાય છે કે, ઇચ્છિત પરિણામ આવ્યું નહિ. તોપણ તે અરસામાં સ્વર્ગસ્થ ન્યાયમૂર્તિ રાનડેના ખંતપૂર્વક પ્રયત્નથી યુનિવર્સિટીને એમ. એ. ના અભ્યાસક્રમમાં દેશી ભાષાને સ્થાન આપવાની ફરજ પડી. યુનિવર્સિટીએ છેવટની

* વાર્ષિક રીપોર્ટ, સન ૧૮૮૮, પૃ. ૧૯.

† A memorandum of our Vernaculars as medium of elementary instruction and the development of vernacular literature with special reference to techanical literature—by Diwan Bahadur Manibhai Jasbhai.

પરીક્ષામાં દેશી ભાષાને સ્થાન આપ્યું એ તેનું પગલું બરોબર ન હતું. ઇંગ્રેજીદ્વારા શિક્ષણ આપવાની પ્રથાની પેઠે એ અવળો માર્ગ ગ્રહણ કરવામાં આવ્યો હતો. વાસ્તવિક રીતે એ અભ્યાસની શરૂઆત નીચેના શાળા અને પાઠશાળાના ધોરણોમાંથી થવી જોઇતી હતી; તે માટે હજુ ફરિયાદ ચાલુ છે.*

તેમ છતાં ગુજરાતી ભાષા અને સાહિત્યના અભ્યાસને એ રીતે સારું પ્રોત્સાહન મળશે એવી સમજણથી સોસાઇટીએ એ નિર્ણયને સહર્ષ વધાવી લીધો હતો અને ઉમેદવારો એમ. એ. ની પરીક્ષામાં ગુજરાતીનો વિષય લેવાને પ્રેરાય એ ઉદ્દેશથી સન ૧૯૦૨ માં "જે કોઈ ઇંગ્રેજી સાથે ગુજરાતી ભાષા લઈ એમ. એ. ની પરીક્ષામાં ઉંચે નંબરે પાસ થાય તેને રૂ. ૨૫૦) અઢીસેં ઇનામ દાખલ સોસાયટી તરફથી આપવા" જાહેર કર્યું હતું; અને અમને જણાવતાં આનંદ થાય છે કે પ્રથમ ત્રણ વર્ષનાં ઇનામો 'સાહિત્ય'ના અધિપતિ શ્રીયુત મટુભાઇ હ. કાંટાવાળા, દેવગઢબારિયાના દિવાન શ્રીયુત મોતીલાલ લલ્લુભાઈ પારેખ અને કાવ્ય-માધુર્યના સંપાદક શ્રીયુત હિંમતલાલ ગણેશજી અંજારિયાને અનુક્રમે અપાયાં હતાં.

તે પછી એ પ્રશ્ન પુષ્કળ ચર્ચાયો છે; શાળા અને પાઠશાળામાં તેને વધુ અને મોટા પ્રમાણમાં સ્થાન અપાયું છે; પણ સ્વભાષાની મહત્તા અને ગૌરવનું ભાન પ્રજાને મહાત્મા ગાંધીજીએ જ કરાવ્યું છે, એ વિષે હવે પછીના એકાદ પ્રકરણમાં અમે વિવેચન કરીશું.

આપણે હવે સરકારે નવા કાયદાઓ ઘડીને સમાજમાંથી ક્રૂર અને અનિષ્ટ ચાલો બંધ પાડયા અને તે કાર્યમાં લોકમત જાગૃત કર્યો; તેમ કેવી રીતે વિદ્વાનો તેમાં મદદગાર અને માર્ગદર્શક થયા એ વિષય વિચારીશું.

---

*સરખાવો:

"Though the use of vernaculars for such purposes was recommeded by the Department of Public Instruction in the Bombay Presidency as far back as 1914, the university authorities were until recently opposed te the innovation. In 1925 the university adopted the neutral position of allowing candidates the choice between their mother tongve and English in answering the papers on history and the Indian classical languages."*

***The Times Educational Supplement, March 11th 1933.**

કંપની સરકારની પશ્ચિમ હિંદુસ્તાનમાં સર્વોપરિ સત્તા સ્થપાઈ ન હતી; હજુ તેમનો પગદંડો પૂરો જામ્યો ન હતો; પણ જાડેજા રજપૂતો અને બીજી જાતોમાં છોકરીઓને દૂધ પીતી કરવાનો* જે જંગલી અને ઘાતકી ચાલ પ્રવર્તતો તેની જાણ થતાં તે અટકાવવાને ઇંગ્રેજી અમલદારોએ મક્કમપણે કામ લીધું હતું. એ વિષયને લગતો પત્રવ્યવહાર સરકારી દફતરમાં સંગ્રહાયલો છે. હિન્દુસમાજના અભ્યાસી માટે તે વૃત્તાંત કિંમતી છે. તેમાંથી વિષય પરત્વે થોડોક ભાગ આપીશું: "તેજાજી ઠાકોર તરફથી કચ્છ માંડવીનો સુંદરજી શિવજી વકીલ માગણી કરે છે, કે "બાબાજીએ લીધેલું ગામ વડોદરા જવા નિકળો ત્યારે મને પાછું સોંપશો તો છોકરીને દૂધ પીતી કરવાનો ચાલ બંધ પાડવા હું કબુલ થઈશ;" પણ એ ઉમરાવ ખમીરનો ઇંગ્રેજ ઑફિસર તેનો સામો જવાબ આપે છે કે–"છોકરીઓને દૂધ પીતી કરવાના ચાલનો ત્યાગ કાંઈ પણ સરત વિના કરવો જોઇએ; તે ત્યાગ સ્પષ્ટ, સ્વેચ્છાથી, હૃદયની લાગણીથી, કશી મર્યાદા વિના થવો ઘટે છે."†

એ ચાલની વિગત નીચે પ્રમાણે વર્ણવવામાં આવી છે:

"જાડેજા રાજપૂતની સ્ત્રીઓને છોકરી અવતરે છે ત્યારે માની આસપાસની સ્ત્રીઓ ઘરના વડિલ પુરુષ પાસે પહોંચે છે અને તે વડિલ, છોકરીના બાપ પાસે તેમને મોકલે છે; અને બાપ તે બાઇઓને પરંપરાથી થતું આવ્યું હોય તેમ કરવા જણાવે છે; તે બાઇઓ પાછી મા પાસે આવે છે અને તેને જાતિના ચાલ મુજબ વર્તવાનું સૂચવે છે. મા તે પછી સ્તનના

---

* સરખાવો: પ્રચલિત લોકગીતની પંક્તિઓ:

"દૂંપો ન દીધો દાઇએ, કરી દૂધ પીતી,
ઘોળી ગળથુથીમાં ફીચરાં શે ન વિખડાં—હોજી જી."

† Provided you will cause the village which Babajee has taken to be restored, when you leave the country to go to Baroda; then my consent to the relinquishment of infanticide is given."

× × • × ×

The relinquishment of the custom must be unconditional; it must be clear, and from the heart and without any reservation.

[Selections from the Records of the Bombay Government No. XXXIX in two parts, pt. 2, p. 366.]

ટેરવા પર અફીણનો પાસ આપે છે, જે ઝેરી દૂધ બાળક પીતાં મૃત્યુવશ થાય છે; આ એક પ્રથા છે. બીજી પ્રથામાં, બાળક જેવું જન્મે છે કે તેના નાલના દોરા વડે બાળકના ગળે ટૂંપો દે છે; તેથી તે મૃત્યુ પામે છે. ( When the child is born, they place the navel string on its mouth, when it expires.*

આ પત્રવ્યવહાર સન ૧૮૦૭ માં થયો હતો; તે પછી એ ચાલ સદંતર બંધ પડી ગયો છે એ ખરૂં; તોપણ છોકરીના જન્મ પ્રતિ તિરસ્કાર અને અણગમાની લાગણી પરાપૂર્વથી ઉતરી આવતી હિંદુ સંસારમાંથી સમૂળગી નાશ પામી નથી અને છોકરીનો જન્મ સાંભળીને આસપાસના સૌને હજી સુગ ચડે છે એ સખેદ નોંધવું જોઇએ:

"In some castes the arrival of the girl is so much a matter of bad augury that the neighbours turn their noses in all directions to manifest their disgust and indignation, and even the mother herself begins to disregard her infantile needs and requests.×"

એવોજ નિર્દય અને ઘાતકી ચાલ સતી થવાનો હતો; છોકરીઓને જન્મતાંજ સ્તને અફીણનો પાસ આપી દૂધ પીતી કરવી અથવા તો તેના ગળે ટૂંપો દેવો, એનું દુઃખ સતી થતી સ્ત્રીની વેદનાના અને ભયંકરતાના પ્રમાણમાં અલ્પ કહેવાય. પતિની પાછળ જીવતા, અનિચ્છાએ, સળગતી ચિતા પર ચડી બળી મરવું, એથી વિશેષ સખ્ત બીજી કયી નરકયાતના સંભવે ? પ્રાચીન કાળમાં રાજા રાણીના મૃત્યુ પાછળ એમનાં દાસ દાસીઓ આપઘાત કરતાં; એનું અનુકરણ માત્ર આ પ્રથા અમને લાગે છે. આમાં આત્મઘાત છે; આમાં સ્ત્રીનું ખુન થાય છે. બીજા પ્રાંતો કરતાં બંગાળામાં આ પ્રથા વધારે જોરમાં પ્રચલિત હતી; અને દેશમાં રાજા રામમોહનરાયે અનેક સુધારા કરવાની પહેલ કરી હતી તેમ એમની પ્રેરણા અને પ્રયત્નથી લૉર્ડ બેન્ટિકે સન ૧૮૨૯ માં સતી થવાનો રિવાજ બંધ પાડ્યો હતો.‡

---

* P. 328.

× Legal Aspects of Social Reform, p. 18 by Paul Appaswamy.

‡ આ વિષય પર વધુ માહિતી માટે રાજા રામમોહનરાયના લેખ સંગ્રહમાં એમના બે લેખો આપેલા છે તે જિજ્ઞાસુએ જોઇ લેવા.

[ The English works of Raja Ram Mohan Roy, Panini Press, 1906 ]

તે કાળે દેશાટન કરનારને, વિધવા વિવાહ કરનારને, નિષિદ્ધ ખાદ્ય ખોરાક લેનારને, પરધર્મમાં વટલી જનારને જ્ઞાતિનો પુષ્કળ ત્રાસ વેઠવો પડતો. ઈંગ્લાંડનો પ્રવાસ કરવા માટે મહીપતરામ પર વડનગરા નાગર ગૃહસ્થ જેવી અગ્રગણ્ય અને મુત્સદ્દી ગણાતી જ્ઞાતિએ જે જુલમ વર્તાવેલો એનો વૃત્તાંત મહીપતરામ વિષેના પ્રકરણમાં આવશે. પરધર્મમાં વટલી જનારને જ્ઞાતિ તરફથી કનડગત થાય નહિ અને તેની મિલ્કતના ભોગવટામાં અને વારસાના હક્કમાં નુકશાન ન પહોંચે, એવી સવડ કંપની સરકારે સન ૧૮૫૦ નો કાયદો રચી કરી હતી; તેનો ઉલ્લેખ ઉપર કરવામાં આવેલો છે.

વિધવા વિવાહના કાર્યને પણ સરકારે ઉત્તેજન આપ્યું હતું. સન ૧૮૬૦ નો વિધવા વિવાહનો કાયદો પસાર કરાવવામાં ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરનો મુખ્ય હાથ હતો; પણ એ પ્રશ્ન પહેલાથી ચર્ચાતો હતો. સન ૧૮૫૩ માં મુંબાઇની જ્ઞાનપ્રચારક મંડળીએ એ વિષયનું સમર્થન કરતો નિબંધ લખી મોકલનાર ફતેહમંદ ઉમેદવારને રૂ. ૧૫૦) નું ઈનામ આપવાનું જાહેર કર્યું હતું અને તે મેળવવાનું માન કવિશ્રી દલપતરામને પ્રાપ્ત થયું હતું. એ નિબંધ સદરહુ મંડળી તરફથી છપાવવામાં આવ્યો હતો; તેમાં સન ૧૮૫૬ નો ૧૫ મો ઍાક્ટ પણ આપવામાં આવ્યો છે. કવિએ એ ઇનામી નિબંધમાં વસ્તુના બીજ રૂપ મંગળાચરણનો શ્લોક નવો રચ્યો હતો તે આનંદ માટે અહિં આપીએ છીએ:

**मंगलाचरण आर्य्यावृत्तम्.**

**भुवनत्रयाधिनाथो विजयत्व धुनाद्विजाति वर्णयाम् ।**
**स्वकृतां तां प्राचीनां वैवाहि का चरीतिं वितनोतु ॥१॥**

---

'બર્નિયરના પ્રવાસ' માં "સતીનો ચાલ–સહગમન" વિષે વિવેચન કરવામાં આવેલું છે; જુઓ પૃ. ૨૩૫ થી ૨૪૧; ગુજરાતી આવૃત્તિ; પ્રકાશક, ગુ. વ. સોસાઇટી.

સતીને સત્ ચઢી મૃત પતિ સાથે સહગમન કરનારી સ્ત્રીઓ માટે ઉપલી ટીકા નથી; એમનો પ્રશ્ન નિરાળો છે. એમાં મતભેદને સ્થાન છે. આપણા સાહિત્યમાં સ્વર્ગસ્થ ગોવર્ધનરામે ભરૂચના દેસાઇણ સતી સુનીનું ચરિત્ર મૂળ 'ઇસ્ટ એન્ડ વેસ્ટ' નામના માસિકમાં આલેખ્યું હતું અને તેનો પછી ગુજરાતીમાં તરજુમો થયલો છે; અને સન ૧૯૩૨ માં મી. સુરેશ દીક્ષિતે સો વર્ષ ઉપર સુરતમાં એક નાગર સ્ત્રી સતી થયલી તેનો ગરબો "પ્રસ્થાન" માં છપાવ્યો હતો.

અરથ.

ત્રણ લોકનો નાથ ( પરમેશ્વર ) જીતો એટલે તેમની આજ્ઞા પ્રમાણે આ દુનીઆનાં લોકો ચાલો ને બરાહમણ ક્ષત્રી વઈશ્ય એ જાતોમાં અશલ પરમેશવરની પોતાની કરેલી વીવાહની રીતી હમણાં વીસ્તારો. ૧.

બીજો અરથ.

ત્રણ લોકનો પતી ઈંદર જીત પામો નેં ઉપર લખેલી તરણ વરણમાં હમણાં પોતાની ( ઈંનદરની ) પરણુવાની જુની રીત છે તે પ્રવરતાવો ( એટલે ઈંનદરાણી પુનરવીવાહ કરે છે. ) "

[ પુનર્વિવાહ પ્રબંધ, પૃ. ૧ ]

એ વિધવા વિવાહના કાયદાના સંબંધમાં મહીપતરામ વિષે એક રમુજી વાત રા. ભાનુસુખરામે મહીપતરામ ચરિત્રમાં નોંધી છે. વિધવા વિવાહ કાયદેસર છે, એવું સરકારે ઠરાવ્યું; પણ એવું પુનર્લગ્ન કરનારને ન્યાત કે ન્યાતના પટેલીઆઓ ન્યાત બહાર મૂકે તો તેને ન્યાત બહાર મૂકનારા કાયદા પ્રમાણે ગુન્હેગાર થાય કે નહિ તે મુદ્દો બારિસ્ટરનો અભિપ્રાય મેળવી નક્કી કરાવવા મહીપતરામે રૂ. ૬૦) પોતાની પદરના આપ્યા હતા. પણ વચમાંનો વકીલ એ રૂપિયા ઓહીઆં કરી ગયો અને જોઇતો અભિપ્રાય લખાઇ આવ્યો નહિ.×

એમના ગુરૂ દુર્ગારામે ચકલે ચકલે વિધવા વિવાહ વિષે વ્યાખ્યાનો આપ્યા હતાં; પણ એમને ફરી લગ્ન કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં, એમણે બ્હી જઇને પુનર્લગ્ન ન કર્યું અને કુંવારી કન્યા સાથે પરણ્યા તેથી લોકો એમની ઠેકડી કરતા.*

પહેલવહેલું પુનર્લગ્ન કપોળ જ્ઞાતિના માધવદાસ રૂધનાથદાસે બાઇ ધનકોર સાથે મુંબાઇમાં કર્યું હતું; તે વખતે ખૂબ કોલાહલ થયલો†; અને એવી સંકડામણ અમદાવાદમાં ખડાયતા જ્ઞાતિની ફેરવાડાની બાઈ જીવકોરે માસ્તર લલ્લુભાઇ સાથે પુનર્વિવાહ કરતાં અનુભવી હતી. વાચકને તેનો ખ્યાલ આપવા સન ૧૮૭૨ ના બુદ્ધિપ્રકાશમાં એ બનાવની વિસ્તૃત નોંધ લેવાઇ હતી તે ફરી ઉતારીએ છીએ.

× જુઓ મહીપતરામ ચરિત્ર, પૃ. ૨૭.

* એમની ભિરૂતા માટે જુઓ દુર્ગારામ ચરિત્ર, પૃ. ૧૦.

† સવિસ્તર વર્ણન માટે જુઓ બુદ્ધિપ્રકાશ વર્ષ, ૧૮૯૩ પૃ. ૩૮.

# પુનર્વિવાહ થયો.

## વીશા ખડાયતા વૈષ્ણવ વાણીઆની નાતમાં
## તા. ૨૬ આગષ્ટ સને ૧૮૭૨. અમદાવાદમાં.

ભરૂચ જીલ્લાના કેરવાડા ગામમાં વિશા ખડાયતા વાણીઆની દીકરી નામે જીવકોર તે ૧૧ વર્ષની ઉમરે બાળરંડા થઈ. અને તેનો બાપ પણ ગુજરી ગયો. તેની મા છે, પણ તેને ભાઇ કે બહેન નથી. તે બાઇને એક ગાયકવાડી ગામમાં પરણાવી હતી પણ રંડાયા પછી પીયરમાં રહેતી હતી.

તે બાઇએ કેરવાડાની કન્યાશાળામાં વિદ્યાભ્યાસ કર્યો. પછી તે કન્યાશાળાની શિક્ષક પોતે થઈ. તે બાઇની ભરજુવાની એટલે ૧૮–૧૯ વર્ષની ઉમર થઈ ત્યારે તેને એવો વિચાર થયો કે આખી ઉમર વિધવાપણું ભોગવવા કરતાં મારી નાતનો સારો વર મળે તો તેની સાથે પુનર્લગ્ન કરવું તે ઠીક છે.

એવામાં તેનીજ નાતનો નડીયાદનો વતની લલ્લુભાઈ મથુરદાસ જેની ઉમર આશરે ૨૭ વર્ષની છે. તે ભરૂચ જીલ્લાના કતપોરની સરકારી નિશાળનો મહેતાજી છે. તેની સાથે તેણે કાગળ પત્રનો વહેવાર ચલાવ્યો અને તે બંને જણાંએ એવો ઠરાવ કર્યો કે આપણે પુનર્વિવાહ કરવો.

હવે પેલી બાઇને એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબની તરફથી એવો હુકમ થયો કે તમારે અમદાવાદની ફીમેલ નાર્મલ સ્કુલમાં જઇને વધારે અભ્યાસ કરવો.

તે કામ વાસ્તે તથા પુનર્લગ્ન કરવા વાસ્તે તે બાઇએ અમદાવાદ આવવાનો વિચાર કર્યો, પણ તેની મા, તથા તેના સગાઓ અટકાવ કરશે એવા અંદેશાથી તે બાઇએ તથા સદરહુ મહેતાજીએ અમદાવાદની પુનર્વિવાહોત્તેજક સભાના મેંબરોની મદદ માગી. તેથી અહિંથી તેની મદદે માણસો ગયાં તે વાત બાઈનાં સગાંને તથા કેરવાડાના લોકોને જાણવામાં આવી. તેથી સગાંએ બાઇને નિશાળમાં જતી અટકાવી, ને નોકરીનું રાજીનામું મોકલાવરાવ્યું. ને ગામના લોકોએ પેલાં માણસો ઉપર મોટું હુલ્લડ કર્યું. તે બાઇનો ચોટલો જબરજસ્તીથી મુંડાવી નાંખ્યો. બાઇને કેરવાડાથી થોડે દૂર બાઉવા ગામમાં ગેરકાયદેસર કેદ રાખી.

આ બાબતની ફરીયાદ ભરૂચના આશીસ્ટંટ માજીસ્ટ્રેટ મી. વાહીટ વરથની આગળ થઈ, તેથી તે સાહેબે તે બાઇને સમન કર્યો; તેના સગાઓ

ઉપર વારંટ કહાડયાં. હુલ્લડ થતું અટકાવવાને પોલીસના ૧૦ ઘોડેસ્વાર તથા ૨૦ પાયદલ તે વારંટ બજાવવા અને જીવકોરને છોડાવવા ગયા. ભુઆ ગામમાં એક બ્રાહ્મણના ઘરમાં તે બાઇને સંતાડી હતી ત્યાંથી સરકારી માણસોએ શોધી કહાડી ને ભરૂચ તેડી ગયા. એ બાઇને તા. ૧૧ જુલાઇથી તા. ૬ આગષ્ટ સુધી ઘરમાં પુરી મુકી હતી, અને તે મોતના પંજામાંથી બચી છે. કેરવાડાના જપતીદાર કારકુન વાડીલાલ કાળીદાસે તે બાઇને દુખમાંથી છોડાવવા મહેનત કરી હતી.

તેના બે સગાઓને તોમતદાર ઠરાવી સેશન કમીટ કર્યા, અને તે બાઇ તથા મહેતાજી અમદાવાદમાં આવીને મ્યુનીસીપલ ખાતાના શેક્રેટરી રાજેશ્રી રઘુનાથરાવ જનારદનને ઘેર ઉતર્યા. અને લગ્ન કરવા વાસ્તે અહીંની પુનર્વિવાહોત્તેજક સભાની મદદ માગી. તેઓએ કહ્યું કે તમારી નાતથી દૂર રહેવાની તમારી હીમત હોય, અને તમારા મનની ઉલટ હોય તો લગ્ન કરો. તે કામમાં અમે સામીલ થઇશું. થોડીઘણી નાણાંની મદદ જોઇશે તો કરીશું, ત્યારે મહેતાજીએ કહ્યું કે અમારે નાણાંની મદદ જોઈતી નથી અને અમે કાંઈ ભીક્ષુક નથી ધંધાસર છીએ. પણ લગ્નક્રિયા કરાવી આપવામાં તમારે સામીલ થવું.

પછી જોશીને બોલાવીને લગ્ન જોવરાવ્યું. જોશીએ શ્રાવણ વદ ૭ રવિવારનું ગોધુળિક લગ્ન આપ્યું. તે દિવસે રાજેશ્રી રઘુનાથરાવજીને ઘેર તેમનું લગ્ન વિધિ પ્રમાણે થયું. તે સમે રા. રઘુનાથરાવજીએ સારા સારા માણસોને બોલાવ્યા હતા.

ડેપ્યુટી કલેકટર મહેરબાન એફ, એફ, ફરનાંનડીસ સાહેબ, રાવબહાદુર ગોપાળરાવ હરિ દેશમુખ અહીંની સ્માલકોઝ કોરટના જડજ સાહેબ, રાવ બહાદુર ભોળાનાથ સારાભાઈ, ખેડાના સેકન્ડ કલાસ સબારડીનેટ જડજ. રાવબહાદુર બેચરદાસ અંબાઇદાસ, રાવસાહેબ મહીપતરામ રૂપરામ, રાજેશ્રી રણછોડલાલ છોટાલાલ વગેરે આસરે ૧૫૦ ગૃહસ્થો ત્યાં બિરાજ્યા હતા. કેટલાએક સાહેબલોકોએ તથા નેટીવ ગૃહસ્થોએ આવા કામમાં મદદ મળવાને એક ફંડ રૂ. ૪૦૦ ને આસરે કર્યું છે. અને તે વધારવાનો પ્રયત્ન જારી છે.

ગોરે ગોત્રજ પૂજા કરાવીને ચોરીમાં મધુપર્ક ગોત્રોચ્ચાર વગેરે કરીને કન્યાદાન અપાવ્યું. એક બ્રાહ્મણે* કન્યાદાન દીધું. તે સભામાં વડનગરા

*કહેવત છે કે જેને માબાપ હાજર ન હોય તેને "ગોર માબાપ."

નાગર ગૃહસ્થો, સાઠોદરા, વીસળનગરા, ઔદીચ્ય, મોઢ, શ્રીમાળી, રવાળ, રાયકવાડ અને ટોળકીઆ વગેરે નાતોના બ્રાહ્મણો, તથા શ્રાવક, મેશ્રી-વાણીઆ, કણબી, અને મહારાષ્ટ્ર બ્રાહ્મણો, તથા પરભુઓ હતા. કંસાર ભોજન થયા પછી તે લગ્ન બાબતનો એક દસ્તાવેજ વરકન્યાની સહીઓનો સ્ટાંપના કાગળ ઉપર કરેલો હતો તે સભામાં વંચાયો. અને સાક્ષીઓ કરાવી. ગાંધર્વ લોકો નરઘાં સતાર લઇને ગાન કરતા હતા. બ્રાહ્મણો ભણતા હતા અને સઉના મનમાં મોટો ઉત્સાહ જણાતો હતો. અને એવા શબ્દો નિકળતા હતા કે આ ચાલ સઘળી નાતોમાં ચાલે તો ઘણું સારૂં."

એ યુગલ પાછલી અવસ્થામાં અમદાવાદમાં આવી રહ્યું હતું અને એમને સંતતિ નહિ હોવાથી બાઈ જીવકોરે એમની સર્વ મિલ્કત અહિંની જાણીતી ન્યુ ઇંગ્લિશ સ્કૂલને મકાન બાંધવા સારૂ આપી હતી, તે પરથી તે સ્કૂલ હાલ બાઇ જીવકોર ન્યુ ઇંગ્લિશ સ્કૂલ તરીકે ઓળખાય છે.

વિધવાવિવાહ કરનારાઓને સહાયતા અને ઉત્તેજન આપવું, તેમ એ વિચારને પુષ્ટિ આપવા અને તેનો પ્રચાર કરવા સારૂ મ્હોટા મ્હોટા શહેરોમાં તે સમયે વિધવાવિવાહ ઉત્તેજક મંડળો સ્થાપવામાં આવ્યાં હતાં અને એ વિધવાવિવાહનું કાર્ય વાજબી અને શાસ્ત્રોક્ત છે, એવી લોકોની ખાત્રી કરી આપવા ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરે એક પુસ્તક બંગાળીમાં રચ્યું હતું, તેનો ઉપયોગ મુખ્યત્વે સર્વત્ર થતો. મરાઠીમાં તેનો તરજુમો વિષ્ણુ પરશરામ પંડિત શાસ્ત્રીએ કર્યો અને તે પરથી ગુજરાતી પુસ્તક સન ૧૮૬૭ માં સ્વર્ગસ્થ લાલશંકર ઉમિયાશંકરે તૈયાર કર્યું. કેવા સંજોગમાં અને શા કારણે તે કામ હાથ ધર્યું તેનો ખુલાસો અનુવાદકે એ પુસ્તકની પ્રસ્તાવનામાં કર્યો છે અને તે તે કાળની સમાજ પરિસ્થિતિ અને લોકવિચાર જાણવા મદદગાર થાય એમ છે; તેથી તેમાંનો શરૂઆતનો ભાગ અહિં આપવામાં આવ્યો છે:—

"પરમેશ્વરે અક્કલ આપી છે તેનો ખરો ઉપયોગ કરવાથી, સારા સારા માણસોનાં ભાષણ સાંભળવાથી, તે વિષય પર રચાયલા નિબંધો વાંચવાથી અને વિધવાઓનાં અસહ્ય દુઃખ જોવાથી, મારા મનની સંપૂર્ણ ખાતરી થઇ, કે બાળવિધવા વિવાહ કરવાનો ચાલ પાડવો એ ઘણું જ અગત્યનું છે. આપણા શાસ્ત્રોમાં તેની છૂટ આપી છે કે નહીં તેનો મેં સારી પેઠે વિચાર કર્યો નહોતો. અમદાવાદમાં જ્યારે પુનર્વિવાહોત્તેજક મંડળી સ્થાપવાની વાત ચાલી, ત્યારે એ વિશે વધારે માહિતી મેળવવાની મને ખાએશ થઈ. એક દિવસ એ વિષય પર વાતચીત કરતાં મારા એક મિત્રે

અને આ મરાઠી પુસ્તક વાંચવાની ભલામણ કરી, અને મહેરબાની કરી તે પુસ્તક મને વાંચવાને આણી આપ્યું. મેં જ્યારે એ પુસ્તક બરોબર ધ્યાન દેઇને વાંચ્યું ત્યારે મારા મનની બધી શંકાઓ દૂર થઇ, અને મને લાગ્યું કે જો એ પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર થાય, તો શાસ્ત્રથી અજાણ એવા ગુજરાતીઓ તેની ખરી માહિતી મેળવે, પોતાની શંકાઓ દૂર કરે, અને પોતે જલદી દુઃખમાંથી છુટે.

તારીખ ૪ થી ડીસેમ્બર સન ૧૮૬૬ ને રોજ જ્યારે "અમદાવાદ બાળ વિધવાવિવાહોત્તેજક મંડળીના વ્યવસ્થાપક ગૃહસ્થોની સભા" ભરાઇ હતી, ત્યારે આ પુસ્તકના ભાષાંતરની બહુ જરૂર છે એવું ઘણા જણે કહ્યું, તે ઉપરથી તેનું ભાષાંતર કરવાને સભા આગળ મેં કબુલ કર્યું.

પુનર્વિવાહ ઉપર આજ સુધી જે ભાષણો થયાં છે, અને જે નિબંધો લખાયા છે, તે કરતાં આ ભાષાંતર જુદીજ રીતનું છે. ધર્મના આધાર વગરની એકે વાત લોકો માનતા નથી. માટે આ પુસ્તકમાં ધર્મ સંબંધી વાદવિવાદથી સિદ્ધ કરી આપ્યું છે કે વિધવાવિવાહ શાસ્ત્રસંમત છે. આ પુસ્તક પેહેલેથી તે છેલ્લે સુધી જે કોઇ નિષ્પક્ષપાતપણે બરોબર ધ્યાન આપીને વાંચશે તેની વિધવાવિવાહ સશાસ્ત્ર છે એવી ખાતરી થયા વિના રહેશે નહિ."

જે કાર્ય સમજાવટથી, દાખલા દલીલ, તર્ક અને બુદ્ધિથી સિદ્ધ થઈ ન શકે તે કેટલીકવાર વિરોધી પક્ષની નબળાઇ, વ્યક્તિગત પ્રહાર ન કરતાં તેમના વર્ગના દંભ અને સ્વાર્થ, પ્રપંચ અને જુઠાણાઓનું ઉપહાસયુક્ત અતિશયોક્તિભર્યું કટાક્ષમય વિવેચન કરીને સાધી શકાય છે. તેની અસર વહેલી થાય છે. ભદ્રંભદ્ર એ આપણા સાહિત્યમાં તેનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થયેલ પ્રહસન "પુનર્વિવાહપક્ષની પૂરેપૂરી સોળેસોળ આના ફજેતી"માં ભદ્રંભદ્રના પાત્ર જેવું જીવંત અને સમર્થ કોઈ પાત્ર જડતું નથી; પણ એ પ્રહસનની વિવરણ શૈલી, વસ્તુની સજાવટ અને પ્રતિપાદન પદ્ધતિ એક જ પ્રકાર ( type )ની છે એમ અમારૂં માનવું છે. ભદ્રંભદ્ર શૈલીના લખાણનો એ પ્રથમ પ્રયાસ કહી શકાય; જો કે એ પુસ્તક મરાઠીનો અનુવાદ માત્ર હતો. ભદ્રંભદ્રની પેઠે એ પુસ્તકની પ્રસ્તાવના વાંચો:

"વિધવા વિવાહ
ના
શત્રુઓ ! અને મિત્રો !!
એકવાર આ ગ્રન્થ સાદ્યંત વાંચી જુઓ

અને પછી
હર્ષ કરવો હોય તો હર્ષ કરો
શોક કરવો હોય તો શોક કરો
ક્રોધ કરવો હોય તો ક્રોધ કરો
પરન્તુ મ્હને તો
આ લઘુ પુસ્તક બન્ને
પક્ષકારોને
અર્પણ કરતાં
એક સરખો આનન્દ
થાય છે.

| | |
|---|---|
| તા. ૧ જાન્યુઆરી ૧૮૮૩<br>સંવત્ ૧૯૪૯ પોસ સુદી ૧૪. | સ્વધર્મરક્ષક દેશાનુરાગીના<br>ઉત્સાહપૂર્વક પ્રણામ. |

તેના અંતમાં રૂઢિ દિગ્વિજયની આરતી આપી છે તેનું વાચન પણ આનંદદાયક થશેઃ—

**બી. એ.** 'બેં બેં' **એમ. એ.** 'મેં મેં' કરી રડતા
ધૈર્ય તજી તુંજ વજ્રઘાતવડે પડતા. જય માય! જય માય!
સદસદ્વિવેકશક્તિ એઓને છાંડે
જનલજ્જા એઓના મનમાં બહુ સાલે. જય માય! જય માય!
**પુનર્વિવાહોત્તેજક મંડળી** સ્વર્ગ ગઈ
કેશવલાલ બિચારા બેઠા ચૂપ રહી. જય માય! જય માય!
અડધે અટક્યું **લાલશંકરનું** ઘોડું
**માધવદાસતણું** બહુ મ્લાન થયું મ્હોડું. જય માય! જય માય!
**મહીપતરામ** વિરામ પામીને બેઠા
આશ તજી, યત્ન તજ્યો, હાથ પડયા હેઠા. જય માય! જય માય!
સર્વ સુધારાવાળા બક બક બહુ કરતા
પ્રસંગ આવ્યે સઘળા ચટ પાછા પડતા. જય માય! જય માય!
કેમ ગમે એ માનહાનિતણી સરણી?
દાઝ બધી એઓની ઉપર ઉપરની. જય માય! જય માય!
"અગમ્ય કરણી તુજ" એમ ભણે દાતા,
ધર્મે છિગે કેવળ તુંજ કીર્તિતણા ગાતા. જય માય! જય માય!"

વિધવાઓની સંખ્યા દિનપ્રતિદિન વધતી રહેવાનું મુખ્ય કારણ બાળ-લગ્ન હતું: અને જો એ બાળલગ્નનો રિવાજ બંધ પાડવામાં આવે તો એ વિધવાઓની મોટી સંખ્યા જરૂર વધતી અટકે; તેટલા માટે સુધારકો અને સુશિક્ષિત પુરુષોએ ન્હાનપણથી લગ્ન કરવાનો રિવાજ અટકાવવાના પ્રયત્ન શરૂ કર્યાં, બાળલગ્ન નિષેધ મંડળો કાઢયાં; અને તેના અંગે ઉપદેશ કરવાનું પ્રચાર કાર્ય પણ ઉપાડ્યું. બાળલગ્નથી કેટલાંક માઠાં પરિણામો નિપજ્યાં હતાં તે ચીંધી બતાવવા એમને ઘણી સુગમતા પ્રાપ્ત થઈ.

પુનર્વિવાહ પ્રબંધની પેઠે કવિ દલપતરામે બાળલગ્નપર એક નિબંધ લખ્યો હતો અને તે બદલ એમને ઇનામ મળ્યું હતું.* તે પછી એ દિશામાં સતત કાર્ય થતું રહ્યું છે. શ્રીમંત મહારાજા સર સયાજીરાવે બાળલગ્ન પ્રતિબંધનો કાયદો વડોદરા રાજ્યની પ્રજા સારૂ અમલમાં આણી બહુ પ્રશસ્ય કાર્ય કર્યું હતું; એથી સંસાર સુધારાના કાર્યને ખૂબ વેગ મળ્યો હતો.

બ્રિટિશ સરકારે બાલલગ્નનો ચાલ બંધ પાડવાને કોઇ સીધો ઈલાજ ગ્રહણ કર્યો નથી; પણ સન ૧૮૯૨ માં સંમતિવયનો ધારો પસાર કરીને કેટલીક અનુકૂળતા કરી આપી હતી. પણ સન ૧૯૩૦ માં શારદા ઍક્ટ યોજાયા પછી આપણે એમ કહી શકીએ કે એ બાળલગ્નની પ્રથાને મરણ-તોલ ઘા પડ્યો છે અને આપણે સામાન્ય રીતે જોઈ શકીએ છીએ કે લોકલાગણી મોટી વયનાં લગ્ન કરવાના સંબંધમાં મક્કમ અને ઉત્કટ બની છે.

બાળલગ્નથી ઉદ્દભવતાં કજોડાનાં દુઃખોનો વાસ્તવિક પણ કરુણ ચિતાર સ્વર્ગસ્થ રણછોડભાઈ ઉદયરામે એમના "લલિતા દુઃખદર્શક" નાટકમાં તાદૃશ્યરૂપે વર્ણવ્યો હતો; અને એની અસર એટલે સુધી થઈ હતી કે તેમાંના નંદનશેઠનું પાત્ર પ્રજામાં એક ઉપહાસનું નામ થઈ પડયું હતું.

એ પ્રમાણે કેળવાયલું જોડું કેવું સંસારનું સુખ પામે છે તેનો પરિ-ચય એમણે આપણને "જયકુમારી" નાટકમાં પ્રાણલાલ શેઠ અને જય-કુમારીનાં પાત્રો ઉપજાવીને કરાવ્યો હતો અને એ નાટકો રંગભૂમિપર ભજવાતાં એટલે જનતા પર બાળલગ્ન વિરુદ્ધની તીવ્ર લાગણી પેદા થતી.

બાળલગ્નની સામે કવિ દલપતરામે અનેક ગરબીઓ રચી હતી અને કન્યાશાળાઓમાં તે હોંશથી ગવાતી. સોસાઇટી માટે "બાળલગ્નથી થતી

---

* જુઓ ગુ. વ. સોસાઇટીનો ઇતિહાસ, ભા. ૧; પૃ. ૨૫.

હાનિ" એ નામનું કવિતાનું પુસ્તક કવિ ગણપતરામ રાજારામ ભટ્ટ રચીને, એ વિષયને બોધક રીતે ચર્ચ્યો હતો; અને એ આખ્યાન એટલી લોકપ્રિયતા પામ્યું હતું કે તેની બે આવૃત્તિઓ થઇ હતી.

"બાળલગ્ન બત્રીસી" નામનું નવલરામનું ગરબીઓનું પુસ્તક જાણીતુ છે અને તેમાંની નીચેની પંક્તિઓ ઘણાંના મુખે હશેઃ

'ભાઇ તો ભુગોળ ને ખગોળમાં ઘુમે છે,
બાઇનું તો ચિત્ત ચુલા માંહ્ય,
દેશિ કહેને તમે કેવું આ કજોડું તે કહેવાય!'

ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં પ્રમાદધન અને કુમુદસુંદરીના ગુણનું કજોડું ચિતરીને એ વિષયને પરાકાષ્ટાએ પહોંચાડયો હતો અને એ કુચાલના મર્મસ્થાનને વિંધ્યું હતું.

તે પછી લગ્નના વિષયને જુદી જુદી દૃષ્ટિએ અવલોકી કવિશ્રી ન્હાનાલાલે સમાજ સમક્ષ કેટલાંક આદર્શ પાત્રો રજુ કર્યા છે અને ઉછરતી પ્રજાના મનોરથો શ્રીયુત ઇન્દુલાલે "કુમારનાં સ્ત્રી રત્નો" દ્વારા દશ્યમાન કર્યાં છે, એ આપણો અર્વાચીન હિંદુ સમાજ કયે પંથે વિચરી રહ્યો છે એનાં દિશાસૂચક છે.

એકલા નિષિદ્ધ ખોરાક માટેજ નહિ પણ કદાચિત્ પરધર્મીનું સ્પર્શેલું પાણી કે ખોરાક લેવાય તો પણ જ્ઞાતિ ચોકી ઉઠતી અને એવું રૂઢિ વિરુદ્ધ કૃત્ય કરનાર સામે સખ્ત પગલાં લેતી.

ન્યાયમૂર્તિ રાનડે જેવા મહાન્ પુરુષ જ્ઞાતિના જુલ્મી પંજામાંથી બચી શક્યા નહોતા. સન ૧૮૯૦ માં પંચહૌદ મિશનવાળા પાદરીને ત્યાં ઈવનિંગ પાર્ટી હતી; ત્યાં ચા લેવા માટે રાનડેને જ્ઞાતિ બહાર મૂકવામાં આવ્યા હતા અને તેનું પ્રાયશ્ચિત્ત કરે એમની મુક્તિ થઇ હતી.*

એ પરિસ્થિતિ સાથે અત્યારની વસ્તુસ્થિતિ વિચારો ? જુઓ કેટલો બધો તફાવત પડી ગયો છે! મુંબાઇમાં આજે સેંકડો કૉલેજિયનો ઇરાની હૉટેલોનો છૂટથી ઉપયોગ કરે છે, એટલુંજ નહિ પણ પ્રીતિ ભોજનમાં હાજરી આપનારાઓને કોઇ જ્ઞાતિજન પૂછતું સરખુંયે નથી. તાજેતરમાં અસ્પૃશ્યતા નિવારણ માટે એક પંગતે બેસી જમણ લેનાર નવયુવકોની સંખ્યા ન્હાની કહેવાય નહિ.

---

* જુઓ રાનડેનું જીવનચરિત્ર–સૂર્યરામ સોમેશ્વર દેવાશ્રયી રચિત–પૃ. ૭૨.

વિધવા વિવાહનો પ્રશ્ન પણ એવી રીતે સરલ થઈ ગયો છે. કેટલીક જ્ઞાતિઓએ કન્યાઓની અછતના લીધે વિધવા વિવાહને સંમતિ આપી છે. અગાઉ અનાથાશ્રમની કન્યાઓની સાથે લગ્ન કરવા કોઈક ભૂરતિયો આગળ આવતો નહિ, હમણાં જ ચાર કન્યાઓ સારૂ ચારસેં યુવાનોએ પડાપડી કરી હતી, એ યુવાનો નજદિકમાં વિધવાઓને પરણે, વર્ણાન્તર કરે તો અમે અજાયબ થઈશું નહિ.

વર્ણાન્તર લગ્નો ધીમે ધીમે સમાજમાં પગપેસારો કરતાં જાય છે, અને અવિવાહિત લગ્ન સુખ ઇચ્છનારી બાળા કોક કોક દેખા દે છે.

સુધારાના કાર્યને કાયદાથી થોડીક મદદ મળી, તો કેળવણીએ તેને નવું બળ આપ્યું; અને પાશ્ચાત્ય સાહિત્ય અને સંસ્કૃતિની સમાજ જીવન પર પ્રબળ અસર થતાં, લોકમત મજબુત બન્યો અને વિકાસ પામ્યો. સામાન્ય રીતે લોકસ્થિતિ અને લોકમતનું પ્રતિબિંબ ચાલુ સાહિત્યમાં પડતું જોવામાં આવે છે અને ઉપર કેટલાક ઉતારા આપ્યા છે અને નોંધ કરી છે તે પરથી એ નવા સુધારાની રંગરેખા આપણા અર્વાચીન સાહિત્યમાં ઉતરેલી જોવામાં આવશે.

ધાર્મિક વિચારોમાં આપણે ન કલ્પીએ એટલો બહોળો ફેરફાર થયો છે. પહેલાંની પેઠે ટીલાં ટપકાં, યજ્ઞયાગ, મંત્રજાપાદિ ભણેલાઓ કરતા નહિ હોય, પણ એટલું ખાત્રીપૂર્વક કહી શકાશે કે એમનું નીતિનું ધોરણ બેશક બહુ ઉંચું છે, શુદ્ધ ચારિત્ર પર તેઓ વિશેષ ભાર મુકે છે. ધર્મને નામે ધતિંગો, અનાચારો, દંભ અને જુઠાણાં પ્રથમ જોવામાં આવતાં તેનું પોકળ ખુલ્લું થતાં હવે તેનું જોર ઘટયું છે અને લોકો સારાસારનો વિચાર કરતા થયા છે. વહેમી માન્યતાઓ અને અંધ શ્રદ્ધાભરી રૂઢિયોનો ભોગ થઈ ન પડતાં, બુદ્ધિ જેમ પ્રેરે તેમ તેઓ વર્તે છે, એ નવી કેળવણીનો પ્રતાપ છે. એ પ્રકાશે કેળવાયલાઓને એક નવીન દૃષ્ટિનું તેજ બક્ષ્યું છે, તેને આપણે બુદ્ધિવાદનું નામ આપીશું.

'બુદ્ધિપ્રકાશ' માં પ્રસિદ્ધ થયલા એક લેખમાંના શબ્દોમાં કહીએ તો, એથી "જુના વેહેમો નાસવા લાગ્યા; અને તેની જોડે જુની ધર્મ પદ્ધતિને ધોકો લાગવા માંડયો; × × × × × જુના પંથો માત્ર ખોખા જેવા રહ્યા છે. સંસાર વ્રેહેવારમાં સુનીતિ પળાવવાનું તેઓમાં કૌવત રહ્યું નથી."*

* બુદ્ધિપ્રકાશ, સન ૧૮૭૯, પૃ. ૨૧૯.

ખ્રિસ્તી મિશનરીઓએ બાઇબલનો ધર્મોપદેશ લોકોને આપવા માંડ્યો અને શાળામાં બાઇબલનું શિક્ષણ ફરજિયાત કર્યું ત્યારે હિન્દુ સમાજ કચવાઈ ઉઠ્યો હતો; પણ તેની વિરુદ્ધનો વસવસો ધીમે ધીમે દૂર થયો છે એ આપણે પાછળ જોયું છે.

ગયા સૈકાના ઉત્તરાર્ધમાં પૂર્વના મુલકોમાં ખોદકામ થઇને નવી નવી માહિતી જાણવામાં આવી તે પરથી બાઇબલમાંનાં વચનો પરની શ્રદ્ધા ઓસરતી ગઈ છે અને વિજ્ઞાનનો અભ્યાસ વધતાં, અને તેમાં નવી નવી શોધો હાથ લાગતાં, ધર્મ વિચાર પર એની ઉંડી અસર થવા માંડી; ઇશ્વર જેવી કોઈ વસ્તુ નથી; જગત્ યંત્ર માફક ગતિ કરી રહ્યું છે; પાર્થિવ વસ્તુઓ માત્ર સત્ય છે, એવા ચાર્વાક વિચારો ફેલાવા માંડ્યા. જડવાદનું (materialism) પ્રાબલ્ય વધવા લાગ્યું, કેટલાક નીતિના સિદ્ધાંતોને પ્રાધાન્ય આપી ઇશ્વરના અસ્તિત્વ વિષે ઉદાસીન રહ્યા. આ સર્વ કારણો ભેગાં થતાં, ઇશ્વર ઉપરની ભાવનામાં મોટું પરિવર્તન થવા પામ્યું અને બાઇબિલ પરની શ્રદ્ધા ઘટવા માંડી. એક ઇંગ્રેજ લેખકે હમણાં લખ્યું છે:

"Few educated men to-day accept the Bible implicity as it stands; they discount nine-tenths of it as a combination of fable and the history of a primitive tribe with unpleasant habits."†

આ પાશ્ચાત્ય વિચાર અને સુધારાની અસર તે કાળે હિન્દુસ્તાનપર પણ થઈ. ભણેલાઓ મીલ અને મેકોલે, ડાર્વિન અને રુસો, બર્ક અને હર્બર્ટ સ્પેન્સર, શેલી, કિટ્સ અને બાયરન વગેરે સમર્થ તત્ત્વચિંતકો અને પ્રતિભાશાળી અને જાજરમાન કવિઓનાં પુસ્તકો હોંશથી અને રસપૂર્વક વંચાતાં અને એ લખાણની એના હિન્દી વાચકોના જીવનપર જાદુઇ અસર થવા પામી. જુનો દારૂ નવા શીશામાં ઢાલવતાં જેવું પરિણામ આવે–અસર થાય –તેવું આ નવા શિક્ષણની અસર જુના વિચારો પર થઇ. એ વર્ગ નવજીવન પામ્યો એમ કહી શકાય. તેના પરિણામે જુના ધર્મોનાં બંધનો તુટવા માંડયાં; જીવનમાં મોજશોખ અને આનંદને પ્રાધાન્ય અપાયું; વિલાસ અને વૈભવ–જીવનધ્યેય થયાં. આ વિચાર વાતાવરણ જોર પકડે તો સમાજને મોટી હાનિ પહોંચે. ધર્મ જે જગતના આધારરૂપ મનાય છે, તેનો પાયા-

† Review of Reviews, p. 85, February 1933.

માંથી ઉચ્છેદ થાય; અને એ ધર્મ ભાવના નષ્ટ થતાં જગતમાં અરાજકતા વ્યાપી રહે. આ પ્રકારની પરિસ્થિતિ પગભર થવા ન પામે તે માટે તાત્કાલિક જુદી જુદી ધાર્મિક પ્રવૃત્તિઓ તેનો અવરોધ કરવા ચારે તરફથી ઉદ્દભવવા પામી. તે આગમચ કરસનદાસ મૂળજીએ વૈષ્ણવ મંદિરોમાં પ્રવર્તતી અનીતિ અને અનાચાર ખુલ્લાં પાડવા એમના અઠવાડિક પત્ર "સત્યપ્રકાશ" માં જે જુંબેશ ઉપાડી હતી તેનો ઉલ્લેખ થવો ઘટે છે. સમાજમાંથી સડો કાઢી નાંખવાનો એ પ્રયાસ સ્તુતિપાત્ર હતો. એ લખાણ, એમનું ચરિત્ર નિરૂપણ કરનાર વિદ્વાનના શબ્દોમાં જણાવીએ તો, "કરસનદાસ દ્વેષ બુદ્ધિથી લખતા નહિ. તેનો હેતુ લાંચ લઇને પૈસાદાર થવાનો નહોતો. વલ્લભ કુળના ગુરૂઓને અને તેમના સેવકોને સુધારવા એજ તેની ભલી મતલબ હતી."* એ પરથી તો મોટો ફોજદારી કેસ થયો હતો. તે મહારાજા લાઇબલ કેસ એ નામથી પ્રસિદ્ધ છે.

પરંતુ જનતાની ધાર્મિક ભાવના અને વિચાર ફક્ત જુના દુરાચારો અને રૂઢિયોનો નાશ કર્યે સંતોષાય એમ નહોતું. તેમને નવું ધર્મબળ અને પ્રેરણા જોઇતાં હતાં; અને તે ઉણપ–સદ્દભાગ્યે અહિં પ્રાર્થના સમાજ, આર્ય સમાજ, અને થીઓસોફી વગેરે નામનાં નવાં ધર્મ મંડળોએ અને શ્રીમન્નૃસિંહાચાર્ય અને શ્રીમન્ નથુરામ શર્માએ આચાર્ય પદ લઇને, પૂરી પાડી હતી. એમના તરફથી વાચકની ધર્મવૃત્તિ અને રૂચિને પોષે અને સંતોષે, પ્રેરણા બક્ષે અને પ્રોત્સાહન આપે એવું વાચન સાહિત્ય થોડું બહાર પાડ્યું નથી; બલ્કે એમ કહી શકાય કે ગુજરાતીમાં નવું ધર્મ સાહિત્ય પ્રજાને એમના તરફથી જ મળેલું છે.

પ્રાર્થના સમાજ એ બંગાળામાં રાજા રામમોહનરાયે સ્થાપેલ બ્રહ્મો સમાજનું બીજું જ નામ છે. તેમાં તફાવત માત્ર એ છે કે પ્રાર્થના સમાજ જાતિનો સ્વીકાર કાયમ રાખે છે, જ્યારે બ્રહ્મોસમાજ હિંદુ સમાજમાં એક નવીજ જાતિ ઉભી થઈ છે એમ મનાવે છે. બીજો કોઈ તાત્ત્વિક મૂળ ભેદ તેમાં નથી.

સન ૧૮૭૪ માં અમદાવાદ પ્રાર્થના સમાજ મંદિરનું ખાત મુહુર્ત કરવામાં આવ્યું હતું. તે મેળાવડાનો વૃત્તાંત એ વર્ષના 'બુદ્ધિપ્રકાશ' માં છપાયો છે. તેમાં પ્રાર્થના સમાજનો આશય નીચે પ્રમાણે વર્ણવાયો છે:–

* જુઓ કરસનદાસ મૂળજી ચરિત્ર, પૃ. ૧૭.

"પ્રાર્થના સમાજનો હેતુ એ છે કે સર્વ બ્રહ્માંડનો સરજનાર, પાળનાર અને નિયંતા ચલાવનાર તેમની પ્રાર્થના કરવી. માત્ર પ્રાર્થના કરવી એટલુંજ નહિ; કેમકે અમસ્થા મોડે બોલવાથી કાંઈ ફળ નથી. જે બોલવું તે પાળવું. સંસારમાં સદુદ્યોગ કરવો, અને સદાચરણ પાળવાં. સમાજના મુખ્ય સિદ્ધાંત આ ચાર છે.

૧. ઈશ્વર એકજ છે, અને તેજ પૂજ્ય છે.

૨. નીતિપૂર્વક પ્રેમ સહિત ઇશ્વર ભક્તિ એજ ધર્મ.

૩. ભક્તિ એટલે શ્રદ્ધા, ઉપાસના, સ્તુતિ, પ્રાર્થના અને સદાચાર.

૪. ભક્તિ વડે ઈશ્વર પ્રસન્ન થાય છે, અને આત્માનું કલ્યાણ થાય છે."†

અમદાવાદમાં એ સંસ્થા સ્થાપવામાં સરદાર ભોળાનાથભાઈ અને રા. સા. મહીપતરામ મુખ્ય અગ્રેસરો હતા અને તેઓ બંને સોસાઇટીના આગેવાન સંચાલકો હતા. વળી નોંધવા જેવું એ છે કે સ્વર્ગસ્થ રા. બા. ગોપાળરાવ હરિથી શરૂ થઇને આજ પર્યંતના સઘળા ઑનરરી સેક્રેટરીઓ પ્રાર્થના સમાજીસ્ટ છે.

આર્યસમાજના સંસ્થાપક સ્વામીશ્રી દયાનંદ પણ મોરબી પાસે ટંકારા ગામના વતની હતા. એમણે આર્યધર્મનો પુનરુદ્ધાર કરવા ભગીરથ પ્રયત્ન કર્યો. એમના ઉપદેશે પંજાબમાં જેટલી જાગર્તિ આણી છે અને નવીન સુધારણાની પ્રવૃત્તિઓ પ્રગટાવી છે તેટલી તેની અસર ગુજરાતમાં નહિ માલુમ પડે; પણ ગુજરાતમાં આર્યસમાજે નવીન ચેતન રેડયું છે અને સમાજ સુધારણામાં સંગીન હિસ્સો આપ્યો છે એની કોઇથી ના પાડી શકાશે નહિ.

સ્વામીશ્રી દયાનંદનો પરિચય કરાવતી એક નોંધમાં એમના ધર્મ સિદ્ધાંત વર્ણવતાં લખ્યું છેઃ—

"તે સ્વામી ફક્ત વેદનેજ માને છે. અને પુરાણ વગેરેને માનતા નથી. અને કહે છે કે વેદમાં મૂર્ત્તિ પૂજા કહેલી નથી તથા હાલમાં જે કર્મકાંડ ચાલે છે તેવું વેદમાં લખેલું નથી. વેદમાં તો એકજ પરમેશ્વરની ભક્તિ કરવાનું લખેલું છે. જુદા જુદા દેવોને માનવાનું લખેલું નથી અને ચારે વેદ પરમેશ્વરે કરેલા છે; માણસોએ કરેલા નથી."+

† બુદ્ધિપ્રકાશ, સન ૧૮૭૪, પૃ. ૨૧૮.

+ જુઓ 'બુદ્ધિપ્રકાશ' સન ૧૮૭૫, પૃ. ૨૪.

એમનું ૭ ફૂટ ઉંચું પ્રચંડ શરીર અને બ્રહ્મચર્યના તેજથી લખલખતું મુખ જે મંડળીમાં તેઓ જતા ત્યાં એમનો સજ્જડ પ્રભાવ પાડતા; અને તેઓ એક ઉત્તમ વક્તા હોવાથી, શ્રોતા વર્ગને એમના વાક્ચાતુર્યથી અને બુદ્ધિપ્રભાવથી ચકિત કરતા અને તેમને વાદીગરની મોરલીના નાદની પેઠે પોતા પ્રતિ આકર્ષતા. એવું એમનામાં પ્રતાપી લોહચુંબકત્વ હતું. સન ૧૮૭૫ માં તેઓ અમદાવાદમાં આવેલા. એમના જાહેર વ્યાખ્યાનોની વિદ્વદ્ વર્ગપર ખૂબ અસર થયલી. ભોળાનાથભાઇ અને મહીપતરામ પણ એ સભાઓમાં હાજર રહેતા; અને એ સભાઓમાં સ્વામીશ્રીને મળેલા વિજયથી અને આર્ય સમાજનો જયઘોષ કરવા સ્વામીશ્રીએ એ બે ધર્મવીરોને એવી દલીલ કરી હતી, કે "नाम मात्रमें क्या है? अपन सब आर्य को यह आर्यसमाजका नाम विशेष उचित है." અને વિશેષમાં એમ સૂચવ્યું હતું કે પ્રાર્થના સમાજને આર્ય સમાજમાં ફેરવી નાંખો. ભોળાનાથભાઇએ એ સૂચનાનો વિચાર કરીને ઉત્તર આપવાનું જણાવ્યું. ભોળાનાથના જીવન ચરિત્રમાં એ બનાવ વિષે નીચે પ્રમાણે ઉલ્લેખ પ્રાપ્ત થાય છેઃ

"તે મુલાકાત પછી આખી રાત્રિ એ વિશે વિચારચિંતન કરવામાં ભોળાનાથે ઉન્નિદ્ર કાઢી, આખરે દૃઢ નિશ્ચય કર્યો કે નામ ન જ ફેરવવું. આ પ્રમાણે પ્રાર્થના સમાજ એક મ્હોટી ઘાંટીમાંથી બચી." અને એ વિષયનું સ્પષ્ટીકરણ કરતાં લેખકે એક ઉદાહરણ આપ્યું છેઃ

"એક સમયે ભોળાનાથે દયાનંદને કહ્યું,—'स्वामीजी! आप वेदको ईश्वरप्रणीत बतानेका प्रयत्न करते हो, सो बुद्धिमान् लोकके सामने तो व्यर्थ है' તે ઉપર દયાનંદે કહ્યું—'ए सब बाततो सच है, परंतु, भोळा नाथजी, ऐसे समजाये सिवाय लोक सब अपनी संग कैसे आनेवाले? और अपनी गाडी चले कैसी?' આવી ધાર્મિક સત્યને ગૌણ ગણનાર સમાજમાં નિમગ્ન થવાની અનિષ્ટ દશામાંથી પ્રાર્થના સમાજ બચી, એ ઇશ્વરનો આભાર માનવાની વાત છે."+

આ અરસામાં અમેરિકાના ન્યુયોર્ક શહેરમાં એચ. પી. બ્લેવેટસ્કી અને કર્નલ એચ. એસ. ઑલ્કોટ એ બે વ્યક્તિઓએ થીઓસોફી નામની સંસ્થા સ્થાપી. તે કોઇ ધર્મ સંપ્રદાય નથી પણ તત્ત્વ શોધકોનું મંડળ છે. તેમનો આશય આધ્યાત્મિક માર્ગે મનુષ્ય જાતિની સેવા કરવાનો છે. વસ્તુતઃ પ્રજાને જડવાદના માર્ગે જતી અટકાવી તેમની ધાર્મિક વૃત્તિઓને પુનર્જીવન આપવાનો છે.

---

+ જુઓ ભોળાનાથ સારાભાઇનું જીવન ચરિત, પૃ. ૧૧૮.

ઇંગ્રેજી શિક્ષણ પામેલા ઘણાખરા એ મંડળમાં પ્રથમ જોડાયા હતા; અને તેનાં એક સંચાલક મીસીસ એનિ બિસાન્ટે હિન્દની પ્રજાની ઉન્નતિ અને પ્રગતિ અર્થે બહુ સુંદર અને સ્તુત્ય કાર્ય કર્યું છે, એ વિષે ભાગ્યેજ મતભેદ માલુમ પડશે. બનારસ સેન્ટ્રલ કોલેજ, જેમાંથી પંડિત માલવિયાજીની બનારસ હિંદુ યુનિવર્સિટી જન્મી છે, એ તેનું જીવન્ત સ્મારક છે. એ મંડળે આપણા પ્રાચીન આર્ય ધર્મનું ગૌરવ બતાવી હિન્દુઓમાં તે માટે મમત્વ ઉત્પન્ન કર્યું; અને જુદી જુદી સંસ્કૃતિઓમાં હિંદી સંસ્કૃતિનું સ્થાન ઉંચું છે, એવી તેણે પ્રતીતિ કરાવી એટલે તેના માટે ભણેલા વર્ગમાં ખાસ પૂજ્ય ભાવ અને પક્ષપાત થયો. ગુજરાતી લેખકોમાં ખાસ કરીને મણિલાલ નભુભાઇ એની સીધી અસર નીચે આવ્યા હતા અને એ મંડળ માટે બે ત્રણ પુસ્તકો પણ એમણે ઇંગ્રેજીમાં તૈયાર કરી આપ્યાં હતાં. એમની એ ધાર્મિક પ્રવૃત્તિનું નિરીક્ષણ કરી મણિલાલ વિષે વ્યાખ્યાન આપતાં દી. બા. નર્મદાશંકરે કહ્યું હતું, કે "પ્રાર્થના સમાજ અને આર્ય સમાજના વેગની વચ્ચે મણિભાઇએ આપણા વેદ ધર્મની વચલા માર્ગે સમીક્ષા કરી અને આપણા ધર્મના સિદ્ધાંતને સમન્વય કરી સારરૂપે સમજાવ્યો. તેમનો "સિદ્ધાંતસાર આ બાબતના પ્રયત્નનું ફળ છે.×

એ મંડળનું સાહિત્ય ગુજરાતીમાં ઉતારવા શ્રીયુત મણિલાલ નથુભાઈ દોશીએ ખૂબ પ્રયાસ કરેલો છે. "થિઓસોફીના સિદ્ધાંતો" એ નામના એમના પુસ્તકમાં એમણે તેના ત્રણ ઉદ્દેશો દર્શાવ્યા છેઃ—

૧. ન્યાત જાત, કોમ, વર્ણ, ધર્મ, સ્ત્રી કે પુરૂષનો ભેદ રાખ્યા સિવાય મનુષ્ય જાતિના ભ્રાતૃભાવનું કેન્દ્ર બનાવવું.

૨. ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનશાસ્ત્રનો મુકાબલે અભ્યાસ કરવાના કામને ઉત્તેજન આપવું.

૩. કુદરતના અત્યાર સુધી નહિ સમજાયેલા નિયમોની અથવા મનુષ્યમાં રહેલી ગુપ્ત શક્તિઓની શોધ કરવી.+

આ જાતનું ધર્મવિચારને પોષક અને ઉત્તેજક પ્રચારકાર્ય ગુજરાતમાં શ્રી શ્રેયઃસાધક અધિકારી વર્ગના સંસ્થાપક પૂજ્યશ્રી શ્રીમન્નૃસિંહાચાર્યે અને આચાર્યશ્રી શ્રીમન્ નથુરામ શર્માએ આપણી પ્રાચીન ધર્મપ્રણાલિકાને

---

× જુઓ સમાલોચક જાન્યુઆરી સન ૧૯૨૭, પૃ. ૧૧.

+ જુઓ 'થીઓસોફીનાં મૂળતત્ત્વો' કર્તા રા. મણિલાલ નથુભાઇ દોશી.

જીવંત અને વેગવતી રાખવામાં અપૂર્વ કાર્ય કરેલું છે અને બીજું કાંઇ નહિ તો ગુજરાતી જનતાને ધાર્મિક વાચનસાહિત્ય ઉપલબ્ધ કરી આપીને જે સંગીન સેવા કરી છે તે તો ખરેખર પ્રશંસાપાત્ર છે.

ધર્મના વિષયમાં પહેલાંના જેવી સ્થિતિ હવે રહી નથી. વિજ્ઞાન તેનું વિરોધી મટીને ધર્મ પાછળ રહેલી અગમ્ય વસ્તુને સ્વીકારી તેને શોધવાનો પ્રયત્ન કરી રહ્યું છે, એ ઓછું સંતોષકારક નથી.

ધર્મ વિષે મતમતાંતરો રહેશે. પણ પ્રભુનું અસ્તિત્વ સ્વીકારી, સર્વમાન્ય ધર્મસિદ્ધાંતોને જીવનમાં ઉતારવા પ્રજાને પ્રબોધવામાં આવે, સૌ કોઇ એક પિતાનાં જ સંતાનો છે, એટલું સત્ય ગ્રહણ કરવામાં આવે અને પરસ્પર ભ્રાતૃભાવ અને પ્રેમથી વર્તાય તો દુનિયામાંનું ઘણું ઝેર વેર દૂર થાય; અને પૃથ્વીપર સ્વર્ગ આવીને વસે. એ સુપંથે નવી ઉછરતી પ્રજા પ્રયાણ કરી રહી છે, એવા તેઓ જે આદર્શો સેવી રહ્યા છે, તે પરથી તેની આછી આછી પણ સ્પષ્ટ ઝાંખી થાય છે.

બ્રિટિશોએ સ્થાપિત ન્યાયની કોર્ટમાં ઈંગ્રેજીના વપરાશને બદલે ગુજરાતીનો ઉપયોગ કરવા દેવામાં આવ્યો હોત તો એ ભાષા બહુ ખીલી શકત. તેમાં નવા નવા શબ્દો અને પ્રયોગો દાખલ થવા પામી ભાષાનો ભંડોળ સમૃદ્ધ થાત; તેમાં વૈવિધ્ય અને સામર્થ્ય આવત; ભણેલાઓએ પણ ભાષા સાહિત્યના અભ્યાસ પાછળ વધુ અને ખાસ ધ્યાન આપ્યું હોત. વડોદરા રાજ્ય નરેશના પ્રયાસ એ વિષયમાં, ખરે, ધન્યવાદને પાત્ર છે.

વર્તમાનપત્ર એ સંસ્થા આપણે અહિં નવી આવેલી છે. પાશ્ચાત્ય સંસ્કૃતિની તે આપણને એક મૂલ્યવાન ભેટ છે. આજે જગતમાં તે એક અદ્વિતીય સ્થાન ભોગવે છે. સમાજમાં તેની પ્રતિષ્ઠા અને લાગવગ બહોળાં છે. અગાઉ પંચ બોલે તે પરમેશ્વર એમ કહેવાતું. આજે આગેવાન છાપું જે અભિપ્રાય દર્શાવે તે લોકમતનો ધ્વનિ સમજાય છે. પૂર્વે જે છાપ દેવનાગરી શાસ્ત્રીય લખાણની પડતી તે આજે વર્તમાનપત્રે પ્રાપ્ત કરી છે. અર્વાચીન જાહેર જીવનમાં લોકમતના પ્રતિનિધિ તરીકે તેની અસર બહોળી માલમ પડે છે.

ગુજરાતમાં પહેલવહેલું અઠવાડિક પત્ર "વર્તમાન" સોસાઇટીએ કાઢયું હતું. તે પછી આપણા પ્રાંતમાં છાપાઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી રહી છે અને હાલમાં તે સંખ્યા આશરે ૨૦૦ છે.

જે અસાધારણ પ્રાબલ્ય અને કાણુ એક વર્તમાનપત્ર ધરાવે છે, તે

સ્થાપિત સરકાર વિરુદ્ધ ન થાય અને લોકમતને ઉશ્કેરી ન મુકે તે માટે તેના પર પ્રથમથી અંકુશો મુકાતા આવ્યા છે અને તેમાંના કેટલાક અંકુશો તો જાણીબુઝીને તેના વિકાસ અને પ્રગતિમાં અંતરાયરૂપ જ છે, એમ આપણે આધુનિક પ્રેસ ઍક્ટ જોઈને કહી શકીએ.

સન ૧૮૩૫ માં સર ચાર્લ્સ મેટકાલ્ફે વર્તમાનપત્ર પરનાં બંધનો પ્રેસ એક્ટ યોજીને કમી કરેલાં. વચમાં લૉર્ડ કેનિંગે તે પર કંઈક દાબ થોડા સમય માટે મુકેલો; પણ સન ૧૮૭૮ માં લૉર્ડ લિટને દેશી છાપાં-ઓના સ્વાતંત્ર્ય પર કાપ મુકી તેમને ભારે અન્યાય કર્યો હતો. તેની સામે પ્રજા તરફથી સખ્ત વિરોધ કરવામાં આવ્યો હતો અને પુના સાર્વજનિક સભાએ સરકારને એક નિવેદન સુદ્ધાં મોકલી આપ્યું હતું.* તે પછી ઉદાર ચરિત લૉર્ડ રીપન સત્તાપર આવતાં, તે બંધનો સન ૧૮૮૨ માં દૂર કરવામાં આવ્યાં હતાં; તે હક્ક ફરી ચાલુ કરવા માટે કૃતજ્ઞતા દર્શાવવા લૉર્ડ રીપનને હિન્દી વર્તમાનપત્રો તરફથી એક માનપત્ર આપવામાં આવ્યું હતું, તેમાંના પેરા ૨ અને ૩, તત્કાલીન લોકલાગણી અને મનોદશા દર્શાવવા નીચે ઉતારીએ છીએ:

"Of the many blessings which it is the privilege of the people of this country to enjoy under British rule, the one which they value most and which perhaps of all others has contributed the greatest to secure a just and righteous administration is freedom of thought, speech and writing. As the people of this country are without the blessing of representative institutions, the Press, as has been truly observed by a high authority, is a parliament always in session, and its liberty is necessary to its usefulness and to the fulfilment of its great mission.

One of the most illustrious of Your Excellency's predecessors emancipated the Press of India, and with one exception his successors in office, true to

*જુઓ Poona Sarvajanik Sabha's Quarterly Journal April 1881.

the traditions of English rule, fostered and encouraged it both as an important auxiliary to good Government and as a powerful means for the diffusion of knowledge. To Your Excellency whose administration has opened a bright prospect to this country, and with which we fondly hope to associate a new era in the history of British Indian rule by reason of the important concession of local self-government to the people to Your Excellency belong the credit and the glory of repealing an Act which was opposed to the traditions of British administration in the East, which cast an unjust slur upon the loyalty of the Native Press, and which tends to interfere with the diffusion of Oriental learning."

એ સ્થિતિ તિલક કેસ થયા પછી બદલાઈ ગઈ છે. ફોજદારી કાયદાની કલમ ૧૨૪ અ પત્રકારો પર ડેમોકલીસની તરવારની પેઠે ભય ઉપજાવતી લટકી રહેલી છે અને સન ૧૯૩૧માં પ્રેસ ઍક્ટમાં નવા ઉમેરા અને ફેરફાર થયા તેણે પોલાદના ચોકઠાના બંધની પેઠે વર્તમાનપત્રને ચોગરદમથી જકડી લઇને તેના જીવનને રૂંધી નાંખ્યું છે.

અહિં એ કાયદાના ગુણદોષમાં ઉતરવાનું, તેની ચર્ચા કરવાનું પ્રયોજન નથી. પણ અમે એટલું તો જરૂર નોંધીશું કે પ્રજાજીવનના વિકાસમાં તે એક અમોઘ શક્તિરૂપ, અમૂલ્ય સાધન છે અને લોક-વિચારને—અભિપ્રાયને ગતિમાન, પ્રબળ, સમૃદ્ધ અને અસરકારક કરવામાં તેનો હિસ્સો મોટો તેમ મહત્વનો છે.

પ્રસ્તુત પ્રકરણના આરંભમાં જે ઉતારો રજુ કરવામાં આવ્યો છે તેમાં રેડીઓ અને સિનેમા દ્વારા લોકશિક્ષણ આપવાનું જે નવું સાધન પ્રાપ્ત થયું છે, તેનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. આપણે અહિં એનો ઝાઝો ઉપયોગ થતો નથી. ઝારના સમયમાં રુશિયામાં પ્રજાની અજ્ઞાનતાનું પ્રમાણ હિન્દના જેટલું મોટું હતું, પણ નવી લોકસત્તાએ એ પ્રશ્ન હાથ ધરતાં, તેનું કેવું સુંદર અને સંગીન પરિણામ આવ્યું છે તે આપણને વિચાર માટે પુષ્કળ સામગ્રી પૂરી પાડે છે. સોવિયટ સરકારે લોકોનું અજ્ઞાન દૂર કરવામાં એ સાધનનો કેવી સરસ રીતે ઉપયોગ કર્યો છે, એ ત્યાંના એ સંબંધી રીપોર્ટ છપાઈ બહાર પડતા રહે છે તેના વાચનથી સમજાય છે.†

સરકાર માત્ર કાયદાઓ ઘડીને બેસી ન રહેતાં, તે સંબંધમાં લોકમત કેળવવા, તેમાં પ્રજાનો સાથ મેળવવા અને તેની સાથે પૂરો સહકાર આદરી પ્રયત્ન કરે તો લોકજીવનનો વિકાસ અને ઉન્નતિ જલદી સધાય, અને તે જીવન સંસ્કારી, પ્રાણવાન, પ્રગતિમાન અને વૈવિધ્યભર્યું બને એ ચોક્કસ છે. હમણાં શ્રીમંત મહારાજા સર સયાજીરાવે, એમના ૭૧ મો વર્ષની સાલગીરી ઉજવાઇ એ શુભ પ્રસંગે, જે અનુભવપૂર્ણ ઉદ્‌ગારો કાઢયા હતા તે મનનીય જણાઈ, ઉપરના કથનનું સમર્થન કરે છે:

"From the earliest years, he said, he had always held firmly to the opinion that no solid achievements could be made unless those who were in authority had the goodwill of the people over whom they were set. Without that goodwill, any laws which might be made would be in the nature of impositisions. The laws might be good, but unless they were willingly obeyed by the people, much of their virtue must be lost. For, a law should be regarded, not as a restriction upon individual liberty, but as an aid to the realisation of that liberty in Society."‡

"શરૂઆતમાં વર્ષોથીજ હમેશાં હું એવો ખસુસ અભિપ્રાય ધરાવતો આવ્યો છું કે જ્યાં સુધી સત્તાવાળાઓ પોતે જેના ઉપર ગોઠવાયા છે, એ પ્રજાની શુભેચ્છા સંપાદન કરી શકે ત્યાં સુધી કશી સંગીન સાધના કરી શકાશે નહિં. એ શુભેચ્છા સિવાય, ગમે તેવા કાયદા ઘડવામાં આવે તો પણ, એ એક દંડ યા વેઠરૂપ થઈ પડશે. કાયદાઓ ભલે સારા હોય પણ જો પ્રજાજનો તરફથી એનું રાજીખુશીથી પાલન ન થાય તો પછી એનું ઘણું મૂલ્ય ઓછું થઈ જવાનું, એનું ઘણું ગુણકારીત્વ નષ્ટ થઈ જવાનું.

કારણ કે કાયદો વ્યક્તિગત સ્વાતંત્ર્ય ઉપર અંકુશ મેલનારો નહિ પણ સમાજમાં ઉક્ત સ્વાતંત્ર્યને સંપાદન કરવામાં સહાયકારક મનાવો જોઇએ."†

---

જુઓ, †'Twelve studies in Soviet Russia' નામના પુસ્તકમાં માં. પોરટગેટનો લેખ.

‡ Times of India, 20th March 1933, p. 9.

† સયાજી વિજય, ૨૩ મી માર્ચ ૧૯૩૩ પૃ. ૭.

# પરિશિષ્ટ ૧

GUJARAT VERNACULAR SOCIETY'S OFFICE.
AHMEDABAD, 6th November 1882.

To,

The Honourable the President and Members
of the Education Commission.

*Honourable Gentlemen,*

We the undersigned Members of the Managing Committee of the Gujarat Vernacular Society beg to approach you with the following humble representations.

2. The Gujarat Vernacular Society was established in the year 1848 under the auspices of the late lamented Honourable A. K. Forbes. The Society has for its main object the development of Gujarati Literature. The means it employs are:—

(a) The publication of a monthly Magazine.

(b) The publication and sale of Gujarati works.

(c) The employment of scholars to write useful and entertaining Gujarati works.

(d) Encouragement of writers by holding out and awarding prizes to works written on the subjects chosen by the Society.

(e) Patronizing authors by purchasing copies of their works.

(f) Securing copies of old useful Manuscripts.

(g) Undertaking the management of Memorial and other Funds intended for the aid of literary and educational activity.

The Funds owned and managed by the Society amount to more than Rs. 50,000/- and the annual income of the Society is of about Rs. 3,000/- including interest, donations, subscriptions, &c.

3. The experience of the past 30 years has shown to us that success of our efforts depends on the growth of education, especially of higher education. We are thus closely interested in the work of the Commission and hence our desire to approach you.

4. It falls, we understand, within the scope of the inquiries of your Commission to ascertain what effect has been given to the principles laid down in the Education Despatch of the late Court of Directors of the East India Company, and to suggest such measures as your Commission may think desirable for the further carrying out of the policy laid down in that Despatch. Though the scope of these enquiries extends to all subjects connected with education, one of the chief points to which the attention of the Commission is directed has reference to the importance of primary education, and the best mode in which it can be extended and improved and to the consideration of the question whether Government educational institutions of the higher order cannot be left to private enterprize.

5. Without at all underrating the importance of primary education and while sincerely desiring that it should be given more widely and placed on a much sounder basis than at present, we venture to remark that in Gujarat the need of higher education is not less pressing.

6. Our object in making this representation is to solicit your attention to that part of the educational policy unfolded in the Despatch of 1854 which bears directly on vernacular instruction and the cultivation of the vernacular literatures of India. Experience has shown to us that the study of vernacular languages and the enriching of vernacular literatures by means of translations or original compositions can only be promoted by and through the exertions of men who have received a high and liberal education.

7. The Society finds that on account of the paucity of men who have received good high education, no writers can be found, though the Society is willing fairly to remunerate their labours. The following are some of the subjects on which the Society wanted good books and for which it advertised prizes:—

| SUBJECTS. | PRIZES. |
|---|---|
| The castes which are becoming extinct the causes of the phenomenon and preventive measures. | Rs. 80, afterwards raised to Rs. 125. |
| The creation of habits of saving among the labouring classes. | Rs. 100, afterwards raised to Rs. 150. |
| Essays on truth, hope, good company, &c. | Rs. 400. |
| The condition of labourers and the way to elevate them. | Rs. 250, afterwards raised to Rs. 350, |

| | |
|---|---|
| Famines | Rs. 50 raised to Rs. 150. |
| A Drama on the evils of unequal marriages. | Rs. 100. |
| Agriculture. | Rs. 300. |
| Translation of 174 pages of Todd's Rajasthan. | Rs. 400. |

No competent writers were available to undertake the works and prizes still continue unawarded. There are several other works of a higher nature which the Society wishes to take up, but for want of scholars to undertake them they have to be postponed indefinitely.

When there are greater facilities for higher education, the growth of vernacular literature is necessarily greater. We find that notwithstanding the efforts of a special society like ours the Marathi speaking population is in advance of us in the matter of publications.

9. The importance of the vernacular languages as the media through which alone the mass of the people of India can be made to advance in intelligence and the necessity of enriching them was fully recognised in the Despatch of 1854 (see para 14 of the Despatch.) The Honourable Court laid down there that "the Vernacular languages must be employed to teach the far larger classes who are ignorant of or imperfectly acquainted with English. This can only be done effectually through the instrumentality of masters and professors who may,

by themselves knowing English, and thus having full access to the latest improvement in knowledge of every kind; impart to their fellow countrymen, through the medium of their mother tongue, the information which they have thus obtained." The efforts put forth in this direction during the last quarter of a century, partly by means of translations or adaptations of standard works in English, and partly by means of original compositions, have given a certain impetus to the cultivation of vernacular literatures, but the results so far have not, it must be admitted, been very satisfactory. On the contrary they have shown in but too glaring a manner the need of having a much larger class of educated native gentlemen who, having themselves received the benefits of high culture; are imbued with a strong desire to communicate the knowledge they have acquired to the masses of their Countrymen through the medium of the varnaculars. The formation of such a class of men of letters is mainly dependent upon the maintenance of higher educational institutions under the direct control of Government; as under that condition alone, can the quality of education, needed for the purpose, be imparted to youths in this country. Firmly impressed with this belief, we are of opinion that any withdrawal of direct State control would have the effect of postponing for an indefinite period, the advancement of the masses of the people by means of knowledge communicated through the medium of their mother tongue.

10. We trust the Commission will take due note of the circumstance that in India the wealthier classes are not to be regarded as identical with those most willing to and capable of pursuing education; consequently in this respect any analogy drawn from society in England would, as regards this country, be only misleading.

Government Educational institutions of the higher order are attended chiefly by the middle classes who evince a hereditary aptitude for literary pursuits. Socially and religiously these classes stand high, but their pecuniary resources are generally very limited. These classes even now feel keenly the burden of the heavy cost of education in the shape of fees which in the Elphinstone College amount to Rs. 120 a year; and there is not the least likelihood of their being able, for years to come, to support independent institutions of the higher order for the education of their sons, nor is the time yet come when independent local bodies or associations of graduates can take upon themselves the maintenance of colleges.

11. Besides it may be said that in this Presidency people do already bear a fair proportion of collegiate education. There are only three Arts Colleges in the British districts. Out of these the Elphinstone College derives a large proportion of its expenditure from funds provided by the people. The Gujarat College has yet received only a trifle from Government over the amount contributed by the people and the funds which support the Deccan College are said to be but a fraction of what the

late rulers had assigned for the encouragement of literature.

12. The Commission, we have no doubt, will inquire into the grave issues with which the withdrawal of Government from the direct control of higher education, would be fraught. Our own opinion is that the withdrawal of the State from the support and direct control of high education will bring about the following results:—

(1) It will bring down the quality of education imparted in our schools and colleges.

(2) It will lead to the deterioration of the services of Government and of professions. This deterioration cannot fail to affect the efficiency of the administration of the country.

(3) There being no really native organisations in existence for the maintenance of institutions for the education of the higher order, they will die out and their place will be filled by missionary schools and colleges which on account of their known sectarian and proselytizing Character, cannot have the confidence of the people.

(4) Apart from their sectarian and proselytizing character, missionary institutions have so far shown very poor results at the University by the side of Government schools and colleges.

(5) Any measure on the part of Government calculated to encourage missionary enterprise at the expense of State institutions for higher education is likely to excite the suspicions of

the people regarding the motives of Government; for which, it is in the highest degree desirable that, no room should be left whatever.

(6) Where there is a wide gulf between the rulers and the ruled as between the English and the Indian people separating them in thoughts, aspirations, and habits, it is, we believe, of the greatest importance that the Government should do all in its power to foster by means of liberal education, the formation of a class of men who may be looked to as faithful interpreters between the rulers and the ruled.

(7) The necessity of having a middle class of this description was fully recognised in the Despatch of the Honourable the Court of Directors and the lapse of 28 years has only shown the wisdom and statesmanship of that recognition.

13. For these reasons we trust that the Commission will decide that the time has not yet come when the State can afford to withdraw its support and control from institutions for secondary and higher education, or introduce any change of policy in respect of such support or control, without compromising in a serious manner the best interests of Government as well as of the bulk of the intelligent classes in the country. In our humble opinion the best thing that Government can do, would be to maintain intact the existing relations of the State with institutions for secondary and higher education, and seek the extension of primary education by in-

dependent means such as increasing the provincial grant for the purpose, or enlisting the sympathies of the wealthier classes of people.

We have the honour to remain,
Honourable gentlemen,
Your most obedient servants,

| | |
|---|---|
| (Sd.) પ્રેમાભાઈ હીમાભાઈ, | પ્રમુખ. |
| „ i. e. **Premabhai Himabhai,** | President. |
| „ **Bholanath Sarabhai,** | Member. |
| „ **Runchhorelal Chhotalal,** | „ |
| „ **Nurbheram Rugnathdass,** | „ |
| „ **Bulakhidas Gungadas Desai,** | „ |
| „ **Abaji V. Kathavate,** | „ |
| „ **Mukundrai Manirai,** | „ |
| „ **Mahipatram Rupram,** | Hon. Secretary. |

## પરિશિષ્ટ ૨

GUJARAT VERNACULAR SOCIETY'S
OFFICE,
AHMEDABAD, 8th August 1888.

To,

THE UNIVERSITY REGISTRAR,
BOMBAY.

Sir,

I am directed by the Managing Committee of the Gujarat Vernacular Society to place before the Senate the following recommendation in connection with the Vernaculars of the Presidency.

The Managing Committee has observed with regret that the progress of cultivation and enrichment of the Gujarati language has not been of late keeping pace with the spread of English Education. It is beyond all question that the regeneration of the population of India must be ultimately through the Vernaculars and so far as the masses of the people are concerned the cultivation of the knowledge the English Language is to be valued mainly as a means towards that end. The present University curriculum has the effect of drawing off the attention of young men from vernaculars even before they complete their school course. In early times the best and ripest scholars used to aim at making accessible the knowledge contained in English Literature to the students of Vernaculars. It has been observed that latterly the work of writ-

ing in vernacular languages has been relegated to less able hands, the reason being that those who take high education not having had any occasion to study vernaculars are not inclined to take up that kind of work and when they do undertake it most of them are not able to do it efficiently.

When the Vernaculars were struck out from the curriculum of higher University Examinations, the reason urged for the step was that the literature of these Vernaculars were poor and sufficient education to the mind could not be derived from them. The Managing Committee thoroughly sympathises with this view, and holds that without a second classical language education will be very defective. But it humbly believes that the total exclusion of the Vernaculars was not the proper step to be taken. What the Committee considers desirable is that at the Matriculation or any Examination which may be substituted in the place of it, there should be, in addition to the papers in classical languages, a paper containing questions in Vernacular Grammar and translation. In the higher Examinations one book of suitable difficulty may be appointed for each examination and pieces for translation from and into Vernaculars may be set rising in difficulty with each successive examination.

There is no doubt that with this addition, the studies will be too heavy for the students and the Committee, therefore, begs to recommend that the work in the classical languages or some other subject such as Mathematics may be reduced to some extent.

When the University recognizes the necessity of restoring the Vernaculars to the University course and makes up its mind to alter the standard of examinations so as to make room for papers in the vernacular, opinions may be obtained from eminent educationalists as to how the present work should be reduced and the University may alter the standards in the most suitable way. The strain to which students will be put by the addition of a paper in the Vernacular will be minimised if the marks obtained in the Vernacular paper are added to those of the paper in the classical language. Those who possess especially good knowledge of classical language will be able to make up for their deficiency in the Vernacular without giving up their special pursuit. What the Managing Committee wish to urge is that the total neglect of the Vernaculars by the University has resulted in crippling the spread of useful knowledge over the country at large and that it is now high time for the University to set about to remove the evil.

I have the honour to be,

Sir,

Your most obedient servant,

**Mahipatram Rupram Nilkanth,**

Honorary Secretary,

Gujarat Vernacular Society

# પ્રકરણ ૨

## નવાં પુસ્તકો

(સન ૧૮૭૯ થી ૧૮૯૧)

"Another purpose for books is to enlarge the mind, to brace the mind, to enable the people to find pleasure, not only in the relaxation of literature but in the hard work, in the stiff thought of literature. The hard work of literature conveys to those who pursue it in sincerity and truth not only utility but also real enjoyment."

[W. E. Gladstone.]

આ તેર વર્ષમાં સોસાઇટીએ ૩૦ નવાં પુસ્તકો છપાવ્યાં, તેની વર્ગણી નીચે પ્રમાણે છેઃ–

**સોસાઈટીનાં ફંડમાંથી.**

| નં. | પુસ્તકનું નામ. | કર્તાનું નામ. | પ્રકાશન વર્ષ |
|---|---|---|---|
| ૧. | ફ્રેન્ચ રેવોલ્યુશન | ચુનીલાલ બાપુજી મોદી | સન ૧૮૮૩ |
| ૨. | અકબર ચરિત્ર | રા. સા. મહીપતરામ રૂપરામ | ,, ૧૮૮૪ |
| ૩. | વેણી સંહાર | બળવંતરામ મહાદેવરામ મહેતા | ,, ૧૮૮૭ |
| ૪. | સુરત માંડવીનું દેશી રાજ્ય | રહેમાનખાં કાલેખાં પઠાણ અને વજેશંકર પ્રાણશંકર ઉપાધ્યાય | ,, ૧૮૯૦ |
| ૫. | બાલલગ્નના સંબંધમાં આપણું કર્તવ્ય | નાગેશ્વર જ્યેષ્ઠારામ શાસ્ત્રી | ,, ૧૮૯૦ |

**સોરાબજી જમશેદજી ફંડ.**

| નં. | પુસ્તકનું નામ. | કર્તાનું નામ. | પ્રકાશન વર્ષ |
|---|---|---|---|
| ૬. | સેવિંગ્સ બેન્કની અગત્ય | રા. સા. મયારામ શંભુનાથ | ,, ૧૮૮૪ |
| ૭. | દુકાળ વિષે નિબંધ | એદલજી જમશેદજી ખોરી | ,, ૧૮૮૪ |
| ૮. | સ્થાનિક સ્વરાજ્ય | કેશવલાલ મોતીલાલ પરીખ | ,, ૧૮૮૬ |
| ૯. | અર્થશાસ્ત્રનાં મૂળતત્ત્વો | સર ચિમનલાલ હરિલાલ સેતલવાડ | ,, ૧૮૮૬ |

**શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ ફંડ.**

| | | |
|---|---|---|
| ૧૦. કન્યાઓની અક્ત | રા. સા. મયારામ શંભુનાથ | સન ૧૮૮૪ |
| ૧૧. માને શિખામણ | ડૉ. ત્રિભુવનદાસ મોતીચંદ શાહ | ,, ૧૮૮૫ |
| ૧૨. નીતિ મંદિર | બલવંતરામ મહાદેવરામ મહેતા | ,, ૧૮૮૮ |
| ૧૩. બાલલગ્નથી થતી હાનિ | કવિ ગણપતરામ રાજારામ | ,, ૧૮૯૦ |

**કરસનદાસ મૂળજી મેમોરિયલ ફંડ.**

| | | |
|---|---|---|
| ૧૪. પ્રાણી વર્ણન ભા. ૧ | બળવંતરામ મહાદેવરામ મહેતા | ,, ૧૮૮૫ |
| ૧૫. ,, ,, ભા. ૨ | ,, ,, ,, | ,, ,, |
| ૧૬. ,, ,, ભા. ૩ | ,, ,, ,, | ,, ,, |
| ૧૭. ઑલ્ફ્રેડ ધી ગ્રેટ | ચુનીલાલ બાપુજી મોદી | ,, ૧૮૮૮ |
| ૧૮. વનસ્પતીશાસ્ત્રના મૂળતત્ત્વો | બલવંતરામ મહાદેવરામ મહેતા | ,, ૧૮૮૯ |

**સૌ. પાર્વતીકુંવર સ્મારક ફંડ.**

| | | |
|---|---|---|
| ૧૯. સીતા દમયંતી આખ્યાન | નાગેશ્વર જ્યેષ્ઠારામ શાસ્ત્રી | ,, ૧૮૮૬ |
| ૨૦. નારી શિક્ષા ભા. ૧ | કૃષ્ણરાવ ભોળાનાથ દિવેટીઆ | ,, ૧૮૮૯ |
| ૨૧. ,, ,, ભા. ૨ | ,, ,, ,, | ,, ,, |
| ૨૨. પાર્વતીકુંવર ચરિત્ર | કવિ ગણપતરામ રાજારામ | ,, ૧૮૯૦ |

**રા. બા. ગોપાળરાવ હરિ દેશમુખ સ્મારક ફંડ.**

| | | |
|---|---|---|
| ૨૩. પરદેશી માલ આપણા દેશમાં તૈયાર કરવા શા શા ઉપાય યોજવા | ભવાનીશંકર રામેશ્વર જોશી | ,, ૧૮૯૦ |

**કચ્છ ગિબ્સ મેમોરિયલ ફંડ.**

| | | |
|---|---|---|
| ૨૪. ઉદ્યોગથી થતા લાભ અને આલસ્યથી થતી હાનિ | નગીનદાસ પુરુષોત્તમદાસ સંઘવી | ,, ૧૮૮૬ |

**કચ્છ દરબાર ઈનામમાંથી.**

| | | |
|---|---|---|
| ૨૫. ખેતીવાડીના સુધારા વિષે નિબંધ | બાપાલાલ ભાઈશંકર ભટ્ટ | ,, ૧૮૮૪ |
| ૨૬. સત્સંગ વિષે નિબંધ | મણિશંકર પ્રભુરામ ભટ્ટ | ,, ,, |
| ૨૭. કેળવણી | ખુશાલીદાસ ગંગાદાસ દેસાઈ | ,, ૧૮૮૬ |
| ૨૮. આરોગ્યતા અને સ્વચ્છતા | ડૉ. ત્રિભુવનદાસ મોતીચંદ શાહ | ,, ૧૮૯૦ |
| ૨૯. કચ્છ ગરબાવળી (મહારાણી નાની બા સાહેબ ઇનામ) | કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ | ,, ૧૮૮૪ |
| ૩૦. આરોગ્યનાં મૂળતત્ત્વો | ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઈ | ,, ૧૮૮૩ |

આ ઉપરાંત બીજાં ૨૭ પુસ્તકો જુદા જુદા લેખકોને લખવા સોંપેલાં અથવા તે લખાવવાનો નિર્ણય થયલો તેની યાદી પરિશિષ્ટ ૩ માં આપી છે, તે પરથી જોઇ શકાશે કે કમિટીનો પ્રયાસ અને વલણ કેવા પ્રકારના નિબંધો, પુસ્તકો રચાવવા પ્રતિ રહેતો હતો.

ઉપરોક્ત યાદીમાંનાં ૫ પુસ્તકો મરાઠીમાંથી અનુવાદ હતાં; ૭ ઇંગ્રેજી પરથી લખાયાં હતાં; ૨ બંગાળીમાંથી; ૪ કવિતા ગ્રંથો અને બાકીના નિબંધો વા દોહનરૂપ લેખો હતા.

જુદા જુદા વિષય પ્રમાણે એ પુસ્તકોના વિભાગ પાડીએ તો ૨ ઇતિહાસ પુસ્તકો; ૩ ચરિત્ર ગ્રંથો; ૧ નાટક, ૫ સંસાર સુધારા વિષે; ૩ કેળવણી વિષયક; ૩ આરોગ્ય અને વૈદકનાં; ૪ વિજ્ઞાનને લગતાં; ૪ સામાન્ય નીતિ અને જ્ઞાનનાં હતાં.

એ પુસ્તકોને આપણે હવે લેખકવાર તપાસીએ અને તેમ કરતાં એ લેખકો જેમણે સોસાઈટીને પુસ્તકો રચી આપીને મદદ કરી હતી તેમના વિષે યથાવકાશ થોડી ઘણી માહિતી આપવા પ્રયત્ન કરીશું; પરંતુ સ્વર્ગસ્થના સંબંધીઓ અને સ્નેહીઓ તરફથી એ લેખકો વિષે પ્રમાણભૂત હકીકત પૂરી પાડવામાં આવશે તો 'ગ્રંથ અને ગ્રંથકાર'નાં પુસ્તકો સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થાય છે તેમાં તે વૃત્તાંત દાખલ કરવામાં આવશે.

ઉપરની યાદી જોતાં જણાશે કે એમાં સૌથી વધુ સંખ્યામાં પુસ્તકો લખી આપનાર ગૃહસ્થ બળવંતરામ મહાદેવરામ મહેતા હતા. તેઓ સુરતના વતની અને જાતના વડનગરા નાગર ગૃહસ્થ હતા. અમદાવાદમાં તેઓ કેળવણી ખાતામાં ભાષાંતર વિભાગમાં ગુજરાતી ટ્રાન્સલેટર એગ્ઝીબીશનરની જગોપર હતા. મહીપતરામભાઈ ભાષાંતર વિભાગના વડા હતા અને એમ ધારવું છે કે બળવંતરામ એમના હાથ નીચે હતા, તેને લઇને જે કાંઈ નવું પુસ્તક તૈયાર કરાવવામાં એમની મદદ પ્રથમ લેવાતી અથવા તો જે કોઇ પુસ્તક તેઓ તૈયાર કરી મોકલતા તે કમિટી સ્વીકારતી હતી.

Natural History Album–'નેચરલ હિસ્ટરી ઑલ્બમ' એ નામનું પુસ્તક ઇંગ્રેજીમાં તે વખતે બહાર પડેલું. તે પરથી કમિટીએ "પ્રાણી વર્ણન" એ નામથી ત્રણ ભાગમાં તેનો અનુવાદ બળવંતરામ પાસે કરાવેલો, અને તેનાં ચિત્રો ખાસ ઇગ્લાંડથી છપાવી મંગાવ્યાં હતાં. પ્રત્યેક ભાગમાં ૩૨, ૩૨ પ્લેટો છે; તે વિષે અનુવાદક પ્રસ્તાવનામાં લખે છેઃ

"આ પુસ્તકમાં જનાવરોનાં ચિત્રો આપ્યાં છે તે પરથી તેઓ કેવાં છે, તે સમજાશે. તેઓ જે જે કરે છે તે સરળ ભાષામાં સમજાવ્યું છે તેથી વાંચનાર બાળકને રમુજ સાથે બોધ મળશે એટલુંજ નહિ, પણ પરમેશ્વરે સરજાવેલાં પ્રાણીઓની અજાયબ જેવી રહેણીનું તેમજ આપણા મહાન પિતા પરમેશ્વરે કેવી રીતે તેમની હાજતો પૂરી પાડી છે તેનું આટલું થોડું જ્ઞાન મળવાથી પણ તેઓ સર્વજ્ઞ અને પરમ કૃપાળુ સૃષ્ટિકર્ત્તાપર પ્રેમ અને પૂજ્યભાવ રાખતાં શીખશે એવો પૂર્ણ વિશ્વાસ છે."×

'વનસ્પતિશાસ્ત્રનાં મૂળતત્ત્વો' એ નામનું પુસ્તક ડૉ. ભાલચંદ્ર કૃષ્ણ ભાટવડેકરે મરાઠીમાં લખેલું અને તેની એ વિષયમાં નિષ્ણાતોએ ઉત્તમ તારીફ કરી હતી; બળવંતરામે લેખકની પરવાનગી મેળવી તેનો ગુજરાતીમાં તરજુમો કર્યો અને તે સોસાઈટીને છપાવવા માટે મોકલ્યો. ગુજરાતીમાં એ જાતનું પુસ્તક પ્રથમ હતું અને તેમાં મૂળ પુસ્તકમાંનાં ચિત્રો પણ આપ્યાં હતાં. એ વિષયની અગત્ય અને મહત્તા વિષે મૂળ લેખકે નીચે પ્રમાણે વિચારો દર્શાવ્યા છેઃ

"જેમ બીજાં શાસ્ત્ર વ્યવહારમાં ઉપયોગી છે તેમ વનસ્પતિશાસ્ત્ર પણ બહુ ઉપયોગી છે. ખેડુત, બાગવાન, વૈદ્ય અને રસાયનશાસ્ત્રીને વનસ્પતિશાસ્ત્ર અવશ્યે કરીને ઉપયોગી છે. વિશેષે કરી હિંદુસ્તાન જેવા દેશમાં પર્વતો પર અને જંગલોમાં વનસ્પતિ પુષ્કળ છે ત્યાં આ શાસ્ત્રના જ્ઞાનવડે અગત્યની શોધ થવાનો સંભવ છે. કોળી, ભીલ, અને કાતકરી લોકોમાં વનસ્પતિના ગુણદોષનું અવર્ણનીય અને અમૂલ્ય જ્ઞાન અદ્યાપિ રહ્યું છે તે તેઓમાંજ રહેવા દેવું યોગ્ય નથી. પરંતુ હળવે હળવે પ્રયત્ન કરી તેનું જ્ઞાન બધા લોકોને થાય એવી તજવીજ કરવી જોઇએ."*

'વેણી સંહાર' નાટક એ એમનું ત્રીજું ભાષાન્તરનું પુસ્તક હતું. મૂળ સંસ્કૃત નાટકનો અનુવાદ પરશુરામ પંત ગોડબોલેએ કર્યો હતો; અને એ અનુવાદનો અનુવાદ આ ગુજરાતી ગ્રંથ હતો. એટલે મરાઠી અનુવાદની ખામીઓ આમાં પણ ઉતરી હતી. સોસાઇટીને છપાવવા માટે મળતાં પુસ્તકો તે કાળે કમિટીના સર્વ સભાસદોને તપાસવા મોકલી અપાતાં. સદરહુ ગ્રંથ ભોળાનાથભાઈ પાસે જતાં એમણે તે તપાસીને એ તરજુમા વિષે અભિપ્રાય લખતાં જણાવ્યું હતું કે "ગ્રંથમાં શબ્દલાલિત્ય તથા અર્થ

× જુઓ પ્રાણી વર્ણન—ભા. ૧—પ્રસ્તાવના.

* 'વનસ્પતિશાસ્ત્રનાં મૂળતત્ત્વો—પૃ. ૬.

ગાંભીર્યાદિ જે ગુણ રહેલા છે તે પુરેપુરા બતાવ્યા વિના ગ્રંથનું માધુર્ય તથા રસ જતો રહે છે. તેમાં નાટક જેવા ગ્રંથમાં રસભંગ થાય એ મોટું દૂષણ ગણાય છે."

પરંતુ સરકારી કેળવણી ખાતાના વડા તરફથી પ્રસ્તુત અનુવાદ સર્વ હક્ક સાથે સોસાઈટીને મોકલી અપાયો હતો એટલે કમિટીએ તે પુસ્તક પ્રગટ કરવાનું સ્વીકાર્યું હતું. આસિ. સેક્રેટરીએ તે પુસ્તકની પ્રસ્તાવનામાં ખરૂંજ કહ્યું હતું, કે "આ ભાષાન્તરનું ભાષાન્તર હોવાથી મૂળ સંસ્કૃત પ્રમાણેજ શબ્દે શબ્દનો અર્થ આમાં નહિ ઉતર્યો હોય, તો પણ બહુધા સંસ્કૃતને મળતો ભાવાર્થ તો આવી જશે."

એમનું 'નીતિ મંદિર' નામક પુસ્તક પણ મરાઠી પરથી લખાયું હતું. તેમાં એ પુસ્તકના નામ પ્રમાણે નીતિબોધક સૂત્રો, શ્લોકો અને વાર્તાઓ, મનુસ્મૃતિ, વિદુરનીતિ અને હિતોપદેશમાંથી તારવીને રજુ કરવામાં આવ્યાં હતાં.

સ્વર્ગસ્થ કમળાશંકરે તે વાંચીને લેખકને સંસ્કૃતનું જ્ઞાન નથી એવી ટીકા કરી, તેના ઉદાહરણ તરીકે એક ભૂલ બતાવી હતી. મૂળ સંસ્કૃત લખાણમાં ઉષર શબ્દ છે, તેનો અર્થ ખારવાળી જમીન થાય; પણ મરાઠી લેખકે તેનો અર્થ ખડક કર્યો તેજ ગુજરાતી ભાષાંતરકારે કાયમ રાખ્યો હતો.

ચુનીલાલ બાપુજી મોદી, 'ફ્રેન્ચ રેવોલ્યુશન'ના લેખક સુરતના વતની અને ઓતાળા જ્ઞાતિનું પ્રસિદ્ધ સ્થાન સરસ ગામની સ્કૂલના મહેતાજી હતા. વિનાયક કોંડદેવ ઓક રચિત ફ્રેન્ચ રેવોલ્યુશનનું મરાઠી પુસ્તક એમના વાંચવામાં આવતાં, ચુનીલાલે તેનો તરજુમો કર્યો અને સોસાઈટીને તે પ્રસિદ્ધ થવા માટે મોકલી આપ્યો. એ વિષય પર ઇંગ્રેજીમાં વાચકને સેંકડો પુસ્તકો મળી આવશે અને હજુ પણ નવાં નવાં પુસ્તકો રચાયે જાય છે; પણ ગુજરાતીમાં આ એકલું પુસ્તક છે અને તે પણ મરાઠીનો અનુવાદ છે. ફ્રેન્ચ રેવોલ્યુશને સમગ્ર યુરોપનો ઇતિહાસ બદલી કાઢ્યો છે; બલ્કે આપણે એમ કહી શકીએ કે જગતના ઇતિહાસમાં ફ્રેન્ચ રેવોલ્યુશને જબરૂં પરિવર્તન કર્યું છે. આપણા દેશમાં ક્રાંતિ થઈ રહી છે તે સમયમાં રુશિયામાં થયેલા ફેરફારોની હકીકત સાથે પૂર્વે ફ્રાન્સમાં જે બનાવો બન્યા હતા તેનો વૃત્તાંત રોમાંચક તેમ રસપ્રદ થશે. મોદીએ એ પુસ્તકની પ્રસ્તાવનામાં આવાં પુસ્તકની અગત્ય દર્શાવતાં લખ્યું છે, કે "કોઇ પણ દેશનો અને કોઇ પણ વખતનો ઇતિહાસ વિચારી (?) મનને આનંદદાયક અને બોધકારક થઈ પડે છે. તેમાં આ

ફ્રાન્સ દેશની ઉથલપાથલનો ઇતિહાસ એટલો તો વિલક્ષણ વાતોથી ભરેલો છે કે, તેથી સાધારણ માણસોનેજ નહિ પણ મોટા મોટા દેશનેએ એમાંથી ઉત્તમ પ્રકારની શીખામણ મળે છે."×

આપણા પ્રાંતમાં એ સમયે પુસ્તક પ્રકાશન સંસ્થાઓ નહિ જેવી હતી, તેથી પ્રસ્તુત પુસ્તકના પ્રકાશન માટે સોસાઇટીનો ઉપકાર માનતાં લેખક જણાવે છે, "જો આ ગ્રંથ સોસાઈટી ન છપાવત, તો તેને ઉધાઇનો ભક્ષ થવા સિવાય બીજો રસ્તો નહોતો. માટે સ્વદેશ હિતેચ્છુઓને મારી નમ્રતાપૂર્વક વિનંતિ છે કે, દેશકલ્યાણી સોસાઇટીને ભરપૂર શક્તિ-વાળી કરવાને તેમણે પોતાનાં તન, મન અને ધનથી બનતી મદદ કરવી. કેમકે એની સારી હાલત ઉપર આપણા દેશની હાલત સુધરવાનો આધાર છે."*

'મહાન્ આલ્ફ્રેડ' એ પુસ્તક પણ એમની કૃતિ હતી. ઇંગ્લાંડના ઇતિહાસમાં આલ્ફ્રેડ ધી ગ્રેટ ઉંચો દરજ્જો ધરાવે છે અને એમનું ચરિત્ર સ્ફૂર્તિદાયક ( inspiring ) અને પ્રબોધક માલુમ પડશે. લેખકે તે રચીને આપણને એક સારૂં ચરિત્ર પુસ્તક આપ્યું છે અને આપણા અલ્પ ચરિત્ર ગ્રંથોમાં એક ઉપયોગી પુસ્તકનો ઉમેરો કર્યો છે એમ કહેવું જોઈએ.

ડૉ. ત્રિભુવનદાસ મોતીચંદ શાહનો જન્મ સન ૧૮૪૯ માં થયો હતો. તેઓ જુનાગઢના વતની અને જ્ઞાતે શ્રીમાળી વાણીઆ હતા. મિત્રો અને શુભેચ્છકોની મદદથી એમણે કૉલેજમાં અભ્યાસ કરેલો. સન ૧૮૭૧ માં એલ. એમ. ની પરીક્ષામાં પાસ થયલા. સન ૧૮૭૬ માં તેઓ વઢવાણમાં ડૉકટર નિમાયલા અને ત્યાંથી એમની બદલી અમદાવાદની મેડીકલ સ્કૂલમાં શિક્ષક તરીકે થઈ હતી. એ સમયથી તેઓ સોસાઈટીના કામકાજમાં રસ લેવા લાગ્યા, એટલુંજ નહિ પણ સોસાઈટીને વૈદક અને આરોગ્ય વિષે પુસ્તકો લખી આપવાનું કાર્ય એમણે સ્વીકાર્યું હતું. ડૉકટર સેવેજ કૃત 'Advice to a Mother' એ પુસ્તક પરથી આપણા સંસારની પરિસ્થિતિ અને લોકજીવન નજર સમીપ રાખીને ઘટતા ફેરફાર અને સુધારા સહિત "માને શિખામણ" એ પુસ્તક એમણે તૈયાર કર્યું અને તે એટલું બધું લોકપ્રિય નિવડયું કે પ્રથમ વર્ષમાં તેની ૩૦૦૦ પ્રતો ખપી ગઇ હતી.

× ફ્રાન્સ દેશ માંહેલી રાજ્યની ઉથલ પાથલનો ઇતિહાસ-પ્રસ્તાવના, પૃ. ૩.

* એજન, પ્રસ્તાવના પૃ. ૫.

'આરોગ્યતા અને સ્વચ્છતા' એ વિષયપરનું એમનું બીજું પુસ્તક એટલુંજ ઉપયોગી અને લોકપ્રિય નિવડયું છે અને આજ દિન સુધી કન્યાશાળાઓમાં તે એક પાઠ્ય પુસ્તક તરીકે વંચાય છે, તે એની શ્રેષ્ઠતા સિદ્ધ કરે છે.

ગુજરાતીમાં વૈદક અને આરોગ્યનું સાહિત્ય, નવાં ઇંગ્રેજી ધોરણે ઉભું કરવામાં ડૉ ત્રિભુવનદાસે શરૂઆત કરેલી અને તે માર્ગ ઉપકારક જણાયો છે. અનેક દેશી વૈદ્યો એમનું "શારીર અને વૈદ્યક શાસ્ત્ર" નું પુસ્તક હોંશથી વાંચે છે અને છૂટથી તેનો ઉપયોગ કરે છે, એ કર્તા માટે ઓછું માનાસ્પદ નથી.

ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઈ પણ ડૉ. ત્રિભુવનદાસની પેઠે અમદાવાદની મેડીકલ સ્કૂલમાં શિક્ષક હતા; એટલુંજ નહિ પણ સોસાઈટીના કામકાજમાં તેઓ રસપૂર્વક અને આગળ પડતો ભાગ લેતા. સોસાઇટીના કામોમાં નવા નવા સુધારા દાખલ કરાવવા, તેનું કાર્યક્ષેત્ર વિસ્તારવા, તેની પ્રવૃત્તિને વેગ આપવા, તેમ એ લોકોપયોગી સંસ્થા થઈ પડે એવી રીતે તેઓ કામટીને વખતોવખત સૂચનાઓ લખી મોકલતા. મેનેજીંગ કમિટીના સભ્ય તરીકે તેઓ કેટલીક જવાબદારી અદા કરતા; એટલુંજ નહિ પણ તેની સાથે કેફી પદાર્થો વિષે, મદ્યપાન વિષે, આરોગ્ય વિષે જાહેર વ્યાખ્યાનો આપીને, તેમ જન ઉપયોગી પુસ્તકો લખી આપીને તેઓ સોસાઇટીને બહુ મદદગાર થતા.

લોક સેવાનાં કાર્યો તેઓ વધુ પ્રમાણમાં અને મોટા વિસ્તારમાં કરવાને શક્તિમાન થાય તે આગમચ એમના રત્નરૂપી નેત્રો તેઓ ગુમાવી બેઠા હતા. એમના પર તે જબરી આપદ્ હતી. એ બુદ્ધિશાળી અને વિચક્ષણ પુરુષ પુરા આશાવાદી હતા. એથી ઘોર નિરાશામાં ડુબી નહિ જતાં પ્રભુમાં શ્રદ્ધા રાખી ધૈર્ય અને પુરુષાર્થ વડે એ આફતમાંથી એમણે અંધશિક્ષણનો માર્ગ શોધી કાઢયો; પણ એટલેથી સંતોષ માની નહિ બેસતાં તે અંધ શિક્ષણનો લાભ અન્યને આપવા એક અંધશાળા પોતે ખોલી હતી. મુંબાઈમાં વિકટોરિયા સ્કૂલ ફોર ધી બ્લાઇન્ડ સ્થાપવામાં એમનો મુખ્ય હાથ હતો; અને મરતાં સુધી તેઓ એ અંધશાળાના પ્રિન્સિપાલ રહ્યા હતા. આવા ઉદ્યોગશીલ, ચારિત્ર્યવાન અને પુણ્યશાળી પુરુષનું જીવન વૃત્તાંત વિગતવાર લખાય તો જરૂર રસભર્યું તેમ બોધદાયક નિવડે.

તેઓ જ્ઞાતે બ્રહ્મક્ષત્રિય અને અમદાવાદના વતની હતા. એમના બંધુ

શ્રીયુત હરિપ્રસાદે એમનું અંધશાળાનું કાર્ય ઉપાડી લઇને ખરેખર બહુ સ્તુત્ય કાર્ય, જો કે તેઓ લગભગ ૬૦ વર્ષની ઉમરે પહોંચ્યા છે, છતાં એક યુવકને શરમાવે એટલી ઝડપ અને ખંતથી કરે છે; અને એમના પુત્ર શ્રીયુત મણિભદ્ર જેઓ મુંબાઇમાં વકીલાત કરે છે, તેઓ પણ ઇલાકામાં આંધળાની સહાયતા અર્થે એક મંડળ સ્થાપાયલું છે તેના એક મંત્રી તરીકે સુંદર કાર્ય કરે છે. એઓ બંનેને સ્વર્ગસ્થના જીવનમાંથી સ્ફૂર્તિ પ્રેરણા અને અજબ પ્રોત્સાહન મળ્યાં હતાં.

'આરોગ્યતાનાં મૂળતત્ત્વો' બર્નસ્ના ઇંગ્રેજી પુસ્તક પરથી રા. નીલકંઠરાયે રચ્યું હતું. અત્યારે તે આકર્ષક નહિ થાય પણ તે જમાનામાં એ એક ઉપયોગી કૃતિ નિવડી હતી.

રા. સા. મયારામ શંભુનાથ મોતાળા બ્રાહ્મણ જ્ઞાતિના હતા. ઘણુંખરૂં એમનું જીવન ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર તરીકે પસાર થયું હતું. હોપ વાચનમાળા કમિટીના તેઓ એક સભ્ય હતા. જ્યાં નોકરી કરતા ત્યાં સૌની સારી પ્રીતિ મેળવતા. તેથી નોકરીમાંથી છૂટા થતી વખતે એમના એક સ્નેહી શિક્ષકે "મયારામ વિજોગ" નામનું પુસ્તક રચ્યું હતું, તે એમની લોકપ્રિયતાની નિશાની છે.*

અમદાવાદમાં આવી રહેતાં, એમણે પ્રથમ વિદ્યાભ્યાસક મંડળી સમક્ષ સન ૧૮૫૮ માં "માણસ અને પશુ આદિ પ્રાણીમાં તફાવત' એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું; તેમ એ ઇનામી નિબંધો સોસાઇટીને લખી મોકલ્યા હતા. 'કયી કયી નાતો કન્યાની અછતથી નાની થતી જાય છે, તેનાં કારણો તથા સુધારો કરવાના ઉપાયો' એ નિબંધમાં એમણે જ્ઞાતિની ક્ષીણતા વિષે નીચેના મુદ્દાઓ ચર્ચ્યા છે. બ્રાહ્મણની ન્યાતો; કુળાકુળનો ભેદ તથા તેનાં ફળ; બાળ વિવાહ તથા તેનાં ફળ; પુનર્લગ્ન નિષેધ તથા તેનાં પરિણામ; વૃદ્ધ વિવાહ તથા તેનાં પરિણામ; અસલથી વિવાહ; બાલસંગ તથા તેનાં પરિણામ; અનેક સ્ત્રી; રોગીષ્ટ સ્ત્રી પુરુષ; દુરાચારીપણું; અમિત વ્યયતા; અશૌચતા તથા અવિચાર ઇત્યાદિ; દુર્લોભતા, ગમનાગમન, નિર્દયતા અને મત્સર, અને તે અટકાવવાના ઉપાય તરીકે કુળાકુળનો ભેદ ન રાખવો, બાળવિવાહનો નિષેધ, પુનર્લગ્નનો પ્રચાર અને વૃદ્ધવિવાહ નિષેધ તથા અસમયી વિવાહ પ્રતિબંધ દર્શાવ્યા છે; અને તે કારણો, વાચકની પ્રતીતિ થશે કે, વાજબી અને વાસ્તવિક હતાં.

---

* એમાનો ચરિત્ર ભાગ 'ગ્રંથ અને ગ્રંથકાર' પૃ. ૮ માં આપવામા આવ્યો છે.

અંતમાં તેમણે પેટા જ્ઞાતિઓને કાઢી નાંખીને આગળની પેઠે ચાર વર્ણજ રાખવાની દલીલ કરેલી છે. તેઓ કહે છેઃ—

"દક્ષિણમાં બ્રાહ્મણની એક જ ન્યાત છે. ચાર પાંચ ભેદ છે ખરા પણ તેઓમાં ખાવાનો વહેવાર છે એટલુંજ નહિ પણ કન્યાનો વહેવાર પણ છે. એ મધળાનું કારણ પ્રથમથીજ એક ન્યાત હતી. મુસલમાનોનું રાજ્ય થયા છતાં પણ મહારાજા શિવાજીએ ઉત્પન્ન કરેલા સ્વધર્માભિમાને તેમાં ભેદ પડવા દીધો નહિ, અને ગૂજરાતીઓમાં એવા બહાદુર આગેવાનની અછતને લીધે અનેક ભેદ પડયા અને હજુ પણ ટંટા બખેડા થઇ વધતા ભેદ પડતા જાય છે. માટે ભાઇઓ, તમારાજ પાડોશી અને તમારાજ પંચ-દ્રાવીડમાંના ભાઇ, દક્ષણીનો દાખલો પકડી બ્રાહ્મણની એક ન્યાત બાંધો, અને તેમાં કન્યા વહેવાર રાખો. તમારામાંના સર્વે આગગાડીએ બેસે છે, મુંબાઇ વગેરે સ્થળોમાં નળનું પાણી પીએ છે, ઇંગ્રેજી ઓસડ પાણી કરે છે, અને ઘણાક સુધારાને બહાને ગમે તેમ વર્તે છે, તેનો તમે દોષ ગણતા નથી, અને એક ન્યાત કરવાનો દોષ ગણો છો એ કેવો ન્યાય? માટે બ્રાહ્મણની એક ન્યાત, વાણીઆની એક ન્યાત, એમ દરેક જાતની એકેકી ન્યાત કરી કન્યા વહેવાર બાંધો. પ્રથમ એમ એકજ ન્યાત હતી, તેને શાસ્ત્રનો આધાર છે, અને ઘણી ન્યાતો પડી તેને કાંઈ શાસ્ત્રાધાર નથી." +

આવી જાતની વ્યવહારૂ અને ઉપયોગી સૂચનાઓથી ભરેલો એમનો 'સેવિંગ્સ બેન્ક' વિષેનો નિબંધ છે. ખેડુત, કારીગર અને મજુર પૈસાનો સંગ્રહ નહિ કરતો હોવાથી તે શાહુકારનો દેવાદાર થઇને કેવો ભોગ થઈ પડે છે અને તેના પર કેવી વિપત્તિઓ પડે છે, એ દલીલથી સમજાવવાની જરૂર નથી. સૌને એ વસ્તુસ્થિતિ સુપરિચિત છે. તે અરસામાં સરકારે પોષ્ટ ઑફીસ સેવિંગ્સ બેન્કો નવી ખોલી હતી. તે પૈસાનો સંગ્રહ કરવામાં કેવી રીતે સહાયભૂત થઈ પડે તે નિબંધના છેલ્લા ખંડમાં વિગતવાર સમજાવવામાં આવ્યું છે. એક રીતે સરકાર તરફથી પ્રજાને સેવિંગ્સ બેન્કનો લાભ લેતા કરવા એમણે તે દિશામાં એક પ્રકારનું પ્રચાર કાર્ય કર્યું હતું. નાણાં ધીરધાર કરનારી બેન્કો સ્થપાવાથી પ્રજા અને સરકાર ઉભયને લાભ થશે એવો અભિપ્રાય એમણે સહકારી હિલચાલનો જન્મ થયો નહોતો તે પહેલાં ઉચ્ચારેલો અને હાલની કો-ઓપરેટીવ-સહકારી બેન્કો એ વિચારમાંથી

---

+ 'કયી કયી ન્યાતો કન્યાની અછતથી નાના થતી જાય છે, તેનાં કારણો તથા સુધારો કરવાના ઉપાય વિષે નિબંધ.' (પૃ. ૧૧૪.)

ઉદ્દભવેલી અને એ વિચાર ઉપસ્થિત કરવાનું માન હિન્દના હિતચિંતક સર વિલિયમ વેડરબર્નને ઘટે છે.

કવિ ગણપતરામ રાજારામ જાતે રાયકવાળ બ્રાહ્મણ અને અમદાવાદથી ૭ ગાઉ આઘે આવેલા ઝાણું ગામના વતની હતા. એમનો જન્મ સન ૧૮૪૮ માં થયો હતો. ગુજરાતી મ્હેતાજી વર્ગમાંથી એક શિક્ષક તરીકે સારી કીર્તિ પ્રાપ્ત કરવાની સાથે એક સાહિત્યકાર તરીકે જેમની નામના થયલી છે, એમાં કવિ ગણપતરામનો સમાવેશ થાય છે. એમના નિકટ પરિચયમાં આવવાનું અમને સદ્દભાગ્ય સાંપડયું હતું. એમની મર્માળી બોલી, ટેકીલો પણ નિખાલસ સ્વભાવ, સતત વિદ્યા વ્યાસંગ, અને સાદી રહેણી-વાળું પણ નીતિવાળું સંસ્કારી જીવન અને આદર્શરૂપ ચારિત્ર્ય એમના સમાગમમાં આવનાર સૌ કોઈ પર સજ્જડ છાપ પાડતું. નિયમિત કાર્ય-પદ્ધતિ અને ઉદ્યમભરી પ્રવૃત્તિથી તેઓ ન્હાનેથી મ્હોટે પદે પહોંચ્યા હતા; અને પાંચ પૈસા ભેગા કરી, નાતજાતમાં અને સમાજમાં સારી પદવી અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં હતાં. એમને વિદ્યા અને આબરૂ બહુ વહાલાં હતાં; અને એમના ટેકીલા અને સ્વમાન ભર્યા સ્વભાવને "પ્રતાપ" નુ ચરિત્ર ખૂબ ગમતું અને એમનું એ નામવાળું નાટક આટલું સફળ અને યશસ્વી નિવડયું છે તેની કુંચી એમના એવા ટેકીલા જીવનમાંથી પ્રાપ્ત થશે. સ્વદેશાભિમાનની લાગણી પૂરી જામેલી નહિ ત્યારે એ ભાવનાને પોષવામાં 'પ્રતાપ' નાટકે જલસિંચન કરેલું. ગુજરાતી નાટક સાહિત્યમાં 'પ્રતાપ' નાટકનું સ્થાન એક સ્વતંત્ર કૃતિ તરીકે ઉંચું અને ગૌરવવાળું છે.

આપણા પ્રાચીન સાહિત્યથી એમના વિચાર અને સંસ્કાર પોષાયલા અને વિકાસ પામેલા. સુંદર પદ્યની પેઠે તેઓ સરસ ગદ્ય પણ લખતા, તેનો નમુનો એમનો "મનો વિકાર" એ નામનો નિબંધ પૂરો પાડે છે. બાકી તો એમની લગભગ સઘળી કૃતિઓ પદ્યમાં લખાઈ હતી અને તે આપણી જુની કવિતાની પદ્ધતિએ. 'બાલલગ્નથી થતી હાનિ' એ વિષયને એમણે કવિતામાં ચર્ચ્યો હતો. એમનું તે પુસ્તક વખણાયું હતું. નવા સુધારા પરત્વે બોલતાં તેઓ બોધ આપે છે,

"જે જે સુધારા કે કુધારા, પ્રજાના વ્યવહારમાં;
પ્રસર્યા છ તેહ પ્રજાથિ બનિયા છે સકળ સંસારમાં;
શાસ્ત્રોથિ રૂઢિ છે ચઢી, દેખાય આ દુનિયા મહીં;
માટે સુધારો સઘ, પોતાનો કરો પોતે સહી."*

---

* બાળલગ્નથી થતી હાનિ, પૃ. ૧૩૨.



ગણપતરામ રાજારામ ભટ્ટ



બાલાશંકર ઉલ્લાસરામ કંથારીઆ

પાર્વતીકુંવર ચરિત્ર લખવાને તીવ્ર હરિફાઈ થઇ હતી. જે લેખો મળેલા તેમાં કવિ ગણુપતરામનું આખ્યાન ઉત્તમ જણાયલું; અને સોસાયટી તરફથી એ ચરિત્ર સાંભળવાને જાહેર સભા બોલાવવામાં આવી હતી. કવિ દલપતરામ એ સભાના પ્રમુખસ્થાને બિરાજ્યા હતાઃ એમણે એ કાવ્ય પૂરું સાંભળ્યા બાદ, તેની પ્રશંસા કરતાં, પ્રમુખસ્થાનેથી નીચે પ્રમાણે ઉદ્‌ગારો કાઢ્યા હતાઃ—

"આ પ્રસંગે રા. ગણુપતરામને ઇનામ આપતાં મને ઘણો આનંદ થાય છે; કારણુ કે અત્યાર સુધી મારા મનમાં ચિંતા હતી કે હું તો હવે વૃદ્ધ થયો છું; એટલે મારી જગ્યા કોણ સાચવશે ? પરંતુ આજ આ કાવ્ય સાંભળીને મારા મનમાંથી એ ચિંતા દૂર થઈ છે. રા. ગણુપતરામની કવિતા ઘણી સારી છે; અને હું ધારૂં છું કે જેમ સોસાઇટીએ મને સોનાને અક્ષરે **કવીશ્વર** પદ કોતરાવી આપ્યું છે, તેમ એમને પણ આપે તો ખોટું નથી. એવા ગૃહસ્થોને તો સોસાયટી સરખાએ રૂ. ૧૦૦) ને દરમાયે કવિતા કરવાને રાખવા જોઇએ."×

એમના જીવનનું મહત્ કાર્ય તે મહાભારતનો ગુજરાતીમાં અનુવાદ હતો. ઘણા કવિઓ મહાભારતનું સંપૂર્ણ ભાષાન્તર કરતા નહિ; એવા વહેમથી કે તે પૂરૂં કરનાર અકાળે મૃત્યુ પામે છે. પણ આ કવિએ ખોટી માન્યતાથી વહેમાઈ ન જતાં આખું ભારત ગુજરાતીમાં ઉતારીને ગુજરાતી સાહિત્યને એક રીતે સમૃદ્ધ કર્યું છે અને આપણુને સંતોષ પામવા જેવું એ છે કે સ્વર્ગસ્થ સર ચીનુભાઇએ એમનાં એ સરસ કાર્યની કદર કરી, એ પુસ્તકના પ્રકાશનમાં નાણાંની મદદ આપી હતી એટલુંજ નહિ પણ કવિનું અન્ય રીતે પણ સન્માન કર્યું હતું. આપણી પ્રાચીન પદ્ધતિએ કવિતા અને આખ્યાન લખનાર કવિઓ અત્યારે મળવા દુર્લભ છે અને આપણે એમ કહી શકીએ કે કવિ ગણુપતરામ જુની કવિતા શાખાના છેલ્લા પ્રતિનિધિ હતા.*

નાગેશ્વર જેષ્ઠારામ શાસ્ત્રી પણ અમદાવાદના વતની અને રાયકવાળ જ્ઞાતિના હતા. કેટલોક સમય એઓ સોસાઇટીમાં નોકર રહ્યા હતા અને મદ્યપાન નિષેધક મંડળ તરફથી ઉપદેશકનું કાર્ય પણ એમણે કર્યું હતું.

× બુદ્ધિપ્રકાશ, સન ૧૮૯૦, પૃ. ૨૯૪

* એમનું લખેલું આત્મવૃત્તાંત અમને એમના સુપુત્ર શ્રીયુત ગોવિંદરામ પાસેથી મળ્યું છે; અને તે ગ્રંથ અને ગ્રંથકાર-પુ. ૪' માં આપવામાં આવ્યું છે.

રાયકવાળ જ્ઞાતિ તેના વિદ્યા પ્રેમ અને શાસ્ત્રપરાયણતા માટે જાણીતી છે. નાગેશ્વરમાં, એ ગુણો સારી રીતે ઉતર્યા હતા, એવી પ્રતીતિ એમના લેખો અને ભાષણો વાંચતાં થશે. જુની શાસ્ત્ર પ્રણાલિકાને અંધ શ્રદ્ધાથી વળગી ન રહેતાં. તેઓ નવા વિચાર અને સુધારાને બુદ્ધિપૂર્વક ગ્રહણ કરી તે પ્રમાણે વર્તતા; અને જનતાને પણ તેનો બોધ કરતા. બાળલગ્નનો ચાલ બંધ પાડવા વિનંતિ–અપીલ કરતાં, પોતાના દેશબંધુઓને તેઓ સુણાવે છેઃ–

"ભારતવાસી ભામિનીનો ભવ બાળવા,
નાની વયમાં નવનો કરવા કાળજો;
દેશ ડુબાવવા કારણ કળિયુગ લાવિયો,
બૂરો જે આ બાળલગ્નનો ચાલજો. ભારતવા૦ ૧

લાડ કરંતી લાડકડી જે ઉછરે,
મીઠે બોલે માતા રાજી થાય જો;
નિર્બંધન નાનકડી નથી જાણતી,
દુધને દાંતે દીકરીઓ રંડાયજો. ભારતવા૦ ૨

× × ×

સરખી વયના સખીઓને જતી સાસરે,
વિધ વિધના ધરી શોભીતા શણગારજો;
નજરે નિરખી નાનકડી વિધવા પછી,
આંખે પાડે અઢળક આંસુ ધારજો." ભારતવા. ૧*

સ્ત્રીઓ સહેલાઈથી વાંચી શકે એવાં સરલ પુસ્તકોની તે જમાનામાં ખાસ માગણી થતી; તે ખોટ પૂરી પાડવાને એમણે એ નામાંકિત સતીઓ સીતા અને દમયંતીનું આખ્યાન ગદ્યમાં લખ્યાં હતાં. એ પુસ્તક ઈનામ અને લાઇબ્રેરી પુસ્તક તરીકે પુષ્કળ જાય છે અને તેની અનેક આવૃત્તિઓ થવા પામી છે.

મણિશંકર પ્રભુરામ—સત્સંગ નિબંધના લેખક વિષે અમે કાંઇ માહિતી મેળવી શક્યા નથી. કચ્છ દરબાર તરફથી સત્સંગ, દેશાભિમાન, શૌર્ય, ધૈર્ય, સત્ય, મનોવિકાર આશા તથા નિરાશા, કરકસર અને ઉદારતા અને બાળલગ્ન વગેરે વિષયોપર નિબંધો મંગાવવામાં આવેલા, તેમાં "સત્સંગ" વિષેનો નિબંધ મણિશંકરનો પસંદ થયો હતો. એ નિબંધમાં લેખકે ભર્તૃહરિ કૃત નીતિશતકનો છૂટથી ઉપયોગ કર્યો છે અને અંતમાં તે વાચકને શિખામણ આપે છેઃ–

* બાળલગ્નના સંબંધમાં આપણું કર્ત્તવ્ય, પૃ. ૧૯.

### દોહરો.

"સજ્જન નિદ્રાવશ નહીં, થાવું પ્રતી નિશ લેશ;
સ્મૃતિમાં ધર્યા વિના, શું મેં દિવસે કિધું હંમેશ. ૧

લક્ષ વિષે લેવાં કર્યાં, કૃત્ય હીન મોઝાર;
કયાં કયાં સ્થાનક વિષે, વિચર્યો હું કરી પ્યાર. ૨

શું જોયુ શું સાંભળ્યું, જઈ કરી તે ઠાર;
શું તેમાંથી હું શિખ્યો, વસ્તુ સાર અસાર. ૩

શું મેં અધિક ગ્રહણ કર્યું, ત્યાંથિ સુખદ સદ્જ્ઞાન;
શું મેં કર્મ ઉચિત કર્યું, દીધું દીનને દાન. ૪

શું મેં વસ્તુ શોધી જે, નહીં શોધવા જોગ;
શું બાકી રાખી ફરજ, અદા કરવી વિણ ધોક. ૫

શું હું ભટકી ભૂલમાં, કરી અલગ શુભ પંથ;
પડયો નવી મૂર્ખાઈમાં દુર્જનિયાને સંગ. ૬

એ રીતે જો મન શું, કરીશ નિત્ય વિચાર;
સદ્ગુણ, ઈશ્વર તણી મણી, ઓળખ થાશે ચાર."* ૭

"પરદેશી માલ આપણા દેશમાં તૈયાર કરવા શા શા ઉપાય યોજવા જોઇએ" એ નિબંધ સારોદની સરકારી ગુજરાતી નિશાળના મહેતાજી ભવાનીશંકર રામેશ્વર જોશીએ લખ્યો હતો. સન ૧૮૭૦ થી ૧૮૮૦ ના દશકામાં આપણે અહિં સ્વદેશી વસ્તુઓ અને કારીગીરીના પ્રચાર અને ઉત્તેજનાર્થે સારી ચળવળ થઇ રહી હતી. સ્વર્ગસ્થ કાંટાવાળાએ રાજકોટમાં હિન્દી હુન્નરોદ્યોગનું એક પ્રદર્શન ભર્યું હતું; કળા કૌશલ્ય નામનું એક ચોપાનિયું કાઢવાને એમણે જાહેરાત આપી હતી; તેમ સોસાઈટીએ સ્વદેશી કારીગરી વિષે પુસ્તક લખી આપવાનું તેમને સોંપ્યું હતું. કચ્છ દરબાર તરફથી હિંદી ઉદ્યોગ અને ધંધાની વર્તમાન સ્થિતિ વિષે નિબંધ મંગાવાયો હતો; અને કાગળનાં પરબીડીઆં, લાંબા તારનો કપાસ ઉગાડવા, દંડુ દિવેલ તૈયાર કરવા, સાબુ બનાવવા વગેરે ન્હાના હુન્નરો અસ્તિત્વમાં આણવા કોશિષ ચાલુ હતી. વળી ગોપાળરાવ હરિ દેશમુખનું સ્મારક ઉભું કરવામાં આવ્યું હતું તેનો હેતુ દેશી કારીગરીને ઉત્તેજન આપવા માટેનો રાખ્યો હતો. પ્રસ્તુત પુસ્તક એજ ફંડમાંથી લખાવવામાં આવ્યું હતું. લેખકે આખોય વિષય સળંગ વિચારી તેમ તત્કાલીન પરિસ્થિતિનું નિરુપણ

* સત્સંગ વિષે નિબંધ-પૃ. ૪૭.

ફરી, એ સંજોગોમાં સ્વદેશીના ઉદ્ધારાર્થે શું શું થઇ શકે અને પ્રજા અને સરકાર ઉભય અને શ્રીમંતો કેવી રીતે સાહાય્યકર્તા થઇ શકે અને તે માટે પ્રજાએ કેવા ગુણો ખીલવવા જોઇએ એ સઘળું સબળ રીતે દર્શાવ્યું છે. એ વિષયમાં રસ લેનારે અને સ્વદેશી કારીગીરીના અભ્યાસીએ એ સમયની વસ્તુસ્થિતિનો ખ્યાલ આવવા એ પુસ્તક ખસુસ જોવું જોઇએ.

"સુરત માંડવીનું દેશી રાજ્ય" એ એક ઐતિહાસિક પુસ્તક છે. તે એજ ગામના તલાટી રેહેમાનખાં કાલેખાં પઠાણ અને મહેતાજી વજેરામ પ્રાણશંકર ઉપાધ્યાય એ બંનેએ મળીને રચ્યું હતું. ઇંગ્રેજ અમલ ગુજરાતમાં સ્થાપિત થયા પહેલાં માંડવીમાં દેશી રાજ્ય હતું; અને માંડવીમાં હુલ્લડ થયલું તે સુરતના પારસી બિરાદરોએ જઇને સમાવેલું, જેમાં એક ભાઇનો પ્રાણ ગયો હતો.† માંડવીને લગતી જાણવા જેવી અને મહત્વની સઘળી હકીકત એમાં સંગ્રહવામાં આવી છે; અને વળી વધારે ખુશી થવા જેવું એ છે કે, એ ભાગમાં લેખો, શિલાલેખો, સિક્કા વગેરે જે મળી આવ્યા તે સઘળા એમાં આપ્યા છે. વધુમાં લોકોના રીતરિવાજ અને તેમનો વૃત્તાંત વગેરે આપવાનું પણ લેખકો વિસર્યા નથી. ઇતિહાસના અભ્યાસીઓને એ પુસ્તક જરૂર રુચશે. અને જે વખતે એ લખાયું તે ધ્યાનમાં લેતાં, લેખકોનું કાર્ય ખરેખર સ્તુતિપાત્ર છે, એમ વિના સંકોચે કહેવું પડશે.

દુકાળ વિષે નિબંધો લખાઈ આવેલા તેમાં એદલજી જમશેદજી ખોરીનો નિબંધ પસાર થયલો. પરિણામ જાહેર થયું ત્યારે તેના લેખક ઇંગ્લાંડ બારિસ્ટરનો અભ્યાસ કરવા સારૂ ગયા હતા. સદરહુ નિબંધમાં ગુજરાતમાં પડેલા દુકાળોની હકીકત ઉપરાંત હિન્દના અન્ય પ્રાંતોમાં પડેલા દુકાળોની હકીકત પણ આપી છે અને છેલ્લાં પ્રકરણમાં દુકાળ નિવારણ માટે કેવા ઈલાજ ગ્રહણ કરવા જોઇએ તે દર્શાવ્યું છે. એ હરિફાઇ નિબંધો લખાઇ આવેલા તેમાં બીજે નંબરે કવિ જેસંગ ત્રીકમદાસનો નિબંધ આવ્યો હતો. તે નિબંધ લેખકે પ્રસિદ્ધ કરેલો અને ઉત્તેજન દાખલ સોસાઇટીએ તેની પ્રતો ખરીદ કરી હતી. કવિ જેસંગના નિબંધમાં ગુજરાતનો વૃત્તાંત મુખ્યત્વે આપેલો છે; પણ તે પહેલા પુસ્તકની પૂર્તિરૂપ છે. એ બંને નિબંધો એક સાથે વાંચવાથી ગુજરાતમાં દુકાળ વિષે સારી માહિતી મળી રહેશે.

ગુલાબીદાસ ગંગાદાસ દેસાઇ જાતે બ્રહ્મક્ષત્રિય, મૂળ વતની ભરૂચના પણ લાંબા સમયથી એમનું કુટુંબ અમદાવાદમાં આવી રહ્યું છે. તેઓ કચ્છ

† જુઓ અરદેશર કોટવાળનું ચરિત્ર, વાડીઆ રચિત.

રાજ્યમાં ન્યાય ખાતામાં ન્યાયાધિશના પદે હતા. એ સમયે જુદા જુદા વિષયો પર નિબંધો અને ગ્રંથો રચાવવાને કચ્છ દરબાર તરફથી સોસાઇટીને ઈનામની રકમો મળતી; અને હર્બર્ટ સ્પેન્સરના કેળવણી (education) એ વિષયનો તરજુમો કરાવવાનું નક્કી થતાં તે કામ બુલાખીદાસને સોંપવાનો નિર્ણય થયો હતો. મિલ, ડાર્વિન, હર્બર્ટ સ્પેન્સર, હક્સ્લી, બર્ક અને મોર્લે એ લેખકોના ગ્રંથો એ યુગમાં પુષ્કળ વંચાતા અને ઈંગ્રેજી શિક્ષિત વર્ગને તે પુસ્તકો પર અજબ મોહિની રહેતી. "કેળવણી" પુસ્તક જેમ ઉંચી કોટિનું હતું તેમ તેનો અનુવાદ પણ એટલો સરસ થયો હતો અને તેના પરિણામે અત્યાર સુધીમાં તેની ચાર આવૃત્તિઓ થવા પામી છે. ત્રીજે વર્ષે લેખકનું અવસાન થયું. એમના બંધુ સ્વર્ગસ્થ ડો. મણિલાલ દેસાઈની પેઠે તેઓ પણ સોસાયટીના કામમાં સારો રસ લેતા હતા.

"જસમા ઓડણ" ની ગરબીના લેખક બાપાલાલ ભાઈશંકર ભટ્ટની પિછાન ગુજરાતી જનતાને કરાવવાની જરૂર નથી. એમનું "સુબોધ ગરબાવલી" નું પુસ્તક લાંબી મુદત સુધી કન્યાશાળાઓમાં પાઠ્ય પુસ્તક તરીકે વંચાતું. તેઓ મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ ફોર વિમેનમાં શિક્ષક હતા. અમદાવાદના વતની અને ન્યાતે રાયકવાળ બ્રાહ્મણ હતા. એમણે ખેતીવાડીના સુધારા વિષે નિબંધ હરિફાઇમાં લખી મોકલ્યો હતો અને તે ઇનામપાત્ર જણાયો હતો. આપણો દેશ ખેતીપ્રધાન છે, અને એમાં નિરુપણ કરેલા વિચારો આજે પણ ઉપયોગી અને વિચારણીય થઇ પડશે.

'ઉદ્યોગથી થતા લાભ અને આલસ્યથી થતી હાનિ' એ નામનો નિબંધ શ્રીયુત નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવીએ સત્તર વર્ષની વયે લખેલો અને હરિફાઇમાં લખાઈ આવેલા નિબંધોમાં તે ઉત્તમ અને ઇનામપાત્ર જણાયલો; તેમ તે છપાવવાની પરવાનગી સોસાઇટીએ એ લેખકને આપી હતી.

એઓ જાતે લેઉઆ પાટીદાર અને અમદાવાદના વતની છે. એમના પિતાને એ મોંઘા મૂલ્યના પુત્ર હતા. પાંચમી પત્નીએ એમને તે પ્રાપ્ત થયલા અને તે એક યોગી પુરુષના વરદાનથી. તેઓ કૉલેજ સુધી પહોંચેલા પણ કૌટુંબિક ખટરાગને લઇને તેમને ઇડર રાજ્યમાં નોકરી લેવી પડી હતી. અહિં તેમણે 'ટેલિમેકસના પરાક્રમો' એ નામના ઇંગ્રેજી પુસ્તકનો તરજુમો કર્યો હતો અને તે એક વાંચવા યોગ્ય પુસ્તક છે. નોકરીમાંથી છૂટા થયા પછી એમણે સિરોહી રાજ્યમાં ખાંડનું કારખાનું કાઢ્યું હતું; પણ પુરતી સહાયતા અને આશ્રય નહિ મળવાથી એમને તે કારખાનું નુકશાન ખમી

બંધ કરવું પડયું હતું. તેઓ એક સમર્થ વક્તા છે, તેમ કવિતા રચવામાં કુશળ છે. સોસાઇટીના તેઓ બહુ જુના સભાસદ છે અને શરૂઆતથી તેના કામકાજમાં રસ લેતા આવ્યા છે.

કેશવલાલ મોતીલાલ પરીખ તે કપડવણજ પાસે આવેલા કઠલાલ ગામના રહીશ અને જ્ઞાતિએ ખડાયતા વણિક હતા. તેમનો જન્મ સન ૧૮૫૩ માં થયો હતો. અભ્યાસ એક સ્થળે રહીને કરેલો નહિ, પણ તે માટે જુદે જુદે સ્થળે બહુ ફરેલા. સન ૧૮૭૮ માં અમદાવાદ અને ખેડા જીલ્લામાં વકીલાત કરવાની એમને સનંદ મળી હતી. હોંશિયારી અને સતત ઉદ્યોગથી અમદાવાદના આગેવાન વકીલોમાં એમણે સ્થાન મેળવ્યું હતું અને ઘણીખરી સુધારક અને સાર્વજનિક પ્રવૃત્તિઓમાં તેઓ મોખરે માલુમ પડતા. તેઓ વકીલ હોવા છતાં ધંધા–હુન્નર અને સ્વદેશી વસ્તુઓની પ્રવૃત્તિમાં એટલોજ પ્રેમ ધરાવતા. સોસાઇટીને "હિન્દની ઉદ્યોગ સ્થિતિ" એ નામનું પુસ્તક ઇંગ્રેજીપરથી રચી આપ્યું હતું, તેની નોંધ હવે પછી લેવાશે; પણ એમણે અમદાવાદમાં મેટલ–પતરાનું કારખાનું કાઢીને દેશી કારીગરીનો ધંધો સ્થાપવાનો અખતરો કર્યો હતો. તેઓ એમાં નિષ્ફળ નિવડયા, પરંતુ તેમનું એ કારખાનું અદ્યાપિ બીજાના હાથમાં નફાકારક રીતે કામ કરી રહ્યું છે. "બુદ્ધિ અને રૂઢિની કથા" એ એમનું પુસ્તક 'કદમાં નાનું પણ ગુણમાં મોટું' સાહિત્યરસિકો અને સંસારસુધારકોને આનંદ આપશે. સન ૧૮૮૨ માં હિન્દુસ્તાનને માર્કિવસ ઑફ રિપને સ્થાનિક સ્વરાજ્યનો હક્ક બક્ષ્યો, એ વિષય જનતાને સમજાવવા સોસાઇટી તરફથી નિબંધ લખવા અરજીઓ મંગાવવામાં આવી હતી. તેમાં કેશવલાલનો નિબંધ સરસ જણાયો હતો.

એ નિબંધમાં સ્થાનિક સ્વરાજ્યનો એકટ છેલ્લા પ્રકરણમાં આપ્યો છે અને તેની સરખામણીમાં આપણે અહિં રાજ્યવહિવટ અગાઉ જુના સમયમાં કેવી રીતે થતો તેની વિસ્તૃતઃ માહિતી નોંધી છે. તેથી તે પુસ્તક શુષ્ક થઈ નહિ પડતાં, રસિક બન્યું છે. એ વિષય પર આજે આપણને પુષ્કળ સાધન-સામગ્રી ઉપલબ્ધ છે, પણ તે સમયે લેખકે એ બધી હકીકત શ્રમપૂર્વક અભ્યાસ કરીને એકઠી કરી હતી.

સોસાઇટીની મેનેજીંગ કમિટીના તેઓ એક સભ્ય હતા; અને મ્યુનિસિપાલેટીના વાઇસ પ્રેસિડેન્ટના પદ સુધી ચઢયા હતા. એક બાહોશ વકીલ, જાહેર કાર્યકર્તા, સંસારસુધારક અને લેખક તરીકે એમની કીર્તિ બહોળી હતી. એમના એક ભાઈ જેઠાલાલ પરીખ ઇંગ્લાંડમાં વસ્યા છે; અને



બુલાખીદાસ ગંગાદાસ દેસાઈ



કેશવલાલ મોતીલાલ પરીખ



રા. સા. જમિયતરામ ગૌરીશંકર શાસ્ત્રી

મહાત્માજીના ચુસ્ત અનુયાયી ભાઈશ્રી નરહરિભાઈ એમના ભત્રીજા થાય છે.

સરકારી કેળવણી ખાતા તરફથી કન્યાશાળા માટે પાઠ્ય પુસ્તકો રચાવવા બાબતમાં સોસાઇટી પર એક પત્ર લખાઈ આવેલો; એ સૂચના ધ્યાનમાં લઈને કૃષ્ણરાવ ભોળાનાથ દિવેટીઆએ 'નારીશિક્ષા'–ભા. ૧ અને ભા. ૨ બંગાળીપરથી સોસાઇટીને લખી આપ્યાં હતાં. સ્વર્ગસ્થ સરદાર ભોળાનાથભાઈ સોસાઇટીના વહિવટમાં પ્રારંભથી ભાગ લેતા. કૃષ્ણરાવ પણ પિતાના પગલે અનુસરી સોસાઇટીને અનેક રીતે સહાયતા આપતા.

પ્રસ્તુત પુસ્તકે એ સદ્દવૃત્તિનું પરિણામ હતું. મૂળ પુસ્તકો કલકત્તાની "વામાબોધિની સભા" તરફથી પ્રસિદ્ધ થયાં હતાં; અને તેનું નામ "ગૃહપાઠ્ય પુસ્તકાવળી" રાખ્યું હતું. તે રચવાનો ઉદ્દેશ એ હતો કે 'વયે પહોંચેલી સ્ત્રીઓ જેઓ શાળામાં જઈ ન શકે તેઓ આ પુસ્તકો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરે અને નવા સંસ્કાર પામે.'

મીસીસ હેન્રી ફોસેટ કૃત "અર્થશાસ્ત્રનાં મૂળતત્ત્વ" નું પુસ્તક સર ચીમનલાલે લેખિકાની રજા મેળવી ગુજરાતીમાં સોસાઇટી સારૂ લખ્યું હતું. તે વખતે તેઓ તાજા બી. એ., થયલા હતા. હેન્રી કોટનના "બ્રિટિશ ઇંડિયા" નો અનુવાદ એમણે એ અરસામાં કરેલો. પણ પછી તો ધંધાના પ્રલોભનમાં અને જાહેર પ્રવૃત્તિઓમાં તેઓ એટલા બધા ગુંથાઈ ગયા કે એમની સાહિત્ય પ્રવૃત્તિ સાવ વિસારે પડી ગઈ. તેમ છતાં એક લોકનેતા તરીકે અને મુંબાઇ યુનિવર્સિટીના વાઇસ–ચાન્સેલર તરીકે એમનું કાર્ય એટલું સરસ અને યશસ્વી નિવડ્યું છે કે ગુજરાત એમની એ સેવા માટે મગરૂરી લઈ શકે.

"અકબર ચરિત્ર" રા. સા. મહીપતરામે પ્રથમ બુદ્ધિપ્રકાશમાં કટકે કટકે લખેલું; પછી તે પુસ્તકાકારે પ્રસિદ્ધ થયલું. એ યુગમાં અકબર વિષે વિસ્તૃત માહિતી આપતું એકલું એ પુસ્તક હતું અને તે ઉપયોગી હતું, એની કોઇથી ના પાડી શકાશે નહિ.

છેલ્લે 'કચ્છ ગરબાવળી' નું પુસ્તક કવિ દલપતરામે કચ્છ રાજ્યના પટરાણી નાનીબા સાહેબની આજ્ઞાથી દી. બા. મણિભાઇ જશભાઈની સૂચનાનુસાર રચ્યું હતું. તે પુસ્તકની પ્રસ્તાવનામાં કવિ દલપતરામે ગરબીઓ વિષે અને ગુજરાતમાં ગરબાના ચાલ વિષે ઉપયુક્ત માહિતી આપેલી છે, તેમાંનો મહત્વનો ભાગ નીચે ઉતારીએ છીએઃ

"ગૂજરાતમાં પુરૂષો પણ માંડવી ફરતા ફરીને નવરાત્રમાં ગરબા ગાય છે. મુંબઇની પારસી બાઇઓને પણ શુભ દિવસ ઉપર ફરીને ગરબા

ગાતાં મેં દીઠીઓ છે, પણ તેઓને ફરવાનો અને ગાવાનો સારી રીતે મહાવરો હજી સુધી થયો નથી. સુરત, ભરૂચ અને અમદાવાદમાં સ્ત્રીઓ ફરીને ગાય છે; પણ કાઠિયાવાડનાં કેટલાંક શહેરોની સ્ત્રી તે કરતાં વધારે સારી રીતે ફરીને ગાઈ જાણે છે. તે એવી રીતે કે મેદાનમાં માંડવી અથવા દીવાનું ઝાડ મુકીને તેના ફરતું કુંડાળું કરીને ફરે છે, અને એક બીજીના ખભા અડોઅડ રાખે છે, તેથી જાણે કિલ્લો કરી લીધો હોય એવું લાગે છે. એ બધી સ્ત્રીયો પોતાના પગ સાથે ઉપાડે છે અને મૂકે છે. જ્યારે કેડેથી નમે છે, ત્યારે બધીઓ સાથે દોરીછંટ નમે છે અને સાથેજ ટટાર થાય છે. તેઓ પ્રદક્ષણાથી ઉલટી રીતે ઘંટી ફરે છે, તેવી રીતે ફરે છે. કારણ કે તેમ ફરવાનું વિશેષ ફાવે છે. પુરુષો પણ માંડવી ફરતાં એજ રીતે ફરે છે અને અમદાવાદના વલ્લભ ભટના રચેલા બહુચરાજીના ગરબા ગાય છે.

× × × ×

માંડવી ફરતાં ફરીને તાળી પાડીને ગાઇ શકાય એવા જેટલા રાગ છે, તે ગરબીઓ કહેવાય છે; અને ફરીને ન ગાઈ શકાય, તથા જે રાગો વિવાહમાં શોભે છે, તે ધોળ અથવા ગીત કહેવાય છે. તે પણ કેટલાંએક ધોળ ટુંકા રાગથી ગરબીમાં પણ ગાઈ શકાય છે; જેમકે 'અમે ઇડરીગો ગઢ જીત્યારે આનંદ ભલા' ઇત્યાદિ. "×

પ્રસ્તુત ગરબી સંગ્રહ ઉપર જણાવ્યું તેમ મણિભાઈની પ્રેરણાથી તૈયાર થયેલો અને મણિભાઇનું ચરિત્ર આલેખતાં શ્રીયુત મંજુલાલ મજમુદારે "સ્તવન મંજરી" ના પ્રવેશમાં તે વિષે નીચે પ્રમાણે નોંધ કરી છે:

"કવીશ્વર દલપતરામે નવી કેળવણીની સંહિતા જેવી નીતિસુબોધક ગરબીઓ રચી આપી ગરબી સાહિત્યમાં સારો ઉમેરો કર્યો તે આ વખતમાંજ."*

આ સિવાય ટોડ રાજસ્થાનનું ભાષાંતર કરાવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો પણ નમુનાઓ સારા લખાઇ નહિ આવવાથી તે કામ પડતું મૂકાયું હતું. દેશના હુન્નર ઉદ્યોગ વિષે નિબંધો લખાવવાના પ્રયત્નો પણ નિષ્ફળ ગયલા. કોલાકૃત "How to develop the resources of India" એ ઇંગ્રેજી પુસ્તકનો તરજુમો કરી આપવાનું કાર્ય ભીમરાવ ભોળાનાથે ખુશીથી સ્વીકારેલું; પણ તેમાંનાં ચિત્રો વગેરેનો ખર્ચ પુષ્કળ

× કચ્છ ગરબાવળી-પ્રસ્તાવના, પૃ. ૩-૪.

* સ્તવન મંજરી, પૃ. ૩૭.

થશે એવો રીપોર્ટ મળતાં, તે તૈયાર કરાવવાનું માંડી વાળ્યું હતું. મુકુંદરાય નિ. મહેતાને "The Advantages and means of diffusing a knowledge of natural Sciences in India" એ નામના મુંબાઈ યુનિવર્સિટીએ લખાવેલા નિબંધનો ગુજરાતીમાં અનુવાદ રૂ. ૨૦૦)નું પારિતોષિક આપીને કરાવ્યો હતો; પણ તે નિબંધનું પછી શું થયું તે વિષે કાંઈ જાણવામાં નથી.

રતનલાલ ત્રંબકલાલને હંટર કૃત 'ઇંડિયન એમ્પાયર 'ભારત સામ્રાજ્યનો અનુવાદ કરી આપવાનું કાર્ય સોંપાયું હતું, તે પણ તૈયાર થઈ આવેલ નહિ.

સ્વર્ગસ્થ માણેકલાલ સાકરલાલ દેસાઇએ "જોઇસ કૃત શાસ્ત્રીય સંવાદો" એ પુસ્તકનો અનુવાદ કરી આપેલો અને તે માટે એમને રૂ. ૬૦૦)નું ઇનામ અપાયું હતું. પણ એમાંના પારિભાષિક શબ્દો અને તેની ભાષાના સંબંધમાં સુધારો થવા લેખક અને સોસાઈટી વચ્ચે લાંબી મુદ્દત સુધી પત્રવ્યવહાર ચાલેલો; અને એ ભાંજગડનો કશો નિકાલ નહિ થવાથી એ પુસ્તક પ્રસિદ્ધ થયા વિના પડી રહ્યું હતું.

નવાં પુસ્તકો રચાવવામાં આવી આવી મુશ્કેલીઓ ઘણી આવી પડતી; અને તે અટકાવવા વા ઓછી કરવા સન ૧૮૮૨ ની વાર્ષિક સભામાં એ મુદ્દાપર સારી રીતે ઊહાપોહ થયલો તેનો સાર આ પ્રમાણે હતોઃ

"બે વરસથી જાહેર ખબરો આપી ઘણા વિષયો ઉપર નિબંધો લખાવી મંગાવીએ છીએ, પરંતુ તેમાંથી એક પણ નિબંધ ઇનામને લાયક માલમ પડતો નથી; તેનું કારણ એ છે કે ઇનામ ઓછું પડવાથી અથવા મોકલેલો નિબંધ પાસ થશે કે નહિ એવી શંકાથી સારા વિદ્વાન લખનારાઓ એ કામ હાથ ધરતા નથી. તેથી સાધારણ જ્ઞાનવાળા માણસો અપૂર્ણતા ભરેલા નિબંધો લખી મોકલે છે; માટે હવેથી નવા નિબંધોને બદલે વિદ્વાન માણસો પાસે સંસ્કૃત અથવા અંગ્રેજી ભાષાનાં રસીક અને ઉપયોગી પુસ્તકોનાં ભાષાન્તર કરાવી પ્રસિદ્ધ કરવાની ગોઠવણ કરવી પડશે. આ અભિપ્રાયને ટેકો આપતાં રા. રા. રણછોડલાલ છોટાલાલે જણાવ્યું કે ખાનગી બંદોબસ્તથી પુસ્તકો રચાવવાની વ્યવસ્થાપક મંડળીને પરવાનગી આપવી જોઇએ; પછી તેની સરસાઇને માટે બીજા ગૃહસ્થો તરફથી પણ મુકરર કરેલા વિષય માટે નિબંધ કે ભાષાન્તર મંગાવવા જાહેર ખબર પ્રસિદ્ધ કરવામાં આવશે તો પણ કાંઈ હરકત જેવું નથી. સભાએ એ બાબત ખુશી જણાવી."†

† ગુ. વ. સોસાઇટીનો રીપોર્ટ, ૧૮૮૧, પૃ. ૧૬.

## *પરિશિષ્ટ ૩

જુદાં જુદાં ફંડોમાંથી રચાવવાનાં પુસ્તકો નિર્માણ થયાં છે, પણ હજુ તૈયાર થઇ છપાવવા લાયક થયાં નથી તેની યાદી.

| ફંડનું નામ. | પુસ્તકનું નામ. | ઇનામની નક્કી થએલી રકમ. |
|---|---|---|
| સોરાબજી જમસેદજી જીજીભાઇ | તર્કશાસ્ત્ર—અનુમાન ખંડ ... | ૨૦૫ |
| | યુરોપીયન કેળવણીને પરિણામે સુધારાનો ઇતિહાસ ... ... | ૨૦૦ |
| | રાષ્ટ્રીય ભાવના... ... ... | ૨૫૦ |
| | વરાળ યંત્ર ... ... ... | ૧૦૦ |
| હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ | ભોજન વ્યવહાર તથા કન્યા વ્યવહાર | ૨૦૦ |
| | પુરૂષે ભણીને શું કરવું ? ... | ૮૦ |
| | રામાયણના સમયનો ગૃહસંસાર ... | ૧૫૦ |
| | પુનર્વિવાહ પક્ષની પૂરી સોળે સોળ આના ફત્તેહ ... ... | ૭૫ |
| કુચ્છ ગિબ્સ | સોળ સંસ્કાર... ... ... | ૨૦૦ |
| | દત્તકૃત પ્રાચીન ભારત, ભાગ ૧ ... | ૩૫૦ |
| | ,, ,, ભાગ ૨ ... | ૩૦૦ |
| | માંદાની માવજત ... ... | ૧૦૦ |
| કરસનદાસ મૂળજી | મિલકૃત સ્વાતંત્ર્ય ... ... | ૧૫૦ |
| | અનેક વિદ્યાનાં મૂળતત્ત્વ ... | ૨૭૫ |
| | ધનવાનના ધર્મ ... ... | ૨૦૦ |
| શ્રીમંત સયાજીરાવ મહારાજ | હંટર કૃત ભારત સામ્રાજ્ય ... | ૬૦૦ |
| | સ્માઇલ્સ્ કૃત સદ્વર્તન(ક્યારેક્ટર) ... | ૪૦૦ |
| | ઉદ્ધવકૃત રામાયણનો સારોદ્વાર ... | ૫૦૦ |
| | મિલકૃત પ્રતિનિધિસત્તાક રાજ્ય ... | ૪૦૦ |
| | દત્તકૃત પ્રાચીન ભારત, ભાગ ૩ ... | ૫૦૦ |
| મણિશંકર કીકાણી | પાતંજલ યોગ સૂત્ર ... ... | ૩૦૦ |
| | સ્પેન્સર કૃત નીતિ મીમાંસા ... | ૪૦૦ |
| ગોપાળરાવ હરી ફંડ | યથાદર્શન ચિત્ર વિદ્યા ... ... | ૧૦૦ |
| | શરાફી ... ... ... | ૯૦ |
| મણીભાઈ જશભાઇ સ્મારક | બકલકૃત ઈંગ્લાંડના સુધારાનો ઇતિહાસ | ૧૦૫૦ |
| સૌ. કંકુબાઈ | ગૃહવ્યવસ્થા ... ... ... | ૨૦૦ |
| | મિલકૃત સ્ત્રીઓની પરાધીનતા ... | ૩૦૦ |

* જુઓ ગુ. વ. સોસાઇટીનો રીપોર્ટ, સન ૧૮૯૧ પૃ. ૪૯.

# પ્રકરણ ૩

## રાજા મહારાજાઓની ઉદાર સહાયતા

" Most princes convoked assemblies of poets (Kavyagoshthi) in their halls of discussion (Vidya-vasatha) where the works produced by authors were subjected to criticism. Sound canons of taste and judgement were evolved in these assemblies, and here, probably, we have the birth of our Alankara literature.

× × ×

The King–president (sabhapati) rewarded with honours and gifts those authors whose works came up to the approved standard.

× × ×

Some of these assemblies became specialized in the course of time, and acquired all–India fame in particular branches of arts and sciences."

[ Indian Culture through the Ages. Vol I:
by S. V Venkateswara, pages 218–219 ].

છેક પ્રાચીન કાળથી આપણા દેશમાં રાજા મહારાજાઓ પંડિતો અને કવિઓનો સત્કાર કરતા આવ્યા છે; અને એવા વિદ્વાનોને રાજ્યાશ્રય મળ્યાનાં અનેક દૃષ્ટાંતો આપણા પ્રાચીન સાહિત્ય ગ્રંથોમાં મોજુદ છે. બલ્લાલકૃત 'ભોજ પ્રબંધ' તેનું ઉત્કૃષ્ટ પ્રમાણ છે. રાજા ભોજ અને કવિ કાલિદાસનું યુગલ સાહિત્યના ઇતિહાસમાં જેમ અજોડ છે તેમ તેમની કીર્તિ જગપ્રસિદ્ધ છે. જયદેવની અષ્ટાધ્યાયીમાં લક્ષ્મણસેનના દરબારમાં બિરાજતા કવિઓની નામાવલી આપેલી છે.* હર્ષનો દરબાર બાણ મયૂર વગેરે વિદ્વદ્વર્ગથી શોભતો

---

*( શાર્દૂલવિક્રીડિત. )

" વિદ્વત્તા કવિરાજ ધોયીતણી, ને ઉમા પતિની સુણી
શબ્દાડંબરી શૈલી, કૂટ કવિતા તાત્કાલિકી શર્ણની,
શ્રી ગોવર્ધન કેરી વાણી વળી છે, શૃંગાર સારે ભરી,
પંકાયે જયદેવની જ જગમાં સંદર્ભની માધુરી."

[ ગીત ગોવિન્દ, પૃ. ૨૯ ]

અને વિક્રમાદિત્યની રાજસભાનો વિદ્યાવૈભવ અને વાગ્વિલાસ આર્ય પ્રજાના ઇતિહાસમાં એક લોકોક્તિ રહેવાની.

સોસાઈટીની સ્થાપના કરવામાં અંગ્રેજ અમલદારોએ અગ્રેસર ભાગ લીધો હતો અને એમની સિફારસ અને લાગવગથી જ ફૉર્બસ સાહેબ પહેલે સપાટે જ લગભગ દશ હજાર રૂપિયા એ અજ્ઞાન યુગમાં વિદ્યાની વૃદ્ધિ અર્થે મેળવી શક્યા હતા. તે પછી શેઠ સોરાબજી જમશેદજીએ રૂ. ૨૫૦૦ અને શેઠ પ્રેમચંદ રાયચંદે રૂ. ૧૦,૦૦૦ સોસાઈટીને ભેટ કરી તેના કાર્યને ઉત્તેજન આપ્યું હતું; તેની વિસ્તૃત નોંધ પહેલા વિભાગમાં લેવાયલી છે જ.

બીજી ત્રીસીમાં સોસાઇટી રાજા મહારાજાઓનો આશ્રય અને ઉત્તેજન પામવા ભાગ્યશાળી થઈ હતી; તેનો વૃત્તાંત આ પ્રકરણમાં આપીશું.

(૧)

## શ્રીમંત મહારાજા સર સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ

"મનુષ્ય માત્ર માટે જ્ઞાનની અત્યંત આવશ્યકતા છે. જ્ઞાનથી જ શોધક બુદ્ધિ ઉત્પન્ન થાય છે, અને તેની મદદ વડે મનુષ્ય પ્રગતિના માર્ગે જઇ શકે છે. સમાજ અને સંસારનો પાયો જ જ્ઞાન છે."

[ પુનામાં શ્રીમંત મહારાજા સર સયાજીરાવે આપેલા ભાષણમાંથી
સયાજી વિજય, તા. ૩૦ મી માર્ચ ૧૯૩૩. ]

કવિશ્રી દલપતરામે ગુર્જરી વાણીની વકીલાત કરવા મહારાજાશ્રી ખંડેરાવ ગાયકવાડની મુલાકાત લઈને વડોદરા રાજ્યમાં નિશાળો અને પુસ્તકાલયો ખોલવા શ્રીમંત સરકારને અરજ ગુજારી હતી, તેની હકીકત પહેલાં વિભાગમાં આપવામાં આવી છે;* અને મહારાજા ખંડેરાવે તેનો ખુશીથી સ્વીકાર કરી તે સંસ્થાઓ કાઢવાનો પ્રસંગ આવે કવિને આમંત્રણ મોકલવાનું જણાવ્યું હતું. તેઓ એ સંબંધમાં કાંઇ પગલાં ભરે તે પહેલાં એમનું અવસાન થયું હતું; પણ વિદ્યમાન મહારાજા સર સયાજીરાવના રાજ્યાભિષેક પ્રસંગે કવિશ્રી દલપતરામને ખાસ નિમંત્રવામાં આવ્યા હતા; એટલું જ નહિ પણ સર્વ મહેમાનો વિદાય થયા પછી પાંચ દિવસ વધુ કવિને તેમ પંડિત ગટુલાલજીને શ્રીમંત મહારાજાએ રોકી બહુ માન આપ્યું હતું. એઓ બંનેની છેલ્લી મુલાકાત મહારાજા સાથે થઈ તેનું રસિક બ્યાન

* ગુ. વ. સોસાઇટીનો ઇતિહાસ, ભા. ૧. પૃ. ૨૫૧.



શ્રીમંત મહારાજા સર સયાજીરાવ (ત્રીજા) ગાયકવાડ

'બુદ્ધિપ્રકાશ'માં તે વખતે છપાયું હતું. એ વૃત્તાંત જેમ મનોરંજક તેમ આપણા રાજ દરબારોમાં કેવી રીતે વિદ્યાવિનોદ જામતો અને રાજાઓનાં યશોગાન થતાં તેના નમુના રૂપે, તેમાંનો મહત્વનો ભાગ અહિં આપીએ છીએ.×

"એમની છેલ્લી મુલાકાત તારીખ પાંચમી જાનેવારીને રોજ નજરબાગના બંગલામાં થઈ. શ્રીમંત મહારાજ રૂપાના સિંહાસન ઉપર બીરાજ્યા હતા અને સદરહુ બે જણને ખુરશીઓ ઉપર જોડાજોડ બેસાર્યા હતા. તે વખતે રાજેશ્રી રાવજી વિઠ્ઠલ, રા. કૃષ્ણરાવ ગજાનંદ, રા. હરજીવનદાસ વગેરે ૨૦ ગૃહસ્થો હતા. જ્યારે શ્રી મહારાજે દલપતરામને પુછ્યું કે તમારી પ્રકૃતિ કેમ છે ત્યારે દલપતરામે નીચે લખેલો દોહરો કહ્યો:—

**મહિ મંડળ દિવિ મંડળે, થઈ ગર્જના આજ;**
**સુર નર સૌ હરખીત દીસે, દેખિ સયાજી રાજ;**

એમ કરીને તેની વ્યાખ્યા કરી જે મહારાજને સ્વતંત્ર રાજ્યાભિષેક થયો તે દિવસે તોપો, વાજીંત્રો વગેરેની પૃથ્વી મંડળમાં ગર્જના થઇ રહી હતી, તેમજ આકાશ મંડળમાં વરસાદની ગર્જના થઇ રહી હતી. તેના આગલા પાછલા દિવસમાં વરસાદની ગર્જના થતી નહોતી પણ તેજ દિવસે થઈ તેથી જણાય છે કે આ મહોત્સવથી પૃથ્વી મંડળના લોકો આનંદ પામ્યા છે. તેમજ સ્વર્ગના દેવોએ પણ મહોત્સવ કર્યો હશે, અને મોટો આનંદ પામ્યા હશે. એમ સર્વે આનંદમાં દેખાય છે, તો મારી પ્રકૃતિ વિષે આપ પૂછો છો તે મારી પ્રકૃતિ આજ આનંદમાં હોય એમાં શું કહેવું ? વળી સને ૧૮૬૩ માં હું અહીં આવ્યો હતો અને ખંડેરાવ મહારાજને મળીને કવિતા સંભળાવી હતી, તે વખતે વડોદરા વિષે કહેલો શ્લોક આજ બરોબર લાગુ પડે છે. તે એ છે કે:—

### શાર્દૂલવિક્રિડિત વૃત્ત.

**દેવી દેવ સમાન માનવિ દિસે ઐરાવતો હાથીયો,**
**શોભા શ્રી વટપુરની નિરખતાં, સંદેહ સ્વાંતે થયો;**
**શું હું જાગૃત છું જરૂર ઉરમાં, શું સ્વપ્નની વાત છે;**
**સાચું આજ વડોદરા શહર છે, કે સ્વર્ગ સાક્ષાત છે. ૨**

તેની વ્યાખ્યા કરી જે—આજ વડોદરામાં સ્ત્રી પુરૂષો શણગારાઇને ફરે છે, શેઠીયો અને સરદારો સભામાં અપ્સરાઓ અને દેવોના જેવાં શોભે છે,

× બુદ્ધિપ્રકાશ, સને ૧૮૮૨, પૃ. ૫૪–૫૭.

ઇંદ્રના ઐરાવત જેવા રંગેલા અને શણગારેલા હાથીઓ ઘુમે છે, તથા ઠેકાણે ઠેકાણે વાવટા વિગેરેની ઘણી શોભા કરી છે, તે જ્ઞાનરૂપી નેત્રે જોઇને મારા મનમાં સંશય ઉપજે છે કે હું જાગૃત છું કે આ તે સ્વપ્નની વાત છે ? અને વડોદરા શહેર મેં પ્રથમ જોયું હતું તેજ આ છે, કે શું આકાશમાંથી સાક્ષાત સ્વર્ગ પૃથ્વી ઉપર ઉતર્યું છે ?

પછી ગટુલાલજીએ એક સંસ્કૃત શ્લોક કહ્યો તેમાં એવો ભાવ હતો કે જેમ જ્યુધીષ્ટરના આગળ માધવ એટલે કૃષ્ણ પ્રધાન હતા, તેમ આપની પાસે માધવરાવ પ્રધાન છે, ત્યાં જેમ ભીમ હતા તેમ આપની સેના ભીમ એટલે ભયંકર છે; અને ત્યાં જેમ અર્જુન હતા, તેમ આપની સભા અર્જુન એટલે ઉજવળ છે; માટે આપનું રાજ્ય યુધીષ્ટીરના જેવું શોભે છે. પછી દલપતરામે નીચે લખેલાં બે કવિત કહ્યાં.

**મનહર છંદ.**

**માધવ પ્રધાન હતા, જે રીતે જ્યુધિષ્ઠીરના,**
**આપના પ્રધાન રાજા માધવ જેવા હજો;**
**શંકરના ગણ તણા નાયક વિનાયક છે;**
**ઉપમંત્રી આપના વિનાયક જેવા થજો.**
**નુરેદીન ઉપજ તો સંભાળે શહાબુદ્દીન,**
**બહાદુર પેસ્તન સંભાળ સેનાની સજો;**
**અપાર ઇમારતો સંભાળે સદા મણી ભૂત,**
**તેજ સુધરાઈ બાબુ નેહથી નિહાળજો. ૩**
**ખુરશેદ ખલકનું ખચીત અંધારૂં હરે,**
**જનાર્દન જગતને પાળે નેક ન્યાયથી,**
**બન્ને નામદાર તોલ ન્યાયનો સદાય કરે,**
**જેથી પ્રજા આપની પીડાય ન અન્યાયથી.**
**ખાનગી અનેક ખાતાં રાવજી સંભાળી રાખે,**
**ભાલચંદ્ર આરોગ્ય રાખે ભલા ઉપાયથી;**
**કહે દલપત શ્રીમંત સયાજીરાવ,**
**સર્વ સીદ્ધિ પામો, મૈયા જમુનાં સહાયથી. ૪**

તેની વ્યાખ્યા કરી કે જે રીતે જ્યુધીષ્ટીરના પ્રધાન માધવ હતા, તેમજ આપના પ્રધાન-માધવ એટલે કૃષ્ણ જેવા અથવા સર ટી. માધવરાવજી જેવાજ હજો અને શિવજીના ગણના ઉપરી જેમ વિનાયક દેવ છે અર્થાત ઉપમંત્રી છે, ( કેમકે મુખ્ય પ્રધાન તો કુબેર ભંડારી છે ) તેમજ આપના ઉપમંત્રી એટલે નાયબ દીવાન વિનાયક દેવ જેવા અથવા રાજેશ્રી વિનાયક રાવ કીર્તને જેવા થજો.

અને શાહાબ એવું ફારશીમાં શીતારાનું અથવા જ્યોતનું નામ છે, અને દીન ધર્મનું નામ છે, તે આખા નામનો અર્થ નુરેદીન અથવા ધર્મનો પ્રકાશ એવો થાય છે. તે ધર્મનો પ્રકાશ આપના રાજની ઉપજ એટલે રેવન્યુ ખાતું સંભાળજો; અથવા ખાનબહાદુર શાહબુદ્દીન સાહેબ સંભાળજો; વળી તન એટલે ફારશીમાં શરીરને કહે છે અને પેશ એટલે આગળ પડનાર મતલબ કે પહેલવાન અથવા બહાદુર તે આપનું લશ્કરી ખાતું સંભાળજો અથવા ખાનબહાદુર પેસ્તનજી જહાંગીરજી સંભાળજો. મણીભૃત એટલે શેષનાગ જેને ઇશ્વરે પૃથ્વી ધારણ કરવાનું કામ સોંપ્યું છે તે આપની પૃથ્વી ઉપરની ઇમારતો, વાવ, કુવા, તળાવ વગેરે તથા સુધરાઈ ખાતું સંભાળજો કેમકે તે તેનું કામ છે—અથવા રાવ બહાદુર મણિભાઈ જશભાઈ સંભાળજો.

ખુરશેદ એટલે સુર્ય આખા જગતનું અંધારૂં હરે છે અને જનાર્દન એટલે વિષ્ણુ નેક ન્યાયથી પાળે છે, તે બંન્ને હંમેશાં આપના રાજ્યમાં ન્યાયનો તોલ કરજો; એટલે સુરજના પ્રતાપથી અંધેર ચાલે નહીં અને વિષ્ણુના પ્રતાપથી સત્વગુણથી અદલ ન્યાય મળે, તથા ખાનબહાદુર ખુરશેદજી રૂસ્તમજી, તથા રા. જનાર્દન સખારામ અદલ ન્યાય તોળે કે જેથી આપની પ્રજા અન્યાયથી પીડાય નહીં. તેમજ આપના અનેક ખાનગી ખાતાં રાવ, એટલે આપના તાબાના રાવ–રાણા છત્રપતિઓ તપાસે, અથવા રા. રાવજી વીઠુલ તપાસે અને ભાલચંદ્ર એટલે મહાદેવ આપને તથા આપની પ્રજાને સારા ઉપાયથી આરોગ્ય રાખે. મતલબ કે વૈદક ખાતું તેઓ તપાસે અથવા ભાલચંદ્ર નામના વખણાએલા ડાકટર સાહેબ તપાસે. વળી પદ્મપુરાણમાં યમુનાં મહાત્મ્ય છે તેમાં લખ્યું છે જે યમુનાં દેવીની સહાયતાથી સર્વ મનોરથની સિદ્ધિ થાય તે માટે હું આપને આશીર્વાદ આપું છું કે દેવી જમુનાંમૈયાની સહાયતાથી આપના સર્વે મનોર્થ સિદ્ધ થાઓ, અથવા જમનાંબાઈ માતાજીની સહાયતાથી સિદ્ધ થાઓ. તે કવિતમાં અલંકાર શાસ્ત્રના મત પ્રમાણે શ્લેશાલંકાર છે. જેમાં બે અર્થ થતા હોય તે શ્લેષાલંકાર કહેવાય એમ કહીને અલંકારના લક્ષણનો શ્લોક અર્થ સુદ્ધાં કરી સંભળાવ્યો, તે સાંભળીને શ્રીમંત મહારાજ પ્રસંન થઇને બોલ્યા કે મેં તમારૂં દલપત કાવ્યનું પુસ્તક વાંચ્યું છે. તેમાં ઘણી સારી કવિતા છે. પછી ગટુલાલજીએ બીજો સંસ્કૃત શ્લોક કહ્યો તેમાં મહારાજાને સૂર્યની ઉપમા આપી. તે પછી દલપતરામે નીચે લખેલો દોહરો કહ્યો.

**દેવ દ્વારકાધીશ તે, કરે કૃપા દિન નીશ;**
**પ્રજા ઉપર કરૂણા કરો, આપ દ્વારિકાધીશ. ૫**

તેની વ્યાખ્યા કરી કે જુના દ્વારકાધીશ જે શ્રીકૃષ્ણ તે આપના ઉપર મહેરબાની કરે, અને હાલના દ્વારીકાધીશ આપ છો, કેમકે દ્વારિકા આપના તાબામાં છે, માટે આપની પ્રજા ઉપર આપ મહેરબાની રાખજો. તે પછી બીજી કેટલીક વાતચીત થયા પછી સારો સાલ જોડો અને પાઘડી વગેરેનો શીરપાવ શ્રીમંત મહારાજે દલપતરામને આપ્યો તથા ગટુલાલજી મહારાજનો પણ સત્કાર કર્યો અને તે બંને વિદ્વાનોએ રજા લીધી."

એ પછી સન ૧૮૮૨ ના નવેમ્બર માસની ૨૭ મી તારીકે અમદાવાદમાં શ્રીમંત મહારાજા સર સયાજીરાવનું પ્રથમવારનું જાહેર આગમન થતાં અમદાવાદના શહેરીઓ તરફથી દબદબાભર્યો આદર સત્કાર થઇને હઠીસીંગની વાડીએ દરબાર ભરાયો હતો તે વખતે એક શહેરીઓ તરફનું, ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનું, હીમાભાઈ ઇન્સ્ટીટયુટનું અને દક્ષિણી મંડળી તરફથી એમ ચાર જુદાં જુદાં માનપત્રો મહારાજાશ્રીને આપવામાં આવ્યાં હતાં; એમાંનું સોસાઇટીએ અર્પેલું માનપત્ર નીચે પ્રમાણે હતું.*

**શ્રીમંત સરકાર મહારાજાધિરાજ સયાજીરાવ ગાયકવાડ**
**સેના ખાસ ખેલ સમશેર બહાદૂર,**
**ઇ. ઇ.**

**શ્રીમંત મહારાજા સાહેબ,**

ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટીની વતી અમે નીચે સહી કરનાર વ્યવસ્થાપક મંડળીના સભાસદો આપ શ્રીમંત મહારાજા આ પુરાતન શહેર અમદાવાદમાં પધાર્યા તેથી આનંદ પામી અંતઃકરણપૂર્વક ખરા ભાવથી આપ મહારાજાશ્રીનો સત્કાર કરીએ છીએ.

(૨) મુંબાઇના સિવિલિયન અને પ્રખ્યાત ગ્રંથ રાસમાળાના રચનાર નામદાર એ. કે. ફારબસ સાહેબના વસીલા નીચે તથા તે વખતના આગેવાન ગૃહસ્થોના આશ્રયથી આ સોસાઇટી ઇ. સ. ૧૮૪૮ માં સ્થાપન થઇ. ગૂજરાતી ભાષાનો સુધારો અને એ ભાષામાં વિદ્યાનો વધારો કરવો એ આ સોસાઈટીનો મુખ્ય હેતુ હતો અને છે. એ હેતુ પાર પાડવાને ઉપરાણું કર્યું. તેની ટીપને મથાળે આપ શ્રીમંત મહારાજાશ્રીના મહાન કાકા મરહુમ મહારાજાધિરાજ ગણપતરાવ મહારાજનું નામ છે. એ મહારાજાશ્રી તે વેળાએ આપના પ્રતાપી પૂર્વજોના રાજ્યાસને હતા.

---

* બુદ્ધિપ્રકાશ, સન ૧૮૮૩, પૃ. ૧૫-૧૬.

(૩) સોસાઇટીના હેતુ પાર પાડવાને નીચે લખેલા ઉપાય ક્રમે ઠરાવ્યા છેઃ—

(અ) એક માસિક પુસ્તક પ્રગટ કરવું.

(બ) ગુજરાતી ગ્રંથો પ્રગટ કરવા અને વેચવા.

(ક) ઉપયોગી અને મનોરંજક પુસ્તકો વિદ્વાનો પાસે લખાવવાં.

(ડ) સોસાઈટીએ ઠરાવેલા ગ્રંથો લખનારને ઇનામ આપવાં.

(ઇ) પુસ્તકો ખરીદ કરી તેના કર્તાને ઉત્તેજન આપવું.

(ફ) પ્રાચીન ઉપયોગી ગ્રંથોની લખેલી પ્રતો મેળવવી.

(ગ) વિદ્યા અને કેળવણીને ઉત્તેજન આપવાને સ્થાપેલાં સ્મારકાદિ નાણાં સાચવી રાખી તેનો વહીવટ કરવો.

(૪) પોતાનાં અને વહીવટને માટે સોંપેલાં નાણાંની રૂ. ૫૦,૦૦૦) ની રકમ હાલ સોસાઇટી પાસે છે અને વ્યાજ ભેટ, લવાજમ વગેરે મળી સોસાઇટીની વાર્ષિક ઉપજ આશરે રૂ. ૩૦૦૦) ની છે.

(૫) ગૂજરાતના ઘણાખરા મોટા રાજારાણા અને મુખ્ય ગૃહસ્થો સોસાઈટીના સભાસદ છે, અને અમે નમ્રતાપૂર્વક આશા રાખીએ છીએ કે આપ સરખા કેળવણી પામેલા ઉત્કૃષ્ટ વિચારવાળા અને ઉત્તમ પંક્તિના શ્રીમંત મહારાજાશ્રીની તરફથી યોગ્ય મદદ અને ઉત્તેજન આ સોસાઇટીને મળશે, અને આપ શ્રીમંત મહારાજાશ્રી સોસાઈટીના મુરબ્બી (પેટ્રન) થઈ તેના માનમાં વૃદ્ધિ કરવા ઉચિત ધારશો.

અમે પ્રાર્થના કરીએ છીએ કે, પરમેશ્વર આપનો પ્રજા ઉન્નતી કરનાર અમલ લાંબી મુદત પહોંચાડે અને આબાદ કરે."

| | |
|---|---|
| **અમદાવાદ.**<br>તા. ૨૭ મી નવેમ્બર<br>સને ૧૮૮૨. | **આપ નામદાર મહારાજા સાહેબના તાબેદાર સેવકો.**<br>(મેનેજીંગ કમીટીના પ્રમુખ, સેક્રેટરી, અને મેમ્બરોની સહીઓ.) |

અને એનો ઉત્તર મહારાજાશ્રીએ નીચેના શબ્દોમાં આપ્યો હતોઃ—

**"રાવ બહાદુર શેઠ પ્રેમાભાઇ તથા સદ્‌ગૃહસ્થો.**

તમે અમારૂં અંતઃકરણપૂર્વક સન્માન કર્યું તે માટે ફરીથી તમારો આભાર માનવાની આ જોગવાઇ મળી તેથી અમને ખુશી હાંસલ થઇ છે. કેળવણીમાં તથા પુસ્તક અને વિદ્યા વૃદ્ધિમાં આ શહેર ગૂજરાત પ્રાંતમાં અગ્રેસર છે એ જાણી અમને સંતોષ થયો છે. ને તેવો આ શહેરનો

દરજ્જો પણ છે. તમારી સોસાઈટીનો ઉદ્દેશ પુસ્તક અને વિદ્યા વૃદ્ધિનો છે અને તેમાં તમામ અગ્રેસર ગૃહસ્થો કેળવણીના ઉત્તેજન માટે સંપૂર્ણ રીતે અને અંતઃકરણપૂર્વક સહાય આપી કોશીસ કરે છે. દેશમાં શાળામાં અપાતી કેળવણીનો ફેલાવો થતો ચાલ્યો છે. તેની સાથે, દેશના લોકોની સ્વભાષાદ્વારાએ યુરોપખંડ તથા એશિયા ખંડમાંના જ્ઞાનનો પણ ફેલાવો લોકોમાં થવો જોઈએ એવી જે તમારી ધારણા છે તે ઉત્તમ છે.

સદ્‌ગૃહસ્થો, તમારી સોસાઈટીના પેટ્રન થવા તમે જણાવો છો એ વાત અમે માન્ય કરીએ છીએ, અને આવું સરસ કામ જે મંડળી કરે છે તે મંડળી સાથે આ રીતે અમારૂં નામ જોડવામાં અમને ખુશી પેદા થાય છે."

બીજે વર્ષે મહારાજા સયાજીરાવના પટરાણી ચીમનાબાઈએ પાટવી પુત્રને જન્મ આપ્યો એ વધાઈના સમાચાર સાંભળીને સોસાઈટીનું એક ડેપ્યુટેશન વડોદરા ખુશાલી પ્રદર્શિત કરવા ગયું હતું.+

એ સમયથી સર સયાજીરાવ સોસાઈટીના કાર્ય પ્રત્યે સદ્‌ભાવ ધરાવતા આવ્યા છે; અને વડોદરા રાજ્ય અને મુંબાઇ ઇલાકાની સાહિત્ય અને કેળવણીને લગતી સંસ્થાઓ પરસ્પર સહકાર અને સહાયતા વડે જ્ઞાન પ્રચાર અને લોકશિક્ષણનું કાર્ય સારી રીતે ઉકેલી શકે એવા ઇલાજ હાથ ધરવા મહારાજાએ સોસાઈટીને વખતોવખત પત્રો પાઠવીને ઉત્કંઠા દર્શાવી છે; અને એ કાર્ય માટેની એમની ધગશ પ્રસ્તુત વિષયની શરૂઆતમાં એમના શબ્દો ઉતારવામાં આવ્યા છે તે પરથી જોઇ શકાશે.

ચાલુ વર્ષમાં ફેબ્રુઆરી માસમાં શ્રીમંત સરકારની સ્વારી પાટણ, કડી, મહેસાણા વગેરે મહાલોમાં પ્રવાસ કરી પાછી વડોદરા ફરતી હતી, તે વખતે અમદાવાદમાં શેઠશ્રી અંબાલાલ સારાભાઇનું નિમંત્રણ સ્વીકારી થોડા કલાક થોભ્યા હતા, એ ટુંક મુલાકાત દરમિયાન એઓ સોસાઇટીને વિસર્યા નહોતા. તેઓ માંડ અડધો કલાક રોકાયા હતા, તેમ છતાં એ થોડી મિનિટોમાં પણ સોસાઇટીનાં નવાં પ્રકાશનો તપાસીને તે માટે પોતાનો સંતોષ પ્રદર્શિત કર્યો હતો; અને પોતે અવકાશે સોસાઇટીના સેક્રેટરીને વડોદરા બોલાવી વધુ માહિતી મેળવવા ઇચ્છા દર્શાવી હતી.

વડોદરા રાજ્ય કેળવણી, સંસારસુધારો અને જ્ઞાનપ્રચારના વિષયોમાં અન્ય રાજસ્થાનો અને બ્રિટિશ હિન્દુસ્તાનના મુકાબલે આગેવાની લે છે,

---

+ બુદ્ધિપ્રકાશ, સન ૧૮૮૩, પૃ. ૨૩૩.

એ પ્રસિદ્ધ બીના છે; તેમ ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષ, ઉદ્ધાર અને ઉત્તેજનાર્થે એ રાજ્યનો ફાળો મોટો અને સંગીન છે* પ્રાચીન કાવ્યમાળા પ્રસિદ્ધ કરીને વડોદરા રાજ્યે પ્રાચીન ગુજરાતી સાહિત્યનો પુનરુદ્ધાર કર્યો છે અને ચોથી સાહિત્ય પરિષદના શુભ અવસરે એ લાખ રૂપિયા સાહિત્યોત્તેજક કાર્ય માટે બક્ષીસ આપીને શ્રીમંત સયાજીરાવે એક અનુપમ દાખલો બેસાડયો હતો. વળી એમણે શરૂ કરેલી ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળા મેક્ષમુલર સંપાદિત Sacred Books of the East પેઠે વિદ્વાનોમાં બહુ સારો સત્કાર પામી છે અને એમની "કીર્તિમંદિર"ની સ્થાપના જેટલી ભવ્ય તેટલું વડોદરા રાજ્યનું ગૌરવ વધારનારી છે. થોડા સમયથી આપણા સાહિત્યકારો અને વિદ્વાનોને વડોદરા નોતરીને મહારાજા એઓને યોગ્ય રીતે પુરસ્કાર કરે છે, એ રીતિ પણ એટલી પ્રશસ્ય છે. એમના રાજ-વહિવટનું સમગ્રપણે અવલોકન કરતાં કહેવું પડશે કે સર સયાજીરાવ એક આદર્શ—examplary—નૃપતિ નિવડયા છે. એમની એ લોકપ્રિયતા એકલા વડોદરા રાજ્યમાં મર્યાદિત રહી નથી; પણ એમની ખ્યાતિ સમસ્ત દેશમાં પ્રસરેલી છે અને સર્વત્ર એમને ધન્યવાદ અપાય છે. ગયા માર્ચ મહિનામાં એઓશ્રીની પધરામણી પુનામાં થઇ હતી, તે વખતે કેસરીકારે એમની કારકિર્દીની સમીક્ષા કરતાં અગ્ર નોંધમાં તેનું નિદાન નીચે પ્રમાણે વર્ણવ્યું હતું:—

"पण सयाजीरावाचा विशेष हा कीं त्यांना राजपद मिळालें, कोट्यावधि रुपयांची संपत्ति व लाखो प्रजाजनांची सत्तासाहेबी त्यांच्या हस्तगत झाली आणि त्यां सर्वांचा उपयोग त्यांनी आपल्या प्रजेच्या व परंपरेन एकंदर देशाच्याहि कल्याणा कडेच केला याचे श्रेय पुष्कळ अंशी त्यांच्या निसर्गसिद्ध सद्गुणांना व सत्प्रवृत्तीलाच दिलें पाहिजे. आपलें राज्य सुराज्य असावें व तसे ते नमुनेदारपणाने करून दाखवावें या महत्त्वाकांक्षेने त्यांना राज्यसूत्रें धारण केली व लोकांच्या मागणीची वाट न पाहताहि त्यांनी कित्येक राजकीय, सामाजिक, धार्मिक व शिक्षण—विषयक सुधारणा कायद्यानी अमलांत आणिल्या. त्यांच्या इतका गुणांचा चहाता व विद्येचा भोक्ता असा

* રા. છગનલાલ ઠાકોરદાસ મોદીનો લેખ 'વડોદરા રાજ્યની સાહિત્યસેવા'—ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ—વડોદરા.

राजा विद्यमान संस्थानिकांत विरळाच आढळेल. समदृष्टि व न्यायप्रियता हे त्यांचे दुसरे ठळक गुण होत. आपली जात, आपला प्रांत, आपली भाषा व आपली पूर्वपरंपरा यां विषयी योग्य ती हितबुद्धि जागृत असता त्यांनी तिला न्यायाच्या मर्यादा सहसा उल्लंघूं दिल्या नाहीत. "†

(२)

## મહારાવ શ્રી ખેંગારજી સવાઇ બહાદુર, જી. સી. આઈ. ઈ., કચ્છના મહારાજા.

"Many standard English works have been translated into Gujarati at the expense of His Highness, who in doing so has a noble object; for not only are the master minds of English authors revealed to the people of India who have not acquired a knowledge of English but literary men are also supported and encouraged."

[Representative Men of the Bombay Presidency, page 15.]

સામાન્ય રીતે ગુજરાત બહાર કચ્છની ગણના થાય છે. કચ્છી બોલી (dialect) પણ ગુજરાતીથી નોખી પડે છે; પણ પ્રાચીન કાળથી કચ્છ આંત ગુજરાત સાથે નિકટ સંબંધ ધરાવતો આવે છે. આપણે છેક તેના પ્રાચીન ઇતિહાસમાં નહિ ઉતરીએ; તોપણ મધ્ય યુગમાં સોરઠ અને કચ્છનાં રાજ્યો પરસ્પર સંબંધથી જોડાયલાં હતાં. સોલંકી રાજા ભીમ પાટણથી ભાગીને કચ્છના કિલ્લા કંથકોટમાં ભરાઈ બેઠો હતો. મહમદ ગિઝનવી પણ એજ માર્ગે સ્વદેશ ભણી પાછો ફર્યો હતો અને જામનગરના જામ પણ મૂળ કચ્છ દેશમાંથી સોરઠ ઉતરી આવ્યા હતા. પણ આ બધો ભૂતકાળનો વૃત્તાંત થયો. આપણને નિસ્બત અર્વાચીન યુગ સાથે છે. ઓગણીસમા સૈકાની છેલ્લી વીસીમાં આપણે એ રાજ્યનો ઇતિહાસ તપાસીશું તો આપણા કેટલાક જાણીતા આગેવાન ગુજરાતીઓએ કચ્છમાં જઇ કચ્છ રાજ્યની સુધારણા અને ઉત્કર્ષ સાધવામાં કિંમતી સહાયતા આપેલી માલુમ પડશે. એ ગુજરાતીઓમાં દી. બા. મણિભાઇ જશભાઇનું નામ અગ્રસ્થાને આવે છે.

---

† केसरी, २४ माहे मार्च १९३३.

કર્નલ પારની સૂચનાથી કચ્છના રાવશ્રી પ્રાગમલજીએ પોતાના છેલ્લા વિલમાં રાજ્યની આંતર વ્યવસ્થાની લગામ મણિભાઇને સોંપવા લખ્યું હતું અને એ રિજન્સીના કાળ દરમિયાન કચ્છ પ્રાન્તમાં કેળવણીના બીજ અને સંસ્કાર નાખવાની સાથે એમણે ગુજરાતી ભાષા અને સાહિત્યના અભ્યુદયાર્થે પણ પ્રયત્નો આદરેલા અને તે કાર્યમાં એમણે સોસાઈટીની સહાયતા મેળવી હતી. પાછલા પ્રકરણમાં કચ્છ દરબારના આશ્રય હેઠળ પ્રસિદ્ધ થયલાં પુસ્તકોની યાદી આપેલી છે તેમાં પ્રશંસાપાત્ર તત્ત્વ એ હતું કે હરિફાઇથી લખાઇ આવતા નિબંધો અને પુસ્તકોની પરીક્ષા અને છેવટનો નિર્ણય કચ્છ રિજન્સી કૌન્સિલદ્વારા થતો અને તે કામ કેટલું ચોક્કસ અને કાળજીપૂર્વક થતું હતું તે દર્શાવવા માટે સન ૧૮૮૦ ના 'બુદ્ધિપ્રકાશ'માંથી એક ઉદાહરણ આપીશું:—

## રીજંશી કૌંસીલમાં ઠરાવ નં. ૩૬૪૭ સંવત ૧૯૩૬.

ગુજરાતીને ઉત્તેજન આપવા તથા તે ભાષા સુધારવા પાછળ પ્રયત્ન કરનારાઓને આશ્રય આપવાના હેતુથી નામદાર કૌંસીલ તરફથી ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી મારફત સને ૧૮૭૮ ની સાલમાં કચ્છ કાઠીયાવાડ અને ગુજરાતની ખેતીવાડી સુધારવાના વિષય ઉપર નિબંધ લખવા તથા ટોડ રાજસ્થાનના ૧૭૪ પાનાનો તરજુમો કરવા બાબત ઇનામ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતાં.

(૧) "ખેડ ખાતર ને પાણી ધાનને લાવે તાણી."
(૨) "ખેતીવાડીને ચાહનાર" ટોડનું ભાષાંતર.
(૧) "રસિક સુઘડ નાર વિગેરે."
(૨) "ધરી ખરી ધીરજ સુરલોકો વિગેરે."
(૩) "ભાવનગરથી ઓઝા દુલેરાય મહીપતરાય."
(૪) રાજકોટથી સત્યમેવ જયતે.

આ ઉપરથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી ખેતી વિષે ૨ નિબંધ અને ટોડનાં ભાષાંતર, ૪ હાંસીઆમાં લખી સંજ્ઞાવાળા આવ્યા હતાં. સિવાય મુદ્દત બાદ રા. રૂદરજી રાણા તરફથી ખેતી વિષે એક નિબંધ અહિં પરભારો આવ્યો હતો.

નિબંધો અને ભાષાંતર તપાસી ઇનામ આપવા લાયક તેમાં કિયો નિબંધ અને ભાષાંતર છે, તે વિષે રિપોર્ટ કરવા નીચે લખ્યા ગૃહસ્થોને કૌંસીલ તરફથી નિમવામાં આવ્યા હતા.

રા. વિનાયકરાવ નારાયણ ભાગવત નાયબ દિવાન રા. રા. દલપતરામ પ્રાણજીવન એજ્યુકેશનલ ઇન્સ્પેકટર કચ્છ; રા. રા. છોટાલાલ સેવકરામ મહારાજા રાઓ સાહેબના ટયુટર; રા. દામોદર દિનાનાથ ભટ્ટ, બી. એ. હેડ માસ્તર, હાઇસ્કૂલ ભુજ. આ કમિટી તરફથી રીપોર્ટ સાથે નિબંધો અને ભાષાંતર આવ્યાં તે લક્ષમાં લેતાં જણાય છે કે ૧--૨ ખેતી વિષેના નિબંધોમાંથી "ખેતીવાડીને ચાહાનાર" એ સંજ્ઞાવાળો નિબંધ કમિટીએ ના પસંદ કર્યો છે અને "ખેડ ખાતર ને પાણી ધાનને લાવે તાણી" એવી સંજ્ઞાવાળો નિબંધ એવી શરતથી પસંદ કર્યો છે કે જો તેનો રચનાર કબુલ કરે કે તેમાં જે દોષ છે તેને નાયબ દિવાન રા. વિનાયકરાવજીની સૂચના પ્રમાણે તેમના ઉપરીપણા નીચે શુદ્ધ કરે તો તે છપાવવા તથા ઇનામ આપવા લાયક છે. માટે તે સરતે તે નિબંધના રચનાર રા. બાપાલાલ ભાઇશંકર ભરૂચ ઇંગ્રેજી નિશાળના આસિસ્ટંટ માસ્તરને ઇનામ રૂ. ૨૦૦) બસો આપવા અને 'ખેતીવાડીને ચાહનાર' એ નિશાનીવાળો નિબંધ તેના રચનારને પાછો મોકલવો. રા. રૂદરજી રાણાનો રચેલ નિબંધ હુન્નરની બાબતમાં રા. બાપાલાલના નિબંધ કરતાં ઘણે દરજ્જે ચડતો છે, પરંતુ તે મુદતસર આવ્યો નોહોતો માટે તેને પ્રસિદ્ધ કરેલું ઇનામ મળવા હક નથી. તો પણ તે છપાવવા જેવો છે એવો કમિટિનો અભિપ્રાય છે તેને અનુસરી ઠરાવવામાં આવે છે કે તે પણ નાયબ દિવાન રા. વિનાયકરાવજીના ઉપરિપણા નીચે સુધરાવી છપાવવો અને તે કબુલ કરવાની સરતે રા. રૂદરજીને એ નિબંધ રચવા બદલ રૂ. ૧૦૦ એકસો ઇનામ આપવું. રા. બાપાલાલનો નિબંધ કૉંશીલ છપાવશે પણ રા. રૂદરજીનો નિબંધ તેમણે પોતે છપાવવો. (૨) ટોડનાં ભાષાંતર બાબત કમિટીનો એકમત થયો છે કે રા. લલુભાઇ નાનાભાઇનું ભાષાંતર પસંદ કરવા લાયક નથી અને બીજાં ૩ ભાષાંતર બાબત કમિટિના મેમ્બરોનો મતભેદ થયો છે, માટે રા. લલુભાઈ નાનાભાઇનું ભાષાંતર પસંદ કરવા લાયક નથી અને બીજાં ૩ ભાષાંતર બાબત કમિટિની મેમ્બરોનો મતભેદ થયો છે, માટે રા. લલુભાનું ભાષાંતર તેમને પાછું મોકલવું. અને બાકીના ત્રણ કમિટીના મેમ્બરોના અભિપ્રાય સાથે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના મંત્રી રાવસાહેબ મહિપતરામ રૂપરામ છે અને જેઓ ભાષાંતરના કામમાં ખાસ કુશળ છે તેમને મોકલવા. એટલા માટે કે તેઓ એ ભાષાંતરો અને તે વિષે કમિટિનાં મેમ્બરોનો અભિપ્રાય છે તે લક્ષમાં રાખી અભિપ્રાય

આપે કે તેમાંનું કોઈ ભાષાંતર પ્રસિદ્ધ કરવા તથા ઇનામ આપવા લાયક છે ? અને છે તો કયું તે કૌંશીલને જણાવે કે તે ધ્યાનમાં રાખી ઇનામ વિશે કૌંસીલ છેવટનો નિર્ણય કરી શકે.

જો સદરહુ ભાષાંતર કરી મોકલનારામાંથી કોઇનું ભાષાંતર પસંદ થાય તો તેનેજ બાકીના પાનાનું ભાષાંતર કરવાનું કામ સોંપવું ઉચિત છે કે શી રીતે તે પણ રાવસાહેબ મહીપતરામજી કૌંસીલને જણાવશે તો ઉપકાર થશે. જો કોઈ ભાષાંતર પસંદ ન થાય તો તેજ બાબત નવેસર ભાષાંતર કરવાનું ઈનામ ફરીવાર પ્રસિદ્ધ કરવા તેમનો મત થાય છે કે કેમ તે પણ કૌંસીલ જાણવા ઇચ્છા રાખે છે. ઉપરાંત ચાલતા વર્ષમાં ક્રિયા વિષય ઉપર નિબંધ કરવાનું ઇનામ પ્રગટ કરવા સોસાઈટી સૂચના કરે છે તે પણ જાણવા કૌંસીલ આતુર છે.

આ ઠરાવ રાજ્ય પત્રમાં પ્રસિદ્ધ કરવો અને તેની નકલ તથા લાગતા વળગતા કાગળો ટોડ રાજસ્થાનની ચોપડી સહિત રાવસાહેબ મહીપતરામ રૂપરામ ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના સેક્રેટરી સાહેબ તરફ મોકલવા. સંવત ૧૯૩૩ ના પોસ સુદી ૬."*

(સહી) **મણીભાઈ જસભાઈ,**
**દિવાન-કચ્છ.**

સદરહુ રિજન્સી કૌન્સિલના એક સભ્ય મી. ગિબ્સ છૂટા થતી વખતે તેમનું સ્મારક કરવાનો નિર્ણય થયલો અને તે સ્મારક ફંડ રૂ. ૨૫૦૦ નું ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને, દી. બા. મણિભાઈની પ્રેરણાથી ગુજરાતી ભાષા અને સાહિત્યની ખીલવણી સારૂ સોંપાયું હતું. સોસાઈટી ત્યાં સુધી એક રજીસ્ટર મંડળ નહોતું; અને સોસાઇટી સન ૧૮૬૦ ના ૨૧ મા એકટ પ્રમાણે કાયદેસર નોંધાયલી હોય તો તે ફંડ લેવાનું બની શકે તેથી એ અડચણ દૂર કરવાને ઑનરરી સેક્રેટરી મહીપતરામે તેને તાબડતોબ રજીસ્ટર કરાવવા તજવીજ કરી હતી. પ્રસ્તુત એકટ સન ૧૮૬૦ માં પસાર થયલો અને સોસાઇટી તે પહેલાં સન ૧૮૪૮ માં સ્થપાયલી એટલે કાયદાની દૃષ્ટિએ તેના નિયમોમાં કાંઇ ટેકનિકલ દોષ આવતો હતો; પણ તેનો તોડ કાઢી કચ્છ રિજન્સી કૌન્સિલ તરફનું કચ્છ ગિબ્સ સ્મારક ફંડ સોસાઇટીએ સ્વીકાર્યું હતું.

---

* બુદ્ધિપ્રકાશ, સન ૧૮૮૦, પૃ. ૧૦૯-૧૧૧.

એ પરંપરા શરૂ થઇ તેને અનુસરીને પછીથી મણિભાઇ સ્મારક ફંડ-- જેનું વ્યાજ ભાષાંતરનાં પુસ્તકો તૈયાર કરાવવામાં અને કચ્છ રાજ્યમાંનાં દશ પુસ્તકાલયોને નવાં પ્રસિદ્ધ થયલાં પુસ્તકો મોકલી આપવામાં ખર્ચાય છે તે અને સૌ. કંકુબાઈ સ્મારક ફંડ–કચ્છના તે સમયના દિવાન મોતીલાલ લાલભાઇનાં પત્નીના સ્મરણાર્થે ઉભું કરેલું, જેમાંથી મગનભાઇ કન્યાશાળામાં સ્કોલરશીપ અપાય છે અને તેની બચત રકમમાંથી સ્ત્રીયોપગોગી પુસ્તકો રચાવવાની યોજના રાખેલી છે–સોંપાયાં હતાં.×

સોસાઇટી ઉપર કચ્છ રાજ્યના ઉપર નિર્દિષ્ટ કરેલા ઉપકાર છે અને એ મીઠો સંબંધ સદા સચવાઈ રહે અને રાજ્ય તરફથી મળેલી મદદ માટે કૃતજ્ઞતા દાખવવા કચ્છના મહારાવ શ્રી ખેંગારજી સવાઈ બહાદુર રાજ્યાસને આવ્યા તે શુભ પ્રસંગે સોસાઇટી તરફથી તેઓશ્રીને એક અભિનંદન પત્ર મોકલી આપવામાં આવ્યો હતો.*

વળી એ સંબંધ એવો ગાઢ જામ્યો હતો કે રાજ્યમાં થતા શુભાશુભ પ્રસંગે સોસાઇટી મુબારકબાદી કે દિલસોજીના સંદેશા કચ્છના મહારાવને મોકલતી રહેતી. અને સન ૧૮૯૪માં મહારાવશ્રીનું એમના દિવાન મોતીલાલ લાલભાઇને ત્યાં લગ્ન પ્રસંગે પધારવાનું થતાં, એ અવસરે સોસાઇટીએ મહારાવશ્રીને ખાસ માનપત્ર આપ્યું હતું; તે નીચે પ્રમાણે હતું:—

HIS HIGHNESS MAHARAJA DHIRAJ MIRZA MAHA RAO SHRI KHANGARJI SAVAI BAHADUR. G. C. I. E., MAHARAO OF KUTCH.

***May it please Your Highness,***

On behalf of the Gujarat Vernacular Society we the undersigned members of the Managing

---

* જુઓ પરિશિષ્ટ પૃ. ૯૦.

× દી. બા. મણિભાઇનો રાજ વહિવટ એટલો સફળ અને યશસ્વી જણાયો હતો કે તે પછી કચ્છ રાજ્યના દિવાન પદે આજ પર્યન્ત ગુજરાતીઓજ નિમાતા આવ્યા છે. નંદશંકર તુલજાશંકર થોડો સમય એ પદે રહેલા અને મોતીલાલ લાલભાઇ; રણછોડભાઇ ઉદયરામ અને ચુનીલાલ સારાભાઇ વગેરેનાં કાર્યો કચ્છી પ્રજા હજુ મમતાપૂર્વક સંભારે છે અને શિક્ષક તરીકે પણ ત્યાં જઇ આવેલા ગૃહસ્થોમાં છોટાલાલ સેવકરામ, શિવલાલ ધનેશ્વર, હરજીવન ત્રિભુવન ત્રિપાઠી, દલપતરામ ખખ્ખર, દી. બા. કેશવલાલ ધ્રુવ વગેરે સાહિત્યકારોએ જે પ્રતિષ્ઠા સ્થાપેલી તે પણ આનંદદાયક નિવડી છે.



મહારાવ શ્રી ખેંગારજી સવાઈબહાદુર
(કચ્છના મહારાજા)

Committee welcome most heartily Your Highness's visit to this ancient Capital of Gujarat.

2. It is highly gratifying and pleasing to the Society to greet in the person of Your Highness one of the foremost Champions of Vernacular literature and advocates of the spread of education. With princely munificence Your Highness has founded the Maha Rani Shri Naniba Pathshala for the regeneration of Sanscrit learning and has breathed new life into the Hindi College of the Ars Poetica established by Your Highness's Royal ancestor Maha Rao Shri Lakhpatji. The Alfred High School, the Middle Schools and Vernacular Schools scattered all over Kutch, along with the Art School and similar other institutions bear further testimony to the great interest Your Highness takes in the cause of education. The Society is indebted to the Kutch State for the endowment of the Kutch Gibbs' Memorial Fund and it is to the Kutch State that it owes the munificent Diwan Bahadoor Manibhai Jasbhai Memorial Fund. Your Highness's zeal for the cultivation of Gujarati literature is further evinced by the employment of distinguished authors like Professor Manilal N. Dwivedi to write works of classical excellence and by generous encouragement to literary publications.

3. The Gujarat Vernacular Society too has been working on these lines for the spread of education and cultivation of Gujarati literature. Established in the year 1848 under the auspices of the Honourable A. K. Forbes, the Society has steadily risen in the esteem and regard of the public.

It has at present 33 Trust Funds to manage, the capital of which is over one lac of rupees in the aggregate. The cost of printing books prepared out of the proceeds of the Trust Funds is ever increasing so that the interest of the funds proper of the Society is found to be insufficient to meet it. To obviate these difficulties the Society proposes to enlist the sympathies and secure the patronage of Chiefs of Your Highness's exalted position and enlightened views. Such royal patronage strengthens the nerves, stimulates the activities and develops the potential capabilities of the Society as much as it reflects luster to it and raises it in the eyes of the public.

4. Praying for Your Highness's long life and prosperity in the interest of the Gujarat Vernacular Society of which Your Highness is a distinguished life-member and in the interest of education and Vernacular literature, requiring the fastering care of a royal patron like Your Highness, we beg to subscribe ourselves.

Your Highness's Most Obedient Servants.‡

(૩)

ગુજરાતની સરહદ પર પાલનપુરનું ન્હાનું રાજ્ય આવેલું છે; અને એક દિલસોજ અને લોકપ્રિય રાજકર્તા તરીકે એ રાજ્યના નવાબોની બહોળી ખ્યાતિ છે. એ રાજકુળનો ઇતિહાસ ચૌદમા સૈકાથી શરૂ થાય છે; અને તેનો વૃત્તાંત રોમાંચક સાહસભર્યો છે. રાજ્ય તરફથી પાલનપુર રાજ્યનો ઇતિહાસ" એ નામનું એક સુંદર પુસ્તક પ્રસિદ્ધ થયલું છે અને તે મહત્વનું છે.

સન ૧૮૯૩ માં નવાબસાહેબ દીવાન શ્રી શેરમહમદખાનજી અમદાવાદ પધારેલા તે વખતે એઓનો સોસાઇટીએ માનપૂર્વક સત્કાર કરેલો અને

‡ વાર્ષિક રીપોર્ટ સન ૧૮૯૪, પૃ. ૩૯.

સોસાઈટીનું નવું મકાન બંધાવવા નાણાંની જરૂર હતી તે સારૂ અરજ કરતાં, તેની યાદીમાં નવાબ સાહેબે સારી રકમ ભરી હતી.

(૪)

મુંબાઈના ગવર્નરે લોર્ડ રે ઇડરના રાજાનો રાજ્યાભિષેક થતી વખતે આ તરફ આવેલા એ તકનો લાભ લઇને સોસાઈટીએ એમને માનપત્ર આપીને સોસાઇટીના પેટ્રન થવા વિનંતિ કરી હતી; તેમ લુણાવાડાના મહારાજા શ્રી વખતસિંહજીને હિંદી સરકારે જી. સી. આઇ. ઇ નો માનવંતો ઈલ્કાબ બક્ષ્યો તેની ખુશાલીમાં સોસાઈટીએ એઓશ્રીને અભિનંદન પત્ર મોકલ્યો હતો.

એ રાજ્ય રેવાકાંઠા એજન્સીમાં આવેલું છે. એનો રાજ્યવિસ્તાર ૩૮૮ સ્કેવર માઇલનો છે; અને તેની વાર્ષિક ઉપજ આશરે છ લાખની છે. એ મુલક ફળદ્રુપ છે અને રાજ્યનાં જંગલમાંથી સારી ઉપજ આવે છે. લુણાવાડાના રાજકર્તાઓ સોલંકી કુળના છે અને તેઓ સિદ્ધરાજ જયસિંહના વંશજો છે. સ્વર્ગસ્થ મહારાજા સર વખતસિંહજીને સરકાર તરફથી ૧૧ તોપનું માન મળતું હતું.

સોસાઇટીને એ કાળે રાજા મહારાજાઓ તરફથી સારી સહાયતા મળતી અને તેના કાર્ય પ્રત્યે એ સૌની સહાનુભૂતિ હતી.

આરંભમાં કહ્યું તેમ આપણી વિદ્યાની વૃદ્ધિ અને ખીલવણી અર્થે રાજ્યાશ્રય આવશ્યક છે. એ મદદ વિના વિદ્યાના સંશોધન અને શાસ્ત્રીય અભ્યાસ અને પ્રકાશનનાં કાર્યો થઇ ન જ શકે. આપણે ઇચ્છીશું કે આપણા રાજા મહારાજા આપણી જુની પરંપરા ને વિદ્યાને કેળવણીનાં સત્કાર્યોને ઉત્તેજન અને મદદ આપીને જીવંત અને ગતિમાન રાખે.

ઉપરોક્ત ત્રણે માનપત્રો નીચે આંક ૧, ૨ અને ૩ મૂકીને આપ્યાં છે.

(નં. ૧.)

**નામદાર શ્રી દીવાન મહાખાન શ્રી સર શેરમહમદખાનજી**
**સાહેબ બહાદુર, કે. સી. આઇ. ઇ.**
**ની હજુરમાં.**

(૧) અમો ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીની વ્યવસ્થાપક કમિટીના મેમ્બરો અતિ નમ્રતાથી અને માનપૂર્વક આપ નામદારની હજુરમાં આવવાની રજા માગીએ છીએ અને મામાળુ કૈસરે હિંદે આપ નામદારને કે. સી. આઈ. ઇ. નો માનભરેલો ઈલ્કાબ આપ્યો છે તેને માટે ખુશી પ્રદર્શિત કરીએ છીએ અને આપને અંતઃકરણપૂર્વક મુબારકબાદી આપીએ છીએ.

(૨) ગુજરાતમાં કેળવણી અને વિદ્યાનો ફેલાવ કરવા માટે તથા ગુજરાતી ભાષામાં પુસ્તક વૃદ્ધિ કરવા માટે આ સોસાઈટી ૧૮૪૮માં સ્થપાઇ

છે. ગયાં ૪૫ વરસમાં સસ્તાં અને ઉપયોગી ઘણાં પુસ્તકો સોસાઇટી તરફથી પ્રગટ થયાં છે અને વિદ્યાવૃદ્ધિનાં ખાસ કામો માટેનાં કેટલાંક ફંડની વ્યવસ્થા પણ સોસાઇટી કરે છે.

(૩) આપ નામદાર આ સોસાઇટીના લાઈફ મેમ્બર છો અને સોસાઇટીના કામને ઉત્તેજન આપો છો તેને માટે સોસાઇટી આપનો ઉપકાર માને છે.

(૪) ગુજરાતી તથા ઉરદુશાળાઓ અને કન્યાશાળાઓ ઉઘાડી તેમજ અંગ્રેજી હાઇસ્કૂલ સ્થાપીને પ્રાથમિક અને ઊંચી કેળવણીને આપ આશ્રય આપ્યા જાઓ છો, અને લાઇબ્રેરી સ્થાપીને સામાન્ય જ્ઞાનવૃદ્ધિને ઉત્તેજન આપો છે, એથી સોસાઈટીને બહુ આનંદ થાય છે. આપ નામદારના એ સ્તુતિપાત્ર યત્નના બદલા તરીકે પ્રભુની પ્રસન્નતાદર્શક આપને જે માન મળ્યું છે તે ઉપરથી અમે આશા રાખીએ છીએ કે જ્ઞાનવૃદ્ધિમાં ઉત્તરોત્તર આપનો આશ્રય અને સુકીર્તિ વધતાં જશે.

(૫) વિદ્યાવૃદ્ધિમાં આગેવાન, તથા ગુજરાતનું પુરાતન પાયતખ્ત એવા સોસાઈટીના સ્થળમાં આપ નામદારના માનને માટે ભવ્ય સમારંભ થયો અને સોસાઈટીનું કામ અને સ્થિતિ પ્રત્યક્ષ જોવાનો આ શુભ પ્રસંગ આપને મળ્યો તેથી અમને વિશેષ આનંદ થાય છે.

(૬) છેવટે અમે ઇચ્છીએ છીએ કે પરમેશ્વર આપ નામદારને તથા આપના કુંવર સાહેબને દીર્ઘાયુ કરે અને આનાથી મોટા ઈલકાબ આપ મેળવો અને તે સુખથી ભોગવો.†

---

* રીપોર્ટ સન ૧૮૯૩, પૃ. ૨૯.

† આ પ્રસંગનો લાભ લઇ સોસાઇટી તરફથી નવું મકાન બંધાવવા બાબતનું ફંડ ઉભુ કરવા પ્રયત્ન થતાં નામદાર દીવાન સાહેબે તથા અત્રે પધારેલા મહારાજાઓએ નીચે પ્રમાણે રકમો સદરહુ ફંડમાં બક્ષીસ કરી છે તેમનો આભાર માનવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | નામદાર શ્રી દીવાન મહાખાન શ્રી સર શેરમહમ્મદ ખાનજી સાહેબ બહાદુર કે. સી. આઇ, ઈ. પાલણપુર. | રૂા. ૬૫૧) |
| (૨) | મહારાઉલ શ્રી માનસિંહજી રાજા સાહેબ, બારીયા. | રૂા. ૫૦૦) |
| (૩) | મહારાઉલશ્રી પ્રતાપસિંહજી ગુલાબસિંહજી રાજાસાહેબ વાંસદા. | રૂા. ૫૦૦) |
| (૪) | મહારાઉલશ્રી મોતીસિંહજી રાજાસાહેબ, છોટાઉદેપુર | રૂા. ૫૦૦) |
| (૫) | નવાબસાહેબ શ્રી મનવરખાનજી જોરાવરખાનજી વાડાસીનોર | રૂા. ૩૨૫) |
| (૬) | મહારાણાશ્રી પ્રતાપસિંહજી રાજાસાહેબ સુંથ | રૂા. ૩૦૦) |
| | | રૂા. ૨૭૭૬) |

(નં. ૨.)

## મુંબઈના ગવર્નર લૉર્ડ રે

[ ઈડરના મહારાજા સાહેબને કે. સી. એસ. આઈ. ના ખેતાબનો ચાંદ અર્પણ કરવાની ક્રિયા માટે ગયા ડિસેમ્બર માસમાં મુંબાઇના લોકપ્રિય ગવર્નર સાહેબ લૉર્ડ રે અમદાવાદ પધાર્યા હતા, તે પ્રસંગે થયેલી ધામધુમ વગેરેનું વર્ણન વર્તમાનપત્રોમાં તેજ વખતે પ્રગટ થઈ ચૂક્યું છે. કેળવણી અને વિદ્યાવૃદ્ધિ તરફ એ નામદારનું વિશેષ વલણ હોવાથી એવાં ખાતાંઓ તરફ તે બહુ પ્રેમ રાખે છે, અને તેમના ઉત્કર્ષને માટે બનતી કાળજી પણ રાખે છે, ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનો હેતુ વિદ્યાવૃદ્ધિનો અને કેળ-વણીનાં કામને ઉત્તેજન આપવાનો છે. એવાં કામમાં હોંસ ધરાવતા આ ઇલાકાના એક સર્વોપરિ અમલદારનો સંબંધ સોસાઇટી સાથે જોડવાની આકાંક્ષાથી એ નામદારનું અમદાવાદ પધારવું થયું તેનો લાભ લેઇ સોસા-ઈટીની વ્યવસ્થાપક મંડળીએ એક માનપત્ર એ નામદારને અર્પણ કરી નામદાર ગાયકવાડ મહારાજા સયાજીરાવની સાથે પોતે આ સોસાઈટીના પેટ્રન ( સુરબ્બી ) થવાની વિનતી તેમને કરી હતી અને અમને જણાવવાને ઘણો આનંદ થાય છે કે સોસાઇટીની એ વિનતી તે નામદારે ખુશીથી કબુલ રાખી સોસાઇટીને વિશેષ પ્રતિષ્ઠિત કરી છે. શાહીબાગના મહેલમાં એ નામદારનો મુકામ હતો તે સ્થળે તા. ૧૭-૧૨-૮૭ ને રોજ બપોરના બાર વાગતે સોસાઇટીની વ્યવસ્થાપક મંડળીના સદ્‌ગૃહસ્થોનું ડેપ્યુટેશન એ નામદારની પરવાનગીથી ગયું હતું અને અગાઉથી તૈયાર કરી રાખેલું માનપત્ર ત્યાં વાંચી સંભળાવીને અર્પણ કર્યું હતું. સદર્હુ માનપત્રનો તથા એ નામદારે વાળેલા તેના જવાબનો ભાવાર્થ નીચે પ્રમાણે હતો. ]

### માનપત્રનો ભાવાર્થ

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના પેટ્રન ( સુરબ્બી ) થવાને આપ નામદારને અરજ ગુજારવાની પરવાનગી માગતાં અમો એ સોસાઈટીની મેનેજીંગ કમિટીના સભાસદો, સદર્હુ મંડળીનો સંક્ષિપ્ત અહેવાલ નિવેદન કરવાની રજા માગીએ છીએ.

ગૂજરાતની પ્રાચીન વિદ્યાને જાળવી રાખવાના અને હાલ ચાલતી ભાષામાં વિદ્યાવૃદ્ધિને ઉત્તેજન આપવાના હેતુથી સને ૧૮૪૮ માં આ સોસાઈટી સ્થાપન કરી હતી. આ મંડળી સ્થાપવાનું માન પ્રખ્યાત મર્હુમ

અલેક્ઝાંડર કીન્લાક ફાર્બસ સાહેબને છે. એમના નિઃસ્વાર્થ શ્રમથી દેશી ઠાકોરો, રાજાઓ અને નામીચા સદ્‌ગૃહસ્થો તરફથી સોસાઈટીને મદદ મળી.

જે યોજનાઓથી સોસાઈટી પોતાનો હેતુ પાર પાડવાનું કામ કરે છે; તે યોજનાઓમાંની મુખ્ય નીચે પ્રમાણે છેઃ—

(૧) ઉપયોગી અને મનોરંજક પુસ્તકો ગુજરાતીમાં લખવા માટે લાયક વિદ્વાનો કામે લગાડવા.

(૨) સોસાઈટીએ પસંદ કરેલા વિષયો જણાવીને તે ઉપર ગ્રંથો લખનારને ઇનામ આપવાં.

(૩) પ્રાચીન ઉપયોગી ગ્રંથોની લખેલી પ્રતો મેળવી તેમનો સંગ્રહ કરવો.

(૪) એક માસિક પુસ્તક પ્રગટ કરવું.

(૫) ગ્રંથકારોનાં પુસ્તકો ખરીદીને તેમને ઉત્તેજન આપવું.

(૬) બની શકે તેટલી સસ્તી કીમતે ગૂજરાતી પુસ્તકો પ્રગટ કરવાં અને વેચવાં.

(૭) વિદ્યાવૃદ્ધિના અને કેળવણીના કાર્યમાં મદદ કરવા માટે સ્થાપેલાં યાદગીરીનાં અને બીજાં ફંડોની વ્યવસ્થા કરવાનું માથે લેવું.

આમાં છેલ્લી યોજનાના સંબંધમાં સોસાઇટીનું ઉપયોગીપણું પ્રતિદિન વૃદ્ધિ પામતું જાય છે. આવી એક સોસાઇટી ના હોય તો જે નાનાં નાનાં ભંડોળોનો વહિવટ થવો અશક્ય થઈ પડે તેવાં ભંડોળોને આ યોજનાથી ઉત્તેજન મળે છે. આવું કામ માથે લેવાનું થોડાંજ વરસથી સોસાઈટીએ શરૂ કર્યું છે તે અરસામાં એકંદર રૂ. ૩૬,૦૦૦ નાં ફંડો સોસાઇટીના વહીવટમાં આવ્યાં છે.

સઘળા પ્રકારની કેળવણીની અને વિશેષ કરીને ઉપયોગની અને શરૂઆતની કેળવણીની વૃદ્ધિને માટે આપ નામદાર બહુ કાળજી રાખતા જણાઓ છો તેથી કરીને કમિટી એમ ધારે છે કે, વડોદરાના નામદાર ગાયકવાડ મહારાજની સાથે આપનું નામ આ મંડળીના પેટ્રન તરીકે જોડાવાથી સોસાઈટીને ઘણી પ્રતિષ્ઠા પ્રાપ્ત થશે, અને કમિટી આશા રાખે છે કે આપ નામદારના ઉપરીપણાથી અને બીજી મદદથી સોસાઇટી ઘણી આબાદ થશે, તથા જે હેતુથી તેની સ્થાપના થઈ છે તે હેતુ પાર પાડવાને માટે હાલના કરતાં તે વધારે શક્તિમાન થશે.

ગૂ. વ. સોસાઇટીની વ્યવસ્થાપક મંડળીનો એવો નમ્ર અભિપ્રાય છે યુનિવર્સિટિની પદ્દિની પરીક્ષાઓના અધ્યયન ક્રમમાંથી દેશી ભાષાઓને બાતલ રાખવાથી હાલના વિદ્યાર્થીઓ દેશી ભાષાઓના જ્ઞાનની ખીલવણી કરવામાં નિસ્પૃહિ થાય છે, અને તેથી કરીને દેશી ભાષામાં લખનારાઓની અછત વધતી જાય છે, તથા જે થોડાક એ ભાષાઓમાં લખવાનું કામ ઉઠાવે છે તેમનું લખાણ એક સરખી રીતનું મળી આવતું નથી. કમિટી આશા રાખે છે કે આપ નામદાર, યુનિવર્સિટિ પોતાના અધ્યયન ક્રમમાં દેશી ભાષાઓ દાખલ કરે એવું તેને સમજાવીને, સોસાઇટીના હેતુને ઉત્તેજીત કરી શકશો. આ બાબત વિષે થોડા વખતમાં યુનિવર્સિટિને એક અરજી મોકલવાનો સોસાઇટીનો વિચાર છે.

આ નમ્ર વિનંતી સાંભળવાનું આનંદપૂર્વક માન્ય રાખ્યાને માટે સોસાઇટીની તરફથી અમે આપ નામદારનો ઉપકાર માનીએ છીએ.

**નામદાર ગવર્નર સાહેબે આપેલો ઉત્તર**

ગૃહસ્થો, જે કામ કરવાનું તમારી સોસાઇટીએ માથે લીધું છે તે કામને હું અતિ અગત્યનું માનું છું. એ કામ જો કે ઘણાં છે તો પણ મારે કંઇ ઉમેરો કરવાનો છે.

તમારા પ્રાંતમાં સાધારણ રીતે સર્વના ગાવામાં આવતાં હોય તેવાં ગીતોનો સંગ્રહ કરવાનું કામ તમારી સોસાઇટી કરે તો સારૂં. એ કામ ઘણું અગત્યનું છે. તમારાથી બની શકે એવી સારી રીતે પ્રયત્ન કરીને એ ભાષાના સાહિત્યને મેળવીને સંઘરી રાખવું જોઇએ. વળી સાધારણ ગીતોનાં થોડા થોડા ભાગ મળી આવે તેમને પણ ભેગા કરીને જાળવી રાખવા જોઇએ.

ગૃહસ્થો, મનોરંજક પુસ્તકો રચવાનું કામ તમારી સોસાઇટી કરે છે એમ તમારા માનપત્રમાં જણાવ્યું છે એવા મનોરંજક ભાષાના ગ્રંથોને હું વિશેષ કીમતી ગણું છું. એક વર્ગ તરીકે રમુજ તરફ તમારા લોકનું વલણ નથી અને તેથી કરીને કામકાજમાં રોકાઇ રહેતા તમારા ઘરડા માણસો તેમની જીંદગી થોડી ઘણી પણ રમુજમાં ગાળી શકે એવું કંઈ પણ કામ તમે કરશો તો તે ઘણું ઉપયોગી થઇ પડશે.

દેશી ભાષાઓને યુનિવર્સિટીની પદ્દિની પરીક્ષાઓમાં દાખલ કરાવવા સંબંધી તમે જે કહ્યું, તેને હું સંપૂર્ણ રીતે મળતો આવું છું. પણ ગૃહસ્થો, તમે જાણો છો કે યુનિવર્સિટી એ એક સ્વતંત્ર ખાતુ છે. તેનો વહીવટ સરકારના તાબામાં નથી અને જો કે હું તેનો અધ્યક્ષ છું તો પણ તેના કામકાજમાં વચ્ચે પડવાને ઇચ્છતો નથી, કારણ કે પોતાના કામમાં બીજાઓ

વચ્ચે પડે તે યુનિવર્સિટીને પસંદ પડતું નથી. ગવરનર અને યુનિવર્સિટીના અધ્યક્ષ તરીકેની મારી પદ્વીમાં એ ખાતુ કંઈ ભેદ ગણતું નથી તો પણ તમારું આ માનપત્ર હું બહુ કાળજીથી મારી પાસે રાખીશ અને મારા મિત્ર આનરેબલ મી. વેસ્ટસાહેબને આપીશ કે જેના ઉપર યુનિવર્સિટીનો ઘણો વિશ્વાસ છે. અમે એ ખાતાના બંધારણમાં નવી ગોઠવણ કરવાની તજવીજ કરીએ છીએ, તે ગોઠવણથી હવે તમારા પોતાના હાથમાં સત્તા આવશે અને મને આશા છે કે તમારી ધારણા પાર પાડવાને અગાઉના કરતાં હવે તમે વધારે શક્તિમાન થશો.

તમારી સોસાઈટીના પેટ્રન થવાને માટે તમારા માનપત્રમાં કરેલી વિનંતિ ઘણી ખુશી અને ઉપકારની સાથે હું કબૂલ રાખું છું.*

(નં. ૩.)

To,

HIS HIGHNESS THE MAHARANA SHREE
SIR WAKHATSINGJI K. C. I. E.
RAJA SHAHEB OF LUNAWADA.

*Your Highness,*

We the members of the Managing Committee of the Gujarat Vernacular Society beg to offer our humble congratulation to Your Highness for Your Highness' elevation to the highly honoured order of Knight Commander of the Indian Empire. This Society which has been in existence for more than 40 years already has honour to have on the roll of its members the distinguished name of Your Highness.

Your Highness will be pleased to hear that the Society is making very fair progress. Its annual income amount to Rs. 3000 a year aud it has under its management endowment funds amounting to more than Rs. 50000. The numbers of readers in this country is so limited and their taste is so very primitive that good writers have yet to depend for the remuneration of this labour–may even some–times

---

* બુદ્ધિપ્રકાશ સન ૧૮૮૮, પૃ. ૪૧.

for the cost of publication upon the support of enlightened princes. In order to give such aid to authors some enlightened Darbars and generous Gentlemen have presented to this Society funds ranging from Rs. 500 to 7500 with directions to apply the interest on them annually towards the composition and publication of useful works in Gujarati. The list of publications given in the last annual report of the Society will show what useful work is being done in that direction on this system by the Society.

The Committee beg leave to express their admiration of Your Highness' liberal educational policy and judicious charity and express a hope that the growth of a useful and entertaining literature will also have its share of Your Highness' attention,

Praying that Your Highness will be blessed with a long and happy career and will long enjoy the most eminent order to which Your Highness has been exalted.*

We beg to remain,

Your Highness' most obedient servant,

President,

**Ranchhodlal Chhotalal.**

Hon. Secretary. G. V. Sociaety.

**Mahipatram R. Nilkanth.**

Members

**Cawasji M. Karanjewala.**

**Keshavlal Motilal.**

**Nilkanth Dahyabhai** L. M. & S.

**Sangavi Nagindas Purshottamdas.**

**Khushaldas G. Patel.**

**K. H. Dhruva** B A.

**Krishnarao Bholanath.**

**J. E. Tamna.**

---

* કમિટીના કાગળો સન ૧૮૮૯-૯૧.

# પરિશિષ્ટ ૪

## કચ્છના મહારાવને અભિનંદન પત્ર

To,

His Highness Maharaja Dhiraj Mirja
Maharao Shri Khengarji Bahadur.
Ruler of CUTCH-BHUJ.

***May it please Your Highness,***

On behalf of the Gujarat Vernacular Society we beg most respectfully to approach your Highness with our heartfelt congratulation on the happy occasion of your Highness's instollation.

The proclamation issued on shrawan Vad 5th sumvat year 1940 when your Highness assumed the power of the state bears testimony to the fact that your Highness realises the great responsibility which lies on an enlightened ruler. In light of modern civilization a ruler cannot be said to have completely discharged his duty by affording to his subjects security of life and property nor even by encourag-ing the development of the natural resources of his state. A duty still noble, and still more difficult, lies on him-the duty of educating the people to take active and enlightened interest in the administration of the country by Local-self-Government and a representative legislative council or other suitable means. To a certain extent this duty is easier of accomplishment where, as in the case of Your High-ness, the difference between religious and social feel-ings of the rulers and the ruled in quite insignificant.

We have every hope that Your Highness will succeed in making the State of Cutch a model native state in this respect.

The first great step towards the accomplishment of this object is popular education. In this respect this Society has received the most generous aid from the Cutch Council of Regency during Your Highness's minority, and we have no doubt that having assumed the administration of the state into your own hands Your Highness will continue to patronise Gujarati literature in the same judicious and liberal manner.

We beg leave to conclude this humble letter with a prayer to Almighty that He may give Your Highness long life and health for the welfare and advancement of the subjects whom He in His Providence has committed to Your Highness's care.+

Gujarat Vernacular Society's Office, Ahmedabad. 6th November 1884.

We beg to subscribe ourselves,

Your Highness's most obdt. servants.

President.

(Sd) પ્રેમાભાઈ હીમાભાઈ.

Honorary Secretary.

(Sd.) **Mahipatram Rupram.**

Members.

(Sd.) **Narbheram Rugnathdas.**

,, **Motilal Lalbhai.**

(સહી) કવિ દલપતરામ ડાહ્યાભાઈ.

(Sd.) **Bholanath Sarabhai.**

,, **Abaji V. Kathavati.**

,, **Ghelabhai M. Laiwala.**

---

+ અંગ્રેજી પત્રવ્યવહારનું દફતર સન ૧૮૮૪–૮૫.

# પ્રકરણ ૪

## રા. સા. મહીપતરામ રૂપરામ.

" રા. સા. મહીપતરામ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના ત્રણ મહાન હિતચિંતક-એને જન્મ આપનાર ઑનરેબલ ફોર્બસ સાહેબ, એના બાલ્યના પોષક અને હજી પણ બનતી સંભાળ રાખનાર કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઇ અને એના તારુણ્યના સંવર્ધક રા. સા. મહીપતરામ પોતે-તેની ત્રિપુટીમાંના હતા."

[ ' બુદ્ધિપ્રકાશ, ' જુન ૧૮૯૧, વધારો પૃ. ૧. ]

લોકોપકારી સેવા કાર્યો કરવાને મહીપતરામ જાણે કે જન્મ્યા ન હોય એમ એમની કારકીર્દીની શરૂઆતથી એકવીસ વર્ષની યુવાન વયે તેઓ સુરતમાં નવી સ્થપાયલી " પરહેજગાર " મંડળીના આસિ. સેક્રેટરી નિમાય છે અને તે મંડળી તરફથી નિકળતું " પરહેજગાર " નામનું પાક્ષિક પત્ર ચલાવવાની જવાબદારી પણ સ્વીકારે છે. આ વખતે તેઓ સુરતની ઇંગ્લિશ સ્કુલમાં આસિ. શિક્ષક હતા.

સન ૧૮૫૦ માં ફૉબસ સાહેબની બદલી સુરત થઈ. એમણે અમદાવાદની પેઠે અહિં પણ જન હિતકારી પ્રવૃત્તિ ઉપાડી લીધી. " સુરત અષ્ટાવીશી " નામની મંડળી સ્થાપીને પોતે તેના મંત્રી થયા અને પ્રજામત ખીલવવા સદરહુ મંડળી તરફથી મુકુંદરાય મણિરાયને તંત્રી નીમી, " સુરત સમાચાર " નામનું એક અઠવાડિક અખબાર કાઢયું. એંડ્રુસ પુસ્તકાલય પણ એમના પ્રયાસથી અસ્તિત્વમાં આવ્યું. તેઓએ કવિ દલપતરામને પોતાની સાથે તેડી આણેલા; તેમની પાસે જાહેર વ્યાખ્યાનો અપાવવા માંડયાં, " હુન્નરખાનની ચઢાઇ " અને " સંપલક્ષ્મી સંવાદ " એ બે જાણીતાં કાવ્યો કવિએ સુરતમાં પ્રથમ વાંચી સંભળાવેલાં; તેમજ સુરત પરહેજગાર મંડળીના કાર્યને મદદ કરવા દલપતરામે " જાદવાસ્થળી " અને કેટ નિષેધક ગરબીઓ નવી રચી, એ મંડળીના આશ્રય હેઠળ ભરાએલી સભાઓમાં તે ગાઇ સંભળાવેલી. તે સમયથી મહીપતરામ એ બે મહાપુરુષો, ફૉર્બસ સાહેબ અને કવિ દલપતરામના પરિચયમાં આવ્યા હતા.



રા. સા. મહીપતરામ રૂપરામ

વિરમગામ

સુધારાના વિચારોની છાપ મહીપતરામ પર છેક ન્હાનપણથી પડેલી. તે સંસ્કાર પાડનાર એમના ગુરૂ દુર્ગારામ મહેતાજી હતા. લોકોનું ઘોર અજ્ઞાન અને ખોટા વહેમો ટાળવાને મહેતાજીએ "માનવ ધર્મ સભા" નામની એક સંસ્થા સ્થાપી હતી. એમના સહાયકોમાં દાદોબા, દલપતરામ માસ્તર, દામોદરદાસ અને દીનમણિશંકર હતા; અને તેમના નામનો પ્રથમ અક્ષર "દ" થી શરૂ થતો તેથી એ ટોળી "પાંચ દદ્દા" ના ઉપનામથી ઓળખાતી. લોકોને સસ્તું વાચન સાહિત્ય આપવા સારુ તેઓએ સુરતમાં એક પુસ્તક પ્રસારક મંડળી કાઢી હતી અને તે કાર્ય માટે મુંબઇથી ગ્રંથો છાપવાનું એક શિલા છાપ મંગાવ્યું હતું. મહેતાજી દુર્ગારામ તો ચકલે ચકલે ફરી લોકોને જાદુ, ભૂતપ્રેત વગેરેમાં નહિ માનવા, બાળલગ્નનો અનિષ્ટ ચાલ બંધ કરવા તેમ વિધવા વિવાહ કરવા ઉપદેશ આપતા. આ વિચારો જુના રૂઢિચુસ્ત લોકોને પસંદ પડતા નહિ; અને તેઓ તેથી ગુસ્સે થતા અને મહેતાજીને મનમાં આવે તેમ ગાળો ભાંડતા. તેઓ એટલેથી અટકેલા નહિ. એક પ્રસંગે દાવ મળતાં, દુર્ગારામને ખાસડા કરાવવા સુદ્ધાંત ચુકેલા નહિ. મહીપતરામે એ બનાવ "દુર્ગારામ ચરિત્ર"માં નીચે પ્રમાણે વર્ણવ્યો છે:

"મારી ઉમર એ વેળા ૧૪ વરસની હતી તોપણ હું માનવધર્મ સભામાં વખતે જતો. ત્યાંનાં ભાષણોમાં થોડી સમજ પડતી તો પણ મનો-રંજક લાગતાં. દરિયા મહેલથી દાદુબાના ઘર લગી જતાં કેટલાક માણસોએ મહેતાજી ઉપર હુમલો કર્યો હતો તે મેં નજરે જોયો હતો. મહેતાજીનો બચાવ કરવાને એક લઠ્ઠ પારસી તેની પાછળ ચાલતો હતો અને પાછો ફરી હંગામો કરનારાને દૂર કરતો હતો. તે વેળા હું બાજુએ ચાલતો હતો એટલું મને સાંભરે છે. મારૂં હૃદય એ વેળા મહેતાજીના પક્ષમાં હતું. મારૂં મન તેની ભણી ખેંચાતું અને તેની નિંદા સાંભળી હું નાખુશ થતો."×

એમના જીવન પર નવા વિચારની આ પ્રમાણે જે અસર થવા પામેલી તે પ્રતિદિન વધતી ગયલી; અને તે વિષે એમના અભિપ્રાય એટલા દૃઢ થયા હતા કે દુર્ગારામ મહેતાજીએ તક સાંપડતાં, પુનર્વિવાહ ન કર્યો અને કુંવારી કન્યાને પરણ્યા, એ કાયર કૃત્યને તેઓ એમના ગુરુ હતા છતાં મહીપતરામે વખોડયું હતું અને એવી રીતે એમના સન્મિત્ર કરસનદાસ મૂળજીએ ત્રીજી વારનું લગ્ન સાસરીઆઓની મૂર્ખાઇભરેલી સરતો માન્ય રાખીને કર્યું તે બદલ એમણે ઓછા સખ્ત શબ્દો વાપર્યાં ન હતા. સુધારાના કાર્યમાં

× દુર્ગારામ ચરિત્ર, પૃ. ૬

બીજાઓની પેઠે પોતે પાછા ન પડે તે માટે તેઓ ખૂબ સાવધાન રહેતા. પોતે પરદેશ ગમન કર્યું તે વખતે એમની આકરી કસોટી થઇ હતી; તેમ છતાં એમણે નમતું આપ્યું નહોતું. એક વીરને છાજે એવી એમની હિમ્મત અને અડગ નિશ્ચયને લઇને એક સુધારક તરીકે એમની કીર્તિ બંધાઈ હતી.*

સુરતની ઇંગ્રેજી નિશાળમાં અભ્યાસ પૂરો થતાં, મહીપતરામનો અભિલાષ મુંબાઈ જઇને ગ્રાન્ટ મેડીકલ કૉલેજમાં વૈદક શિખવાનો હતો. પણ સંજોગવશાત્ એમના દિલની એ મુરાદ બર આવી નહિં; અને સુરતની ઇંગ્રેજી શાળામાંજ એક શિક્ષકની જગો રૂા. ૧૪ ના માસિક પગારથી લેવી પડી. તથાપિ વધુ અભ્યાસ કરવાની એમની તમન્ના શમી નહિ. એમનું મન તે માટે વલખા માર્યા કરતું અને પછી સાનુકૂળ સંજોગ ઉપસ્થિત થતાં, એમના ગુરુ દુર્ગારામ મહેતાજીનો ભલામણપત્ર એલ્ફીન્સ્ટન ઇન્સ્ટીટ્યુટના પ્રિન્સિપાલ ડૉ. હાર્કનેસપર લઇને મહીપતરામે મુંબાઇ પ્રતિ પ્રયાણ કર્યું.

ડૉ. હાર્કનેસે મહીપતરામની મનોવૃત્તિ વધુ અભ્યાસ કરવા માટે તીવ્ર જોઇને, એજ સંસ્થામાં તેમને શિક્ષક નીમી, તેમના પ્રતિ માયા દર્શાવી; એટલુંજ નહિ પણ એમને આગળ અભ્યાસ કરવાની અનુકૂળતા કરી આપી હતી. પણ એ વ્યવસ્થા ઝાઝો વખત નભી નહિ. મહીપતરામે જોયું કે ઇચ્છિત એયની પ્રાપ્તિ અર્થે સઘળું લક્ષ એમણે અભ્યાસ પાછળ લગાડવું જોઇએ. તેથી પ્રવેશકની પરીક્ષા પાસ કર્યાં બાદ શાળાની નોકરી છોડી દીધી. પછી ત્રણ વર્ષ તેઓ કૉલેજમાં રહ્યા. તે દરમિયાન દર વર્ષે એમને સ્કોલરશીપ

---

* સરખાવોઃ—

તારૂં કરયૂં સુરખ જે હમણાં વખોડે,
વીચારિ તેજ કરશે સુવખાણ કોડે;
સાચો દિસે તું સુધરેલ સુમિત્ર મૂને,
સાબાશ છે બહુ મહીપતિરામ તૂને.
તેં નામ સાર્થક મહીપતિ વાહ કીધૂં,
બીડું કુવ્હેમ હણવા ઝટ ઝડપિ લીધૂં;
સંતોષ થાય નિરખી ગુરને સહૂને,
સાબાશ છે બહુ મહીપતિરામ તૂને.

કવિ નર્મદાશંકર, નર્મદકવિતા પૃ. ૮૮૯.

મળેલી અને છેવટની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા કે તુરતજ એલ્ફીન્સ્ટન ઈન્સ્ટીટયુટમાં રૂ. ૪૦ ના માસિક પગારથી તેઓ શિક્ષક નિમાયા હતા.

આ સઘળો સમય એમણે જાહેર પ્રવૃત્તિમાંથી ચિત્ત અલગ રાખેલું. હવે ઠરીઠામ પડતાં, તેઓ પાછા સાર્વજનિક કાર્યમાં જોડાયા. ગુજરાતી જ્ઞાનપ્રસારક મંડળી અને સ્ટુડન્ટસ સોસાઈટીના તેઓ સભ્ય હતા તોપણ હિન્દુ સમાજની ઉન્નતિ સાધવા એક સ્વતંત્ર મંડળીની અગત્ય એમને માલુમ પડી, તે પરથી કેટલાક મિત્રો સાથે મળીને એમણે બુદ્ધિવર્ધક સભા સ્થાપી. એ સભાના ગંગાદાસ કીશોરદાસ પ્રમુખ, નર્મદાશંકર લાલશંકર ઉપ-પ્રમુખ, ચીમનલાલ નંદલાલ ને મુરલીધર ગીરધર કીલીદારો, કરસનદાસ મૂળજી, ઝવેરીલાલ ઉમિયાશંકર, કરસનદાસ માધવદાસ; ત્રિભુવનદાસ દ્વારકાંદાસ કારોબારી કમિટીના સભ્યો અને મહીપતરામ સેક્રેટરી નિમાયા હતા. વળી સદરહુ મંડળ તરફથી "બુદ્ધિવર્ધક" નામનું માસિક કાઢવા સારૂ વિચાર કરવા પ્રાથમિક સભા મહીપતરામના મકાને જ મળી હતી.

તે અરસામાં કરસનદાસ મૂળજીનું ડિસે જવાનું થયું અને તેઓ "સત્યપ્રકાશ" નામનું અઠવાડીક પત્ર ચલાવતા હતા તેનું સંપાદન કાર્ય મહીપતરામને શિર આવી પડયું. પ્રસ્તુત પત્રમાં વૈષ્ણવ મંદિરોના ગેરવહિવટ અને તેના મહારાજોની અયોગ્ય નીતિ અને વર્તન વિષે હાલની "પોલ પત્રિકા" ની પેઠે સખત લખાણ આવતું. તે પુષ્કળ વંચાતું તેમ ચર્ચાતું અને કરસનદાસ પોતે વૈષ્ણવ સંપ્રદાયના હોવાથી એમના તે આક્ષેપોની અસર વિશેષ અને જલદ થતી અને તે કારણે "સત્યપ્રકાશ" સુધારક વર્ગનું એક વાજીંત્ર ગણાતું હતું.

તે પ્રતિષ્ઠા અને રીતિનીતિ જાળવી રાખવા અને તેની સાથે જનકલ્યાણ અને સુધારાનું કાર્ય આગળ ધપાવ્યે રાખવું એ તેના નવા તંત્રી માટે ઓછું મુશ્કેલીભર્યું કાર્ય નહોતું. તે પત્રની એ વર્ષોની ફાઈલ ઉપલબ્ધ નથી કે આપણે જોઇ શકીએ કે મહીપતરામનું એમાંનું લખાણ કેવા પ્રકારનું આવતું; તેમાં કયા કયા વિષયો ચર્ચાતા અને વાંચકવર્ગ પર તેની શી અસર થવા પામતી, પણ એ ઉણપ બીજી રીતે પુરાય છે. મહીપતરામે પોતે એ કાર્યની નોંધ કરસનદાસ ચરિત્રમાં કરેલી છે. તેઓ લખે છેઃ—

"મેં પણ સ્વદેશીઓના કુચાલ ઉપર હુમલા જારી રાખ્યા. ઘર ખટલામાં સાસુ વહુની લડાઈથી કલેશ થાય છે, બાળલગ્નથી ખરાબી થાય છે, હોળીના ભાંડથી અને લગ્નના ફટાણાથી અનીતિનાં બીજ રોપાય છે

તે તથા બીજી ઉપયોગી બાબતો ઉપર જોરથી લખાણ કરી કરસનદાસના પત્રની આબરૂ હતી તેવી જાળવી રાખવાની મેં યથાશક્તિ કોશીશ કરી. એથી પ્રસન્ન થઇને કોઈ સખી સ્વદેશ મિત્રે મને રૂા. ૨૦૦) નનામા ગુપ્ત મોકલ્યા, તેથી મારા મન પર ઘણી અસર થઈ. તે ગૃહસ્થો કોણ હતા તેની ખબર મને વીસે વરસે થઇ. એ સુધારાના દોસ્ત અને ગુણના જાણનાર ચાર પારસી ગૃહસ્થ હતા. છ મહિના ન થયા એટલામાં મને અમદાવાદમાં નોકરી મળી. મેં રા. ઝવેરીલાલ ઉમીયાશંકરને તેના અસલ માલીકની આજ્ઞાથી સત્યપ્રકાશ સોંપ્યું. એણે પણ કામ સારૂં ચલાવ્યું, એ પછી થોડા માસમાં કરસનદાસે આવી તેને પોતાને હાથ પાછું લીધું."+

અમદાવાદ હાઇસ્કુલના હેડ માસ્તરના પદે મુંબાઇથી એમની ફેરફારી થઇ પણ એ જગોએ તેઓ ઝાઝો સમય સ્થિર રહ્યા નહિ. તેમને તુરતજ ડેપ્યુટીની લાઇનમાં લઈ લેવામાં આવ્યા. વચમાં કેટલીક મુદ્દત હોપ વાચનમાળા કમિટીમાં કામ કર્યું. કેળવણી ખાતું તે સમયે નવું સ્થપાયું હતું. તે ગામડે ગામડે નવી શાળાઓ ખોલવાને પ્રયત્ન કરતું; પણ તેને ટ્રેન્ડ શિક્ષકો મેળવવાનું મુશ્કેલ થઇ પડતું. આ અડચણ દૂર કરવા કેળવણી ખાતાએ એકાદ લાયક બુદ્ધિશાળી ગુજરાતીને, ઇગ્લાંડની શાળાઓનું નિરીક્ષણ કરી આવવા અને ત્યાંની શિક્ષણ પદ્ધતિનું જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કરવા સારૂ મોકલવાનું ઠરાવ્યું. પ્રથમ ખાતામાં બાહોશ ગણાતા 'કરણઘેલા' ના કર્તા નંદશંકર તુલજાશંકરને પૂછવામાં આવ્યું; પણ તેમણે પરદેશ જવાની નાખુશી દર્શાવી. કેવા કારણસર તેમણે ના પાડી તેની વિગત એમના કનિષ્ટ પુત્ર વિનાયકે 'નંદશંકર ચરિત્ર'માં આપી છે:

"તેઓ કહેતા કે" મારા વૃદ્ધ પિતાએ રોવા માંડ્યું કે 'હું તને વિખુટો નહિ મૂકું.' સાસરાવાળાં પણ બહુ જુના વિચારનાં. ઘરમાં કાંઇ દ્રવ્ય નહિ, કંઇનું કંઈ થાય ને ભવિષ્યમાં સાસરાંવાળાં જોડે ટંટો રાખીએ તે કેમ પરવડે? જવાનું મન તો ઘણું પણ ના કહેવી પડી."*

ખાતાની નજર તે પછી મહીપતરામ પ્રતિ વળી. એક દિવસે હોપ સાહેબનું મહીપતરામને મળવું થતાં, ઇગ્લાંડની નોર્મલ સ્કુલની વાત કહી એ સાહેબે જણાવ્યું, "ત્યાંનો સુધારો અત્રે આણવો જોઇએ. નિશાળો ચલાવનારા મહેતાજી કેળવાયેલા ન હોય ત્યાં લગી કેળવણી આપવાનું કામ

---

+ કરસનદાસ મૂળજી ચરિત્ર, પૃ. ૧૨.

* નંદશંકર જીવન ચિત્ર, પૃ. ૧૦૬.

સારૂં ચાલી શકે નહિ, માટે તમે ત્યાં જઇને ભણાવવાની યુક્તિઓ શીખી આવો. તમારા ખરચનો બંદોબસ્ત હું કરીશ."×

તે કાળે પરદેશ સેવવો એ એક સાહસ હતું; તેમાંય દરિયો ઓળંગવો એ રુઢિ વિરુદ્ધ હોઇને બહુ વિષમ કાર્ય હતું. હિન્દુસ્તાનની હદ છોડી કોઇ ભાગ્યેજ બહાર જતું. કદાચ કોઈ એવું જોખમ ખેડે તો તેને જ્ઞાતિ જ્ઞાતિ બહાર મૂકતી; અને જ્ઞાતિનાં બંધન અને શિષ્ટ (discipline) એટલાં સખ્ત અને સજ્જડ હતાં કે ભલભલા તાલેવંત અને આગેવાન પુરુષો તેના ત્રાસથી ગુંગળાઇ જાય. તેનો કંઇક ખ્યાલ આવવા ભાનુસુખરામ રચિત મહીપતરામ ચરિત્રમાંથી એક ફકરો આપીશું:

"મારા પિતામહ મહીપતરામના સાઢુ થાય, સાઢુનું સગપણ સૌથી શીળું, મોટું અને નિકટનું. કહ્યું છે કે સગપણમાં સાઢુ અને જમણમાં લાડુ, એ સગપણને લીધે મારા પિતામહનું ઘર વિલાયતી પક્ષમાં જોડાયું. મારા માતામહ લોકે માની લીધેલી મહીપતરામની કૃતઘ્નતાને લીધે એમનાથી વિરુદ્ધ એટલે તે શુદ્ધ પક્ષમાં. મારાં માતુશ્રી કહેતાં કે અંટસ એવો જામ્યો હતો કે મારાથી પીયેર જવાતું નહિ, માબાપને મળાતું નહિ. આ પ્રમાણે વહુ દીકરી સાસરાં પીયેર કરી શકતી નહિ, એક બીજાનાં ઘરમાંજ જવાનો પ્રતિબંધ તો પછી ખાવા પીવાની તો વાતજ શી કરવી! કદાપિ શુદ્ધ પક્ષનો સ્ત્રી કે પુરુષ વર્ગ વિલાયતી પક્ષના ઘરના દ્વાર આગળ ઉભેલો સામા પક્ષના જોવામાં આવે તો આખી ન્યાતમાં તેની વાતો ચાલે અને અનેક ગુલબાનો ઉડે. આથી એક પક્ષનાં સ્ત્રી ને પુરુષથી સામા પક્ષનાં સ્ત્રી ને પુરુષની સાથે હળાય મળાય નહિ તેમ સાધારણ વાતો પણ થઈ શકે નહિ. આવો ત્રાસ થોડો વખત રહ્યો, પણ દુઃખના દિવસ દહાડા, તેમ દહાડા જતાં એ ત્રાસ મોળો પડયો અને છૂપાં છૂપાં વહુ દીકરીઓએ સાસરાં પીયેર કરવા માંડયાં અને ઘરનાં બારણાં વાસીને ખાવા પીવાનું પણ આરંભ્યું. દિવસે દિવસે મમત ઓછો થઇ ગયો અને એક બીજા મળવા હળવા લાગ્યા તો પણ પાંચ વર્ષ સુધી નાગરી ન્યાતે મહીપતરામ રૂપી સંકટ ભોગવ્યું."†

મહીપતરામે બીજે દિવસે એમનાં પત્ની સૌ. પાર્વતીકુંવરની અનુમતિ મેળવી, ઇગ્લાંડ જવાની હોપ સાહેબને હા પાડી. ખરેખર તે એ જમાનામાં

× મહીપતરામ ચરિત્ર, પૃ. ૪૨.

† મહીપતરામ ચરિત્ર, પૃ. ૭૮.

બહાદુરીનું કાર્ય હતું અને એ સમાચાર સાંભળીને તત્કાલીન સમાજ સ્થિતિથી પુરેપુરા વાકેફગાર અને અનુભવી સરદાર ભોળાનાથે મહીપતરામને 'હિમ્મત બહાદુર' તરીકે ઓળખાવ્યા એ અક્ષરશઃ સાચું હતું.

નીજ જ્ઞાતિ તરફથી પોતાને અટકાયત ન થાય તે માટે મહીપતરામે એમના ઈંગ્લાંડના પ્રવાસની વાત ગુપ્ત રાખેલી. પણ તે જાહેર થતાંજ હિન્દુ સંસારમાં હોહાકાર વર્તેલો; અને તેમને બહિષ્કૃત કરાવવા અનેક પ્રયત્નો થયલા, તે અવસરે એમનું દૃઢ મન પણ મહીપતરામને સ્વજન ને કુટુંબીઓનો વિચાર ઉદ્ભવતાં સહજ ડગડગેલું. એ આર્દ્ર પ્રસંગનું ચિત્ર ખરેખર વેદક છે. તેઓ જણાવે છેઃ—

"મારે ઉપડવાનો સમય આવ્યા પહેલાં એ વાત પ્રસરી. સુરતમાં, અમદાવાદમાં અને આખા ગુજરાત અને કાઠીઆવાડમાં ચર્ચા ચાલી. અનેક જૂઠા ગપાટા ચાલ્યા. મારાં સગાં વહાલાં બહુ ભય પામ્યાં, પણ મારી ભાર્યા હિમ્મત હારી નહિ. મારી કાકી મને અટકાવવાને મુંબાઇ આવ્યાં ને જોડે મારી પત્નીને લાવ્યાં. આવતાં વારને એકાંતમાં મળી મને તેણીએ કહ્યું કે મારો વિચાર ફર્યો નથી; લોક અનેક પ્રકારની ઘણી ધાસ્તી બતાવે છે; આખો જન્મારો નાત બહાર રહેવું પડશે, છોકરાને કન્યા નહિ મળે, તેથી પાછળ વંશ રહેશે નહિ; દરિયામાં ડૂબવાની બીક બતાવે છે; એમ ઘણી રીતે બીવડાવે છે પણ મારી હિંમત ઓછી થઈ નથી.' એ સતીના વચનથી મારી હિંમત વધી. મારી કાકી નિરાશ થઈ પાછાં સુરત ગયાં. પેટલાદ અને નડીઆદના ઘણાક વડનગરા નાગર બ્રાહ્મણ રોજગાર માટે મુંબાઈમાં રહેતા હતા તેમણે મને નાત બહાર મૂકવાનો ઠરાવ કર્યો, અને જ્યાં જ્યાં નાગરની વસ્તી હતી ત્યાં તેમાં ખળભળાટ થયો એટલુંજ નહિ પણ દેશમાં, બીજી બ્રાહ્મણની તથા વાણીઆની નાતોમાં મારા વિલાયત જવા વિષે ચર્ચા ચાલી હતી. મૂઠીભર સુધારાવાળા સિવાય આખો દેશ એ કામની વિરુદ્ધ હતો. એમ લગભગ બધાના સામા થવાથી જન્મ સુધી મારે સકુટુંબ નાત બહાર રહેવું પડશે ને તેથી મારો સંસાર બગડશે એવા ભારે ભય ઉત્પન્ન થયા અને મારી નાતમાં મારા પક્ષમાં ઘણાજ થોડા માણસ હતા, ને જે હતા તેમનાં કુટુંબ અને સગાં વહાલાં તેમની વિરુદ્ધ હતાં તેથી તેઓ મારા પાછા આવ્યા પછી મારી જોડે જમવા વગેરેનો વહેવાર રાખી શકશે નહિ; તેમને એવો વહેવાર રાખવાની મનમાં ઇચ્છા હશે તો પણ નાતથી છૂટા પડી તેમ કરવાની તેમની હિમ્મત અને તેમના દૃ

નિશ્ચય વિષે સંદેહ હોવાથી તથા બીજા સુધારાવાળા થોડા અને તે થોડા જૂદી જૂદી નાતના હોવાથી તેમની મદદની આશા રાખી શકાય નહિ, આવા વિચારથી મારૂં મન ડોલવા લાગ્યું. એ વેળા મને હિમ્મત આપનાર અને મારૂં મન દૃઢ રાખનાર મારા સગાં સંબંધીઓમાં આ મારી પ્રાણપ્રિય ભાર્યા માત્ર હતી. સુરતમાં અને મુંબાઇમાં તેને ડગાવવાનો પ્રયત્ન જેણે જેણે કર્યો તે વ્યર્થ ગયો."§

પ્રસ્તુત ચિત્રની પૂર્તિ રૂપે એ જ પરદેશ ગમનના વિષય પરત્વે એક હાસ્ય જનક પ્રસંગ શ્રીયુત નરસિંહરાવે વર્ણવ્યો છે, તે આ ચિત્રની વાસ્તવિકતા લક્ષમાં આવવા અમે નોંધીએ છીએઃ—

"વડોદરામાં એક પ્રસંગે મહીપતરામ મ્હારા વડીલ બન્ધુ ભીમરાવને ઘેર પ્હરૂણા હતા; સાંઝે ઘરના ઓટલા ઉપર ભીમરાવ, મહીપતરામ અને બીજા એક બે મિત્રો બેઠા હતા; પેલા જુનાગઢી ગૃહસ્થ પણ હતા. એઓને ભીમરાવે મહીપતરામનું ઓળખાણ કરાવ્યું, તરત જ એ ગૃહસ્થ બોલી ઉઠ્યાઃ 'આ મહીપતરામ કે? આપણી નાતમાં ધોળ ધાલ્યો હતો તેજ આ મહીપતરામ? એ શું કરભાઇ! આમ આવો, મહીપતરામ જોવા હોય તો."×

અમદાવાદનું એમનું મિત્ર મંડળ અને સરદાર ભોળાનાથભાઇએ મહીપતરામની પડખે ઉભા રહી એમનાં એ પ્રવાસના કાર્યને ઉત્તેજન આપ્યું હતું અને કવિ દલપતરામે એ પ્રસંગ વિષે કવિતા રચી, ગાયું હતું કે,

> "નાગર સાગર મારગે, મહા મુસાફરિ કામ;
> તેમાં હિંમત તે ઘણી રાખી મહિપતરામ.
> × × × ×
> ગણુલા ગવારો ગીતમાં ગુણ તુજ ગામો ગામ;
> રાજેશ્રીની રીત તે રાખી મહિપતરામ.
> × × × ×
> બકે છકે તે છો બકે તુચ્છ અક્કલની ટેવ;
> જતાં હશે તેમજ જશે નીર નેરનાં નેવ.
> સમાધાન સઘળું થશે નક્કી થશે નીરાંત;
> વાતો થાશે વાંચવા રૈવાશે દૃષ્ટાંત."•

§ જુઓ 'પાર્વતીકુંવર આખ્યાન' પૃ. ૧૩–૧૫.

× સ્મરણ મુકુર, પૃ. ૩૬.

• નડિઆદથી તે પહેલા એક પાટીદાર બંધુ ગયલા પણ તેમને જ્ઞાતિ તરફથી મહીપતરામ જેવી વિટંબણા વેઠવી પડેલી નહિ.

ઇગ્લાંડના પ્રવાસનું એમણે એક પુસ્તક રચ્યું છે. જેમને તે વાંચવાનો સમય ન હોય તેમને, ઈંગ્લાંડથી પત્રો મહીપતરામે 'બુદ્ધિપ્રકાશ' માટે લખી મોકલ્યા હતા તેનું વાચન ઉપયોગી થશે. ચોથો પત્ર એક નાગરિક મિત્રને તેમના પ્રશ્નોના ઉત્તર રૂપે મહીપતરામે લખ્યો હતો, તેમાંનો છેવટનો ભાગ મનનીય હોઇને અહિં ઉતાર્યો છે:

"જ્યાં સુધી આપણે ઘેર બેશી રહીશું ત્યાં સુધી આપણા દેશની હાલત ફેરવવાની આશા રાખવી નહિ. હું ગયો માટે બીજાને ભરમાવી તેડવાની વાત નથી કરતો, ને આપણી નાતના લોકને છેતરવાને આ લખતો નથી. હું આપણા દેશના ભલાને સારૂ અજમાએશ કરવાને ગયો છું ને મારા જોવામાં જે આવે છે તે લખું છું. મને નાતની તરફથી એ સારૂ કામ કરવામાં જે દુ:ખ પડશે, તેનો મેં આગળથી વિચાર કર્યો છે ને તે ખમવાને રાજી છું. એવું દુઃખ સહ્યા વગર દેશનું સારૂ થતું જ નથી. આપણા દેશમાં જે બીજા દેશોમાં એવા કારણસર બીજા મહાપુરૂષોએ જે દુ:ખ પોતાના દેશિયો તરફથી વેઠયાં છે, તેમની આગળ હું તથા મને જે નાતની તરફથી દુઃખ પડશે, તે કાંઇજ ગણતીમાં નથી. આપણી નાતના લોકને છેતરીને તેમને વટાળવાને કે નાતમાં કજિયો ઘાલવાને હું બિલકુલ ચાહાતો નથી, આપણી નાતના કેટલાકે વિદ્વાન, જ્ઞાની, સ્વદેશાભિમાની અને તેની જોડે મોટા દરજ્જાના તથા ધનવંતા છે, તેઓના હાથમાં દેખાડવાનું છે કે આપણી અને બધા હિંદુઓની એક મોટી બેડી ભાગી કે નહિ. અગાઉના કાળમાં આપણા લોક પર મુલક જતા નહિ તે ઠીક હતું. કેમકે મુસલમાનો તથા ફિરંગિયો જુલમથી વટાળતા હતા, માટે તે વેળા એ ચાલ આપણા ધર્મની ઢાલ હતી પણ હાલ તે આપણી બેડી થઇ છે. તેનાં કારણ મેં ઉપર લખ્યાં છે. હું અહંકાર કરતો નથી પણ જે ખરૂં છે તે લખું છું કે આપણી જ્ઞાતી ગુજરાતમાં ને કાઠિયાવાડમાં સૌથી આગેવાન છે, અને તેમને એ મોટા કામમાં આગળ પડવું જોઇયે.

આપણી નાતના અજાણ્યા માણસો આગળ ભણેલા, ને સારાનું નહિ ચાલે તો આખી નાતને લાંછન લાગશે, મને હરકત કરે, સુધારાનો ઉગતો સૂર્ય ઉભો રેહેવાનો નથી. ભરતી આવવા માંડી છે તેનું બળ હજી થોડું છે પણ તેને કોઈ અટકાવી શકવાનું નથી. જે ખારવા ભરતી અને પવન સંજોગે વાહાણ હંકારે છે તેઓ જ જલદી અને સહી સલામત બંદરે પોહોંચે છે."×

× 'બુદ્ધિપ્રકાશ' સન ૧૮૬૦ પૃ. ૨૩૭, ૨૩૮.

ઈંગ્લાંડથી પાછા ફર્યા બાદ મહીપતરામનાં ધૈર્ય અને હિંમતની કસોટી થવા માંડી. એમની સાથે સંસર્ગ રાખ્યાના કારણે સગાં સંબંધી અને અન્ય સ્નેહીઓની સ્થિતિ કફોડી થઈ ન પડે એ આશયથી તેઓ શરૂઆતથી જ્ઞાતિએ એમને નાત બહાર મૂકેલા હોવાથી જુદું ઘર રાખીને રહ્યા હતા. એ પ્રસંગને આલેખતાં, તેઓ કહે છેઃ

"મારા બાપ તથા મારી પત્ની મારી જોડે રહેવાને તૈયાર થયાં. મેં એઉને ના કહી. પિતા ઘણા વૃદ્ધ હતા. તેમને મેં બહુ સમજાવી મારા કાકા કાકીની એકઠા રાખ્યા, પણ મારી પ્રાણપ્રિય ભાર્યાએ મારી સલાહ ન માનતાં કહ્યું કે મારે મરવું, જીવવું, દુઃખ સુખ જે થાય તે તમારી સાથે. મારે નાતનો ખપ નથી, તમારો ખપ છે."×

તે પછી તેઓ અમદાવાદ આવ્યા, અહિં આગેવાન શહેરીઓએ જાહેર મેળાવડો કરી એમનું ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું. એ આખોય પ્રસંગ ઐતિહાસિક અને સમકાલીન સમાજના વિચાર અને લાગણીનું નિરુપણ કરતો હોઇને તેનો સમગ્ર અહેવાલ પ્રસ્તુત પ્રકરણના અંતે પરિશિષ્ટ ૫ માં જોડયો છે.

એવામાં એમના પિતા સ્વર્ગવાસી થયાના સમાચાર મહીપતરામને મળ્યા. તે વખતે એમનો પુત્ર માંદો હતો તેમને લઇને તુરત તેઓ સુરત જવા નિકળ્યા. તે પછીનો વૃત્તાંત એમના જ શબ્દોમાં આપીશું:

"નાતનો કોપરૂપી અગ્નિ ધુંધવાઈ રહ્યો હતો તેનો એ વેળા ત્યાં ભડકો થયો. પ્રથમ મારે માટે વિચાર કરવાને સુરતના નાગર ગૃહસ્થની નાત ત્યાંના બાલાજીના દહેરામાં મળી તે વારે મારા મિત્રોના સામા થવાથી મને નાતબહાર મૂકવાનો ઠરાવ થઇ શકયો ન હતો. આ વેળા મારા સામાવાળીઆની મદદે ભિક્ષુક વર્ગ ધાયો. મારા ગોરે દશમાની, અગીઆરમાની અને બારમાની ક્રિયા કરાવવાની ના કહી અને બધા બ્રાહ્મણે સંપ કર્યો કે જે મને ક્રિયા કરાવે તેને નાતબહાર મૂકવો. એમ અહિં ગાડું અટકયું. આખી નાતમાં અને બીજી નાતોમાં હો હો થઈ રહી. હું ઇંગ્લાંડથી આવ્યો ત્યારે મારા દર્શન કરવાને લોક આવતા, અને રસ્તેથી જતો હોઉં તે વારે મને જોવાને બૈરાં ઘરમાંથી બારીએ ને ઓટલે દોડી આવતાં, આ વેળા ઠામ ઠામ માણસોનાં ટોળાં મળી મારી વાતો કરે. મારા ઘરમાં ન ઉતરતાં પાડોશીનું ઘર ભાડે રાખી તેમાં અમે ઉતર્યા હતાં. કોઇએ વાત

× પાર્વતી કુંવર આખ્યાન, પૃ. ૧૫

ચલાવી કે મારાં તથા મારી પત્નિનાં સગાં હમને મળવા આવી હમારી ગોળીનું પાણી પીયે છે તે પરથી નાતમાં વાત ચાલી કે એના ઘરમાં એનું જે સગુ જશે તેને નાત બહાર ગણવામાં આવશે. એથી સગાં ડરી રડવા લાગ્યાં. ઘરમાં છોકરો માંદો ને નાતનું આવું તોફાન, એ બેના એકઠા થવાથી હું અકળાયો. મારા સંકટનો કઠણમાં કઠણ સમય આ હતો. એ વેળા મારા ટાંટીયા ઢીલા થયા ને મારા મિત્ર નન્દશંકર તુલજાશંકર જોડે વાત કરતાં છાતી ભરાઇ જવાથી આંખમાં જળજળિયાં આવ્યાં; પણ આ પતિવ્રતા નારીનું ધૈર્ય ઓછું થયું નહિ. ઘરમાં એની તરફનું દુઃખ મને જરાએ ન હતું. મેં તેને કહ્યું હતું કે નાગરની નાતમાં પાછા નહિ ભળાય તો એ છોકરો કુંવારો રહેવાનો નથી. સુધારાનો પ્રવાહ વધતો જાય છે તેથી કાંઇ નવાઇના બનાવ બનશે. તે જાણતી હતી કે સારૂં કામ છતાં લોકના વિચારથી તે વિરુદ્ધ હોય તો તેઓ સામા થાય તેમાં નવાઇ નથી. સામાન્ય સુધારા સંબંધી, જ્ઞાતિનાં બંધન સંબંધી, હવે પછી બીજા બ્રાહ્મણ વાણીઆ વિલાયત જશે અને તેમનું શું થશે, વહેમનું બળ ઓછું થશે, ધર્મ સંબંધી લોકના વિચાર સુધરશે, એ વગેરે વિષયોની વાતો કરી હમે હમારાં મન શાંત રાખતાં. નબળા મનની સ્ત્રીની હિમ્મત આ વખતે રહે નહિ. તે પંડે દુઃખી થાય ને તેના ધણીને સંતાપી સુધારાવાળા હાથ મૂકાવે.' *

મહીપતરામના મનમાં એમના પિતાની પોતાથી ઉત્તરક્રિયા થઇ ન શકવાથી ખેદ રહેતો. તેથી અમદાવાદ પાછા આવ્યા બાદ દેહ પ્રાયશ્ચિત્ત કરી, એમણે પિતાનું ઊનમાસિક શ્રાદ્ધ સરાવ્યું હતું. એ પ્રાયશ્ચિત્ત વિધિની સવિસ્તર હકીકત સન ૧૮૬૨ ના 'બુદ્ધિપ્રકાશ' માં આવેલી છે.× જિજ્ઞાસુએ તે જોવા જેવી છે. અમે સાંભળ્યું છે કે આ કાર્યમાં કવિ દલપતરામે સારી સહાયતા આપી હતી અને ધોળકાના બ્રાહ્મણોએ મહીપતરામને સાથ આપ્યો હતો તે કવિ દલપતરામના ત્યાંના સંબંધને અને એમના પ્રત્યેના માનને લઇને હતો.

અમદાવાદમાં આવી રહ્યા ત્યારથી મહીપતરામ સોસાઇટીના કામકાજમાં રસ લેતા. વિદ્યાભ્યાસક મંડળીના આશ્રય હેઠળ એમણે 'ગુજરાતી ભાષા' વિષે ભાષણ આપેલું તેનો પહેલા વિભાગમાં ઉલ્લેખ કરેલો છે અને સન ૧૮૬૪નો વાર્ષિક રીપોર્ટ મંજુર કરવા સામાન્ય સભા તા. ૧૮ મી

---

* જુઓ "પાર્વતીકુંવર આખ્યાન", પૃ. ૧૭, ૧૮, ૧૯.

× 'બુદ્ધિપ્રકાશ' સન ૧૮૬૨, પૃ.

ફેબ્રુઆરી સન ૧૮૬૫ ના રોજ મળેલી તેમાં સોસાઇટીના કાર્ય વિષે વિવેચન કરતાં, મહીપતરામે છેવટમાં એ સૂચના કરેલી તે આજે પણ અવગણવા જેવી નહિ જણાયઃ—

"હાલ સોસાઇટી એક આસીસ્ટંટ સેક્રેટરી રાખે છે. તેનું મુખ્ય કામ એ છે કે જુના ગુજરાતી લેખો શોધી કહાડી, ખરીદ કરી, અથવા બીજી ઘટતી રીતે મેળવી એકઠા કરવા, હસ્તદોષ હોય તે સુધારવા અને પછી તેઓને છપાવી પ્રસિદ્ધ કરવા. એ કામ હાલ ચાલે છે તેથી વધારે ધમકથી ચલાવવું એ વાત ઠીક છે. એ કામથી મોટા ફાયદા થાય છે, તેની હું ના કહેતો નથી, તો પણ હું એટલું કહું છું કે આપણે ફક્ત એથી તૃપ્ત રહેવું ન જોઇએ. અંગ્રેજી અમલ બેઠાની પૂર્વે જેટલી સુધરાઇ પર આપણો દેશ હતો તેને લાયક વિચારો એ લેખોમાં છે; જે નવા અને સારા વિચાર ત્યાર પછી યુરોપમાં પ્રગટ થયા છે, તેમાંનો એકે તેમાં નથી. અને તેથી એ પુસ્તકો પ્રગટ કરેથી આપણા લોકનાં મન એક પગથીએ પણ ઉંચાં ચડવાનાં નથી. એ જુના ગ્રંથોની જોડે નવા અને સારા ગદ્યના ગ્રંથો છપાશે નહિ તો ઉલટો બીગાડ થશે, કેમકે એ જુની કવિતાઓ વેહેમ ભરેલા પુષ્કળ મતોથી ભરેલી છે. પુનામાં "દક્ષણ પ્રાઇઝ કમીટી' છે તે નવાં પુસ્તકો રચવાને માટે છે, તેમ ગુજરાતમાં પણ જોઇએ. એ કામ વર્નાક્યુલર સોસાઇટી કરતાં વધારે સારૂં કોણ કરી શકવાનું છે? માટે મારો મત એવો છે કે જેમ હાલ જુના ગ્રંથોને બહાર પાડવાને એક આસીસ્ટંટ સેક્રેટરી છે, તેમજ અંગ્રેજીમાંથી તરજુમો કરવાને એક, અને અંગ્રેજી ગ્રંથોમાંથી સાર અને મતલબ કહાડવાને એક, એવા બે આસીસ્ટંટ સેક્રેટરીઓ મેહેરબાન કરટીસ સાહેબના હાથ નીચે જોઇએ. એ અગત્યની સૂચના કરી હું બેસવાની રજા લેઉં છું."[1]

મહીપતરામનું મુખ્ય કાર્ય તે ગુજરાતમાં કેળવણીના પ્રચારાર્થે ટ્રેન્ડ શિક્ષકો તૈયાર કરવાનું હતું અને તે કાર્ય એમણે લગભગ ૩૦ વર્ષ સુધી કર્યું હતું. એટલે એક પ્રખર સંસાર સુધારકની પેઠે એક નિષ્ણાત કેળવણીકાર તરીકે એમનું નામ દેશભરમાં એટલુંજ પ્રસિદ્ધ અને કીર્તિવંત છે. એમના હાથ નીચે સ્કોલરોએ તાલીમ મેળવીને ગુરુના નામને યશસ્વી કર્યું છે; તેમાં સ્વ. લાલશંકર અને રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળાનાં નામો મુખ્ય સ્થાન લે છે.

---

૧ બુદ્ધિપ્રકાશ, સન ૧૮૬૫, પૃ. ૧૦૦.

એક શિક્ષક તરીકે એમનું કાર્ય કેવું સરસ હતું તેનું રસિક બયાન એમના એક શિષ્યે 'બુદ્ધિપ્રકાશમાં' માં કર્યુ છે, તેમાંથી એક ફકરો ટાંકીશું:—

"શિક્ષક તરીકે રાવ સાહેબ અમારા ઉપર એવી છાપ પાડતા હતા કે જે હું તેમજ મારા ઘણા સહાધ્યાયી મહેતાજીઓ અમારા મહેતાજી તરીકેના જીવનમાં તેમને આદર્શરૂપે લેતા હતા. વિષયને રસિક બનાવી વિદ્યાર્થીઓના મન ઉપર ઠસાવવાની તેમની પદ્ધતિ હજુ પણ અમારા સ્મરણમાંથી ખસી નથી. આ ઉપરાંત તેમનામાં માયા અને ભય એ બે શિક્ષકના ખાસ ગુણો ઘણાજ ઉચ્ચ પ્રમાણમાં હતા. કોઈપણ વિષયમાં કાંઈ શંકા પડે તો તેમની પાસે સમજવા હું ઘણી વાર જતો જે વખતે એવી માયાથી તેઓ સમજાવતા કે આપણને ઘણોજ આનંદ પડે તેમજ તેમના હાથ નીચેના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ રાવ સાહેબ આવે છે એવું સાંભળતાંજ જાગ્રત અને ચાલાક થઇ જતા, આવો તેમનો પ્રતાપ પડતો હતો. ઉપરી અંગ્રેજ અમલદારો પણ રાવ સાહેબ તરફ ઘણી માનની દૃષ્ટિથી જોતા હતા અને તેમનો પ્રતાપ આખા ખાતામાં ઘણોજ પડતો હતો. તેઓ દરેક કામ કરતા પહેલાં બહુજ વિચાર કરતા અને નિશ્ચય કર્યા પછી ભાગ્યેજ ફેરવતા."*

ટ્રેનિંગ કોલેજના મુખપત્ર તરીકે 'ગુજરાત શાળાપત્ર' એમના પ્રયત્નથી નિકળ્યું હતું. 'પરહેજગાર' 'બુદ્ધિવર્ધક' અને 'સત્યપ્રકાશ' ના તંત્રી તરીકે મહીપતરામને જે અનુભવ થયલો તેનો લાભ 'ગુજરાત શાળાપત્ર' ને મળેલો. એ પત્રના ઉદ્દેશ સંબંધી શાળાપત્રના જ્યુબિલિ અંકમાં સ્વર્ગસ્થ લાલશંકરે નીચે મુજબ લખ્યું હતું:—

"ટ્રેનિંગ કોલેજમાં તૈયાર થઈ મહેતાજી નીમાયા પછી મહેતાજીનું જ્ઞાન વધતું રહે, ખાતા સંબંધી જરૂરની માહિતી તેને મળે, જુના મહેતાજીઓને શાળાપદ્ધતિનું જ્ઞાન મળે, શાળા અને શિક્ષણ સંબંધી વિષયો વારંવાર ચર્ચાય, સ્કોલરો તથા મહેતાજીઓને લખવાનો મહાવરો થાય અને સામાન્ય રીતે શાળાના કામમાં મદદ રૂપ થાય એવા એક ચોપાનીઆની જરૂર શાળા ખાતાએ સ્વીકારી, અને તે બાબતમાં મર્હુમ મહીપતરામભાઈની યોજના મહેરબાન ડિરેકટર સાહેબે પસંદ કરી અને ૧૮૬૧ ના જુન માસથી 'ગુજરાત શાળા પત્ર' નીકળવા માંડયું."† અને તે કાઢવાની

* બુદ્ધિપ્રકાશ સન ૧૯૧૦, પૃ. ૩૫૪.

† 'શાળાપત્ર' જ્યુબિલિ અંક, પૃ. ૫૩.

પ્રેરણા મહીપતરામને નવલરામે સન ૧૮૭૦ ના મે માસના 'શાળા પત્ર'ના અંકમાં જણાવ્યું છે તેમ, મુંબાઈમાં પ્રથમ એલ્ફિન્સ્ટન સ્કુલ પેપર, જેણે પછી 'એન્યુકેશનલ રેકર્ડ' નામ ધારણ કર્યું અને તે મરાઠી 'શાળા પત્ર જોઈને થયો અને એ વિચાર તેમણે ઘણી ઉદારતાથી અમલમાં મૂક્યો.[૧]

સ્વર્ગસ્થ કમળાશંકરભાઇના શબ્દોમાં કહીએ તો "રા. સા. મહીપતરામભાઈએ 'શાળાપત્ર' દ્વારા ગુજરાતી સાહિત્યની સેવા બજાવી ને શિક્ષકવર્ગને ઉપયોગી અનેક પ્રકારના વિષયોનું વિવેચન ઇ. સ. ૧૮૬૨ ના જુલાઇથી તે ઈ. સ. ૧૮૭૦ ના એપ્રિલ સુધી, પરોપકાર વૃત્તિએ, કંઇ પણ લવાજમ લીધા વિના કર્યું.,"[૨] અને સન ૧૮૮૮ ના સપ્ટેંબર માસથી તે સન ૧૮૯૧ ના મે સુધી ફરીવાર 'ગુજરાત શાળાપત્ર' નું તંત્રીપદ એમના હસ્તક રહ્યું તે પરત્વે તેઓ લખે છે, "નિશાળોના શિક્ષકોને તેમનાં કર્તવ્યો કરવામાં વધારે સહાય કરે એવા પ્રકારના વિષયો આ 'શાળાપત્ર' માં પ્રકટ કરવા એવી આજ્ઞા કેળવણી ખાતાના ઉપરી સાહેબે કરી માટે હવેથી તેમ કરવામાં આવશે. આ કારણથી રા. સા. મહીપતરામભાઈના બીજા વખતના તન્ત્રીપણાના 'શાળાપત્ર' માં સામાજિક, ધાર્મિક, રાજકીય, કે અન્ય સામાન્ય વિષયો જોવામાં આવતા નથી, તેમજ ગ્રન્થ સમાલોચનાનો વિષય પણ ઓછો ઓછો થતો જાય છે; કેમકે કેળવણી સાથે પ્રત્યક્ષ સંબન્ધ ધરાવનાર સિવાય અન્ય ગ્રન્થોની સમાલોચના ન કરવી એવી ખાતા તરફથી આજ્ઞા, ઉપલા વાક્યથી સમજાય છે તેમ, એમને મળી હતી."[૩]

મહીપતરામના અવસાન બાદ 'ગુજરાત શાળાપત્ર' જે સરતે સ્વર્ગસ્થ ચલાવતા તે પ્રમાણે સોસાઇટીને તેનો વહિવટ સોંપવા માગણી કરવામાં આવી હતી અને તેમ કરવાનું કારણ એમ દર્શાવાયું હતું કે, "the present offer to undertake the Gujarati Shalapatra is made solely with a view to assist the Educational Department in propagating knowledge and vernacular literature in Gujarat and to further the object of the Society."

---

૧ 'શાળાપત્ર' જ્યુબિલિ અંક, પૃ. ૧૧
૨ 'શાળાપત્ર' જ્યુબિલિ અંક, પૃ. ૧૧
૩ 'શાળાપત્ર' જ્યુબિલિ અંક, પૃ. ૧૮

એ માગણી સોસાઇટીના ઉદ્દેશની ફળાસહિત અભિલાષની પેઠે તેના ઑનરરી સેક્રેટરી મહીપતરામ પ્રત્યે એ સંસ્થાનો પ્રેમ પણ વ્યક્ત કરે છે.

ટ્રેનિંગ કોલેજના દરરોજના ચાલુ કામ ઉપરાંત એમને ભાષાંતર ખાતાના વડા તરીકે કેટલીક જવાબદારી રહેતી. એ વિષયમાં તેઓ કેટલા વાકેફગાર અને તૈયાર રહેતા એનો ખ્યાલ વાચકને સન ૧૮૭૭ માં વાર્ષિક સભામાં એમણે જે માહિતી પૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું તે વાંચ્યાથી આવશે.* એજ પ્રમાણે બુક-કમિટીના સભ્ય તરીકે અનેક પુસ્તકો પર અભિપ્રાય લખવાનુ પ્રાપ્ત થતું. એમનું એ દફતર મળી આવે તો સમકાલીન સાહિત્યના પુસ્તકો વિષે એક જવાબદાર સરકારી અમલદાર કેવા અભિપ્રાય દર્શાવતા એ જાણવું બહુ રસદાયક થઈ પડે. સોસાઇટીના દફતરમાંથી એવા એમના અભિપ્રાયના કોઈ કોઈ નમુના મળી આવે છે; એવો એક નમુનો ટૉડ રાજસ્થાનના ભાષાન્તર વિષે મળી આવે છે. તે અનુવાદના સામાન્ય નિયમો પરત્વે વિચારણીય હોઇને, તે સળંગ પત્ર નીચે આપવામાં આવે છેઃ—

"રસિક સુઘડ નર ટૉડવિણુ" સંજ્ઞા જે ભાષાંતર ઉપર છે તે તપાસતાં ઇનામને લાયક જણાતું નથી. એમાં ઘણી ભૂલો છે.

ઓઝા દુલેરાય મહીપતરાય અને "સત્ય મેવ જયતે" એ સંજ્ઞાવાળાં ભાષાંતરો વિષે આપને ત્યાંની કમીટીમાં મતભેદ પડયો છે માટે મેં ઘણું ધ્યાન દઇને બંનેને તપાસ્યાં. એક એક જોડે તથા અસલ ઇંગ્રેજી પુસ્તક જોડે સરખાવી જોયાં. કમીટીના બંને ગૃહસ્થોએ એ ભૂલો બતાવી છે તે ખરી બતાવી છે. તે ઉપરાંત બીજી ઘણીક મારા જોવામાં આવી છે. એમાંનું એકે ભાષાંતર છપાવી પ્રકટ કરવા યોગ્ય નથી. દરેકમાં કેટલીક ખુબી છે અને ઉપર કહેલાં બે નામંજુર કરેલાં ભાષાંતરોથી સારાં છે તથાપિ ઇનામ લાયક મને લાગતાં નથી તથા એમાંનો એકેનો ભાષાંતર કર્તા બાકીના મૂળગ્રંથનું ભાષાંતર કરવાના કામને યોગ્ય જણાતો નથી. આમાં બધો વાંક એ ભાષાંતર કરતાનો નથી. ગમે એવો ખબરદાર એટલે ઇંગ્રેજી અને ગુજરાતી બંને ભાષાથી વાકેફગાર વિદ્વાન હોય તેનું આવા પ્રૌઢ ગ્રંથનું ભાષાંતર ખોડ વગરનું હોયા વિના રહે નહિ. બે બોલીની ઢબ રૂઢિયો વાક્યરચના વગેરેમાં મોટો ભેદ હોવાથી એકમાંના વિચાર શબ્દે શબ્દના અને વાક્યે વાક્યના બીજામાં આણવા એ ભાષાંતર કરવામાં મોટા અનુભવી વિદ્વાનને પણ અતિ

---

* જુઓ બુદ્ધિપ્રકાશ, સન ૧૮૭૭, પૃ. ૧૦૮–૧૧૨.

કઠણ છે. અને તેવું કરવાનો પુરો પ્રયત્ન કરવા જતાં ભાષાંતરની ભાષા બેડોળ અને ઘણે ઠેકાણે સાધારણ વાંચનારથી સમજાય નહિ તેવી થઈ જાય કઠણ ઇંગ્રેજી ગ્રંથનું ગુજરાતીમાં ભાષાંતર કરવામાં એમ થવાનો સંભવ ઘણો છે. વળી ઇંગ્રેજી પુસ્તકો ઇંગ્રેજોને માટે લખેલાં હોય છે તેનું કેટલુંક લખાણ ગુજરાતી વાંચનારને લાગુ પડે નહિ માટે તેનાં ભાષાંતરોમાં એ તરફની ખોડ આવ્યા વગર રહે નહિ એ વિગેરે કારણોથી ભાષાંતરને બદલે મૂળ ગ્રંથમાંથી, ( પોતાની તરફનું નવું નહિ ઉમેરતાં ) મતલબ લેઇ શુદ્ધ અને સરળ ગુજરાતીમાં ગ્રંથ રચાવશો તો આપનો તથા કૌંસીલનો હેતુ પાર પડશે અને ટૉડ સાહેબના રસિક પુસ્તકનો સઘળો સાર અને સઘળી ખુબી ભરેલો રસિક ગુજરાતી ગ્રંથ બનશે. ભાષાંતરને બદલે કામ્પીલેશન કરવાના બીજા લાભો પણ છે. અઘરી ઇંગ્રેજી ચોપડીઓનાં ભાષાંતર કરવાનાં પ્રયત્નો આ સોસાઇટી તથા ડીરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શનના એ પ્રમાણે નિષ્ફળ ગયા છે. એ અનુભવ ઉપરથી શબ્દે શબ્દ અને વાક્યે વાક્યના ભાષાંતર ન કરાવતાં ગ્રંથનો ભાવાર્થ લેવાની રીત અમને વધારે પસંદ પડે છે. અંબાલાલ કૃત અર્થશાસ્ત્ર એ પ્રકારનું પુસ્તક છે. એમ કરવામાં ભાષાંતર કરનારને કેટલીક છૂટ લેવી પડે છે પણ જે અસલ ગ્રંથમાં હોય તેને ઠામે બીજું કાંઈ તે દાખલ કરે નહિ. ને જે ઇંગ્રેજને લાગતું હોય તે મુકી દે અથવા ઇંગ્રેજને માટે છે એમ સમજાય તેમ લખે. વળી કર્નલ ટૉડના વખત પછી જે જ્ઞાન વધ્યું છે કે તેની ભૂલ જણાઈ છે તે બિના નોટમાં જણાવવી જોઇએ. ઉપોદ્ઘાત અને ભૂગોળના ભાગ વગેરેમાં ઘણુંક લખાણ છે તે ભાષાંતરમાં લેવા વિશે શક જેવું લાગે છે. આ બધી વાતનો વિચાર કરી નિર્ણય કરી શકે તેવા કોઇ ભાષાંતર કરવામાં અનુભવી વિદ્વાનને સોંપેથી કૌંસીલનો રૂડો હેતુ પાર પડવાનો વધારે સંભવ છે. એવો કોઇ પુરૂષ આપના જાણવામાં ન હોય તો તેવો ખોળી કાઢવાના કામમાં હું ખુશીથી મદદ કરીશ. આખા ટૉડકૃત રાજસ્થાનનું એ પ્રકારનું ભાષાંતર કરવાને ત્રણેક વરસ લાગે. આખું પુસ્તક બહુ મોટું થઈ જશે માટે ત્રણ ભાગ કરી છપાવતાં સુગમ પડશે. છપાવવા જેટલો ભાગ થાય એટલે તે છપાવવો. એમ થોડા વર્ષમાં આખો ગ્રંથ પૂરો થશે."*

મહીપતરામની પ્રવૃત્તિ કોઈ એક સંસ્થામાં કેન્દ્રિત ન હતી. શહેરની તમામ પ્રવૃત્તિમાં તેઓ આગેવાન ભાગ લેતા; અને ઘણીખરીના તેઓ મુખ્ય સંચાલક હતા. એ સંબંધમાં ગોવર્ધનરામનો અભિપ્રાય ટાંકીશું:—

* બુદ્ધિપ્રકાશ, સન ૧૮૮૦, પૃ. ૧૧૧-૧૧૨.

"ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી અને બુદ્ધિપ્રકાશમાં પણ મહીપતરામભાઈ કર્તા હર્તા છે, અને ત્યાંના આસિસ્ટંટ જજ મિ. દયારામ શાહાનીએ એક પ્રસંગે આ લખનારના દેખતાં મહીપતરામભાઇને કહ્યું હતું તેમ અમદાવાદમાં એક પણ ન્હાની કે મ્હોટી સભા કે સુધારાની વ્યવસ્થા એવી નહી હોય કે જેમાં એક અથવા બીજે રૂપે મહીપતરામ પ્રત્યક્ષ ન હોય અને કળ ડબાવતા ન હોય."*

તેમનાં એવાં જાહેર કાર્યોની એક યાદી એમના એક સ્કોલરે એમની અવસાન નોંધમાં કરી છે તે પરથી એ પ્રવૃત્તિ કેટલી વિધવિધ અને વિસ્તૃત હતી તેનો કંઈક ખ્યાલ આવશેઃ—

મનહરછંદ.

"સોસાઈટી વર્નાક્યુલર, અંજુમને ઈસ્લામ;
લાઇબ્રેરી આપારાવ, ભોળાનાથ ભાઈની.
મુંગાં પ્રાણી દુઃખ ટાળક, મંડળીના કારભારી;
કરી રૂડી વ્યવસ્થા તેં લેડી રેના ફંડની.
વિધવા વિવાહોત્તેજક, મંડળીનો સુભટ થઈ;
સુભટપણાનાં કામ, અહોનિશ સાધ્યાં.
પ્રમુખનું કામ કર્યું, પ્રાર્થના સમાજ મધે;
સમાજમાં રવીવારે, ભાષણ જઈ દાખવ્યાં.
અભ્રષ્ટ અઠ્યાશીનાએ, શાળાપત્ર હાથ ધર્યું;
હાથ ધરી રૂડી રીતે, ભિન્નભેદ ભાગીઆ.
શેહેર સુધરાઈ ખાતે, કર્યું કામ ચેરમેન;
યુનિવરસિટી ફેલો, મુંબઈનો દીસે આ.
મ્યુનિસિપાલીટી મધ્યે, હતો તે કમિશનર;
વળી પોતે મેમ્બર એ ગુર્જર કોલેજનો.
ભારી આવાં કામો કર્યા, આગેવાન પંડે થઈ;
ટાઈમ ન મુકયો પણ, કદીએ ઠલાસનો." ×

નોકરીના અંગે ભાષાંતર ખાતાની જવાબદારી એમને શિર હતી; અને કેટલાંક પાઠ્યપુસ્તકો શાળા માટે એમણે ઇંગ્રેજી પરથી તૈયાર કર્યાં હતાં. તે ઉપરાંત એમને સરકારી બુક કમિટીનું કામકાજ કરવાનું થોડું ન હતું.

---

* નવલરામ ચરિત્ર, પૃ. ૩૧.

× જુઓ 'કર્ણાશ્રિદહનનું અલ્પ વૃત્તાંત', સ્કોલર ગોકળદાસ ઝવેરભાઇ પટેલ કૃત, પૃ. ૨૧.

તેમ છતાં આપણે નવાઈ પામીશું કે એમણે 'વનરાજ ચાવડો' 'સિદ્ધરાજ જયસિંહ' 'સાસુ વહુની લડાઈ' અને 'ભવાઈ સંગ્રહ' જેવા સ્વતંત્ર પુસ્તકો રચીને ગુજરાતી સાહિત્યને જુદા જુદા વિભાગમાં સમૃદ્ધ કર્યું હતું. 'અકબર ચરિત્ર' તો એમણે "બુદ્ધિ પ્રકાશ" માં કટકે કટકે લખીને પ્રસિદ્ધ કરેલું અને 'ગ્રીસ દેશનો ઇતિહાસ' પ્રથમ કેળવણી ખાતા માટે સ્મિથના ઇતિહાસની ન્હાની આવૃત્તિ પરથી લખેલો તે પાછળથી સોસાઈટીએ છપાવ્યો હતો. 'દુર્ગારામ ચરિત્ર' અને 'કરસનદાસ મૂળજી ચરિત્ર' એ બે પુસ્તકો લખીને એમણે પોતાના ગુરુ પ્રત્યેનું અને મિત્ર પ્રત્યેનું ઋણ અદા કર્યું હતું અને એ ચરિત્ર ગ્રંથો, કહેવાની જરૂર નથી કે એ સમયનું સમાજચિત્ર અવલોકવાને અન્ય સાધનોને અભાવે ખરેખર કિંમતી નિવડયા છે.

સંસાર સુધારાનો ઉપદેશ કરવાને બહાર પડયા ન હોય એમ એમના ઉપરોક્ત ગ્રંથમાં તેમણે પ્રસ્તુત અપ્રસ્તુત સ્થાને અનિષ્ટ સાંસારિક રિવાજોને ચર્ચ્યા છે. 'સાસુ વહુની લડાઈ' એક સુધારકની વૃત્તિમાંથી ઉદ્દભવેલી અને 'ભવાઇ સંગ્રહ'માં પણ એમનો એજ સુધારાનો હેતુ જણાય છે. "સાઠીના સાહિત્યનું દિગ્દર્શન" માં શ્રીયુત ડાહ્યાભાઈ લખે છે, "દરેક ચાલુ રિવાજ અથવા સંસ્થાને સુધારવાં એ રા. સા. મહીપતરામનો સ્વભાવ જ પડી ગયલો એટલે તે વખતે ભજવાતી ભવાઇઓમાં બિભત્સપણું છે એમ સમજવા છતાં પણ ભવાઇની સંસ્થા જળવાઈ રહેવાની અગત્ય એમને દેખાઇ. આથી એમણે તેમાંનાં વાંધાભર્યા તત્વો દૂર કરવા અને પાત્રોને અસભ્ય ભાષા વાપરતા છોડાવવાના પ્રયત્નો આદર્યા."+

ટ્રેનિંગ કોલેજમાં રાત દિવસ ગુજરાતીમાંજ વ્યવહાર રાખવાનો હોઇને એમનું ગદ્ય લખાણ આપણે ઇચ્છીએ એવું જોમવાળુ, અસરકારક અને લાલિત્યભર્યું તો નથી, એમ કહેવું જોઇએ. તેનું કારણ શ્રીયુત નરસિંરાવે એમનું સંસ્કૃત જ્ઞાનનું અજ્ઞાન "સ્મરણ મુકુર"માં* કેટલાંક ઉદાહરણો આપીને બતાવ્યું છે તે હોય, અથવા તો દિ. બ. ઝવેરી જણાવે છે તેમ 'લેખકની જેવું હોય તેવું જણાવી દેવાની ટેવ અને તેમના વ્યવહારોચિત વ્યક્તિત્વ જેવું તે ગદ્ય પણ—અકલ્પનાત્મક અને નિરસ રહ્યું." અને તેના પરિણામે એમની લેખન શૈલીએ 'એકસરખી જ જડસમતા ધારણ કરી" હતી.†

---

+ 'સાઠીના સાહિત્યનું દિગ્દર્શન' પૃ. ૧૮૭ [ફૂટનોટ]

* જુઓ 'સ્મરણ મુકુર' પૃ. ૪૩.

† જુઓ 'ગુજરાતી સાહિત્યના વધુ માર્ગસૂચક સ્તંભો' પૃ. ૧૭૭.

વિધવા વિવાહનો કાયદો પસાર થયા બાદ એ પ્રમાણે પુનર્લગ્ન કરનારને જ્ઞાતિજનો તરફથી કનડગત થાય તો તેની સામે કાયદેસર પગલાં લઈ શકાય કે કેમ એ વિષે મહીપતરામે કોઇ સારા બારિસ્ટરનો અભિપ્રાય મેળવવા પદરના રૂ. ૬૦/–ફીના આપ્યા હતા એની નોંધ પહેલા પ્રકરણમાં કરેલી છે.* બાઇ જીવકોર અને લલ્લુભાઇના પુનર્લગ્ન વખતે એમણે અગ્રેસર ભાગ લીધો હતો અને તે પછી એમણે સ્થાપેલી વિધવાવિવાહ ઉત્તેજક મંડળના આશ્રય હેઠળ અમને જણાવતાં આનંદ થાય છે કે સંખ્યાબંધ પુનર્લગ્ન થયલાં છે અને તેનું સઘળું કામકાજ એમની હયાતિ સુધી સર રમણભાઈ કરતા અને એમના સ્વર્ગવાસ બાદ લેડી વિદ્યાબહેન ઉલટભેર ચલાવે છે.

તે જમાનામાં બાલલગ્ન પ્રતિષ્ઠા ભર્યું ગણાતું; મહીપતરામનું પોતાનું લગ્ન તેઓ જણાવે છે, કે છ વર્ષની વયે થયું હતું; અને તેમનાં પત્નીની ઉમર તે વખતે પાંચ વર્ષની હતી. પરંતુ સન ૧૮૭૫ માં એમના મ્હોટા પુત્રનું લગ્ન થયું ત્યારે વચલા પુત્રનું પણ સાથે સાથે લગ્ન કરી નાંખવા છોકરીવાળા તરફથી એમને કહેવામાં આવ્યું હતું પણ વરકન્યાની ન્હાની વય હોઇને મહીપતરામે એ વિચારને અનુમોદન આપ્યું ન હતું. એટલુંજ નહિ પણ એમના વિચારને સમર્થન કરતાં એમના પત્ની પાર્વતીકુંવરે સામા પક્ષને કહ્યું હતું, કે "મારે લાવો લેવાને હું મારા છોકરાનો ભવ બગાડવાની નથી. જેથી છોકરાંને આગળ જતાં દુઃખ પડે કે નુકસાન થાય તેવું માબાપે કરવું ન જોઇએ. બાળલગ્ન નુકસાનકારી છે માટે તે હું નહિ કરું. વિવાહ ટળવાની બીકથી હું ડરવાની નથી."×

સંસારસુધારા અને શિક્ષણપ્રચાર કાર્યની પેઠે એમનું એવું બીજું મહત્વનું કાર્ય તે ધર્મ સુધારણાનું હતું. અમદાવાદ પ્રાર્થના સમાજ સ્થાપવામાં ભોળાનાથભાઈ સાથે તેઓ અગ્રપદે હતા. સમીપમાં રહીને એમના એ કાર્યને નિરખનાર શ્રીયુત નરસિંહરાવ તે વિષે લખે છેઃ—

"પ્રાર્થના સમાજની સ્થાપના ઈ. સ. ૧૮૭૧ ના ડીસેમ્બર માસમાં થઈ ત્યહારથી ૧૮૯૦–૯૧ સુધી મહીપતરામની પ્રગતિ ઉત્તરોત્તર વૃદ્ધિમત થઈ. ઇ. સ. ૧૮૮૬ ના મે માસમાં ભોળાનાથનું અવસાન થયું. તે પછી

* જુઓ પૃ. ૧૭.

× જુઓ 'પાર્વતીકુંવર આખ્યાન,' પૃ. ૩

પ્રાર્થના સમાજના કાર્યનો દ્વિગુણ ભાર મહીપતરામે પૂર્ણ બળથી વહ્યો; પણ તે પાંચ વર્ષ સુધીજ; ૧૮૯૧ ના મે માસમાં આ ભક્તવર્ગની સૂર્ય-માળામાંના મુખ્ય ગ્રહોમાંનો એક એ ગ્રહ પણ અસ્ત પામ્યો; 'અસ્ત થયો ગ્રહ આંહિ ઊગ્યો પણ બીજે ઠામે,' એમ આશ્વાસન ભક્તવૃન્દે લીધું."†

છેલ્લે આપણે એમની સોસાઇટીની સેવા વિચારીએ. સોસાઇટીનું કાર્ય વ્યવસ્થિત અને વ્યવસ્થિત રીતે થાય તે માટે એમણે સન ૧૮૬૫ ની સાલમાં વાર્ષિક સામાન્ય સભામાં જે વિચાર દર્શાવ્યા હતા, તેની અગાડી નોંધ લેવામાં આવેલી છે. સોસાઇટીના કામકાજમાં તેઓ ખૂબ રસ લેતા અને તેથી જ્યારે રાવબહાદુર ગોપાળરાવ સન ૧૮૭૭ માં થોડાક માસ માટે જાત્રાએ ગયા ત્યારે મેનેજીંગ કમિટીએ ઓનરરી સેક્રેટરીનો ચાર્જ મહીપતરામને સોંપ્યો હતો. તે પછી ગોપાળરાવ અમદાવાદ છોડી જતાં, મહીપતરામ એ પદે કાયમ થયા; અને સન ૧૮૯૧ ના મે માસમાં તેઓ કોલેરાના ભોગ થઈ પડયા, એ તેર વર્ષ દરમિયાન સોસાઇટીની એમણે એકનિષ્ઠાથી અને કર્તવ્ય બુદ્ધિથી, સતત અને ખંતપૂર્વક, સુંદર અને સંગીન સેવા કરી હતી, એમ સોસાઇટીના એ સમયની સઘળી પ્રવૃત્તિના પ્રોસિડિંગ્સ અને રીપોર્ટ જોયાથી ખાત્રી થાય છે.

આપણે ઉપર વિચારી ગયા છીએ કે તેઓ અનેક વ્યવસાયમાં રોકાયલા રહેતા; તોપણ સોસાઇટી એમનું પ્રિય બાલક હતું; અને તેના કામકાજમાં તેઓ ઘણો સમય વ્યતીત કરતા. ઘણુંખરૂં પત્રવ્યવહારનું કાર્ય તેઓ જાતે કરતા; એટલુંજ નહિ પણ નવી નવી પ્રવૃત્તિઓ ઉપાડી લેતા. સોસાઇટીનું કેમ શ્રેય થાય અને તેની પ્રવૃત્તિ શ્રેયસ્કર અને પ્રાણવાન નિવડે એવા ઉપાયો તેઓ યોજતા. માત્ર પુસ્તક પ્રકાશન પુરતી સંકુચિત દૃષ્ટિ તેમની ન હતી; પણ ગુજરાતી સંસ્કૃતિ કેવી રીતે વિકસે અને વિસ્તરે, એ તેમની મુખ્ય નેમ હતી.

હંટર કમિટી સમક્ષ માધ્યમિક શિક્ષણ સંબંધમાં સોસાઇટી તરફથી જે નિવેદન એમણે રજુ કર્યું હતું તે, તેમજ મુંબાઈ યુનિવર્સિટીને યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં માતૃભાષાને સ્થાન આપવા જે અરજી મોકલી હતી, તેમાં, એમની દીર્ઘદૃષ્ટિ અને ઉંડી સમજણ જણાઈ આવે છે.

સર સયાજીરાવ ગાયકવાડને, કચ્છના મહારાઓશ્રી ખેંગારજીને, લૉર્ડ રે વગેરેને માનપત્ર અર્પવામાં તેમજ દેશી છાપાંઓ પરનાં બંધનો કાઢી

---

† જુઓ 'સ્મરણમુકુર' પૃ. ૪૦.

નાંખવા માટે હિન્દી પત્રકારો તરફથી લૉર્ડ રીપનને અપાયલા અભિનંદનમાં સામેલ થવામાં સોસાઇટીની લાગવગ અને પ્રતિષ્ઠા વધારવાની સાથે ચાલુ પ્રગતિમાન વિચારપ્રવાહ સાથે તે સતત સંકળાયલી રહે, એ એમનો આશય ઓછો સ્તુતિપાત્ર નથી.

પુસ્તકો લખાવવા માટે પણ થોડો શ્રમ લેવો પડતો નહિ. પ્રથમ તો પુસ્તક લખનાર યોગ્ય ઉમેદવારોનો અભાવ માલુમ પડતો. કેટલીકવાર નક્કી કરેલા પારિતોષિકની રકમ ઓછી પડતી એટલે અરજીઓ આવતી નહિ; અને તેથી પાછળથી પ્રથમની રકમ વધારીને નવેસર અરજીઓ મંગાવવામાં આવતી. વળી તૈયાર થઈ આવેલું લખાણ અભિપ્રાય માટે કમિટીના સભાસદોમાં ફેરવવામાં વહિવટી કામકાજ ઘણું વધતું. પરચુરણ કામકાજ તો સરક્યુલરથી કરી લેવામાં આવતું. ઇંગ્રેજી પત્રવ્યવહાર તો ઘણોખરો ઑન. સેક્રેટરીને જાતે કરવો પડતો. તે વખતે કેળવણી ખાતું સોસાઈટીના નવાં પુસ્તકો ઉત્તજન દાખલ ખરીદ કરીને સારી મદદ કરતું. મહીપતરામભાઈ, ભાષાંતર ખાતાના ઉપરી હોઇને એમની એ લાગવગ સોસાઇટીને લાભદાયી નિવડતી, એટલુંજ નહિ પણ એ બન્નેનો સંબંધ એખલાસભર્યો થઈ પડયો હતો. એ સંબંધને લઇને કેટલાંક લિખિત પુસ્તકો સોસાઇટીને ખાતા તરફથી પ્રકાશનાર્થે સોંપાયાં હતાં, જેમ કે, 'વેણીસંહાર નાટક,' 'ગ્રીસ દેશનો ઇતિહાસ' વગેરે. એમના વહિવટની મુદ્દત દરમિયાન ૩૦ નવાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં હતાં. તેની સમાલોચના બીજા પ્રકરણમાં કરવામાં આવેલી છે. અહિં તે વિષે એટલું નોંધવું જોઇએ કે જે પ્રકારનું વાચન સાહિત્ય સમાજને તે સમયે જરૂરનું હતું તેવું ઉપયોગી અને સંસ્કારી સાહિત્ય પુરૂં પાડવા એમના સર્વ પ્રયાસો હતા.

વળી સોસાઈટીના સ્ટૉફમાં પુરતા નોકરો નહિ. સઘળું કામ આસિ. સેક્રેટરીને કરવાતું; તે કામ કેવું અગવડભર્યું હતું તેનું કંઇક વર્ણન તે વખતના કલાર્ક નાગેશ્વર જ્યેષ્ઠારામે એમના એક છાપેલા પત્રમાં કર્યું છેઃ

"ह ની ચોપડીઓ સોસાઈટીમાં વેચવા રાખી છે, તેનો હિસાબ સને ૧૮૮૧ સાલથી આજ સુધીનો લેણા દેવાનો તપાસવાને ચોપડા લઇ તે કારકુન પાસે બેઠો છે. જરૂરની ચોપડીયો આજરોજની ટપાલમાં વેલ્યુ-પેબલથી રવાને કરવા क નો કાગળ છે. ૧૦૦ રૂપિયાની ચોપડીયો ઇનામને માટે જૂદી જૂદી જાતની વડોદરા સ્ટેટના એજ્યુકેશન ખાતા તરફથી મંગાવેલી તે રેલ્વે પારસલથી બીડી રસીદ મંગાવવાની છે. જરૂરનો

કાગળ થઈ સેક્રેટરીએ હજુર ડેપ્યુટી કલેક્ટરની ઑફિસમાં જાતે જવાની જરૂર છે. મુંબઇ બેંકમાં વ્યાજ કઢાવવાને ચોપડી મોકલવીજ જોઇએ. ક પ્રેસમાંથી બુદ્ધિપ્રકાશનો ફરમો લઇને સુધરાવાને ઉભો છે. ષોડ્શ સંસ્કારના પુસ્તકનો ફરમો સુધારતાં વેદનો મંત્ર ધુંચવાડા ભરેલો છે તે બાબતની શંકા નિવારણ કરવા પુસ્તકની જરૂર છે, અને પ્રેસમાં કામ અટકે છે. માને શિખામણનો ફરમો કાલનો આવીને પડયો છે. વિધવા વપનના પુસ્તકની ખબર કાઢવાને છાપખાનામાં ગીસુમીયાંને મોકલ્યો છે. ગ્રીસના ઇતિહાસનું આગળ મેટર જોઇએ છીએ પણ તે રા. સા. માધવલાલભાઇને ત્યાં છે. ૧૮૦૦૦ રૂપિયાની નોટો મગનભાઈ શેઠની દુકાનેથી લઇ આવવાની છે. પણ સેક્રેટરીના જવા સિવાય સીપાઇને આપશે નહિ. રા. શંકરપ્રસાદ દેશાઈના ૧૧૦૦) રૂપિયા ભરવાને તેમના મુનીમ સોસાઈટીમાં બેઠા છે. સરોડા મેસાણા અને સિદ્ધપુરની નિશાળના મહેતાજીઓને બુદ્ધિપ્રકાશ આજની ટપાલમાં રવાના કરવાનાં છે. રા. નગીનદાસે કાવ્ય કલાપની ચોપડી મંગાવી છે તે આપો, તેમનો માણસ ચીઠી લઇને લેવા આવ્યો છે, રા. કેશવલાલ કવિ લલ્લુ અને પ્રાણગોવિંદ મહેતાજી પોતાની ચોપડીયોને માટે મદદ માગે છે, તેમના પુસ્તકોના સંબંધમાં વિચાર કરવાનો છે. વેણીલાલે આજની ટપાલમાં સોસાઈટીમાં વેચાતાં પુસ્તકોનું લીસ્ટ માગ્યું છે. મુંબઇથી પત્ર છે કે અમારા પુસ્તકો વેચવા રાખશો. કમીટીએ કરેલા ઠરાવ પ્રમાણે જે ગૃહસ્થોને પુસ્તક આપ્યાં છે અને આપવાનાં છે તેમને ખબર આપવાના પત્રો લખવાના છે. સોસાઇટીની ચોપડીયો તપાસવી જોઇએ, કેટલી ખપી, નવું બજેટ કરવાનો વખત થયો છે વગેરે."

અને તેમની પાસેથી કામ લેવામાં મહીપતરામભાઈ જેટલા ઝીણા તેટલા ચિવટવાળા હતા; તેનો એક દાખલો આપીશું. ચાલુ શિરસ્તા મુજબ આસિ. સેક્રેટરીએ ઉનાળામાં સવારની ઑફીસ કરવા એમની પાસે પરવાનગી માંગેલી તે. તે પર એમણે નીચે પ્રમાણે શેરો લખી મોકલ્યો હતો:—

"એ રિવાજ કેટલાક વર્ષોથી ચાલે છે તે હું બંધ કરવા ચાહતો નથી, તથાપિ મને એમ લાગે છે કે ચોપડી વેચાતી લેવા આવનારને એ વખત અનુકૂળ નહિ પડતો હશે. ચૌટામાં ચોપડી વેચનારા દુકાન માંડે છે તેઓ એમ કદી કરવાના નહિ. કેમકે એથી ઘરાકી ઓછી થાય. માટે વેચાણ પત્રકો પરથી નક્કી કરવું કે આ ધારણા ખરી છે કે નહિ?

સવારે વખત રાખ્યાથી વેચાણ ઓછું થાય છે કે નહિ ? તે શોધવું જોઇએ. હાલ તો સવારનો વખત રાખવો.

તા. ૭ મી એપ્રિલ ૧૮૮૩ (સહી) મહીપતરામ રૂપરામ."

ઓ. સે.

આ સઘળું એમનું કામકાજ છેક પાસેથી નિહાળવાને અનેક પ્રસંગો જેમને પ્રાપ્ત થતા એવા એમના સાથી અને મિત્ર સરદાર ભોળાનાથભાઇએ સન ૧૮૮૫ માં વાર્ષિક સભામાં પ્રમુખપદેથી બોલતાં સોસાઇટીનો પાછલો ઇતિહાસ વર્ણવી, મહીપતરામ વિષે જાત માહિતીપરથી જણાવ્યું હતું:—

"મને કહેવાને ઘણો સંતોષ ઉપજે છે કે એ રાવસાહેબ આ કામમાં સંપૂર્ણ હોંશ રાખીને શ્રમ લે છે. પોતાને ઘણાં જરૂરી કામ છતાં સોસાઇટીના કામમાં પૂરૂ લક્ષ આપે છે. સોસાઇટીના દ્રવ્યનો વધારો થાય, અને સારાં પુસ્તકો વાંચવા લખવાનો લોકોને શોખ શી રીતે થાય એ બાબત પોતે ઘણો પ્રયત્ન કરે છે. આ બાબત તેમનો સોસાઇટી ઉપર મોટો ઉપકાર છે."*

આવી મોટી સંસ્થા ચલાવવામાં કાર્યવાહકો બધાનાં મન ન જ સાચવી શકે, એટલે અસંતુષ્ટ અને સ્વાર્થી પુરુષો તેની સામે આક્ષેપો કરે એવું ઘણીવાર બન્યું છે અને મહીપતરામ પણ એવા પ્રહારમાંથી બચેલા નહિ. સોસાઇટીનાં નાણાં રોકાણ સંબંધમાં એક વાર વર્તમાનપત્રમાં ટીકાખોરોનું વિરુદ્ધ લખાણ આવ્યું તેથી મહીપતરામને બહુ માઠું લાગ્યું હતું; અને એ બીના વાર્ષિક સભામાં સુદ્ધાંત ચર્ચાઈ હતી. પણ સભાએ એકમતે એમના કામકાજ અને વહિવટમાં સંપૂર્ણ વિશ્વાસ દર્શાવી, પ્રમુખ રણછોડભાઇએ મહીપતરામ અને એમનાં કાર્ય વિષે નીચે પ્રમાણે ઉદ્ગારો કાઢ્યા હતા:

"સોસાઇટીનો આ પ્રમાણે સારી રીતે જે કારભાર ચાલે છે, તેનું માન ઓનરરી સેક્રેટરી સાહેબને ઘટે છે. મેનેજીંગ કમિટી પણ તેમને સારી મદદ કરે છે; તથાપિ તેઓ જે પોતાના વિચાર દર્શાવે છે અને કરે છે, તેનો અમલ કરવો સઘળો સેક્રેટરી પર આધાર રાખે છે; અને ખરૂં કહીએ તો આપણી સોસાઇટીની જે ફતેહમંદ કારકીર્દી જોવામાં આવે છે, તે સેક્રેટરી સાહેબનાં પ્રમાણિકપણા, ખંત, અને ધીરતાને લીધેજ છે."†

* બુદ્ધિપ્રકાશ, સન ૧૮૮૫, પૃ. ૨૧૬.

† સન ૧૮૮૮ નો ગુ. વ. સોસાઇટીનો રીપોર્ટ, પૃ. ૧૨.



મહીપતરામના હસ્તાક્ષર

બીજે એક પ્રસંગે એમનાં કાર્ય વિષે બોલવા ઉભા થતાં શ્રીયુત કાલ્સજીએ જણાવ્યું હતું.

"રા. સા. મહીપતરામ રૂપરામ સી. આઈ. ઈ. આ સોસાઇટીના હિતને અર્થે હંમેશ મુજબ પોતાના અંતઃકરણથી તથા ઉલટથી સોસાઇટીના ઑનરરી સેક્રેટરી તરીકે ઘણી મહેનત લે છે. હરેક મંડળની ચડતી તેના સેક્રેટરીની ઉલટ ઉપર આધાર રાખે છે. રા. સા. મહીપતરામની મહેનત તથા ઉલટ ચડતા દરજ્જાની છે, અને ઇંગ્રેજી કહેવત પ્રમાણે 'He is the life and soul of the society.'‡ (તેઓ સોસાઇટીના પ્રાણ અને આત્મા છે.)

સોસાઈટીની એમની સેવા પરત્વે અમે કંઈ અભિપ્રાય આપીએ તેના કરતાં 'બુદ્ધિપ્રકાશ' માં એમની મૃત્યુ નોંધ લખનાર લેખકે જે વિચાર તે વખતે વ્યક્ત કર્યા હતા તે ઉતારવા બંધબેસ્તા થશે:

"એમણે પ્રથમ સન ૧૮૭૭ ના નવેંબરમાં એ ખાતાનો કાર્યભાર પોતાને સ્વાધીન લીધો ત્યારથી અત્યાર સુધીમાં સોસાઇટીની થાપણ જે રૂ. ૨૮૦૦૦) ની અંદર હતી તે હાલ લાખ ઉપર ગઈ છે, અને એકજ ટ્રસ્ટ ફંડ હતું તેમાં વધારો થઇને હાલ એકંદર વીશ ટ્રસ્ટ ફંડ સોસાઇટીના સ્વાધીનમાં આવેલાં છે. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની એ ઉન્નત્તિ રા. સા. મહીપતરામનાં બાહોશી, નિઃસ્પૃહ ઉદ્યમ, સોસાઈટીનું સતત હિત-ચિંતન, અને લોકનો એમના વિષેનો પૂર્ણ વિશ્વાસ સિવાય બીજું શું બતાવી આપે છે?"*

એમના એ યશસ્વી વહિવટની કદર તરીકે, એમના દુઃખદાયક અવ-સાનની નોંધ લેવા સોસાઇટીની સામાન્ય સભા મળી હતી તેમાં, એમના કુટુંબીજનોને દિલાસાપત્ર મોકલી આપવાનો ઠરાવ કરી, સ્વર્ગસ્થનું કાયમ સ્મારક ઉભું કરવા સોસાઈટીના ફંડમાંથી રૂ. ૧૬૦૦) ની રકમ જુદી કાઢવાનો નિર્ણય થયો હતો.

સદરહુ દરખાસ્ત એમના પ્રિય શિષ્ય લાલશંકરે રજુ કરી હતી. તે ઠરાવના શબ્દો નીચે પ્રમાણે હતા:

‡ બુદ્ધિપ્રકાશ સન ૧૮૮૭ પૃ. ૨૧૨.

* બુદ્ધિપ્રકાશ સન ૧૮૯૧, જુન, વધારો પૃ. ૨.

"મર્હૂમ રાવસાહેબ મહીપતરામ રૂપરામે ૧૮૭૭ ની સાલથી ઘણી લાંબી મુદત સુધી ઑનરરી સેક્રેટરી તરીકે સોસાઇટીની ઘણી સારી સેવા બજાવી છે. સોસાઇટી જે હાલ આટલી ઉન્નતિએ પહોંચી છે, તે તેમનેજ લીધે છે. તેથી હું ધારૂં છું કે સોસાઈટી તરફથી તેમનું કંઇક સ્મારક થવું જોઇએ. એ પ્રમાણે અગાઉ સોસાઇટી તરફથી થયલું છે. તેથી હું એવી દરખાસ્ત કરૂં છું, કે 'રાવ સાહેબ મહીપતરામ રૂપરામના સ્મારક માટે રૂ. ૧૬૦૦) ઇલાયદા કાઢવા; અને તેમાંથી એક ઑઇલ પેન્ટિંગ તસવીર તૈયાર કરાવી હિમાભાઇ ઇન્સ્ટિટયુટમાં મૂકવી, અને બાકીના રૂપિયાના વ્યાજમાંથી દર વર્ષે બે રૂપાના ચાંદ (મેડલ) કરાવવા, અને તેમાંનો એક ચાંદ અમદાવાદ મેલ ટ્રેનિંગ કોલેજમાં સૌથી ઉંચા વર્ગની પરીક્ષામાં સૌથી ઉપર નંબરે ગુજરાતી ભાષા જ્ઞાનમાં પાસ થનારને આપવો, તથા ટ્રેનિંગ કોલેજમાં સૌથી ઉંચા વર્ગમાં સૌથી ઉપર નંબરે શિક્ષણ પદ્ધતિમાં પાસ થનારને આપવો."×

સન ૧૮૯૫ માં સ્વર્ગસ્થની છબી હિમાભાઈ ઈન્સ્ટીટયુટમાં મૂકવાને એક જાહેર સમારંભ એ પુસ્તકાલયના મધ્યસ્થ હોલમાં અમદાવાદના જીલ્લા જડજ મી. મેકાર્કલના પ્રમુખપદે થયો હતો.* અને એમના સ્મરણાર્થે પ્રજા તરફથી જાહેર ઉઘરાણું થયું હતું તેમાંથી મહીપતરામ રૂપરામ અનાથાશ્રમની સંસ્થા સ્થાપવામાં આવી હતી. એ આશ્રમ આજે ગુજરાતમાં પહેલે નંબરે છે તેમ હજારો અનાથ બાળકો અને વિધવાઓને આશ્રય અને સહાયતા આપીને તેમનાં જીવન સુખી કરે જાય છે, તે નિહાળીને સ્વર્ગસ્થનો આત્મા ખરેખર સંતુષ્ટ થતો હશે !

× જુઓ ગુ. વ. સોસાઇટીનો સન ૧૮૯૧ નો વાર્ષિક રીપોર્ટ, પૃ. ૧૨.

* જુઓ "બુદ્ધિપ્રકાશ," સન ૧૮૯૫, પૃ. ૨૯.

# પરિશિષ્ટ ૫

## રાવ સાહેબ મહીપતરામને માન.

એ સાહેબ વિલાયતની મુસાફરી કરીને ખેમકુશળ અમદાવાદમાં પધાર્યા; અને હિંદુઓ વિલાયતમાં જતાં પોતાનો ધર્મ સાચવી શકે કે નહિ, અને ત્યાંની હવા હિંદુઓને માફક આવે છે કે નહિ, એ વગેરે અંદેસો રાખતા હતા, તે મહીપતરામભાઇએ ત્યાં જઈ આવીને મટાડ્યો. તે વાસ્તે તેમને માન આપવા સારૂ, તથા તેમની મુસાફરીનું સંક્ષેપ વર્ણન સાંભળવા સારૂ તા. ૧૨ મી મેને રોજ રાતના સાત વાગતાં હિમાભાઈ ઇન્સ્ટિટ્યુટમાં એ ઇન્સ્ટિટ્યુટના મેંબરોની તથા બીજા ગૃહસ્થોની સભા ભરાઈ હતી. સભાપતિની ખુરસિયે ડાકતર વાઇલી સાહેબ બિરાજ્યા હતા. અને મી. આર. બથનટ સાહેબ, કરનલ માંટગમરી, મી. પેડર સાહેબ, કપતાન પ્રેસકાટ સાહેબ, મી. કરટીસ સાહેબ વગેરે દશ બાર યુરોપિયન સાહેબો અને નગરશેઠ પ્રેમાભાઇ, રાવ બહાદુર મગનભાઇ, શેઠ ઉમાભાઇ હઠીસિંહ, શેઠ જેસીંગભાઇ હઠીસિંહ વગેરે સારા સારા સાહુકારો તથા દફતરદાર સાહેબ, ડેપ્યુટી માજીસ્ટ્રેટ સાહેબ વગેરે અમલદારો તથા રાવ સાહેબ ભોળાનાથ સારાભાઈ, રાજેશ્રી બાલાજી જસકરણ, રાજેશ્રી રણછોડલાલ છોટાલાલ, વકીલ ગંગાદાસ છબીલદાસ, રાવસાહેબ ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, રાવસાહેબ પ્રાણલાલ મથુરાંદાસ, વકીલ ધીરજલાલ મથુરાંદાસ વગેરે ગૃહસ્થો બિરાજ્યા હતા.

સભાપતિયે ઉભા થઈને અંગ્રેજીમાં ભાષણ કર્યું. એ ભાષણનો ગુજરાતીમાં સારાંશ રાજેશ્રી રણછોડલાલ છોટાલાલે કહી સંભળાવ્યો.

### ડૉ. વાઇલીનું ભાષણ.

સાહેબો,

રાવ સાહેબ મહિપતરામ રૂપરામને તમારી હજુરમાં લાવવાની રજા માગું છું. એઓ હાલ વિલાયત જઈ આવ્યા છે, તે સર્વેના જાણ્યામાં હશે. આજે એઓ પોતાના દેશાટનનું થોડું વર્ણન કરવાના છે. ભાઇ મહિપતરામનો સંબંધ કેળવણી ખાતા સાથે ઉપયોગી, માન ભરેલો ને લાંબી મુદતનો છે. કેળવણી વિશે તજવીજ કરવી એ એમનો ઇંગ્લાંડ જવાનો મુખ્ય હેતુ હતો. એમના ખાતાના હાર્વર્ડ અને હોપ સાહેબોની ઉદાર મદદથી એમણે પોતાની મતલબ પાર પાડી. એમનો ભર્યો પુરો પગાર તથા પાછા આવ્યાનો ખર્ચ સરકારે મહેરબાની કરી આપ્યો. એમણે

પોતાની હારે એક બ્રાહ્મણ લીધો હતો, તેના ખર્ચને સારૂ સર ખરસેદજી જમસેદજી, શેઠ જગન્નાથ શંકર શેઠ, શેઠ મંગળદાસ નથુભાઇ, શેઠ નસરવાનજી ખરસેદજી ફામાજી, દાક્તર ભાઉ દાજી વગેરે મુંબાઇના કેટલાએક સખી ગૃહસ્થોએ મદદ કરી હતી ઇંગ્લાંડમાં રહ્યા એ વખતમાં એમને ત્યાંના મુખ્ય શહેરો, ને સારામાં સારા અને ડાહ્યામાં ડાહ્યા પુરૂષોમાંના ઘણાંક સાથે સમાગમ થયો. હવડાં એઓ જે કહેશે તે ઉપર તમારૂં ધ્યાન પોહોચાડવાને વધારે કેહેવાની જરૂર નથી.

બીજી એક બાબત ઉપર હું થોડું બોલીશ. હિંદુસ્તાનના પશ્ચિમ ભાગમાંના ઉંચી જ્ઞાતિના બ્રાહ્મણોમાંથી રાવ સાહેબ મહિપતરામજ સ્વધર્મ પાળીને પહેલા વિલાયત જઇ આવ્યા. એથી આગ્રહ અને હિંમતના મોટા સદ્ગુણો એમનામાં છે એવું મારી નજરમાં આવે છે.

જ્ઞાતિ ભેદથી ઉત્પન્ન થતા વિચારો અને વેહેમો, કોઇ નવી વાત પછી મર તે ગમે તેવી સારી હોય તો પણ તે કરનાર ઉપર આ દેશના અજ્ઞાની લોક તેમાં સઊથી વધારે પોતાની નાતના આદમિયો કેવો દ્વેષ કરે છે, કેવું અપમાન કરે છે, ને કેવું દુઃખ દે છે, એ સર્વને ધ્યાનમાં લાવિયે છીએ ત્યારે આ દેશનું કલ્યાણ અને સુધારાના ઇચ્છનાર મિત્રોને એમના પરાક્રમથી અતિ સંતોષ થયા વગર રેહેશેજ નહિ. ભાઇ મહિપતરામ પાછા પધાર્યા ત્યારે મુંબાઇના ઊંચી પદવીના અને દેશહિત ઇચ્છનારા સઘળી વરણના પુરૂષોએ એમને ઘણું આદરમાન આપ્યું તેમજ સુરત અને નડીઆદમાં સારા વિચારના માણસોએ આપ્યું. ને તેથી એમણે કરેલા કામને મંજુર કર્યું. એ મંજુરીઆત તુચ્છ બુદ્ધિના કે ઘણાજ મુર્ખ હશે તેઓજ નહિ આપે, બીજા સર્વે આપશે એમ હું ધારૂં છું. હું આશા રાખું છું કે જેવું ખરા દીલનું આદરમાન એમને બીજા શેહેરોમાં મળ્યું છે, તેવુંજ આ શહેરમાંથી પણ મળશે. સુધારાઇની ઇમારતને સારૂ પાયો ખોદનાર માફક એ ભાઇ એ માનને કેવળ યોગ્ય છે. એમની પેઠે વિલાયતી દેશો જોએથી આ દેશના ગૃહસ્થોના મન ઉપર જે અસર થશે, ને વાતો તેમના જાણવામાં આવશે તેથીજ દેશી લોકનાં ઉત્તમ લક્ષણો બહાર પડશે, ને જોરાવર થશે.

પછી રાવસાહેબ મહીપતરામભાઇએ પોતાની મુસાફરીનો હેવાલ સઊને સાફ સમજાય અને રસ ઉપજે એવી રીતે દોઢ કલાક સુધી અંગ્રેજીમાં અને ગુજરાતીમાં કહી સંભળાવ્યો તે નીચે પ્રમાણેઃ

સાહેબો,

આપે મને આજ માન આપ્યું છે, તેથી મારા ઊપર મોટી મેહેરબાની કરી છે. વિલાયતથી આ દેશ આવવું ને અહીંથી ત્યાં જવું એ યુરોપિયન લોકને સેહેજ છે. માર્ગમાં અસાધારણ હરકતો અથવા દુઃખ પડતાં નથી. હરવર્ષે હજારો અંગ્રેજો એ રસ્તે આવે છે ને જાય છે. હું ખરા દિલથી ને મોટી આતુરતાથી ઇચ્છુ છું કે, મારા દેશિયો એમનો દાખલો પકડે. માણુસ એટલે શું તે તેમના જાણુવામાં ઇગ્લાંડ જશે ત્યારેજ આવશે. આ ઠેકાણે મળેલા મારા સ્વદેસિઓને મારી મુસાફરીનું વર્ણન સાંભળવાની ઇચ્છા છે, ને તેમાંના ઘણાને અંગ્રેજી બોલી આવડતી નથી માટે મને ગુજરાતીમાં બોલવાની રજા આપ્યે મહેરબાની થશે.

સાહેબો,

આજની સભામાં આવ્યાથી મને ખરેખરો આનંદ થયો છે. જે દેખાવ હાલ હું જોઊ છું તેથી આપણા દેશ સુધારા વિષેની મારી આશામાં વધારો થયો છે. મને આબરૂ આપવાને તથા મારી સફરનું બ્યાન સાંભળવાને તમો આવ્યા છો તેથી મારા ઊપર ઘણો આભાર કર્યો છે. મુંબઈ મુક્યા પેહેલાં એ મુસાફરી જેવી મને ભારે લાગતી હતી, તેવી હાલ મુદ્દલ લાગતી નથી. એ રસ્તો ધોરી છે અને હજારો માણુસ આવે જાય છે. આપણા લોકને બહાર પરદેશમાં જવાનો મહાવરો નથી તેથી બીક લાગે છે. હું આશા રાખું છું કે, એ બીક થોડા વખતમાં જતી રહેશે. ખાવા પીવા વિશે આપણામાં જાતિભેદ છે માટે આપણને કેટલીક અડચણો પડે છે. પણ તેના બદલામાં જે ફાયદા થાય છે તેની આગળ એ હરકતો કાંઇ લેખામાં નથી. મારી ખાતરીજ થઇ છે કે, આપણા લોકની હાલની દુરૂ હાલત સુધારવાને વિલાયત જવાની જરૂર છે. એ કર્યા વિના ચાલે એવું નથી. ત્યાં જવામાં ધર્મભ્રષ્ટ થવાય છે એવું જેઓ બોલે છે તે કેવળ ખોટું છે, એ હું મારા પોતાના અનુભવ ઉપરથી કહી શકું છું. મુસાફરીનો તથા ત્યાં રહેવાનો ખર્ચ ઘણો છે, પણ તે કરી શકે એવા ગૃહસ્થો આપણા દેશમાં છે. તેઓ પોતે જવાને નહિ ધારતા હોય તો બીજાઓને મોકલી શકે એ વિષે લંબાવવાનો હાલ જોઇએ તેટલો વખત નથી. મારી મુસાફરી બાબત મહિના લગી હરરોજ ભાષણ કરૂં તો પણ બધી વાત પુરી થાય નહિ, તો આજે એક કલાકમાં કયાંથી થાય? આજ હું તમને ઘણુંજ થોડું કહી શકીશ.

આ દેશમાં જેમ આપણે વહાણથી મુસાફરી કરતી વેળા ખાવાનું ને પાણી જોડે લઈ જાઇએ છિયે, તેજ પ્રમાણે મેં કર્યું હતું. આપણા વહાણો જે કિનારાના બંદરોમાં ફરે છે તે ઘણીજ માઠી હાલતમાં છે, તેમાં ઉતારૂના સુખને સારૂ કાંઇ સંભાળ લેતા નથી. વિલાયત જનારાં વહાણોમાં તેમ નથી. તેમાં ઉતારૂઓને જેટલું સુખ અપાય તેટલું આપે છે. કેટલાક માણસને દરીઆમાં આગબોટના દોલવાથી દુઃખ થાય છે, તેમ તે થતું નથી. મારી જોડે બ્રાહ્મણ હતો તે એથી જરા હેરાન થયો. મુંબાઈ મુક્યા પછી આઠ દહાડે અમો એડન પોહોંચ્યા. એડનમાં થોડુંજ જોવાનું છે. ઉજડ ડુંગરો બધે જોવામાં આવે છે. એ જગામાં અંગ્રેજ સરકારનું રાજ્ય છે, ને બ્રાહ્મણ વગેરે હિંદુઓ ત્યાં જાય છે. અહીં મારી આગબોટ સાંજ સુધી રહી. રાતના અમો રાતા સમુદ્રમાં પેઠા, ને સાતમે દિવસે સુવેજ ઉપર ઉતર્યા. ઉતરતાં વારનેજ આગગાડીમાં ચડ્યા, ને ૭ કલાક નહિ થયા એટલામાં કેરો શહેરમાં પોહોંચ્યા. એ શહેર આ દેશના શહેરોને મળતું છે. રસ્તા સાંકડા ને ધૂળથી ભરેલા. કેટલાક મોટા રોજા છે. તેમાં ત્યાંના માજી પાદશાહ મહમદઅલીએ બંધાવ્યો છે તે ઘણોજ સુંદર અને મોટો છે. આરસ અને સુનાથી ઘણોજ શોભીતો કર્યો છે. કેરોથી બીજી મંજળ સિકંદ્રિયામાં થાય છે. ત્યાંનો પાદશાહનો નવો મેહેલ મેં જોયો ત્યારે મને એમ લાગ્યું કે, આટલે સુધી આવ્યાની મારી મેહેનત સફળ થઈ, પણ પેરીશના મેહેલો આગળ એ કાંઇ નથી. એ મને પાછળથી પેરીશ ગયો ત્યારે માલમ પડ્યું. સિકંદ્રિયાના ઘરોની તરેહ યુરોપના ઘરોને મળતી છે. અહીંથી અમે બીજી આગબોટમાં બેઠા, ને ચોથે દિવસે માલટા પોંહોંચ્યા. અહીં આગબોટ કોઇલા તથા મીઠું પાણી લેવા ૭ સાત કલાક ઉભી રહે છે. તે વારે ઉતારૂઓ તે બેટ જોવા જાય છે. માલટાથી ચાર દહાડે અમે જીબ્રાલ્ટર પોંહોંચ્યા. અહીં થોડા કલાક રહીને વહાણ ઉપડ્યું, તે ઉત્તર આટલાન્ટીક મહાસાગરમાં પેઠું. સ્પેનને કાંઠે કાંઠે આગબોટ ચાલતી હતી. એક બે વાર પવનનું જોર પણ વધ્યું હતું. આઠમે દિવસે અમે સાઉથામ્પટન પોંહોંચ્યા. દુનિયામાં જે સર્વથી મોટું વહાણ આજ સુધીમાં બંધાયું છે, તે મેં અહીં જોયું. એનું નામ 'ગ્રેટ ઇસ્ટરન' છે. એ એવડું મોટું છે કે, જો ભુમિયા વગર માહે ફરવા ગયા હોઇએ તો ભૂલા પડીયે. આ મકાનને તેમાં મેલીયે તો એના એક ખુણામાં માઈ રેહે. એના તુતક ઉપર એક છેડેથી બીજે છેડે ખબર મોકલવાને તાર કર્યો છે.

સાઉથામટન શેહેર ઇંગ્લાંડનું એક બંદર છે. મુંબઈ મુક્યા પછી એક મહિને હું ત્યાં ઉતર્યો. વિલાયતના શેહેરોની રચના આપણા શેહેરોથી કેવળ જુદીજ છે. ઘરોની બાંધણી મોહોલે મોહોલે એક સરખી અને સુંદર છે. આપણા ઘરો તેની આગળ ઝુંપડાં છે. ભદર આગળ જેવો રસ્તો પહોળો છે, તેવા ત્યાં બધા છે. વચમાં ગાડી ઘોડાનો જીણો પથરે બાંધેલો છે, ને આપણા ઘરની ભોંય જેવા સાફ રાખે છે. વરસાદ આવે ત્યારે જરા ગંદા થાય પણ તે રહી જાય એટલે પાછા સોજા કરે છે. તેની આસપાસ પોહોળા પગ રસ્તા છે. તે મોટા લીસા ચોરસ પથરાના છે, ને આપણા ઘરના ચોક જેવા જણાય છે. સાફ પણ તેવાજ રાખે છે. શેરીયોમાં વચે શોભાતી વાડિયો છે. અહીંના જેવી શેહેર લજાવનારી પોળો ત્યાં કોઈ ઠેકાણે નથી. સઘળા ઘરોને મથાળે ધુમાડિયાના ઉભા નળો દેખાય છે. સર્વ ઘરોને કાચની સુંદર બારિયો છે, ને તેઓ ઉંચાં ને મોટાં છે. તાહાડને લીધે બારી બારણાં બંધ રાખવાં પડે છે. દરેક ઘર ઉપર સોનેરી અક્ષરે નંબર પાડયા હોય છે. સાઉથામટનથી હું લંડન ગયો. એ શેહેરનો વિચાર તમારા મનમાં લાવવો ઘણો કઠણ છે. એમાં આશરે ૩૫ લાખ માણસની વસ્તી છે. એ ઉપરથી તમો એના વીસ્તારનો કાંઇક વિચાર કરી શકશો. દુનિયામાં એના જેટલી દોલત બીજે કોઇ ઠેકાણે નથી. જ્યાં લાખ રુપિયાના ધણી તો ગરીબમાં ગણાય છે. જ્યાં કરોડાધિપતિ સેંકડો છે, ને લખેસરી તો અગણિત છે. જ્યાં ઉચી વરની રેહે છે ત્યાંનાં ઘરો જોતાં ભુખ તરસ એહુ ભુલી જઇએ. લંડનની મુખ્ય દુકાનોના ભભકાનાં શા વર્ણન કરૂં? પેહેલે દિવસે હું શેહેરમાં ગયો ત્યારે ત્યાંની ભીડથી હું હબકાઇ ગયો. માણસ ને ગાડીયો જાણે ઉભરાઇ જાય. આપણે અહીં જાતરા કે મેળો ભરાય છે ત્યાં પણ એવી ભીડ નથી થતી. આમની બસ કરીને મોટી ગાડી થાય છે, તેને બે કે ચાર ઘોડા જોડે છે, ને તે ઉપર ને માંહે મળી ૨૨ કે ૨૪ આદમી બેસે છે. સવારથી તે અરધી રાત સુધી તે લંડનના મુખ્ય રસ્તામાં દોડતી ફરે છે, ને જુજ ભાડે માણસને તેમાં બેસાડે છે. એ ન હોય તો લંડનના વેપાર રોજગારમાં ઘણી હરકત પડત, ને રેહેવાસિયો બહુ હેરાન થાત. લંડનમાં જેવા કદાવર ને મજબુત ઘોડા છે, તે કોઈ જગાએ નથી.

લંડનમાં મેં ઘણીક મોટી ઇમારતો, બાગો, પુસ્તકશાળા, સંગ્રહસ્થાન, નાટકશાળા, મેહેલો વગેરે જોયાં. એ સર્વેનું બ્યાન કરવાને વખત નથી; ને વખત

હોય તો મારી શક્તિ નથી. ત્યાં ટવર નામે એક જુનો કિલ્લો છે, તેમાં અંગ્રેજી ઇતિહાસના વાંચનારને કેટલીક મનોરંજક વસ્તુઓનાં ઠેકાણાં જોવામાં આવે છે. ત્યાં મેં રાણીજીના મુગટો, હીરાના હાર વગેરે શણગાર જોયા. એની કિંમત કરીએ તો કરોડો રૂપિયાની થાય. કોહીનુર ( એટલે તેજનો પારવત ) નામે પ્રખ્યાત હીરો મેં ત્યાં જોયો. એ હીરો મોટી સોપારી જેવડો કે તેથી મોટો છે. એ હીરો અસલ આપણા દેશનો છે. એવા હીરા કરતાં વધારે વખાણવા જોગ ને આશ્ચર્ય પમાડે તેવી ચીજો લંડનમાં છે. તે જોવાને જેનાથી બની શકે તેમણે જવું જોઇએ. વસ્તુઓ ને મકાનો કરતાં ત્યાંના માણસો અને તેમની રીતભાત અને સ્વભાવનું જ્ઞાન મેળવવાની વધારે જરૂર છે, ને તેથી વધારે લાભ છે. આપણા લોક અને ત્યાંના લોક વચ્ચે જે મોટો તફાવત છે તે જોઇને સ્વદેશનું હિત ઇચ્છનારની આંખોમાં આંસુ આવશે. માણસ શબ્દનો અર્થ ત્યાંજ સમજાય છે. આપણને માણસનો આકાર અને બુદ્ધિ છે પણ માણસનાં ઉત્તમ લક્ષણોમાંના થોડાજ આપણામાં છે એવું ત્યાંની પ્રજાને આપણા લોકો સાથે સરખાવી જોતાં તુરત માલમ પડે છે. મારી પક્કી ખાતર નિશા છે કે જ્યાં લગી આપણે દુનિયાની બીજી પ્રજાઓથી વેગળા રહીશું ત્યાં લગી આપણા દેશની સ્થિતિ સારી થવાની નથી, એટલુંજ નહિ પણ ઉલટી બગડતી જશે. વખતની તંગાસથી હું વધારે કહી શકતો નથી.

## નગરશેઠ પ્રેમાભાઇનું ભાષણ.

ત્યારપછી નગરશેઠ પ્રેમાભાઇએ ઉભા થઇને કહ્યું કે ભાઈ મહિપતરામ વિલાયતની મહામોટી મુસાફરી લગભગ એક વરસ સુધીની કરી આવ્યા તે વિષેનું ભાષણ તેઓએ આ વખત આ સભાની આગળ તસદી લેઇને આપણને સંભળાવ્યું વાસ્તે આપણે તેમને શાબાશી આપવી જોઇએ, ને ઉપકાર માનવો જોઇએ. એજ મહીપતરામે વિલાયત જવામાં પહેલવેલી હિંમત ધાલીને રસ્તો ખુલ્લો કર્યો છે, તેથી કરીને હવે બીજા આપણા લોકોને જવાને ઘણી હિંમત આવશે, ને જાણું છું કે હવે જરૂર લોકો જવાને ઉમેદવાર થશે. ભાઈ મહિપતરામ પોતાને અરથેજ ગયા હતા એમ નથી. આપણા દેશમાં વિદ્યાભ્યાસ વગેરેનો સુધારો કરવા સારૂ તથા બીજા કેટલાક પ્રકારના સુધારાને સારૂ, કે નજરે જોવાથી ઘણોજ ખુલાસો થઈ આવે છે.

આપણે સાહેબ લોકો પાસેથી વિલાયતની ખબરો તથા વિલાયતની તરફના દેશની રોણકની ખબરો સાંભળેલી છે. પણ આ મહિપતરામ આપણા દેશીભાઇ તેમના મુખથી આપણે એ દેશની હકીકત તથા લોકો કેવા છે તથા રાજનો બંદોબસ્ત કેવો છે તથા હુન્નર કે વેપાર, કે સુઘડાઇ કે વિવેક ચતુરાઇ વગેરે સાંભળવાથી આપણા મનમાં ઘણીજ અસર કરે છે એમાં કાંઇ પણ સંદેહ નથી.

આપણા લોકોની ખસુસ આવા વિલાયત જેવા મુલક જોવા લાયક છે, કેમકે દુનિયામાં એવા મુલક થોડાજ હશે.

મહિપતરામે એ ઘણુંજ ટુંકામાં ભાષણ કર્યું છે, કેમકે ઘણો વખત લાગે તે કારણથી પણ હું ધારૂં છું કે જો મહિપતરામભાઈ ફરીથી બીજી વખત તસદી લેઇને બાકીનું ભાષણ કહી સંભળાવે તો હું તથા આ સભાના લોકો સાંભળવાને ઘણા ખુશી છીયે. ઘણીવાર સુધી બોલતાં સભાને ખોટી રહેવું પડે છે માટે હું હવે બેસવાની રજા લઉં છું.

## દલપતરામ ડાહ્યાભાઈનું ભાષણ.

ત્યારપછી દલપતરામ ડાહ્યાભાઇએ નગરશેઠ પ્રેમાભાઈના મતને ટેકો આપીને કહ્યું કેઃ—

હું પ્રેમાભાઈ શેઠના મતને મળતો છું અને જેમ કોઇ ગરીબ માણસને મોટા સાહુકારનો પ્રસંગ થયાથી મોટા મોટા વેપાર કરતાં આવડે છે અને પછી પોતે શ્રીમંત થાય છે. તેમજ વિલાયતમાં કરોડોપતિ સાહુ-કારો છે; તેઓના આગળ આપણા દેશના સાહુકારો સાધારણ જેવા લાગશે માટે જ્યારે વિલાયતમાં જઇને ત્યાંના સાહુકારોના વેપારની રીત આપણા દેશીયો શિખશે ત્યારે કોઈ વખતે તેમાંના પણ કોઇ ત્યાંના જેવા શ્રીમંત થશે.

તેમજ આગગાડી, વિજળીનો તાર એ વીગેરે હુન્નર શોધી કાઢવાનું પણ ત્યારેજ શિખશે. માટે દેશિયોને વિલાયતમાં જવાની ઘણી જરૂર છે.

ત્યાં જવામાં ત્રણ પ્રકારની અડચણો ધારતા હતા. એક તો જતાં આવતાં કેટલું ખર્ચ થશે તે બરાબર ચોકશી થઇ નહોતી. તે મહિપતરામ ભાઈના જઇ આવવાથી ખાતરી થઈ છે કે રૂ. ૨૦૦૦) માં પણ જઇ આવી શકાય.

બીજું એ કે કેટલાએક ધારતા હતા કે આપણને મુંબઇના પાણીથી પણ વિકાર થાય છે તો વિલાયતનું પાણી માફક કેમ આવે? અને ત્યાં

અતિશે ટાઢ પડે છે તેથી આપણાથી ત્યાં રહી શકાય કે નહિ. અન્ન ખાઇને ત્યાં જીવાય કે નહિ, તે વિશે સંશય હતો તે હવે મટયો કેમકે મહિપતરામ હતા તેથી શરીરે સારા થઇ આવ્યા દેખાય છે.

ત્રીજું એ કે ત્યાં હિંદુ ધર્મ સચવાય કે નહિ એવો શક હતો તે પણ મહિપતરામના કહેવાથી મટયો છે. આપણા ઘણા લોકોને તો ખાતરી હશે કે મહિપતરામ સત્યવાદી છે. જુઠું બોલતા નથી. તો જાણવું કે ત્યાં જતાં આપણે ધારતા હતા એટલી અડચણો હોત તો તે કહ્યા વિના રહેત નહિ.

હિંદુશાસ્ત્રમાં પાળવાના આચાર ચાર પ્રસંગે જુદી જુદી રીતે કહેલા છે.

શ્લોકઃ—

**સ્વસ્થે શુદ્ધ સમાચારસ્ત્વર્દ્ધાચારઃ પરગૃહે**
**આતુરત્વેહ્યનાચારઃ પાથે શૂદ્રવદાચરેત્ ॥ ૧ ॥**

**અર્થઃ**—પોતે સ્વતંત્ર હોઇયે ત્યારે શુદ્ધ સારો આચાર પળાય,
પારકે ઘેર તો અર્ધો આચાર પળાય;
મંદવાડમાં આચાર પળાય નહિ.
અને મુસાફરીમાં શૂદ્રની પેઠે આચરવું. ૧

જેણે મુસાફરી કરી નથી તે એમ જાણે છે કે આપણા ઘરમાં દેવસેવા હોય તે ઓરડીમાં અંગરખુ કે પાઘડી પહેરીને જવાયજ નહિ. પણ જે મુસાફરી કરે છે તેને ખબર છે કે એજ દેવસેવા બચકામાં બાંધી લઇને જોડા પહેરીને તે બચકો ઉપાડીને ચાલવું પડે.

મુંબઈ સુધી જતાં જેટલી અડચણો પડે છે તેથી ઓછી પણ વધારે ધર્મની અડચણો, વિલાયતમાં જતાં પડતી હોય એવું જણાતું નથી એવી ખાતરી મહિપતરામભાઇએ કરી આપી, માટે તેમને માન આપવું યોગ્ય છે.

રસ્તામાં કોઈ ઠેકાણે ઢીંચણ સમાણું પાણી ભર્યું હોય, પણ ઘણું ઊંડું હશે એવા વહેમથી ઘણા મુસાફરો અટકી રહ્યા હોય તે વેળાએ કોઈ બહાદુરી કરીને તે પાણીમાં આગળ ચાલે તેને પણ માન આપવું જોઇએ. ત્યારે મહિપતરામભાઇએ ખરેખરૂં મોટું કામ કર્યું છે.

સારાં કામ કરનારને પણ કોઇ વખતે લોકો પ્રતિકુળ થાય છે પણ પછીથી તેને ઘણી કીર્તિ મળે છે. નરસિંહ મહેતાના પક્ષમાં તે વખતે

એક નાગર નહોતો અને મહેતાજી કાંઈ ખોટું કામ કરતા નહોતા. તોપણ વગર કારણે લોકોએ તેને ઘણી હરકતો કરી હતી.

હવે આ સમે મહેતાજીના વંશના નથી તેઓ પણ કેટલાએક કહે છે કે અમે તેના વંશના છિયે અને તે વખ્તે હરકત કરી હશે. તેઓને સઘળા લોકો ધિક્કારે છે. ચોરી, જારી, ખુન વગેરે ખોટું કામ કર્યું હોય તેને શરમાવા જેવું અને પસ્તાવો કરવા જેવું છે પણ સાફ કામ કરનારને લોકો હરકત કરે તેથી તેને શરમાવા જેવું, કે પસ્તાવા જેવું નથી. અને હવે તો વિલાયતમાં જતાંઆવતાનું ખર્ચ આપનાર કોઈ હોય તો ત્યાં જવા સારૂ ઘણા તૈયાર છે પણ એ કામનું પહેલું માન મહિપતરામને ઘટે છે.

સભાસદો આપણે જાણિયે કે વર્ષના ત્રણસે પાસઠ દહાડા જેવો આજનો દહાડોય છે પણ એમ નથી. આજનો દહાડો તો ઇતિહાસમાં લખી રાખવા લાયક થશે અને આપણી પ્રજાની પ્રજા થશે; તે પણ સંભારશે કે વિલાયતમાં જતાં આપણા લોકો ઘણો વેહેમ રાખતા હતા તે સમે મહિપતરામભાઈ બહાદુરી કરીને જઈ આવ્યા તેને માન આપવા સારૂ હિમાભાઈ ઇન્સ્ટિટયુટમાં મોટી સભા ભરાઈ હતી. એમ સંભારશે.

રાવસાહેબનું ભાષણ થઇ રહ્યા પછી નગરશેઠ પ્રેમાભાઇ હિમાભાઇ તથા કવિશ્વર દલપતરામ ડાહ્યાભાઈ વિગેરે ઉપર લખ્યા મુજબ ભાષણ કર્યાં અને તે સાથે સભાની વતી તેમને થેંક આપવાની દરખાસ્ત કરી ત્યારે સભાપતિ ડાક્તર વાઇલી સાહેબ નીચે મુજબ બોલ્યા.

ભાઇ મહિપતરામ—સભાની તરફથી આપને થેંક આપવામાં મને ઘણો આનંદ ઉપજે છે. આપનું ભાષણ સર્વે ઘણુંજ ધ્યાન દઇને એક ચીતે સાંભળ્યું. ઘણાને આપે મોહો પમાડયા છે. શ્રોતાઓના મનને ચમત્કારી વાતો અને નવા વિચારોથી આપે રંજન કરી નાંખ્યા છે. સારા માણસના મનમાં ઈર્ષા ઉત્પન્ન થાય એવી હાલ તમારી સ્થિતિ છે. હું આશા રાખું છું કે, તમારા દાખલાની સત્તા બીજાઓ ઉપર સારી અસર કરશે, અને તેઓ તમારી પેઠે હિંમત ભરશે. આપના જેવા ચંચળ મનના અને આગ્રહી પુરૂષો જેઓ એક એકનાં ખભા પકડીને હીંડવાને બદલે પોતાની મેળે જુવે અને અવલોકન કરી શકે તેઓ તમારો દાખલો પકડશે. પોતાની નિરીક્ષાના ફળો સ્વદેશિયોને જાહેર કરવાની ને તે વડે દેશને

ફાયદા કરવાની જેની શક્તિ ને ખુશી છે, તેઓ ઉપર આપનું દ્દષ્ટાંત વ્યર્થ જશે નહિ.

પછી પાન, બીડાં, ફુલના ગોટા, ગુલાબજળ સભાસદોને આપ્યા ને નૃત્ય રાગ્યા પછી સભા બરખાસ્ત થઈ. એ સભામાં આશરે ૨૫૦ સભાસદો બિરાજ્યા હતા. અને જગાની સંકડાશને લીધે કેટલાક સારા સારા માણસોને પણ નીચેના હાલમાં ઉભા રેહેવું પડયું હતું.

### કવિત.

વિચરી વિલાયતમાં લાયક વિલોકયા લોક,
વિલોકયાં વિશાળ સમૃદ્ધિવાળાં વળી ગામ તે;
મેળવ્યું વિશેષ જ્ઞાન મેળવ્યું વિશેષ માન,
મેળવ્યું વિશેષ દેશ હિતકારી કામને.
જાણીતો ન હતો પંથ, જોઈને જાણીતો થયો,
જાણીતો થઈને કીધા જાણીતા તમામને;
મોટું એણે કીધું કામ માટે દેશે મોટું માન;
મોટા મોટા મહિપતિ મહિપતરામને. ૧

સંભારી સંભારી ભારી ભારી શુભકારી કામને.
સંભારી સંભારી થૈ આભારી એના નામને;
વખાણી વખાણી હર્ષ આણી રાજારાણી સુધા;
વદશે સુવાણી શાણી જાણી એની હામને.
પરઉપકારી કામ કારી કષ્ટ નષ્ટકારી,
કરી, નરનારી ધારી ધારી જોશે ધામને;
મોટું એણે કીધું કામ માટે દેશે મોટું માન,
મોટા મોટા મહિપતિ મહિપતરામને. ૨

# પ્રકરણ ૫

## પ્રાચીન કાવ્યોનું સંશોધન અને પ્રકાશન

× × × it is strange to read that the great majority of those (papyri) which have been received have been found in the rubbish heaps of various towns. Apparently the Egyption had not appreciated the wisdom of using fire to get rid of his papyrus records, bills, letters and so forth, and was content to throw them out with his rubbish sometimes, however, tearing them in pieces before so doing."

[The *Romance of Archælogy p. 82-83*].

આપણા દેશનો પ્રાચીન ઇતિહાસ જે અંધકારમાં ઢંકાયલો હતો તેને ફરી વ્યવસ્થિત કરી ક્રમાનુસાર તેના વાસ્તવિક સ્વરૂપમાં રજુ કરવામાં જુના અવશેષો જેવાં કે સિક્કા, તામ્રપત્રો, શિલાલેખો, મુદ્રા, સ્થાપત્ય, મૂર્તિઓ અને હાથપ્રતો બહુ કિંમતી નિવડયાં છે અને અન્ય ખાત્રી લાયક માહિતી વા સાધનના અભાવે એજ વસ્તુઓ ખરેખરી મદદગાર અને ઉપયોગી જણાઈ છે; અને તેના આધાર ઉપર આખા વંશને વંશનો ઇતિહાસ રચાયો છે. તાજેતરમાં સિંધ પ્રદેશમાં મ્હોંજેડરોનાં ખોદકામથી જે અવશેષો પ્રાપ્ત થયા છે અને જે માહિતી ઉપલબ્ધ થઈ છે તે પ્રાચીન જગત્ અને સંસ્કૃતિ ઉપર અપૂર્વ પ્રકાશ પાડે છે; એટલુંજ નહિ પણ તે શોધ હિંદુસ્તાનના પ્રાચીન ઇતિહાસની કાળ મર્યાદા છેક ઈ. સ. પૂર્વે ૪૦૦૦ વર્ષ સુધી લઈ જવામાં સહાયક નિવડી છે; એટલી તેની પ્રાચીનતા પુરાતત્વવિદો પૂર્વે સ્વીકારતા નહોતા.

મહારાજા અશોકના શિલાલેખો, હિન્દના ચારે ખુણામાં મળી આવેલા છે, તે મૌર્ય સામ્રાજ્યનો રાજ્ય વિસ્તાર નિશ્ચિત કરવામાં મદદગાર થયા છે; અને પશ્ચિમ હિન્દના રાજકર્તા ક્ષત્રપોનો વૃત્તાંત એમના સિક્કાઓ ઉપરથીજ ઉપજાવી કઢાયો છે; તેમ વલ્લભી રાજાઓના તામ્રપત્રો પરથી તત્કાલીન

રાજતંત્ર વિષે ઉપયુક્ત હકીકત તારવવામાં આવી છે અને ચાવડા, સોલંકી તથા વાઘેલા રાજાઓનો સમગ્ર ઇતિહાસ અવલોકવાને ફક્ત જૈન ઇતિહાસ, સાહિત્ય અને ધર્મ ગ્રંથો ઉપયોગી થયા છે.

આ વસ્તુઓનું મૂલ્ય વા ઉપયોગિતા પૂરી સમજવામાં નહિ તેથી આપણે અજ્ઞાનતામાં એ સાધનોનો ઘણો નાશ થવા દીધો છે. હજી પણ જાગૃત થઈ એ મહત્વની અને કિમતી વસ્તુઓના સંગ્રહ અને સંરક્ષણ સારૂ ચાંપતા ઇલાજો હાથ ધરીએ તો આપણા પ્રાચીન ઇતિહાસના જે અંકોડાઓ ખૂટે છે તે મેળવવા આપણે શક્તિમાન થઇએ.

પૂર્વના ઘણાખરા દેશો, જેવા કે ઇજીપ્ત, પેલેસ્ટાઇન, ખાલ્ડિયા, ઇરાન, ઇરાક તેમ યુરોપમાં ગ્રીસ અને રોમનો ઇતિહાસ લુપ્ત થયલો તે-એ ભાગોમાં પદ્ધતિસર અને સમજપૂર્વક ખોદકામ થઇને, ત્યાંથી પ્રાપ્ત થયલી અનેક પ્રકારની ચીજો અને ઇષ્ટિકા લેખો વગેરે પૂર્વના વૃત્તાંતો પરથી, ખંડિત પણ પ્રાચીન ભવ્યતાનો ખ્યાલ આપતો–ફરી ઉપજાવી કઢાયો છે અને તે ભૂતકાલને અલાદીનની ગુફાની પેઠે આપણી આંખ સમક્ષ ખડો કરી આપણને સાનંદાશ્ચર્ય પમાડે છે.

ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં કર્નલ ટૉડે રાજસ્થાનનો ઇતિહાસ રચી આપણને રાજપુત સંસ્કૃતિ અને શૌર્યનો પરિચય કરાવ્યો; મહારાષ્ટ્રની મહત્તા ગ્રાન્ટ ડફે દર્શાવી; સર જાન માલ્કમે મધ્ય પ્રાંતનો ઇતિહાસ રસિક રીતે ગૂંથ્યો; અને ગુજરાતનું ગૌરવ અલેકઝાંડર કિન્લોક ફૉર્બસે જૈન રાસાઓ પરથી રાસમાળાનું પુસ્તક તૈયાર કરીને જગતને બતાવ્યું. ગુજરાતનો ઇતિહાસ લખવાનો એ પ્રથમ પ્રયત્ન હતો. તેનાં સાધનો પણ પૂરાં સંગ્રહાયલા નહિ કે જાણવામાં નહિ તેથી ફૉર્બસે ગુજરાતનો ઇતિહાસ ચાવડા વંશથી શરૂ કર્યો હતો. પણ ગિરનાર પરના લેખોની ભાળ લાગતાં અને ક્ષત્રપ હાકેમોના સિક્કાઓ મળી આવતાં, એટલું નક્કી થયું કે ઇસ્વી સન પૂર્વે મૌર્ય રાજાની રાજ્યસીમા પશ્ચિમ હિન્દુસ્તાનમાં છેક જુનાગઢ સુધી વિસ્તરી હતી.

એ ઐતિહાસિક માહિતી અને સાધનસામગ્રી મેળવવામાં ફૉર્બસને કેવી મુસિબતો નડેલી અને કેટલો શ્રમ ઉઠાવવો પડેલો એ બીના ઇતિહાસ રસિકોને સુવિદિત છે.

કવિ દલપતરામનું કાવ્યદોહન વાંચીને આપણે સૌ રાચીએ છીએ; પણ એમાંના કવિઓનાં પુસ્તકોની હાથપ્રતો પ્રાપ્ત કરતાં સોસાઇટીને થોડી તકલીફ પડેલી નહિ. કોઈ તરફથી ખબર મળે કે અમુક પુસ્તક ફલાણા પાસે છે તો ત્યાં જઈ તપાસ કરવામાં આવે; પરંતુ પ્રથમ તો તેનો નકારમાંજ ઉત્તર મળે; પણ ધીમે ધીમે તેને મનાવીને અને સિફતથી કામ લેતાં, તેનું મન કંઈક પલળે; તે પુસ્તક હોવાનું પોતે કબુલે અને બહુ દબાણ થાય ત્યારે તે પુસ્તક બતાવે પણ તે કદિ બહાર તો આપે નહિ. માત્ર તેની નકલ કરી લેવા; અને તે પણ કચવાતે મને હા પાડે. આવી પરિસ્થિતિમાં હાથપ્રતો મેળવવી અને તેનો સંગ્રહ કરવો એ સહેલું અને સરળ કાર્ય નહોતું; અને આ મુશ્કેલી લક્ષમાં લઇને સોસાઇટીના તે કાળના કાર્યકર્તાઓ જે કોઈ જુની પ્રતનો પત્તો મળતો કે તુરત તેની નકલ કરાવી લેવા ઘટતી તજવીજ કરતા હતા. આમ સોસાઇટીમાંનો હાથપ્રતોનો સંગ્રહ શરૂઆતમાં મુખ્યત્વે નકલ કરેલી પ્રતોનો હતો. મૂળ પ્રતો તો પ્રમાણમાં જૂજ મળતી; અને તે માટે ભારે લાગવગ લગાડવી પડતી કે પુષ્કળ પૈસા આપવા પડતા હતા. આ હકીકત પરથી જોઇ શકાશે કે ગુજરાતી કાવ્યદોહનના ત્રણ ભાગો તૈયાર કરવામાં કવિ દલપરામને કેટકેટલો શ્રમ લેવો પડયો હશે. એ સંજોગોમાં એ કાવ્યદોહનનાં પુસ્તકોનું એકલું સંપાદન કાર્યજ આપણા ઉપકારનું કારણ થઈ પડે; પણ કવિશ્રીએ આપણા એ પ્રાચીન કાવ્ય સાહિત્યની ફૂલગુંથણી એવી રસમય અને ફોરમભરી કરેલી છે કે જેટલી તે જ્ઞાનબોધક અને આહ્લાદક તેટલીજ નીતિપોષક અને બળ પ્રેરક જણાઈ છે. એમાં તેની મહત્તા રહેલી છે. એની લોકપ્રિયતાનું કારણ પણ એજ હતું. આ પ્રમાણે પ્રાચીન કાવ્ય સાહિત્ય સુલભ કરવાની સાથે ઉત્તમ વાચન સાહિત્ય પૂરૂં પાડવાનો સોસાઇટીનો હેતુ ઉપરોક્ત ગ્રંથદ્વારા ફલીભૂત થનો હતો.

ત્યારબાદ સરકારે જુના સંસ્કૃત ગ્રંથોની તપાસ, નોંધ અને સંગ્રહનું કાર્ય ઉપાડી લીધું હતું; અને એ તપાસ દરમિયાન જે કિમતી પુસ્તકો પ્રાપ્ત થયાં તે અહિં સંગ્રહી અને સાચવી નહિ રાખતાં તે યુરોપ લઈ જવા વિદેશી વિદ્વાનોને છૂટ અપાઇ હતી. એ રીતે આપણું અઢળક ધન–આપણો એ અમૂલ્ય અને અપ્રાપ્ય પ્રાચીન વારસો–પરદેશ ઘસડાઈ ગયું હતું, તે અટકાવવાને પુનાની સાર્વજનિક સભાએ વિરોધ પણ કર્યો હતો.*

* જુઓ સાર્વજનિક સભાનું ત્રૈમાસિક જર્નલ, વર્ષ ૧૮૮૨–૮૩.

તેના પરિણામે અત્યારે એવી પરિસ્થિતિ ઉદ્‌ભવી છે કે આપણા દેશના સાહિત્ય, ઇતિહાસ, ધર્મશાસ્ત્ર અને સંસ્કૃતિનાં પુસ્તકોની જુની પ્રતો સારૂ આપણને ઇગ્લાંડ, ફ્રાંસ, જર્મની, ઇટાલિ આદિ દેશોનાં મ્યુઝિયમો અને પુસ્તક સંગ્રહો જોવા અને તપાસવા જવું પડે છે.

નવશિક્ષિત વર્ગનું પ્રસ્તુત વિષય પ્રતિ ધ્યાન જતાં, તેમના તરફથી સોસાઇટીને તે ગાળામાં જુનાં પુસ્તકોનો સંગ્રહ કરવા અને તે પુસ્તકોનું સંશોધન કરાવી છપાવવાને સૂચનાઓ થવા માંડી હતી. અને સોસાઇટીના છાપેલા રીપોર્ટમાં નોંધેલી વિગતો પરથી જણાય છે કે તેના સંચાલકો જુનાં પુસ્તકોની હાથપ્રતો મેળવવા બનતો પ્રયાસ કરતા હતા. સન ૧૮૮૧ ના રીપોર્ટમાં નીચેની હાથપ્રતો ખરીદ કર્યાની નોંધ મળે છેઃ

| **પુસ્તકનું નામ.** | | **કિંમત.** |
|---|---|---|
| પ્રબંધ ચિંતામણી, ભોજપ્રબંધ | ( સંસ્કૃત ) | ૧—૧૪—૭ |
| પ્રબંધ રત્નમાળ | ( ,, ) | ૨—૬—૦ |
| નરભેરામની કવિતા | (ગુજરાતી) | ૫—૬—૭ |
| કુમારપાળ ચરિત્ર | ( સંસ્કૃત ) | ૨૦—૮—૦ |
| ભડળી વાક્ય | ( સંસ્કૃત અને ગુજરાતી ) | ૦—૬—૬ |
| શારીર સંગ્રહ નિબંધ | ( સંસ્કૃત ) | ૭—૧૦—૧૧ |
| ભોજ પ્રબંધરાજ [સટીક] | ( સંસ્કૃત ) | ૯—૭—૧ |
| પ્રબંધ ચતુર્વિંશતિ | ( ,, ) | ૧૨—૪—૦ |
| ક્ષેમકુતુહલ ગ્રંથ—પાકશાસ્ત્ર | ( ,, ) | ૪—૬—૯ |
| ધર્મારણ્ય—મોઢપુરાણ | ( ,, ) | ૧૬—૭—૯ |
| સુકૃત સંકિર્તનમ્ (કાવ્ય) | ( ,, ) | ૨—૧૨—૬ |
| | | ૮૩—૧૦—૮ |

આ પુસ્તકો કેવી રીતે ખરીદ થતાં તેનો કંઇક ખ્યાલ આવવા લહીઆ ઝવેરલાલ જીવણલાલની હાથપ્રતો લેવાના સંબંધમાં સરદાર ભોળાનાથભાઇએ સેક્રેટરીને લખી મોકલેલો અભિપ્રાય કંઇક મદદગાર થશેઃ—

**રસસિંધુઃ—**" જુના પુસ્તકનો સંગ્રહ કરી રાખવા તરીકે એ પુસ્તક સોસાઇટીએ રાખવું હોય તો અસલ પુસ્તક થોડી કિંમતમાં આવતું હોય તો ખરીદ કરવું. એ ઉપરથી એટલું જણાય છે કે અમુક વખતમાં વસો ગામમાં પાટીદારમાં વેણીદાસ બીજ ભાષામાં કવિ થઇ ગયો છે. ભાષા

ઘણી ઉત્તમ પ્રકારની નથી પણ ઠીક છે. એ પુસ્તક લખવાનો ખરચ આશરે રૂા. ૨૫ થાય. તે એટલો બધો ખરચીને એ પુસ્તક લખાવવું એમ મારી નજરમાં આવતું નથી. પણ બીજા મેંબરોને એ પુસ્તક બતાવવું અને બહુ મતે જે ઠરે તે પ્રમાણે કરવું." (તા. ૭-૮-૮૩).

આવા પ્રકારની બીજી માગણી નડિયાદના વતની ચતુરભાઈ શંકરભાઈ પટેલે તેમની પાસેનો જુનાં પુસ્તકોનો સંગ્રહ સોસાઈટીને વેચી દેવા કરી હતી પણ તે ગ્રંથોની કિંમત બહુ ભારે અને મોંઘી હોવાથી એ વાત પડતી મૂકાઈ હતી.

કવિ દલપતરામના નિવૃત્ત થયા પછી બુદ્ધિપ્રકાશનું કાર્ય મંદ પડ્યું હતું તેથી સ્વર્ગસ્થ ઝવેરીલાલને બુદ્ધિપ્રકાશનું સંપાદન કાર્ય ઉપાડી લેવા કમિટી તરફથી વિનંતિ કરવામાં આવી હતી; પણ એ પ્રવૃત્તિ પોતે લઈ નહિ શકે એવો ઉત્તર લખતાં એમણે સોસાઈટીને બુદ્ધિપ્રકાશમાં પ્રાચીન કાવ્યો કટકે કટકે છાપવા સૂચવ્યું હતું. એમના તે શબ્દો નીચે પ્રમાણે હતા:

"I would take this opportunity of suggesting to the Managing Committee of your Society and to yourself the desirability of publishing in the magazine by monthly instalments, such of the works of the old Gujarati poets and divines as may be in the possession of the Society with critical or explanatory notes and then issuing them, when complete, in the form of books."

સન ૧૮૮૪ માં સ્વર્ગસ્થ માણેકલાલ સાકરલાલ દેસાઈએ મેનેજીંગ કમિટીને સોસાઈટીનું કાર્યક્ષેત્ર અને પ્રવૃત્તિ વિસ્તારવા એક લાંબો પત્ર લખી મોકલ્યો હતો, તેમાં પ્રસ્તુત મુદ્દા પર ભાર મૂકતાં તેમણે જણાવ્યું હતું,

"It may not therefore be considered improper that the Society should assist or inaugurate the certain formation of a class of Gujarati scholars by editing older books, as well as by annotating and publishing them." ( March 1884. )

પ્રાચીન કાવ્ય સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્વ, ભાષાશાસ્ત્ર વગેરે વિષયોમાં સ્વર્ગસ્થ હરિલાલ હર્ષદરાય બહુ રસ લેતા અને એ વિષયો પર



હરિલાલ હર્ષદરાય ધ્રુવ



મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી

સંખ્યાબંધ એમના લેખો બુદ્ધિપ્રકાશમાં લખેલા મળી આવે છે. ગઈ સદીની છેલ્લી વીસીમાં એમની સાહિત્ય પ્રવૃત્તિ મહાત્વાકાંક્ષાભરી અને આગળ પડતી તેમ મહત્વની અને નવી નવી માહિતી આપનારી હતી. તે પ્રવૃત્તિ એટલી પ્રતિષ્ઠાવાળી જણાઈ હતી કે એમને સ્ટોકહોમમાં ભરાયલી પૌર્વાત્ય પરિષદમાં વડોદરા રાજ્યના પ્રતિનિધિ તરીકે મોકલવામાં આવ્યા હતા. મુંબાઈ યુનિવર્સિટી તરફથી વિલ્સન ફાઇલોલોજીકલ વ્યાખ્યાનો આપવાનું માન મેળવનાર એ પહેલા ગુજરાતી હતા; તેમ મુગ્ધાવબોધ ઔક્તિક અને ભૂમિતિનાં સંસ્કૃત પુસ્તક પ્રતિ વિદ્દદ્વર્ગનું ધ્યાન ખેંચવાનો યશ એમને છે. ભૂમિતિનું પુસ્તક એમના અવસાન બાદ સ્વર્ગસ્થ કમળાશંકરે મુંબાઇ સંસ્કૃત સિરિઝમાં એડિટ કર્યું હતું; અને મુગ્ધાવબોધ ઔક્તિકને હરિલાલે "પ્રાચીન રત્નમાળા" એ નામથી એક ગ્રંથમાળા પોતા તરફથી યોજી, તે માળાના પ્રથમ રત્ન તરીકે પ્રસિદ્ધ કર્યું હતું; તેમાં પ્રાચીન ગુજરાતી સાહિત્ય વિષે કેટલાંક ચર્ચાપત્રો અને લેખો એમણે મુંબાઈના વર્તમાન-પત્રોમાં લખેલા તે પણ ભેગા છાપ્યા હતા.

કંઇક નવીન માહિતી કે લેખ ઉપલબ્ધ થતાં, તેઓ તેના પ્રકાશન માટે બહુ અધીરા થઈ જતા; અને એમના એ ઉતાવળા સ્વભાવને લઇને મુગ્ધાવબોધ ઔક્તિકનો એક જુના ગુજરાતી વ્યાકરણ તરીકે એમણે પરિચય કરાવ્યો હતો, તેમજ તેમાંના "ઔક્તિક" શબ્દને ભૂલથી "મૌક્તિક" શબ્દ વાંચ્યો હતો. વસ્તુત તે પુસ્તક બાળકોને શિખવવાનું ગુજરાતી પર્યાય-વાળું સંસ્કૃત વ્યાકરણ હતું. એ ભૂલની સાક્ષરશ્રી નરસિંહરાવભાઇએ તેજ વખતે ઇન્ડિયન એન્ટીકવેરી (Indian Antiquary) નામના ઇંગ્રેજી માસિકમાં સખ્ત ખબર લીધી હતી; અને દી. બા. કેશવલાલભાઇએ પણ એ ગ્રંથની સમાલોચના બુદ્ધિપ્રકાશમાં* કરી હતી. તે લેખ આપણી ભાષાના અભ્યાસીએ વાંચવા જેવો છે.

હરિલાલભાઇ આ પ્રમાણે સાહિત્યાકાશમાં એક મોટા ગ્રહની પેઠે ખૂબ પ્રકાશમાન અને ઝળહળતા હતા; અને સોસાઈટી માટે એટલું બધું મમત્વ ધરાવતા કે તેની પ્રતિષ્ઠા વધે એવાં કાર્યો ઉપાડી લેવા તેઓ વારં-વાર ઓનરરી સેક્રેટરીને સૂચનાઓ લખી મોકલતા. એવો એક પત્ર મુંબાઈ સંસ્કૃત સિરિઝના ધોરણે પ્રાચીન ગુજરાતી કાવ્યમાળા સોસાઇટી તરફથી શરૂ કરવા તેમણે લખ્યો હતો, તે પ્રસ્તુત વિષયના અંગે તેમ બીજી રીતે મનનીય હોઇ તે આખો આપ્યો છે.

---

* બુદ્ધિપ્રકાશ, સન ૧૮૯૧ પૃ. ૧૭૦.

## રાવસાહેબ મહીપતરામ રૂપરામ

ઓનરરી સેક્રેટરી, ગુ. વ. સોસાઇટી,

**અમદાવાદ.**

**મહેરબાન સાહેબ,**

સલામ સાથે નમ્રતાપૂર્વક વિનતિ કે આપણી સોસાઇટી ગુજરાતી ભાષાની અભિવૃદ્ધિને માટે સ્થાપન થઈ છે. અને એના બીજા ઉદ્દેશોની સાથે આપણી પ્રજા અને ભાષાના ઇતિહાસની શોધ પાછળ તેણે પોતાની વૃત્તિ અને સંપત્તિ લગાડવાનો છે એમ મારૂં સમજવું છે. આજ ઉદ્દેશથી આપણી સોસાઇટીના પુસ્તક સંગ્રહમાં આ બાબતને લગતાં સંસ્કૃત તેમજ ગુજરાતી ભાષાનાં લિખિત પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. અને જેમ મળતાં જાય છે તેમ નવાં પુસ્તકોમાં સંઘરવામાં આવતાં જાય છે. આવાજ કાંઇ ઉદ્દેશથી શાસ્ત્રી વ્રજલાલને હાથે ગૂજરાતી ભાષાના ઇતિહાસનો ઈનામી નિબંધ લખાવવામાં આવ્યો હતો. અને આવાજ હેતુથી ગૂજરાતી ભાષાના કવિયોની કવિતાનો સંગ્રહ સરકારે કાવ્યદોહન રૂપે છપાવ્યો ત્યારે તેમાં આપણા કવીશ્વર દલપતરામ હસ્તક તેમાં મદદ આપવામાં આવી હતી.

પણ ગૂજરાતી પ્રજા અને ભાષાના ઇતિહાસ સંબંધી જેવો પરદેશીઓથી શોધ થયો છે તેવો શોધ કરવાને આપણી સોસાઈટી શકિતમાન થઈ નથી. અને કદાચ તેને માટે જોઈએ તેવો પ્રયત્ન પણ ક્વચિતજ થયો હશે અને થયો હશે તો વિરલજ.

આપણી સોસાઇટીએ આ બાબતમાં મુંબાઈ, કલકત્તા, વિલાયત આદિની રેયલ એશિયાટિક સોસાઇટીઓ અથવા યુરોપ અમેરિકાની ઓરિયંટલ સોસાઇટીઓનો દાખલો લેવો જરૂર છે. અને તેનું રૂપ તેણે પકડવું ઘટે છે. તેનો માન મરતબો, તેની પ્રતિષ્ઠા અને તેની ઉપયોગિતા એટલી બધી વધારવી જરૂર છે કે એમ નહિ કે આપણે કોઇને મેંબર થાઓ એમ કહેવા જવું પડે. પણ બીજા વિદ્વાન આદિ જનો પોતાની મેળે મેંબર થાય અને તેમ થવામાં પોતાને માન સમજે. આમ થવાને સારૂ તેને કંઈક પશ્ચિમની વિદ્યા અને સુધારાનો રંગ દેવો ઘટે છે.

વળી આપણી સોસાઇટીને મોભાદાર અને વજનદાર કરવાને આપણા પ્રશસ્ત વિદ્વાનોને ઓનરરી મેમ્બર કરવા ઉચિત છે. જેવા કે ૧. પંડિત

## હરિલાલ હર્ષદરાય ધ્રુવનો પત્ર.



ભગવાનલાલ ઇંદ્રજી, જેમની વિદ્વત્તા જોઇ યુરોપની સોસાઈટીઓ અને યુનિવરસીટીઓ તેમને માન આપવાને સરસાઇ કરી રહી છે. ૨. પ્રોફેસર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર જેમણે વીલ્સન ફાઇલોલોજીકલ લેકચરોમાં આપણી સમક્ષ ઇતિહાસ અને ભાષાજ્ઞાન ઉપર કંઈક પ્રકાશ પાડયો છે, અને જેમણે આપણા ગૂર્જર વલ્લભી આદિ વંશોના તામ્રપટ આદિ લેખો ઉપર બોધક અને શોધક વાર્ત્તિક લખ્યાં છે. ૩. ૪. જૂનાગઢમાં વલ્લભજી આચાર્ય અને મણિશંકર કરીને વિદ્વાનો છે તેઓ પણ આપણી પ્રાચીન બાબતોની શોધોમાં સારા નિપુણ છે. અને ૫. પંડિત ગટુલાલજી એ સિવાય પણ બીજા વિદ્વાનોનાં નામ આપણી મેનેજીંગ કમીટિજ કાઢી શકશે. એમને ઓનરરી મેંબર કરવાની સાથે તેનો પત્ર લખાય તેમાં એમની સાનુકૂળતા અને સહાય માગવામાં આવવી જોઇએ.

વળી એમજ નહિ કે આવાનેજ અને તેએ દેશીઓનેજ મેંબર હોનરરી મેંબર કરી અટકવું. પ્રોફેસર વર્ડસવર્થ, દાક્તર હંટર, મી. હ્યુમ, પ્રોફેસર દાદાભાઇ, મી. તેલંગ, મી. પીરોઝશા મહેતા, મી. નવરોજજી ફરદુનજી જેવા આપણા દેશના રાજદ્વારી સ્થિતિ સુધારનારા અથવા મિત્રોને પણ તેવા માનની ઇનાયત કરવી. ભારતમિત્ર લોર્ડ રિપન જેવાને તેના મુરબ્બી થવાની પ્રાર્થના કરવી.

તે સાથે દાક્તર બ્યુલર જો તેઓ આપણા મેમ્બર ન હોય તો, મી. ફ્લીટ જેમણે પણ ગૂજરાતના રાષ્ટ્રકૂટાદિ વંશોના ઇતિહાસનો વિસ્તાર કર્યો છે, મી. કેંપબેલ (ગેઝીટીયરવાળા) અને પ્રોફેસર મેક્ષમૂલર આદિના નામોથી પણ આપણી સોસાઈટીને આદરભાવ આપવો ઘટિત છે.

આ ઉપરાંત આપણી સોસાઈટીને એ પણ પ્રાર્થના છે કે જેમ મુંબાઇ સરકાર તરફથી સંસ્કૃત ગ્રંથોની "સંસ્કૃત સિરીઝ" અને કલકત્તામાં 'બિબ્લીઓથીક ઇંડિકા સિરીઝ' નિકળે છે તેવી આપણી સોસાઇટી તરફથી સંગ્રહ કરેલાં ગૂજરાતી ભાષાનાં ગદ્યપદ્યાદિ પુસ્તકોની "ગુજરાતી સિરીઝ" કાઢવી, જેવાં કે ભાલણની 'કાદંબરી' ભીમ કવિની 'હરિ લીલા ષોડશકળા' વિગેરે. મારા મિત્ર રા. રા. નવલરામ લક્ષ્મીરામ પંડ્યાની સાથે આ બાબત વાત કરતાં તેમણે આ 'હરિ લીલા' જો સોસાઈટી છપાવે તો પોતે 'એડિટ' કરવા માથે લેવા વચન આપ્યું છે. તેમજ કાદંબરી હું 'એડિટ' કરવા કબૂલ થાઉં છઉં. તેમજ બીજાં પુસ્તકો મારી દેખરેખ નીચે આવે તે હું જોઇ અનુક્રમ નક્કી કરતો જાઉં. તેમ તેમ હું અથવા બીજા મિત્રો



ભાલણની કાદંબરીની હાથપ્રત



મુગ્ધાવબોધ ઔક્તિકની હાથપ્રત
ઉતાર્યા સાલ સંવત ૧૪૫૦

મેળવી તેઓ મળી તે એડિટ કરવા કબૂલ થાઉં છઉં. માત્ર એટલું કે અશ્લીલ કે ગ્રામ્ય ભાગ સિવાય કંઇ પણ તેમાંથી કાઢી નાંખવું નહિ. અને પશ્ચિમ દેશની આવાં પુસ્તકો પ્રસિદ્ધ કરવાની પદ્ધતિ છે તેને અનુસારે તેમાં એડિટર તરફનો કંઇ પણ ફેરફાર કર્યા સિવાય જે સમયનાં તે પુસ્તક હોય તે સમયની ભાષાનું તેમણે ખરેખરૂં અને તાદૃશ પ્રતિબિંબ આપવું જોઇએ, કે તેથી ભાષાશાસ્ત્રના અભ્યાસીઓને તેમજ શોધકોને ઉપયોગી થઈ પડે. તેની સાથે ઘટિત પ્રસ્તાવના અને નોટમાં જે સમજૂત, ખુલાસો કે ફેરફાર જણાવવા હોય તે એડિટર ખુલાસાવાર જણાવે-પણ મૂળને છેડે નહિ. આ બાબતનું ઉપયોગીપણું આપ તથા આપણી કમીટિ અને સોસાઇટિ સારી રીતે સમજે છે તેથી તેમાં વિસ્તાર કરવાને હું કંઈ જરૂર જોતો નથી. આ વિષય ઉપર આપણે વારંવાર વાતચીત થઈ છે. તેથી આ પત્ર કમીટિ કે સોસાઈટી આગળ મૂકતાં તેમને આપણા વિચારો વિસ્તારપૂર્વક પ્રદર્શિત કરશો તેથી તે અહિં લખતો નથી.

આપણે કંઈ શાળા ગ્રંથ કાઢવા નથી—કે છોકરા છોકરીઓના હાથમાં મૂકતાં અચકાઇયે. વિદ્યાની ખાતર, ભાષાના ઇતિહાસની ખાતર, આપણા કવિયો આદિનાં પુસ્તકોના યુગાનુક્રમની તાદૃશતાની ખાતર આ મહત્કૃત્ય કરવાનું છે.

ભીમ કવિ—નરસિંહ મહેતાનો સમકાલીન કવિ છે. અને ભાલણ તેના પછીના સૈકાનો છે. પણ આનો દાખલો લેઇને ભાષાંતરની જે પદ્ધતિ સામળ, પ્રેમાનંદમાં ખીલી નીકળી છે તે તેમણે પકડી છે. તો આપણી ભાષાના પેહેલવેહેલાના યુગના કવિયોનું કંઇકે દર્શન થાય.

આવાં પ્રાચીન ગૂજરાતીનાં પુસ્તકો મળે તો તેની અમે ખોળમાં છીએ. તે હાથ આવ્યે સોસાઈટી માટે રખાવીશું કે ઉતરાવીશું, તો તે પણ સોસાઈટી કબૂલ કરે તેવી ગોઠવણ કરશો.

આટલું પાર પડયે યથાવકાશ વળી આગળ પ્રાર્થના કરીશ. એજ વિનતિ.

લી. સેવક,

**હરિલાલ હર્ષદરાય ધ્રુવના** પ્રણામ.

સદરહુ પત્રમાંની સૂચના પરથી એમ સમજાય છે કે× સોસાઇટીએ ભાલણકૃત કાદંબરી, હરિલાલ પોતે તેનું એડિટીંગ કાર્ય લઇ શકે એવી

× જુઓ ગુ. વ. સોસાઇટીનો વાર્ષિક રીપોર્ટ, સન ૧૮૯૫, પૃ. ૬.

સ્થિતિમાં નહિ હોવાથી અને એમનીજ સૂચનાથી, દી. બા. કેશવલાલને અને ભીમકૃત હરિલીલા ષોડશ કળા નવલરામને, એડિટ કરવાનું સોંપવા ઠરાવ કર્યો હતો. દી. બા. કેશવલાલભાઇએ સદરહુ ઠરાવનો સ્વીકાર કરતાં ઑનરરી સેક્રેટરીને લખી જણાવ્યું હતું કે,

"સોસાઈટીએ ભાલણ કૃત કાદંબરી શોધનપૂર્વક પ્રસિદ્ધ કરવાનું વિદ્વત્તા ભરેલું માનવંત કામ મને સોંપવાની ઇચ્છા દર્શાવી તેથી હું ઘણો ઉપકૃત થયો છું. એ કામ સારા વિદ્વાનને હાથે થતાં જે મોટી આશાઓ રહે તે વિચારતાં મારૂં મન ક્ષોભ પામે છે; ને તે વિષે કહેતાં સંકોચ પામું છું. તથાપિ બનતી મહેનત લઇશ. માટે આ પુસ્તકના સંબંધમાં યોગ્ય સોઈ સોસાઈટી કરી આપશે તો આરંભવા હું તૈયાર છું."

સન ૧૮૮૩ ની આખરમાં હરગોવિંદદાસભાઇએ જૂનાં કાવ્યોનાં પ્રકાશન સંબંધી એક જાહેરાત બહાર પાડી તેમાં એક પેરેગ્રાફ નીચે પ્રમાણે લખ્યો હતોઃ—

"ગુજરાતી ભાષા પ્રૌઢ કરવાનો અને તેનો પુસ્તક ભંડોળ અથવા લિટરેચર વધારવાનો એક માર્ગ એ છે કે તેમાં થએલા કાવ્ય ગ્રંથોનો સંગ્રહ કરવો. ઈશ્વર કૃપાએ આપણી ભાષામાં કાવ્ય ગ્રંથોનો સંગ્રહ વિશાળ છે. લખિત પુસ્તકો મેળવવાં ને તેમનું સંશોધન કરી છપાવવાં એ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનું મુખ્ય કામ હોવું જોઇએ. કેમકે એવું મહાભારત કામ એકાદ માણસના યત્નથી પાર પડે એમ નથી. સોસાઈટી પાસે પણ એ કામ પાર પાડવાને પૂરતાં સાધન નથી એમ માલુમ પડે છે. સબબ ઠેકાણે ઠેકાણે વિદ્વજ્જનો એ કામ આરંભે અને તેમને શ્રીમંતો ને રાજારજવાડા યોગ્ય મદદ આપે તો સારૂં."

પ્રાચીન કાવ્ય ત્રૈમાસિક કાઢીને કાંટાવાળાએ ગુજરાતી સાહિત્યની જે પ્રશસ્ય સેવા કરેલી છે તે સૌને સુવિદિત છે; અને અમને લાગે છે કે એમની હરિફાઇમાં બીજે વર્ષે (સન ૧૮૮૪ ના ડિસેમ્બરમાં) વડોદરામાં પ્રાચીન કાવ્ય પ્રકાશક મંડળી ઉભી થયલી અને તે મંડળીએ સોસાઇટીને તેને મદદ કરવા અરજી કરી હતી; તે પરથી કમિટીએ એના કાર્યવાહકો વિષે જરૂરી માહિતી મેળવવા તજવીજ કરી હતી. પણ તેના વિષે જે રીપોર્ટ લખાઇ આવેલો તે સંતોષકારક જણાયો નહોતો.

સોસાઇટી એ કાર્યનું મહત્વ પુરેપુરૂં સમજતી હતી તેથી જુનાં પુસ્તકો ખરીદવા અને તેની નકલ કરાવવા સારૂ સન ૧૮૮૮ માં સ્વ.

કાંટાવાળાને વાર્ષિક રૂ. ૫૦૦) ની મદદ આપવાનો કમિટીએ ઠરાવ કર્યો હતો;* અને સન ૧૮૯૦ માં ઉદ્ધવકૃત રામાયણ સંશોધિત કરી તૈયાર કરી આપવાનું કામ એમને સોંપ્યું હતું.

દરમિયાન વડોદરા રાજ્ય તરફથી પ્રાચીન કાવ્યમાળાનું કામ પદ્ધતિસર આરંભાયું હતું પણ તે માળાનું કામ બંધ પડતાં, તેના મુખ્ય સંચાલક હરગોવિંદદાસભાઇએ તેમની પાસેના બાકી રહેલા કાવ્યગ્રંથો સોસાઇટી છપાવવાનું ઉપાડી લે એવી મતલબનો પત્ર લખ્યો હતો અને તેની સાથે જે કાવ્યગ્રંથો છપાયા વિના પડી રહ્યા હતા તેની સૂચી પણ ઉતારી મોકલી હતી. સોસાઈટીએ તે માગણી અમુક સરતે માન્ય રાખી હતી; પણ પછીથી નાથાશંકર મરી જતાં, એ યોજના અમલમાં મૂકાઇ નહોતી. વડોદરા રાજ્ય સાથે સોસાઇટી સહકાર સાધતી તેના એક દાખલા તરીકે તેમ ઉપરોક્ત પત્રવ્યવહારમાંની જુનાં કાવ્યગ્રંથોની સૂચી પ્રાચીન સાહિત્યની હાથપ્રતોની દૃષ્ટિએ મહત્વની હોવાથી પ્રાચીન કાવ્યમાળાના મંત્રી તરફથી લખાઈ આવેલો મૂળ પત્ર અને સોસાઇટીનો ઉત્તર એ બંને પરિશિષ્ટમાં આપ્યાં છે.

સોસાઈટી આ પ્રમાણે પ્રાચીન કાવ્યસાહિત્યના સંગ્રહ, સંશોધન અને પ્રકાશનનાં સંબંધમાં તેના આરંભ કાળથી કંઈ ને કંઇ પ્રયત્ન કરતી રહી છે; અને પ્રાચીન કાવ્યનો જનતાને પ્રથમ પરિચય કરાવનાર કવિ દલપતરામનું સ્મારક કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો ત્યારે તેના સ્મારક ફંડનાં નાણાંનો વ્યય ગુજરાતી પ્રાચીન કાવ્યનાં સંશોધન અને પ્રકાશનમાં થાય એ ઉદ્દેશ નક્કી કરવામાં પણ સોસાઈટીની ઉપરોક્ત અખત્યાર કરેલી નીતિ અને ધોરણ નજરે પડે છે.

---

* જુઓ ગુ. વ. સોસાઇટીનો રીપોર્ટ, સન ૧૮૮૮.

# પરિશિષ્ટ ૬

વડોદરા પ્રાચીન કાવ્ય ઑફિસ
તારીખ ૭ ૭ એપ્રિલ ૧૮૯૪.

**મે. રા. બા. લાલશંકર ઉમીયાશંકર ત્રવાડી,**
ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના ઑન. સેક્રેટરી સાહેબ,
**અમદાવાદ.**

શ્રીમંત સરકાર મહારાજા ગાયકવાડ શ્રી સયાજીરાવના ઉદાર આશ્રયથી પ્રાચીન કાવ્યમાળાના ૩૦ ગ્રંથ પ્રગટ થઈ ચુક્યા છે. એ બાબતની સઘળી હકીકત આપના જાણવા બહાર નથી. પ્રાચીન અપ્રસિદ્ધ ગ્રંથો પ્રકટ કરવાનું કામ કેટલું અગત્યનું છે તે જણાવવાની જરૂર નથી. સરકાર તરફથી રૂ. ૧૨૦૦૦) ની મદદ મળી હતી તેના તથા વેચાણના ઉત્પન્નમાંથી ૩૦ ગ્રંથો પ્રગટ થયા અને તે પછી આ કામ બંધ પડવાની ધાસ્તી હતી પરંતુ નામદાર જુનાગઢ દરબાર તરફથી આદ્ય કવિ નૃસિંહ મહેતાનાં પુસ્તક તૈયાર કરાવવાનું કામ મળ્યું અને તે પછી હાલમાં ગાયકવાડ સરકાર તરફથી બીજી રૂ. ૪૦૦૦) ની રકમ મંજુર થઇ છે એટલે કમિટીએ પોતાનું કામ જારી રાખ્યું છે.

જો પ્રથમની ગોઠવણ જારી રાખીએ તો રૂ. ૪૦૦૦) વડે માત્ર દશ ગ્રંથો પ્રગટ થવાનો સંભવ છે. એ રકમ વડે વધારે કામ કરી શકાય એવી તજવીજ કરવાની જરૂર છે. નામદાર ગાયકવાડ સરકાર તરફથી હવે વધારે આશ્રય મળશે કે કેમ તે કહી શકાતું નથી. વળી અપ્રસિદ્ધ ગ્રંથોનો સંગ્રહ અમારી પાસે એટલો મોટો છે કે પ્રાચીન કાવ્યમાળા પૂરી કરી શકાય એટલે તેના ૧૦૮ ગ્રંથ પ્રકટ કરી શકાય અને તે કરતાં પણ વધારે ગ્રંથ બહાર પાડી શકાય એમ છે.

કમિટીના પ્રમુખ મે. દિવાનબહાદુર મણીભાઈ સાહેબ સાથે વાતચીત થતાં આ કામમાં સોસાઇટીની મદદ માગવી એમ ઠર્યું છે. સોસાઇટીનો ઉદ્દેશ ગુજરાતી સાહિત્ય વધારવાનો છે તે ઉદ્દેશ પ્રાચીન કાવ્યો પ્રકટ કરવાથી ઘણે સારે દરજ્જે પાર પડશે; એમ જાણી અમારે જે માગણી કરવાની તે આ પ્રમાણે છેઃ—

પ્રાચીન કાવ્ય કમિટી જે જે પુસ્તકો તૈયાર કરે તે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી છપાવે અને દરેક પુસ્તક બદલ સોસાઇટીથી બની શકે તેટલી

રકમ કમિટીને આપે, એટલે રૂ. ૪૦૦૦) ની મદદ સરકારથી મળી છે તે તથા સોસાઇટી તરફથી જે રકમ મળ્યા કરે તે વડે કમિટીનું કામ લાંબી મુદત ચાલી ઘણા ગ્રંથો પ્રકટ કરી શકાય. જો સોસાઇટી વધારે મદદ કરી શકે એમ ન હોય તો નિદાન એકેક ગ્રંથ માટે રૂ. ૧૦૦) કમીમાં કમી આપે, અને કમિટીને ૧૦ પ્રત બક્ષિસ આપે. હાલ સુધીમાં જેવા કદના ગ્રંથો પ્રકટ થયા છે તેવા કદના ગ્રંથો હવે પછી પણ તૈયાર થશે. દર વર્ષે દશ ગ્રંથ ઘણું કરીને અમે તૈયાર કરી શકીશું. સોસાઇટી જો વર્ષે બધાય ગ્રંથ છપાવી ન શકે તો છ ગ્રંથ છપાવશે તોપણ ચાલશે. એટલે છાપવાનું કામ વધારે મુદત પહોંચશે.

આશા છે કે આવા અગત્યના કામમાં સોસાઇટી મદદ આપ્યા વગર રહેશે નહીં.

સેવક,

**હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા**

સેક્રેટરી પ્રાચીન કાવ્ય કમિટી—વડોદરા.

વડોદરા પ્રાચીન કાવ્ય ઓફિસ તરફથી અમદાવાદ વર્નાક્યુલર સોસાઇટીને બહાર પાડવાના કુલ ગ્રંથોની યાદિ—

| નંબર | પુસ્તકનું નામ. | ગ્રંથકારનું નામ. | વિષય | પૃષ્ઠ સંખ્યાનો આશરો. |
|---|---|---|---|---|
| ૧ | લોપામુદ્રાખ્યાન | પ્રેમાનંદ | નાટક કે આખ્યાન | ૧૭૫ |
| ૨ | મારૂતી વિજય | વલ્લભ | નાટક | ૨૫૦ |
| ૩ | દષ્ટાંતાબ્ધિ | ,, | સાહિત્ય ગ્રંથ | ૩૦૦ |
| ૪ | અધ્યાત્મ રામાયણ | ભીમકવિ | વેદાંત—કથા | ૫૦૦ |
| ૫ | પંચતંત્ર | જૈનકવિ | નીતિસાહિત્ય | ૪૦૦ |
| ૬ | કેવળપુરીકૃત કવિતા | કેવળપુરી | જ્ઞાન—બોધ—વૈરાગ્ય | ૨૫૦ |
| ૭ | સુદર્શનાખ્યાન | પ્રેમાનંદ | આખ્યાન | ૨૦૦ |
| ૮ | યોગરત્નાકર | નયનશેખર | વૈદક | ૪૦૦ |
| ૯ | જાલંધર આખ્યાન | વિષ્ણુદાસ | આખ્યાન | ૧૫૦ |
| ૧૦ | કાદંબરી | ભાલણ | કવિતામય ભાષાંતર | ૩૦૦ |
| ૧૧ | અશોકચંદરાજાનો રાસ | સુખસાગર | જૈન વાર્તા | ૨૦૦ |
| ૧૨ | રઘુવંશનું ભાષાંતર | પ્રેમાનંદ | કવિતા | ૪૦૦ |
| ૧૩ | કર્ણચરિત્ર | ,, | મહાકાવ્ય | ૪૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૪ ભીષ્મ ચંપુ | પ્રેમાનંદ | ગદ્ય પદ્યાત્મક કાવ્ય | ૪૦૦ |
| ૧૫ દુષ્ટભાર્યા નાટક | ,, | નાટક | ૧૫૦ |
| ૧૬ વલ્લભ ઝઘડો | ,, | કવિતા ગ્રંથ | ૫૦ |
| ૧૭ શુકજનક સંવાદ | ,, | કવિતા | ૬૦ |
| ૧૮ ત્રિપુરવધાખ્યાન | ,, | આખ્યાન | ૧૫૦ |
| ૧૯ ધૃતરાષ્ટ્ર કુરુક્ષેત્ર દર્શન | વલ્લભ | બીભત્સ રસકાવ્ય | ૧૦૦ |
| ૨૦ યુધિષ્ઠિર વૈરાગ્ય | ,, | શાંત રસકાવ્ય | ૨૦૦ |
| ૨૧ ગદ્યપદ્ય સંવાદ | ,, | સાહિત્ય | ૧૦૮ |
| ૨૨ શિશુપાળ વધ | રત્નેશ્વર | ભાષાંતર–કવિતા | ૧૫૦ |
| ૨૩ મહાભારત | પ્રેમાનંદ | કવિતામય ઇતિહાસ | ૨૦૦૦૦ |
| ૨૪ દશમસ્કંધ | ભાલણ | કવિતામય કથા | ૧૫૦ |
| ૨૫ ધર્મની પોથી | પ્રીતમદાસ | વેદાંત | ૭૫ |
| ૨૬ પ્રીતમદાસના છૂટક છપ્પા | ,, | જ્ઞાન–બોધ | ૮૦ |
| ૨૭ પાંડવની નિશાળ | શિવદાસ | આખ્યાન | ૫૦ |
| ૨૮ કીર્મિર વધાખ્યાન | ,, | ,, | ૭૦ |
| ૨૯ શુકદેવાખ્યાન | શામળભટ્ટ | ,, | ૯૦ |
| ૩૦ ભોજ કથા | ,, | કથા–કવિતામય | ૮૦ |
| ૩૧ કાળમહિમા | ,, | કવિતા–સાહિત્ય | ૬૦ |
| ૩૨ અલંકાર પંચાશકા | ,, | સાહિત્ય | ૨૦ |
| ૩૩ ગજેન્દ્ર મોક્ષ | કાળિદાસ | આખ્યાન | ૨૫ |
| ૩૪ સીતા રાવણ સંવાદ | દેવીદાસ | ,, | ૧૫ |
| ૩૫ મહાદેવની સ્તુતિ છંદ | અનુભવાનંદ | કવિતા | ૨૫ |
| ૩૬ રામાયણના ચંદ્રાવળા | રામભક્ત | ,, | ૪ |
| ૩૭ નાગસંવાદ–પાતાળ | વસરામ ભાટ | સાહિત્ય | ૪ |
| ૩૮ હિતોપદેશ છંદ બંધ | ,, | નીતિ–સાહિત્ય | ૪૦ |
| ૩૯ હાસ્યરસનાં કીર્તન | ,, | સાહિત્ય | ૩૦ |
| ૪૦ વ્રજ નાભવતીનો સ્વયંવર | ભગવાન | આખ્યાન | ૩૦ |
| ૪૧ છૂટક કીર્તન | ,, | ભક્તિ | ૫૦ |
| ૪૨ પાંડવ ગીતા | ,, | જ્ઞાન–વૈરાગ્ય | ૨૦ |
| ૪૩ હરિરસ | ,, | ભક્તિ | ૫ |
| ૪૪ કર્મ ગીતા | ,, | જ્ઞાન | ૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૫ | શિવભક્તની ભક્તમાળ | ,, | ભક્તિ | ૨૦ |
| ૪૬ | કૃષ્ણ નામાના કુંડળીઆ | ,, | ભક્ત | ૪૦ |
| ૪૭ | સહસ્રપદનો રાસ | નૃસિંહમહેતો | ,, | ૫૦૦ |
| ૪૮ | સતી ધર્મ | કમળાગવરી | નીતિ | ૪૦ |
| ૪૯ | કૃષ્ણચરિત્ર | ,, | ભક્તિ–સાહિત્ય | ૨૦ |
| ૫૦ | પતિ વિરહાખ્યાન | ,, | આખ્યાન | ૫૦ |
| ૫૧ | ભક્ત મહિમા | ,, | ભક્તિ | ૨૦ |
| ૫૨ | ખોડાણાની કથા | ત્રીકમદાસ | આખ્યાન | ૨૦ |
| ૫૩ | સત્યભામાનું રૂપણું | મીરાંબાઈ | ,, | ૧૦ |
| ૫૪ | કૃષ્ણસ્વામિ આખ્યાન | ,, | ,, | ૨૦ |
| ૫૫ | દૃઢભક્તિ આખ્યાન | ,, | ,, | ૧૦ |
| ૫૬ | છુટકપદ | ,, | ઉપદેશ | ૧૦૦ |
| ૫૭ | કપીલજીનું આખ્યાન | રામદાસ | આખ્યાન | ૨૦ |
| ૫૮ | ચંડીપાઠ | રણછોડજી દિવાન | ,, | ૭૦ |
| ૫૯ | અંબાજીના ગરબા | ,, | સ્તુતિ–ભક્તિ | ૨૦ |
| ૬૦ | છૂટક કવિતા | ,, | સાહિત્ય | ૫૦ |

Hargovind D. K.
પ્રાચીન કાવ્ય કમીટિના સેક્રેટરી.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઓફિસ.
**અમદાવાદ,** તા. ૩–૫–૧૮૯૪.

**મહેરબાન પ્રાચીન કાવ્યમાળાના સેક્રેટરી સાહેબ,**
**વડોદરા.**

આપનો જાવક નં. ૫૪ તા. ૩ ચાલુ માસનો પત્ર પહોંચ્યો. તે વ્યવસ્થા કમીટી રૂબરૂ મુકતાં એવો ઠરાવ કરવામાં આવ્યો છે કે આપના તરફથી સોસાઇટીના હેતુ પ્રમાણે તૈયાર થઈ આવેલાં પુસ્તકો સોસાઇટી છપાવશે પરંતુ તેને માટે નીચેના નિયમ સોસાયટીની નજરમાં યોગ્ય લાગે છે માટે તે ઉપર વિચાર થઇ આપના તરફથી લખાઇ આવવું જોઇએ.

(૧) એક કવિનાં પુસ્તક હાથમાં લીધા પછી બનતાં સુધી તેની કવિતા પૂરી કરીને બીજાને હાથમાં લેવો.

(૨) પ્રેમાનંદનાં પુસ્તક પ્રથમ તૈયાર થવાં જોઇએ.

(૩) જે પુસ્તક તૈયાર કરવાનું હોય તે પ્રથમથી સોસાઇટીને જણાવવું કે જેથી સોસાઇટીના હેતુ પ્રમાણે છપાવવા જેવું છે કે નહિ તેનો પ્રથમ નિર્ણય થાય.

(૪) શ્રીમંત મહારાજા સાહેબના ફંડમાંથી જે પુસ્તક તૈયાર થાય તે ઉપર સોસાઇટી છપાવશે કે શ્રીમંત મહારાજાના આશ્રયથી રચાયું.

(૫) સોસાઇટી તરફથી અથવા અમુક ફંડમાંથી સોસાઇટીએ છાપ્યું એમ તે પુસ્તક ઉપર જણાવવામાં આવશે.

(૬) ગ્રંથ સ્વામિત્વ સોસાઇટીનું રહેશે.

(૭) સદરહુ પ્રમાણે છાપેલા દરેક પુસ્તકની ૧૦ પ્રત આપને મફત આપવામાં આવશે.

(૮) શ્રીમંત મહારાજાના આશ્રયથી જે પુસ્તક તૈયાર થશે તેને માટે બીજું કાંઇ આપવામાં નહિ આવે, પરંતુ શ્રીમંત તરફથી મળેલી રકમ પુરી થયા પછી સોસાઇટીના હેતુ પ્રમાણે પુસ્તક તૈયાર કરવા બાકી હશે તો તે પુસ્તકને માટે આપનું એસ્ટાબ્લીશમેન્ટ જારી રાખવામાં આવશે; અથવા અમુક રકમ તે પુસ્તક ઉપર ઇનામ તરીકે સોસાઇટીમાંથી અથવા સોસાઇટીના હસ્તકનાં ફંડમાંથી આપવામાં આવશે.

(૯) ઉપર પ્રમાણે ખર્ચ કરીને જે પુસ્તક તૈયાર થશે તે ઉપર જે ફંડમાંથી ખર્ચ કરવામાં આવ્યું હશે તે ફંડમાંથી પુસ્તક રચાયું એમ લખવામાં આવશે અને તે ફંડની ગ્રંથમાળાનો અંક તે ઉપર નાંખવામાં આવશે.

(૧૦) સોસાઇટીના ઉદ્દેશ પ્રમાણે સસ્તી કિંમત રખાય એમ છાપવાનું તથા પુંઠાં બાંધવાનું કામ કરવામાં આવશે.

ઉપરના નિયમ દિવાન બહાદુર મણીભાઇ સાહેબના સ્તુત્ય ઉદ્દેશને પુષ્ટિકર્તા છે અને તે માન્ય થવાથી સારાં પુસ્તક જલદી અને સસ્તી કીંમતે પ્રકટ થશે તથા સોસાઇટીના લાઇફ મેમ્બરોને તે મફત મળવાથી તેમનો બહોળો ફેલાવો થશે એમ સોસાઇટી ધારે છે.

સદરહુ નિયમને અનુસરીને સોસાઇટી દર વરસે ૧૨ અથવા તેથી પણ વધારે પુસ્તક તૈયાર થાય તો પ્રકટ કરી શકશે.

આ વિષે દિવાન બહાદુર સાહેબનો તથા આપનો જે નિર્ણય થાય તે જણાવશો કે જેથી જરૂરનાં ફંડની આજથી સગવડ કરવામાં આવે.

(સહી) **લાલશંકર ઉમિયાશંકર.**
ઑન સેક્રેટરી, ગુ. વ. સોસાઇટી.
**અમદાવાદ.**

# પ્રકરણ ૬

## સ્ત્રી કેળવણીને ઉત્તેજન

"Only by setting their women free and opening wide to them the door to absolute self-determination in all forms of expression and development, by restoring to them their Vedic status-the unrestricted use and training of all bodily, mental, and spiritual faculties both in the home and in Society, will Indian men be able to achieve their own personal emancipation. Only free adult girls will be able become true mates and balanced mothers, break through the vicious circle of misdirected emotional and physical strength, and in addition, restore the wasted physical forces of the Hindu race. Only sons reared by such fully and freely living mothers will have the inner independence and assurance needed to lead a normal healthy life of social constructiveness."*

[ The 'Pardah', by Mrs. Sarangdhar das. ]

પોતાના પહેલા વર્ષથી જ સોસાઇટીએ છોકરીઓને શિક્ષણ આપવાની તજવીજ કરી હતી અને તેના થકી ચાલતી કન્યાશાળા પછીથી શેઠાણી હરકુંવરબાઇ કન્યાશાળાનું નામાભિધાન પામી તેનો સર્વ વૃત્તાંત પ્રથમ વિભાગમાં અપાયો છે.×

પ્રજાને પ્રાથમિક કેળવણી આપવી એ સરકારનું કર્તવ્ય છે અને એ સિદ્ધાંતનો સરકાર તરફથી અમલ થવા માંડયો એટલે સોસાઇટીએ એ ક્ષેત્રમાં તેની પ્રવૃત્તિ બંધ કરી; પરંતુ જે કન્યાઓએ અલ્પવયમાં સંજોગવશાત્ અભ્યાસ મૂકી દીધો હોય, અથવા જેમને પ્રાથમિક ધોરણો પૂરાં કર્યા બાદ વધુ અભ્યાસ કરવાની ઉત્કંઠા હોય અથવા મોટી વયની સ્ત્રીઓ જે કેળવણીના સંસ્કાર પામવા ઉત્સુક હોય તેમના માટે અવલંબનનો અને

---

* The Servant of India, May 11, 1933.

× જુઓ ગુ. વ. સોસાઇટીનો ઇતિહાસ વિભાગ ૧, પૃ. ૩૭.

મદદનો અવકાશ રહેતો હતો અને હિંદુ સમાજની એ પરિસ્થિતિ લક્ષમાં લઇને સ્ત્રી કેળવણીને ઘટતું ઉત્તેજન આપવા સોસાઈટી સતત પ્રયત્ન કરતી રહી છે અને તે કયે માર્ગે તે આપણે હવે તપાસીએ.

પ્રથમ તો સ્ત્રીઓ સોસાઈટીની આજીવન સભાસદ થઈ શકે તે માટે આજીવન સભાસદનું લવાજમ રૂા. ૫૦ છે, તે સ્ત્રીઓ માટે રૂા ૨૫ ઠરાવવામાં આવ્યું હતું.

એ નિયમ પસાર થતા અગાઉ સૌ. રૂક્મણી તે રા. નારણજી નંદલાલનાં પુત્રી સન ૧૮૯૨ માં સોસાઈટીનાં આજીવન સ્ત્રી સભાસદ તરીકે પહેલ પ્રથમ જોડાયાં અને સન ૧૮૯૪ માં ગણેશ ગોપાલ પંડિતનાં પુત્રી યશોદાબ્હેન ઠાકુર અને લેડી વિદ્યાબ્હેન નીલકંઠ, તે વર્ષે પ્રિવિયસની પરીક્ષામાં પાસ થઇ સોસાઇટીમાં મેમ્બર તરીકે દાખલ થયાં અને એ બનાવની નોંધ તે વર્ષના રીપોર્ટમાં નીચે પ્રમાણે લેવામાં આવી હતી:

"આવી વિદુષી બાઇઓ લાઇફમેમ્બર થાય એ બહુ સંતોષકારક છે. સ્ત્રીમેમ્બરોનો વધારો એ સ્ત્રી કેળવણીનું ફળ છે."

મૂળે કેળવણી લેનાર સ્ત્રીઓની સંખ્યા જુજ અને તેમાં રૂા. ૫૦ આપીને સભાસદ થવું એ ઘણાંને માટે અનુકૂળ નહોતું. આ અડચણ ઓછી કરવાને સન ૧૮૯૫માં વાર્ષિક સામાન્ય સભામાં નીચે પ્રમાણે દરખાસ્ત આણવામાં આવી હતી, તે સર્વાનુમતે પસાર થઇ હતી—

"રા. રા. કેશવલાલ મોતીલાલે સ્ત્રી મેમ્બરોની ફી ઓછી કરવા બાબતનો પોતે મેનેજીંગ કમિટિ ઉપર મોકલેલો કાગળ વાંચી સંભળાવ્યા બાદ ડૉ. નીલકંઠરાયનો મહેતાજીઓની અને સ્ત્રીઓની ફી ઘટાડવા બાબતનો પત્ર વાંચી સંભળાવી દરખાસ્ત કરી કે, મહેતાજીઓ તથા સ્ત્રીઓની ફીનો દર રૂા. ૨૫ કરી તેમને લાઇફમેમ્બર કરવા. રા. સા. માધવલાલ હરિલાલ દેસાઇએ આ દરખાસ્તને અનુમતિ આપી અને સર્વાનુમતે નીચે પ્રમાણે ઠરાવ કરવામાં આવ્યો:—

સોસાઈટીના ધારાની બીજી કલમની ત્રીજી લીટીમાં "જન્મપર્યંતના મેમ્બર" એ શબ્દોની પછી "સ્ત્રીઓને તથા માસિક ત્રીસ રૂપિયાના પગારની અંદરના શિક્ષકોને રૂ. ૨૫) લઈ લાઈફ મેમ્બર કરવામાં આવશે" એટલા શબ્દો વધારવા."*

આજે સોસાઇટીના ૬૮૯ આજીવન સભાસદોમાંથી ૩૫૬ સ્ત્રી સભાસદો છે એ પ્રસ્તુત ઠરાવ નં. ૪ નું પરિણામ છે.

---

* જુઓ ગુ. વ. સોસાઇટીનો વાર્ષિક રીપોર્ટ, સન ૧૮૯૫ પૃ. ૨૭.

સ્ત્રી અને પુરુષ માટે સમાન શિક્ષણક્રમ ન રાખતાં તેમની સ્વાભાવિક પ્રકૃતિ અને પરસ્પરનું જીવનધ્યેય ધ્યાનમાં રાખીને તેમના માટે જુદા અભ્યાસક્રમ યોજવાની માગણી શરૂઆતથી ચાલુ છે અને તેને અનુલક્ષીને સન ૧૮૯૪ માં મુંબાઇ ઇલાકાના કેળવણી ખાતાના વડાએ કન્યાશાળાઓ માટે જુદાં પુસ્તકો રચાવવાના સંબંધમાં એક પત્ર સોસાઇટીને લખી મોકલ્યો હતો. મેનેજીંગ કમિટીમાં તે રજુ થતાં એવાં પુસ્તકો રચાવવાની એક યાદી તૈયાર કરવાનું કામ રણછોડલાલ છોટાલાલને સોંપાયું હતું. તેમની ભલામણનો રીપોર્ટ જોવામાં આવ્યો નથી, પણ નારી શિક્ષા, ભા. ૧ અને ભા. ૨ નું પ્રકાશન પછીથી કરવામાં આવ્યું તે આ વિષયની ચર્ચાનું પરિણામ હતું એમ અમારૂં માનવું છે.

તે પછી એ પ્રકારનાં સ્ત્રી ઉપયોગી પુસ્તકો રચાવવા સારૂ સોસાઇટીને નીચે મુજબ ૮ ફંડો મળેલાં છેઃ—

૧. સૌ. કંકુબાઇ સ્મારક ફંડ.
૨. સૌ. કીર્તિલક્ષ્મી પત્રમાળા ફંડ.
૩. સૌ. મોંઘીબાઈ રામજી ઇચ્છજી ફંડ.
૪. સૌ. મોંઘીબાઈ વંદ્રાવન દયાળ ફંડ.
૫. સૌ. ગુલાબ ઝવેરી ફંડ.
૬. સૌ. દિવાળીબાઈ ફંડ.
૭. બાઈ હમાબાઇ મોદી સ્મારક ફંડ.
૮. સૌ. લક્ષ્મીબાઇ હરિયાણી ફંડ.

પણ જમાનો એટલા વેગથી આગળ વધતો જાય છે, સ્ત્રી કેળવણીમાં અને સ્ત્રી જીવનમાં એટલી મોટી ક્રાન્તિ થવા પામી છે અને વળી યુવક યુવતીઓ એટલી મોટી સંખ્યામાં, એકસાથે અને એકસરખી કેળવણી લઇ રહ્યાં છે, કે એ પરિસ્થિતિમાં સ્ત્રી ઉપયોગી પુસ્તકોનો ભેદ પાડવો એ વિષમ કાર્ય થઈ પડ્યું છે અને કેટલીકવાર શંકા ઉદ્દભવે છે કે એવા કૃત્રિમ વિભાગની હવે જરૂર છે ખરી ?

શરૂઆતમાં માબાપો તેમની છોકરીઓને નિશાળે મોકલતાં નહિ; અને તેમને તેમ કરવા સમજાવવાને કંઈ કંઈ તજવીજ કરવી પડતી હતી. તેમાં છોકરીઓને ઇનામ અને સ્કોલરશીપ આપવાની યોજના આવી જાય છે. જે કન્યાઓની નિયમિત અને સારી હાજરી હોય અને જેમનો અભ્યાસ સરસ હોય તેમને એકાદ સુંદર પુસ્તક કે કંઇ રોકડ રકમ સ્કોલરશીપરૂપે આપવામાં આવતી. જેથી તેમને ઉત્તેજન મળે અને દેખાદેખી અન્ય

બાળાઓ અભ્યાસ કરવાને તેમ કન્યાશાળામાં આવવાને આકર્ષાય; અને એ હેતુ બર આવવા સારૂ સોસાઈટીને ૪૦ થી વધુ ટ્રસ્ટફંડો મળેલાં છે, જેનું બ્યાજ અમદાવાદ અને અમદાવાદ બહારની કન્યાશાળાઓમાં ભણતી બાળાઓને ઇનામ તેમ સ્કોલરશીપ આપવા સારૂ મોકલી અપાય છે.

સન ૧૯૦૮ માં સ્ત્રીઓ માટે એક એલાયદું પુસ્તકાલય સ્થાપવા સૌ. લક્ષ્મીબાઇ સ્મારક ફંડ રૂ. ૨૦૦૦ નું મળ્યું હતું અને તે સ્ત્રી પુસ્તકાલય રા. બા. રણછોડભાઈ કન્યાશાળામાં રાખ્યું છે, જ્યાંથી સ્ત્રીઓ તેનો સહેલાઇથી લાભ લઈ શકે.

આ રણછોડભાઈ કન્યાશાળાનો વૃત્તાંત પણ જાણવા જેવો છે. એ કન્યાશાળા સોસાઇટીના ઑનરરી સેક્રેટરી લાલશંકરભાઇની તજવીજથી કાઢવામાં આવી હતી. સ્વર્ગસ્થ રણછોડભાઇ એ કન્યાશાળા માટેનું ફંડ સોસાઈટીને સુપરત કરતાં એમના પત્રમાં લખ્યું હતુંઃ

“વિનંતિ વિશેષ ખાડીઆમાં ઉચ્ચ વર્ગના લોકો ઘણા રહે છે તેમની કન્યાઓના શિક્ષણ સારૂ એક સારી કન્યાશાળાની જરૂર છે એવી આપના તરફથી સૂચના થઇ એ અભિપ્રાય સાથે હું સંપૂર્ણ રીતે મળું છું; કેમકે દેશની ઉન્નતિ થવા માટે સ્ત્રીઓમાં સારા જ્ઞાનની વૃદ્ધિ થવાની આવશ્યકતા છે, ને તે જ્ઞાન તેમને ઊંચી પ્રતિનું શિક્ષણ મળ્યા વગર થવાનું નથી. માટે ખાડીઆમાં એક કન્યાશાળા સ્થાપવા સારૂ હું રૂ. ૧૨૦૦૦) બાર હજારની રકમ અર્પણ કરૂં છું અને તે સંબંધી નીચેની સૂચનાઓ કરૂં છું.

૧ એક કન્યાશાળા હમેશાં ખાડીઆમાં રાખવી.

૨ સરકારી શાળાઓમાં જે વિષયો ચાલે છે તેમાં કાંઈ જરૂર જણાય તો ફેરફાર કરી તે વિષયો ચલાવવા. તથા હિંદુ ગૃહસ્થિતિ લક્ષમાં રાખીને સ્ત્રીઓને ઉપયોગી પડે એવા વિષયો વિશેષ કરી તેને શિખવવા, તેને માટે કોઈ ખાસ પુસ્તકોની જરૂર જણાય તો તે પ્રકટ કરાવવાને બનતી તજવીજ કરવી.

૩ બને ત્યાં સુધી ઊંચી પ્રતિનું જ્ઞાન ગુજરાતી ભાષામાં આપવું. બીજી ભાષા તરીકે સંસ્કૃત બની શકે તો શીખવવું.

૪ પ્રાચીન હિંદુ ધર્મને અનુસરી કોઇને બાધ ન આવે એવી રીતે સામાન્ય ધર્મનું તથા ભક્તિ નીતિ સદાચરણનું શિક્ષણ દરરોજ થોડીવાર પણ શાળામાં આપવું.”+

---

+ જુઓ સોસાઇટીનો સન ૧૮૪૮-૯૮ નો ૫૦ વર્ષનો રીપોર્ટ પૃ. ૩૨.

એ કન્યાશાળા પ્રથમ ખુલ્લી મૂકતી વખતે મ્હોટો સમારંભ થયો હતો; અને તે પ્રસંગે સ્ત્રી કેળવણી વિષયમાં જૂદી જૂદી દષ્ટિએ વિવેચનો થયાં હતાં. એક પ્રમાણભૂત વૃત્તાંત તરીકે તેનું મૂલ્ય છે, એટલું જ નહિ પણ સ્ત્રી કેળવણી પરત્વે તે સમયનું લોકમાનસ સમજવાને તે વૃત્તાંત ઉપયોગી છે તેથી એ સમારંભનો અહેવાલ પરિશિષ્ટ ૭ માં આપ્યો છે.

સોસાઇટી વિદ્યાર્થીઓને વકતૃત્વ માટે ચાંદ અને ઇનામ આપતી એની હકીકત પહેલા ભાગમાં આપેલી છે,* એ ધોરણે સ્ત્રીઓ પણ પુરૂષોની પેઠે જાહેર મેળાવડામાં સંકોચ પામ્યા વિના બોલી શકે અને એમની ભાષણ કરવાની શક્તિ ખીલે એ હેતુથી સોસાઇટીએ સન ૧૮૯૪ માં સ્ત્રી વકતૃત્વોત્તેજનની યોજના ઘડી હતી અને તે સારી રીતે ફતેહમંદ નિવડયાથી સન ૧૯૦૧ માં તેમાં ફેરફાર કરીને સ્ત્રી શિક્ષણની પરીક્ષા લેવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. નીચેના ઉતારા પરથી એ પ્રવૃત્તિનું સ્વરૂપ સમજવામાં આવશે.

## સ્ત્રી શિક્ષણ પરીક્ષા.

" શાળાના શિક્ષણ ઉપરાંત સ્ત્રીઓ પોતાની કેળવણી આગળ વધારે એ બહુ જરૂરનું છે, અને ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી એ માટે ખાસ પ્રયત્ન છેલ્લાં આઠ વર્ષ થયાં કરવામાં આવે છે. સ્ત્રીઓમાં ભાષણ આપવાની શકિત વધારવા માટે સ્ત્રી વકતાઓને ઇનામો આપી સ્ત્રી મંડળ સમક્ષ છૂટથી ભાષણ આપવાની યોજના સન ૧૮૯૪ ની સાલમાં સોસાઇટીએ કરી હતી; અને તેનો પહેલો સમારંભ તેજ સાલના ડીસેમ્બર માસની ૨૩ મી તથા ૨૪ મી તારીખે કર્યો હતો. તેજ પ્રમાણે દર વર્ષે સમારંભ કરવામાં આવતો, હતો. આ પ્રમાણે ગઈ સાલ એટલે ૧૯૦૦ સુધી દર વર્ષે સ્ત્રીઓ પાસે સ્ત્રી ઉપયોગી વિષયો પર ભાષણો અપાવી સ્ત્રીઓને ઇનામો આપવામાં આવતાં હતાં. આ ક્રમથી સ્ત્રીઓમાં ભાષણ આપવાની એટલે મંડળ આગળ પોતાના વિચારો સ્પષ્ટ રીતે જણાવવાની શક્તિ દિવસાનુદિવસ વધતી જણાઇ હતી. ભાષણો આપવા માટે મુંબાઇ, નવસારી, વડોદરા, વગેરે દૂર દૂરના ભાગની સન્નારીઓએ પણ ઉમેદવારી કરી હતી, એજ તે વર્ગની ઉલટ જાણવાને માટે બસ છે. ભાષણો આપવાના આ ક્રમથી સ્ત્રી ઉપયોગી વિષયો ઉપર સ્ત્રીઓ પાસે સોસાઇટી તરફથી જે ભાષણો કરાવ્યાં હતાં અને સારૂં ભાષણ કરનારી બાઇઓને દર વર્ષે જે ઇનામો આપ્યાં હતાં તે નીચે પ્રમાણે છે;

---

* જુઓ ગુ. વ. સોસાઈટીનો ઇતિહાસ, વિભાગ ૧, પૃ. ૨૦૪.

| સાલ | | ભાષણના વિષયો. | આપેલાં ઈનામની રકમ રૂપિઆ |
|---|---|---|---|
| ૧૮૯૪ | (૧) | સ્ત્રી શિક્ષણની આવશ્યકતા. | |
| ,, | (૨) | સ્ત્રી શિક્ષણ કેવા પ્રકારનું આપવું? | ૬૫ |
| ૧૮૯૫ | (૧) | છોકરાંને કેવી રીતે કેળવવાં? | |
| ,, | (૨) | શરીર તંદુરસ્ત રાખવા જુદી જુદી સ્થિતિની સ્ત્રીઓએ ઘરનાં કયાં કયાં કામ કરવાં જરૂરનાં છે? | ૬૫ |
| ૧૮૯૬ | (૧) | સ્ત્રીઓએ નવરાશનો વખત કેવી રીતે ગાળવો? | |
| ,, | (૨) | માંદાની માવજત કરવા વિષે. | ૬૯ |
| ૧૮૯૭ | (૧) | કેળવણી પામેલી અને નહિ કેળવાએલી સ્ત્રીથી તેના કુટુંબ ઉપર શી જુદી જુદી અસર થાય છે? | ૪૪ |
| ,, | (૨) | પોતાની અને કુટુંબની આરોગ્યતા જાળવવા સારૂ સ્વચ્છતાના કયા કયા અગત્યના નિયમો પાળવાની જરૂર છે? | |
| ,, | (૩) | સ્ત્રી કેળવણીની આવશ્યકતા ( રા. બાળચંદ્ર ઇંદ્રશા પટણી તરફનું જૈન કોમ માટેનું ઈનામ. ) | ૨૫ |
| ૧૮૯૮ | (૧) | બાળલગ્નથી થતાં માઠાં પરિણામ. | |
| ,, | (૨) | સ્ત્રીઓને ઉંચી પ્રતિની કેળવણી આપવાની જરૂર. | ૫૭ |
| ૧૮૯૯ | (૧) | રોવા કુટવાના રીવાજથી પોતાના શરીર ઉપર તથા જનસમાજ અથવા સંસાર મંડળ (લોકો) ઉપર થતાં માઠાં પરિણામ. | |
| ,, | (૨) | દુકાળ વગેરે સંકટને પ્રસંગે પીડાતા લોકોની માવજત, ખોરાક અને કપડાંની બાબતમાં સ્ત્રીઓ કેવી રીતે ઉપયોગી થઇ શકે? | ૫૦ |
| ૧૮૯૯ | (૩) | સ્ત્રીઓમાં ચાલતા વહેમો, તેનું પરિણામ અને તેનું ખંડન ( ખડાયતા વાણિઆ બ્રાહ્મણ માટેનું એક ખડાયતા તરફનું ઇનામ. | ૧૦ |
| ૧૯૦૦ | (૧) | ગુજરાતમાં મરણ પાછળ શોક પાળવાના જુદા જુદા રિવાજો, તેથી થતાં માઠાં પરિણામ અને તે દૂર કરવાને લેવા જોગ ઉપાયો. | ૭૫ |

ઉપરનાં ભાષણો કરવામાં હિંદુ–વાણીઆ, બ્રાહ્મણ, જૈન, પારસી, ક્રિશ્ચિયન, વગેરે વર્ણની સ્ત્રીઓએ હરીફાઈ કરી હતી; તેમજ દર વર્ષના સમારંભ વખતે અમદાવાદની કેળવાએલી સન્નારીઓ તે ભાષણો સાંભળવા માટે મોટી સંખ્યામાં હાજર રહેતી હતી.

સ્ત્રીઓ પાસે ભાષણદ્વારા પોતાના વિચારો સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરાવવાની યોજના આ રીતે ફતેહમંદ થયાથી નિશાળ છોડયા પછી સ્ત્રીઓને પોતાનો અભ્યાસ વધારવાને ઉત્તેજન આપવાનો તથા સ્ત્રી ઉપયોગી જ્ઞાનની સ્ત્રીઓમાં વૃદ્ધિ કરવાના હેતુથી સોસાઇટીએ ચાલુ એટલે સન ૧૯૦૧ ની સાલથી ભાષણ કરાવવાનો ક્રમ બદલી '**સ્ત્રી શિક્ષણ પરીક્ષા**' લેવાનો ક્રમ ઠરાવ્યો છે.×

## સ્ત્રીકેળવણીને ઉત્તેજન આપવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ કરેલી નવીન યોજના.

૧. નિશાળ છોડયા પછી સ્ત્રીઓને પોતાનો અભ્યાસ વધારવાને ઉત્તેજન મળે અને સ્ત્રીઉપયોગી જ્ઞાનની સ્ત્રીઓમાં વૃદ્ધિ થાય એ હેતુથી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ "**સ્ત્રીશિક્ષણ પરીક્ષા**" લેવાની યોજના કરી છે.

૨. એ પરીક્ષા વરસમાં એક વખત નવેમ્બર માસમાં અમદાવાદમાં લેવામાં આવશે. મુકરર દિવસની જાહેરખબર યોગ્ય મુદત પહેલાં આપવામાં આવશે.

૩. પરીક્ષાનાં ધોરણ અને વિષય ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી વખતો વખત ઠરાવશે.

૪. પરીક્ષાનાં હાલ બે ધોરણ ઠરાવવામાં આવ્યાં છેઃ—

**૧ ઉંચું ધોરણ.** **૨ નીચું ધોરણ.**

૫. બન્ને ધોરણોમાં બબ્બે પ્રશ્નપત્રો આપી ગુજરાતી ભાષામાં લેખી પરીક્ષા લેવામાં આવશે.

૬. **૧ લો પત્રઃ**—ભાષા સંબંધી સામાન્ય જ્ઞાન, નીતિજ્ઞાન, તથા મુકરર કરેલાં પુસ્તકોનું જ્ઞાન તપાસવાનો.

**૨ જો પત્રઃ**—મુકરર કરેલાં પુસ્તકોનું જ્ઞાન તપાસવાનો.

૭. સન ૧૯૦૧ ની સાલ માટે નીચેનાં *પુસ્તકો મુકરર કરવામાં આવ્યાં છેઃ—

× વાર્ષિક રીપોર્ટ સન ૧૯૦૧, પૃ. ૨૭.

## ઉંચા ધોરણ માટે.

**૧ લો પત્ર:**—ગૃહવ્યવસ્થા અને આરોગ્યવિદ્યા ( ડૉ. ત્રીભોવન-દાસ મોતીચંદ શાહ કૃત. )

**૨ જો પત્ર:**—૧ અકસ્માત અને તેના તાત્કાલિક ઉપાય. ( ડૉ. ધનજીભાઈ હોરમસજી મહેતા કૃત. )

૨ છોકરાંઓની આરોગ્યતા. ( રા. દોલતરામ કાશીરામ પંડિત કૃત. )

## નીચા ધોરણ માટે.

**૧ લો પત્ર:**—૧ શિક્ષા વચન. ( ગુ. વ. સોસાઇટીએ છપાવેલી. )

૨ આરોગ્યતા અને સ્વચ્છતા. ( ડૉ ત્રીભોવનદાસ મોતીચંદ શાહ કૃત. )

**૨ જો પત્ર:**—૧ અકસ્માત વખતે મદદ અને ઇલાજ ( ડૉ. નીલ-કંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ કૃત. )

૨ માંદાની માવજત ( ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ કૃત. )

૮. શાળાઓમાં શિખવતી સ્ત્રીશિક્ષક, ફીમેલ ટ્રેનીંગ કૉલેજમાં શિક્ષક થવા માટે ભણનારી સ્ત્રીઓ, અને પરીક્ષા પહેલાં એક વરસ અગાઉ શાળા છોડી હોય તેવી કન્યાઓ અથવા સ્ત્રીઓ તથા શાળામાં નહિ જનારી કે નહિ ગએલી હરકોઈ સ્ત્રીને આ પરીક્ષાઓમાં દાખલ કરવામાં આવશે.

૯. નીચા ધોરણમાં પાસ થયા વગર ઉંચા ધોરણની પરીક્ષામાં દાખલ કરવામાં આવશે નહિ. ( આ નિયમ ૧૯૦૧ ના વર્ષ માટે લાગુ નથી. )

૧૦. પરીક્ષાના દિવસ પહેલાં નિદાન ૧૫ દિવસ અગાઉ પરીક્ષા આપવા આવનાર ઉમેદવારે નીચેની હકીકત તથા સર્ટીફીકેટ સોસાઇટીના સેક્રેટરીને મોકલવાં:—

૧. પોતાનું નામ, બાપનું નામ તથા ( પરણી હોય તો ) ધણીનું નામ.

૨. જાત.

૩. ઉમર.

૪. કયા ગામથી પરીક્ષા આપવા આપવાનું છે.

૫. કયા ધોરણમાં પરીક્ષા આપવાની છે. ( ઉંચા ધોરણમાં આપવાની હોય તો ) નીચું ધોરણ કઇ સાલમાં પાસ કર્યું છે.

૬. શાળા ક્યારે છોડી છે, અથવા કઈ સ્કૂલમાં શિક્ષક છે.

૭. અંગ્રેજી અભ્યાસ કર્યો છે કે નહિ, ને કર્યો છે તો કેટલો.

૮. ઉપરની માહિતી સાથે પોતાના બાપ કે વાલીનું સર્ટીફીકેટ એવી મતલબનું કે ઉમેદવારે વરસ પહેલાં શાળા છોડી છે અથવા જતી કે ગઇ નથી; તથા તે પરીક્ષા આપે તેમાં તેમની સંમતિ છે.

( બાપ કે વાલી ન હોય તો કોઈ પ્રતિષ્ઠિત ગૃહસ્થનું સર્ટીફીકેટ મોકલવું. )

૧૧. પરીક્ષામાં પાસ થનાર સર્વને સર્ટીફીકેટ આપવામાં આવશે; તથા પાસ થયાના અનુક્રમ પ્રમાણે તેમનાં નામ "બુદ્ધિપ્રકાશ" માં પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૨. અંગ્રેજી ચોથા ધોરણ ઉપરાંત અભ્યાસ નહિ કર્યો હોય તેવી જે સ્ત્રીઓ ઉંચે નંબરે પાસ થશે તેમને માટે નીચે પ્રમાણે ઈનામો ઠરાવવામાં આવ્યાં છેઃ—

| ઉંચા ધોરણ માટે. | | નીચા ધોરણ માટે. | |
|---|---|---|---|
| ૧ લું. | રૂ. ૩૦ નું. | ૧ લું. | રૂ. ૨૫ નું. |
| ૨ જું. | રૂ. ૨૫ નું. | ૨ જું | રૂ. ૨૦ નું. |
| ૩ જું. | રૂ. ૨૦ નું. | ૩ થી ૬ સુધી દરેક | રૂ. ૧૫ નું. |
| ૪ થું. | રૂ. ૧૫ નું. | ૭ થી ૧૨ સુધી દરેક | રૂ. ૧૦ નું. |
| ૫ મું. | રૂ. ૧૦ નું. | ૧૩ થી ૧૯ સુધી દરેક | રૂ. ૫ નું. |
| ૫ | ૧૦૦ | ૧૯ | ૧૦૦ |

૧૩. પરીક્ષા વખતે પરીક્ષા લેવાના હૉલમાં બનતાં સુધી ફક્ત સ્ત્રીઓજ રહેશે, પુરૂષો હાજર રહેશે નહિ.

**લાલશંકર ઉમીઆશંકર.**

**ઑનરરી સેક્રેટરી, ગુ૦ વ૦ સોસાઇટી—અમદાવાદ**

## પરિશિષ્ટ ૭.

### ખાડિયા રણછોડલાલ છોટાલાલ કન્યાશાળા ઉઘાડવાની ક્રિયા.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીની મેનેજીંગ કમિટીએ ઠરાવ કર્યા મુજબ ખાડીઆ રણછોડલાલ છોટાલાલ કન્યાશાળા ખુલ્લી મૂકવાની ક્રિયા કરવા સારૂ, રાવબહાદુર લાલશંકર ઉમીયાશંકર તથા રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, કન્યાશાળાની વ્યવસ્થાપક મંડળીના સેક્રેટરી સાહેબોની સહીથી આમંત્રણ કરીને, સન ૧૮૯૨ ના સપ્ટેમ્બર માસની તા. ૧ લીએ સવારના આઠ કલાકે, કન્યાશાળાના ઉપયોગ માટે હાલ તરત માલીકે વગર ભાડે આપેલા શેઠ જેઠાભાઇના ડહેલાના વિશાળ મેડા ઉપર, ખાડિયા જીલ્લાના ગૃહસ્થોની સભા ભરવામાં આવી હતી. મેડાને આગલે પાસે આમંત્રેલા ગૃહસ્થો સારૂ દેશી રીત પ્રમાણે ગાદીતકિયાની બેઠક રાખવામાં આવી હતી, અને તેની સામે પાસે દાખલ થયલી છોડીઓ જેની સંખ્યા અત્યારથી ૧૦૦ ઉપર થઈ હતી, તેમને કન્યાશાળાનાં મુખ્ય સ્ત્રીશિક્ષકની દેખરેખ નીચે બેસાડી હતી. સભાનો સમય થતાં સભાજનોથી મેડો ભરાઇ ગયો હતો.

રા. બ. લાલશંકર ઉમયાશંકરની દરખાસ્ત અને રા. રા. કેશવલાલ મોતીલાલની અનુમતિ ઉપરથી રાવબહાદુર હરિલાલ અંબાશંકર પ્રમુખસ્થાને બિરાજ્યા હતા.

રાવબહાદુર લાલશંકર ઉમયાશંકરે પ્રથમ ઉઠીને ઘણું અસરકારક અને લાંબું ભાષણ કર્યું અને પોતાના ભાષણ દરમિયાન જણાવ્યું કે તેમને પોતાને તથા ખાડિયાના બીજા કેટલાક ગૃહસ્થોને તે લત્તામાં એક કન્યાશાળાની અગત્ય જણાયાથી, તેમણે એ વિચાર ઓનરેબલ રાવબહાદુર રણછોડલાલ છોટાલાલને જણાવ્યો. તે ઉપરથી તેઓ સાહેબે એ વાત તરત ઉપાડી લઇ, ખાડિયામાં એક કન્યાશાળા સ્થાપવા સારૂ રૂ. ૧૨૦૦૦ ની રકમ પોતાના તરફથી આપવાની ખાયેશ દર્શાવી, એ ફંડ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને સ્વાધીન કીધું.ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ, ફંડની શરત પ્રમાણે કન્યાશાળાની વ્યવસ્થા માટે એક ખાસ વ્યવસ્થાપક મંડળી નીમી, તેમની મારફતે આ કન્યાશાળા ઉઘાડવા સારૂ કીધેલી ગોઠવણ પ્રમાણે આજે આ કન્યાશાળા ખોલવામાં આવે છે. ( કાયમ ફંડના રૂ. ૧૨૦૦૦ ) ઉપરાંત શરૂઆતના ખર્ચ માટે પણ રા. બ. રણછોડલાલે બીજા રૂ. ૩૦૦) આપ્યા છે. ) આ પ્રમાણે કન્યાશાળાની સ્થાપના સંબંધી સઘળી સવિસ્તાર હકીકત કહી

સંભળાવ્યા પછી, રા. બ. લાલશંકરે કન્યાશાળાની અગત્ય વિષે લંબાણથી અને દલીલ સાથે અસરકારક વિવેચન કર્યું; અને તે દરમિયાન જણાવ્યું કે પ્રાચીન કાળમાં સ્ત્રીઓને જે ઉત્તમ કેળવણી મળતી હતી, તે હાલના સમયમાં નાશ પામી છે, અને તેથી કરીને આપણો સ્ત્રી વર્ગ કેટલી હલકી પંક્તિએ આવી પહોંચ્યો છે, અને સ્ત્રી વર્ગના અજ્ઞાનને લીધે આખા દેશની કેટલી ખરાબી થઇ છે ? દેશની ઉન્નતિ થવા માટે ઠામ ઠામ કન્યાશાળા સ્થપાઈ, સ્ત્રી કેળવણી સઘળે સાધારણ થઇ પડવાની જરૂર છે. વિશેષમાં તેમણે એ જણાવ્યું કે સરકાર તરફથી ચાલતી શાળાઓમાં ધર્મ સંબંધી કશું શિક્ષણ આપવામાં આવતું નથી; અને મિશન તરફથી ચાલતી શાળાઓમાં ખ્રિસ્તી ધર્મ શિક્ષણ આપવામાં આવે છે, તે આપણા લોકને અનુકૂળ નથી. એ કારણોને લીધે હાલની કન્યાશાળાઓમાં શીખતી છોડીઓના મન પર રહે એવું કશું ધર્મ સંબંધી શિક્ષણ ન મળવાથી, ગેરલાભ થાય છે. એ અડચણ દૂર કરવા સારૂ આ કન્યાશાળામાં હિંદુ કોમના સર્વ ધર્મને અનુકૂળ આવે એવું ધર્મનું સામાન્ય શિક્ષણ આપવાની ગોઠવણ રાખી છે.

ઉપરની મતલબનું બોલી રાવબહાદુર લાલશંકર બેઠા પછી, રાવ બહાદુર મોતીલાલ ચુનીલાલ ઊઠીને ધર્મ સંબંધી શિક્ષણની અગત્ય વિષે લંબાણથી બોલ્યા. તેમના ભાષણનો ભાવાર્થ એવો હતો કે કન્યાશાળામાં શીખતી છોડીઓને ધર્મ સંબંધી શિક્ષણ આપવાની જરૂર છે; ધર્મ વિષે શિક્ષણ વિના ઘણો અનર્થ થવાનો ભય રહે છે; અને પુરૂષના કરતાં સ્ત્રીમાં ધર્મ તરફ વૃત્તિ વધારે પ્રબળ હોય છે, અને તેથી કન્યાશાળામાં ધર્મ સંબંધી શિક્ષણ આપવાની વિશેષ કરી અગત્ય છે.

ત્યાર પછી રાવબહાદુર નરભેરામ રૂઘનાથદાસે લાંબુ અને અસરકારક ભાષણ કીધું; અને તે દરમિયાન રાવબહાદુર રણછોડલાલે આ કામમાં તથા બીજા કામોમાં જણાવેલી ઉદારતાની યોગ્ય પ્રશંસા કરી, જણાવ્યું કે રાવબહાદુર રણછોડલાલે જે જે કામ પોતાના હાથમાં લીધાં છે, તે તે કામ ઘણી સારી રીતે પાર ઉતાર્યાં છે, અને અમદાવાદ શહેર ઉપર ઘણા મોટા ઉપકાર કર્યા છે. આ શહેરમાં પ્રથમ મિલના સ્થાપનાર અને તેને સારા પાયા ઉપર લાવનાર તેઓજ છે. આથી તેમણે અમદાવાદના સેંકડો માણસને રોજી ખોલી આપી છે, તેમ પોતાના દાખલાથી બીજી મિલો ખૂલવામાં સાધનભૂત અને મદદગાર પણ થયા છે. ત્યાર બાદ તેમણે

લોકના આરોગ્યને ખાતર દવાખાનાં ખોલ્યાં છે, અને તે ઘણા સારા પાયા પર ચાલે છે. આ પ્રમાણે લોકને પ્રથમ રોજી મેળવી આપી અને ત્યાર પછી તેમના આરોગ્યનો બંદોબસ્ત કરી, હવે જાણે તેમના સુખમાં જ્ઞાન-સંપત્તિ વડે વધારો કરવાને, આ કન્યાશાળા સ્થાપી છે. હાલ તો આ કન્યાશાળા નાના પાયા પર છે; તો પણ રાવબહાદુર રણછોડલાલની રીત છે કે જે કામ તેઓ હાથમાં લે છે, તેને પૂરેપૂરા સારા પાયા પર આણ્યા વગર રહેતા નથી, તે પ્રમાણે કન્યાશાળાના સંબંધમાં તેઓ કર્યાં વિના રહેશે નહિ, એમ ખાતરી છે.

ઉપરની મતલબનું બોલીને રાવસાહેબ નરભેરામ બેઠા પછી રાવસાહેબ માધવલાલ હરિલાલ ઊઠીને બોલ્યા, અને તેમણે તેમના ભાષણ દરમિયાનમાં જણાવ્યું કે શાળાઓમાં ધર્મ સંબંધી શિક્ષણ દાખલ કરવામાં સરકારને મુશ્કેલી રહેલી છે. રાજ્ય કરતી પ્રજાનો ધર્મ જૂદો છે, અને તેની સાથે હિંદુસ્તાનના લોકોમાં ધર્મભેદનો સુમાર નથી. એથી કરીને સરકારને ધર્મ સંબંધી શિક્ષણની બાબતમાં અલગ રહેવું પડે છે. સ્ત્રી કેળવણીની અગત્ય વિષે વિવેચન કરતાં, તેમણે જણાવ્યું કે પ્રાચીન સમયના કરતાં આપણા લોક હાલ એ બાબતમાં ઘણા પાછળ પડયા છે. ખરૂં જોતાં પુરૂષના કરતાં સ્ત્રીની સારી કેળવણીની વધારે જરૂર છે. નાનપણમાં બાળકોને ઊછેરવાનું કામ તેમના હાથમાં રહે છે, તેથી જો માતાને સારી કેળવણી મળી હોય છે, તો તેનાં છોકરાં પણ ઘણાં સારાં થાય છે. એ ઉપરથી જણાશે કે પુરૂષો કરતાં સ્ત્રી કેળવાયાથી વધારે લાભ થાય છે. એ બાબત ઉપર એમણે નેપોલિયન બોનાપાર્ટનું દૃષ્ટાંત આપ્યું. નેપોલિયન પોતે એમ કહેતો હતો કે 'મારામાં જે સઘળી હુશિયારી આવી છે તે સઘળો પ્રતાપ મારી માતાનો છે, અને દુનિયામાં મહાપુરુષો થવા માટે પ્રથમ તેમની માતાઓને ઘણું સારૂં જ્ઞાન આપવાની જરૂર છે.'

એ મતલબનું બોલીને રાવસાહેબ માધવલાલ બેઠા પછી પંડિત મૂળરાજ શર્માએ ઊઠીને હિંદીમાં એક ઝટાદાર ભાષણ કર્યું. અને તે દર-મિયાન તેમણે પોતે છેક પંજાબથી ગુજરાત સુધી જોયલી સ્ત્રી વર્ગની વિદ્યાસંપત્તિ સંબંધી પડતી દર્શાવી, પ્રાચીન સમયમાં કેવી કેવી વિદ્વાન સ્ત્રીઓ થઈ ગઈ છે, તે જણાવી દેશની ઉન્નતિ ખાતર સ્ત્રી કેળવણીની અતિશય વૃદ્ધિ થવાની આવશ્યકતા બતાવી; તથા તે તરફ થતા પ્રયત્નની પ્રશંસા કરી.

એ મતલબનું બોલીને પંડિત મૂળરાજ શર્મા બેઠા પછી રા. રા. ભોગીલાલ નાનાલાલ વકીલે સ્ત્રી કેળવણીની અગત્ય વિષે કેટલુંક વિવેચન કીધું.

ત્યારપછી કવિ દલપતરામ ડાહ્યાભાઇએ ઊઠીને, હાલની સ્ત્રી કેળવણીનો આરંભથી ઈતિહાસ કહી સંભળાવ્યો અને તેમાં તેમણે જણાવ્યું કે અમદાવાદમાં, અને ખરૂં કહીએ તો આખા ગુજરાતમાં, પહેલી કન્યાશાળાની સ્થાપના સન ૧૮૪૮ માં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ કરી. આરંભમાં એ કન્યાશાળાનો ખરચ સખાવતે બહાદુર હરકુંવર શેઠાણીએ આપવા માંડયો. પણ પાછળથી એ કન્યાશાળાના નિભાવ માટે એક કાયમ ફંડ સ્થાપન કરી, તેનો સઘળો કારભાર સોસાઇટીના હાથમાંથી લઈ તેને સારૂ નીમેલી એક ખાસ વ્યવસ્થાપક મંડળીને સોંપ્યો. એ કન્યાશાળા પછી રા. બ. શેઠ મગનભાઇએ બીજી કન્યાશાળા સ્થાપી. હાલ બીજી કન્યાશાળા મિશન તરફથી પણ ઊઘડેલી છે. આગળ બોલતાં એ બાબત સંબંધી બીજી હકીકતો એમણે જણાવી, અને સ્ત્રી કેળવણીની અગત્ય વિષે વિવેચન કર્યું.

ઉપરની મતલબનું બોલીને કવિ દલપતરામ બેઠા પછી પ્રોફેસર આબાજી વિષ્ણુ કાથવટે ઊઠીને બોલ્યા; અને તે દરમિયાન તેમણે પ્રાચીન સમય સાથે હાલના સ્ત્રી વર્ગની વિદ્યાસંપત્તિ સંબંધી સ્થિતિ સરખાવી, તેમની તે બાબતમાં થયેલી અધોગતિ વિષે વિવેચન કર્યું, તથા દેશની ઉન્નતિ માટે સ્ત્રીશિક્ષણની આવશ્યકતા દર્શાવી. વળી તેમણે નવીન વાત એ જણાવી કે હાલ ઘરમાંથી છોડીઓને નિશાળે મોકલવાનો રિવાજ ચાલે છે, પણ સ્નુષા એટલે વહુને મોકલવામાં આવતી નથી. છોડી પણ તેને સાસરે ગયા પછી શાળામાં આવતી બંધ થાય છે. કહેવાની મતલબ એ કે સ્ત્રી વર્ગને કેળવણી માટે પુરૂષ કરતાં ઘણો થોડો સમય મળે છે. પરંતુ આ કન્યાશાળામાં બનતાં સુધી સ્ત્રીશિક્ષક જ અને તેડવા જનાર પણ સ્ત્રી રાખવાની ગોઠવણ રાખી છે, તેથી એ રિવાજમાં ફેરફાર થવાની આશા રખાય છે, કારણ કે આવી ગોઠવણથી મોટી ઉમ્મરની સ્ત્રીઓને પણ કન્યાશાળામાં શિક્ષણ માટે આવવાને અડચણ જેવું લાગશે નહિ.

એ મતલબનું બોલીને પ્રોફેસર આબાજી બેઠા પછી, ઓન. રાવબહાદુર રણછોડલાલ છોટાલાલે ઊઠીને, સર્વે ભાષણકર્તાએ કરેલી તેમની ઉદારતાની પ્રશંસાનો યોગ્ય ઉત્તર વાળ્યો, અને સ્ત્રી કેળવણીની અગત્ય વિષે કેટલુંક અસરકારક વિવેચન કર્યું.

એ પછી વૈદ્ય દુર્લભદાસ વિ. શ્યામજી દ્વવે "સુશિક્ષતા" વિષે પોતે રચેલી નીચેની કવિતા ઘણી છટાથી વાંચી સંભળાવી:—

રાગ સોરઠ.

"તેં તો ઘરમાં ઘર કીધું, વાલમ વરણાગિયારે."—એ રાગમાં.

ધન્ય! ધન્ય! કુળ, સુશીળ જ્યાં સંતાન છે રે.—ટેક.
સદાચારની છાપ પ્રથમથી, પડી જાય જો મધુરી મુખથી;
વાણી વદશે શિશુ એ કેવું માન છે રે! ધન્ય! ૧
કોઈ પરાયું ઘરમાં આવે, આવો બેસો કહી રિઝાવે;
માત્ર આર્યના બાળકની એ સાન છે રે ધન્ય! ધન્ય! ૨
વિનય વડે નિજ ધર્મ પ્રમાણી, પાન સોપારી અથવા પાણી;
આણી આપે એ શું ઓછું જ્ઞાન છે રે. ધન્ય! ધન્ય! ૩
યોગ્ય પુસ્તકો પ્રીતે વાંચે, અજબ પ્રશ્ન કરી ઉરમાં રાચે;
મનુજ જન્મના સુખનું સત્ય નિદાન છે રે. ધન્ય! ધન્ય! ૪
રમે જમે કાં હસે મળીને, કલહ ન કરતો લેશ છળીને;
આમ સંપ જ્યાં, સંપતનું ત્યાં સ્થાન છે રે ધન્ય! ધન્ય! ૫
વિવેકમાં જ્યાં બાળ વસે છે, જગપતિ તેને શુભ ફળ દે છે;
બાળ સુલક્ષણ સ્વર્ગામૃતનું પાન છે રે. ધન્ય! ધન્ય! ૬
જે બાળકને જેવી શિક્ષા, કુળાચરણજ પૂર્ણ પરીક્ષા!
નથી નિશાની બીજી એજ નિશાન છે રે. ધન્ય! ધન્ય! ૭
એક હામ દુર્લભના મનમાં, લાગી છે લગની દર્શનમાં;
જે બાળકનાં માતપિતા વિધાન છે રે. ધન્ય! ધન્ય! ૮

ત્યારપછી કન્યાશાળાની છોડીઓએ નવલરામકૃત બાળ ગરબાવળીમાંથી બે મધુર ગીત ગાઈ સંભળાવી સભાનું મન રંજન કર્યું.

ત્યારબાદ રાવબહાદુર લાલશંકરે ઊઠીને કહ્યું કે એક બીજી વિશેષ ખૂશીની વાત મારે જણાવવાની છે, તે એ છે કે રાવબહાદુર રણછોડલાલે આ કન્યાશાળામાં તેમની સ્વજ્ઞાતિની એટલે સાઠોદરા નાગરની સૌથી ઉપર નંબરે પાસ થનાર છોડીને વાર્ષિક રૂ. ૫૦) ની સ્કોલરશિપ આપવાનો તેમનો વિચાર મને જણાવ્યો છે, અને એ સ્કોલરશિપ તેઓ તેમના પૌત્ર રા. રા. ચીનુભાઇની મર્હુમ શ્રી સૌભાગ્યવતી દેવલક્ષ્મીના સ્મરણાર્થે તે નામથી આપવા માગે છે. વળી તેમણે જણાવ્યું કે હાલ વખત ઘણો થઈ ગયો છે, તેથી છોડીઓને ઇનામ આપવા માટે પુસ્તકો મંગાવેલાં છે, તે હાલ ન વહેંચતાં બપોરે વહેંચવાનું રાખીએ છીએ. હાલ માત્ર પતાસાંજ વહેંચાવીએ છીએ.

પતાસાં વહેંચાઈ રહ્યાં, એટલે પ્રેસિડંટ સાહેબે લંબાણ ન કરતાં ટૂંકામાંજ થોડાક યોગ્ય શબ્દો કહી સંભળાવ્યા, અને પાન ગોટા ગુલાબ વગેરેથી સભાજનોનું યોગ્ય સન્માન થયા પછી સભા વિસર્જન કરી.†

---

† જુઓ બુદ્ધિપ્રકાશ, સન ૧૮૯૨, પૃ. ૨૩૩.



સરદાર ભોળાનાથ સારાભાઈ દીવેટીઆ

# પ્રકરણ ૭

## સરદાર ભોળાનાથ સારાભાઈ

" વિદ્યા વૃદ્ધિને માટે તે બહુ કાળજી રાખતા અને એ કામમાં પોતાનાથી બને તેટલી મદદ કરતા. સન ૧૮૪૯ માં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી સ્થપાઈ ત્યારથી તેમણે એના ઉત્કર્ષને માટે ઘણી મહેનત કરેલી છે. એમના જેવી ઉત્સાહી અને વિદ્વાન કામદારની સોસાઇટીને ઘણી ખોટ પડી છે."

[ **બુદ્ધિપ્રકાશ,** સન ૧૮૮૬, જુન, પૃ. ૧૪૧. ]

લગભગ બાવીસ વર્ષની વયે ભોળાનાથભાઈ પ્હેલ પ્રથમ અમદાવાદમાં મુનસફની જગો પર નિમાયા હતા અને તેઓ એ પદવી પર હતા તે દરમિયાન અલેક્ઝાંડર કિન્લોક ફાર્બસની બદલી અમદાવાદમાં આસિસ્ટન્ટ જડજ તરીકે થઈ હતી. ફૉર્બસને ગુજરાતી શિખવાની, ગુજરાતનો ઇતિહાસ, સાહિત્ય અને સંસ્કૃતિ સમજવાની લગની લાગી હતી. તે કાર્યમાં મદદ લેવા રાખેલા બે ત્રણ શિક્ષકો બદલ્યા પણ તેમનાથી એમને સંતોષ મળ્યો નહિ. આખરે ભોળાનાથભાઇને કોઈ સારો વિદ્વાન મેળવી આપવા ફૉર્બસે જણાવ્યું. ભોળાનાથભાઇને કવિ દલપતરામનો સારો પરિચય હતો. ગુજરાતી પિંગળનું જ્ઞાન એમણે તેમની પાસેથી મેળવ્યું હતું. એમણે વઢવાણ ખાસ માણસ મોકલી કવિને અમદાવાદ બોલાવ્યા. તે પછી કવિ અને ફૉર્બસનો ચાંદા સુરજના મહેલમાં મેળાપ થયો તેનું વર્ણન પહેલા વિભાગમાં કરેલું છે. આ પ્રમાણે ગુજરાતને ઉપકારક થનાર બે મહાન્ વિભુતિઓ અને ગુજરાતીના હિતચિંતકોનો સમાગમ કરી આપવાનું માન ભોળાનાથભાઇને છે.

સોસાઇટીની પહેલા વર્ષની કારોબારી કમિટીમાં સર્વ સભ્યો યુરોપિયનો હતા. પછીથી દેશી સભ્યોને લેવામાં આવ્યા તેમાં ભોળાનાથભાઈ અને ઇંગ્રેજી સ્કૂલના હેડમાસ્તર ભોગીલાલભાઈ એ બેજ હતા.

સોસાઇટી સાથેનો ભોળાનાથભાઇનો સંબંધ આ પ્રમાણે છેક તેની સ્થાપના કાળથી શરૂ થાય છે અને તે એમના અવસાનપર્યંત ચાલુ રહ્યો હતો. તે સંબંધ માત્ર નામપુરતો, ઉપલક ન હતો પણ તેના કામકાજમાં તેઓ ઉમંગભર ભાગ લેતા. વળી તે સમયમાં કાર્યકર્તાઓ પણ થોડા એટલે સંસ્થાને અંગે અથવા જાહેર પ્રવૃત્તિને અંગે કામ કરવાનું પણ

પુષ્કળ આવતું હતું. સોસાઇટી તરફથી નવા નિબંધો અને પુસ્તકો લખાવવામાં આવતાં તે તૈયાર થઈ આવ્યા બાદ કમિટીના સભાસદોમાં સામાન્ય રીતે અભિપ્રાય સારૂ મોકલી અપાતાં; અને ઉત્તેજન માટે પુસ્તકો આવતાં તેની વ્યવસ્થા પણ એજ પ્રમાણે કરવામાં આવતી. ભોળાનાથભાઈ પાસે જે પુસ્તકો જતાં તે વિષે તેઓ ચોકસાઇથી અને કાળજીપૂર્વક શેરા કરતા. આ પ્રમાણે અભિપ્રાયવાળા ઘણા કાગળો સોસાઈટીના દફતરમાં છે અને તેમાંના એનો ઉપયોગ વેણી સંહારના ભાષાંતર વિષે અને પ્રાચીન હાથપ્રતોની ખરીદીના સંબંધમાં પ્રકરણ ૨ અને ૫ માં કર્યો છે.×

સન ૧૮૭૪ માં નોકરીમાંથી નિવૃત્ત થઈ અમદાવાદમાં આવી રહ્યા બાદ એમનો ઘણોખરો સમય નવી સ્થાપેલી પ્રાર્થના સમાજના કામકાજમાં વ્યતિત થતો. તોપણ એમની આસપાસ આગેવાન અને સંસ્કારી કાર્યકર્તાઓ અને વિદ્વાનોનું મંડળ જામેલું રહેતું;† અને એ કાળે જનસુધારણાની, કેળવણીની, સાહિત્યની કે ધર્મ વિષયક જે કોઈ હિલચાલ કે પ્રવૃત્તિ ઉપસ્થિત થતી, તેમાં ભોળાનાથભાઇનો હાથ હોય, હોય ને હોયજ; વળી મહીપતરામભાઇએ પરદેશગમન કર્યું, ત્યારે ભોળાનાથેએમની પડખે ઉભા રહીને એમને આશ્વાસન અને ઉત્તેજન આપ્યું હતું. પ્રાર્થના સમાજના તેઓ ડાબા જમણા અંગ રૂપ હતા અને એમનું એ તાદાત્મ્ય સોસાઇટીના કામકાજમાં પણ નજરે પડતું. મહીપતરામ સોસાઇટીના ઑન. સેક્રેટરી હતા અને એમના તે કાર્યમાં ભોળાનાથભાઈ બહુ મદદગાર થતા. એમના એ મમત્વને લઇને ભોળાનાથભાઈના સુપુત્રો પણ સોસાઇટીની કોઇને કોઈ રીતે સેવા કરવા ઉત્સુક રહેતા. એમના જ્યેષ્ઠ પુત્ર બાબારાવ વિદ્યાભ્યાસક મંડળીના મંત્રી હતા અને એમની એ મંડળીની ઉત્તમ સેવા બદલ તેઓ મુંબાઈ જતાં તેમને એક માનપત્ર આપવામાં આવ્યું હતું, એ હકીકત પહેલા વિભાગમાં નોંધાયલી છે.* બીજા પ્રકરણમાં સોસાઈટી તરફથી પ્રસિદ્ધ થયલાં પુસ્તકોની સમાલોચના કરતાં આપણે જોયું હતું કે એમના ત્રીજા પુત્ર ભીમરાવે કોલા રચિત "How to develop the resources of India" નો ગુજરાતીમાં તરજુમો કરી આપવા ખુશી દર્શાવી હતી અને કૃષ્ણરાવે બંગાળી પરથી નારી શિક્ષા ભા. ૧ અને ભા. ૨ લખી આપ્યા હતાં, તેનો ઉલ્લેખ પૂર્વે થઈ ગયો છે.

× જુઓ ગુ. વ. સોસાઇટીનો ઇતિહાસ, વિભાગ ૨, પૃ. ૫૦ અને પૃ.

† જુઓ સ્મરણ મુકુર, પ્રકરણ ૨.

* ગુ. વ. સોસાઇટીનો ઇતિહાસ, વિભાગ ૧, પૃ. ૧૩૯.



કૃષ્ણરાવ ભોળાનાથ દીવેટીઆ



રા. બ. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ

'ભ્રાંતિ સંહાર' નામનું એક નાટક પણ તેમણે જ લખી આપ્યું હતું; અને વધુમાં તેઓ મેનેજીંગ કમિટીના સભ્ય પણ હતા. બીજા પુત્ર આપારાવનું સત્તાવીસમા વર્ષે અકાળે અને દુઃખદ મૃત્યુ થતાં ભોળાનાથભાઇએ તેમના નામની એક લાઇબ્રેરી સ્થાપવા રૂ. ૧૦૦૦૦) આપ્યા હતા અને તે ફંડ હાલમાં સોસાઈટી હસ્તક છે. આપણા અગ્રગણ્ય વિદ્વાન શ્રીયુત નરસિંહરાવ તો એમની વિદ્યાર્થી અવસ્થા પૂરી થઈ નહોતી તે પહેલાંથી બુદ્ધિપ્રકાશમાં લેખો લખી મોકલતા; અને તેની સાથે કોઇ કોઇ કાર્યને અંગે કમિટીને સૂચના પણ કરતા હતા. એમણે જોડણી વિષે પ્રથમ લેખ લખેલો તે બુદ્ધિપ્રકાશના વધારા તરીકે વહેંચાયો હતો; અને "મેઘદૂત" પરનું એમનું અવલોકન પણ એવી રીતે વધારા તરીકે છપાયું હતું. "જોડણી" વિષેનો લેખ એમણે કમિટીને અભિપ્રાય માટે મોકલેલો, તે પરથી ચર્ચા થઇને સોસાઇટીએ ગુજરાતી શબ્દ સંગ્રહ પ્રથમ પ્રગટ કરવાનો નિર્ણય કર્યો હતો. "સ્મરણ મુકુર"માં એ સમયનું એક સુખદ સ્મરણ નરસિંહરાવભાઇએ નીચે પ્રમાણે નોંધ્યું છેઃ

"પહેલો પ્રસંગઃ—ઈ. સ. ૧૮૮૨ માં ભીમરાવના મેઘદૂત ઉપર અવલોકન 'બુદ્ધિપ્રકાશ' માં પ્રગટ કરવાના ઉદ્દેશથી હું મહીપતરામને હેમની ઑફિસની રૂમમાં મળ્યોઃ મ્હારો લેખ હેમના હાથમાં આપ્યો. આરમ્ભમાં ઘણાંએક પાનાં ધ્યાન દઇને એ વાંચી ગયા; શો ઉત્તર મળશે તે માટે મ્હારૂં હૃદય ધડકતું હતું; "હાવાંજ લખાણો હમારે જોઇયે છિયે," એમ ઉત્સાહથી બોલીને પોતાનો અસાધારણ આનન્દ એઓએ જણાવ્યો; અવલોકન સ્વીકાર્યું, વિશેષ લંબાણવાળું હોવાથી 'બુદ્ધિપ્રકાશ' ના વધારા તરીકે કકડે કકડે પ્રગટ કરવાની યોજના પસંદ કરી અને આ લખાણના બદલામાં વર્નાક્યુલર સોસાઇટીનો મ્હને લાઇફ મેમ્બર બનાવ્યો."+

અને વધારે ખુશી થવા જેવું એ છે કે ભોળાનાથભાઈના દૌહિત્રી લેડી વિદ્યાબ્હેન સોસાઈટીનાં અત્યારે ઑનરરી સેક્રેટરી છે. આમ ભોળાનાથભાઇ અને એમના કુટુંબીજનોનો સોસાઇટી સાથેનો સંબંધ આરંભથી આજ દિન સુધી એકસરખો સચવાઈ રહ્યો છે, એ બનાવ જેમ લાગણીભર્યો તેમ ગૌરવવાળો છે.

ભોળાનાથભાઇનો જન્મ સન ૧૮૨૨ માં વડોદરામાં લીમડા પોળ જે પોળ હરગોવિંદદાસ કાંટાવાળા અને 'સાહિત્યકાર'ના દીર્ઘ વસવાટથી સાહિત્યરસિકોને સુપરિચિત છે તેમાં થયો હતો. એમના પિતા સારાભાઈ

+ સ્મરણ મુકુર પૃ. ૪૪–૪૫.

દફતરદારના ઓદ્ધે હતા. ભોળાનાથભાઈ એમના એકના એક પુત્ર અને તે વળી લાડકવાયા; તેમ છતાં તેમને શિક્ષણ આપવામાં સારાભાઈ ખાસ કાળજી લેતા, ફારસી ભાષાનું જ્ઞાન તો પોતેજ તેમને આપ્યું હતું. પ્રથમ તેમને ન્યાય ખાતામાં નોકરી મળી હતી. પછી મુન્સીફની પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં તેઓ શરૂઆતમાં કહ્યું છે તેમ, મુન્સીફની જગો પર નિમાયા, અને ત્યાંથી વધતે વધતે સદર અમીન પ્રિન્સિપાલ સદર અમીન અને ફર્સ્ટ ક્લાસ સબ જડજની પદવી સુધી પહોંચ્યા હતા. નોકરી દરમિયાન એમની કાબેલિયત, ન્યાયનિપુણતા અને પ્રમાણિકતાથી પ્રસન્ન થઇ સરકારે એમને રાવબહાદુરનો ઇલ્કાબ બક્ષ્યો હતો એટલુંજ નહિ પણ બીજા વર્ગના સરદાર નીમીને અને એક ગામ ઇનામમાં આપીને એમની ઉત્તમ સેવાની ખાસ કદર કરી હતી.

આ તો એમની અંગત નોકરીના કાર્યની આપણે નોંધ કરી. સંસાર સુધારા પરત્વેનું એમનું કાર્ય પણ એવું વખાણવા લાયક માલુમ પડે છે.

વિધવા વિવાહ વિષે એમના વિચાર કેટલા દિલસોજ અને ઉદાત્ત હતા એનો એક દાખલો છેક સન ૧૮૪૯ ની સાલનો એમની ડાયરીમાં લખેલો મળી આવે છેઃ

" ૨૪ નવેમ્બર ૧૮૪૯ ને દિવસે કોઈ વિધવાનું તુરત જન્મેલું બાળક કોઇને હાથ લાગ્યાની ખબર જાણ્યાથી એમણે નીચે પ્રમાણે ટીકા લખી છેઃ—

It seems some widow has committed this cruel act for fear of Caste-people. God Almighty may move the Caste-people to allow widows to remarry if they please. "×

બાળલગ્નનો ચાલ તે સમયે સર્વત્ર પ્રચલિત હતો અને તેમાં આબરૂ મનાતી; પણ ભોળાનાથભાઇએ એ ચાલમાંનાં અનિષ્ટ તત્વો નિહાળીને એમના પુત્રો અને પુત્રીનાં લગ્નની વયનું પ્રમાણ પ્રતિદિન વધારતા રહ્યા હતા; અને મહીપતરામને પરદેશ ગમન કર્યા બદલ જે સતામણી જ્ઞાતિ તરફથી થઈ હતી તે વિકટ પ્રસંગે એમની કુમકમાં રહીને ભોળાનાથભાઇએ એક મિત્ર તરીકે એક સુંદર કૃત્ય કર્યું હતું; અને એ વિષયને ચર્ચતો " નાગરમિત્ર " નામક એક નિબંધ રચીને માંહોમાંહે કુસંપ નહિ કરવા અને પક્ષ નહિ બાંધવા તેમાં જ્ઞાતિબંધુઓને વિનંતિ કરતાં લખ્યું હતું કે:—

× ભોળાનાથ સારાભાઇ જીવનચરિત, પૃ. ૭૬.

"દેવલ ઋષિયે નિષિદ્ધ કરેલા દેશમાં જવાની સેંકડો વર્ષથી રૂઢી પડી ગઇ છે. માટે ધર્મ, ન્યાય અને રૂઢી પ્રમાણે ઇગ્લાંડ જનાર પ્રાયશ્ચિત્ત કરે તો પણ જાતિભ્રષ્ટ થતો નથી. લોકોનું કેવું અજ્ઞાન તથા અવિચારપણું છે. સ્મૃતિનિષિદ્ધ બીજા દેશમાં જનાર દૂષિત ન થાય અને માત્ર ઇગ્લાંડને માથેજ બધું પાપ ઢોળી પાડ્યું છે. જો ઇગ્લાંડ જનાર જાતિભ્રષ્ટ થાય તો સિંધ આદિ નિષિદ્ધ દેશમાં જનાર પણ જરૂર જાતિભ્રષ્ટ થાય અને તે પુનઃસંસ્કાર કીધા વીના ન્યાતમાં આવી શકે નહી. પણ ઘણી દીલગીરીની વાત છે કે આ વિવેક નાગરોમાં નીતિમાન મનુષ્યો પણ ભૂલી ગયા છે."

એક બીજા સ્થળમાંથી ઉતારો લઇયેઃ—

"હે નાગર મિત્રો, કુસંપથી કલેશ વધે છે, કલેશ વધવાથી બુદ્ધિભ્રંશ થાય છે. બુદ્ધિભ્રંશ થવાથી મોહોટો વિનાશ થાય છે.

"હે નાગર મિત્રો, તમે પોતાની હાનિ પોતાને હાથે શા વાસ્તે કરો છો? જેઓની સાથે કાંઇ સ્નેહ સગપણ નથી, જેઓની સાથે કન્યા વ્યવહાર નથી, જેઓ તમારા શુભેચ્છુ તથા સુખદુઃખના ભાગી નથી, તેઓની સાથે સંબંધ રાખી રહ્યા છો અને સગાં સંબંધીનો ત્યાગ કરો છો.

"હે નાગર મિત્રો, હજુ વિચાર કરવાનો સમય છે. ગયેલો સમય કદી હાથ આવવાનો નથી. હે પ્રિયમિત્રો, ભાઇઓ, તથા સ્નેહીયો ઇશ્વિર ન કરે ને જો આ કલેશરૂપી વૃક્ષનું મૂલ મોટું થયું તો તેની ડાલીઓ વંશપરંપરા વૃદ્ધી પામી પરિણામે સ્નેહપાશ છૂટી જશે. માટે એ નાશકારક પરિણામનો અટકાવ કરવાનો સુજ્ઞ તથા વિવેકી જનોએ ઘણો ઉતાવલેથી વિચાર કરવો ઘટે છે."*

સરકારી બુક કમિટીના એક સભાસદ તરીકે અને સોસાઇટીની કારોબારી કમિટીના એક સભાસદ તરીકે ચાલુ સાહિત્ય પ્રકાશનો અવલોકવાનું એમને પ્રાપ્ત થતું, અને તે પુસ્તકોપર તેઓ સ્વતંત્રપણે અને નિડરતાથી પોતાના વિચારો દર્શાવતા હતા.

પરંતુ એમના જીવનનું મહત્ અને ઉજ્જવળ કાર્ય તે પ્રાર્થના સમાજની સ્થાપનાનું છે. કિશોરાવસ્થામાં તેઓ માતા અને મહાદેવના ચુસ્ત અને શ્રદ્ધાળુ ભક્ત હતા પણ પાછળથી એમના વિચારમાં અને આચા-

* જુઓ ભોળાનાથ સારાભાઇ જીવન ચરિત પૃ. ૧૦૬.

રમાં એવું પરિવર્તન થવા પામ્યું કે મૂર્તિપૂજા છોડી દઇને નિરાકાર પરમાત્માની ઉપાસના તેઓ કરવા લાગ્યા; અને તેના અંગે અપૂર્વ અને પ્રેરક એવું સુંદર પ્રાર્થનાનું સાહિત્ય ગુજરાતીમાં એમણે રચ્યું. એમની "ઇશ્વિર પ્રાર્થનામાળા" તો જેમને ધર્મમાં કંઇક પણ શ્રદ્ધા છે તેમને આશા અને પ્રેરણાનો એક જીવંત ઝરો માલુમ પડશે. એમનાં એ પદો અને પ્રાર્થનાઓ વાંચતાં કે ગાતાં આપણે કંઇક અનેરૂં સુખ અને આનંદ, શાન્તિ અને આશ્વાસન અનુભવીએ છીએ; અને એટલો સમય આપણે જાણે કે પૃથ્વી પરથી દૂર થઇને કોઇ દિવ્ય ધામમાં વિચરતા હોઇએ અને ત્યાંનું પવિત્ર અને આહ્લાદક વાતાવરણ, અંતરનું બળ, પ્રેરણા અને પ્રોત્સાહન અર્પતું હોય, એવી લાગણી ઉદ્દભવે છે. એમની અન્ય સેવાઓ કદાચ વિસરાય પણ આ એમનું ધાર્મિક સાહિત્ય એમનું નામ સદા અમર રાખશે. અને એમના ચરિત્રકારના શબ્દોમાં કહીશું કે,

"જ્યાં સુધી મધુર ગુર્જર ભાષા જીવંત રહેશે ત્યાં સુધી પ્રાર્થના સમાજના સ્થાપક, પ્રવર્તક, પ્રચાલક અને તેને મનઃશક્તિ સમર્પણ કરતાં અદ્દભુત કવિતાના ઉત્પાદક ભોળાનાથ સારાભાઇનાં શુદ્ધ, પ્રૌઢ મધુરવાણીમાં આવિર્ભાવ પામેલાં, ગંભીર અર્થ વિચારથી ગર્ભિત કાવ્યો લોકપ્રિય રહી લોકોના આનંદમાં, સુખમાં, આશ્વાસનમાં વૃદ્ધિ કરતાં રહેશે."+

પાછલી અવસ્થામાં એમની બધી વૃત્તિ પ્રભુપરાયણ બની ગઈ હતી અને સંત તેમજ ભક્ત પુરુષોના સમાગમથી એમને કંઇક અજબ પ્રોત્સાહન પ્રાપ્ત થતું હતું. એમની કસોટી થતી ન હોય એમ પ્રૌઢાવસ્થામાં સાંસારિક દુઃખો એમના પર એક પછી એક સામટાં આવી પડયાં હતાં. તેમ છતાં પ્રભુમાં પૂર્ણ આસ્થા વડે તેઓએ મનની સમતા રાખી એ ઘાની વેદના ધૈર્યથી સહન કરી હતી અને એક પ્રસંગે મિત્રને કહ્યું હતું, કે,

"આ દુનિયાંમાં માણસની સ્થિતિ રણભૂમિમાં ચાલનાર યોદ્ધાના જેવી છે; આમથી તેમથી અનેક ગોળીઓનો પ્રહાર શરીર ઉપર પડયે જાય છે, પણ યોદ્ધો તે તરફ લક્ષ ના આપતાં એક સીધે રસ્તે છેવટના લક્ષ્ય તરફ દૃઢ પગલે ચાલ્યો જાય છે. સંસારનાં દુઃખોમાં માણસે પણ તેમજ કરવાનું છે."*

---

+ ભોળાનાથ ચરિત્ર, પૃ. ૧૯૯

* + ભોળાનાથ ચરિત્ર, પૃ. ૧૪૨

એમનું અવસાન પણ એક પ્રભુભક્તને ઉચિત એવું એમને પ્રિય સત્યાનંદ અગ્નિહોત્રી કૃત "સંગીત પુષ્પાંજલિ" માંનું નીચેનું પદ, જીવનને બોધતું, સાંભળતાં સાંભળતાં થયું હતું:

"हरि नाम भजनका बेला है ।
मन करत वृथा अवहेला है ॥१॥
जग दो दिनका यह मेला है ।
फिर करना कूच अकेला है ॥२॥
क्यौं बिरथा कलेश अनेक सहै ।
जग तृष्णा पावक मांहि दहै ॥३॥

એ દુઃખદ સમાચારની જાણ થતાંજ સોસાઇટીની મેનેજીંગ કમિટીની સભા બોલાવવામાં આવી હતી; તેમાં એમના અવસાન વિષે નીચે મુજબ નોંધ લેવાઇ હતી; તેમ તા. ૧૭ મી ઓગષ્ટ ૧૮૮૬ ના રોજ વાર્ષિક સામાન્ય સભા મળી હતી તેમાં પણ એ શોકકારક બનાવનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

"આ સોસાઇટીના લાઇફ મેમ્બર અને વ્યવસ્થાપક મંડળીના સભાસદ રા. બા. ભોળાનાથ સારાભાઇના પરલોકવાસ થવાની ખબર સાંભળી કમિટી અત્યંત દિલગીર થાય છે. ગુજરાતી ભાષા સુધારવામાં, ગુજરાતી પુસ્તકોની વૃદ્ધિ કરવામાં અને સોસાઇટીનો હેતુ પાર પાડવામાં તેઓ ખરા અંતઃકરણથી અને હોંસથી પ્રયત્ન કરતા હતા. ગુજરાતી, સંસ્કૃત તથા ફારસી ભાષામાં તેમની કુશળતાને લીધે તેમનાથી સોસાઇટીના કામને ઘણી મદદ મળેલી છે. તેમના પરલોકવાસથી સોસાઇટીને મોટી ખોટ પડી છે.×

વળી એમના મિત્રો અને સ્નેહીઓ, જેઓ એમના ગુણો અને સેવાકાર્યોથી પરિચિત હતા એમના તરફથી એમનું યોગ્ય સ્મારક ઉભું કરવા પ્રયત્ન થતાં ભોળાનાથ સ્મારક ફંડમાં રૂ. ૭૨૪૫/ તુરત ભરાઈ ગયા હતા.†

પછીથી આપણે અહિં સ્ત્રી ઉપયોગી સંસ્થા સ્થાપવા નેશનલ ઇન્ડિયન એસોસિએશનની સ્ફુરણાથી પ્રયાસ થવા માંડ્યો ત્યારે ભોળાનાથ-

× મેનેજીંગ કમિટીનું પ્રોસિડિંગ્સ, તા. ૨૬ મી મે ૧૮૮૬.
† બુદ્ધિપ્રકાશ, સન ૧૮૮૬, પૃ. ૨૬૪.

ભાઈ સ્મારક ફંડના મંત્રીઓએ તે સંસ્થા સાથે સ્વર્ગસ્થનું નામ જોડવાની સરતે સદરહુ ફંડની રકમ સ્ત્રી ઉપયોગી સંસ્થાનું મકાન બાંધવામાં આપી દેવા સંમત થયા હતા. એ સંસ્થા તે 'ભોળાનાથ સારાભાઈ લિટરરી ઇન્સ્ટીટ્યુટ ફૉર વિમેન'ના નામથી અમદાવાદમાં જાણીતી છે; એટલુંજ નહિ પણ તે સ્ત્રી જીવન અને સ્ત્રી પ્રવૃત્તિનું એક મુખ્ય અને મહત્વનું કેન્દ્ર થઈ પડ્યું છે; અને તેની જોડી ગુજરાતમાં નથી. બીજું તેમાં મગરૂરી પામવા જેવું એ છે કે એ સંસ્થાના પ્રમુખ, હમણાં, સ્વર્ગસ્થના દૌહિત્રી લેડી વિદ્યાબ્હેન છે.

અંતમાં સદરહુ સંસ્થા તા. ૧૫-૨-૧૮૯૬ ના રોજ મુંબાઈના ગવર્નર લૉર્ડ સેન્ડહર્સ્ટના હસ્તે ખુલ્લી મુકાઈ તે વખતે સ્વર્ગસ્થની સાથે શરૂઆતથી નિકટ સંબંધ ધરાવનાર કવિ દલપતરામે જે કવિતા ગાઇ સંભળાવેલી તે આપવી પ્રસંગોચિત થઈ પડશેઃ

દોહરો.

"વનિતાઓ વિદ્યા ભણે, સમજે તેનો સાર;
ઉપજે પ્રજા પ્રવીણતો, સુધરે આ સંસાર." ૧

હરિગીત છંદ.

સંસારની સ્થિતિ સુધરવાને. નારિ સારિ સુધારવી,
તે સુધરવા સ્ત્રી જાતિમાં, વિદ્યા વિશેષ વધારવી;
એવાજ શુભ ઉપયોગ માટે, ધર્મનું આ ધામ છે,
ભડભાઇ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૨

પુસ્તકતણો સંગ્રહ તથા, શુભ વસ્તુનો સંગ્રહ થશે,
વનિતા વિવેકી વાંચશે, અજ્ઞાનતા તેથી જશે;
આ દેશની ઉન્નતિ થવાનું, એહ ઉત્તમ કામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૩

સુખ કલ્પવૃક્ષ ઉછેરવાને, પ્રથમ આ ક્યારો કર્યો,
શુભ સેંહર્સ્ટ ગવર્નરે, નિજ કર વડે અંકુર ધર્યો;
વધિ વૃક્ષ તે મોટો થશે, ગુણ લક્ષનો વિશ્રામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૪

ગુણવંતિ પુરૂં જ્ઞાન પામે, બાળકો તેવાં બને,
શિશુપણથી પામે સદ્‌ગુણો, રહિ રોજ નિજ માતા કને;
ઉત્તમ અધમ તે અવની સરખો, પાકનો પરિણામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૫

જેવાં સુતરૂ તેવાં ફળો, દુનિયાની અંદર દેખીએ,
જેવી નદી તેવાંજ મત્સો, લક્ષ ધરિને લેખીએ;
જેવી સુવનિતા તનુજ તેવા, નિયમ ઈશ્વરી આમ છે,
ભડભાઇ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૬

હીરા મણી માણુક તણી, આતો અનૂપમ ખાણુ છે,
ચિંતામણિ કે કામધેનું, પુર્ણ તેહ પ્રમાણુ છે;
વિદ્યા સ્વરૂપી વેલડી, તેમાંજ વસ્તુ તમામ છે,
ભડભાઇ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૭

શુભ સ્વર્ગ વાસ કર્યો ભલો, કહું ભાઈ તે કેવા હતા,
વિદ્યાની વૃદ્ધિ દેખીને દિલ રાજી રાજી તે થતા;
જેનાં રચેલાં પુસ્તકો, વંચાય ગામો ગામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૮

શ્રી જ્ઞાનશાળા આ વિશાળા, જશ ભરી થઇ જામજો,
પ્રભુને પ્રતાપે અતિ અમાપે, જ્ઞાન ગોરી પામજો;
ગુણુ છે ઘણા જીવતા રહોજી, રાજી દલપતરામ છે,
ભડભાઈ ભોળાનાથનું, આ ઠામ નિશ્ચળ નામ છે. ૯

દોહરો.

"રૂડું શ્રી મહારાણિનું, રહો અચળ આ રાજ;
રચાય જેના રાજ્યમાં, આવાં ઉત્તમ કાજ."*

---

* બુદ્ધિપ્રકાશ, સન ૧૮૯૬, પૃ. ૨૩૫-૨૨૬.

# પ્રકરણ ૮

## વધુ નવાં પુસ્તકો.

### ( સન ૧૮૯૨ થી ૧૯૦૮. )

" The book, as was said in antiquity is a river of wisdom, quenching the thirst of the world, the book, whose issuing was only recently expected with a tremor of joy and whose edition was guarded with care. The sacred zeal of biblophiles is not fanaticism nor superstition; no, it impresses one of the most precious strivings of humanity which unites beauty and knowledge. Just now the hour strikes to care for the dignity of the book. Not superfluously, not according to a dogma but because of the underferable necessity we reiterate, love the book. "

**Prof. Nicholas De Roerich—**

( Educational Review–February 1933. )

સન ૧૮૯૨ થી ૧૯૦૮ એ સત્તર વર્ષના ગાળામાં સોસાઇટીએ ૧૨૭ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં. તેની લેખકવાર યાદી પરિશિષ્ટ ૮ માં આપી છે.

સદરહુ યાદીમાં ઇતિહાસનાં ૧૭, સામાન્ય નીતિ અને જ્ઞાનનાં ૨૩, વિજ્ઞાનનાં ૧૧, ખેતી વિષેનાં ૨, હુન્નર ઉદ્યોગનાં ૫, કેળવણી વિષયક ૨, રાજકારણનાં ૩, નાટકનાં ૨, ધર્મ અને તત્વજ્ઞાનનાં ૮, કોશનું ૧, કવિતાના ૧૧, ચરિત્રનાં ૨૩ અને આરોગ્ય અને વૈદકને લગતાં ૧૯, પુસ્તકો એ પ્રમાણે તેના વિભાગ પડે છે.

આ પુસ્તકો બીજી રીતે વિચારીએ તો તેમાંના ૪૩ ઈંગ્રેજી ગ્રંથોના અનુવાદ છે; જ્યારે મરાઠી, બંગાળી, ઉર્દુ ફારસી અને સંસ્કૃત પરથી લખાયલાં પુસ્તકોની સંખ્યા ૧૩, ૭, ૨, ૧ અને ૮ એ અનુક્રમમાં મળી આવે છે; અને સ્વતંત્ર સારોદ્ધાર, રૂપાંતર કે આધારભૂત સાધનો પરથી

રચાયલાં એવાં પુસ્તકો, નિબંધો, વ્યાખ્યાનો વગેરેની સંખ્યા ૫૩ ની થાય છે. આ પૃથક્કરણ પરથી જોઇ શકાય છે કે ઇંગ્રેજી શિક્ષણનો પ્રચાર વધતાં એ ભાષા સાહિત્યનો ઉપયોગ અને લાભ વધુ અને વધુ પ્રમાણમાં લેવામાં આવે છે; તેમ સંસ્કૃત સાહિત્યમાંના સરસ ગ્રંથોનો પરિચય કરાવવાના પ્રયત્નો પણ નજરે પડે છે. વળી સંખ્યાની દૃષ્ટિએ તેનું વર્ષનું સરેરાશ પ્રમાણ સાત પુસ્તકોનું આવે છે. એ રીતે સોસાઇટીની પુસ્તક પ્રકાશન પ્રવૃત્તિ સંતોષકારક લેખી શકાય.

લેખકો જેમણે સોસાઇટીને પુસ્તકો લખી આપવામાં સહાયતા કરી હતી, તેમના વિષે થોડીઘણી માહિતી આપવાનું અગર એકઠી કરવાનું બની શકે એ હેતુથી સોસાઇટીનાં પ્રકાશનોની સમાલોચના ૩ જા પ્રકરણમાં વિષયવાર નહિ કરતાં, તે પુસ્તકો લેખકવાર તપાસવાનું ધોરણ અંગીકૃત કર્યું હતું અને તે ધોરણ આ પ્રકરણમાં પણ ચાલુ રાખીશું. તેથી જે લેખકોની અગાઉ નોંધ થઇ ગઇ છે, તેમની વધુ કૃતિઓ પ્રથમ તપાસીશું.

ડો. ત્રિભુવનદાસે "ગૃહ વ્યવસ્થા અને આરોગ્યવિદ્યા" એ નામનું નવું પુસ્તક રચી આપ્યું હતું; અને એમની અન્ય કૃતિઓની પેઠે આ પુસ્તક આજદિનપર્યંત શાળામાં પાઠ્ય પુસ્તક તરીકે વંચાય છે, એ તેની ઉપયોગિતા દર્શાવે છે.

ડો. નીલકંઠરાયનાં આઠ પુસ્તકો પ્રાપ્ત થાય છે. તે સઘળાં સામાન્ય જનતાને ઉદ્દેશીને યોજાયલાં, જુદા જુદા વિષયપર, જ્ઞાનબોધક અને ઉપયોગી માહિતીવાળાં હતાં. રોગ મટાડવો તેના કરતાં રોગ થતો મૂળથી અટકાવવો, એ સૂત્રને અનુલક્ષીને જનતાને શારીર વિષયક તેમ રોગનિવારણ તથા માંદગી દરમિયાન દરદીની માવજત કેવી રીતે કરવી અને અકસ્માત વખતે હાંફળાફાંફળાં ન થતાં કેવા ચાંપતા ઇલાજો ગ્રહણ કરવા એ વિષે ઉપયુક્ત માહિતી આપવા "માંદાની માવજત," "લોકોપયોગી શારીરવિદ્યા," "અકસ્માત વખતે મદદ અને ઈલાજ" અને "હિંદુસ્તાનમાં ગામડાંની આરોગ્યતા" એ નામક પુસ્તકોમાં એમણે સારો પ્રયાસ કર્યો છે; અને એમના એ જ્ઞાનપ્રચારના પ્રયત્નો ખરેખર સ્તુતિપાત્ર હતા.

વળી દરરોજ વપરાશની ચીજોને શાસ્ત્રીય રીતે અવલોકીને તેમાં રહેલાં રહસ્ય અને હેતુ સમજાવવા અર્થે લખાયલાં એમનાં બીજાં બે પુસ્તકો "ઘરમાં વપરાતી ચીજોનું રસાયન" અને "નવરાશના વખતમાં ગમ્મત અને જ્ઞાન" થોડાં બોધક નથી. લેખકની એ વિષયોને ચર્ચવાની

અને સમજાવવાની કુનેહ અને આવડ આપણને આશ્ચર્ય પમાડે છે; પણ એમનું વિશેષ ધ્યાન ખેંચે એવું કાર્ય તે દારૂનિષેધ પ્રચારનું હતું. અમે સાંભળ્યું છે કે એમના પ્રયત્નથી ખાડીઆમાં વસતા ગોલાઓમાંથી એ બદી કેટલેક અંશે ઓછી થવા પામી હતી. પ્રસ્તુત વિષયપર આપેલું એમનું ભાષણ, એટલું આકર્ષક નિવડયું હતું કે ટુંક મુદતમાં તેની બે આવૃત્તિ નિકળી હતી. એ વ્યાખ્યાનમાંથી દારૂડિયાની સ્થિતિ વર્ણવતી થોડીક પંક્તિઓ ( કવિ દુર્લભજી શ્યામજી ધ્રુવરચિત ) ઉતારીશું:—

**" ભરી બજારે ભાંય પડે તે, નિશા તણો કરનારો;**
**માબાપોનું માન ઘટાડે, વણુ મોતે મરનારો.**
**ચારો દારૂ દુઃખ દેનારો.**
**પૈસો એકે રહે નહિ પાસે, પછી ફેર ફડકારો;**
**ચોરી જૂઠ અને જુગટાનો રાત દીન રમનારો.**
**ચારો દારૂ દુઃખ દેનારો.**
**દારૂની હાજત લાગી તો, નહી પછે હડનારો;**
**પૈસા માટે પલક એકમાં, પ્રાણ તણો લેનારો. "**
**ચારો દારૂ દુઃખ દેનારો.**

બળવંતરામ મહાદેવરામ મહેતાએ વિજ્ઞાનની જુદી જુદી શાખાઓનો પરિચય કરાવતું 'અનેક વિદ્યા મૂળતત્ત્વ સંગ્રહ' એ નામનું પુસ્તક તેમાં ઘટતા સુધારાવધારા સાથે મરાઠી પરથી અનુવાદ કર્યો હતો; અને એમનું બીજું પુસ્તક "હિન્દુસ્તાનની રાજવ્યવસ્થા અને લોક સ્થિતિ" ગેઝીટીઅરની ઢબનું, એ પણ મરાઠી પરથી, એ સમયની આપણા દેશની સ્થિતિનો ઠીક ચિતાર આપે છે.

કેશવલાલ મોતીલાલ પરીખને સ્વદેશી માટે અનુરાગ હતો એ વિષે પૂર્વે કહેવાયું છે. સન ૧૯૦૩ માં મદ્રાસની નટેશની કંપનીએ ગ્લીન બાર્લો પાસે 'Industrial India' એ નામનું પુસ્તક લખાવીને પ્રસિદ્ધ કર્યું, તે ઉપલબ્ધ થતાં કેશવલાલે તેનો ગુજરાતીમાં સોસાઇટી માટે તરજુમો કરી નાંખ્યો, અને તે "હિંદની ઔદ્યોગિક સ્થિતિ" એ નામથી છપાવવામાં આવ્યો હતો.

એમની બાહોશી અને વ્યવહારકુશળતા જાણીતી હતી અને તેની પ્રતીતિ આપણને એમના 'ભોજન વ્યવહાર ત્યાં કન્યા વ્યવહાર' એ નિબંધ વાંચતાં થાય છે. તેનો સહજ ખ્યાલ આપવા એ નિબંધમાંથી, એમણે સૂચવેલા નિર્ણયવાળો ભાગ ટાંકીશું.



ડૉ. નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ



ડૉ. જોસેફ એન્જામિન

"જ્યાં સુધી આપણે આપણાં જ્ઞાતિબંધનો નહિ સુધારીએ ત્યાં સુધી આપણું કલ્યાણ થવાનું નથી; ત્યાં સુધી આપણી સાંસારિક સ્થિતિ સુધરવાની નથી, ત્યાં સુધી આપણી ધાર્મિક સ્થિતિ પણ સુધરવાની નથી ને ટુંકામાં ત્યાં સુધી આપણા દેશનો દહાડો ફરવાનો નથી !

× × × ×

એથી પણ એમજ જણાય છે કે આપણી હાલની વર્ણવ્યવસ્થાની સ્થિતિમાં સુધારાની ઘણી જગા છે. જ્યાં 'રોટી ત્યાં બેટી' એ પદ્ધતિ દાખલ કરવી તે એવા સુધારાનું પહેલું પગથીઉં છે, ને એથી હાલના સમયમાં અગણિત લાભ થશે, ને અગણિત હાનિકારક રિવાજો સહસા દૂર કરી શકાશે."+

સોસાઈટીએ કજોડાનો ચાલ નાબુદ થાય એ આશયથી કજોડાનાં અનિષ્ટ પરિણામ દર્શાવતો નિબંધ લખાવવા ઈનામ જાહેર કર્યું હતું. એક બે વાર નિબંધ લખાઈ આવેલા પણ તે સંતોષકારક જણાયલા નહોતા. તે પછીથી કૃષ્ણરાવે આ નાટક રચીને સોસાઈટીને મોકલી આપ્યું હતું; તેમાં વિવાહનાં ભિન્ન ભિન્ન ચિત્રો રજુ કરવામાં આવ્યાં છે; અને આપણા અલ્પ નાટક સાહિત્યમાં એક સ્વતંત્ર કૃતિ તરીકે તેનું મૂલ્ય થવું ઘટે છે. 'પુનર્વિવાહ પક્ષની સોળે સોળ આના ફત્તેહ' એ અનુવાદ એમણે જ મરાઠી પરથી સંજ્ઞા ધારણ કરીને કર્યો હતો અને તેમાંથી છેવટની આરતીવાળો ભાગ પહેલા પ્રકરણમાં આપવામાં આવ્યો છે. (જુઓ પૃ. ૨૧)

મહીપતરામ કૃત 'ગ્રીસ દેશનો ઇતિહાસ' એમને યશ આપે એવો લખાયો નથી. તે ગ્રંથ સ્મીથ કૃત ગ્રીસના ઇતિહાસની ન્હાની આવૃત્તિ પરથી તૈયાર કરવામાં આવ્યો હતો. ઘણાં વર્ષો સુધી તેનું મેન્યુસ્ક્રીપ્ટ કેળવણી ખાતાના દફતરમાં પડી રહ્યું હતું; એટલું જ નહિ પણ એ અનુવાદ એક હાથે થયો નહોતો. તેના દોષોથી પોતે વાકેફ હોઈને તેઓ પ્રસ્તાવનામાં લખે છે,

"વાંચનાર ઝટ કે થોડી મહેનતે સમજી શકે એવી સરલ અને શુદ્ધ ગુજરાતી ભાષામાં મૂળ ગ્રંથનો ભાવાર્થ લખવો એને હું સારો તરજુમો ગણું છું. આ પુસ્તકનાં કેટલાંક પ્રકરણોમાં તે પ્રમાણે થયું નથી તેથી દલગીર છું."

---

+ ભોજન વ્યવહાર ત્યાં કન્યાવ્યવહાર, પૃ. ૧૧૪-૧૧૫.

કવીશ્વર દલપતરામની ઘણીખરી કૃતિઓ સોસાઇટી જ પ્રસિદ્ધ કરતી હતી. દલપતરામે એમનું જીવન જ સોસાઈટીની સેવામાં અર્પણ કર્યું હતું. એટલે તેમનાં પુસ્તકના પ્રકાશનમાંથી એમણે દ્રવ્ય મેળવવાની લોલુપતા સેવી નહોતી;× પરંતુ એમની કવિતાઓનો સમગ્ર સંગ્રહ છપાવવાને લોક માગણી થતાં સન ૧૮૭૯ માં તે દલદાર સંગ્રહ, એમણે 'દલપત કાવ્ય' એવા સૂચક નામથી પોતાના તરફથી બહાર પાડ્યો હતો. એ કાળે દલપતરામની કવિતા પુષ્કળ વંચાતી હતી; તેની લોકપ્રિયતા પણ બહોળી હતી. વળી નિશાળોમાં એમની કવિતાની ન્હાની ન્હાની ચોપડીઓ થોકબંધ ઇનામમાં વહેંચાતી. કવિએ ઇચ્છયું હોત તો એ ચોપડીઓનું ગ્રંથ સ્વામિત્વ જાત માટે અને એમના પુત્રો માટે સ્વાધીન રાખ્યું હોત કે જેથી તેમાંથી એ પૈસાની સારી પ્રાપ્તિ કરી શકત; પણ કેવળ જ્ઞાન જેમનું જીવન હતું અને સાધુ જેવી જેમની વૃત્તિ હતી એવા તે સંત પુરૂષે તેમના ગુજરાતી પિંગળનો અને એમના દલપત કાવ્ય ગ્રંથના પ્રકાશનનો હક્ક, પોતે જ

---

× વાંચો તેમનો તા. ૧૪-૧૦-૯૧ નો પત્રઃ

જાવક નં ૧૯૨.

**મેહેરબાન રા. બા. લાલશંકર ઉમિયાશંકર.**

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના ઓન—સેક્રેટરી.

વીનંતી જે જ્યારે મારૂં રચેલું ગુજરાતી પીંગળ સરકારે મને રૂ. ૨૦૦) આપીને તેનો હક્ક લીધો ત્યારે હુન્નરખાંનની ચઢાઈની ચોપડીનો હક્ક પણ રૂ ૨૦૦) માટે મારી પાસે માગ્યો ત્યારે મેં ના પાડી. એ ચોપડી ઈ. સ. ૧૮૫૧ ની સાલમાં મેં સુરતમાં રચી હતી પણ મારી ખુશીથી સોસાઈટીને પ્રસિદ્ધ કરવા કેટલીક ચોપડીઓ મેં આપી તે ભેગી તે ચોપડી પણ આપી. પછી બે ત્રણ વરસ જતાં સોસાઇટી પાસે સરકારે રૂ. ૨૦૦) માટે સોસાઈટી પાસે હક્ક માગ્યો ત્યારે સોસાઇટીએ મને પૂછાવ્યું ત્યારે મેં કહ્યું કે એ ચોપડી સોસાઈટી જ છાપે અથવા હું છપાવું પણ તે હક્ક સરકારને વેચાતી આપવાને મારી મરજી નથી. તે ચોપડીની ૧૧ મી આવૃત્તિની ૫૦૦૦ નકલો સને ૧૮૮૮ માં સોસાઇટીએ છપાવી હતી તે હાલ સઘળી વેચાઇ ગઈ છે. માટે એ વિષે સોસાઈટીની કમિટીને વીનંતિ કરૂં છું કે આયંદે હવે પછી સરકાર યા બીજા કોઇ મારો પુસ્તકોનો હુન્નરખાન, સંપલક્ષ્મી સંવાદ, લાદવારેથળી વગેરેનો હક્ક કોઇને વેચાણ આપવો નહિં. એજ વિનંતિ તા. ૧૪-૧૦-૯૧.

તા. ક—આ બાબત કમિટીનો ઠરાવ થયેથી જણાવવા મહેરબાની કરશો તા. સદર.

(સહી) દ. ડા. ના આશીર્વાદ.

ઉછેરેલી, પાળી પોષી મોટી કરેલી સંસ્થા–સોસાઈટી–ને સુપરત કર્યાં; એક સરતે કે તેમની હયાતિ સુધી એ પુસ્તકોમાંથી જે કાંઈ નફો થાય તેનો અડધો ભાગ તેમને મળે અને બાકીનો સોસાઈટી રાખે; અને એમના અવસાન બાદ સોસાઇટી તેનો પુરો લાભ લે.

અહિં નોંધવું જોઇએ કે સોસાઈટીના સંચાલકો કવિનાં પુસ્તકોમાંથી ધન પ્રાપ્તિની આશા ન રાખતાં, કવિની કૃતિઓનો સારો ઉપાડ થતો રહે એ ઉદ્દેશથી તેની કિંમત બને તેટલી સસ્તી અને તે લગભગ પડતર રાખે છે, કે સામાન્ય મનુષ્ય પણ તે ખરીદી શકે.

‘વેન ચરિત્ર’ આખ્યાન કવિએ વિધવા વિવાહના સમર્થનમાં રચ્યું હતું. આપણા પ્રાચીન કાવ્યોમાં અંતમાં ફળશ્રુતિ દર્શાવવામાં આવે છે તે પ્રમાણે વેન ચરિત્ર પૂરૂં કરતાં કવિએ ગાયું હતું કે,

**“ કળિજુગમાં જો વેનતણી, કરશે નિંદા કોઈ પ્રાણી;**
**પાપે તેની જીભ ભરાશે, જમડા જાશે તાણી.**
**વિધવા ધર્મ વરણવ્યા છે, માંહિ શ્રુતિ સંમતિ સમાન;**
**વિધવાએ તો અવશ્ય કરીને, આ સુણવું આખ્યાન.**
**ઓખાહરણ કુંવારી સુણશે, રાસલીલા પરણેલી;**
**વિધવાઓ તો વેન તણું, આખ્યાન સુણો મન મેલી.**
**ચૈત્રે ઓખાહરણ સુણે, ને માઘે વેન ચરિત્ર;**
**માઘવદો ન્હાયા સમ પ્રાણી, પળમાં થાય પવિત્ર. ”**×

નારાયણ હેમચંદ્રનો જન્મ સં. ૧૯૧૧ ના જેઠ સુદ પુનમના રોજ મુંબાઇમાં થયો હતો. તેઓ જ્ઞાતે ખાતરી (બ્રહ્મક્ષત્રીય) હતા. પિતાનું સુખ એમણે ન્હાનપણમાં ગુમાવેલું; અને ઉમર લાયક થાય તે પૂર્વે માતા મૃત્યુ પામ્યાં હતાં, મામાને ત્યાં તે ઉછરેલા. કોઇની પુરતી દરકાર નહિ એટલે એમનો અભ્યાસ પણ જેવો તેવો, અધકચરો થયેલો; અને પછી એક કારખાનામાં જોડાયલા. પણ વાચનનો એટલો બધો શોખ કે નોકરીમાં જે કાંઈ પગાર મળે તે તેઓ પુસ્તકો અને માસિકો લેવામાં ખર્ચી નાંખે અને જ્યાં કોઈ સભા હોય ત્યાં પોતે હાજર થઈ જાય. કામમાં ચિત્ત ચોંટે નહિ તેથી એક પ્રસંગે મામાએ તેમને સહેજ ઠપકો આપ્યો એટલે મામાની સંભાળ અને દેખરેખ હેઠળથી એ ભાઇએ છૂટા થઈ મનફાવતું ફરવા માંડયું. સુભાગ્યે સારા પુરુષોનો સમાગમ થતાં, એમના જીવન પર ઉન્નત સંસ્કાર પડયા;

× વેન ચરિત્ર, પૃ. ૧૬૩.

એટલું જ નહિ પણ સાથે ઇંગ્રેજી, મરાઠી, હિન્દી, બંગાળી વગેરે ભાષાનો અભ્યાસ કરવાની તક સાંપડી તેમજ જુદે જુદે સ્થળે પ્રવાસ કરવાનું બની આવ્યું. ચાર ચાર વાર તેઓ યુરોપ અમેરિકાના પ્રવાસે ગયા હતા અને તે પણ એમની પાસે કશા ભંડોળ વિના જ. ફકીરની જેમ તે સાદું જીવન ગાળતા; માત્ર ફક્નીની જ ફિકર. લેખનકાર્ય દ્વારા અને મિત્રોની મદદથી જે કાંઇ નાણાં પ્રાપ્ત થાય તે વડે તેઓ પોતાનો નિર્વાહ કરતા. લંડનમાં નિવાસ દરમિયાન તેઓ ઘણોખરો વખત બ્રિટિશ મ્યુઝીઅમમાં ગાળતા; અને વાચન દરમિયાન જે કાંઇ જાણવા વિચારવા જેવું તેમની નજરે ચઢતું તેનો તે તુરત ગુજરાતીમાં તરજુમો કરી નાંખતા. વળી માસિકો અને વર્તમાનપત્રોમાંથી તેઓ ઉપયોગી લેખોની જુદી કાપલીઓ કાઢી લેતા અને તે પછી વિષયવાર વર્ગીકરણ કરી તેના બંડલ બાંધી રાખતા; અને ખપ પડે તેનો ઉપયોગ કરતા હતા.

આ પ્રમાણે એમનાં અનેક પુસ્તકો લખાયલાં જણાઇ આવશે; ભાષાંતર, રૂપાંતર, કે સારોદ્ધાર અને તે ઇંગ્રેજી અને બંગાળી પરથી મુખ્યત્વે તૈયાર થયેલાં.

સોસાઇટીને એમણે પંદર પુસ્તકો લખી આપ્યાં હતાં; અને તેમાં વિધવિધ વિષયો ચર્ચાયા છે. સામાન્ય 'જ્ઞાન વચન'થી શરૂ કરીને તે 'દર્શનશાસ્ત્ર'ની ચર્ચા સુધી, 'વિવાહ તત્ત્વ'થી માંડીને તે 'જીવજન્તુ, અને વનસ્પતિની અજાયબીઓ'નું વર્ણન કરતું, એમના એ લેખોનું ક્ષેત્ર ફરતું અને વિધવિધ પ્રકારનું રહેતું હતું. પણ તે લખાણ પુરતી કાળજી વિના, ઉતાવળમાં તૈયાર થતું એટલે તેમાં અનેક દોષ આવી જતા. જે ભાષા પોતે શિખેલા તેનું પુરૂં જ્ઞાન નહિ અને ગુજરાતી પર પણ એવો સારો કાબુ ન હોતો; એટલે એમની લેખનશૈલી ખડબડચી અને કઢંગી લાગતી.

એ સ્થિતિ ઉદ્દ્ભવવાનું કારણ શ્રી. સુમનસ્ લખે છે તેમ એ હતું કે "તેમ્હના પિતાની ભાષા કાંઈક કાઠિયાવાડી, માની ભાષા કાંઇક દાક્ષણી ગુજરાતી અને પોતાની ભાષા પોતાના મરાઠી, બંગાળી અને હિન્દીના જ્ઞાનથી સાંકર્યવાળી હોવાથી શુદ્ધ ન હોય તેમાં વિચિત્ર શું ?"†

આવી મુશ્કેલીઓ છતાં લોકવાચન રૂચિને સંતોષવા એમણે આદરેલા પ્રયાસ ખચીત અભિનંદનીય હતા. અને બંગાળી સાહિત્યનો ગુજરાતી

† રા. સુમનસ્ મુત્ર—વિરેહી ગુજરાતી સાક્ષરો, પૃ. ૪૬

જનતાને પરિચય કરાવવાનું માન સ્વર્ગસ્થને ઘટે છે. "હું પોતે" લખીને એમણે ગુજરાતીમાં આત્મવૃત્તાંત લખવાની પહેલ કરી હતી; જો કે તેમાંના એમના કેટલાક અભિપ્રાય સાથે આપણે સંમત થઈ શકીશું નહિ.

ગમે તેવા એમના લેખનના દોષ હોવા છતાં નારાયણે ગુજરાતી સાહિત્યનો અભ્યુદય કરવામાં જીવનભર પ્રયત્નો કર્યા હતા; અને અનેકને તેમના પુસ્તક વાચનમાંથી કાંઇકને કાંઈ પ્રેરણા, વિચાર આનંદ કે પ્રોત્સાહન પ્રાપ્ત થયા હતાં ને થશે, એ નિઃસંદેહ છે.*

'લંકાનો ઈતિહાસ' અને ડેમોસ્થિનીસનું ચરિત્ર એ બે પુસ્તકો પરમાનંદ ભોળાભાઈ પારેખે મરાઠી પરથી લખ્યાં હતાં. પુત્રવિરહના દુઃખમાં તેઓ ગરક થયા હતા તે વખતે આશ્વાસન મેળવવા તેમને ગોપાળ હરિ દેશમુખે કેટલાંક મરાઠી પુસ્તકો મોકલી આપેલાં તેમાં આ બે હતાં; અને તે પસંદ પડવાથી એમણે તે ગુજરાતીમાં ઉતાર્યા હતાં. પછીથી સોસાઇટીને તે પ્રસિદ્ધ થવા માટે મોકલ્યાં હતાં. બંને પુસ્તકો જ્ઞાનબોધક છે.

ગણપતરાવ ગોપાળરાવ બર્વેના જીવનની ટુંકમાં માહિતી, ગ્રંથ અને ગ્રંથકાર પુ. ૩ માં આપેલી છે. ગુજરાતમાં ઉછરવાથી ગુજરાતી પ્રતિ એમને સારી પ્રીતિ બંધાઇ હતી; અને ગુજરાતી માસિકોમાં તેઓ વારંવાર લેખો લખી મોકલતા. એવા એમના ઘણા લેખો બુદ્ધિપ્રકાશમાં છપાયલા છે. 'અનાદિ કાળથી ચાલતી આવેલી પ્રાણીજ સૃષ્ટિ' અને 'હિન્દની ખનીજ સંપત્તિ', વસ્તુતઃ ચોપાનિયાં જ છે. પહેલામાં ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને બીજામાં હિન્દુસ્તાનની કાચી ધાતુઓ, જે વેપાર અને ઉદ્યોગની દ્રષ્ટિએ મૂલ્યવાન છે, તેને લગતી સામાન્ય માહિતી આપેલી છે.

ત્રિકમલાલ દામોદરદાસ કપડવણજના વતની હતા. અમારી માહિતી પ્રમાણે તેઓ વકીલ હતા; પરંતુ હુન્નર ઉદ્યોગ તરફ વિશેષ વલણ હતું અને એ વિષયનો અભ્યાસ કરીને એમણે 'સિમેન્ટ,' 'ઇલેકટ્રોપ્લેટીંગના હુન્નર,' 'તેજાબ', અને 'વાર્નિસ' એ ચાર પુસ્તકો સોસાઇટીને લખી આપ્યાં હતાં. તેમાંના ઇલિકટ્રોપ્લેટીંગના હુન્નર પુસ્તકનો ચાલુ ઉપાડ થતો રહે છે. અને છેલ્લી યુરોપીય લડાઈ દરમિયાન તેજાબ અને વાર્નિસ માટે અવારનવાર તેના ધંધાદારીઓ તરફથી માગણી થયા કરતી હતી. અમારા જાણવા પ્રમાણે એમણે અમદાવાદમાં કાચ અને સાબુનું કારખાનું પણ કાઢયું હતું.

* વધુ માહિતી માટે જુઓ "બુદ્ધિપ્રકાશ" સન ૧૯૧૧, માર્ચ.

ન્હાના પાયાપર ધંધો સ્થાપવા વ્યવહારોપયોગી માહિતીભર્યા પુસ્તકો ગુજરાતીમાં લખાઇને બહાર પડે તો તે ઉપરોક્ત પુસ્તકોની પેઠે ધંધાર્થીઓને જરૂર બહુ ઉપકારક થઇ પડે.

દુલેરાય છોટાલાલ અંજારિયાએ એમનું સમગ્ર જીવન ખેતી સુધારણાના કાર્યને આપ્યું છે. તેઓ જ્ઞાતે વડનગરા નાગર ગૃહસ્થ છે; અને હમણાં લીંબડી રાજ્યમાં ખેતીવાડી ખાતાના સુપ્રિન્ટેન્ડન્ટના હોદ્દા પર તેઓ છે. અને તે કામની સાથે આજે કેટલાંક વર્ષોથી 'ખેતીવાડી વિજ્ઞાન' નામનું માસિક ચલાવે છે. ખેતી વિષે એમણે અનેક પુસ્તકો રચેલાં છે અને સોસાઇટીને લખી આપેલું 'ખેતર વાડી અને બગીચાની ઉપજ વધારનારાં ખાતર' એ પુસ્તક ઉપયોગી નિવડી તેનો બહોળો પ્રચાર થયલો છે.×

'ઢોરનું ખાતર' એ નામનું પુસ્તક ઈંગ્રેજી પરથી રા. મોહનલાલ કામેશ્વર પંડયાએ તૈયાર કર્યું હતું. ખાતર અનેક પ્રકારનું હોય છે. પણ એમણે આપણા લોકને પરિચિત એવું 'ઢોરનું ખાતર' વિષે ઉપયુક્ત માહિતી સંગ્રહી છે. લેખક કઠલાલના વતની અને જ્ઞાતે વટાદરા બ્રાહ્મણ છે. તેઓ મહાત્મા ગાંધીજીના ચુસ્ત અનુયાયી છે. તે પૂર્વે તેઓ વડોદરા રાજ્યમાં ખેતી ખાતામાં સુપ્રિન્ટેન્ડન્ટની પદવી પર હતા.

મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી નડિયાદના વતની અને જ્ઞાતે વડનગરા નાગર ગૃહસ્થ હતા. સોસાઇટી સાથે એમનો સંબંધ તેની બાલ્યાવસ્થાથી હતો. અને બુદ્ધિપ્રકાશમાં તેઓ વારંવાર લેખો લખી મોકલતા. એક સારા સાહિત્યકાર તરીકે તેમની ગણના થાય છે; પણ એક રાજદ્વારી મુત્સદી પુરુષ તરીકે એમની કીર્તિ વિશેષ પ્રવર્તે છે. એમનો "અસ્તોદય' નામક નિબંધ એક ઉત્તમ પુસ્તક છે અને તે વાંચીને અનેકને કંઈ ને કંઈ પ્રોત્સાહન મળ્યું હશે.

ફાર્બસ સાથે એમને ગાઢ મૈત્રી બંધાઈ હતી; અને એમના પ્રયાસથી મુંબાઇમાં ગુજરાતી સંસ્કૃતિના ઉત્કર્ષ અર્થે એક મંડળ સ્થાપવા પ્રયત્ન થયો હતો. એ મંડળનાં ફંડમાં સારી સારી રકમો પણ ભરાયલી; પરંતુ તે યોજના અમલમાં મૂકાય તે પહેલાં ફાર્બસ સાહેબનું અવસાન થયું. એથી હતાશ ન પામતાં મનઃસુખરામે સ્વર્ગસ્થ પ્રત્યેના પ્રેમથી પ્રેરાઇને એ સંસ્થાને અસ્તિત્વમાં આણી અને તેને શ્રી. ફાર્બસ ગુજર્ર સભા એવું નામ આપ્યું; તે સંસ્થા આજે મુંબાઇમાં પ્રતિષ્ઠિત સ્થાન ધરાવે છે.

+ લેખક વિષે વધુ માહિતી માટે જુઓ ગ્રંથ અને ગ્રંથકાર, પુ ૩



શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસ

એમણે જ ફાર્બસરચિત રાસમાળાનો ગુજરાતી તરજુમો તૈયાર થતાં તેના પ્રવેશક તરીકે સ્વર્ગસ્થનું જીવનચરિત્ર લખ્યું હતું; એક ચરિત્ર ગ્રંથ તરીકે તે મહત્વનું છે.

શેઠ હરિવલ્લભદાસ એમના સમોવડીઆ અને પરમ મિત્ર હતા. મુંબાઇના વસવાટ દરમિયાન શેઠ હરિવલ્લભદાસ સુધારાની અને સ્ત્રી કેળવણીની હિલચાલમાં સારો રસ લેતા અને એ ઉન્નત સંસ્કારોના પરિણામે એમની જીંદગીમાં અમુક પ્રસંગો બનતાં એમણે રૂ. ૨૦૦૦) સોસાઇટીને વિદ્યાવૃદ્ધિના કાર્ય અર્થે આપ્યા હતા; એટલુંજ નહિ પણ એમના વિલમાં એક છેવટની કલમ એવી ઉમેરી હતી કે એમની મિલ્કતની એમના જણાવ્યા પ્રમાણે, સર્વ વ્યવસ્થા થઈ જાય તે પછી, બાકી રહેતી મિલ્કત સોસાઇટીને જ્ઞાન પ્રચારાર્થે સોંપી દેવામાં આવે. એ રીતે એમની મિલ્કતમાંથી ઉપરોક્ત રૂ. ૨૦૦૦) ઉપરાંત વધુ રૂ. ૧૯૦૦૦ની રકમ સોસાઇટીને મળી હતી. વળી તે મિલ્કતની વ્યવસ્થા સંબંધે સન. ૧૮૯૨માં હાઇકોર્ટમાં થયલી સમજુતી પ્રમાણે એમની એક નિકટ સંબંધવાળી બાઇનું હમણાં મૃત્યુ થતાં તેમના નિર્વાહ અર્થે જુદી રાખેલી રકમમાંથી આશરે રૂ. ૫૦૦૦ની સાડાત્રણ ટકાની લોન સોસાઇટીને નજદીકમાં મળનારી છે. આમ જ્ઞાનપ્રચાર અર્થે સોસાઇટીને એમણે એક મ્હોટામાં મ્હોટી રકમ આપેલી છે. એમનાં એ ફંડમાંથી આજપર્યંત ૫૩ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે અને તેનું એટલું વ્યાજ ઉત્પન્ન થાય છે કે એ ફંડમાંથી દર વર્ષે એક પુસ્તક ચાલુ બહાર પડતું રહે. ખરે, આ ઉદાર બક્ષીસ માટે સ્વર્ગસ્થ શેઠનો ગુજરાતી વાચકવર્ગ ઉપકાર માનશે.

સદરહુ રકમ સોસાઇટીને અપાવવામાં સ્વર્ગસ્થ મનઃસુખરામે સારી મહેનત લીધી હતી અને એઓ તેના પ્રેરક હોઇને સોસાઇટીએ એમની પાસે શેઠ હરિવલ્લભદાસનું ચરિત્ર લખાવ્યું હતું. તે ચરિત્ર લેખ પ્રથમ "બુદ્ધિપ્રકાશ"માં વધારા તરીકે છપાયો હતો; અને તેની બીજી આવૃત્તિ સુધારા-વધારાવાળી પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવામાં આવી હતી. વિશેષમાં સોસાઇટીનો હેતુ પાર પાડવામાં એમણે સોસાઇટીને દરિયાવ દિલથી જે મોટી રકમ બક્ષીસ આપી હતી તેની યાદગીરી રાખવા સોસાઇટી તરફથી તેમનું મ્હોટું ઑઇલ પેઇન્ટીંગ સોસાઇટીના હૉલમાં મૂકવા સામાન્ય સભાએ ઠરાવ કર્યો હતો.*

* ગુ. વ. સો.નો વાર્ષિક રીપોર્ટ, સન ૧૮૯૪, પૃ. ૨૨.

મનઃસુખરામે પોતાના એ મિત્રોના જીવનચરિત્ર લખીને એકલું મિત્રઋણ ફેડયું હતું, એમ નહિ; પણ આપણા સાહિત્યમાં ચરિત્રગ્રંથોની ઉણપ છે તેમાં એથી સારો ઉમેરો થયો છે, એમ આપણે કહીશું.

જાણીતા પ્રાચીન કાવ્યગ્રંથોના સંગ્રાહક, સંશોધક અને પ્રકાશક રા. છગનલાલ વિદ્યારામ રાવળે એમના શુભેચ્છક અને સુપ્રસિદ્ધ નિર્ણય સાગર પ્રેસના સ્થાપક અને માલિક જાવજી દાદાજી ચોધરીનું જીવનચરિત્ર જાતમાહિતીપરથી લખી આપ્યું હતું. એ પણ એક ઉપયોગી ચરિત્રગ્રંથ છે અને તેનું વાચન બોધપ્રદ થશે.

એવા બીજા એક મહેતાજી રા. હરિલાલ નરસીરામનું સંસ્કૃત ગ્રંથોના અનુવાદનું કાર્ય પ્રશંસાપાત્ર માલુમ પડશે. એમણે સોસાઇટીને રઘુવંશ, કિરાતાર્જુનીય અને શિશુપાલવધ એ શિષ્ટ સંસ્કૃત સાહિત્ય પુસ્તકોના ગુજરાતીમાં તરજુમા કરી આપ્યા હતા; અને તે પુસ્તકો વિદ્વદ્વર્ગે પણ વખાણ્યાં છે.+

રા. સા. જમીઅતરામ શાસ્ત્રી સુરતના વતની અને ચોર્યાસી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિના હતા. ન્હાની ઉમરમાં પિતાનું મૃત્યુ થતાં એમના મોટા ભાઈ ગણપતરામની દેખરેખ અને સંભાળ નીચે તેઓ ઉછર્યા હતા; અને અમુક સંજોગમાં તેઓ બી. એ. થાય તે પહેલાં કેળવણી ખાતામાં તેમને નોકરી લેવી પડી હતી. પણ એ ખાતામાં એમણે નોકરી એટલી બાહોશીથી અને એકનિષ્ઠાથી કરી હતી કે એક હિન્દીને તે વખતે સામાન્ય રીતે નહોતો અપાતો એવો ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેકટરનો માનવંતો હોદ્દો મેળવવા તેઓ ભાગ્યશાળી થયા હતા. સાહિત્ય એમનો ખાસ વિષય નહોતો પણ ઘણાખરા કેળવણીકારો સાક્ષરો થયા છે તેમ એમણે યથાવકાશે 'જગતનો ઇતિહાસ' એ નામના ઇંગ્રેજી પુસ્તકનો ગુજરાતીમાં તરજુમો કર્યો હતો, તે સોસાઇટીએ છપાવ્યો છે. "બ્રાહ્મણના સોળ સંસ્કાર" એ નામનું આપણા ધર્મશાસ્ત્રના વિષયનું પુસ્તક ગોરાભાઈ રામજી પાઠકની સહાયતા લઇને એમણે યોજ્યું હતું. હિન્દુ જીવનમાં એ સોળ સંસ્કારો આવશ્યક મનાય છે; અને તેનું વાચન ઉપયોગી માહિતી પૂરી પાડે છે.

એ વિષય પરત્વે અમે વાચકને મીસીસ સ્ટીવન્સન રચિત 'The rites of the twice born' એ નામનું એક ખ્રિસ્તી મિશનરી બાઇનું

---

+ વધુ માહિતી માટે જુઓ 'ગ્રંથ અને ગ્રંથકાર'–પુ. ૪.



સાહિત્યમાર્તંડ હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા



રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

પુસ્તક વધુ વાચન તરીકે જોવા વિનંતિ કરીશું. એક વિદેશી બાઈ આપણા સાંસારિક રીતરિવાજ અને ધાર્મિક આચારવિચારમાં કેટલે દરજ્જે ઉંડી ઉતરી શકે છે અને આપણા જીવનને સમજવા—જાણવા પ્રયત્ન કરે છે, તેનું એ એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે.

રા. બ. કમળાશંકર પણ સુરતના વતની હતા. તેઓ જાતે વડનગરા બ્રાહ્મણ; અને કેળવણી ખાતામાં છેક ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરના પદે (થોડાક વખત માટે) પહોંચ્યા હતા. એક નિષ્ણાત કેળવણીકાર તરીકે એમની નામના છે જ; પણ એક પ્રતિષ્ઠિત સાહિત્યકાર તરીકે એમની કીર્તિ બહોળી પ્રસરેલી છે અને એમની એ પ્રતિષ્ઠા અને ખ્યાતિથી પ્રેરાઈને સન ૧૯૨૪માં ભાવનગરમાં મળેલી સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદના એમને પ્રમુખ નિમવામાં આવ્યા હતા. એમનાં લખેલાં પુસ્તકોની પુરી યાદી 'ગ્રંથ અને ગ્રંથકાર', પુ. ૪ માં નોંધેલી છે. ગુજરાતી સાક્ષરોમાં એમનું સ્થાન પ્રથમ પંક્તિમાં આવે છે એટલું જ નહિ પણ સંસ્કૃતમાં એક સમર્થ વિદ્વાન તરીકે એમની ગણના થતી હતી. મુંબાઈ સંસ્કૃત ગ્રંથમાળાના સંચાલકોએ એમાંનાં કેટલાંક પુસ્તકોનું સંશોધન અને સંપાદન કાર્ય એમને સોંપીને એમની વિદ્વત્તાની યોગ્ય કદર કરી હતી.

સોસાઇટીને એમણે "કર્તવ્ય" "ઇગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ" અને "શાંકર ભાષ્ય" એ ત્રણ પુસ્તકો લખી આપ્યાં હતાં અને તે ગુજરાતી સાહિત્યમાં ઉચ્ચ સ્થાન લે છે.

તે વિષે 'અનુભવ વિનોદ' માં તેઓ નીચે પ્રમાણે હકીકત નોંધે છે.

"'**કર્તવ્યઃ**' ને '**ઇંગ્લંડના સુધારાનો ઇતિહાસ**' હું અમદાવાદ હાઇસ્કૂલમાં આસિસ્ટન્ટ માસ્તર હતો ત્યારે રા. રા. લાલશંકર ઉમિઆશંકર ત્રવાડી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના ઓનરરિ મંત્રી હતા. તેમની ઇચ્છાનુસારે મેં સ્માઈલ્સકૃત 'ડયુટિ' નું ગુજરાતીમાં ભાષાન્તર કર્યું. એ પુસ્તકની પ્રથમ આવૃત્તિની બધી નકલ ખપી જવાથી સોસાઇટિએ મને બીજી આવૃત્તિ માટે સુધારો કરી આપવાનું કામ સોંપ્યું, તે પ્રમાણે એ આવૃત્તિમાં મેં સુધારો કર્યો. એ આવૃત્તિની પણ બધી નકલ ખપી ગઇ છે. પહેલી આવૃત્તિ ઈ. સ. ૧૮૯૫ માં ને બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૦૭ માં છપાઈ હતી."*

---

* અનુભવ વિનોદ, પૃ. ૯૬–૯૭.

"એજ પ્રમાણે રા. રા. લાલશંકરની ઇચ્છાનુસાર મેં બકલકૃત 'હિસ્ટરિ ઓવ સિવિલિઝેશન ઇન ઇંગ્લંડ' એ ગ્રંથના સાર રૂપ ગુજરાતીમાં 'ઇંગ્લંડનો સુધારાનો ઇતિહાસ' તૈયાર કર્યો. ઈ. સ. ૧૮૯૭ માં એ પુસ્તક પ્રસિદ્ધ થયું."

"**શાંકરભાષ્ય**—ઇ. સ. ૧૯૦૩ માં હું એલ્ફિન્સ્ટન કૉલેજમાં પ્રોફેસર હતો ત્યારે મારી મરજી ब्रह्मसूत्रना शाङ्करभाष्यनुं વિવરણ સાથે ગુજરાતીમાં ભાષાન્તર કરવાની થઇ ને તે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિ પ્રસિદ્ધ કરે તો ઠીક એમ ધારી મેં તે વિષે રા. લાલશંકરભાઇને ઇચ્છા દર્શાવી, તેમણે એ વાત તરતજ ઉપાડી લીધી, પણ કહ્યું કે સોસાઇટીથી યોગ્ય પારિતોષિક આપી શકાશે નહિં. મેં એ કામ એમથીજ માથે લીધું હતું, દ્રવ્ય લાભની લાલસાથી નહિ, તેથી મેં રા. લાલશંકરભાઈનું કહેવું કબુલ કર્યું. સોસાઇટિએ એ પુસ્તક ઉત્તમ રીતે નિર્ણય સાગર પ્રેસમાં છપાવ્યું. મેં એમાં 'શાંકરભાષ્ય' ના ભાષાન્તરની નીચે ગોવિન્દાચાર્ય, આનન્દગિરિ, ભામતી, ઉપનિષદો ને બ્રહ્મવિદ્યાભરણ આદિ વ્યાખ્યાગ્રન્થોનો આશય સમજાવ્યો છે; પણ બહુધા ગોવિન્દાચાર્યકૃત રત્નપ્રભા ને ભામતીનું તાત્પર્ય આપ્યું છે. એ ગ્રન્થ મેં ધીમે ધીમે અવકાશને વખતે તૈયાર કર્યો છે. મેં ઇ. સ. ૧૮૯૩ માં એ ગ્રન્થ માથે લીધેલો, તેનો ૧ લો ભાગ ઈ. સ. ૧૯૦૭ માં ને ૨ જો ભાગ ૧૯૧૦ માં પ્રસિદ્ધ થયો."+

સ્વર્ગસ્થ કમળાશંકરની પેઠે પ્રો. કણિયા પણ સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા; અને શામળદાસ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપકના પદે હતા. અમારા સાંભળવામાં આવ્યું છે કે પ્રિન્સિપાલ આનન્દશંકર ધ્રુવ એક સમયે શાંકરભાષ્યનો ગુજરાતીમાં અનુવાદ કરવાની ઇચ્છા ધરાવતા હતા. એવામાં પ્રો. કણિયાનો મહાકાળમાં શાંકરભાષ્યનો અનુવાદ કટકે કટકે છપાતો હતો, તે એમના જોવામાં આવ્યો, અને તે પોતાને ઉત્તમ લાગ્યો તેથી તેના અનુવાદનો વિચાર એમણે પડતો મૂક્યો હતો. આ પરથી પ્રો. કણિયાની કલમનો કંઇક ખ્યાલ આવશે. સોસાઈટીને એમણે 'પાતંજલ યોગ દર્શન' નો ગુજરાતીમાં અનુવાદ કરી આપ્યો હતો. તે પુસ્તકની આજ પણ માગણી ચાલુ છે, એ તેની લોકપ્રિયતા તેમ સરસતા સિદ્ધ કરે છે.

એજ કોટિમાં મુકી શકાય એવું ન્યાયશાસ્ત્ર (logic) વિષે એક પુસ્તક પ્રો. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ ઇંગ્રેજી પરથી યોજ્યું હતું. એ એમની સર્વદેશી વિદ્વત્તા અને જ્ઞાનની સાક્ષી પૂરે છે.

---

+ અનુભવ વિનોદ, પૃ. ૧૦૧.

કૃપાશંકર દોલતરામ ત્રવાડી, એ સરખેજના રહીશ અને જ્ઞાતે મોઢ બ્રાહ્મણ હતા. સોસાઇટીમાં આસિ. સેક્રેટરીની જગો ખાલી પડતાં એમને રા. સા. મહીપતરામની ભલામણ પરથી સન ૧૮૮૦ ના નવેમ્બરમાં એ પદે નિમવામાં આવ્યા હતા. એ સમયે તેઓ વાઘોડીઆની સરકારી શાળામાં મહેતાજી હતા. તેઓ લગભગ નવેક વર્ષ સોસાઇટીમાં રહ્યા હતા.

બંગાળી પરથી એમણે 'ઇશ્વિરચંદ્ર વિદ્યાસાગર' અને 'રાજા રામમોહનરાય' નાં ચરિત્રો લખ્યાં હતાં. અને તે ગુજરાતી વાંચનારાઓમાં વખણાયાં છે. એમનું 'ગૃહિણી કર્તવ્ય દીપિકા' નામક સ્ત્રી ઉપયોગી પુસ્તક એટલું ઉપકારક જણાશે; અને ચોથું "રુશિયા" નામનું પુસ્તક તે કાળની પરિસ્થિતિ લક્ષમાં લેતા સારી માહિતી આપતું હતું.

એમના પછી સુરતના વતની (ખાતરી) બ્રહ્મ ક્ષત્રિય જ્ઞાતિના જગજીવનદાસ ભવાનીશંકર કાપડીઆ આસિ. સેક્રેટરીના પદે સન ૧૮૮૯ માં નિમાયા હતા. નોકરી છોડયા પછી એમણે મીલકૃત 'પ્રતિનિધિ રાજ્ય વિવેચન,' 'હિંદનાં મહારાણી અને તેમનું કુટુંબ' અને 'સર વિલિયમ વોલેસ' એ ત્રણ પુસ્તકો ઇંગ્રેજી પરથી રચીને સોસાઇટીને છપાવવા માટે મોકલી આપ્યાં હતાં; જે સ્વીકારાયાં હતાં. એ ત્રણમાં મીલનો અનુવાદ ધ્યાન ખેંચે છે. એ વિષે અભિપ્રાય લખી મોકલતાં કમળાશંકરે જણાવ્યું હતું કે, "બધા ભાષાન્તરોના નમુનામાં આ સૌથી સારો છે. મારા અભિપ્રાય પ્રમાણે એ ઇનામને લાયક છે."

સન ૧૮૯૪ માં કવિ બાલાશંકરે સોસાઇટીનો ચાર્જ લીધો હતો; પણ તેઓ એ સ્થાને ઝાઝી મુદત ટકેલા નહિ. ગુજરાતના ઇતિહાસ માટે એમને અપૂર્વ પ્રેમ હતો. ભારતી ભૂષણ માસિક સાથે એક "ઇતિહાસમાળા" નામનું ચોપાનિયું એમણે કાઢયું હતું. બુદ્ધિપ્રકાશમાં એમણે મિરાતે સિકંદરીમાંથી લેખો આપવા માંડયા હતા. એમની સૂચનાથી કમિટીએ મુનશી અમીરઅલીને ગુજરાતીના ઇતિહાસના સંબંધમાં એક પત્ર લખ્યો હતો.*

એમના એ ઇતિહાસના શોખને લઇને એમણે માર્કોપોલોના પ્રવાસનો ગુજરાતીમાં તરજુમો કરી, તે ગ્રંથ સોસાઇટીને આપ્યો હતો.†

---

* જુઓ ભારતી ભૂષણ, નવેમ્બર, ૧૮૯૩, પૃ. ૧૬.

† "ફારસી ઇતિહાસોમાંથી સિકંદરીનું ભાષાંતર આવે છે તેની અગત્ય વિષે મારે કહેવાની જરૂર નથી, કારણ કે સોસાઇટીએ ખાસ ફારસી ઇતિહાસોમાંથી ભાષાંતર કરાવવાનો ઠરાવ કરેલો છે."

(બાલાશંકરના પત્રમાંથી ઉતારો)

તે સાથે લખી મોકલેલા પત્રમાં તેમણે જણાવ્યું હતું કે "ઇસવીસનના તેરમા સૈકામાં પ્રખ્યાત થયેલા મુસાફર માર્કોપોલોનું વર્ણન ઘણુંજ અગત્યનું છે. ઇતિહાસ, ભુગોળ અને પ્રાચીન શોધને તે અતિશય સહાયક થઇ પડેલું છે." એ ગ્રંથ બહુ મોટો છે; પણ તેનો થોડોક ભાગ પ્રથમ લેખક તરફથી સોસાઇટીને મળ્યો હતો અને તે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. એ ગ્રંથ અધુરો રહ્યો છે.

બર્નિયરનો પ્રવાસ લખાવવામાં સોસાયટીનો આશય ઉપર જણાવ્યા પ્રમાણે ઐતિહાસિક વૃત્તાંતો ગુજરાતી વાચકને ઉપલબ્ધ કરવાનો અમને જણાય છે. આ ગ્રંથ બાલાશંકરની જગાનો થોડા માસ માટે ચાર્જ સંભાળી લેનાર શ્રીયુત મણિલાલ છબારામ ભટ્ટે લખી આપ્યો હતો. તેમાં મુગલ સમયની આપણા દેશની સ્થિતિ અને લોકની રહેણી કરણીનો તાદશ્ય ચિતાર રજુ કરવામાં આવ્યો છે; અને તે માહિતી જેટલી કિમતી તેટલી વિશ્વસનીય છે.

વધુ લાભવાળી નોકરી મુંબઇમાં મળતાં રા. મણિલાલે સોસાઇટીમાંથી રાજીનામું આપ્યું અને આસિ. સેક્રેટરી નવો નિમાય તે દરમિયાન તાજાજ નિવૃત્ત થયલા આસિ. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર રેવાશંકર અંબારામ ભટ્ટે સોસાઇટીનું કામ સંભાળી લીધું. તેઓ નાતે રાયકવાળ બ્રાહ્મણ હતા. સમગ્ર જીવન કેળવણી ખાતામાં વ્યતિત કર્યું હતું; અને જેટલા વર્ષ સરકારી નોકરી કરી એટલી જ લાંબી મુદત તેનું પેન્શન ભોગવવા તેઓ ભાગ્યશાળી થયા હતા. રહેણીકરણી તદ્દન સાદી, સ્વભાવે બહુ સરલ અને નિખાલસ અને જે કોઇનું કામ કરી છૂટવાની પરોપકારી વૃત્તિ પણ ખરી. નિવૃત્ત થયા ત્યારથી મૃત્યુપર્યંત તેમણે સોસાઇટીની સતત કાળજી રાખી હતી. એમનું શરીર જ્યાં સુધી કામ આપી શક્યું ત્યાં સુધી એમનો રોજનો એક ફેરો સોસાઇટીમાં હોય ખરો. સોસાઇટીના કામકાજથી પૂરા વાકેફ એટલે નોકરોને વહિવટી કામમાં એમની સૂચના બહુ મદદગાર થતી અને કોઇક કઠિન પ્રસંગે એઓ સ્ટાફને સમભાવપૂર્વક કિમતી સલાહ આપતા. સોસાઇટી હસ્તક બ્રહ્મચારીની વાડીના લાંબા સમય સુધી તેઓ ટ્રસ્ટી હતા. અત્યારે બ્રહ્મચારીની વાડી આટલી સમૃદ્ધ અને આબાદ છે તે એમના પરિશ્રમ અને વહિવટનું રૂડું પરિણામ છે.

લેખનકાર્યને માટે પ્રથમથી કાંઇક પ્રેમ; અને શાળાના ઉપયોગ માટે એમણે ગણિત અને શબ્દકોશ એ બે પુસ્તકો લખ્યાં હતાં; તેમ 'દેવું' વિષે લખેલો

એમનો નિબંધ કરજ કરવાથી મનુષ્ય કેવી વિષમ સ્થિતિમાં મુકાઇને અનેક પ્રકારનાં કષ્ટ અને હાડમારી વેઠે છે, તેનું અસરકારક બ્યાન આપે છે. સોસાઈટીમાં કામ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં એમણે તે વખતે હર્બર્ટ સ્પેન્સર, જે તત્વચિંતકનાં પુસ્તકો નવ શિક્ષિત વર્ગમાં બહુ લોકપ્રિય હતાં; એમનાં બે પુસ્તકો—પરોપકાર (Beneficence) અને નીતિસિદ્ધાંત (Data of Ethics) પ્રો. ધોંડો કેશવ કર્વેના મરાઠી અનુવાદ પરથી ગુજરાતીમાં લખી આપ્યાં હતાં.

સ્વર્ગસ્થની ઉદાર વૃત્તિ અને સેવાભાવ વિષે એકજ ઉદાહરણ નોંધીશું. સોસાઈટીની નોકરીમાં તેઓ વર્ષ સવા વર્ષ રહ્યા હતા, અને તે કાર્ય એમણે સાવ સેવાભાવથી સ્વીકાર્યું હતું અને જ્યારે સોસાઇટીના કાર્યકર્તાઓ તરફથી પગાર લેવાનું દબાણ થયું ત્યારે એ મુદતનો પગાર પોતે ગાંઠે નહિ બાંધતાં, એ રકમ પોતાની જ્ઞાતિના વિદ્યાર્થીઓને તેના વ્યાજમાંથી ઇનામ આપવાને સોંપી હતી. પછીથી તે મુડીમાં વધુ રકમ પદરની આપીને દર માસે તેમાંથી રૂા. પાંચની માસિક સ્કોલરશીપ સ્વજ્ઞાતિના વિદ્યાર્થીને આપી શકાય એવી વ્યવસ્થા કરી હતી; એટલુંજ નહિ પણ મહાલક્ષ્મી ટ્રેનીંગ કોલેજ ફોર વિમેન, જે સંસ્થામાં પોતે લાંબો સમય નોકરી કરી હતી ત્યાંની સ્ત્રીઓને ઈનામ આપવા સારૂં પોતા તરફથી રૂા. ૫૦૦ નું ફંડ સોસાઇટીને આપ્યું હતું. એવી રીતે ખાનગી મદદ તેઓ ઘણાને આપતા હતા.

આપણા લોકોમાં આરોગ્ય સુધારણા અર્થે સ્વર્ગસ્થ રણછોડલાલ છોટાલાલે સોસાઇટીને રૂા. ૨૦૦૦ નું ટ્રસ્ટફંડ સોંપ્યું હતું. તેની સરત એવી હતી કે સોસાઇટી આરોગ્ય અને મદ્યપાન નિષેધ એ વિષયો પર યોગ્ય લાયકાતવાળા ગૃહસ્થો પાસે જાહેર વ્યાખ્યાનો અપાવે તેમ તે છપાવે. એ ફંડ આપવામાં જેમ એમનો સ્તુત્ય આશય દેખાઈ આવે છે તેમ લોકજીવનમાં ક્યાં સુધારાને અવકાશ છે અને તે માટે કયું પગલું આવશ્યક છે, તેનું સુક્ષ્મ અવલોકન અને તેનું નિદાન શોધી કાઢવાની એમની ઝીણી બુદ્ધિ આપણને ચકિત કરે છે.

એ ફંડમાંથી ડો. નીલકંઠરાયે દારૂ વિષે વ્યાખ્યાન આપ્યું હતું તેનો ઉલ્લેખ પાછળ થયલો છે. એ યોજનાને અંગે જ ડો. જોસફ બેન્જામીને 'હિન્દુસ્તાનમાં આરોગ્યતાનો સુધારો ' એ વિષય પર લેખ લખી આપ્યો હતો. મૂળ લેખ ડો. જોન મરડોકે લખેલો અને સ્વર્ગસ્થ લાલશંકરની સૂચના

પરથી એમણે તે તૈયાર કર્યો હતો. એમનો બીજો નિબંધ 'તંબાકુ અને ભાંગનાં માદક તત્ત્વ' એ નામનો હતો. એમનું એ વિષયનું નિરૂપણ જેમ માહિતીપૂર્ણ તેમ આધારભૂત જણાશે. ડૉ. જોસફની એવી પ્રકૃતિ છે કે જે વિષયને હાથમાં લે, તેને પૂરેપૂરો છણે, તેમાં ઉંડા ઉતરીને, તેને ઘટતો ન્યાય આપે. અમદાવાદના આરોગ્યનો પ્રશ્ન એમણે બહુ ઝીણવટથી અવલોક્યો છે; અને મદ્યપાન નિષેધની હિલચાલના તેઓ મુખ્ય સંચાલક છે. એ વિષેનો એમનો અભ્યાસ જેમ બારીક તેમ વ્યાપક છે; એટલુંજ નહિ પણ તે વિષેના એમના અભિપ્રાય વિશ્વસનીય ગણી શકાય.

એઓ જાતે બેની ઇઝરાઇલ કોમના છે. એમનો જન્મ તા. ૨૨ મી સપ્ટેમ્બર સન ૧૮૬૩ના રોજ ધારવાડમાં થયો હતો. પ્રથમ તેઓ સરકારી મેડિકલ સર્વિસમાં જોડાયલા; પણ તે નોકરી અનુકૂળ નહિ આવવાથી તેમાંથી રાજીનામું આપીને તેમણે અમદાવાદમાં ખાનગી પ્રેક્ટીસ શરૂ કરી હતી. આજે તેમની પ્રેક્ટીશ બહોળી છે અને આગેવાન ડૉક્ટરોમાં એમની ગણના થાય છે. એમના સબ-આસિ. સર્જનોના હક્ક અને હિતના રક્ષણ અર્થે તેઓ ઘણી ચીવટ રાખે છે. સબ આસિ. સર્જનોની એક સંસ્થા સ્થપાએલી છે, તેના એક અગ્રેસર કાર્યકર્તા અને નિયામક તરીકે એમની સેવા બહુ કિમતી જણાઇ છે, અને તેની કદર એ મંડળે એમના નામનો એક સુવર્ણચંદ્રક સ્થાપીને કરી છે, તે એમની લાયકી અને લોકપ્રિયતા દર્શાવે છે અને એમની એ પ્રતિષ્ઠાને લઇને મુંબાઈની મેડિકલ કૉન્સિલના એક સભ્ય તરીકે એવો કેટલાક સમય સુધી ચુંટાયા હતા. સ્વકોમ માટેની એમની સેવા એટલી જ ઉત્તમ છે અને એમના જાતિભાઇઓએ અગ્રેસર કોમની પરિષદના પ્રમુખ તરીકે પસંદ કરીને એમને અપૂર્વ માન આપેલું છે. અમદાવાદ શહેરની ઘણીખરી સાર્વજનિક સંસ્થાઓમાં તેમનો સંબંધ ચાલુ છે અને અમદાવાદ મ્યુનિસિપાલીટીમાં જ્યારે તેઓ કૌન્સિલર હતા ત્યારે એમના વિચાર અને અભિપ્રાય કિંમતી થઈ પડતા. સન ૧૯૦૩ માં સરકારે એમણે દુકાળ વખતે જે સંગીન કાર્ય કર્યું હતું તેની કદર સર્ટિફિકેટ ઑફ મેરીટ આપીને કરી હતી; પરંતુ આ સર્વ સેવાકાર્યોમાં એમનું મહત્વનું કાર્ય મદ્યપાન નિષેધની પ્રવૃત્તિનું છે. એ પ્રવૃત્તિના તેઓ પ્રાણ છે અને છેલ્લા ૪૦ વર્ષથી અમદાવાદ મદ્યપાન નિષેધ મંડળ એકનિષ્ઠાથી અને નિયમિત રીતે તેઓ ચલાવી રહ્યા છે. એ વિષયમાં એમની ચિવટ અને ખંત જોઇને કોઇને પણ માન ઉપજ્યા વિના રહે નહિ. સોસાઇટી સાથેનો એમનો સંબંધ બહુ જુનો છે;

મેનેજીંગ કમિટીના એક સભ્ય તરીકે એમની હાજરી અને મદદ બહુ ઉપયોગી થઇ પડે છે.

પ્રસ્તુત વ્યાખ્યાનમાળાના અંગે વૈદ્ય કવિ દુર્લભજી શ્યામજી ધ્રુવે, ' કેફનિષેધ 'પર અને શાસ્ત્રી નારાયણ ગીરધર ઠાકરે, ' સાર્વજનિક આરોગ્ય અને મદ્યપાન નિષેધ ' એ વિષય પર ઇનામી ભાષણો આપ્યાં હતાં. વળી ડો. ચુનીલાલ ત્રિભુવનદાસ બહેરાવાળાનું ' શહેરની આરોગ્યતા ' એ વિષય પરનું અને ડો. ધનજીભાઇનું 'મરકી' વિશેનું વ્યાખ્યાન, એ બંને ઉપયોગી માહિતી રજુ કરે છે. ડો. હરિપ્રસાદ ડાહ્યાભાઇએ ' દારૂ અને તેની તન, મન અને ધન પર થતી અસર ' એ નામનું પુસ્તક ઇંગ્રેજી પરથી લખી આપ્યું હતું, અને ' મા અને દીકરી ' એમનું બીજું પુસ્તક, જો કે બીજા ફંડમાંથી લખાયલું, એમની ઝીણવટભરી નજરની આપણને ઝાંખી કરાવે છે.

ડૉ. ધનજીશાએ જનતામાં આરોગ્યનું જ્ઞાન ફેલાવવાનું કાર્ય પોતાનાં જીવનકાર્ય તરીકે લાંબા સમયથી ઉપાડી લીધું છે; અને એ ઉદ્દેશથી લખાએલાં એમનાં પુસ્તકો પુષ્કળ મળી આવશે. તેમાં સ્ત્રીઓ માટે તૈયાર થયલું એમનું " ગર્ભપોષણ અને સુવાવડ " પુસ્તક ખાસ ધ્યાન ખેંચે છે.

ઇસ્લામી લેખકોમાં બેનાં નામો મળી આવે છે. શાહપુરના મહેતાજી નનામિયાં રસુલમીઆં અને ખા. બા. મેહબુબમિયાં કાદરી. નનામિયાંની " મનગમતી સ્ત્રી " એ એક મરાઠી પુસ્તકનો કવિતામાં અનુવાદ છે; અને " ઇસ્લામમાં ભરતીઓટ " જાણીતા ઉર્દુ સાયર હાલીના ગ્રંથનો તરજુમો છે અને તે વાંચવા જેવો છે. એજ વિષય ચર્ચતું ' મુસલમાનોની ચડતી પડતીનો ઇતિહાસ ' એ નામનું પુસ્તક ખા. બા. કાદરીએ ઉર્દુમાંથી ઉતાર્યું હતું અને મુસ્લીમ બંધુઓને તે પ્રોત્સાહક માલુમ પડશે.

મૂળ ફારસી પરથી ફારસી સાહિત્યના એક ઉત્તમ ગ્રંથ અખલાકે મોહસીનીનું ભાષાન્તર દી. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ કર્યું હતું. એક હિન્દુ ફારસી સાહિત્યમાં પારંગત હોઇ તેનો લાભ આપણને આપે એ બનાવ જ આપણે મગરૂરી લેવા જેવો છે; અને એ પુસ્તકના પ્રકાશનથી ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થયું છે, એ વિષે બે મત હોય જ નહિ.

ચરિત્રગ્રંથોમાં હિંદના હાકેમ–Rulers of India એ નામની ગ્રંથમાળામાંના મુખ્ય મુખ્ય પુસ્તકોના તરજુમા કરાવવાની તજવીજ થઈ હતી; પણ એજ કાર્ય મુંબાઇના " ગુજરાતી પ્રેસ" તરફથી શરૂ કરવામાં આવ્યું

હતું એટલે કંઈક ગુંચવણ થવા પામી હતી; અને તે કાર્યની સુપરત સંબંધી વર્તમાનપત્રમાં ચર્ચા પણ ઉદ્ભવી હતી.× તેથી માત્ર ત્રણ પુસ્તકો સોસાઇટી લખાવી શકી અને તે ત્રણ નીચે પ્રમાણે હતાઃ—

લૉર્ડ લૉરેન્સ, અનુવાદક, શ્રીયુત વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય; એલ્ફીન્સ્ટન, અનુવાદક શ્રીયુત ચુનીલાલ માણેકલાલ ગાંધી અને રણજીતસિંહ, અનુવાદક, રા. ડાહ્યાભાઇ પીતાંબરદાસ દેરાસરી.

એ ત્રણ પૈકીના રા. ચુનીલાલ ગાંધીએ અન્ય ક્ષેત્રમાં ઉંચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલી છે અને બીજા એ નામો ગુજરાતી સાહિત્યમાં સુપ્રસિદ્ધ છે.

બેન્જામિન ફ્રાંકલિનનું ચરિત્ર એક ઉત્તમ પુસ્તક છે. એ વિષય જ એવો પ્રબોધક છે કે તેનું વાચન પ્રોત્સાહક થાય. તેની ત્રણ આવૃત્તિઓ થઇ છે તે તેની લોકપ્રિયતા સૂચવે છે અને સામાન્ય પરીક્ષા શ્રીયુત મોતીભાઇ અમીન તરફથી લેવાય છે, તેમાં હમણાં વાચન માટે એ પુસ્તકની પસંદગી થઇ હતી. એજ લેખકનું "જીંદગીનું સાફલ્ય" નામનું પુસ્તક એટલુંજ સરસ નિવડ્યું છે. જીવનના ઘડતરમાં તે એક મિત્રની જેમ મદદગાર થાય છે. એમની અન્ય કૃતિ સોસાઈટી સારૂ લખેલી, ગુજરાતનો ઇતિહાસ બે ભાગમાં છે. ગુજરાતના એક પ્રમાણભૂત ઇતિહાસ ગ્રંથ તરીકે તેનું મૂલ્ય મ્હોટું છે. જે જે ક્ષેત્રોમાં રા. બા. ગોવિંદભાઈ હાથીભાઇએ બીડું ઝડપ્યું છે તેમાં એમનું કાર્ય હમેશાં યશસ્વી નિવડ્યું છે. એમની સાહિત્ય પ્રવૃત્તિ પણ એવી સફળ જણાઈ છે.

પ્રેસિડન્ટ લિંકનનું ચરિત્ર સ્વર્ગસ્થ મણિશંકર રત્નજી ભટ્ટે લખી આપ્યું હતું અને તેનો ઉપોદ્ઘાત એમના મિત્ર પ્રો. બલવન્તરાય ઠાકોરે લખ્યો હતો. તે પછી લિંકન વિષે પુષ્કળ નવી માહિતી ઉપલબ્ધ થઇ છે.

ગુલામોને મુક્તિ અપાવવામાં એમનું નામ ચિરસ્મરણીય થયું છે. આપણા દેશમાંથી હજી ગુલામી નષ્ટ થઈ નથી. કાલીપરજનો પ્રશ્ન હજી અણઉકેલાયો આપણી સમક્ષ પડ્યો છે; અને અંત્યજનો પ્રશ્ન એથી પણ વિશેષ મહત્વ ધરાવે છે. આ સંજોગમાં પ્રેસિડન્ટ લિંકનનું નવું ચરિત્ર પુસ્તક નિઃશંક બળપ્રેરક અને માર્ગદર્શક થાય.

મણિશંકરની ભલામણપરથી દત્તકૃત પ્રાચીન ભારતનો અનુવાદ કરી આપવાનું કાર્ય ડૉ. લક્ષ્મીશંકર મોરારજી ભટ્ટને સોંપાયું હતું. તેઓ પ્રથમ

× જુઓ વાર્ષિક રિપોર્ટ ગુ. વ. સો. સન ૧૮૯૩.



સાંકળેશ્વર જોષી



ડાહ્યાભાઈ પીતામ્બરદાસ દેરાસરી

ભાગ તૈયાર કરી શકેલા. તે પછી એમનું મૃત્યુ થયું એટલે એ કાર્ય અધુરૂં જ રહ્યું હતું.

એકનનું ચરિત્ર શ્રીયુત મોતીલાલ છોટાલાલ પાસે લખાવવામાં આવ્યું હતું. ઇંગ્લાંડના એ મહાપુરુષનું ચરિત્ર વિદ્યાર્થીઓને વિચાર કરવા પ્રેરશે.

કુમારી કાર્પેન્ટર હિંદમાં મુસાફરી કરી ગયલાં. હિન્દી સ્ત્રીઓનાં ઉત્કર્ષાર્થે એમણે ઉપાડી લીધેલી પ્રવૃત્તિ જાણીતી છે. એ પરોપકારી વિદુષીનું ચરિત્ર બંગાળીપરથી દેવરામ શિવરામે તૈયાર કર્યું હતું.

અર્થશાસ્ત્રના એક સમર્થ લેખક તરીકે હેન્રી ફૉસેટનું નામ સુવિદિત છે. હિન્દના હિત માટેની એમની લાગણી અને તે માટે પાર્લામેન્ટમાં તેઓ લડત ચલાવતા તે ખાસ ધ્યાન ખેંચતી. એ ચરિત્રના લેખક શ્રીયુત જીવાભાઈ રેવાભાઈ પટેલનાં બીજાં બે પુસ્તકો જીવનનો આદર્શ (Lecky's Map of Life)નો તરજુમો અને મીલકૃત Subjection of Women પરથી લખાયલું 'સ્ત્રીઓની પરાધિનતા' ગુજરાતી બંધુઓએ વાંચવા જેવાં છે.

શ્રીયુત છગનલાલ ઠાકોરદાસ મોદી અનુવાદિત "જીંદગીનો ઉપયોગ" સર જોન લબક લિખિત Use of Life નો તરજુમો જીવનનો આદર્શ અને જીંદગીનું સાફલ્યની પેઠે આકર્ષક અને બોધપ્રદ છે.

સામાન્ય જ્ઞાન અને નીતિનાં પુસ્તકોમાં સ્વર્ગસ્થ દ્વારકાંદાસ મોતીલાલ પરીખનાં બે પુસ્તકો "કુટુંબનું અભિમાન" અને "નસિબ અને ઉદ્યોગ" સહજ લક્ષ ખેંચે છે; અને તે મરાઠી પરથી લખાયાં હતાં. એવું બીજું મરાઠીપરથી યોજાયલું "શિક્ષણ સૂત્ર" નામનું પુસ્તક હતું. કેળવણીમાં રસ લેનારાઓને તે કંઇક ઉપયોગી જણાશે.

'દુનિયાની બાલ્યાવસ્થા' એ નામનું પુસ્તક એડવર્ડ કલૉડના ઇંગ્રેજી પુસ્તક પરથી ન્યાય ખાતાના કલાર્ક રા. મણિલાલ દલપતરામ પટેલે લખ્યું હતું; અને 'યુવાનોને બોધવચન' જાણીતા 'ઇંગ્રેજી ગુજરાતી કોષ'ના પ્રયોજક શ્રી. ગોવર્ધનપ્રસાદ વ્યાસે મદ્રાસની ક્રિશ્ચિયન જ્ઞાનપ્રચાર મંડળી તરફથી પ્રસિદ્ધ થયલું રેવ. ડૉ. મરડોકના પુસ્તકનો તરજુમો છે. આ બે ચોપડીઓ કવિ ચકુભાઈ સ્મારક ફંડમાંથી છપાવવામાં આવી હતી.

વિજ્ઞાનગ્રંથોમાં શ્રીયુત ડાહ્યાભાઇ દેરાસરીનું 'સરલ પદાર્થવિજ્ઞાન' નામનું પુસ્તક વિદ્યાર્થીઓને બહુ ઉપકારક નિવડ્યું છે. વિજ્ઞાનના શુષ્ક અને નીરસ જણાતા વિષયને આનંદદાયક તેમ સરલ કરી મૂકવાની

લેખકની શક્તિ આશ્ચર્ય પમાડે છે. સ્વર્ગસ્થ ગંગાશંકર વૈષ્ણવનું રચેલું 'પદાર્થ વિજ્ઞાન' પણ એક પાઠ્ય પુસ્તક તરીકે ઉપયોગી નિવડ્યું છે; અને ખગોળનો પરિચય કરાવતું રા. આત્મારામ દિવાનજીનું 'પૃથ્વી' વિષેનું વ્યાખ્યાન સામાન્ય વાચકને પણ રસપ્રદ થશે.

વૈદકની દૃષ્ટિએ સ્વર્ગસ્થ દોલતરામ કાશીરામ પંડિત અનુવાદિત "છોકરાની આરોગ્યતા" અને દેવશંકર મોતીરામે કરેલો ડૉ. ભાલચંદ્ર કૃષ્ણના મરાઠી પુસ્તક "અબળા સંજીવન"નો તરજુમો એ બંને ઉપયોગી ગ્રંથો છે; અને ઔષધિ કોશ, ભા. ૧ ચમનરાય શિવશંકર સંયોજિત વૈદ્યોને એક મહત્વનું રેફરન્સ પુસ્તક થઈ પડ્યું છે. આજે પણ, જો કે તે કોશ અપૂર્ણ છે છતાં, તેની માગણી થયા કરે છે.

સ્ત્રી લેખકોમાં ગુજરાતી સ્ત્રી સમાજના ભૂષણરૂપ જાણીતા વિદુષી બ્હેન સૌ. શારદા સુમન્ત મહેતાનું 'મીસ ફ્લૅારન્સ નાઇટિંગલનું ચરિત્ર' વાચકને પ્રેરણાત્મક થશે. પ્રસ્તુત વિષય લેવામાં લેખકની સેવાવૃત્તિ જે જાણીતી છે, તે એમનાં જીવનના આદર્શનું પ્રતિબિંબ પાડતું ન હોય એમ ભાસે છે. આ પુસ્તક પ્રસિદ્ધ થયે લગભગ પા સદી વીતી ગઈ છે. એ પછી મીસ ફ્લૅારન્સ નાઇટીંગલના જીવન સંબંધમાં પુષ્કળ નવી માહિતી પ્રાપ્ત થઈ છે. એમના જીવનને નાટકરૂપે પણ રજુ કરવામાં આવ્યું છે. અમે ઇચ્છીએ છીએ કે સૌ. શારદાબ્હેન સદરહુ ચરિત્ર તદ્દન નવેસર લખી આપે.

સૌ. સગુણા બ્હેન ભાનુસુખરામ, જેમના પતિ અને પુત્ર બંને સાહિત્યકારો છે, એમણે "બોધક સતી ચરિત્રો" એ નામનું એક ન્હાનું પુસ્તક રચી આપ્યું હતું; અને અહિંના જાણીતા દાવર કુટુંબની ત્રણ બાનુઓ-દાવર બ્હેનોનું "નામાંકિત નારીઓ"-એમાં યુરોપની કેટલીક પ્રસિદ્ધ સ્ત્રીઓનાં ચરિત્ર વર્ણવવામાં આવ્યાં છે, જે સ્ત્રીઓને માર્ગદર્શક થશે.

સ્વર્ગસ્થ સુમતિ બ્હેનનું "સદ્‌ગુણી સ્ત્રીઓ" એ પુસ્તક પણ બ્હેનોને સહાયક થશે. આ અનુવાદ પુસ્તક લેખક બ્હેનની શક્તિનો સરસ પરિચય કરાવે છે. એક કવિયત્રી તરીકે એ બ્હેને સારી કીર્તિ મેળવેલી છે. એમની કવિતાનો સંગ્રહ "હૃદય ઝરણાં" નામે વસન્ત માસિકે તેના ઉપહાર તરીકે વહેંચ્યો હતો.

'ગુજરાતી પંચ'ની ભેટ તરીકે એમનું "શાન્તિદા' નામનું પુસ્તક વાંચ્યું ત્યારથી એ બ્હેનની બુદ્ધિશક્તિ માટે બહુ ઉંચો અભિપ્રાય બંધાયો



સૌ. શારદાબ્હેન સુમન્ત મહેતા



સૌ. સુમતિબ્હેન લલ્લુભાઈ

હતો. ઇબ્સન રચિત ડૉલહાઉસનું એ રૂપાંતર હતું; અને તે સફળ નિવડ્યું હતું. ખેદનો વિષય એ છે કે એ બ્હેન લાંબુ આયુષ્ય ભોગવવા જીવ્યા નહિ; નહિ તો એમની પાસેથી વિવિધ વિષયની નવીન કૃતિઓ–વાર્તા, નાટક, કવિતા વગેરે આપણને મળતાં રહ્યાં હોત, જે આપણને આનંદદાયક થઇ પડી, સ્ત્રી માનસ અને સ્ત્રી શક્તિનો સરસ પરિચય કરાવત.

'કેટલીક નવલકથાઓ' એ નામનું એમની ચાર ન્હાની વાર્તાઓનું પુસ્તક એમના મૃત્યુ બાદ બહાર પડ્યું હતું. તેમાં લેડી વિદ્યાબહેન નીલકંઠે, એ બ્હેન વિષે નીચે મુજબ હકીકત આપી છે અને તે જાતમાહિતી પરથી લખાયલી હોઇ પ્રમાણભૂત લેખાશે.

"સ્વ. સૌ. સુમતિ, મૂળ ભાવનગરના પણ મુંબાઇવાસી જાણીતા શહેરી રા. લલ્લુભાઈ શામળદાસની પુત્રી થાય અને અમદાવાદના પ્રસિદ્ધ સરદાર રા. બ. ભોળાનાથ સારાભાઇના પુત્ર સ્વ. ભીમરાવની દોહિત્રી થાય. બાળપણથી અતિશય ચંચળતા તેનામાં જણાઇ આવતી. એની જીંદગી ઝપાટાબંધ પૂરી થવાની હતી તેથી જાણે બોલતાં ચાલતાં સર્વ તે અસાધારણ નાની ઉમરે શીખેલી. તેનો શાળાનો રીતસરનો અભ્યાસ લાંબો વખત નહીં ચાલેલો પરંતુ બુદ્ધિની તીવ્રતા, જ્ઞાનની જિજ્ઞાસા અને પિતાના ઘરનું પુસ્તકમય વાતાવરણ એ સર્વને પરિણામે બહેન સુમતિને વાંચનનો શોખ બેહદ થયો. કુટુંબીજનો સાથે નવું નવું વાંચી, જેમનું જે વિષય તરફ વલણ હોય તેમની તરફથી તે સંબંધી જ્ઞાન મેળવી ઘણી ટુંકી મુદતમાં તેણે ઘણાં પુસ્તકો વાંચ્યાં–વાંચ્યાં એટલું જ નહીં પણ સાહિત્યરસિકતાનાં, સંસ્કારિતાનાં બીજ પોતાના હૃદયમાં રોપ્યાં, કુદરતે એનું હૃદય એ સર્વગ્રહણ કરે એવું ઘડ્યું હતું એટલે યોગ્ય સ્થાને એ બીજ પડતાં તેમનો વિકાસ થઈ જનસમાજને તેનાં મધુર ફળ મળ્યાં.

× × × × ×

ગુજરાતી સાહિત્યમાં સૌ. સુમતિનું સ્થાન ઉંચું છે એમ સાક્ષરોએ સ્વીકારેલું છે. ગુર્જરસ્ત્રી સાહિત્યમાં તો એથી પણ વિશેષ ઉંચા પદની એ અધિકારિણી છે. સ્ત્રી લેખકો–ખરેખરાં પ્રતિભાશાળી લેખકો ગુજરાતમાં નહીં જેટલાં છે. સુમતિ જેટલી દિશામાં કાર્ય કર્યું હોય એવાં તો કોઇ નથી એમ કહીએ તો ચાલે. કાવ્યો, નાટકો, વાર્તાઓ, વગેરે સાહિત્યનાં મુખ્ય અંગમાં તેનો પ્રવેશ હતો!!*

---

* જુઓ 'કેટલીક નવલકથાઓ', પૃ. ૩–૪.

આ સૌ પુસ્તકોમાં પંડિતા જમનાબ્હેનનું પુસ્તક "સ્ત્રી પોકાર" પ્રચલિત પુરુષરાજ્ય સામે બંડ ઉઠાવે છે. બ્હેનો બંડ કરતી થશે ત્યારેજ હિન્દુ સમાજ સુધરશે; અને પુરૂષ વર્ગ પણ સ્ત્રીઓના સમાન હક્ક અને સ્વાતંત્ર્ય સ્વીકારવાની સાથે, તેમને પૂરો ન્યાય આપશે.

સ્ત્રીઓનું સન્માન થવા સ્વર્ગસ્થ ડાહ્યાભાઇ લક્ષ્મણભાઈ પટેલે "સંસારમાં સ્ત્રીની પદવી", એ નામનું એક સુંદર પુસ્તક રચ્યું હતું. સ્ત્રી ગૌરવ અને સ્ત્રીની મહત્તા પ્રતિપાદન કરતું એ પુસ્તક એકવાર જોઇ જવા અમે વાંચક બંધુને ભલામણ કરીશું.

ગુજરાતી સાહિત્યકારોમાં એમણે એમની કૃતિઓથી પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમની ટુંકી વાર્તાઓ અને કવિતાઓ આલ્હાદક અને સ્ફૂર્તિદાયક જણાશે.+ એમનું આખું જીવન એક પત્રકાર તરીકે વ્યતિત થયું હતું; અને એમના અગ્રલેખો સમજપૂર્વક, ગંભીરતાથી, સંયમ જાળવીને પણ ભારપૂર્વક લખાતા, જે વાચકને વિચાર કરવા પ્રેરી, તેના આદરપાત્ર થતા હતા.

આપણા દેશમાં બાર તેર વર્ષની વય થતાં, કન્યાઓ લગ્નથી જોડાઇ, તેમને તેમનો અભ્યાસ અધવચ્ચે પડતો મૂકવો પડે છે. તે કારણે તેમનો માનસિક વિકાસ આગળ થતો અટકે છે; અને એવી બાળાઓની સંખ્યા બહુ મોટી છે. એવી મોટી થયલી બાળાઓને અગાડી અભ્યાસ કરવાનું કેમ બની શકે એ પ્રશ્ન શ્રીયુત જગજીવન દયાળજી મોદીએ "મોટી ઉમરની હિન્દુ સ્ત્રીઓની કેળવણી" એ નિબંધમાં ચર્ચ્યો છે.

એક કાબેલ અને હુંશિયાર મહેતાજી તરીકે શ્રીયુત જગજીવનદાસ મોદીની નામના બહોળી છે; અને એક સાહિત્યકાર તરીકે પણ એમની ગણના થયલી છે. પાછળ રહીને કામ કરવાના સ્વભાવથી એમનું સાહિત્ય કામ બહાર બહુ જાણવામાં નથી; પણ એ બાબની આ મુંગી સેવા જેમને પરિચિત છે તેઓ તેની મુક્ત કંઠે પ્રશંસા કરે છે.

'વૈતાળ પચ્ચીસી' નામનો જુની ગુજરાતીનો ગ્રંથ એમણે એડિટ કર્યો છે, તે એમનો એ વિષય પ્રતિનો શોખ દર્શાવે છે; અને એમનું "દયારામ" ચરિત્ર સાહિત્યરસિકોએ વિચારવા જેવું છે. તેમાંની માહિતી પુષ્કળ શ્રમ લઇને જાત તપાસ પરથી તેમણે નોંધેલી છે.

---

+ એમના જીવનચરિત્ર માટે જુઓ એમનો કવિતા સંગ્રહ.

કવિતાના પુસ્તકોમાં દલપત કાવ્યની અગાઉ નોંધ કરેલી છે. કવિ કહાનજી ધર્મસિંહ રચિત "સ્ત્રીગીત સંગ્રહ" નીતિબોધક વાચન પૂરૂં પાડે છે. સ્વર્ગસ્થ કાંટાવાળા સંપાદિત ઉદ્ધવકૃત રામાયણ જુની કવિતાના પુસ્તક તરીકે મહત્વ ધરાવે છે; એટલુંજ નહિ પણ તેનું પ્રકાશન ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં કેટલાક ખૂટતા અંકોડા પૂરા પાડે છે.*

સ્વર્ગસ્થ લાલશંકરે શાળાઓમાં વિદ્યાર્થીઓને નીતિપાઠ અને સદાચરણનો બોધ આપવાનું સુતરૂં થાય એ વિચારથી "શિક્ષા વચન" એ નામથી એક કવિતા સંગ્રહનું પુસ્તક સંયોજ્યું હતું. રણછોડભાઇ કન્યાશાળામાં તેના સ્થાપક રણછોડભાઇએ કન્યાશાળામાં ધાર્મિક અને નીતિના શિક્ષણ પર ખાસ આગ્રહ કર્યો હતો; અને તે શાળાના સેક્રેટરી તરીકે એ મુદ્દો વિચારીને લાલશંકરભાઇએ સદરહુ પુસ્તક ગૂંથ્યું હતું અને તે જુદા જુદા ગૃહસ્થોને મોકલી આપતાં, સર્વેએ તેની સંકલના પસંદ કરી હતી.

ઐતિહાસિક પુસ્તકોમાં થોડાંકની નોંધ ઉપર થયલી છે. બાકીનામાં ડૉ. રામકૃષ્ણ ગોપાળ ભાંડારકરકૃત 'દક્ષિણનો પૂર્વ સમયનો ઇતિહાસ' અને સ્વર્ગસ્થ રાનડે રચિત 'મરાઠી સત્તાનો ઉદય' એ પુસ્તકોના તરજુમા શ્રીયુત નવનીતરાય નારાયણભાઇ મહેતા અને સ્વર્ગસ્થ કરીમઅલી રહીમઅલી નાનજીઆણીએ કર્યા હતા. તે ઉત્તમ પુસ્તકો છે એમ કહેવાની ભાગ્યેજ જરૂર રહે છે. શ્રીયુત નવનીતરાય જ્ઞાતે સાઠોદરા નાગર છે; વર્ષો સુધી વકીલાત કર્યા પછી હાલમાં તેઓ નિવૃત્તિમાં આનંદ લે છે. એમણે એની બિસન્ટ કૃત Thought Power—'વિચારબળ અને તેની શક્તિ' એ પુસ્તકને ગુજરાતીમાં ઉમેર્યું હતું. મી. નાનજીઆણીએ તેમનું જીવન કેળવણીના કાર્યમાં ગાળ્યું હતું અને એક મુસ્લીમ લેખક તરીકે એમની સાહિત્ય સેવા જાણીતી છે.

છેવટે ફાર્બસ રચિત "રાસમાળા" ની અમે નોંધ કરીશું. એ પુસ્તકની પહેલી આવૃત્તિ ગુજરાતીમાં શ્રી ફૌર્બસ સભા—મુંબાઇએ છપાવી હતી. તેની બીજી આવૃત્તિ કાઢવા સોસાઇટીએ એ સભાની પરવાનગી માગી હતી, તે એને આપવામાં આવી હતી. સોસાઈટીએ એમાં રણછોડભાઇ પાસે નવાં ટીપ્પણો, નોંધ વગેરે ઉમેરાવ્યું હતું. એ રીતે ગુજરાતીના ઇતિહાસના અભ્યાસીઓને તે પુસ્તક બહુ મૂલ્યવાન થયું હતું.

* એ વિષે ચર્ચા માટે જુઓ રા. રામલાલ મોદીનો લેખ "ગુજરાતી" નો દિવાળી અંક, સંવત્ ૧૯૮૮.

મૂળ આવૃત્તિનાં ચિત્રો વગેરે આમાં અપાયાં નહોતાં. તે સંબંધમાં મનઃસુખરામનો ઉત્તર નીચે પ્રમાણે મળી આવે છેઃ

"ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ રાસમાળાનું પુસ્તક સચિત્ર કિંવા અચિત્ર પ્રસિદ્ધ કરવું એ વિષે અત્રસ્થ સભાની કંઇ સૂચના કે આગ્રહ નથી. એ સંબંધમાં તો ત્યાંની અનુકૂળતાનુસારે આપે કરવાનું છે."

એકજ આવૃત્તિ કાઢવાની સોસાઇટીને રજા મળી હતી. હમણાં તેની ત્રીજી આવૃતિ શ્રી ફૉર્બ્સ સભાએ પ્રસિદ્ધ કરી છે.

એ પુસ્તક જ દેશપરદેશમાં ફાર્બ્સની કીર્તિ પ્રસારશે, અને કાયમ રાખશે.

# પરિશિષ્ટ ૮
## વધુ નવાં પુસ્તકો
### સન ૧૮૯૨ થી ૧૯૦૮

**નારાયણ હેમચંદ્ર.**

| | |
|---|---|
| ઉદ્યોગી પુરુષો | ૧૮૯૩ |
| ધાર્મિક પુરુષો | ,, |
| વિવાહ તત્ત્વસિંધુ | ,, |
| સ્ત્રી જાતિ વિષે વિવેચન | ,, |
| જ્ઞાન વચન | ,, |
| જીવજન્તુ અને વનસ્પતિની અજાયબીઓ | ,, |
| ધર્મનીતિ | ૧૮૯૪ |
| દર્શન શાસ્ત્ર સંબંધી ચર્ચા | ,, |
| પ્રખ્યાત સ્ત્રીઓનાં ગુણુ કીર્તન | ,, |
| માનું કર્તવ્ય | ,, |
| પ્રાચીન ભરતખંડનો મહિમા | ૧૮૯૫ |
| બોધક ચરિત | ૧૮૯૬ |
| જીવતત્ત્વ | ૧૮૯૯ |
| વનસ્પતિ તત્ત્વજ્ઞાન | ૧૯૦૦ |
| શિક્ષણશાસ્ત્ર | ૧૯૦૦ |

**નીલકંઠરાય ડાહ્યાભાઈ.**

| | |
|---|---|
| દારૂ | ૧૮૯૨ |
| સાધારણ પદાર્થોનું રસાયણ | ૧૮૯૭ |
| હિન્દુસ્તાનનાં ગામડાંની આરોગ્યતા | ,, |
| ઘરમાં વપરાતી ચીજોનું રસાયણ | ૧૮૯૯ |
| અકસ્માત વખતે મદદ અને ઇલાજ | ૧૯૦૦ |
| નવરાશના વખતમાં ગમ્મત અને જ્ઞાન | ૧૯૦૧ |
| માંદાની માવજત | ૧૯૦૫ |
| લોકોપયોગી શારીર વિદ્યા | ૧૯૦૮ |

**પરમાનંદદાસ ભોળાભાઈ પારેખ.**

| | |
|---|---|
| લંક.નો ઇતિહાસ | ૧૮૯૩ |
| ડેમોસ્થિનીસનું ચરિત્ર | ૧૮૯૮ |

**ડા. ત્રિભોવનદાસ મોતીચંદ શાહ.**

ગૃહવ્યવસ્થા અને આરોગ્યવિદ્યા ૧૮૯૮

**ગણપતરાવ ગોપાળરાવ બર્વે.**

અનાદિ કાળથી ચાલતી આવેલી પ્રાણીજ સૃષ્ટિ ૧૮૯૩

હિંદની ખનીજ સંપત્તિ ,,

**બળવંતરામ મહાદેવરામ.**

અનેક વિદ્યાનાં મૂળતત્ત્વો ૧૮૯૩

હિન્દની રાજ્ય વ્યવસ્થા અને લોકસ્થિતિ ૧૮૮૯

**કૃપાશંકર દોલતરામ ત્રવાડી.**

ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનું જીવનચરિત્ર ૧૮૯૯

રાજા રામમોહનરાયનું જીવનચરિત્ર ,,

ગૃહિણી-કર્તવ્ય દીપિકા ,,

રૂશિયા ,,

**બાલાશંકર ઉલ્લાસરામ.**

માર્કોપોલોનો પ્રવાસ ૧૮૯૮

**જગજીવનદાસ ભવાનીશંકર કાપડીઆ.**

સર વિલિયમ વૉલેસ ૧૮૯૩

હિન્દનાં મહારાણી અને તેમનું કુટુંબ ,,

પ્રતિનિધિ રાજ્ય વિષે વિવેચન ,,

**મણિલાલ છબારામ.**

બર્નિયરનો પ્રવાસ, ૧૮૯૮

**રા. બા. ગોવિંદભાઈ હાથીભાઈ.**

બેન્જામીન ફ્રાંકલિનનું જીવનચરિત્ર ૧૮૯૫

જીંદગીનું સાફલ્ય. ૧૮૯૭

ગુજરાતનો ઇતિહાસ ભા. ૧ ( પ્રાચીન ) ૧૮૯૮

,, ,, ભા. ૨ ( અર્વાચીન ) ,,

**રા. બા. કમળાશંકર પ્રા. ત્રિવેદી.**

કર્તવ્ય. ૧૮૯૫

ઈંગ્લાંડની ઉન્નતિનો ઇતિહાસ ૧૮૯૭

શ્રી બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યાનુવાદ, પ્રથમ ભાગ ૧૯૦૭

**જમિયતરામ ગૌ. શાસ્ત્રી.**

| | |
|---|---|
| બ્રાહ્મણોના સોળ સંસ્કાર | ૧૮૯૬ |
| જગતનો અર્વાચીન ઇતિહાસ | |

**કૃષ્ણલાલ મો. ઝવેરી.**

| | |
|---|---|
| મોહસિનીનાં નીતિવચનો | |

**ત્રકમલાલ દામોદરદાસ.**

| | |
|---|---|
| ઇલેક્ટ્રોપ્લેટીંગનો હુન્નર | ૧૯૦૩ |
| સીમેન્ટ બનાવવાનો હુન્નર | ,, |
| વાર્નિશ | ૧૯૦૫ |
| વિવિધ પ્રકારના હુન્નરોપયોગી તેજાબો | ,, |

**કૃષ્ણરાવ ભોળાનાથ.**

| | |
|---|---|
| પુનર્વિવાહ પક્ષની ફજેતી | ૧૮૯૨ |
| ભ્રાન્તિ સંહાર નાટક | ૧૮૯૯ |

**કેશવલાલ મોતીલાલ પરીખ.**

| | |
|---|---|
| ભોજન વ્યવહાર ત્યાં કન્યા વ્યવહાર | ૧૮૯૩ |
| હિન્દની ઉદ્યોગ સ્થિતિ | ૧૯૦૭ |

**હરિલાલ નરસિંહરામ વ્યાસ.**

| | |
|---|---|
| રઘુવંશ કાવ્ય | ૧૮૯૭ |
| કિરાતાર્જુનીય કાવ્ય | ૧૮૯૭ |
| શિશુપાલ વધ–પૂર્વાર્ધ | |

**રેવાશંકર અંબારામ ભટ્ટ.**

| | |
|---|---|
| નીતિ સિદ્ધાંત | ૧૮૯૮ |
| પરોપકાર | ૧૯૦૦ |

**દુલેરાય છોટાલાલ અંજારિયા.**

| | |
|---|---|
| ખેતીવાડી અને બગીચાની ઉપજ વધારનારાં ખાતર | ૧૯૦૩ |

**મોહનલાલ કામેશ્વર પંડ્યા.**

| | |
|---|---|
| ઢોરનું ખાતર | ૧૯૦૧ |

**કવિ દલપતરામ.**

| | |
|---|---|
| દલપત કાવ્ય ભા. ૧ ( બીજી આવૃત્તિ ) | ૧૮૯૬ |
| ,, ભા. ૨ ,, | ,, |
| વેનચરિત્ર. | ૧૮૯૯ |

**મનઃસુખરામ સૂર્યરામ.**

ફારબસ જીવનચરિત્ર ૧૮૯૮

શેઠ હરિવલ્લભદાસ બાળગોવિંદદાસનું જીવનચરિત્ર ૧૮૯૯

**છગનલાલ વિ. રાવળ.**

જાવજી દાદાજી ચૌધરીનું ચરિત્ર ૧૮૯૭

**મણિશંકર રત્નજી ભટ્ટ.**

પ્રેસિડન્ટ લિંકનનું ચરિત્ર ૧૮૯૫

**રા. સા. ગણપતરામ અનુપરામ.**

સદ્વર્તન

**મોતીલાલ છોટાલાલ દેસાઇ.**

ફ્રાન્સીસ બેકનનું જીવનચરિત્ર ૧૮૯૯

**વલ્લભજી હરિદત્ત આચાર્ય.**

કીર્તિ કૌમુદી ૧૯૦૮

**જીવાભાઈ રેવાભાઈ પટેલ.**

હેન્રિ ફ્રૉસેટનું જીવનચરિત્ર ૧૯૦૨

જીવનનો આદર્શ ૧૯૦૭

સ્ત્રીઓની પરાધીનતા ૧૯૦૮

**લક્ષ્મીશંકર મોરારજી.**

પ્રાચીન ભારત ૧૮૯૮

**જેકીસનદાસ જેઠાભાઈ કણિયા.**

પાતંજલ યોગદર્શન ૧૮૯૪

**મણિલાલ નભુભાઈ.**

ન્યાયશાસ્ત્ર ૧૮૯૭

**રા. સા. મહીપતરામ નીલકંઠ.**

ગ્રીસ દેશનો ઇતિહાસ ૧૮૯૩

**ચુનીલાલ બાપુજી મોદી.**

વિધવા વપન અનાચાર ૧૮૯૩

**ભોગીલાલ ભીખાભાઈ ગાંધી.**

રૂઢિ પ્રયોગ કોશ ૧૮૯૮

**મલ્હાર ભીખાજી બેલસરે.**

સ્વાતંત્ર્ય ૧૮૯૮

**રવિશંકર જગન્નાથ.**

શિક્ષણ સૂત્ર ૧૮૯૮

**દેવરામ શિવરામ દ્વિવેદી.**

કુમારી કાર્પેન્ટરનું જીવનચરિત્ર ૧૮૯૮

**દ્વારકાંદાસ મોતીલાલ પરીખ.**

કુટુંબનું અભિમાન અને પોતાનો દુરાગ્રહ ૧૮૯૮

નશીબ અને ઉદ્યોગ વિષે નિબંધ ,,

**ગંગાશંકર મણિશંકર વૈષ્ણવ.**

પદાર્થ વિજ્ઞાન ૧૯૦૮

**આત્મારામ મોતીરામ દિવાનજી.**

ખગોળ સંબંધી વ્યાખ્યાનમાળા ૧૯૦૩

**ડાહ્યાભાઇ પી. દેરાસરી**

રણજીતસિંહ ૧૮૯૫

સરળ પદાર્થ વિજ્ઞાન ૧૮૯૬

**ચુનીલાલ માણેકલાલ ગાંધી.**

માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન ૧૮૯૫

**વિશ્વનાથ પ્ર. વૈદ્ય.**

લૉર્ડ લોરેન્સ ૧૮૯૫

**ચમનરાય શિવશંકર વૈષ્ણવ.**

ઔષધિ કોશ, ભા. ૧ લો. ૧૮૯૯

**હરિપ્રસાદ ડાહ્યાભાઇ છત્રપતિ.**

મા અને દીકરી ૧૮૯૮

દારૂ અને તેની તન, મન અને ધન ઉપર અસર ,,

**દેવશંકર મોતીરામ વ્યાસ.**

અબળા સંજીવન ૧૮૯૯

**દોલતરામ કાશીરામ પંડિત.**

છોકરાંની આરોગ્યતા ૧૮૯૯

**કાનજી ધર્મસિંહ.**

| | |
|---|---|
| સ્ત્રી ગીત સંગ્રહ | ૧૯૦૦ |

**ડાહ્યાભાઈ લક્ષ્મણભાઈ.**

| | |
|---|---|
| સંસારમાં સ્ત્રીની પદવી | ૧૯૦૭ |

**છગનલાલ ઠાકોરદાસ મોદી.**

| | |
|---|---|
| જીંદગીનો ઉપયોગ | ૧૮૯૯ |

**નનામીયાં રસુલમીયાં.**

| | |
|---|---|
| મન ગમતી સ્ત્રી | ૧૯૦૦ |
| ઇસ્લામનો ભરતી ઓટ | ૧૯૦૭ |

**ખા. બા. એમ. આઇ. કાદરી.**

| | |
|---|---|
| મુસલમાનોની રાજકીય તથા વિદ્યા સંબંધી ચઢતીનો ઇતિહાસ તથા તેમની પડતીનાં કારણો | ૧૯૦૬ |

**મણિલાલ દલપતરામ પટેલ.**

| | |
|---|---|
| દુનિયાની બાલ્યાવસ્થા | ૧૮૯૬ |

**વિઠ્ઠલરાય ગોવર્ધનપ્રસાદ.**

| | |
|---|---|
| યુવાનોને બોધ વચન | ૧૮૯૭ |

**સૌ. શારદા બ્હેન મહેતા.**

| | |
|---|---|
| મિસ ફ્લોરેન્સ નાઇટીંગેલનું જીવનચરિત્ર | ૧૯૦૭ |

**સૌ. સગુણાબ્હેન ભાનુસુખરામ.**

| | |
|---|---|
| સ્ત્રીબોધક સતી ચરિત્રો | ૧૯૦૭ |

**દાવર બ્હેનો.**

| | |
|---|---|
| નામાંકિત નારીઓ | ૧૯૦૦ |

**પંડિત જમનાબાઈ.**

| | |
|---|---|
| સ્ત્રીપોકાર | ૧૯૦૭ |

**સૌ. સુમતિ.**

| | |
|---|---|
| સદ્ગુણી સ્ત્રીઓ | ૧૯૦૮ |

**ડૉ. ધનજીભાઈ હોરમસજી મહેતા.**

| | |
|---|---|
| ગર્ભ પોષણ અને સુવાવડ | ૧૯૦૬ |
| મરકી વિષે ભાષણ | ૧૯૦૮ |

**ડૉ. જોસફ બેન્જામીન.**

| | |
|---|---|
| તંબાકુ અને ભાંગનાં માદક તત્વો | ૧૮૯૪ |
| હિંદુસ્તાનમાં આરોગ્યતાનો સુધારો | ૧૮૯૯ |

**વૈદ્ય દુર્લભજી શ્યામજી ધ્રુવ.**

| | |
|---|---|
| કેફ નિષેધક | ૧૮૯૨ |

**શાસ્ત્રી નારાયણ ગીરધલાલ ઠકુર.**

| | |
|---|---|
| મદ્યપાન નિષેધ | ૧૯૦૬ |
| સાર્વજનિક આરોગ્ય | ,, |

**ડૉ. ચુનીલાલ ત્રિભોવનદાસ બહેરાવાળા.**

| | |
|---|---|
| શહેરની આરોગ્યતા | ૧૯૦૮ |

**જગજીવન દયાળજી મોદી.**

| | |
|---|---|
| મોટી ઉમરની સ્ત્રીઓની કેળવણી | ૧૯૦૮ |

**રણછોડભાઈ ઉદયરામ.**

| | |
|---|---|
| રાસમાળા ભા. ૧ | ૧૮૯૯ |
| ,, ભા. ૨ | ,, |

**રા. બા. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા.**

| | |
|---|---|
| ઉદ્ધવ કૃત રામાયણ | ૧૮૮૩ |

**કરીમઅલી રહીમભાઈ નાનજીઆણી.**

| | |
|---|---|
| મરાઠી સત્તાનો ઉદય | ૧૯૦૮ |

**નવનીતરાય નારાયણભાઈ.**

| | |
|---|---|
| દક્ષિણનો પૂર્વ સમયનો ઇતિહાસ | ૧૯૦૮ |

**લાલશંકર ઉમિયાશંકર.**

| | |
|---|---|
| શિક્ષાવચન | ૧૮૯૬ |

# પ્રકરણ ૯

## સોસાઇટીનાં ધારાધોરણ

" Wisdom is the daughter of Experience
Truth is the daughter of Time. "

[ *Leonardo* ]

સોસાઇટીનું બંધારણ શરૂઆતમાં કામપુરતું અને સંક્ષેપમાં ઘડાયું હતું; પણ તેનું કાર્ય જેમ વધતું અને ખીલતું ગયું તેમ નવી પરિસ્થિતિને પહોંચી વળવા સારૂ તેમાં સુધારાવધારા કરવાની તેમ વધુ કલમો ઉમેરવાની અગત્ય જણાવા લાગી. તે પરથી એ સઘળા નિયમો કમિટીએ નવેસર વિચારી તપાસીને સન ૧૮૭૨ માં સુધારાવધારાવાળો બંધારણનો ખરડો વાર્ષિક સામાન્ય સભામાં મંજુર કરાવ્યો હતો; તે વૃત્તાંત પહેલા ખંડમાં અપાઈ ગયો છે.

સન ૧૮૭૯માં કચ્છ રીજન્સી કૌઉન્સિલે ગિબ્સ સ્મારક ફંડ રૂ. ૨૫૦૦) નું સોસાઇટીને ગુજરાતી ભાષા સાહિત્યના અભ્યુદય અર્થે સોંપવાનો નિર્ણય કર્યો અને તેનું ટ્રસ્ટડીડ મુંબાઇમાં તેમના સોલિસિટરોને તૈયાર કરવા મોકલી આપતાં, તેઓએ સોસાઇટી કાયદેસર નોંધાયલી સંસ્થા નથી એ પ્રશ્ન ઉપસ્થિત કર્યો. આવા નજીવા કારણસર તે ફંડ આવતું અટકે નહિ તેથી રા. સા. મહીપતરામે સોસાઇટીને સન ૧૮૮૦ માં સન ૧૮૬૦ ના ૨૧ મા એક્ટ પ્રમાણે રજીસ્ટર કરાવવા તાબડતોબ વ્યવસ્થા કરી. અહિં એક ક્ષુલ્લક કાયદાની ગુંચ ઉભી થઇ હતી. સદરહુ એક્ટ સન ૧૮૬૦ માં પસાર થયો હતો અને સોસાઇટીની સ્થાપના સન ૧૮૪૮ ના ડિસેમ્બર માસમાં થઇ હતી, એટલે મૂળ એક્ટમાં દર્શાવેલી કેટલીક વિગતોનું પાલન થઈ શકે એમ નહોતું. સરવાળે એ અગત્યની વસ્તુ નથી એમ ગણી જોઇન્ટ સ્ટોક કંપનીના રજીસ્ટ્રારે એ વાંધો જતો કર્યો હતો.

સદરહુ રજીસ્ટ્રેશન માટે સરકારમાં સોસાઇટીનાં ધારાધોરણ મોકલી આપતી વખતે કમિટી તે ફરી તપાસી ગઈ હતી; અને સોસાઇટી કેળવણી વિષયક કાર્ય પણ હાથ ધરી શકે એ સ્પષ્ટ કરવાને સોસાઇટીના મૂળ

ઉદ્દેશમાં "and to promote education in general" એ શબ્દો નવા ઉમેરવામાં આવ્યા હતા.

સન ૧૮૭૯ ના રીપોર્ટમાં એ સુધારેલો નિયમ નીચે મુજબ આપેલો છે:-

"આ સોસાઇટીનો હેતુ એવો છે કે-ગુજરાતી ગ્રંથોને ઉત્તેજન આપવું, ઉપયોગી જ્ઞાનનો વધારો કરવો **અને અનેક પ્રકારે કેળવણીને ઉત્તેજન આપવું.**"

આ પ્રમાણે સોસાઇટીનું કાર્યક્ષેત્ર વિસ્તૃત કરવાની સાથે સોસાઇટીના કામકાજમાં લોકો વધુ રસ લેતા થાય અને તેમાં સભાસદ તરીકે જોડાવાને આકર્ષાય એ આશયથી સભાસદના ધોરણમાં વાર્ષિક રૂ. ૨ આપનારનો ત્રીજો વર્ગ દાખલ કરવામાં આવ્યો હતો; અને વિશેષમાં સામાન્ય સ્થિતિનો મનુષ્ય સોસાઇટીમાં આજીવન સભ્ય તરીકે જોડાઈ શકે તેટલા માટે તેનું લવાજમ તે હફતાથી ભરે એવી જોગવાઈ કરી આપવામાં આવી હતી. સન ૧૮૮૭ માં એ સુધારો પસાર કરવામાં આવ્યો. તે નિયમ નીચે મુજબ હતો:-

### બાય લૉ.

"એકી વખતે રૂ. ૫૦) સામટા આપી શકે એવી જેની સ્થિતિ ના હોય તેવો જે લાયક માણસ દર વરસે રૂ. ૧૦) પ્રમાણે પાંચ હપતાથી રૂ. ૫૦) પૂરા કરી આપે તેને જન્મપર્યંતનો મેમ્બર કરવો. પહેલો હપતો પ્રથમથી જ લેવો અને પછી દર વરસે ચડેચડયો હપતો લેવો. જેનો હપતો પડશે તેના પડેલા હપતા પહેલાં આપેલા રૂપિઆ નકામા જશે એટલે ફરીથી પાંચે હપતા બરાબર ભર્યા સિવાય તેને મેમ્બર કરવામાં નહિ આવે અને વસૂલ થઇ ચૂકેલા રૂપિઆ બક્ષીસ ખાતે ગણવામાં આવશે. ચડયેચડયો હપતો આપનારને રૂ. ૫૦) પૂરા થતા સૂધી બુદ્ધિપ્રકાશ ચોપાનિયું બક્ષીસ આપવું અને રૂ. ૫૦) પૂરા થયા બાદ તેનું નામ જન્મપર્યંતના મેમ્બરોમાં દાખલ કરી એ પ્રકારના મેમ્બરના સર્વ હક્ક તેને આપવા. કોઈ માણસ થોડા હપતા ભર્યા પછી બાકીના હપતાના રૂપીઆ સામટા આપે તો તે લેઈ તે વખતથી તેને જન્મપર્યંતનો મેમ્બર કરવો.*

---

* ગુ. વ. સો. નો રીપોર્ટ, સન ૧૮૮૭, પૃ. ૬.

કેટલાક વહિવટી નિયમોમાં વાર્ષિક સામાન્ય સભા ઑગસ્ટ અથવા સપ્ટેમ્બર માસમાં ભરવાનું જણાવેલું હતું, તે ફેરવીને તા. ૩૦ મી જુન પહેલાં ભરવી એ પ્રમાણે શબ્દો સુધારવામાં આવ્યા હતા;* અને સોસાઇટીનું નાણું એકલું મુંબાઈ બેન્કની સેવિંગ્સ બેન્કમાં રોકવાનો નિયમ હતો તેમાં "અથવા પોષ્ટ ઓફીસ સેવિંગ્સ બેન્ક" એટલા શબ્દો નવા ઉમેરવામાં આવ્યા હતા.

સોસાઇટીનું નાણું સામાન્ય રીતે સરકારી લોનમાં રોકાતું હતું પણ સન ૧૮૮૮ માં અમદાવાદ મ્યુનિસિપાલીટી તરફથી પાંચ ટકાનાં ડિબેન્ચર કાઢવાનું નક્કી થતાં, લોનની પેઠે મ્યુનિસિપલ ડિબેન્ચર એ બન્નેમાં સોસાઇટીનાં નાણાં રોકવાનો સામાન્ય સભાએ ઠરાવ કર્યો હતો.+

ઉપર, સોસાઇટીના સભાસદો વધારવાને તેના નિયમોમાં જે સુધારા અને ઉમેરા કર્યા તેની નોંધ લેવાઈ છે; અને તે તત્ત્વ વધુ આકર્ષક કરવાને સન ૧૮૯૨ માં કલમ ૧૭ માં સભાસદોને ભેટ આપવાનાં પુસ્તકોના સંબંધમાં નીચે પ્રમાણે સુધારો કરવામાં આવ્યો હતો :

"એક રૂપૈયા ઉપરાંતની કિંમતની ચોપડી સોસાઇટી તરફથી પહેલીવાર પ્રસિદ્ધ થાય તે ચોપડી કોઈ લાઇફ મેમ્બર રાખે તો આ નિયમ પ્રમાણે તેની પાસેથી એક નકલ બદલ પહેલીવાર રૂ. ૧ ઓછો લેવામાં આવશે."÷

આર્થિક લાભની દૃષ્ટિએ આજીવન સભાસદ સારૂં આ સુધારો મહત્વનો હતો.

પરંતુ સોસાઇટીના સંચાલકો એટલેથી અટક્યા નહિ. સ્ત્રી કેળવણીનો પ્રચાર તે સમયે ઓછો હતો અને જુજ જ સ્ત્રીઓ સોસાઇટીમાં મેમ્બર થતી; તેમ સામાન્ય સ્થિતિના મનુષ્ય માટે લવાજમ ભરવા સારૂ હફતાની યોજના કરી હતી તે ફત્તેહમંદ નિવડી નહિ; પણ મહેતાજી વર્ગ જે સોસાઈટીના કાર્યમાં રસ લેતો હતો તેમને સોસાઈટીના સભાસદ થવાની સવડ કરી આપવા, સન ૧૮૯૬ માં સ્ત્રીઓ અને રૂ. ૩૦) ની અંદરના પગારદાર શિક્ષકો માટે સામાન્ય સભાએ નીચેનો ઠરાવ કર્યો હતો, તે યોગ્ય જ હતો :

---

* ગુ. વ સો. નો વાર્ષિક રીપોર્ટ સન ૧૮૮૭, પૃ. ૧૦.
\+ ,, ,, ,, સન ૧૮૮૮, પૃ. ૧૩.
÷ ,, ,, ,, સન ૧૮૯૨, પૃ. ૧૬

" સોસાઈટીના ધારાની બીજી કલમની ત્રીજી લીટીમાં " જન્મ-પર્યંતના મેમ્બર " એ શબ્દોની પછી " સ્ત્રીઓને તથા માસિક ત્રીસ રૂપિયાના પગારની અંદરના શિક્ષકોને રૂ. ૨૫ લઈ લાઈફ મેમ્બર કરવામાં આવશે. "+

આના આગલા વર્ષે, આજીવન સભાસદોની પેઠે સાર્વજનિક પુસ્તકાલયો સોસાઇટીનું માસિક બુદ્ધિપ્રકાશ અને સોસાઇટીનાં પ્રકાશનોનો લાભ લઈ શકે એ શુભ આશયથી, આજીવન સભાસદની માફક સાર્વજનિક પુસ્તકાલયો પાસે રૂ. ૫૦) નું લવાજમ લઇ, તેમને રજીસ્ટર કરવાનો નિર્ણય થયો હતો.

જ્ઞાનપ્રચારનાં કાર્યમાં સોસાઇટીનું આ પગલું જેટલું આવશ્યક તેટલુંજ લોકોપકારક હતું એમ કહેવામાં અમે અતિશયોક્તિ કરતા નથી.

એ ઠરાવ નીચે પ્રમાણે હતો :

" કોઈ સાર્વજનિક લાઇબ્રેરી મદદ માટે સોસાઈટીમાં રજીસ્ટર થવા માગે તો તે બદલ ફી. રૂ. ૫૦) એક વખત લેવામાં આવશે. વ્યવસ્થાપક કમિટી, યોગ્ય લાગે તે સાર્વજનિક લાઇબ્રેરીને ફી લઈ રજીસ્ટર કરશે. એવી રીતે રજીસ્ટર થએલી લાઇબ્રેરી ચાલુ રહે ત્યાં સુધી તેને લાઈફ મેમ્બરને જે પ્રમાણે પુસ્તકો તથા બુદ્ધિપ્રકાશ બક્ષીસ આપવામાં આવે છે તે પ્રમાણે આપવામાં આવશે. "*

અંતમાં સોસાઈટીનાં નાણાંના વહિવટના સંબંધમાં થયલા બે ઠરાવો આપીશું :

સન ૧૮૯૩ માં ૧૨ મા નિયમમાં નીચે મુજબ ઉમેરો કરવામાં આવ્યો હતો:—

" કોઈ ગૃહસ્થ અથવા મંડળી ટ્રસ્ટ તરીકે સોસાઈટીને કોઈ શેર આપે અને જો તે શેર લીમીટેડ જવાબદારીના હોય અને તેના બધા કોલ ભરાઈ ગયા હોય તો તે ટ્રસ્ટ સ્વીકારવાને હરકત નથી; અને તેવે પ્રસંગે ટ્રસ્ટ આપનારની ઈચ્છા પ્રમાણે ટ્રસ્ટની રકમ રોકવાની સોસાઇટીને સત્તા છે.

સરકારી પ્રોમીસરી નોટો, મ્યુનિસીપલ ડીબેન્ચર્સ અને બીજા શેરો જે સોસાઇટીના નિયમ પ્રમાણે લીધા હોય તે વેચવાને અને તેનું નાણું

+ ગુ. વ. સો. નો વાર્ષિક રીપોર્ટ, સન ૧૮૯૫, પૃ. ૨૩.

* ગુ. વ. સો. નો વાર્ષિક રીપોર્ટ, સન ૧૮૯૪, પૃ. ૨૧.

સોસાઇટીના નિયમોને અનુસરીને બીજે ઠેકાણે રોકવાને વ્યવસ્થાપક મંડળને સત્તા છે. અને તેવી નોટો, ડીબેન્ચરો તથા શેરો વેચવાના, ખરીદવાના અને વ્યાજ અથવા ડીવીડંડ લેવાના કાગળો ઉપર સહી કરવાને ઓનરરી સેક્રેટરીને સત્તા છે."×

સદરહુ નિયમાનુસાર સન ૧૯૦૩ માં સોસાઇટીની સરકારી જામીનગીરીઓ મુંબાઈમાં જાણીતા દલાલદ્વારા વેચવા મોકલી આપતાં, સોસાઈટી ગંભીર જોખમમાં આવી પડી હતી. એવી વિપત્તિમાં સોસાઈટી ફરી ન મૂકાય તેથી સન ૧૯૦૪ માં પ્રસ્તુત ૧૨ મા નિયમની પૂર્તિરૂપે નીચેના શબ્દો વધારવામાં આવ્યા હતા :–

"સોસાઇટી તરફથી વેચાય એવા લેખ એટલે ગવર્નમેન્ટ પ્રોમીસરી નોટ્સ, ડીબેંચર્સ અને નીગોસ્યેબલ ઇન્સ્ટ્રુમેન્ટસ ખરીદ કરવાનું તથા તે શેરો વેચવાનું કામ મુંબઈ બેંકની માર્ફતે કરવામાં આવશે."÷

---

× ગુ વ. સો. નો સન ૧૮૯૩ નો વાર્ષિક રીપોર્ટ, પૃ. ૧૫.

÷ ,, સન ૧૯૦૩ નો ,, પૃ. ૨૩.



પ્રેમાભાઇ હૉલ



ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનું મકાન

# પ્રકરણ ૧૦

## સોસાઈટીનું મકાન

"A man's House is his castle" (Proverb)

"A building fitted accurately to answer its end will turn out to be admirable." (Möller)

હિમાભાઈ ઇન્સ્ટીટ્યુટનું મકાન બંધાઇ તૈયાર થયું ત્યારથી તેની પૂર્વ બાજુના ભાગમાં સોસાઇટીનું કાર્યાલય રાખવામાં આવ્યું હતું; અને તે ભાગ એના કબજા ભોગવટાનો હતો; એટલુંજ નહિ પણ સોસાઈટીના ચોપડે એ ભાગની મિલ્કતની કિંમત રૂ. ૨૦૦૦) હિસાબમાં જુદી બતાવવામાં આવતી હતી. પણ વખતના વહેવા સાથે સોસાઈટીનું કામકાજ દિન પ્રતિદિન વધતું જતું હતું અને એ મકાનમાં સંકડાશ માલુમ પડતી હતી અને સોસાઇટીનાં પુસ્તકોનો સ્ટૉક રાખવા સારૂ તો એક જુદું ડહેલું ભાડે રાખ્યું હતું.

આ પરિસ્થિતિમાં ઑન. સેક્રેટરી રા. સા. મહીપતરામનું મોટું ઑઇલ પેઇન્ટીંગ, એમના અવસાન બાદ સ્મારક રૂપે સોસાઈટીની સામાન્ય સભાએ ઇસ્ટીટ્યુટના મધ્યસ્થ હૉલમાં મૂકવાનો ઠરાવ કર્યો હતો, તે પરત્વે ઇન્સ્ટીટ્યુટની વ્યવસ્થાપક કમિટી અને સોસાઇટીના સંચાલકો વચ્ચે સહજ મતભેદ પડયો; જો કે પછીથી તેનું સંતોષકારક સમાધાન થયું અને એ તૈલ ચિત્ર હિમાભાઈ ઇન્સ્ટીટ્યુટમાં મૂકાયું પણ ખરૂં.

પરંતુ લાલશંકરભાઇ જેઓ મહીપતરામના મૃત્યુ પછી સોસાઇટીના ઓન. સેક્રેટરી નિમાયા હતા તેમને લાગ્યું કે સોસાઇટીને તેનું એલાયદું અને સ્વતંત્ર મકાન હોવું જોઇએ; અને તુરત તેમણે તે માટે તજવીજ કરવા માંડી.

સન ૧૮૯૩ ના ડિસેમ્બર માસમાં પાલનપુરના નામદારશ્રી દીવાન મહાખાન શ્રી શેર મહમદખાનજીનું અમદાવાદમાં પધારવાનું થતાં, સોસાઇટી તરફથી એઓ નામદારને એક માનપત્ર એનાયત કરવામાં આવ્યું અને એ પ્રસંગનો લાભ લઇને લાલશંકરભાઇએ સોસાઈટીના નવા મકાન માટે ટીપ શરૂ કરતાં તેમાં લાગલાજ રૂ. ૨૭૭૬ ભરાઈ ગયા હતા.

લાલશંકરભાઇનો સ્વભાવ એવો આગ્રહી અને ખંતીલો હતો કે એકવાર ઉપાડેલું કાર્ય તેઓ તેને પૂરું કર્યા વિના છોડે નહિ.

આ પ્રમાણે ફંડની શરૂઆત થતાં તેમણે અમદાવાદના મે. કલેક્ટર સાહેબને સોસાઇટીના નવા મકાન માટે કારંજની સામે આવેલી સરકારી છૂટી જમીન આપવા સારૂ અરજી કરી. તેમાં સોસાઇટીનો ઉદ્દેશ અને તેની પ્રવૃત્તિ વિષે ટુંકાણમાં જણાવી, તેને પડતી મકાનની મુશ્કેલીનો ઉલ્લેખ કરીને લખ્યું કે :–

" The library owns ⅔ and the Society ⅓ of the building, the portion in which the Society's office is held is too small for the present extensive work which is day by day increasing. The library is also much inconvenienced in the remaining portion. The Society thinks of erecting another building for its office if a suitable site is obtained. There is an open ground opposite to the Karanj Bag and to the right–hand side of the road from the Karanj to Jamalpur, which is quite suitable for the purpose.

I therefore request that you will be kind enough to grant, or if necessary obtain from Government permission, 700 square yards or as much ground as is available on this Site to the Society for its office.

This arrangement will add to the beauty of the locality and to the roads. +

એક બાજુ સરકાર તરફ જમીન મળવા અરજી મોકલી અને બીજી તરફ સોસાઇટીની સામાન્ય સભામાં તે વિષે નીચે મુજબ ઠરાવ પસાર કરાવ્યો હતોઃ—

" સોસાઇટીનું હાલનું મકાન નાનું પડવાથી બીજું મકાન બંધાવવા જમીન મળવા વિષે મહેરબાન કલેક્ટર સાહેબને અરજ કરતાં તે સંબંધી

+ Correspondence file, 14th June 1894.

ચાલેલો પત્રવ્યવહાર વાંચી બતાવવામાં આવ્યો. તે સંબંધી લાંબી ચર્ચા થતાં રા. સા. માધવલાલ હરિલાલે દરખાસ્ત કરી અને જોસેફ બેન્જામીને અનુમતિ આપી કેઃ—

આ જમીનની કીંમત ઉપર મ્યુનિસિપાલીટીનો હક છે, તે મ્યુનિસિ-પાલીટી છોડી દે તેવી રીતની તજવીજ મેનેજીંગ કમિટીએ કરવી."*

વધુમાં એ કાર્ય પરત્વે એમનું દુરંદેશીભર્યું પગલું તો એ હતું કે સદરહુ મકાન માટે સોસાઇટીના સ્થાયી ફંડમાંથી ખર્ચ ન કરતાં, તે માટે જુદું ફંડ ઉભું કરવા નિશ્ચય કર્યો હતો. સામાન્ય સભાએ તે વિષે જે ઠરાવ કર્યો તેના શબ્દો નીચે મુજબ હતાઃ—

"રા. સા. માધવલાલ હરિલાલે દરખાસ્ત કરી અને રા. રા. રમણભાઈ મહીપતરામે અનુમતિ આપી કે, સોસાઇટીનું નવું મકાન બંધાવવા માટે જે જગા માગી છે તે મળેથી સોસાઇટીનું નવું મકાન વ્યવસ્થાપક કમિટી મંજૂર કરે તે પ્લાન એસ્ટીમેટ પ્રમાણે બાંધવાનું કામ શરૂ કરવું. એક વિશાળ લેક્ચર હૉલ નવા મકાનમાં થાય એવી તજવીજ બનતા સુધી કરવી. તે બાંધવામાં સોસાઇટી પાસે જે ઇમારત ફંડ છે તે ખર્ચ કરવું. વધારે રકમ જોઇએ તો ઈમારત ફંડ વધારવા પ્રયત્ન કરવો પણ સોસા-ઇટીનું સ્થાયી ભંડોળ તેમાં વાપરવું નહિ. નવી મદદ મેળવવામાં કોઈ ગૃહસ્થ અમુક ભાગને પોતાનું નામ આપવાની શરતથી કોઈ મોટી રકમ આપવા માગે અને વ્યવસ્થાપક કમિટીને યોગ્ય લાગે તો તેમ કરવાને વ્યવસ્થાપક કમિટીને સત્તા આપવામાં આવે છે."×

એ મકાન ફંડમાં રૂ. ૨૭૭૬ ભરાઇ ગયાની હકીકત ઉપર આપી છે અને તે પછી વધુ પ્રયત્ન થતાં રૂ. ૧૨૦૧ મળી એ રકમ રૂ. ૩૯૭૭ ની થઇ હતી.

સરકાર સાથે નવી જમીન મળવા સંબંધી પત્રવ્યવહાર ચાલ્યો તેનો નિર્ણય થતાં લગભગ ત્રણ વર્ષ વીતી ગયાં. છેવટે એવી સમજુતી થઇ કે સોસાઇટી તેની માલીકીનો ઇન્સ્ટીટયુટના મકાનનો ભાગ તે સંસ્થાને આપી દે અને સરકાર સોસાઇટીને ૫૩૩ સમચોરસ વાર જમીન તેના કબજા

---

* ગુ. વ. સો. નો વાર્ષિક રીપોર્ટ, સન ૧૮૯૩, પૃ. ૧૯–૨૦.

× ગુ. વ. સો. નો વાર્ષિક રીપોર્ટ, સન ૧૮૯૪, પૃ. ૨૨.

હકના રૂ. ૫૮૨–૧૦–૦ આપેથી, તેમ પ્રતિ વર્ષ સરકારી જમીન ધારાના રૂ. ૫–૮–૧૦ ભરવાની સરતે આપશે.†

આ પ્રમાણે ગોઠવણ નક્કી થતાં, લાલશંકરભાઇએ તે મકાનનો પ્લૅાન જાણીતા એન્જીનિયર સ્વર્ગસ્થ હિમતલાલ ધીરજલાલ પાસે તૈયાર કરાવ્યો; અને તેમાં વધારે આનંદ પામવા જેવું એ છે કે નગરશેઠ પ્રેમાભાઇ જેઓ સોસાઇટીના પ્રમુખ હતા એમના નામનું સ્મારક ફંડ રૂ. ૧૨૦૦૦ નું આશરે એકઠું થયું હતું, તે સોસાઇટીના મકાનનો મેડાવાળો ભાગ જાહેર વ્યાખ્યાનો માટે ખુલ્લો રાખી, તે મજલાને "નગરશેઠ પ્રેમાભાઈ હૉલ" એવું નામ આપવાનું સ્વીકારી સદરહુ ફંડ સોસાઇટીનું મકાન બંધાવવાના ખર્ચ સારૂ મેળવ્યું.÷

તે પછી એમને જણાયું કે મકાન ખર્ચમાં થોડીક રકમ ખૂટે છે એટલે એ પ્રશ્ન સન ૧૯૦૦ માં સામાન્ય સભામાં ફરી રજુ કરી તે વિષે નીચે મુજબ મંજુરી મેળવી હતી:—

"રા. બા. લાલશંકર ઉમિયાશંકરે દરખાસ્ત કરી, અને રા. રા. કેશવલાલ મોતીલાલ પરિખે અનુમતિ આપી કે, સોસાઇટીના નવા મકાનમાં રૂા. ૩૦૦૦ સુધી સોસાઇટીની પોતાની મિલકતમાંથી ખર્ચવા તથા રૂા. ૧૦૦૦ સુધી ફર્નીચરમાં વાપરવાના મંજુર કરવા."*

આ મકાનનો પાયો નાંખવાની શુભ ક્રિયા તે સમયના ઉત્તર વિભાગના મે. કમિશ્નર સાહેબ મી. એફ. એચ. પી. લેલીના શુભ હસ્તે થઈ હતી. તે સમારંભ દબદબાભર્યો અને ગૌરવયુક્ત હતો અને તે પ્રસંગે થયલાં વિવેચનો, રા. બા. લાલશંકરે રજુ કરેલો સોસાઇટીનો સંક્ષેપ વૃત્તાંત અને મી. લેલીએ તે અવસરે આપેલું વ્યાખ્યાન આજે પણ વિચારણીય માલુમ પડશે. સોસાઇટીના ઇતિહાસમાં આ મહત્વનો પ્રસંગ હોઇને એ સમારંભનો સમગ્ર અહેવાલ અહિં આપીએ છીએ:—

† એના પડખાની બાકી રહેલી ૬૭ સમચોરસ વાર જમીન સન ૧૯૦૪ માં સોસાઇટીને મળી હતી. જુઓ ગુ. વ. સો. નો વાર્ષિક રીપોર્ટ સન ૧૯૦૪ પૃ. ૨૬

÷ ગુ. વ. સો. નો સન ૧૯૦૦ નો વાર્ષિક રીપોર્ટ પૃ. ૮૪.

* ગુ. વ. સો. નો વાર્ષિક રીપોર્ટ સન ૧૮૯૯. પૃ ૭.

# *ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના નવા મકાનનો પાયો નાંખવાને કરવામાં આવેલી ક્રિયા.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનું હાલનું મકાન ઘણું નાનું પડતું હોવાથી એક નવું મકાન બંધાવવાનો ઠરાવ ૧૮૯૫ માં મળેલી જનરલ કમિટીમાં થયો હતો. તેને માટે સરકાર તરફથી કારંજ બાગ સામેની જમીન મળવાથી ત્યાં મકાન બાંધવાને સારૂ પાયો નાંખવાની શુભ ક્રિયા ગયા માસની તા. ૨૪ મીને શુક્રવારને રોજ સાંજના સાડાચાર વાગતાં ઉત્તર વિભાગના કમિશનર મિ. એફ. એસ. પી. લેલી સાહેબને હાથે કરાવવામાં આવી હતી. તે વખતે એ જગ્યા ઉપર એક ખાસ મંડપ ઉભો કરી તેને ધ્વજાઓ તથા 'વેલકમ' નાં પાટીઆંથી શણગાર્યો હતો, અને શહેર તથા કાંપના જાણીતા યૂરોપિયન તેમ દેશી અમલદારો, સ્ત્રીઓ, શેઠીઆઓ, વકીલો, ડાક્તરો તથા બીજા ગૃહસ્થો મળી આશરે ૫૦૦ જણ હાજર થયા હતા. મહેરબાન લેલી સાહેબને માનપૂર્વક સત્કાર કરવાને પોલીસ-પાર્ટી હાજર હતી. તેઓ બરાબર સાડાચાર વાગતાં પધારી સભાપતિની ખુરશીએ બીરાજ્યા. પછી ઑનરરી સેક્રેટરી રા. બ. લાલશંકરે સોસાઇટીનો ટૂંક રીપોર્ટ વાંચી સંભળાવ્યો તે નીચે પ્રમાણેઃ—

ઓગણપચાસ વર્ષ ઉપર જ્યારે આ શહેરમાં એકે નિશાળ, લાયબ્રેરી, છાપખાનું કે પત્ર કાંઇ પણ નહોતું, ત્યારે એક ઉદાર અંગ્રેજ ગૃહસ્થ-તે સમયના અમદાવાદના આસિસ્ટંટ જજ-મિ. એ. કે. ફૉર્બસ સાહેબે દેશી ભાષા મારફતે જ્ઞાન પ્રસાર થવાના હેતુથી ઇ. સ. ૧૮૪૮ ના ડિસેમ્બર માસની તા. ૨૫ મીએ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની સ્થાપના કરી હતી. બીજા યૂરોપિયન અને દેશી અમલદારો આ પરોપકારી કાર્યમાં સામેલ થયા અને દેશી રાજ્યકર્ત્તાઓએ પણ નાણાંની સારી મદદ કરી.

ઇ. સ. ૧૮૪૯ માં સોસાઇટીએ એક લાયબ્રેરી અને છોકરા તથા છોકરીઓ સારૂ એક શાળા સ્થાપી, અને શિલા છાપખાનું કાઢી **'વર્ત્તમાન'** નામનું એક સાપ્તાહિક પત્ર કાઢવાની વ્યવસ્થા કરી. તે લાયબ્રેરી પ્રથમ ભદ્રના મકાનમાં એક ઓરડીમાં ઉઘાડવામાં આવી હતી. પાંચ વર્ષમાં સભાસદોની સંખ્યા સો ઉપરાંત થઈ અને ઇલાયદા યોગ્ય મકાનની જરૂર જણાઈ. તે સારૂ એક સભા ભરવામાં આવી અને નગરશેઠ હીમાભાઇએ એક મકાન બાંધવાને રૂ. ૪૫૦૦ આપ્યા. સરકારે જગ્યા મફત

* ગુ. વ. સોસાઈટીનો રિપોર્ટ સન ૧૮૯૭.

આપી અને રૂ. ૭૦૦૦)ને ખરચે મકાન ઉભું કરવામાં આવ્યું, તે હીમાભાઈ ઇન્સ્ટીટયુટને નામે હાલ સારી રીતે જાણીતું થયું છે. તે મકાનનો થોડોક ભાગ સોસાઇટીએ રાખી બાકીનો લાયબ્રેરીને સારૂ આપ્યો. ઈ. સ. ૧૮૫૬ માં સોસાઇટીએ લાયબ્રેરીની વ્યવસ્થા એક જૂદી કમિટીને સોંપી.

સોસાઇટીની કન્યાશાળાને શેઠાણી હરકુંવરબાઈ તરફથી આશ્રય મળ્યો અને તેની વ્યવસ્થા પણ જૂદી કમિટીને સોંપવામાં આવી. છાપખાનાની અને વર્તમાનપત્રની વ્યવસ્થા ખાનગી ગૃહસ્થને સોંપવામાં આવી. આ પ્રમાણે કામને જૂદી જૂદી રીતે વહેંચી નાંખી સોસાઇટી ગુજરાતી ભાષામાં ઉપયોગી પુસ્તકો તૈયાર કરી છાપવાનું કામ લેઈ બેઠી. ઇ. સ. ૧૮૫૩ થી સોસાઇટી 'બુદ્ધિપ્રકાશ' નામનું માસિક પત્ર ચલાવે છે.

સોસાઇટીએ ઈનામ આપી જૂદા જૂદા વિષયો ઉપર કેટલાંક પુસ્તકો ગુજરાતીમાં લખાવી પ્રસિદ્ધ કર્યાં છે. પ્રથમથીજ, જ્ઞાન પ્રસાર કરી માત્ર અજ્ઞાન અને વહેમ દૂર કરવાને જ નહિ, પરંતુ સાંસારિક સુધારા દાખલ કરવાને પણ સોસાઇટીએ મહેનત લીધી છે. એ ઉદ્દેશ લક્ષમાં રાખી બાળ-વિવાહ નિબંધ, બાળલગ્નથી થતી હાનિ, પુનર્વિવાહ પ્રબંધ, ભૂતનિબંધ, જ્ઞાતિનિબંધ, કન્યાઓની અજ્ઞત, ભોજન વ્યવહાર ત્યાં કન્યા વ્યવહાર અને વિધવાવપન અનાચાર વગેરે પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે.

ઈ. સ. ૧૮૮૦ માં સોસાઇટીને ઈ. સ. ૧૮૬૦ ના ૨૧ મા આકટ પ્રમાણે રજીસ્ટર કરી ત્યારે, દેશી ભાષાને ઉત્તેજન આપવું, ઉપયોગી જ્ઞાનનો વિસ્તાર કરવો અને એકંદરે કેળવણીનો વધારો કરવો—એ તેના ઉદ્દેશ પ્રકટ કરવામાં આવ્યા. તે કારણસર કેળવણીને લગતાં કેટલાંક ટ્રસ્ટફંડોની વ્યવસ્થા સોસાઇટીએ હાથ ધરી છે, અને તેમાંથી ઈનામી નિબંધો લખાવાય છે, તથા સ્કોલરશીપો અપાય છે. હાલમાં સોસાઇટીના હસ્તકમાં ૪૫ ટ્રસ્ટફંડો છે અને તેની રકમ એકંદર રૂ. ૧૩૧૭૫૦ ની છે.

સોસાઇટીની પોતાની થાપણ આશરે રૂ. ૬૨૫૦૦ ઉપરાંતની છે. આના વ્યાજમાંથી નોકરોનું ખરચ ચાલે છે, પુસ્તકો અને માસિક પત્ર છપાય છે, અને ગ્રંથકારોનાં પુસ્તકો વેચાતાં રાખી તેમને ઉત્તેજન આપવામાં આવે છે, તથા બીજું ચાલૂ ખર્ચ કરવામાં આવે છે.

પચાસ અને તેથી વધારે રૂપીઆ આપનારને સોસાઇટીના લાઈફ મેમ્બર કરવામાં આવે છે. લાઈફ મેમ્બરોને બુદ્ધિપ્રકાશ તથા રૂ. ૧) ની

કિંમત સુધીનાં જે પુસ્તકો પ્રથમ છપાય તે મફત આપવામાં આવે છે. શાળાના મહેતાજીઓ અને સ્ત્રીઓમાં વાંચનનો શોખ વધારવા માટે તેમને સારૂ લાઈફ મેમ્બરની ફી ઘટાડીને રૂ. ૨૫) ની રાખવામાં આવી છે. રૂ. ૫૦) ફી લેઈ જાહેર લાયબ્રેરીઓને રજીસ્ટર કરવામાં આવે છે, તથા લાઈફ મેમ્બરને મળતાં પુસ્તકો અને બુદ્ધિપ્રકાશ, તેમને મફત આપવામાં આવે છે. સોસાઇટીની લાયબ્રેરીમાં ૩૦૦૦ કરતાં વધારે પુસ્તકો છે. તે વાંચવાનો હક્ક તમામ મેમ્બરોને છે. હાલમાં લાઈફ મેમ્બરોની સંખ્યા ૫૧૬ છે; તેમાં ૧૬ યૂરોપિયન ગૃહસ્થો, ૩૨ રાજ્યકર્ત્તાઓ, ૪૪૪ દેશી ગૃહસ્થો અને ૨૪ સ્ત્રીઓ છે. રજીસ્ટર થયેલી લાઇબ્રેરીઓની સંખ્યા ૨૩ છે.

લાયબ્રેરીમાં જે ત્રણ હજાર પુસ્તકો છે તે ઉપરાંત સોસાઇટીએ છપાવેલાં અને ઉત્તેજન આપેલાં લગભગ ૫૦૦૦૦ પુસ્તકો સોસાઇટીના તાબામાં છે.

છેલ્લાં પાંચ વર્ષમાં સોસાઇટીએ ૪૯ નવાં પુસ્તકો છપાવ્યાં છે, ૨૦ પુસ્તકોની પુનરાવૃત્તિ કાઢી છે અને ૧૮૬ ગ્રંથોના કર્ત્તાઓના એકંદર રૂ. ૨૩૦૩–૧૧–૦ ની કિંમતના ગ્રંથો વેચાતા રાખ્યા છે.

સોસાઇટીમાં હાલ સાત નોકરો છે. તેમાંના ત્રણ કેળવણી ખાતાના મે. ડાયરેક્ટર સાહેબ તરફથી સોંપવામાં આવેલું શબ્દસંગ્રહનું કામ કરવામાં રોકાએલા છે.

બીજી લાયબ્રેરીઓની વ્યવસ્થા રાખવા ઉપરાંત ખાસ વેપારીઓના ફાયદા સારૂ પોતાને ખર્ચે માણેકચોકમાં એક ફ્રી રીડિંગ રૂમ પણ સોસાઇટીએ કાઢી છે. તે ઉપરાંત સોસાઇટી શેઠ મણીલાલ રણછોડલાલ લાયબ્રેરીની અને રા. બ. રણછોડલાલ છોટાલાલ ખાડીઆ કન્યાશાળાની વ્યવસ્થા કરે છે. વળી આપારાવ ભોળાનાથ લાયબ્રેરી તથા અમદાવાદની અન્જુમને ઇસ્લામનાં ફંડોની વ્યવસ્થા સોસાઇટી રાખે છે તથા વક્તૃત્વને ઉત્તેજન આપવા માટે હરિફાઈથી પુરૂષ અને સ્ત્રીઓનાં ભાષણ અપાવવાની વ્યવસ્થા કરે છે.

હીમાભાઈ ઇન્સ્ટીટયુટનો જે ભાગ સોસાઇટીના કબજામાં છે તે, ઉપરનાં બધાં કારણને માટે ઘણોજ અપૂર્તો જણાય છે. બાકીનો ભાગ પણ હીમાભાઈ લાયબ્રેરીના કામને સારૂ ઘણોજ અપૂર્તો માલમ પડે છે. માટે એવો વિચાર થયો કે જો સોસાઇટી સારૂ, યોગ્ય જૂદું મકાન બાંધવામાં આવે તો આ બન્ને સાર્વજનિક સંસ્થાઓની અગવડ દૂર થાય. આ વાત લક્ષમાં રાખીને પાલણપુરના દિવાન સાહેબ સર શ્રી. શેરમહમદખાનજીને

કે. સી. આઇ. ઈ. નો ખીતાબ ઇનાયત કરવાને અત્રે દરબાર ભરવામાં આવ્યો ત્યારે સોસાઇટીની ઇમારત માટેનું એક ફંડ ઉભું કરવામાં આવ્યું તેમાં રૂ. ૩૯૭૭) ની રકમ ભરાઈ.

નવું મકાન થયેથી સોસાઇટીના કબજામાંનો હાલનો ભાગ હીમાભાઈ લાયબ્રેરીને આપવો એ શરતથી સોસાઇટીનું નવું મકાન બાંધવાને મફત જગા આપવા સારૂ સરકારને અરજ કરવામાં આવી. સરકારે આ જગા ૯૯ વરસને પટે આપી છે, અને તે મુદત સન ૧૯૯૭ ના માર્ચ આખરે પૂરી થવાની છે. જે સરકારી નોકરોએ આ કામમાં મદદ કરી છે, તેમનો અને મ્યુનિસિપાલિટીનો સોસાઇટી ઉપકાર માને છે.

આ ઇમારતમાં જાહેર સભાઓ અને ભાષણો માટે એક "હાલ" બાંધવાનો છે. પરલોકવાસી નગરશેઠ પ્રેમાભાઇ હીમાભાઈ સ્મારક ફંડના સેક્રેટરીએ કેટલીક શરતોથી તે ફંડ સોસાઇટીને આપવા જણાવ્યું. તે શરતો સોસાઇટીએ માન્ય કરી છે, અને 'હૉલ' ને "પ્રેમાભાઇ હીમાભાઈ હૉલ" એવું નામ આપવામાં આવનાર છે.

સોસાઇટીને પ્રથમથી મોટા રાજ્યાધિકારીઓએ અને મોટા દરજ્જાના અંગ્રેજ અધિકારીઓએ આશ્રય આપેલો છે. મુંબાઈના ત્રણ ગવર્નરો લૉર્ડ ફૉકલાંડ, લૉર્ડ એલ્ફિન્સ્ટન, તથા લૉર્ડ રે સોસાઇટીના પેટ્રન થયા છે. તેમજ સોસાઇટી સ્થપાઈ ત્યારે શ્રીમંત સરકાર ગાયકવાડે સોસાઇટીને બક્ષિસ આપી હતી અને હાલના ગાયકવાડ મહારાજ સર શ્રી. સયાજીરાવ પણ સોસાઇટીના પેટ્રન છે. મુંબાઇના શેઠ પ્રેમચંદ રાયચંદે સોસાઇટીને રૂ. ૧૦૦૦૦ ની મોટી રકમની ઉદાર બક્ષીસ આપેલી છે તે પણ અત્રે કહેવું જોઇએ. બધા આશ્રય આપનારનો સોસાઇટી ઉપકાર માને છે.

જે પરોપકારી યૂરોપિયન અને દેશી અમલદારોએ સોસાઇટી માટે ભારે પરિશ્રમ લીધો છે, તેમના પ્રયાસને લીધે સોસાઇટીની હાલની સારી સ્થિતિ થઈ છે. એ પ્રયાસ લેનારમાં પ્રથમ અને મુખ્યત્વે સ્વર્ગવાસી એ. કે. ફાર્બસ છે. ગુજરાતના પુરાણા ઇતિહાસ અને ગુજરાતી સાહિત્ય સંબંધી તેમણે લીધેલો શ્રમ સુપ્રસિદ્ધ છે. માટે સોસાઇટીના મકાનનો પાયો નાંખવાનું કામ પણ, જે ઉંચી પદવીના યૂરોપિયન અમલદારે પોતાનો બધો વખત ગુજરાતમાં કાઢ્યો છે અને જેમને હાથે ગુજરાતના લોકનું અનેક પ્રકારે હિત થયું છે તથા જ્ઞાનવૃદ્ધિ થઈ છે. તેમને હાથે થાય એજ યથાર્થ છે. મિ. લેલી! આપે અને મિસિસ લેલીએ ગુજરાતી ભાષા



(R. M. 227 c. & g.

THE SECRETARY OF STATE IN COUNCIL

TO

WHEREAS Lalshankar Umiashankar Honorary Secretary of Gujarat Vernacular Society has purchased from Government the occupancy for a term of ninety-nine years, subject to the conditions hereinafter mentioned, of a plot of Ground situated in* the [illegible] division of* the city (*or town as the case may be*) of [illegible] in the District of Ahmedabad, being registered No. [illegible] in the Map marked Sheet [illegible] No. [illegible] and facing to [illegible] the East the road leading from [illegible] to [illegible] containing about [illegible] square yards, and of the following shape, and of about the following dimensions :—

* Omit these words if unnecessary



AND WHEREAS the said Lalshankar Umiashankar Honorary Secretary of Gujarat Vernacular Society has paid the purchase money for the said occupancy for the said term, *viz.*, Rupees† [illegible]

† To be entered in words and figures.

I, [illegible], Esquire, Collector, hereby lease on behalf of Government to the said [illegible] (hereinafter called "the Lessee") the right of occupancy of the said plot of Ground for the term of ninety-nine years subject to the following conditions, that is to say :—

1. The Lessee shall pay to Government an annual Rent of Rupees [illegible] in respect of the said plot of Ground.

G 540—1,000-1-04—e

સોસાઇટીના જમીનપટાની સનંદ.

THIS FOUNDATION STONE OF THE
GUJARAT VERNACULAR SOCIETY'S OFFICE
AND
PREMABHAI HEMABHAI HALL
WAS LAID BY
FREDERIC STYLES PHILRIN LELY ESQRE I.C.S.
COMMISSIONER NORTHERN DIVISION
ON FRIDAY THE 24TH DECEMBER 1897

બોલનારાઓની ઉન્નતિ માટે જે શ્રમ લીધો છે તે ઉપરથી અમને આશા છે કે આ ઇમારતનું આપના હાથે ખાત મુહૂર્ત થવાથી સોસાઇટીને પોતાના કામમાં એક પ્રકારનું બળ મળશે.

ઉપરની હકીકત વંચાઈ રહ્યા પછી સોસાઈટીના પ્રમુખ ઑન. રા. બા. રણછોડલાલ છોટાલાલે મે. લેલી સાહેબને પાયો નાંખવાને વિનતિ કરી, અને તેમને રૂપાનો લેલો આપ્યો તે ઉપરથી તેઓ પાયાની જગ્યાએ ગયા અને છોનો થર નાંખી તેમણે પાયાનો પત્થર નીચે ઉતાર્યો અને તે બરોબર ગોઠવાયો છે એમ જણાવી, પાછા સ્વસ્થાને બેઠા.

તે પછી કચ્છાધિપતિ સવાઈ બહાદુર રાવ શ્રી. સર ખેંગારજી તરફથી મકાન ફંડ ખાતે રૂ. ૬૦૦ આપવાને આવેલો તાર રાવ બહાદુર લાલશંકરે સભા સમક્ષ વાંચ્યો, અને આ શુભ ચિહ્ન માટે બધાને આનંદ થયો.

ત્યારબાદ પ્રમુખ મિ. લેલીએ ઉભા થઇ નીચે પ્રમાણે ભાષણ કર્યું:—

બાનુઓ તથા ગૃહસ્થો—આ સોસાઇટી પચાસ વર્ષ પર મિ. કીનલોક ફૉર્બ્સ તથા કવીશ્વર દલપતરામભાઈ ડાહ્યાભાઈ જેવા ગુજરાતમાં સુપ્રસિદ્ધ પુરૂષોને હાથે સ્થપાઇ હતી એ બહુ મોટી વાત છે. જ્યાં જ્યાં ગુજરાતી ભાષા બોલાશે ત્યાં ત્યાં ચિરકાળ સૂધી એ બે જણા માન પામશે. તેમાં ના. મિ. ફોર્બ્સ પુરાતન ગુજરાતના ઇતિહાસ લેખક હતા, અને રા. દલપતરામ હાલના ગુજરાતના કવીશ્વર છે. મિ. લાલશંકરે મને આપેલા રિપોર્ટ પરથી જણાય છે કે સોસાઇટીએ આવા કીર્તિમંત આરંભથી માત્ર સંતુષ્ટ ન થતાં પોતાનું કામ પ્રતિ વર્ષ વધાર્યું છે, અને તે નવીન વિચારને દાખલ કરતી જાય છે. સોસાઇટીના લાઇફ મેમ્બરોની સંખ્યા ૧૮૮૯ માં ૧૭૫ હતી તે ૧૮૯૬ માં વધી ૪૭૫ ની થઇ છે. વળી તેમાં ૧૨ સ્ત્રી મેમ્બરો છે એ તેની ખાસ વિશેષતા છે. તેટલાજ સમયમાં સોસાઇટીનું ભંડોળ રૂ. ૩૯૦૦૦ થી વધી રૂ. ૬૦૦૦૦ ઉપરાંતનું થયું છે અને તેને સોંપેલાં ફંડનું ભંડોળ રૂ. ૫૨૮૨૦ નું હતું તે વધીને રૂ. ૧૩૦૦૦૦ ઉપરાંતનું થયું છે, અને સોસાઇટીની જ્યુબિલિના આ વર્ષમાં તેનું પોતાનું મકાન તથા હૉલ બનાવવાની ધારણા છે.

સોસાઇટીનો ઉદ્દેશ ટુંકમાં કહીએ તો એ છે કે તેણે ગુજરાતી ભાષા તથા ગુજરાતી સાહિત્ય પોતાના હાથમાં લીધાં છે. આવાં કાર્યની મર્યાદા ટુંકી હોય છે, અને તેથી લોક ખ્યાતિ પણ તેના પ્રમાણમાં જ થાય છે. આ કાર્યથી બધે નામના પ્રસરી શકતી નથી. તે પ્રાંત બહારના લોકોનું

ધ્યાન તે તરફ ઘણું ઓછું ખેંચાય છે, તેથી તેવાં કાર્ય કરનારની છબીઓ વિલાયતનાં ગ્રાફિક સરખાં પત્રોમાં પ્રકટ થતી નથી, અને તેમની કૃતિયો વિષે લંડનનાં વર્ત્તમાન પત્રોમાં તાર આવતા નથી. પરંતુ તેનું ફળ એવા પ્રકારનું છે કે જે નમાલાં વખાણ બંધ થયા પછી પણ સુદૃઢ તથા કાયમ રહે છે. ખેડુત, વણકર, તથા કારિગરના વર્ગની નવી પ્રજા બુદ્ધિનો પ્રકાશ પામી ચઢતી સ્થિતિની થશે તેઓ આ મોટું કાર્ય કરનારાને ધન્યવાદ દેશે, અને સર્વ સુજ્ઞ પુરૂષો, મિ. લાલશંકર તથા તેમના સહાયકોની ખરી દેશપ્રીતિ કબૂલ કરશે. તેઓ લોકની ઉન્નતિ કરવા શાંતપણે કંઈપણ ઘોંઘાટ કર્યા વિના પ્રયાસ કરે છે. આ સમયમાં દેશી ભાષાની વૃદ્ધિ કરવા પ્રયત્ન કરનારને પ્રસિદ્ધિમાંથી દૂર રહેવું પડે છે. બ્હારના લોકની દૃષ્ટિ, હાઇસ્કૂલો તથા કોલેજો અને ત્યાં કેળવણી પામી બહાર આવેલા મનુષ્ય તરફ સાધારણ રીતે ખેંચાય છે. અંગ્રેજી ભાષા વડેજ હિંદુસ્થાન દુનિયામાં જાણીતું થાય છે, અને થશે. અંગ્રેજી ભાષા તેજ પદાર્થ વિજ્ઞાનની, કાયદાની તથા આ જમાનાના ઘણા વિષયોની ભાષા છે, એ સત્ય છે. પણ તેમાં સર્વ સત્યની સમાપ્તિ થતી નથી. ઉપરની સપાટીના ચળકાટની નીચે લોક જીવનનો ધીમો અને ઉંડો પ્રવાહ વહે જાય છે. વિદ્યાર્થીની, કાયદાના અભ્યાસીની, મુસાફરની તથા કેળવણી પામેલા અને અગાડી વધેલા વર્ગની ભાષા તે અંગ્રેજી છે, પરંતુ ગુજરાતી ભાષા તે ખેડુત, દુકાનદાર, કારિગર તથા બીજા સામાન્ય લોકની ભાષા છે. ગુજરાતી ભાષા તે તમારી માતાના ખોળામાં બેસીને તમે શીખ્યા હશો તે છે. તમારા દેશના ધર્મની તે ભાષા છે. જેઓ સામાન્ય લોક પર અસર કરવા ઇચ્છે છે, તેમણે લોકની ભાષાનો આશ્રય લેવો જોઇએ.

આ સોસાઇટી જેવી સોસાઇટીની અગત્યનું બીજું ખાસ કારણ છે. ગુજરાતી પુસ્તકો લાખો મનુષ્યો વાંચી શકે છે અને અંગ્રેજી પુસ્તક થોડાજ વાંચી શકે છે, અને તેથીજ નઠારાં અંગ્રેજી પુસ્તક કરતાં નઠારાં ગુજરાતી પુસ્તકથી વધારે હાનિ થવાનો સંભવ છે. કેમકે અંગ્રેજી વાંચનાર સાધારણ રીતે સારા નરસાનો તથા સત્યાસત્યનો નિર્ણય કરી શકે તેવા હોય છે, અથવા હોવા જોઈએ. પરંતુ માત્ર ગુજરાતી સમજનાર જે વાંચે છે તે બધું શાસ્ત્ર પ્રમાણે માની લે છે. વરાળયંત્રને પહેલાં લોક, દેવતા કહી તેની પૂજા કરતા. તે સમય વીતી ગયો છે પણ તેવીજ લાગણી છાપેલાં લખાણ માટે હજુ રહી છે. બોલાએલા વચનો પૈકી જે પ્રમાણમાં નિર્માલ્ય

અને અસત્ય વચનોનો ભાગ હોય છે તેજ પ્રમાણમાં છાપેલાંમાં પણ હોય છે. કવિઓ કહે છે કે, નરકની હદ પાસે "લિમ્બો" નામે એક સ્થાન છે અને ત્યાં બધા વ્યર્થ અને અસત્ય શબ્દોનો હંમેશ જથો એકઠો થાય છે. છાપેલા શબ્દો માટે એવી જાતનું સ્થાન છે કે નહીં તે મને ખબર નથી, પણ જો હોય તો વપરાયેલાં જુનાં પુસ્તકોની મોટી દુકાન જેવું તેને માટે બીજુ સ્થળ નહીં હોય. ઘણાને યાદ હશે કે આપણી બાલ્યાવસ્થામાં આપણે કોઈ પણ છાપેલા પુસ્તકમાં લખેલું સત્ય માનતા. માત્ર સ્વભાષા વાંચી શકનાર સરલ મનના સામાન્ય લોકના મનની પણ આવીજ વૃત્તિ હોય છે. એ માટે આ સોસાઇટી જેવી સભાની પરમ આવશ્યકતા છે. તે સાર્વજનિક અન્નનું પ્રથક્કરણ કરનારનું કાર્ય કરી વિશિષ્ટ જ્ઞાન તથા પરીક્ષા વડે સારાં પુસ્તક પસંદ કરી પ્રજા સમક્ષ મૂકે છે.

એમ જણાય છે કે સોસાઇટીની કાર્ય પદ્ધતિ ઘણી જાતની છે. તેમાંની એક એ છે કે, ઉત્તમ કાવ્ય, નિબંધ કે ભાષાંતર સારૂ ઇનામ કહાડવાં. ઓકસફર્ડમાં અપાતા ન્યુડિગેટ પ્રાઇઝ નામે ઇનામ માટે લખવાનું કાવ્ય અમુક સાધારણ કદનુંજ હોવું જોઇએ, એવો નિયમ હતો. તે સંબંધે મેકૉલે કહે છે કે આનું કારણ માત્ર એટલું છે કે ઇનામી કાવ્ય જેમ ટુંકું તેમ સારૂં. હું ધારૂં છું કે, એમ કહી શકાય કે પુસ્તક લખનાર માણસ, પોતાને એ વિષય ઉપર કાંઈ કહેવાની ઇચ્છા છે અને તેથી તે દોરાયો છે એ હેતુથી નહીં, પણ રૂ. ૫૦૦ નું ઇનામ મેળવવાની આશાથી જ્યારે પુસ્તક લખે ત્યારે એવાં પુસ્તક ઘણું કરીને ઉત્તમ પંક્તિનાં ન હોય. તો પણ એવાં પુસ્તક એક રીતે ઉપયોગી થાય. વળી એમ જણાય છે કે ખર્ચ માટે મહેનત કરતા ગ્રંથકારોને ઉત્તેજન આપવા સારૂ સોસાઇટી પુસ્તકો પસંદ કરી તેની નકલો ખરીદ કરે છે, અને હું ધારૂં છું કે લાયબ્રેરીઓમાં અને નિશાળોમાં એ પુસ્તકો આપી દે છે. હાલના વખતમાં આમ કરવાની અગત્ય છે અને તેજ કાર્ય સોસાઇટી કરે છે. જુના વખતમાં ખાનગી આશ્રયદાતાઓની જે પદવી હતી તે સોસાઇટીએ હાલ લીધી છે. ઇગ્લાંડમાં અને બીજા અગાડી વધેલા દેશોમાં સારી ચોપડી છાપનાર માણસ વીસ, ત્રીસ, કે પચાસ હજાર નકલો વેચી શકે અને એ રીતે બીજી કાંઈ મદદ વિના શ્રીમંત થઈ શકે. અને ચોપડી નિર્માલ્ય હોય તો પણ લોકોની રૂચિને તે અનુકૂળ આવે તો એજ પ્રમાણે બને. પણ પહેલાંના વખતમાં આવી જાતની મદદ મળતી નહોતી અને હિંદુસ્તાનમાં

હાલ તેમજ છે. હૉરેસ અને વર્જીલને મિસીનાસ પાસેથી મદદ મળી હતી. ડૉ. જોન્સને એવી મદદ લૉર્ડ ચેસ્ટરફીલ્ડ પાસેથી મેળવવાનો પ્રયત્ન કર્યો હતો, તેનો વૃત્તાંત સુપ્રસિદ્ધ છે. ગુજરાતના જુવાન ગ્રંથકાર આવી મદદ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી પાસેથી મેળવવાની આશા રાખે છે અને જો તે પાત્ર હોય તો તેની આશા ફોકટ જતી નથી.

મને લાગે છે કે, એમાં બીક એટલીજ છે કે સોસાઇટીના ગૃહસ્થો અલબત દયાવંત હોવા જોઇએ. અને તેથી કોઇ વખતે તેમને એવી વૃત્તિ થાય કે પુસ્તક સારૂં છે તે માટે નહીં, પણ ગ્રંથકાર ગરીબ છે તે માટે મદદ કરવી. તેથી, ગયે વર્ષે સોસાઇટી પાસે આવેલી આઠ ચોપડીઓને આશ્રય આપવાને ના પાડવામાં આવી એ સારૂં ચિહ્ન છે. એ ધ્યાનમાં રાખવું જોઇએ કે જે કંઇ બુદ્ધિના, નીતિના કે સાક્ષરતાના સોસાઇટીએ ઠરેલા ધોરણથી ઉતરતું હોય તે ઉખેડી નાંખવા લાયક ઘાસ સરખું છે; ઉછેરવા લાયક પુષ્પ સરખું નથી. જે સાહિત્યનું રક્ષણ સોસાઇટી કરે છે તેને એવી વસ્તુ અધોગતિ પમાડે છે. તેને ઉત્તેજન આપવું ન જોઇએ પણ ફાંસી દેનાર ચંડાળ પાસે બાળી નંખાવવું જોઇએ. ગ્રંથકારનું લખાણ જો ઉમદા કે બોધદાયક હોય તો તેને સર્વથા સહાય કરવી જોઇએ, તેને માન આપવું જોઇએ, અને તે લખાણ વાંચવું જોઇએ; પણ એમ ન હોય તો બને તેટલી ત્વરાથી તેનો ઉચ્છેદ કરી નાંખવો જોઇએ. આ વિષયમાં એક સિદ્ધાંત અગત્યનો છે અને વખતે સોસાઇટીના ધ્યાનમાં તે હજી સુધી નહીં આવ્યો હોય પણ મને આશા છે કે, સોસાઇટી પોતાની પદવીનું વજન આપી એ સિદ્ધાંત બધા પર અને ખાસ કરી જુવાન માણસો પર ઠસાવશે. એ સિદ્ધાંત એ છે કે, પુસ્તક લખવું એ બહુ ગંભીર વાત છે. વાણીની શક્તિજ ગંભીર છે. એ શક્તિવડે ઉચ્ચારેલો શબ્દ બીજા ચિત્તમાં ઠસાવી શકાય છે, અને ત્યાં તે ખટકયાં કરે કે ગુંચવાયાં કરે કે, વિમાર્ગે ગતિ કરાવે, અથવા તો, એમ પણ બને કે એ શબ્દ એવું ઉત્તેજન કે એવો બોધ આપે કે વર્ષોના વર્ષ સૂધી તેની અસર પહોંચે. ત્યારે શબ્દોનો કાગળ અને શાહી-નાથી આભૂષિત કરવા એ કેટલું બધું વધારે ગંભીર કામ છે? એ ક્રિયાથી ખોટી દલીલ અથવા જૂઠી હકીકત અથવા અધઃપાત કરાવનારી સૂચના એક મનુષ્યના નહિ પણ સેંકડો મનુષ્યોના મનમાં પ્રવેશ કરે, અને તે એકજ વખત નહીં પણ વર્ષોનાં વર્ષો સુધી ફરી ફરી પ્રવેશ કરે. આપણે બધા વ્યર્થ શબ્દો ઉચ્ચારવાનો દોષ કરીએ છીએ. વગર નિમંત્રણે એવા શબ્દો

આવે છે. પણ જ્યારે કોઇ માણસને એમ લાગે કે મારા વિચાર એવા કીમતી છે કે મારે બેસીને તે લખી નાંખી છપાવવા જોઇએ, ત્યારે તો ઉતાવળ કરવાનું કાંઇ પણ બહાનું નથી, તૈયારી અધુરી રાખવાનું કાંઈ બહાનું નથી. કોઇ વાત દ્વેષથી, અયુક્તિથી કે જોસ્સાથી લખવાનું કાંઇ પણ બહાનું નથી.

સમાપ્તિ કરતાં એક શબ્દ વધારે કહેવા ઇચ્છું છું. ફ્રાન્સ જેવા મોટા દેશની જોડે ગુજરાત જેવા અપ્રસિદ્ધ પ્રાંતની સરખામણી થઇ શકતી હોય તો મને લાગે છે કે જેમ સોસાઇટીનું સામર્થ્ય વધતું જાય તેમ ફ્રેંચ એકાડમી સરખું કાર્ય સોસાઇટી કેટલેક દરજ્જે કરી શકે-કેટલેક અંશે સાહિત્યની અને સર્વ અંશે ભાષાનો તે નિયામક થઈ શકે. જે જે ભાષાઓમાં સાહિત્ય બહુ ઓછું હોય છે તે તે ભાષાઓનું વલણ એવું હોય છે કે તેના કકડા થઈ પ્રાંતીય ભાષાઓ થાય છે, અને સાધારણ વાતચીતમાં વપરાતાં વચનો તેમાં દાખલ થઇ તેનું ગૌરવ ઘટે છે. ગુજરાતી ભાષાનું વલણ આવું છે. એ ભાષાને સ્થિર કરવી એ સોસાઇટીનું કામ છે. ખાસ કરીને, ગુજરાતીને સંસ્કૃતમયી બનાવવાના હાલ જે પ્રયત્ન થાય છે તે પ્રત્યે સોસાઇટીની વૃત્તિ દૃઢ હોવી જોઇએ. એ વૃત્તિ કેવી હોવી જોઇએ એ વિષે શિખામણ આપવાને હું યોગ્ય નથી, પણ આ હકીકતથી ઇંગ્લાંડની એંગ્લોસેક્સન ભાષાને લાટીન-મયી બનાવવાના પ્રયત્નનું મને કેટલીક રીતે સ્મરણ થાય છે. એ સંબંધે અનુભવથી જણાય છે કે જે બોલનારાઓ અને લખનારાઓ સાદા, તળપદા, ઘરગથુ શબ્દો બહુધા વાપરે છે તેઓજ સામાન્ય લોકના હૃદય પર અસર કરી શકે છે, અને તેમને સમજાવી શકે છે. સંસ્કૃત શબ્દો દાખલ કરવાથી ભાષાનો કોશ વધશે ખરો પણ તેથી ભાષાની સ્પષ્ટતા અને ભાષાનું ખરૂં સામર્થ્ય ઘટશે.

બાનુઓ અને ગૃહસ્થો! તમને હવે વધારે શ્રમ નહીં આપું અને અંતે એ આશા પ્રદર્શિત કરૂં છું કે ગયાં પચાસ વર્ષમાં સોસાઇટીની જેવી વૃદ્ધિ થઈ છે તેવીજ વૃદ્ધિ આવતાં પચાસ વર્ષમાં થાઓ.

આ પછી સોસાઇટીના પ્રમુખ ઑન. રા. બ. રણછોડલાલ છોટાલાલે મિ. લેલી તસ્દી લઈ અત્રે પધાર્યા અને આ ક્રિયા કરી તે માટે તથા આવું મનોરંજક તથા બોધદાયક ભાષણ તેમણે આપ્યું તે માટે તેમનો ઉપકાર માન્યો.

મિ. લેલીને હાર કલગી આપવામાં આવ્યાં અને સર્વ સભાજનોને પાન ગુલાબ આપ્યા બાદ મેળાવડો વિસર્જન થયો.

# પ્રકરણ ૧૧

## સોસાઇટીના પ્રમુખો

" એમણે એક મહાત્માને પૂછ્યું: ઇશ્વરને પામવાના માર્ગ કેટલા છે? મહાત્માએ જવાબ આપ્યો: દુનિયામાં જેટલા અણુઓ છે તેટલા માર્ગ છે. પણ સારામાં સારો અને ટુંકો રસ્તો એક સેવા છે."

[ મુનિ ન્યાયવિજયજી. ]

### નગરશેઠ પ્રેમાભાઈ હીમાભાઈ

" He passed the last days of his life in quietude and retirement, devoting himself to religious contemplation. He was gathered to his forefathers, full of years, in 1887, and the sorrow of his countrymen found expression in the erection of a permanent memorial in his honours in the shape of a noble hall, which is associated with his name."

( "Representative men of the Bombay Presidency," page 198 ).

નગરશેઠ પ્રેમાભાઇનું કુટુંબ અમદાવાદમાં સેંકડો વર્ષથી અગ્રસ્થાન ભોગવે છે. એઓ ઓસવાળ જ્ઞાતિના, ધર્મે જૈન છે; પણ એમના મૂળ પુરૂષ મારવાડના શુદ્ધ ક્ષત્રિય વંશના સીસોદીઆ રાજપુત, કાકોલા શાખાના હતા. મૂળ પુરુષનું નામ પદમશી હતું અને તેમની ત્રીજી પેઢીએ શેઠ શાન્તિદાસ થયા. તેમણે જહાંગીર બાદશાહ, જે અમદાવાદમાં તે વખતે ગુજરાતનો હાકેમ નિમાઇને આવ્યો હતો તેમની ખૂબ શુશ્રૂષા કરી, સારી પ્રીતિ મેળવી હતી. એટલે સુધી કે જહાંગીરે એમના પર ખુશ થઇને નગરશેઠનું પદ શાન્તિદાસને આપ્યું અને વધુમાં એમની મહેરબાનીની નિશાની તરીકે શાન્તિદાસને સરસપુરમાં પોતાના ઇષ્ટદેવ ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર બાંધવાની પરવાનગી આપી હતી, જે હક્ક સંપાદન કરવો એ તે સમયે બહુ વિરલ હતું.*

---

* જુઓ શાન્તિદાસનો રાસ "જૈન રાસમાળા", ભા. ૧, પૃ. ૩૧



શેઠ પ્રેમાભાઈ હીમાભાઈ

શાન્તિદાસ શેઠના પ્રપૌત્ર ખુશાલચંદે પણ મરાઠાઓની ધાડ અને લુંટફાટમાંથી શહેરનું રક્ષણ કર્યું હતું; અને તેની કદરસનાશી તરીકે પ્રજાએ રાજીખુશીથી શહેરમાં આવતા માલ પર અમુક ટકા જકાત નાંખવાનો હક્ક, તેમને અમદાવાદના હાકેમની સંમતિ મેળવીને સ્થાપી આપ્યો હતો અને એ હક્ક બદલ આજે પણ નગરશેઠના કુટુંબને બ્રિટિશ સરકાર તરફથી રૂ. ૨૧૩૩ નું સાલિયાણું મળે છે.

રાજદરબારમાં એ કુટુંબનો માનમરતબો અને લાગવગ જેમ મ્હોટો અને બહોળો હતો તેમ પ્રજા પક્ષે એમની સખાવત અને ઉદારતા એટલાંજ પ્રશંસનીય અને પરોપકારી વૃત્તિવાળાં હતાં.

નગરશેઠ હીમાભાઇએ સોસાઇટીને પ્રથમ મકાન બંધાવી આપ્યું હતું, તેનો વૃત્તાંત 'હીમાભાઈ ઇન્સ્ટીટયુટ' એ નામવાળા પ્રકરણના પ્રથમ ખંડમાં અપાઈ ગયો છે.

લોકનું શ્રેય કરવાના અને સહાયતા આપવાના કુલીનતાના ગુણો એમના પુત્ર શેઠ પ્રેમાભાઇમાં પણ વારસામાં ઉતર્યાં હતા.

એક શરાફી પેઢી તરીકે એમની આંટ બહોળી તેમ દેશપરદેશમાં જામેલી હતી અને મ્હોટા મ્હોટા સ્થળોએ એમની આડત ચાલતી. કવિ દલપતરામને વઢવાણથી તેડાવવા પ્રથમ પત્ર મોકલેલો તે એમની પેઢી મારફત ગયો હતો. શહેરમાં જે કાંઈ જાહેર કાર્ય ઉપસ્થિત થાય તેમાં અગ્રેસર એ કુટુંબ જ હોય; અને તે દરેકમાં તેમની સહાનુભૂતિ અને સહાયતા હોય ને હોય. એમની એ પ્રતિષ્ઠાને લઇને સરકારે એમને મુંબાઈની ધારાસભાના સભ્ય નિમ્યા હતા અને એમનાં સખાવતનાં કાર્યો× માટે રાવબહાદુરનો ઇલ્કાબ પણ બક્ષ્યો હતો.

સોસાઇટીએ પણ સન ૧૮૭૭ માં એમને તેના પ્રમુખ નીમીને એક પ્રકારનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

ઉત્તરાવસ્થામાં તેઓ શાન્ત, એકાંતમય જીવન પ્રભુ ભક્તિમાં ગાળતા.

સન ૧૮૮૭ માં તા. ૧૦ મી ઓકટોબરે એમનું પાકી વયે અવસાન થયું હતું.

સોસાઇટી સાથેનો એમનો સંબંધ યાદ રહે એ આશયથી એમના પુત્ર નગરશેઠ મણિભાઇએ રૂ. ૩૦૦ ની રકમ શેઠ પ્રેમાભાઈના નામથી

× તેની યાદી માટે જુઓ જૈન રાસમાળા ભા. ૧, પૃ. ૨૧.

એક પુસ્તક લખાવવા સોસાઇટીના સેક્રેટરીને ઇનામમાં આપવા સારૂ આપી હતી. એ રકમનું ઇનામ આપી સોસાઇટીએ થાયર રચિત " Tact, Push and Principle " એ નામનું પુસ્તક " જીવનનું સાફલ્ય " એ નામથી દી. બા. ગોવિંદભાઈ હાથીભાઈ પાસે તૈયાર કરાવીને છપાવ્યું હતું. એ પુસ્તકની ત્રણ આવૃત્તિઓ થઇ ચૂકી છે, એ એમના નામનો એક રીતે સુવાસ પ્રસરાવે છે; પણ એમનું ખરૂં સ્મારક તો 'પ્રેમાભાઈ હોલ'નું છે.

નગરશેઠ પ્રેમાભાઇનું સ્મારક ઉભું કરવા એમના મિત્રોએ એક ઉઘરાણું કર્યું હતું. કેવી રીતે તેનો વ્યય કરવો એનો નિર્ણય થયો નહોતો. એવામાં સોસાઇટીનું નવું મકાન ઉભું કરવાની તજવીજ થઈ; અને તે માટે સોસાઈટી પુરતું ફંડ ઉભું કરી શકી નહોતી. સોસાઈટીના સેક્રેટરી નગરશેઠ પ્રેમાભાઈ ફંડના સંચાલકોને મળ્યા; અને સોસાઇટીના મકાનના ઉપલા મજલાને જાહેર વ્યાખ્યાનો માટે ખુલ્લો રાખી એ ભાગને પ્રેમાભાઇ હોલનું નામ આપવાની સરતે સેક્રેટરી લાલશંકરે એ ફંડની રૂ. ૧૨૦૦૦ ની રકમ મેળવી હતી.

સોસાઇટીનું પહેલું મકાન હીમાભાઈ ઇન્સ્ટીટ્યુટ નગરશેઠ હિમાભાઈની બક્ષિસથી બંધાયું હતું. આ નવા મકાન સાથે એમના જ પુત્ર પ્રેમાભાઇનું નામ જોડાય એ પણ એક દૈવી યોગ છે.

## શેઠ બેચરદાસ અંબાઈદાસ

" By his sober judgment, strong character and resourceful nature he amassed a large fortune which he used most advantageously. He made a princely gift of two lacs of rupees for educational and charitable purposes while among the other philanthropic works that he left behind him in Ahmedabad: the Mahalaxmi Female Training College, a Sanskrit School, the Bechardas Dispensary, the Sadavrat and a Rest-house for travellers near the Railway Station."

('Representative men of the Bombay Presidency,' page 91).

શેઠ બેચરદાસ ગ્નાતે કડવા કણબી હતા. એમનો જન્મ સન ૧૮૧૮ માં થયો હતો. એમના પિતા શેઠ અંબાઈદાસ પુરુષોત્તમદાસ પેશ્વા, ગાયક-



શેઠ બહેચરદાસ અંબાઈદાસ લશ્કરી

વાડ અને બ્રિટિશ સરકારના લશ્કરના અમલદારોને નાણાંની ધીરધારનું કામ કરતા હતા, તેને લઇને તેઓ 'લશ્કરી' એ ઉપનામ પામ્યા હતા. એમના વડવાઓએ પણ રાજકર્તાઓની વફાદારીભરી ચાકરી કરેલી તે બદલ તેમને વડસર અને ડીગોચા નામનાં ગામો ઇનામમાં મળ્યાં હતાં.

એમના પિતા અંબાઇદાસ બ્રિટિશ લશ્કરી અમલદારો સાથે સારો સંબંધ ધરાવતા, તેને લઇને બેચરદાસને એ અમલદારોના સમાગમમાં આવવાનું બનતું અને કેપ્ટન ક્રોલિ તો એમના પર ખુશ ખુશ હતા અને એમણે જ બેચરદાસને ઈંગ્રેજી શિખવ્યું; એટલુંજ નહિ પણ લશ્કરી ખાતામાં એમને નોકરી અપાવી હતી. પણ બીજે વર્ષે અંબાઇદાસનું મૃત્યુ થતાં બેચરદાસે એ નોકરી છોડી દીધી અને બાપીકો ધંધો સંભાળવા માંડયો. એવામાં હિન્દમાં બળવો થયો. યુરોપિયનો સાથે પ્રથમથી સારી માયા અને આ વખતે શેઠે તેમને સારી સહાયતા આપી હતી. એમના ધંધામાં પણ સારી પ્રાપ્તિ થઈ. આ પ્રમાણે એમનું ભાગ્ય ખુલી ગયું. શેઠ રણછોડભાઈની પેઠે એમણે પણ પોતા થકી એક સુતર કાપડની મીલ અમદાવાદમાં કાઢી.

પોતાનો અભ્યુદય થયો તેની સાથે બેચરદાસે સ્વજ્ઞાતિના ઉત્કર્ષાર્થે પ્રયાસ આદર્યો. સરકારને, એમણે એમની કણબીઓની કોમમાંથી છોકરીઓને દુધપીતી કરવાના રિવાજને અટકાવવામાં બહુ મદદ આપી હતી.

એમણે પૈસો જેમ રળી જાણ્યો તેમ તેને ખર્ચ્યો પણ હતો. મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજની સ્થાપના એમની સખાવતનેજ આભારી છે. સરકારે એમના જાહેર કાર્યોની કદર સી. આઈ. ઈ. નો ચાંદ બક્ષીને કરી હતી.

નગરશેઠ પ્રેમાભાઇના અવસાન બાદ સોસાઈટીએ શેઠ બેચરદાસને તેના પ્રમુખ નિમ્યા હતા; પણ એ સ્થાન પર તેઓ ઝાઝા દિવસ રહેલા નહિ. તા. ૨૦ મી ડિસેમ્બર ૧૮૮૯ ના રોજ તો એમનું અવસાન થયું હતું.

એ દુઃખદ બનાવની નોંધ બુદ્ધિપ્રકાશમાં નીચે મુજબ લેવાઈ હતી:

"એમનું મુબારક નામ કાયમ રહે એવાં એમણે અનેક રૂડાં કામ કર્યાં છે. એઓ ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના આયુ સભાસદ ( Life Member ) હતા, તથા કેટલાક વખતથી તેના પ્રમુખનો માનવંત હોદ્દો દીપાવતા હતા. એમના સ્વર્ગવાસથી ગુજરાતે એક સરળ–ઉદાર–શુદ્ધ ટેકવાળો ઉત્તમ નર ખોયો છે. શેઠ સાહેબના ખેદદાયક મૃત્યુથી એમના કુટુંબને થયેલી દિલગીરીમાં અમે પણ અંતઃકરણથી ભાગ લેઇયે છિયે,

અને પરમકૃપાળુ પરમેશ્વર પાસે માગિયે છિયે કે તે એમના સુપુત્ર શંભુપ્રસાદને સદા આબાદી બક્ષે તથા તેમને હાથે રૂડાં કામ કરાવે."†

તે પછી એમના પુત્ર શેઠ શંભુપ્રસાદે રૂ. ૨૦૦ સોસાઈટીને સ્વર્ગસ્થના નામનું એક સ્મારક પુસ્તક પ્રસિદ્ધ કરવા સારૂ આપ્યા હતા. સોસાઇટીએ તે રકમ ઇનામમાં આપીને સર જોન લેખક લિખિત Use of Life એ ઈંગ્રેજી પુસ્તકનો ગુજરાતીમાં તરજુમો શ્રીયુત છગનલાલ ઠાકોરદાસ મોદી પાસે તૈયાર કરાવ્યો હતો અને તે પુસ્તક ગુજરાતી સાહિત્યમાં લોકોપયોગી તેમ લોકપ્રિય નિવડ્યું છે.

એ પુસ્તકની ઉપોદ્ઘાતમાંના શબ્દો વાપરીએ તો 'સ્વર્ગસ્થે સ્વ-પરાક્રમથી જીંદગીનો ખરો ઉપયોગ કરીને ગુર્જર પ્રજામાં સ્ત્રી કેળવણીની વૃદ્ધિ કરવામાં અને દેશોન્નતિનાં કામોમાં અગ્રેસર ભાગ લીધો હતો.'*

## રા. બા. રણછોડલાલ છોટાલાલ

" Ranchhodlal's death deprived Ahmedabad of the most distinguished of its citizens, deprived the province of Gujarat of its leading merchant prince, and robbed the State of one of its most loyal and devoted subjects. His achievements in the field of commerce and urban Government justly entitle him to high rank in the company of those able and distinguised men, both English and Indian, whose lives have been devoted to helping India along the path of progress. He will live long in the memory of the city, whose welfare he sought with such courage and consistency. His unfaltering optimism, his public spirit, his unfailing courtesy, his patriotism and catholic philanthropy these are the keynotes of a career which must ever remain a source of pride and inspiration to his countrymen."

[ A Memoir of Rao Bahadur Ranchhodlal Chhotalal-compiled by, S. M. Edwardes, page 66 ].

† બુદ્ધિપ્રકાશ, સને ૧૮૯૦, પૃ. ૭૨.

* જીંદગીનો ઉપયોગ-નો ઉપોદ્ઘાત.



રા. બ. રણછોડલાલ છોટાલાલ

અમદાવાદમાં સ્વર્ગસ્થ રણછોડભાઇનું નામ એમની ત્રણ પેઢી થયા છતાં અદ્યાપિ આબાળ વૃદ્ધ સૌને મુખે સાંભળવામાં આવે છે અને એ નામ સ્મરણમાં એક પ્રકારની ઉપકારવશ આનંદની લાગણી અનુભવાય છે. એમણે કાર્યો પણ એવા મહત્વનાં, લોકોપકારી, જનસુખકારીનાં, કેળવણી અને હુન્નર ઉદ્યોગનાં આરંભ્યાં હતાં કે તે એમનું નામ સદા યાદગાર રખાવે. આજે અમદાવાદ શહેર આટલું બધું તાલેવંત, વસ્તીથી ભરચક, ખીલેલું અને વિસ્તરેલું, આબાદ સ્થિતિમાં જોવામાં આવે છે, એ સઘળો પ્રતાપ રણછોડભાઇનો છે.

એમનો જન્મ તા. ૨૯ મી એપ્રિલ સન ૧૮૨૩ ના રોજ ડાકોર મુકામે થયો હતો. એમનાં માતાપિતા જાત્રાએ નિકળ્યાં હતાં. પાટણ પાછા ફરતા પહેલાં ડાકોર આવેલાં. અહિં રણછોડભાઇનો જન્મ થયો; અને એ બનાવને શ્રી રણછોડરાયની કૃપા માની તે બાળકનું નામ રણછોડભાઇ રાખવામાં આવ્યું હતું. એ સંબંધી એક ચમત્કારી વાત નોંધવામાં આવી છે. જ્યારે તેઓ જુનાગઢ–ગિરનારની યાત્રાએ પહોંચેલાં ત્યારે ડુંગર પરથી પાછા ઉતરતાં સહજ અંધારૂં થઈ ગયલું; અને તેઓ રસ્તો ભૂલેલા. એ સ્થિતિમાં આખી રાત વચગાળે એક સાધુની ઝુંપડીમાં ગાળવી પડેલી અને તે સાધુએ જે કાંઈ ખાવાનું આપ્યું તે આરોગીને સંતોષ માનેલો. તે પ્રસંગે સ્વર્ગસ્થનાં બ્હેન મ્હોટીબાએ એ સાધુને સવાલ કર્યો હતો કે મારા માતા પિતાને એક પુત્ર અવતરશે કે નહિ, તેના જવાબમાં એ સાધુએ કહ્યું હતું કે, 'જરૂર, તને એક ભાઈ પ્રાપ્ત થશે અને સારાં કાર્યો માટે તેની બહોળી ખ્યાતિ થશે.' ખરે એ સાધુવાણી સાચી નિવડી છે.

તે દિવસોમાં હાલની પેઠે શિક્ષણ માટે પદ્ધતિસર ગોઠવણ નહોતી. ગામઠી નિશાળો ખાનગી ચાલતી ત્યાં બાળકોને માબાપો ભણવા સારૂ મોકલતાં. ત્યાં લેખન વાચન સામાન્ય રીતે શિખવાતું. સ્લેટો નહિ એટલે લાકડાની રંગેલી પાટી પર ખડીમાં બોળીને વતરણાથી મૂળાક્ષર લખાવવામાં આવતા. અને આંક મોઢે કરાવાતાં. મહેતાજીને નિશાળગરણું કરાવતી વખતે માબાપ તરફથી થોડીક દક્ષિણા મળતી; વાર તહેવારે સીધું મળતું અને પરચુરણ ચીજો થોડી ઘણી મળતી. આ સિવાય શિક્ષણ સારૂ બીજી કશી ફી આપવામાં આવતી નહોતી.

અમદાવાદમાં આવી વસ્યા પછી રણછોડભાઇને એમના પિતાએ તુલજારામ મહેતાજીની નિશાળે બેસાડયા હતા. તે વખતે ફારસીનું જ્ઞાન

આવશ્યક મનાતું; તેનું શિક્ષણ પણ એમને આપવાનું વિસરાયું નહોતું. છોટાભાઇ પોતે ફારસીના સારા જ્ઞાતા હતા. વળી એક હિન્દુ તરીકે સંસ્કૃત તો શિખવુંજ જોઇએ, એ દૃષ્ટિએ એમને સંસ્કૃતનું શિક્ષણ આપવા ગોઠવણ કરી હતી. તે વિષે રણછોડભાઇનો ચરિત્રકાર જણાવે છે:

"His father arranaged for him to study the sacred language under a Pandit named Bindu Vyasa, with whose assistance he made a rapid progress in both Sanskrit literature and philosophy." †

આમ એમના શિક્ષણ માટે ઉત્તમ પ્રકારની વ્યવસ્થા થઇ હતી અને શ્રીયુત નરસિંહરાવભાઇના શબ્દોમાં કહીએ તો "રણછોડભાઇ જૂના જમાનાની અપૂર્ણ ભાસતી પણ આત્મબળથી પ્રાપ્ત કરેલી ઘરગથ્થુ કેળવણીનો પાક હતા; સંસ્કૃત, ફારસી, અંગ્રેજી જાતેજ સંપાદન કરેલાં હતાં."*

રણછોડભાઇને અંગ્રેજી શિક્ષણ આપવાની ગોઠવણ સારાભાઇ મારફત થઇ હતી; ત્યારથી એમને ભોળાનાથ સાથે બાળમૈત્રી બંધાઈ હતી.

સન ૧૮૪૨ માં ભણવાનું સામાન્ય રીતે પૂરું થતાં, રણછોડભાઇને અમદાવાદમાં કસ્ટમ ખાતામાં રૂ. ૧૦ માં ખાનગી કારકુનની જગો મળી; અને એમનું કામ સંતોષકારક માલુમ પડતાં, ઉપરી અધિકારીએ એ વર્ષમાં રૂ. ૨૦ ના પગારે એમની હોદ્દામાં નિમણુંક કરી હતી.

સરકારી નોકરીમાં હોંશિયારી અને કાર્યદક્ષતાથી તેઓ એક પછી એક ઉંચે હોદ્દે વધતા ગયા. છેવટે પંચમહાલના પોલિટીકલ એજંટના આસિ. સુપ્રિન્ટેન્ડન્ટના પદે–જે હિન્દીઓને કવચિત્ મળતું–પહોંચ્યા અને રૂ. ૬૦૦ નો તેમનો પગાર થયો.

દરમિયાન સન ૧૮૫૯ માં લુણાવાડાના રાજાનું મૃત્યુ થયું. ગાદીના વારસ તરીકે સ્વર્ગસ્થે એક નજદિકના સગાની પસંદગી કરી હતી. એ વર્ષમાં તેનું મૃત્યુ થયું, તેથી રાજમાતાએ ખાલી પડેલી જગાએ દલેલસિંહની નિમણુંક કરી. એ નિમણુંક પોલિટીકલ એજંટ મંજુર કરે તે પહેલાં રાજમાતા ગુજરી ગયાં; એ પરથી રાજ ખટપટ જાગી, તેમાં રણછોડભાઇનું નામ સંડોવાયું, કહેવાતી લાંચ વિષે તપાસ થઇ, તેમાંથી

† A Memoir of R. B. Ranchhodlal Chhotalal, page 9.

* સ્મરણ મુકુર–પૃ. ૩૪.

રણછોડભાઈ નિર્દોષ ઠર્યા; પરંતુ તેમને સરકારી નોકરી કાયમ માટે છોડવી પડી.

દૈવ જે કાંઇ કરે છે તે સારા માટે કરે છે, એમ એમના કેસમાં બન્યું. જે કાંઇ સરકારે ગુમાવ્યું તેથી અનેકગણો લાભ અમદાવાદને થયો. જેમનો દિવસ પાધરો છે, જેમનું સત તપે છે, તે પુરુષ કદી દુઃખી થતો નથી.

નોકરીમાં હતા તે દિવસથી હુન્નર ઉદ્યોગ પ્રતિ રણછોડભાઇની નજર હતી. સન ૧૮૫૦ માં એમણે અમદાવાદમાં સુતર કાપડની મિલ કાઢવાનો પ્રયત્ન કર્યો હતો. "અમદાવાદ સમાચાર" નામના વર્તમાનપત્રમાં તેની જાહેરાત પણ આપી હતી; પરંતુ નાણાંની મદદ નહિ મળવાથી એમનો એ અખતરો નિષ્ફળ ગયો હતો. પણ છૂટા થઈ આવતાંજ એમણે એ કાર્ય ફરી હાથમાં લીધું અને એમના પ્રયાસથી સન ૧૮૫૯ માં અમદાવાદમાં પહેલવહેલી સુતર કાપડની મિલ નિકળી.

શરૂઆતનું અને નવું કાર્ય, એટલે તેમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ નડેલી. હાલતાંચાલતાં નાસીપાસીના પ્રસંગો ઉદ્ભવે; પણ એ ધીર પુરુષે નહિ ગભરાતાં, સર્વ અડચણો પાર ઉતારી, અંતિમ ધ્યેય પ્રાપ્ત કર્યું હતું. એમની મીલ ચાલુ થઈ તે દિવસથી અમદાવાદની જાહોજલાલીના ગણેશ બેઠા એમ આપણે કહી શકીએ.

મીલ ઉદ્યોગ અમદાવાદમાં સ્થાપીને એમણે જેમ શહેરની આબાદીનાં બીજ રોપ્યાં તેમ શહેરની સુખાકારી અને આરોગ્ય માટે એમણે લીધેલો શ્રમ અપૂર્વ હતો. અમદાવાદમાં નળ લાવવાનું અને ગટરની યોજના કરવાનું માન સ્વર્ગસ્થને છે. એ નવાં કાર્યોની શરૂઆત કરતી વખતે લોકમત એ યોજનાની બહુ વિરૂદ્ધ હતો; પણ આજે શહેરીઓ એમને તે કાર્યો માટે હાર્દિક ધન્યવાદ આપે છે.

સન ૧૮૮૯ માં શેઠ બેચરદાસ અંબાઈદાસનું મૃત્યુ થતાં રણછોડભાઇને સોસાઈટીના પ્રમુખ તરીકે નિમવામાં આવ્યા હતા.

સોસાઈટીની પ્રવૃત્તિઓમાં તેઓ ખૂબ રસ લેતા. તેના દરેક કામને ઝીણવટથી તપાસતા અને તેની પ્રગતિ માટે સતત પ્રયત્ન કરતા અને હમેશ કાળજી રાખતા.

ખાડીઆના લત્તામાં એક કન્યાશાળાની આવશ્યકતા લાગતાં, રણછોડભાઇએ રૂ. ૧૨૦૦૦ સોસાઇટીને સોંપ્યા હતા.÷

÷ એ સંસ્થાના વૃત્તાંત માટે જુઓ પૃ. ૧૫૪

અમદાવાદ મ્યુનિસિપાલેટીના તેઓ પ્રમુખ હોઇને, શહેર સુખાકારી અને આરોગ્યનો પ્રશ્ન એમની આંખ સમીપ હમેશાં રહેતો. લોકની ગંદી, મેલાઘેલા રહેવાની રીતિથી તેઓ અજાણ નહોતા. એમની એ રીતભાત સુધરે, લોકમાં દારૂ પીવાની બદી હતી તે નષ્ટ થાય, પ્રજાજન તંદુરસ્તી પામે અને લાંબુ આયુષ્ય ભોગવે એ આશયથી જનતામાં આરોગ્યનાં જ્ઞાન પ્રચારાર્થે રૂ. ૨૦૦૦ સોસાઇટીને એમણે આપ્યા હતા. અને તેની સાથે લખી મોકલેલા પત્રમાં એવી શરત કરી હતી કે–સોસાઇટી યોગ્ય વ્યાખ્યાતાને પસંદ કરી, અમદાવાદમાં આરોગ્ય અને દારૂનિષેધ અને માદક તત્ત્વો એ વિષયોપર જાહેર વ્યાખ્યાનો અપાવે.+

આ વ્યાખ્યાનમાળા લોકપ્રિય નિવડી છે એટલુંજ નહિ, પણ એ વ્યાખ્યાનો જે જુદા ચોપાનિયાં રૂપે છપાવવામાં આવ્યાં છે, તે પણ લોકોપયોગી થયાં છે.

લોકોના આરોગ્ય માટેની એમની કાળજી અને આ દીર્ઘ દષ્ટિભર્યું એમનું પગલું ખરેખર જનતાના હિતમાં આવશ્યક અને હિતાવહ હતું.

રણછોડભાઇની મેડીકલ રીલિફ ફંડની યોજના પણ એમની વ્યવહારૂ અને ઝીણી નજરનો સરસ ખ્યાલ આપે છે.

શહેરના ઉત્કર્ષ અને સગવડ અર્થે રણછોડભાઈ અને એમના પછી એમના પુત્ર માધુભાઇ તેમ પૌત્ર સર ચીનુભાઈ, પહેલા બેરોનેટે, એટએટલાં સુંદર અને ઉમદા કાર્યો કરેલાં છે કે અમદાવાદની પ્રજા એ કુટુંબનો જેટલો ઉપકાર માને એટલો થોડો છે.

સોસાઇટી એકલીને રણછોડભાઈ અને એમના કુટુંબ તરફથી રૂ. ૪૫૯૫૦ નાં નવ ટ્રસ્ટફંડો, ઇનામ, સ્કોલરશીપ, આરોગ્ય, જ્ઞાન પ્રચાર અને કન્યાશાળાના નિભાવ અર્થે મળેલાં છે.

એમના જેવા રચનાત્મક અને દુરંદેશીભર્યાં કાર્યો આપણે અહિં બહુ થોડાં પુરુષોનાં જોવામાં આવશે. એમની પિછાન અર્વાચીન અમદાવાદના એક આગેવાન વિધાયક તરીકે કરાવી શકાય; એમનું જીવન પણ નમુનેદાર હતું.

---

+[ The Society Should select competent persons available to give lectures in Ahmedabad to promote Public Health and to check the vice of using intoxicating drinks and drugs etc. ]



દી. બ. અંબાલાલ સાકરલાલ

"બુદ્ધિપ્રકાશ" માં એમના અવસાનની નોંધ લેતાં લેખકે સાચું જ કહ્યું હતું, કેઃ—

"સામાન્ય રીતે સમસ્ત ગુજરાતે અને મુંબઇ ઇલાકાએ પોતાનો એક સુપ્રતિષ્ઠિત અને કસાયેલો કાર્યદક્ષ આગેવાન—રાજા અને પ્રજા બંનેના કલ્યાણની કામનાથી અને બંનેનાં મન સાચવીને કામ કરનાર ગુણવાન, બુદ્ધિમાન અને સમયસૂચક-કર્મવીર ખોયો છે. એ ખોટ એવી ભારે છે કે તુરત વેળા તો તેમનું સ્થાન સાચવે તેવો પુરૂષસિંહ ગુજરાતમાં નજરે પડતો નથી."*

## દી. બા. અંબાલાલ સાકરલાલ

"બ—, હું કંઇ મોટો માણસ નથીઃ મ્હારું તે વળી જીવનચરિત્ર—Life and letters—હોય! હું! ત્હમે ધારતા હશો તેવો કલમબાજ આ ગ્રેજ્યુએટોમાં ગુજરાતમાં ગોરધનભાઈ, નનુભાઇ (રા. રા. નરસિંહરાવ) કેશવલાલ નીવડયા છે, તેવો Literary Man—પણ હું નથી. વળી હજી મ્હારે ઘણું જીવવું છે, ઘણું ઘણું કરવું છે. કઇએ કરવાની તક મ્હને હમણાં જ મળી છે. વળી જુઓ, એ દરેકમાં—મ્યુનિસિપાલિટીમાં રાજકીય બાબતોમાં, આપણા દેશની આર્થિક હાલત કેમ સુધરે એ પ્રશ્નમાં—સર્વમાં મ્હારે તો ડગલે ડગલે ઘણું જ્ઞાન મેળવવાનું છે અને પોપટિયા કે કેવળ પુસ્તકિયા જ્ઞાન મ્હારે કોડેજ ન જરે, એટલે પ્રત્યક્ષ જોવાનું અને અનુભવવાનું, વિચારવાનું, તુલના કરવાનું ને પૂર્વાપર બેસાડવાનું અત્યંત. આથી કરીને દેશના ભાવિ ઉદય માટેની આ આપણી વર્તમાન જાહેર લોક સેવાની વ્યાપક હીલચાલોને લગતા વિષયોમાં મ્હને રાત દિવસ એટલો તો રસ પડે છે—હું! કે ત્હમે માગો છો તેમ ભૂતકાળમાં નજર નાખવાને નથી ફુરસદ ને નથી વૃત્તિ."×

વિદ્યાર્થી તરીકે અંબાલાલભાઇની કારકિર્દી કીર્તિવંત હતી અને તેઓ એમ. એ; થયા પછી એમને "Prince of Graduates" એવા ઉપનામથી ઓળખવામાં આવતા હતા. પરીક્ષામાં સંસ્કૃતમાં તેઓએ બહુ સારા માર્કસ મેળવેલા તેથી સંસ્કૃતના નિષ્ણાત તરીકે એમનું નામ નોંધી લેવાઇ પ્રાચીન શોધખોળને લગતાં રીપોર્ટો અને પ્રાચીન પુસ્તકભંડારોની સૂચીઓ વગેરે એમને સરકાર તરફથી બક્ષીસ મળ્યા કરતાં, જેની નકલો

* બુદ્ધિપ્રકાશ, સન ૧૮૯૮, પૃ. ૩૬૫.

× દી. બા. અંબાલાલનાં ભાષણો અને લેખો. પૃ. ૮.

એમણે પાછળથી સોસાઈટીની લાયબ્રેરીને ભેટ આપી હતી; અને એ ભાષા પરત્વે તેઓ એટલું મમત્વ ધરાવતા કે શાળામાં વિદ્યાર્થીઓને કહેતા કે હિન્દુ વિદ્યાર્થીઓએ તો સંસ્કૃતજ લેવું જોઇએ. "No permission for Hindu boys."

પોતે વકીલાતની પરીક્ષા પાસ કરેલી પણ તે ધંધો નહિ સ્વીકારતાં તેઓ કેળવણી ખાતામાં જોડાયલા; અને એક શિક્ષક તરીકે એમણે એમના વિદ્યાર્થી સમૂહપર એવો પ્રબળ પ્રભાવ પાડ્યો હતો કે એમના શિષ્યો હજુ એમનું નામ મમતાપૂર્વક અને માનસહ સંભારે છે, અને સ્વર્ગસ્થ કમળાશંકરે તો ગુજરાતના આર્નોલ્ડ તરીકે એમને ઓળખાવ્યા હતા. એ વિષે લખતાં શ્રી. વૈકુંઠલાલ જણાવે છે કે, "એમની અગાધ સ્મરણશક્તિ, વિદ્વત્તા, ઉચ્ચ વિચાર અને સાદાઇથી શિષ્ટ તથા શિક્ષકોમાં એમનો રુઆબ પ્રથમથી જ સારો પડી ગયલો. શિક્ષકોની–આસિસ્ટંટોની પણ મગદૂર નહિ કે કામમાં હરામખોરી કરે યા ડિસિપ્લિન તોડે."÷

વિદ્યાર્થી આલમમાં પણ એમની શિષ્ટતાની સેહ પડી ગયલી; એવા એક પ્રસંગનું વિનોદભર્યું વર્ણન શ્રી. નરસિંહરાવે એમના 'સ્મરણ મુકુર' માં પ્રતિબિંબિત કર્યું છે. તેઓ જણાવે છેઃ

"હું અમદાવાદ હાઇસ્કુલમાં છઠ્ઠા ધોરણમાં ભણતો હતો તે અરસામાં નવા હેડ માસ્તર એક આવનાર છે, એમનું નામ અંબાલાલ, એ બહુ કડક છે, સખત નિયમ અને આજ્ઞા પળાવનારા છે, ઇત્યાદિ હેમની ખ્યાતિ અગાઉથી આવી હતી; સ્કૂલના તોફાની છોકરાઓને આ ખ્યાતિ ગભરાવનારી થઇ; મ્હારા જેવા શાન્ત છોકરાઓને પણ એ સ્વભાવવર્ણન હૃદયને આકર્ષનારૂં તો નાજ નીવડ્યું. 'વાગી વાગી નિશાળમાં હાક, અંબાલાલ આવ્યા રે'–એમ હેમના આગમનનું વર્ણન થઇ સકે. બળદના બે ગેણિયાં જોડેલી ઉઘાડી ડમણીમાં બેઠેલા, કરમજી ડગલો પ્હેરેલા, અંબાલાલ આવ્યા. (આ ગૅણિયાગાડી અને ડગલો અંબાલાલનાં નિત્ય સંબદ્ધ ચિહ્નો હતાં). આવ્યા ત્ય્હારે દૃઢતાની રેખાવાળી તેજસ્વી મુખમુદ્રા છતાં પ્રતાપ સાથે કાંઇક ગુપ્ત મોહનીવાળું મુખનું તેજ એ સ્વરૂપે બધા છોકરાને અદ્‌ભુત વશીકરણ મંત્રથી બાંધી લીધા. તોફાનીમાં તોફાની એક પારસી છોકરો બોલ્યો 'જબરો જણાય છે.' આ એ છોકરાની પરુષ ભાષામાં છતાં માનની ઉપહારણી હતી."+

÷ 'બુદ્ધિપ્રકાશ' સન ૧૯૧૮, પૃ. ૩૫૭

+ સ્મરણમુકુર, પૃ. ૮૦.

સ્વાશ્રયી અને સ્વતંત્ર સ્વભાવ મૂળથી એમનો હતો. સામાજિક અને સાર્વજનિક પ્રવૃત્તિઓમાં તેઓ રસભર અને આગેવાન ભાગ લેવા માંડતા, ખાતાને એમની એ પ્રવૃત્તિની સૂગ ચઢી. એમને તે રુચ્યું નહિ અને મિત્રો અને શુભેચ્છકોની મદદથી તેઓ વડોદરા રાજ્યમાં ન્યાય ખાતામાં જોડાયા. જાન્યુઆરી ૧૮૭૬ ના રોજ નવસારીમાં ડિસ્ટ્રીક્ટ જડજનો ચાર્જ એમણે સંભાળી લીધો. એક કિંમતી હીરો જ્યાં જાય ત્યાં સ્વયંપ્રકાશથી ઝળહળી ઉઠે અને સૌ કોઇ તેનું મૂલ્ય પિછાને. તેઓ વડોદરા રાજ્યમાં વડા ન્યાયાધિશના હોદ્દા સુધી પહોંચ્યા હતા; એટલુંજ નહિ પણ એક પ્રામાણિક અને સ્વતંત્ર અધિકારી તરીકે પ્રજા અને સરકાર ઉભયની સારી પ્રીતિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કર્યાં હતાં. ન્યાય આપવામાં તેઓ એટલા તટસ્થ વૃત્તિના અને સ્વતંત્ર પ્રકૃતિના હતા કે કોઇ એમના પર લાગવગ ચલાવી શકે નહિ, પછી તે નજદિકનો સ્નેહી સંબંધી હોય, શ્રીમંત હોય કે મ્હોટો હાકેમ હોય.

સન ૧૮૯૯ ના જુલાઈમાં નિવૃત્ત થઇ તેઓ અમદાવાદમાં આવી રહ્યા. તે દિવસથી અમદાવાદના જાહેર જીવનમાં ફેર પડયો. તે અરસામાં રા. બા. રણછોડલાલનું અવસાન થયું. શહેરમાં એક અગ્રેસરની ખોટ પડી હતી. એ સ્થાન દિ. બા. અંબાલાલભાઈએ પૂર્યું. સોસાઈટીના પ્રમુખ તરીકે એમની પસંદગી થઇ. એ પદ પર તેઓ સને ૧૯૧૩ ના જુન સુધી રહ્યા. બીજે વર્ષે તો એમનું અવસાન થયું.

શહેરમાં લોકમત કેળવવા, લોકને જાગૃત કરવા જ્ઞાન પ્રચારક નામનું એક મંડળ એમણે સ્થાપ્યું. ગુજરાત સભાને સતેજ કરી. સન ૧૯૦૨ માં એકવીસમી ઇન્ડિયન નેશનલ કોન્ગ્રેસ ભરાનાર હતી, તેની સ્વાગત કમિટીના અધ્યક્ષનું સ્થાન સ્વીકાર્યું. સ્વદેશી હિલચાલના અગ્રેસર થયા. સામાજિક, રાજકીય; ઔદ્યોગિક કે સાહિત્ય વિષયક કોઇ પણ સભા મળે તેમાં એમની પ્રમુખ તરીકે ચુંટણી થતી. એમની હાજરી સિવાય ભાગ્યેજ કોઈ સભા એ દિવસોમાં જોવામાં આવતી. નિવૃત્ત થયા છતાં પ્રવૃત્તિમય જીવન એમણે આરંભ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપાલીટીમાં પણ એક સભ્ય તરીકે ચુંટાયા. મુંબઇ ધારાસભામાં જવાને તેમણે ઉમેદવારી કરી પણ તેમાં નિષ્ફળ નિવડયા. સન ૧૯૦૭ માં સુરતમાં ભરાયેલી ઔદ્યોગિક પરિષદે એમને પ્રમુખ નીમી માન આપ્યું હતું. એમનો અર્થશાસ્ત્રનો અભ્યાસ પ્રથમથી સારો. સોસાઇટી માટે એમણે મીલકૃત 'અર્થશાસ્ત્રના સિદ્ધાન્તો' એ પુસ્તક લખી આપ્યું હતું. સ્વદેશી ઉદ્યોગમાં સ્વદેશી હિલચાલને લઇને એમનું ચિત્ત પરોવાયું. અમદા-

વાદ મીલ ઉદ્યોગનું કેન્દ્ર સ્થાન હતું. એમને લાગી આવ્યું, હું પણ મીલ ઉભી કરૂં; છોકરાઓ માટે સારી મીલકત મૂકતો જાઉં, એ લાલચે, એક બે નહિ પણ ત્રણ ત્રણ મીલો કાઢી—અમદાવાદ, નડિયાદ અને સુરતમાં. શરૂઆતમાં સઘળું ઉજળું દેખાયું; પરંતુ જીંદગીભર જેમણે સાહેબી ભોગવેલી અને અધિકાર વાપરેલો તેઓ વ્યવહારમાં ગુલાંટ ખાઇ ગયા. પાસેનાથી અને બ્હારનાથી તેઓ છેતરાયા; એમના વિશ્વાસનો ભંગ થતો એમણે જોયો. ન્હાની દેખાતી મુશ્કેલીઓ ગંભીર થઇ પડી. હમણાં તે દૂર કરી શકાશે એવી આશામાં તેઓ વધુ અને વધુ નાણાંની જવાબદારી માથે લેતા ગયા. ભાવિ પ્રતિકૂળ નિવડ્યું. એ નાણાંની ગુંચમાંજ તેઓ જકડાઇ ગયા. જીવનનું સર્વસ્વ રળ્યું મેળવ્યું હરાઇ જતું એમણે જોયું. એમની હિંમત ભાંગી ગઇ અને આપઘાત કરવા સુદ્ધાંત પ્રેરાયા; પરંતુ પ્રભુએ તેમને બચાવ્યા, પણ તેઓ એટલા પ્રામાણિક અને એકનિષ્ઠાવાળા હતા કે પોતાની પાસે જે કાંઇ હતું તે સઘળું લેણદારોને દેવામાં લખી આપ્યું. એમની કસોટી આ કટોકટીના પ્રસંગે થઈ, તેમાં સુવર્ણની પેઠે તવાઇને તેઓ અણિશુદ્ધ ચોખ્ખા બહાર આવ્યા. એમની કીર્તિ ઉજ્જવળ બની; એમણે તેને ઝાંખ લાગવા દીધી નહિ. ભલાભલા હતાશ પામે, હૃદય ભગ્ન થાય ત્યાં તેમણે અડગતાથી શાન્તપણે સઘળું સહન કર્યું એવી એમની વીરતા હતી.

એ ધીર પુરુષે સારા દિવસોમાં જે કાર્ય કરવાની તીવ્ર ઇચ્છા હતી પણ તે થઈ શકેલું નહિ એવું એમને પ્રિય કેળવણીનું કાર્ય આ પડતીના દિવસોનાં આરંભ્યું. એક ઘવાયલા સૈનિકની પેઠે એમની શક્તિ ખંડિત—અપંગ બની હતી. તેમ છતાં એમણે સતત પ્રયત્ન અને ખંતથી અમદાવાદમાં ગુજરાત કેળવણી મંડળ નામની એક સંસ્થા સ્થાપી. ભવિષ્યમાં તે ગુજરાતીની એક યુનિવર્સિટી થઇ પડે એવો વ્યાપક અને વિસ્તૃત તેનો ઉદ્દેશ એમણે યોજ્યો હતો. તે સંસ્થા માટે સભાસદો કરવામાં એમણે પુષ્કળ શ્રમ ઉઠાવ્યો હતો. જાત સંભાળ માટે તેઓ બહુ કાળજી રાખતા; પણ આ કાર્યમાં એમણે પોતાની કાયાને પૂરી ખર્ચી નાંખી હતી. ખેદ એ થાય છે કે તેઓ એ સંસ્થાને પગભર કરી શકે, તેને વ્યવસ્થિત સ્વરૂપમાં રજુ કરી શકે તે આગમચ એમનું અવસાન થયું. વિધિની અગમ્ય લીલા !

સાહિત્યકાર તરીકે એમણે પોતાને કદી ઓળખાવ્યા નથી; પણ જીવન સાથે સાહિત્યને નિકટ સંબંધ છે, એ તેઓ પૂરેપુરૂં સમજતા; તેથી જીવનને અસર કરે એવું પ્રભાવશાળી, જીવન અને તલસ્પર્શી સાહિત્ય તૈયાર કરાવવાને તેઓ સદા ઉત્સુક રહેતા.

એ વિષે એમના વિચારો આપણને સોસાઇટીના હીરક મહોત્સવ સમયે એમણે આપેલાં વ્યાખ્યાનમાં પ્રાપ્ત થાય છે. સાહિત્યના અભ્યાસીએ તો તે અવશ્ય વાંચવું જોઇએ; તે જેમ વિચારપ્રચુર તેમ લાંબા અને પરિપક્વ ચિંતન અને અનુભવનો પાક છે.

ત્રીજી સાહિત્ય પરિષદના તેઓ પ્રમુખ નિમાયા હતા. એ સ્થાનેથી આપેલું એમનું વ્યાખ્યાન એવુંજ મનનીય માલુમ પડશે.

લગભગ ૧૩ વર્ષ તેઓ સોસાઇટીનાં પ્રમુખ રહ્યા, તે કાળ દરમિયાન સોસાઇટીનું કાર્ય પ્રગતિમાન રહ્યું હતું. એમની સલાહ અને સૂચના કમિટીને બહુ કિમતી થઈ પડતાં. અંગત અનુભવ ઉપરથી અમે કહીશું, કે એમના જીવનનાં છેલ્લાં ચાર વર્ષ એમના હાથ નીચે અને એમની સૂચના અને દેખરેખ હેઠળ કામ કરવાની જે તક સાંપડેલી, જે અનુભવ અને જ્ઞાન અમને પ્રાપ્ત થયાં તે અમને જીવનમાં બહુ મદદગાર નિવડ્યાં છે. એમની પાસે રહીને કામ કરવામાં જેમ આનંદ પડતો તેમ એમના વ્યક્તિત્વના પ્રભાવથી તેમના માટે અમને અનહદ માન ઉપજતું. એવા પ્રતાપી પુરુષો આજે વિરલ છે.

# પરિશિષ્ટ ૯

## દી. બા. અંબાલાલ સાકરલાલ દેશાઈનું ભાષણ

**સદ્‌ગૃહસ્થો અને સન્નારી,**

હું આજે પ્રમુખ તરીકે ભાષણ કરૂં છું. પરંતુ જે કહું છું તે સર્વ વિચારો મારા પોતાના છે. આપણી આ સોસાઇટીએ સાઠ વર્ષમાં કરેલાં કામનો ટૂંક સાર ઓનરરી સેક્રેટરી સાહેબે જણાવ્યો તે ઉપરથી આપ સર્વેને જણાયું હશે જ કે શરૂઆતમાં કાંઇ નહોતું તેમાંથી આટલું બધું થયું છે. લગભગ ૨૫૦ નવાં પુસ્તકો સોસાઇટીએ પ્રસિદ્ધ કર્યાં છે, અને લગભગ અઢી લાખ રૂપિયા જેટલી મીલકત ટ્રસ્ટમાં રાખી તેનો વહીવટ સોસાઇટી કરે છે. લગભગ દોઢલાખ રૂપિયાના રોકડ ફંડ ઉપરાંત પચાસ સાઠ હજાર રૂપિયાની સોસાઇટીની પોતાની સ્થાવર તથા જંગમ મીલકત થઇ છે; અને આ સિવાય ઘણા લેખકોને આશ્રય આપવામાં આવ્યો છે. સોસાઈટીની સ્થાપના અલેકઝાન્ડર કીન્લાક ફાર્બસ સાહેબે કરી ત્યારે, હાલ ભદ્રમાં એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરની ઓફિસ બેસે છે તે મેડા ઉપર એક નાની ઓરડીમાં તેની લાઇબ્રેરી હતી. તે વખતે લાઇબ્રેરીમાં થોડાંકજ પુસ્તકો હતાં. ત્યાર પછી સરકારી હાઇસ્કુલના હેડમાસ્તર મર્હુમ રા. સા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસની યાદગીરી નિમિત્તે તેમના શિષ્યોએ એક ફંડ એકઠું કરી, તેમાંથી કબાટો તથા પુસ્તકો ખરીદ કરી સોસાઇટીને સોંપ્યાં હતાં. આ પુસ્તક ઉપર રા. સા. ભોગીલાલભાઈના નામની ચિઠ્ઠીઓ છપાવીને ચોઢવામાં આવી હતી, અને તે રા. સા. ભોગીલાલ લાઇબ્રેરી તરીકે ગણાતી હતી. પછી તે લાઇબ્રેરીનું શું થયું તે જાણવામાં નથી. કદાચ હાલની હીમાભાઈ ઇન્સ્ટીટ્યૂટ સાથે જોડાઈ ગઈ હોય તો કોણ જાણે. સોસાઈટીની લાઇબ્રેરીનું મકાન બાંધવા નગરશેઠ હીમાભાઇ વખતચંદે પાંચ હજાર રૂપિયા આપ્યા, એટલે થોડી મુદતે મકાન બંધાયું, તેને "હીમાભાઇ ઇન્સ્ટિટ્યૂટ" એવું નામ આપવામાં આવ્યું, તેના થોડા ભાગમાં સોસાઈટીની ઓફિસ બેસતી હતી. એજ નગરશેઠના કુટુંબની ઉદારતાથી હાલનું મોટું મકાન અને આ ભવ્ય હોલ મેળવવા આપણી સોસાઈટી ભાગ્યશાળી થઈ છે. આ પ્રમાણે સોસાઇટીનું શરીર વૃદ્ધિ પામ્યુ છે, અને તેજ પ્રમાણે તેના આત્મામાં પણ વૃદ્ધિ થતી ગઇ છે.

ગયાં સાઠ વરસમાં આ મંડળે જે જે કર્યું છે તેનો યથાર્થ ઇતિહાસ

આપ સર્વને માલમ છે એમાં કંઈ ખોડ ખાંપણ કે ખામી નથી, એમ કહેવા કોઈ માગતું નથી. સાઠ વરસ જેવા લાંબા કાળમાં કંઇ પણ ભૂલ થઈ નહિ હોય એમ કહેવાની કોઇ શાણો માણસ હિંમત ધરે નહિ. કરવાના કામ રહી ગયાં નથી એમ પણ ડોળ કેમ કરી શકાય? જે થયું છે તે બધું પરિપૂર્ણ ને દોષ રહિત થયું છે એમ પણ કહેવું યથાર્થ નથી. જે જે પુસ્તકો રચાયાં છે, તેથી સારાં થઇ શકતજ નહિ, એવો દાવો પણ ભાગ્યેજ કરી શકાય. કેટલાંક મોટાં કાર્ય, જેમ કે ગુજરાતી ભાષાનો કોષ, ગુજરાતી ભાષાનું વ્યાકરણ, તેમજ જોડણીના નિયમ હજુ કરવાં બાકી છે, તે સોસાઇટીના કાર્ય કરનારાઓ સારી પેઠે સમજે છે. મૂળ ગ્રંથો એટલે જેને original works કરીને કહે છે તેનો તો હજુ પ્રવેશજ થયો નથી, એ પણ નમ્રતા સાથે કબૂલ કરવું પડશેજ. આવી રીતે કરણીમાં ને વર્તન રૂપમાં ઘણી ન્યૂનતા છે એ કાર્ય કરનારાઓની જાણ બહાર નથી; પરંતુ સુજ્ઞ ને મિત્રભાવથી ટીકા કરનારને એ બોલ કહેવા અપ્રસંગો નહિ ગણાય. ગયાં સાઠ વરસમાં જે જે દેશોપકારી પુરૂષોના હાથમાં આ મંડળનું સૂત્ર આવી ગયું છે તે બધાને એકકાલીન ગણવા યોગ્ય નથી. પ્રારંભમાં તો થોડા આદમીને આ કામ સારૂ એકઠા કરવા એ મુશ્કેલી ભરેલું હતું. કેળવણી છેક બાલ્યાવસ્થામાં હતી, ને યુરોપીય સદ્‌ગૃહસ્થોના આશ્રય ને દોરણીની ઘણીજ જરૂર હતી. મંડળ ઉભું કરીને ચલાવવું તથા તે વખતના ચાલતા વહેમ ને કુચાલને દૂર કરવા એ ઉદ્દેશો તે કાળે મુખ્ય હતા, માટે ભૂતનિબંધ, જાદુ વિષે નિબંધ, બાળવિવાહ નિબંધ, વગેરે રચવામાં ને બુદ્ધિપ્રકાશને વખતો વખત પ્રગટ કરી લોકોમાં સદ્વિચારનો પ્રસાર કરવાના ઉદ્યોગમાં લગભગ ૨૦ વર્ષ સુધી આ મંડળનો પ્રયાસ હતો. વળી નાણાં સંબંધી સ્થિતિ સુધારવી એમાં પણ વ્યવસ્થાપકોનો કેટલોક કાળ જતો. આ શહેરમાં સૌથી પ્રથમની પુસ્તકશાળા આ મંડળે કાઢી, ને શેઠ હીમાભાઈ વખતચંદે ઉદારતાથી બક્ષીસ આપી મકાન બંધાવ્યું ત્યાં લગી એ પુસ્તકસંગ્રહ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની લાઇબ્રેરીના નામથી ઓળખાતો, વિશ્વવિદ્યાલય એટલે યુનિવર્સિટિની સ્થાપના પછી અંગ્રેજી વિદ્યાનો જેમ જેમ બહોળો પ્રસાર થતો ગયો તેમ તેમ અંગ્રેજી વિદ્યાના ભંડારને ગુજરાતી ભાષાંતરના રૂપમાં ગુજરાતી પ્રજાની સમક્ષ લાવવાનો પ્રયત્ન ચાલુ થયો છે, તે દિશાએ હજુ સોસાઇટીનો ઉદ્યોગ ચાલ્યા કરે છે. મરેઠી ને બંગાળી ભાષામાં સારાં પુસ્તકો રચાય છે, તેને પણ યોગ્ય રૂપમાં ગુજરાતી વાંચકો આગળ મૂકવામાં

આવે છે. સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ વધવાથી, તેનાં સરસ પુસ્તક ગુજરાતીમાં સમજાય એવાં કરવાનો ક્રમ હાલમાં હાથ ધર્યો છે. હુન્નરકળા ને નૈસર્ગિક શાસ્ત્રની આવશ્યકતા હાલ ઘણી સમજાયાથી તે વિષય ઉપર પુસ્તકો રચાવવાની આ મંડળે પહેલ કરી છે. આ રીતે જુદા જુદા માર્ગે ને જુદા જુદા વેગથી ગતિ થયા કરી છે.

હું ફરી કહું છું કે આ લાંબા કાળની કાર્ય પ્રણાલિકામાં કેટલાંક કરવાનાં કામો રહી ગયાં હશે, કેટલાંક મોડાં કરવાનાં વહેલાં થયાં હશે, ને વહેલાં થવાનાં મોડાં થયાં હશે; પણ માણસના કે મંડળના કામની તુલના કરતી વખત તેની બધી સ્થિતિ જોવી જોઇએ. બને ત્યાં લગી તેને ઠેકાણે આપણે હોઇએ તો આપણે શું કરીએ, તેનો વિચાર પણ કરવો જોઇએ. વળી તેની આસપાસની પરિસ્થિતિ પણ કેવી હતી, તે પણ જાણવું જોઇએ; તેનાં દ્રવ્ય સંબંધી સાધન લક્ષમાં રાખવાં જોઇએ; ને મનુષ્યરૂપી કાર્ય કરનારા કોણ હતા, ને તે કાળના વિચાર કેવા હતા, તે પણ જોવું જોઇએ. આ રીતે બધી હકીકતનો સામટો તોલ કરી મૈત્ર દૃષ્ટિથી અભિપ્રાય બાંધશે તેને એમ લાગશે કે જો કે ખામીઓ, અપૂર્ણતા ન્યૂનતા વગેરે છે તો પણ એકંદર જે કામ થયું છે, તેથી અસંતોષ થવાનો કંઈ આધાર નથી.

વિચારવંત પુરૂષને એમ પણ લાગ્યા વગર નહિ રહે કે જે જે અડચણોની વચમાં ગુજરાતી સાહિત્યનો ઉદય શરૂ થયો છે તે એવી સખ્ત અને ભારે હતી, કે અડચણોનો પરાજય કરીને હાલના જેવો સાહિત્યનો ઉદ્ભવ થયો એજ ચમત્કાર જેવું બન્યું છે. બીજા દેશોમાં ભાષાનો ઉદય કેટલીકવાર શ્રીમાન નરોના આશ્રયથી થયો છે ને આ દેશમાં પણ આગળ એમ થતું, પરંતુ ગઈ સાદીના પ્રથમ ભાગમાં દેશની સ્થિતિ ઘણી કંગાળ હતી ને એવા આશ્રયનો સંભવ છેક થોડો હતો. વળી ભાષાની ખરી ખીલવણી યોગ્ય સ્થળ ને પરિસ્થિતિમાં થાય છે. તેમાંનાં કેટલાંકનો હાલના કાળમાં છેક અભાવ છે. રાજ્ય દરબારી મંડળોમાં તથા તેને લગતી સંસ્થાઓમાં વક્તૃત્વને તથા બીજા સાહિત્યને કેટલું પોષણ મળે છે, તે અંગ્રેજી Political Eloquence રાજકીય ભાષણોના ગ્રન્થ વાંચનારને વિદિત છે. આ દેશમાં હાલની સ્થિતિમાં, તેવી જાતના સાહિત્યનો ઉદ્ભવ થવાનો ઘણોજ થોડો જોગ દીસે છે. વિલાયતનાં ન્યાયમંદિરે એટલે કોરટો પણ સાહિત્ય ને વક્તૃત્વને ઉત્તેજન આપનાર

ભૂમિ છે. Forensic eloquance & Literature ન્યાયાધીશોનાં ને વકીલોનાં ઉત્તમ ભાષણ ને વિદ્વત્તા ભરેલા ગ્રન્થો તથા ન્યાયાસનના ફેસલાથી ભાષાને જે વૃદ્ધિ મળે તે પણ અત્રે મળી શકે તેવું નથી. અંગ્રેજી ભાષા કોરટોમાં દાખલ થવાથી ને માત્ર અંગ્રેજી ગ્રન્થોનો ઉપયોગ ત્યાં થવાથી સાહિત્યના વૃક્ષને એ તરફ ફાલીને પાંગરવાનો માર્ગજ રહ્યો નથી. વળી યૂરોપીય દેશોમાં ધર્મ સંબંધી સામાન્ય લાગણી હોવાથી Repit eloquence & religions Literature એટલે ધર્માસનથી સુભાષિત ભાષણો ને ગ્રન્થો રૂપે પ્રત્યેક ભાષાને જે પુષ્ટિ મળે છે, તેનો પણ અત્રે હાલની સ્થિતિમાં કંઇ અવકાશ દીસતો નથી. આગળ સંસ્કૃત ભાષાદ્વારા એવા વિવાદ થતા, ને હજુ પણ થોડા થાય છે, ને દેશી ભાષામાં ધર્મના વિભાગો ને મન્દતાને લીધે હાલ તેનો પ્રસંગજ નથી.

ભાષાની વૃદ્ધિના માર્ગમાં આવતી અડચણોનું ઉપર મેં જે દિગ્દર્શન કર્યું છે, તે રાજ્યવ્યવસ્થાને લગતું છે. આ મંડળનો હેતુ ને વહીવટ એ પ્રસંગોથી અલગ રહેવાનો છે એ હું સારી પેઠે જાણું છું; પણ સંસારનાં બધાં પ્રશ્ન એવાં ફૂલગુંથણીઆં છે કે એકને લેઇને ચાલતાં બાકીનાંનો સંસર્ગ થયા વિના રહેતો નથી. આપણે ઘણી વાર એમ બોલીએ છીએ કે માત્ર વિદ્યાવૃદ્ધિ કે સાહિત્ય કે સાંસારિક સુધારા કે ઉદ્યોગવૃદ્ધિ એજ આપણો મુખ્ય ઉદ્દેશ છે, પણ સંસારના ફૂલગુંથણીઆ વ્યવહારમાં દરેક જણને ને દરેક મંડળને એ બધાનો થોડો ઘણો સ્પર્શ કર્યાં વગર ચાલતું નથી. સાહિત્યની ખરી ખીલવણીને રાજ્યની સુવ્યવસ્થા કેટલી અગત્યની છે ને હાલની સ્થિતિનો તે જોડે કેટલો બધો સંબંધ છે તે બતાવવા આ ઇશારો કર્યો છે. આવી અડચણો છતાં પણ આટલો પ્રસાર સાઠ વરસમાં થયો તે આપણે બધાને ખુશ થવા જેવું છે.

એ વાત ખરી છે કે આવાં નડતર છતાં પણ થોડા મૂળ ગ્રન્થો original works થઈ શકવાનો જોગ હતો, ને તે થયા નથી તે આપણને ભૂષણદાયક નથી. પરંતુ આ દુષણ એકલી ગુજરાતી ભાષાને લાગુ પડતું નથી; ભારતવર્ષની સર્વ ભાષાને થોડું વધતું લાગે છે. કેળવણીનાં બીજ રોપાયાંને હજુ ઘણાં વરસ થયાં નથી, વળી પ્રારંભમાં તેનો પ્રસાર છેક થોડો હતો, હજુ પણ સેંકડે ચાર પાંચ ટકાથી વધારે લોક ભણતા નથી. સ્ત્રીઓની કેળવણી તો ઘણીજ પછાત છે, એટલે વાચકવર્ગ હજુ છેક ટુંકો છે. લોકો તરફનું ઉત્તેજન હોય ત્યારેજ મૂળ ગ્રન્થો થાય

છે. તેવું સામાન્ય લોક તરફનું હાલ ઉત્તેજન નથી. એવા ગ્રન્થ ગુજરાતી ભાષામાં લખવામાં આવ્યે ને કીર્તિ પણ થોડીજ મળે છે. એટલે કીર્તિ રૂપી બદલાથી મહાન્ ગ્રન્થો રચાય છે તેવી પ્રેરણા પણ નથી. સૌથી મોટું કારણ એ જણાય છે, કે વધારે વિદ્વાન ને વધારે સંસ્કારવાળા પુરૂષોને ગુજરાતી છુટથી લખવાની ટેવ હોતી નથી, વળી બધું ઉંચું જ્ઞાન અંગ્રેજી દ્વારા મળે છે તેથી નવીન ઉત્પાદનશક્તિ દબાઈ જાય છે. નવીન ગ્રન્થરચના શક્તિને આવી ભારે અડચણો નડે છે તેમ છતાં કેટલાંક સારાં નાટકો નવલકથાઓ છેલ્લી પચીશીમાં રચાયાં છે તે સંતોષનું કારણ છે.

ખરૂં જોઇએ તો સંસારના કોઈ પણ પ્રયાસમાં આપણે હજુ નવીન ગ્રન્થ રચવાની દશામાં આવ્યા નથી. વ્યાપારમાં આપણી શી અવસ્થા છે? જેટલો મોટો અને ઘણા નફાનો વેપાર એટલો પરદેશીના હાથમાં છે ને આપણા ઘણા ખરા વેપારી દલાલી કે વચગાળાની દુકાનદારી કરનારા છે. પારકો માલ પરદેશી લાવે તે વચગાળે ઉભા રહી વેચી ખપાવવાનો આપણા વેપારી જેમ ઉદ્યમ કરે છે તેમ વિદ્યા ને જ્ઞાનમાં પણ પરદેશના ભંડારમાંથી થોડું થોડું લાવી દેશમાં પ્રસરાવીએ એજ આપણી વિદ્યાવૃદ્ધિની હાલ સ્થિતિ છે. વિદ્યાખાતામાં પરદેશના ગુરૂઓ આવી ત્યાંનું જ્ઞાન આપે છે, તે ભણીને હોશિઆર થએલા આપણા ભાઇઓ કાં તો તે જ્ઞાન ને ભાષાંતર ગ્રન્થના રૂપમાં લાવે છે, અથવા તો ટ્રેનિંગ કૉલેજ કે હાઇસ્કૂલોમાં મધ્યસ્થ રહીને તે વિદ્યા ને જ્ઞાનને દેશમાં વેરે છે. રાજ્યકારભારમાં, રેલ્વેઓમાં, મોટી બેન્કોમાં પણ આને મળતી દિશા છે. આ ઠેકાણે આ વિષયમાં ઉતરવાનો પ્રસંગ એટલોજ છે, કે જ્ઞાનની નાની દુકાનદારી જે હાલ ચાલે છે તેવી મધ્યસ્થ સ્થિતિ હાલ સર્વત્ર છે. કદાચને ઘણા પ્રયાસથી સાહિત્યમાં કેટલેક અંશે ઉચ્ચ પદવી મળી શકે, પણ હાલની સ્થિતિ એકંદર દેશની હાલતનું પ્રતિબિંબ છે. બધી હાલત ફરે ત્યારેજ આ સંબંધે આપણી આશા પુરેપુરી ફળીભૂત થાય.

આપણી સંસારી સ્થિતિ પણ આપણી સાહિત્યની હલકી દિશા માટે જવાબદાર છે. જ્યાં માણસ માણસથી જુદા જુદા અનેક ભેદોથી અળગો રહે, ત્યાં સર્વની એક વાણી ક્યાંથી નીકળે? જ્યાં પ્રવાસ કરવાનો તિરસ્કાર હોય એટલુંજ નહિ, પણ તે કરનારને ભારે શાસન કરવામાં આવે, ત્યાં મોજ સારૂ પ્રવાસ થોડાજ કરે, ને પ્રવાસી જન સિવાય

voyage and discovery સફરો ને શોધોના જે અગણિત ગ્રન્થો બીજા દેશોમાં નિરંતર રચાય છે તેની શી રીતે અત્રે આશા રાખી શકાય ?

સારાંશ એટલો છે કે ભાષા ને સાહિત્ય એ લોક સમસ્તની વાણી છે. માણસના મનમાં જે જે વિવિધ વિચારો, ખ્યાલો, તુરંગો, ઉભરાઓ ઉર્મિઓ, ઉમળકાઓ, દાઝો, લાગણીઓ ને ભાવનાઓ નિરંતર ચઢ ઉતર કર્યા કરે છે, તેને શબ્દનો વેશ આપી માણસ જગત આગળ ધરે છે. જો અંતરની લાગણી ઉંડી ને બળવાન હોય છે તો તેના ઉદ્‌ગાર પણ ગંભીર ને જુસ્સાદાર નીકળે છે. જો તે લાગણી છાછરી ને બીન કૌવત-વાન હોય છે તો મુખનો શબ્દ પણ ધીમો ને નબળો નીકળે છે. અંતરના મનની ને બુદ્ધિની દૃષ્ટિ જો બહોળી ને ઉચ્ચ હોય છે તો તેનો વિષય પણ વ્યાપક ને વિસ્તૃત હોય છે. જો મન દબાયલું, રાંક, બાયલું, કાયર, બીકણ, ને કંટાળેલું હોય છે, તો તે મૂગું બની જાય છે. વળી ખરા રૂપિઆનો રણકો જેમ ખરો થાય છે, તેમ ખરી લાગણીની ધ્વનિ પણ ઓરજ થાય છે. ખરી લાગણી ને ખરા વિચાર, તથા વિપુલ ને અબાધિત અવકાશ એવી ભૂમિમાંજ સાહિત્ય રૂપી છોડવાનો પોષક ક્યારો છે, ને સ્વતંત્રતા રૂપી શુદ્ધ વાયુના આવરણમાં તે વહેલો ઉછરે છે. અઘટિત અંકુશની છાયામાં તે કરમાઈ, ચિમળાઈ અથવા હિંગરાઇ જાય છે. સાહિત્યનો ખરો ઉદ્‌ભવ દેશના સર્વ જનોના કાયિક, માનસિક, આત્મિક ઉદ્‌ભવ જોડે સંકળાએલો છે, અને આ ઉદ્‌ભવો રાજકીય, સંસારી, ઔદ્યોગિક, અને શિક્ષણ પ્રસારના સુધારા ઉપર આધાર રાખે છે. સાહિત્યના સુધા-રાનાં આ ઉંડાં કારણો ઉપર લક્ષ ખેંચવાનો હેતુ એ છે કે કારણની પ્રફુલ્લતા વગર કાર્યની આશા રાખવી અઘટિત છે એ સિદ્ધાંતનું સ્મરણ થાય.

આ પ્રમાણે આજ લગી કરેલાં કાર્યના સંબંધમાં મેં મારા વિચાર આપની આગળ મૂક્યા છે. પણ મોટો પ્રશ્ન હાલ એ છે કે હવે પછી આ મંડળના કાર્યની ગતિ વધારે લાભકારક થવાને બધી સ્થિતિ વિચારમાં લેઇને શા ઉપાય રચવા ? શાં પગલાં ભરવાં ને કીયે રસ્તે ચાલવું ?

આ વિષે મારે પ્રથમ કંઇક કહેવાનું છે તે ઉપર દર્શાવેલા વિચારથી આપના કળ્યામાં આવ્યું હશે. તે એ છે કે દેશના બધી જાતના ઉત્કર્ષના સમારંભ જોડે આ મંડળની પૂર્ણ સહાનુભૂતિ જોઇએ. એ બધા સમારંભથી

સાહિત્યની વૃદ્ધિ થવાનો પૂર્ણ જોગ છે, માટે એવી સહાનુભૂતિમાં આવા મંડળનો સ્વાર્થ રહેલો છે. એવી રીતે સહાનુભૂતિની દૃષ્ટિએ જોતાં પ્રથમ સવાલ એ થ.ય છે કે, આ તથા બીજાં આવાં મંડળોએ પોતાનો શ્રમ હવે બંધ કરવો કે જારી રાખવો ? આ પ્રશ્ન કેટલાકને હસવા જેવો લાગશે; પણ તે તેવો નથી. હાલ કેટલાક એવું માને છે કે દેશનું ઐક્ય વધારવાના અર્થે એકજ ભાષા કરવી જોઇએ. હવે જો એકજ ભાષા થાય તો કાં તો અંગ્રેજી થાય કે હીંદી થાય, પણ ગુજરાતીને કંઈ આશા નથી. કદાપિ એમ કહેવામાં આવશે કે આપણે તો કરીએ છીએ તે કર્યા કરો, પછી જે થાય તે ખરૂં પણ આવું મન રાખવું ઘટારત નથી. જો એ વાત નક્કીજ હોય કે આ ભાષા રહેવાનીજ નથી તો પછી વ્યર્થ કાળ ને શ્રમ શું કામ ખરચવું ? હવે મારી જાતના નમ્ર વિચાર આપના આગળ આ સંબંધમાં મૂકું છું. હિંદુસ્તાનનું ઐક્ય થાય એ મારા મનનો ઊંડો મનોરથ છે તેમ, બીજાનો પણ હશેજ. પણ એ ઐક્ય સામ્રાજ્યના સ્વરૂપનું (federal union) થવું જોઇએ, ને તેવુંજ થવું ઇષ્ટ છે, ને તેવુંજ થવું શક્ય છે એમ હું ધારૂં છું. બધો દેશ સર્વ રીતે એક થાય એમ સૈકા કે બે સૈકામાં બને એમ હું ધારતો નથી. જે ઐક્ય થશે તે સામ્રાજ્ય સ્વરૂપનું થશે. એટલે બંગાળ, હિંદુસ્તાન, ગુજરાત, મહારાષ્ટ્ર, તૈલંગ વગેરે જુદા જુદા ખંડો એકસંપથી જોડાશે. આવી સ્થિતિ થાય તો દરેક મુખ્ય ભાષા ને તેનું સાહિત્ય અવિકલ રહેશે. એ વાત ખરી છે કે જેમ જેમ સંપ ને એકતા વધશે તેમ તેમ દેશની બધી ભાષાઓ પાસે પાસે આવતી જશે. પ્રત્યેક ભાગના જે લોક છે, તેમના ગુણ લક્ષણ ધીમે ધીમે મળતા થશે. પણ લાંબામાં લાંબી નજર કરતાં પણ ગુજરાતી, પંજાબી, દક્ષણી, બંગાળી, હિંદુસ્તાની, તૈલંગી એ બધા સર્વ રીતે એક થાય એવો કાળ જો આવવાનો હશે તો તે ઘણો દૂર છે એમ હું માનું છું. હાલ અમેરીકામાં તથા દક્ષિણ આફ્રિકામાં જુદી જુદી ભાષાવાળી પ્રજાઓ ભેગી રહે છે તેમ અત્રે બનવું વધારે સંભવિત છે.

આ રીતે હાલના પ્રયાસ બંધ રાખવા કે ધીમા પાડવાનું કંઈ કારણ મારી નજરમાં આવતું નથી, માટે તેની વૃદ્ધિના ઉપાય આપણે બને તેટલા ને ઉત્તરોત્તર વધતા વધતા લેવા જોઇએ. આ ઉપાયમાંનો સૌથી પહેલો ઉપાય એ છે કે ઉંચી કેળવણીને સર્વ જાતનું જ્ઞાન આપણી ભાષામાં ગુજરાતીઓને ગુજરાતી ભાષામાં—મળે તેવા ઇલાજ આપણે યોજવા જોઇએ.

આ સંબંધે આપણી હાલની સ્થિતિ ઘણી અલૌકિક એટલે અસ્વાભાવિક છે. જગતના કોઈ પણ સ્વતંત્ર દેશમાં ઉંચી કેળવણી પરભાષાદ્વારા અપાતી હોય એમ મારા જાણવામાં નથી. જાપાને પશ્ચિમના દેશોનું બધું જ્ઞાન પોતાની ભાષાદ્વારા આપવાનોજ માર્ગ લીધો ત્યારેજ તેની ઉન્નતિ થઇ છે. જ્યાં લગી ઉંચી કેળવણી અંગ્રેજી ભાષાદ્વારા આપવાની રીત રહેશે ત્યાં લગી ઉંચા સાહિત્યની બહુ આશા રાખવી ફોકટ છે. અંગ્રેજી વિદ્યા કે ભાષા ઉપર મારો જરા પણ અણગમો નથી, ને કોઇ સમજુ માણસનો હોય નહીં. જેને જગતની વિદ્યાની પ્રગતી જોડે સંબંધ રાખવો હોય તેણે ભાષા ભણવી અવશ્ય છે, પણ આ માટે અંગ્રેજી ભાષા માત્ર બીજી ભાષા તરીકે નિશાળો ને વિદ્યાલયોમાં શીખવવી જોઇએ. હાલ દશદશ બારબાર વરસ તે ભાષાનું જ્ઞાન મેળવવામાં જાય છે ને તેમાં શિખવાતા વિષય ઘણા કાચા ભણાય છે, તે બધું ઘણું નુકશાનકારક છે. આપણામાંના થોડા સારા કેળવાએલા પુરૂષોએ અંગ્રેજી ભણવું જોઇએ, તે એવી મતલબથી ભણવું જોઇએ કે તે દ્વારા પશ્ચિમનું જ્ઞાન મળે. હાલ એ ભાષાની ઝીણી ઝીણી બારીકીઓ સમજવામાં જે કાળ જાય છે તે જનસમાજની દૃષ્ટિથી જોતાં નકામો જાય છે. બધું જ્ઞાન આપણી સ્વભાષામાં મળવું જોઇએ ને અંગ્રેજી માત્ર બીજી ભાષા તરીકે ભણવી જોઇએ. આમ થયા વગર આપણા સાહિત્યનો ઘણો ઉદય થવાનો જોગ દીસતો નથી. હું જાણું છું કે આ વિચાર અમલમાં લાવવાની ઘણી મુશ્કેલીઓ છે. હાલ બધી આબરૂ અંગ્રેજી સારા જ્ઞાન જોડે વળગેલી છે. સરકારના સંબંધમાં બધા લાભ તેમાં રહ્યા છે, વળી થોડું અંગ્રેજી જ્ઞાન પણ વ્યવહારમાં ખપમાં આવે છે. આ તથા બીજી ઘણી હરકતો છે તેમ છતાં પણ મહાભારત મહેનત ને ખર્ચ વેઠી બધુ જ્ઞાન સ્વભાષા દ્વારા આપવાનો ક્રમ શીરૂ કરવા વગર આપણો ઉદ્ધાર નથી એમ મારી પાકી ખાતરજમા છે. તે રસ્તો આ મંડળના વિચાર સારૂં આ પ્રસંગને ઉચીત જાણી આગ્રહપૂર્વક મૂકું છું.

સાહિત્યની વૃદ્ધિનો બીજો ઉપાય આ પહેલા ઉપાયને લગતો છે; તે એ કે જનસમસ્તને અક્ષર ને જ્ઞાનના મુખ્ય મુખ્ય સંસ્કાર આપવા જોઇએ. કોઈ પણ પુરૂષ કે સ્ત્રી એટલા સંસ્કાર વગરની રહેવી ન જોઇએ. આ પ્રશ્ન હાલ ઘણો ચરચાય છે; ને એ વિષે હવે બહુ મતભેદ નથી. સરકાર પણ તેની આવશ્યકતા કબૂલ કરે છે, પણ તેમના હાથ નાણાભીડમાં છે તેથી તેઓ પ્રારંભ કરી શકતા નથી પણ હું ધારૂં છું કે તવંગર પુરૂષોએ

એ કામનો આરંભ હવે વગર વિલંબે કરવો જોઇએ. આ મંડળને પોતાના બંધારણના કાયદાની કે બીજી રીતની હરકત ન હોય તો દાખલા તરીકે બને તેટલી એવી શાળાઓ આ મંડળે કાઢવી જોઇએ. જ્યારે જનસમાજ ભણીને આગળ આવશે, ત્યારેજ સાહિત્યની ખરી ભુજ થશે એટલુંજ નહિ પણ સાહિત્યના લખનાર ને લખાવનારાને અત્યંત પુષ્ટિ મળશે.

સ્ત્રી કેળવણી એટલે ગુજરાતની બધી વર્ણની દરેક સ્ત્રીને તેની સ્થિતિને યોગ્ય અને બને તેટલી સારી કેળવણી આપવી એ સાહિત્યની વૃદ્ધિનો એક મોટો ઉપાય છે. હાલની સ્ત્રીકેળવણી બહુજ છાછરી છે ને તેનું ફળ છેક થોડું છે. સાધારણ રીતે સ્ત્રીને અંગ્રેજી ભાષાની કેળવણી આપવાનું હું ફળ સમજી શકતો નથી; પરંતુ જે સ્ત્રીઓને પૂર્ણ અવકાશ હોય, ને આગળ જતાં તેનો પુરો ઉપયોગ કરી શકે એવી હોય, તેમને અંગ્રેજી ઉંચી કેળવણી આપવી તે ઇષ્ટ છે. પણ હાલ તો મારા બોલવાનો આશય એટલોજ છે કે તમામ સ્ત્રીઓને સ્થિતિને અનુસાર સારી કેળવણી મળવી જોઇએ. તેજ સ્થિતિના પુરૂષ કરતાં તે વધારે ચઢતી હોવી જોઇએ; કેમકે બાળકને ઉછેરવાનો બોજો સ્ત્રીને માથે પડવાનો છે. આ મંડળ આવો પ્રયત્ન કરી શકતું હોય તો ઉત્તમ છે, પણ સરકારનો તેમ ધનવાન પુરૂષોનો ધર્મ છે, કે સ્ત્રીઓને ઉંચામાં ઉંચી કેળવણી આપવામાં મદદ કરવી. આમ કરવામાં જનસમાજનો મોટો લાભ રહેલો છે, ને સાહિત્યની વૃદ્ધિનું તે એક મોટું ને જબરૂં અંગ થશે એમ મારી પૂર્ણ આશા છે. સ્ત્રીની ઉદ્દગતિ વગર દેશની ઉદ્દગતિની આશા રાખવી ફોકટ છે.

ઉપર દર્શાવેલા તથા બીજા એવા સૂઝે તે ઉપાયો કરવાના અર્થે દેશી ભાઇઓના સમ્મેલનથી કામ કરવાનો જે પ્રચાર પડ્યો છે તે કાયમ રાખવા મારી આગ્રહપૂર્વક ભલામણ છે. આપણામાં જે ખોડખામીઓ છે, તે આપણે બધા જાણીએ છીએ, પણ જાતે કામ કર્યા વગર સુધારો થવો કઠણ છે, આત્મસહાયતા દૃષ્ટાંત તરીકે પણ આ દાખલો કાયમ રાખવો ઘટે છે. યુરોપીઅનોના સહવાસના લાભ હું સમજતો નથી એમ નથી, ને તેમના સારા ગુણની પૂર્ણ કદર કરૂં છું; પણ આ મંડળના ઉદયની ખાતર તથા બીજાં આવાં મંડળના દાખલા સારૂ આપણા દેશી ભાઇઓના માથા ઉપરજ આવાં મંડળ ચલાવવાની તથા સુધારા ને વૃદ્ધિ કરવાની જુમ્મેદારી રહેવી જોઇએ. આપણે આવું કામ સારી રીતે બજાવી નહિ શકીએ, તો

વધારે જોખમના કામની લાયકીનો હક્ક કરી શકીશું નહિ. બધા સભાસદોએ આ લક્ષમાં રાખવું જોઇએ.

સાહિત્યની વૃદ્ધિ ઘણી ખરી હાલ એકદેશી થાય છે એવો ભુમાટ છે. આ મંડળ કાળના પ્રબળ અભિપ્રાયો ઉપર વિચાર રાખી તેમાં વખતો વખત પુરતી કરતું આવે છે, પણ સાહિત્યનો અર્થ બહોળો કરવો જોઇએ, એટલે માણસના સર્વ જાતના લેખિત વિચારનો તેમાં સમાવેશ કરવો જોઇએ. એમાં સંકોચ થયાથી દેશને એટલે અર્થાત્ સાહિત્યને પણ હાનિ પહોંચવાનો ભય રહે છે.

વળી સાહિત્યના વહેળાના પ્રવાહને વાળતી વખત આપણા દેશના કલ્યાણમાં ઉદય ઉપરજ નજર રાખવી જોઇએ. અનુકરણ કે નકલ કરવાની પૂર્વ કાળમાં થોડી જરૂર હશે પણ હવે તો માત્ર આપણા દેશ અને લોકના કલ્યાણ તરફ નજર રાખી વિવેકબુદ્ધિ વાપરી જે કરવાનું યોગ્ય તેજ સ્વીકાવું જોઇએ, ને હલકા અવિચારના અનુકરણને પરહરવું જોઇએ. અનુકરણ એટલે આંધળી નકલથી થોડો કાળ ઘણો લાભ થાય છે પણ તેથી વિચાર દહાડે દહાડે મન્દ થાય છે, ને આપબળ પણ ઢીલું પડે છે. વિચાર ને આપબળ એ બે હરેક ઉદયના મોટા સ્તંભ છે.

સાહિત્યની વૃદ્ધિના પ્રશ્નનો આપણા દેશની બધી જાતની કેળવણી જોડે નિકટ સંબંધ છે. કેળવણીમાં આપણે આપણું નિશાન પ્રથમ નક્કી કરવું જોઇએ, ને તે ઉપર નિરંતર નજર રાખીને આગળ ચાલવું જોઇએ. જન સમસ્તની કેળવણી, ઉચ્ચ કેળવણી, સ્ત્રીકેળવણી, ને કેળવણીના દ્વાર રૂપ ભાષા એ વિષે મારા અલ્પ વિચાર મેં ઉપર દર્શાવ્યા છે. પણ એ બધી કેળવણીનું છેવટ ફલિત આપણે શું આદરવું તે નક્કી કરવું જોઇએ. આપણા લોકો ઉદ્યોગે, બુદ્ધિએ, રાજ્યકારભારમાં તથા સંસારના સર્વ સુખમાં જગતના બીજા બળવાન લોકોના જેવા અથવા તેથી ચઢીઆતા થાય એ આપણું અંતિમ નિશાન છે. એવું નિશાન રાખીને તથા સબુરી, શાંન્તતા ને અતિશ્રમથી પ્રયાણ કરવાથી આપણો ઉદય થશે. જર્મન દેશે ગઈ સાદીમાં એ પ્રમાણે કરવાથી હાલની ઉત્તમ સ્થિતિને તે પામ્યો છે, ને જાપાન પણ ગયા અર્ધ સૈકામાં તેજ રસ્તે ચાલીને ઉત્કૃષ્ટ ફળ કમાયો છે. આપણું મંડળ પણ એ તરફ ઉદ્દેશ રાખશે એમાં શક નથી. સાહિત્યનું સુકાન દેશકાળના વાતાવરણના પવન પ્રમાણે ફરે છે, ને ફર્યા વગર રહે નહી. ગયાં સાઠ વરસમાં આપણા મંડળની દિશાઓ એ પ્રમાણે બદલાતી ગઈ છે; પણ આ

સ્થળે બોલવાનો ઉદ્દેશ એટલોજ છે કે છેવટનો મુકામ નજર આગળ દઢ કરીને રાખવાથી સાહિત્યવૃદ્ધિનું આપણું કામ સરસ ફળદાયક નિવડશે.

ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ કરનારાઓએ એક વાત હમેશ યાદ રાખવાની છે. ગુજરાતી ભાષા એ કંઇ એક ધર્મવાળાની કે એક જ્ઞાનવાળાની કે એક નાતવાળાની ભાષા નથી, પણ ગુર્જર ખંડને માતૃભૂમિ માનનાર હરેક નરનારીની તે માતૃભાષા છે. હિંદુ, જૈન, મુસલમાન, પારસી, ખ્રિસ્તિ અને બીજા અન્યધર્મવાળા જે ગુજરાતમાં વસે છે તેઓ સર્વ ગુજરાતી ભાષાને પોતાની માતૃભાષા તરીકે સ્વીકારે છે. આગળ ગમે તેમ હશે પણ હાલ બ્રાહ્મણ ઉપરાંત ઇતર બધી વર્ણના જનો તેમાં ગ્રન્થ રચે છે. કેટલાક મુસલમાનો ને પારસી ભાઇઓની શુદ્ધ સરળ ને લૌકિક ગુજરાતી વાણી જોઈ આપણને આશ્ચર્ય સાથે હરખ થાય છે. માટે આપણી ભાષાની ખીલવણી માટે સાહિત્યકારે જેમ બને તેમ બહોળામાં બહોળા વર્ગને ગુજરાતી ગ્રન્થોનો લાભ મળવો ઘટીત છે તે વાત નિરંતર સ્મરણમાં રાખવી જોઇએ. દરેક જણને પોતાને રૂચે તેવા શબ્દ વાપરવાનો હક્ક છે, પણ એવા પોતાના પંડના તુરંગને વળગી રહેવાથી આપણા દેશી ભાઇઓની સેવા કરવાનો જે સાહિત્યનો મહાન આશય હમેશ હોય છે, તે ફળીભૂત થાય છે કે નહિ, તે દરેક શાણા પુરૂષે વિચારવું જોઇએ. સરળ, રસદાર ને સર્વને સમજાય એવી ભાષાથી આપણા વાંચકોને વધારે ગુણ થાય એ ઉઘાડું છે. આ સાધારણ સૂચનાઓ આપ સર્વ ભાઈઓના આગળ વિનય પૂર્વક મૂકવામાં આવે છે તે વિષે પુખ્ત વિચાર થવો ઘટીત છે એમ મને દીસે છે. કેટલીક વિશેષ સૂચનાઓ કરવાનો પણ આ સારો તાકડો છે એમ જાણી તે પણ મૂકવા છૂટ લઉં છું.

ગુજરાતી કોશની ખામી આજ લગી ચાલી આવી છે એમાં ગુજરાતની આગેવાન ગણાતી સાહિત્ય મંડળીની શોભા ન કહેવાય હવે એ કામ ઉપાડી લેવાનો પ્રયાસ શીરૂ થવા ઠરાવ થયો છે, તે સંતોષની વાત છે. ‘સારૂં મળે નહિ ને ખોટું ગમે નહીં’ એ કહેવત પ્રમાણે આજ લગી આપણી દશા હતી. હવે નિશ્ચય થયો છે કે વિભાગ વિભાગથી કામ કરવા માંડવું, ને બધા વિભાગ પૂરા થયેથી, પછી બધાને ગાળી નાંખી એક પુરૂં પુસ્તક બનાવવું, એ મને દુરસ્ત લાગે છે. એકદમ મોટો પાયો નાંખી મંજાવર ઇમારત શીરૂ કરવી ને પછી પૈસા ખૂટવાથી કે કારીગર ન મળવાથી તેવી ઇમારત વરસનાં વરસ લગી રઝળે એમ કર્યા કરતાં થોડા થોડા ભાગ

પરિપૂર્ણ કરવા એ માર્ગ વધારે ઉપયુક્ત છે, એમ મને લાગ્યું છે, ને તે સર્વ સંમતીથી હાથમાં લીધો છે. એટલે જતે દહાડે એક સારો ગુજરાતી કોશ થશે, એવી પાકી આશા હવે ઉત્પન્ન થાય છે.

ગુજરાતી જોડણીનો પ્રશ્ન વધારે વિકટ છે, ને લેખકોમાં તે વિષે હજુ એકમત થવો કઠણ છે. જુદાં જુદાં ધોરણ મગજ મગજમાં રમી રહ્યાં છે, એટલે ધોરણની એકતા વગર આગળ નિકાલ થવાનો ક્રમ ચાલી શકે તેમ નથી, પણ જો સુજ્ઞ પુરૂષો ધારે તો કોશની માફક આ પ્રશ્ન સંબંધે પણ કંઈક બની શકે એવું છે. જે શબ્દો સંસ્કૃત કે ફારસીના અસલ વેશમાંજ હજુ ગુજરાતી બોલીમાં વપરાય છે, તેને અસલ પ્રમાણેજ લખવા એમ લેખકોની ને આ મંડળની સંમતિ થાય તો કંઈક થયું એમ કહેવાય. તેજ પ્રમાણે બીજા પણ એવા ઘણા શબ્દો છે, કે જેનો સંગ્રહ કરી લેખકોના તેની જોડણી વિષે અભિપ્રાય લેવા, ને ઘણા મતથી તેની જોડણી નક્કી કરી, તેની આધારભૂત ચોપડી આ મંડળ થોડી કીંમતે વેચી શકે. અલબત્ત લેખકોની સંમતિ વગર એક ડગલું પણ આગળ ચાલી શકાતું નથી, પણ આ પ્રમાણે થવાથી ઘણા કાળથી વાંધામાં પડેલા જોડણીના પ્રશ્નનો થોડો ઘણો નીકાલ થાય એવું છે.

ગુજરાતી ભાષામાં આજ લગીમાં છપાઈ પ્રસિદ્ધ થએલાં સર્વ પુસ્તકની એક પુસ્તકશાળાની ઘણી જરૂર છે એ સર્વમાન્ય છે. એવો સંગ્રહ કરવો આ મંડળની મગદુર બહારની વાત નથી. એ થવાથી ખરા વિદ્યાર્થીને વિદ્યાની વૃદ્ધિમાં ઘણી સહાય મળે એ ઉઘાડું છે. કોશની રચનામાં પણ તેની આવશ્યક્તા છે. વળી નવાં પુસ્તક રચાવતી વખત અમુક વિષય ઉપર પુસ્તક થયું છે કે નહિ, તે જોવાની જરૂર પડે છે ને કેટલીક વાર બધું નક્કી થયા પછી એવું પુસ્તક નીકળવાથી કેટલોક શ્રમ વ્યર્થ જાય છે તે પણ એવા સંગ્રહથી બચી શકશે. આપણા સાહિત્યનું સામટું અવલોકન કરવામાં આવા સંગ્રહથી ઘણી સહાય મળશે. લેખકોનો ઉદ્યોગ કયી કયી દીશાએ ગયો છે, ને કયી કયી દીશાઓ હજુ બીલકુલ ખાલી છે, અમુક દીશામાં પણ કેટલા કેટલા ખૂણા હજુ અડકયા વગર રહ્યા છે એ વગેરે સમગ્ર દર્શન કરવાને આવો સંગ્રહ ઘણો જરૂરનો છે. ભાષાને સાહિત્યનો સારો ઇતિહાસ રચાવવાને સારૂ પણ આવા સંગ્રહની જરૂર છે. સરકાર જે ત્રૈમાસિક યાદીઓ ( કેટલોગ ) છાપે છે તે ઉપરથી એક પૂર્ણ નોંધ આ મંડળ કરાવે ને પછી સવડે સવડે પુસ્તકો ભેગાં કરે તો ધીમે

ધીમે કામ સરાડે ચડે. આ સૂચના સર્વ ભાઇઓના વિચાર સારૂ મૂકું છું.

ઉપરના વિષય જોડે સંબંધ રાખતી પણ તેથી વધારે ઉપયોગી એક બીજી સૂચના છે. ગુજરાતના જૂના સાહિત્યમાંથી હજુ થોડુંજ પ્રકાશમાં આવ્યું છે. તે ઘણું તો પડયું પડયું ઉધઈ ખાતું હશે, ને કેટલુંક તો ગાંધી ને વહોરાને ત્યાં પડીકાં બાંધવામાં જવા માંડયું છે. આ બધું સાહિત્ય હસ્તગત કરવાના ઉપાય લેવામાં ઢીલ થાય તો આપણા દેશને પાર વિનાની હાનિ થાય. દર વર્ષે થોડો થોડો અવેજ જુદો કાઢી આ હસ્તલેખો સોસાઇટીએ પોતાના કબજામાં લેવાથી દેશની એક મોટી સેવા તુલ્ય કામ થશે.

આની જોડે ગુજરાતમાંથી મળતા જૂના સિક્કા, તામ્રલેખો, શિલાલેખો વગેરેને જાળવી રાખી, તેની નકલો કરાવી, તે પોતાના હસ્તગતમાં રાખવી એ પણ ઘણુંજ અગત્યનું કામ છે.

આ અલૌકિક પ્રસંગનો લાભ લેઇ કેટલાક મુખ્ય મુખ્ય વિષયો ઉપર મેં મારા વિચાર આપ સર્વની આગળ મૂક્યા છે તે ઉપર શ્રોતામંડળ તથા સભાસદો પોતાનો અભિપ્રાય બાંધશે તો મને બહુ સંતોષ થશે.

ગુર્જર દેશનું અને તેની ભાષાનું ભવિષ્ય ઘણું ઉત્કૃષ્ટ થવાનું છે એમ અતીન્દ્રિય નજરથી મને લાગે છે. આખા ભરતખંડમાં, ને તેની બહાર દુનિઆમાં ગુજરાતની પ્રજા પછી તે મુસલમાન, પારસી, જૈન કે હિંદુ, સાહસ ને હિંમતથી ફરે છે, ને તેનું દ્રવ્ય તથા તેની જોડે બુદ્ધિનો પ્રકાશ ગુજરાતમાં લાવી નાંખે છે. હજુ થોડા કાળમાં તેનો વધારો થશે, એ વાત નિઃસંશય છે. હિંદુસ્તાનની બીજી પ્રજાઓ જે આપણુને ભાઇને ઠેકાણે છે તે કંઈ કંઈ અંગોમાં આપણા કરતાં ચઢીઆતી હશે, કોઈ શરીરબળમાં, કોઈ વિદ્યાપીઠમાં, કોઇ શૌર્યમાં, પણ જ્યારે સમગ્ર ગુણોનો વિચાર કરીએ છીએ ત્યારે ગુર્જર પ્રજામાં ગુણાધિક્ય છે એમ આપણા મનમાં સત્ય અભિમાનનો ઉમળકો આવ્યા વગર રહેતો નથી. સંસાર વ્યવહારના સ્થાયી, ડાવકા, ને વિચારશિલ ગુણોમાં આપણે ચઢીયાતા છીએ. આપણામાં ઠંડા વિચારના પ્રાબલ્યને લીધે આપણે એક તરફ ઢળી પડતા કે ઘડીકમાં છટકી જતા નથી. આવા ગુણોનો ઉત્કર્ષ કરવો ને જનસમાજના તન, મન ને બુદ્ધિને શિક્ષણ ને રંજન આપવું એ સાહિત્યનું કામ છે. આપણા ખંડનું અભિમાન કાયમ રાખી એવું

સાહિત્ય આપણી પ્રજા ઉત્પન્ન કરી શકશે એવી મારી પૂર્ણ ખાતરી થાય છે. જેવી ભુમિ ને જેવી આબોહવા તેવું ફળ પાકે એ સ્વાભાવિક છે. એવા સાહિત્યના પાકમાં ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી દિન પર દિન વધારે સહાય થાય, એજ શ્રી પરમાત્મા આગળ આપણુ સર્વની અંતરની વાંછના છે.

છેવટ એક કહેવાનું છે કે આપણી આજ લગીની વૃદ્ધિ યુરોપીયન અમલદારોની અંતરની મદત ને સહાનુભુતિને લઇને થાય છે, ને રાજ્યની શાન્તિ ને મીઠી નજર વગર વિદ્યા ને સાહિત્યની વૃદ્ધિ થવી ઘણી દુર્ઘટ છે, એ વાત મ.રા દેશી ભાઇઓને નિરંતર યાદ રાખવા મારી છેવટ અરજ છે.

આ મંડળ દિન પર દિન વર્ધમાન દશાને પામો ને ગુજરાતની અવિચ્છિન્ન સેવા કરો.

# પ્રકરણ ૧૨

## લાલશંકર ઉમિયાશંકર

"Lalshankar was not a dreamer but a doer. The idealist and the realist, the man of thought and of action–combined in him and there was never a day which did not see some act however little done to remove ignorance, help distress and glorify God."

Sir. N. G. Chandavarkar–[Indian Social Reformer, 27th October 1912].

પ્રાથમિક શાળાનો એક સામાન્ય વિદ્યાર્થી પણ "અંકગણિતનાં મૂળતત્ત્વો" એ ગણિતનું પુસ્તક શિખતાં એના કર્તા લાલશંકરના નામથી સુપરિચિત હોય છે અને અમદાવાદ જોવા આવનાર મુસાફર તેની જાહેર સંસ્થાઓનાં મકાનો નિહાળીને તે વિષે પૂછપાછ કરે તો તેના સાંભળવામાં લાલશંકરનું જ નામ આવે. રાયપુર દરવાજા બહાર મહીપતરામ અનાથાશ્રમથી શરૂ કરી, કાંકરીઆના રસ્તે આપારાવ લાઇબ્રેરી, ત્યાંથી આસ્ટોડીઆ તરફ વળતાં ઑલિફન્ટ રોડ પર અંજુમને ઇસ્લામની હાઇસ્કુલ અને અગાડી વધતાં મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ ફોર વિમેનની સામે સ્ત્રીઓની કલબ–ભોળાનાથ સારાભાઇ લીટરરી ઇન્સ્ટીટ્યુટ ફોર વિમેન, નદી પાર એમના વિશાળ બંગલાની પછીતે, માદલપુર ગામના મોખરે રવિશંકર દવાખાનું; અને શહેરમાં પાછા આવતાં સેશન્સ કોર્ટની નજદિક ગુજરાત સંસાર સુધારા હૉલ અને શહેરના અગ્ર ભાગમાં કારંજના બાગ સામે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, એ સર્વ મકાનો એમનાં બંધાવેલાં છે. જે જે સંસ્થાઓ સાથે તેમને નિકટ સંબંધ હતો તે સર્વને એમણે આબાદ કરી હતી; એટલુંજ નહિ પણ તેનું અસ્તિત્વ કાયમ રહે એ આશયથી તેનાં માટે ફંડ અને મકાનની સવડ કરી આપી હતી. એકલા અમદાવાદમાંજ નહિ પણ જ્યાં જ્યાં નોકરીના પ્રસંગે એમનું જવાનું થયું હતું ત્યાં ત્યાં એમણે નિશાળ, લાઇબ્રેરી, પ્રાર્થના સમાજ કે અનાથાશ્રમ સ્થાપવાને પ્રયાસ કર્યા હતા. એમના મકાન બાંધવાના શોખ વિષે લખતાં



લાલશંકર ઉમિયાશંકર

હરગોવિંદભાઇ એમના "લાલશંકર" વિષેના લેખમાં કહે છે, કે "લાલશંકરને મકાનો બાંધવાનો સારો શોખ લાગ્યો હતો. તેની સાથે મકાનો કેવાં જોઇએ, ઈમારતી લાકડાં, ઈંટો, ચૂનો, પથ્થર, લોહકામ વગેરે કેવું જોઇએ તે માટેનો તેમણે ઘણો સારો અનુભવ મેળવ્યો હતો....... સાર્વજનિક મકાનો બંધાવવામાં તો તેમણે કમાલ કરી હતી."×

મકાન બાંધકામનું એમનું જ્ઞાન અને અનુભવ એવું ઝીણું અને સરસ કે *કડીઆ સુથારથી ભાગ્યેજ છેતરાય; ઉલટું તેઓ તેમના કાન પકડાવે.* એ સંબંધમાં કાંટાવાળાના લેખમાંથી એક દાખલો નોંધીશું:—

"કડી પ્રાંતમાં ઘણે ઠેકાણે પાણી ભરાઇ જવાથી જમીન ખારઓળ થઈ ગઈ હતી. તે સુધારવા માટે શ્રીમંત ગાયકવાડ સરકારે તે કાઢવા માટે એક મોટી નહેર–ગટર ખોદાવી. તેનું પરિણામ એ આવ્યું કે નજીકના અંગ્રેજી રાજ્યના મુલકની જમીનને નુકસાન થવા લાગ્યું, તેથી તે વિષે લાલશંકરની કોર્ટમાં દાવો મંડાયો. તેમાં ગાયકવાડી રાજ્યના એક્ઝિક્યુટિવ ઇજનેર વસનજીભાઇની જુબાની લેવાની હતી. એ જુબાની વખતે પ્રશ્નો પૂછવામાં લાલશંકરે ઇજનેરી કામકાજ સંબંધે એવા સવાલો કર્યા કે વસનજી ચકિત થઇ ગયા અને તે સંબંધે તેમણે મારે મોઢે લાલશંકરનાં ઘણાં વખાણ કર્યાં હતાં."†

લાલશંકર કેળવણીનાં, સુધારાનાં, જ્ઞાન પ્રચારનાં, સાર્વજનિક અને પરોપકારનાં કાર્યો કરવાના સંસ્કાર એમના ગુરૂ મહીપતરામ પાસેથી પામ્યા હતા; અને એ સઘળું કામ એમની નોકરી ઉપરાંતના ફાજલ સમયમાં તેઓ કરતા હતા. મહીપતરામ નામક પ્રકરણમાં આપણે જોઈ ગયા કે દુર્ગારામ મહેતાજીના સુધારા વિષેના વિચારોની છાપ એમના શિષ્ય મહીપતરામ પર સજ્જડ પડી હતી; અને તે સુધારાનો વારસો એમણે એમના પ્રિય શિષ્યો લાલશંકર અને હરગોવિંદદાસને સોંપ્યો હતો. જ્યોતમાંથી જ્યોત પ્રકટે તેમ દુર્ગારામ પાસેથી સુધારાની દીક્ષા મહીપતરામ પામ્યા અને તે દીક્ષામંત્ર એમણે એમના શિષ્યો લાલશંકર અને હરગોવિન્દદાસના કાનમાં ફૂંક્યો. ઉપરોક્ત લેખમાં કાંટાવાળા સ્વીકારે છે, કે "જન સેવા બજાવવાની, સામાજિક સુધારણા કરવાની, દેશી વેપાર ઉદ્યોગમાં વૃદ્ધિ કરવાની શિક્ષા તેમને (લાલશંકરને) તથા મને અમારા ગુરૂ રાવસાહેબ

× સાહિત્ય, સપ્ટેમ્બર, સન ૧૯૨૮, પૃ. ૫૨૮–૨૯.

† સાહિત્ય–સપ્ટેમ્બર, સન ૧૯૨૮, પૃ. ૫૨૯.

મહીપતરામભાઈ તરફથી મળી હતી."+ એમના એ ગુરૂ માટે એઓ બંનેને અનન્ય પૂજ્ય ભાવ હતો; અને એ લાગણીને વશ થઈને લાલશંકરે એમના ગુરૂનાં સર્વ સાર્વજનિક કાર્યો, એમના અવસાન બાદ ઉલટભેર ઉપાડી લીધાં હતાં. એમના ગુરૂનું ચિરસ્થાયી સ્મારક સ્થાપવા તેઓ કેવું મમત્વ ધરાવતા તે બતાવવાને કાંટાવાળાના શબ્દો જ ફરી ઉતારીશું:

"અમારા પૂજ્ય ગુરૂ અને મુરબ્બી રા. સા. મહીપતરામભાઇ ઉનાળાની રજામાં કાઠિયાવાડ ગયા હતા. પોરબંદરથી પાછા ફરતાં કમભાગ્યે તેમને રસ્તામાં કોગળીયું લાગુ પડ્યું, તેથી અમદાવાદ આવતાંજ સ્વર્ગવાસી થયા. થોડી મુદ્દત વીતતાં લાલશંકર વડોદરે આવ્યા અને મહીપતરામભાઇનું સ્મારક કરવાની વાત ઉપાડી. તેમણે કહ્યું, આપણે બંનેએ પાંચસે પાંચસે રૂપીઆ ભરવા. તેમનો પગાર તે વખતે રૂ. ૫૦૦ કે ૬૦૦ હતો, પણ મને તો રૂ. ૩૫૦) મળતા હતા, તેથી આપણે એક એક પગાર ભરીએ, એમ મેં કહ્યું પણ તેમને જીદ લીધી ને કહ્યું કે એ ગુરૂ તો આપણા બેના સરખા, સમભાવ રાખનાર ને સહાય કરનાર હતા, માટે આપણે સરખી રકમ ભરવી જોઇએ. અમે બંને જણે રૂ. ૫૦૦) ભર્યા. બાદ તેમણે અમદાવાદ જઇ ઉઘરાણું શરૂ કર્યું. તેમની ખંત ને પૈસા કઢાવવાની જબરી યુક્તિ વડે સારી રકમ ભેગી થઈ, અને તે વડે એક અનાથઆશ્રમ મહીપતરામના નામનું સ્થપાયું."*

કેવા સંજોગમાં તેઓ મહીપતરામના સમાગમમાં આવ્યા અને તેમણે લાલશંકરને શી સહાયતા આપી હતી, જે કારણે તેઓ એમના પરમ અનુયાયી થઇ રહ્યા તે આપણે હવે જોઇએ.

અમદાવાદ પાસે આવેલા ગાયકવાડી ગામ નારદીપુરમાં શ્રાવણ વદ ૬, સંવત ૧૯૦૧—તા. ૨૩ મી ઑગસ્ટ સન ૧૮૪૫ ના રોજ લાલશંકરનો જન્મ થયો હતો. એમનાં માતુશ્રી માણેકોર એમને ન્હાના મૂકીને મૃત્યુ પામ્યાં હતાં અને તેઓ ઉપનયનને યોગ્ય ઉમ્મરે પહોંચતાં, તેમના પિતા ઉમિયાશંકર લાલશંકરને અમદાવાદ તેડી લાવ્યા ત્યાં સુધી એમનું બાલપણ મોસાળમાં વ્યતીત થયું હતું. પ્રાથમિક શિક્ષણ એમણે જાણીતી તુળજારામ મહેતાજીની શાળામાં લીધું હતું. આગળ ઇંગ્રેજી શિખવાને એમણે ઇન્જિ

+ સાહિત્ય-ઑગષ્ટ, સન ૧૯૨૮, પૃ. ૪૫૯.

* સાહિત્ય, સપ્ટેમ્બર, સન ૧૯૨૮, પૃ. ૫૨૩.

દર્શાવેલી; પણ ઉમિયાશંકર જુના વિચારના, કર્મકાંડી અને યાજ્ઞિક હોઇને એ પરવર્તિ ભાષાનું શિક્ષણ લેવા સામે વિરોધ કર્યો અને લાલશંકર પોતાની જે યજમાન વૃત્તિ હતી, તે સાચવી શકે તે માટે ક્રિયમાણનું અને વેદાદિ ગ્રંથોનું શિક્ષણ લેવા તેમને ફરજ પાડી હતી. તેનું થોડુંક જ્ઞાન એમણે મેળવ્યું હતું તે આપણે કાંટાવાળાએ નોંધેલા દાખલાથી જાણીએ છીએ, કે જ્યારે ડૉ. હૉગ અમદાવાદની મુલાકાતે આવ્યા હતા અને અમદાવાદની ટ્રેનિંગ કૉલેજની મુલાકાત લીધી હતી ત્યારે લાલશંકરે વેદના મંત્રો એવી ધાટીએ ભણ્યા હતા કે તે સાંભળીને એ સંસ્કૃત નિષ્ણાત વિદ્વાનને ભારે આનંદ થયો હતો.

પિતાની મરજી વિરુદ્ધ જઇને એમણે નવું શિક્ષણ લેવા માંડયું; તેથી પિતા અને પુત્ર વચ્ચે મન ઉંચાં થયલાં હતાં તેમાં ઘેર પત્ની આવતાં, ઘરમાં ચરભડાટ શરૂ થયો અને પિતાએ તેમને જુદા કાઢયા.

આ વખતે તેઓ નૉર્મલ સ્કૂલમાં દાખલ થયલા હતા અને ત્યાંથી રૂ. ૫) ની માસિક સ્કૉલરશીપ મળતી હતી. એવામાં રા. સા. મહીપતરામ ઇંગ્લાંડથી નવી શિક્ષણ પદ્ધતિનું જ્ઞાન મેળવીને પાછા આવ્યા. તેમણે એ સ્કૂલના પ્રિન્સિપાલ નિમવામાં આવ્યા. તેમણે એ શાળાને ટ્રેનિંગ કૉલેજમાં ફેરવી નાંખી. અહિં લાલશંકર મહીપતરામના નિકટ સંસર્ગમાં આવ્યા; અને એમની કૌટુમ્બિક સ્થિતિથી પરિચિત થઇને મહીપતરામે એમને આશ્વાસન આપ્યું હતું એટલુંજ નહિ પણ એમના અભ્યાસમાં વિશેષ સવડ કરી આપી તેમ અન્ય પ્રકારે તેઓ પ્રસંગોપાત સહાયતા આપતા રહ્યા હતા.

એ શાળામાં કેવા પ્રકારનું શિક્ષણ અપાતું અને કોણ કોણ શિક્ષકો હતા તેનું વર્ણન કાંટાવાળાએ નીચે મુજબ કર્યુ છેઃ

“ ટ્રેનિંગ કૉલેજનો અભ્યાસક્રમ ત્રણ વર્ષે પૂરો થયો, પણ રાવસાહેબ મહીપતરામની પ્રેરણાથી તે વખતના ડાયરેક્ટર મે. હાવર્ડ સાહેબે તે સંસ્થાને વર્નાક્યુલર કૉલેજનું નામ આપી એક વર્ષ વધારે અભ્યાસની યોજના કરી, અને કેટલાક આગેવાન મહેતાજીઓને પણ તેમાં સામેલ કર્યા. ઘણાખરા સ્કૉલરોએ નોકરી લઈ લીધી, પણ આશરે પાંચેક વિદ્યાર્થી અભ્યાસ કરતા રહ્યા, તેમાં અમે બંને હતા; અને તે વખતે રૂપીઆ પાંચને બદલે દશની શિષ્યવૃત્તિ મળવા લાગી. અભ્યાસક્રમમાં અંગ્રેજી, સંસ્કૃત, ને મરાઠી ભાષાઓ ગુજરાતી સાથે દાખલ થઇ. ગણિત ઉંચા પ્રકારનું, તેમ સાહિત્યના બીજા વિષયો પણ ઉત્તમ પ્રકારના રાખવામાં આવ્યા હતા.

ગણિતને માટે પુનાવાળા સ્વ. વ્યંકટરાવ અમદાવાદની આ કૉલેજ ખાતે તથા હાઇસ્કૂલ ખાતે ગણિતના પ્રોફેસર નીમાયા. તેમના હાથ નીચે લાલશંકરે ગણિતનો વિશેષ અભ્યાસ કરવા માંડયો, પણ મેં તો મારૂં સાહિત્ય પકડી રાખ્યું હતું. કવિતા માટે સ્વ. દલપતરામ કવીશ્વર, સંસ્કૃત માટે સ્વ. વ્રજલાલ શાસ્ત્રી અને મરાઠી માટે સ્વ. ભાસ્કરરાવ પંડિતની નીમણુક થઇ હતી. અંગ્રેજી રા. સા. મહીપતરામભાઇ બીજા કેટલાક વિષયો સાથે શીખવતા હતા. એક વર્ષ પૂરૂં થયે મને 'શિક્ષણાનુભવ શાળાના હેડમાસ્તરની જગા મળી, અને પ્રો. વ્યંકટરાવ નોકરી છોડી વકીલાત માટે પુને જતાં તેમની જગાએ લાલશંકરને હાઇસ્કૂલના ગણિત શિક્ષક તરીકે નીમવાની ખાસ ભલામણ થતાં તે રૂ. ૫૦) ના પગારે નીમાયા."*

સદરહુ નોકરી લાલશંકરને મળે તે માટે મહીપતરામે તેમની અરજી સરકારમાં મોકલી આપતાં તેની ભલામણ નીચે મુજબ શબ્દોમાં કરી હતી:

"I have the honour to enclose an application from Lalshanker Umiashankar Senior Normal Scholar. I have every reason to believe that he will successfully discharge the duties of Mathematical tutor to the Ahmedabad High School and Provincial College if he be appointed to that post. He has special aptitude for the Mathematical Science which cannot be better encouraged than by granting the favour he solicits in his application." (No. 5 of 1865|66 dated, 18th May 1865).

એમની ગણિતના વિષયમાં લાયકાત અને ઉંચા પ્રકારની શક્તિ માટે અમે એટલું જ જણાવીશું કે "એલ્ફીન્સ્ટન કૉલેજના વિદ્યાર્થીઓની સીનીઅર સ્કોલરશીપની પરીક્ષાના સવાલપત્રકો વર્નાક્યુલર કોલેજના વિદ્યાર્થીઓને આપીને પરીક્ષા લેવામાં આવી તેમાં લાલશંકર પહેલે નંબરે પાસ થયા હતા." નોકરીના ચાલુ કામ સાથે તેઓ-લાલશંકર અને કાંટાવાળા-બંનેએ ઘેર અંગ્રેજીનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો. ટ્રેનિંગ કોલેજમાં તેઓ હાવર્ડ વાંચનમાળાના ત્રીજા પુસ્તકના બીજા ભાગ જેટલું શિખ્યા હતા; પણ એમના ગુરૂ મહીપતરામ એઓને હંમેશ બોધ કરતા કે "જ્યાં સુધી તમે અંગ્રેજીનો

*સાહિત્ય, ઓગસ્ટ, સન ૧૯૨૮, પૃ. ૪૫૧.

સારો અભ્યાસ નહિ કરો, ત્યાં સુધી તમારૂં શ્રેય થનાર નથી; અને તમે *પંતુજીઓના વર્ગમાં જઈ હેવાના."* આ ચાનક બહુ અસરકારક નિવડી; અને તેઓ બને સન ૧૮૬૪ માં મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં બેઠા હતા. પ્રથમ વર્ષે નિષ્ફળ જતાં, બીજે વર્ષે ફરી પ્રયત્ન કરી તેમાં સફળતા મેળવી હતી. આવા તેમના દીર્ઘ ઉદ્યોગ અને જે કામ હાથ ધર્યું તેને ખંતપૂર્વક સતત વળગ્યા રહેવાની ટેવથી તેઓ જીવનમાં ફતેહમંદ નિવડયા હતા. મેટ્રિકની પરીક્ષા પાસ કરીને તેમની ઇચ્છા આગળ કોલેજમાં અભ્યાસ કરવાની થઈ હતી, પણ સંજોગવશાત્ તેમ કરવાનું બની શક્યું નહિ; તેમ છતાં મદ્રાસમાં લિટલ ગો ( હાલની પ્રિવિયસ ) પરીક્ષા વગર ટર્મ રાખે આપી શકાય છે એવી માહિતી મળતાં લાલશંકર મદ્રાસ જઈને એ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા હતા.

એવામાં ( સન ૧૮૭૧ ) સ્મોલ કોઝ કોર્ટમાં નાજરની જગો ખાલી પડી અને રા. બા. ગોપાળરાવને એક વિશ્વાસુ માણસ જોઇતો હતો. મહીપતરામની સલાહ અને ભલામણ પરથી એઓએ લાલશંકરને પોતાની પાસે કલાર્કમાં રાખ્યા.

અહિં ઉપરીને એમના કામકાજથી લાલશંકરે પુરતો સંતોષ આપ્યો અને ફુરસદનો સમય સબ–જડજની પરીક્ષા આપવા માટે ઘેર આગળ અભ્યાસમાં ગાળ્યો. એમાં એમની મુરાદ બર આવી. હવે એ સબ–જડજની જગો મેળવવા તેમણે તજવીજ કરવા માંડી.

એમના ઉપરી અધિકારી ગોપાળરાવ હરિ દેશમુખે, એમની સબ–જડજ તરીકે પસંદગી થવા સિફારસ કરતાં, ગવર્નરના પ્રાઇવેટ સેક્રેટરીને જણાવ્યું હતું, કે

"× × × I have much pleasure in stating again that he has been in the service of Government for nearly 9 years, and has been performing the duties of the clerk of the Court for upwards of two years. Considering that he would be very useful in the Court I appointed him clerk allowing him to retain his tutorship in the Gujarat Provincial College (which was not in any way to interfere with the duties of the clerk) so that he should not

sustain much loss in his pay. He has however lost the tutorship in consequence of the abolition of that institntion.

(3) He has passed the 1st examination in Arts at the Madras University and has qualified himself as a sub-judge by passing the test in March last.

(4) His experience, general knowledge and high character are such as to make him worthy of promotion."

(No. 176 of 1873, dated 20th December 1873.)

તે પછી લાલશંકરના ભાગ્યનો ઉદય થયો. એમની દિનપ્રતિદિન ચડતી થતી ચાલી. એક પછી એક ઉંચી પાયરીએ તેઓ પહોંચી, એમનો દરજ્જો અને અધિકાર વધતાં ગયાં; તો પણ એમણે કદિ દમામ રાખ્યો નહોતો; તો પછી આડંબરની વાતજ શી? આપ કમાઇથી લાખોની મિલ્કત એમણે સંપાદન કરી હતી પણ જીવનભર એમણે સાદાઈ જ સેવી હતી. એ એમના આત્માની મોટાઈ હતી.

વિદ્યાર્થી અવસ્થા એમણે ગરીબાઇમાં અને મુશ્કેલીમાં ગાળેલી. સ્વાશ્રયથી તેઓ આગળ વધેલા; અને એમના ગુરૂ મહીપતરામે કેળવણી, જ્ઞાનપ્રચાર, સંસાર સુધારો અને પ્રાર્થના સમાજના નવીન વિચાર અને સંસ્કાર તેમના પર પાડેલા. હવે ગુરૂના આદેશનો પ્રચાર કરવાની તેમને તક સાંપડી અને અમને નોંધતાં હર્ષ થાય છે કે જે જે સ્થળે નોકરી અંગે એમનું રહેવાનું થયું તે તે સ્થળે એમણે કન્યાશાળા, પુસ્તકાલય, અનાથાશ્રમ અને પ્રાર્થના સમાજ સ્થાપવાના પ્રયત્નો કર્યા હતા; અને એમના તે પ્રયાસો ફળદાયી નિવડયા હતા.

વીરમગામમાં કન્યાશાળા માટે મકાન નહોતું, તે એમણે એક સખી ગૃહસ્થને ઉભો કરી કરાવી આપ્યું હતું. ધંધુકામાં પુસ્તકાલય કઢાવ્યું, પંઢરપુરમાં અનાથાશ્રમ સ્થાપ્યું, અને જ્યાં તેઓ હોય ત્યાં દર રવિવારે પ્રાર્થના સમાજની મિટિંગ ભરાઇને તેમાં ઉપદેશ અપાય જ.

પંઢરપુરમાં હતા તે દરમિયાન ત્યાં મોટો દુકાળ પડેલો તેના દુઃખ નિવારણાર્થે તેમણે એક ફંડ ઉભું કરેલું અને એમના તે સેવાકાર્યની કદર

થઈ હતી. એવુંજ કાર્ય સંવત ૧૯૫૬ માં એમણે અમદાવાદમાં આરંભ્યું હતું, તેનું બ્યાન કાંટાવાળાએ નીચે પ્રમાણે આપ્યું છેઃ

"એક વર્ષ વરસાદની તંગીથી દુકાળના જેવું નીવડ્યું, ઢોરોને માટે ઘાસચારો ન મળે, તેથી આસપાસના ગામનાં લોકો રોજ સેંકડો ઢોર અમદાવાદ લઇ આવે, અને જે દામ આવે તે લઇને તેમને વેચી મારે. કેટલીકવાર તો ઢોર કસાઇઓને ત્યાં જવા માંડયાં, એ જોઇને લાલશંકરે તેમને બચાવવા સારૂ સાબરમતી કાંઠે કાચાં છાપરાં ઠોકાવીને ત્યાં પુષ્કળ જનાવર રાખ્યાં, તથા તેમને જીવાડવા માટે ઘાસચારો મેળવવા તનતોડ મહેનત લીધી. ધનવાનો પાસેથી ઉઘરાણાં કરીને ધન મેળવે, અને કોઈ કોઈ વાર તો તેઓ ગાંઠના પૈસા પણ ખરચી નાખે. એ સંસ્થા જોવા માટે મોટા મોટા દેશી અને અંગ્રેજી અમલદારો આવે અને લાલશંકરને ધન્યવાદ આપે; અને સરકારે તે સેવા બદલ તેમને સન ૧૯૦૩ માં સર્ટિફીકેટ ઓફ મેરિટ બક્ષ્યું હતું."×

હિન્દુ વિધવાઓની દુઃખદ સ્થિતિ માટે એઓ બહુ દયા ખાતા; અને વિધવાવિવાહના વિચારને પુષ્ટિ મળે એ હેતુથી સને ૧૮૬૬ માં "વિધવા વિવાહ" એ નામનું પુસ્તક મરાઠીમાંથી તરજુમો કરી એમણે ગુજરાતીમાં પ્રસિદ્ધ કર્યું હતું. કોઈપણ વિધવાની વાત એમના કાને આવતાં, એમનું હૃદય દ્રવી ઉઠતું; અને સ્ત્રીઓ માટે એમને ઘણું સન્માન અને પક્ષપાત હતા.

પંઢરપુરમાં હતા તે સમયે મોટે પરોઢિયે ફરવા નિકળેલા ત્યાં એમના પગને કંઇક અથડાયું અને તપાસતાં તે તુરતનું જન્મેલું બાળક માલુમ પડ્યું. એ બનાવે એમના હૃદયને હચમચાવી મૂક્યું અને એમને લાગ્યું કે આ સ્થાન જાત્રાનું હોઇને, અહિં આવા પ્રસંગો ઝાઝા બનવાનો સંભવ છે; તેથી એમણે ત્યાં એક અનાથાશ્રમ કાઢવાનો નિશ્ચય કર્યો અને તે અમલમાં મૂકાયો. આજે મુંબાઈ ઇલાકામાં એ સંસ્થા જુદા જુદા અનાથાશ્રમોમાં મુખ્ય સ્થાન લેછે અને તેનું નામ દેશપરદેશમાં જાણીતું છે. એમના એ કાર્યનો ખ્યાલ આવવા સર નારાયણ ચંદાવરકર લાલશંકરની મૃત્યુ નોંધમાં લખે છે,

"Every Saturday evening, after his Court work, he used to leave for Bombay, arrive here on Sunday, go about among the Shetias, represent to

× સાહિત્ય, સપ્ટેમ્બર, સન ૧૯૨૮, પૃ. ૫૩૧.

them the immediate necessity of establishing an orphanage at Pandharpur, collect money, and leave Bombay for Pandharpur on Sunday night. It was on one of such occasions of his visit to Bombay that I was introduced to Lalshankar by the late Hon. Mr. Morarji Gokaldas, said Mr. Morarji to me: "Lalshankar has all the fire of Shankar. His enthusiasm and earnestness know no bounds. While others spend time in talking and preaching against evil, he takes the evil in hand and fight it and enjoys the fight!"†

એમની એ પરોપકારી વૃત્તિ અને તટસ્થ તેમજ નિષ્પક્ષપાત રીતે ન્યાય આપવાની રીતિના કારણે દક્ષિણમાં એમની કીર્તિ "દેવ મુનસીફ" તરીકે પ્રસરેલી હતી.

સન ૧૮૯૧ પછી એમનું અમદાવાદમાં સ્થાયી રહેવાનું થયું. સન ૧૯૦૩ માં સ્મોલ કૉઝ કૉર્ટના જડજના ઓદ્ધા પરથી રૂ. ૪૦૦ નું માસિક પેન્શન મેળવીને તેઓ નિવૃત્ત થયા અને સન ૧૯૧૨ માં ૧૯ મી ઓકટોબરના રોજ એમનું અવસાન થયું. એ લગભગ બાવીસ તેવીસ વર્ષના ગાળામાં, અમદાવાદ જે એમની જાહેર પ્રવૃત્તિનું પ્રથમથી ક્ષેત્ર હતું, ત્યાં એવી એક પણ હિલચાલ નહિ થઈ હોય જેમાં લાલશંકરનો હિસ્સો નહિ હોય, એવી કોઇ સાર્વજનિક સંસ્થા નહિ હોય, જેમાં એમનો સીધો કે આડકતરો સંબંધ નહિ હોય. તે એક સરકારી અમલદાર હોવા છતાં લોકનેતા તરીકે એમણે જનતાની પ્રીતિ અને સરકારનો વિશ્વાસ સંપાદન કર્યાં હતાં અને સરકાર તેમજ પ્રજા ઉભય વચ્ચે જાહેર કામકાજના પ્રસંગે એક મધ્યસ્થ તરીકે એમની મદદ બહુ ઉપયોગી થઈ પડતી હતી.

અમદાવાદમાં એમનું આવી વસવાનું થયું એવામાં મહીપતરામનું એકાએક કૉલેરાના ભોગ થઇ પડી મૃત્યુ થયું; અને એમના એ ગુરૂની સર્વ સાર્વજનિક પ્રવૃત્તિઓનો ભાર એમના શિષ્ય લાલશંકર પર આવી પડ્યો. તે સઘળી જવાબદારી એમણે એવી સરસ રીતે અદા કરી, જેથી એમના ગુરૂની પેઠે એક સમર્થ કાર્યકર્તા અને આગેવાન સુધારક

† Indian Social Reformer, 27th October 1912.

તરીકે એમની ખ્યાતિ ચોતરફ દેશમાં પ્રસરી રહી; અને સન ૧૯૦૭ માં સુરતમાં અખિલ ભારતવર્ષીય સમાજ સુધારા પરિષદ મળી તેમાં પ્રમુખપદે નીમી, પ્રજાએ એમને યોગ્ય માન આપ્યું હતું.

મહીપતરામના અચાનક અવસાનથી સોસાઈટીના ઑનરરી સેક્રેટરીની જગો ખાલી પડતાં, મેનેજીંગ કમિટીએ લાલશંકરને એ પદે નીમીને એમના શક્તિમાં પરમ વિશ્વાસ દર્શાવ્યો હતો. એમના બંને શુભેચ્છકોએ–ગોપાળરાવ હરિ દેશમુખ અને રા. સા. મહીપતરામ–સોસાઈટીની અગાઉ ઉત્તમ પ્રકારે સેવા કરી હતી. લાલશંકર પણ સોસાઇટીનીના કામકાજમાં એટલા રચ્યા-પચ્યા રહેતા કે સોસાઇટી એમના જીવનનું એક અંગ બની રહી હતી; અને એમના પરિચયમાં આવનાર સૌ કોઇને સોસાઇટીનું સ્મરણ થતાં, લાલશંકરની છબી તેમની સમક્ષ આવી ઉભી રહેતી જણાતી; એવો ગાઢ સંબંધ એમની અને સોસાઇટી વચ્ચે જામ્યો હતો.

સોસાઇટીના ઑનરરી સેક્રેટરી તરીકે આશરે ૨૧ વર્ષ એમણે તેની સેવા કરી એ સમયમાં સોસાઇટીની પ્રગતિ લાલશંકરે અનેક પ્રકારે સાધી હતી. સોસાઈટીના આજીવન સભાસદો વધારવામાં એમણે કંઈ કમીના રાખી નહોતી. એ પ્રમાણે ટ્રસ્ટફંડો મોટી સંખ્યામાં મેળવ્યાં હતાં. બ્રહ્મચારીની વાડીનું ટ્રસ્ટ પણ એમના પ્રયત્નથી સોસાઇટીને સોંપાયું હતું. સોસાઇટીનું ભંડોળ પણ એમણે પુષ્કળ વધાર્યું હતું. અમને બરોબર યાદ છે કે સન ૧૯૧૦ સરવૈયામાં સોસાઇટીની રોકડ મૂડી રૂપિયા એક લાખની જોઇને લાલશંકરને બહુ સંતોષ થયો હતો. વળી એમના વહિવટ દરમિયાન પુસ્તક પ્રકાશનનું કાર્ય થોડું થયું નહોતું. લગભગ ૧૪૪ પુસ્તકો પ્રસિદ્ધ થયાં હતાં, તેમાંના ૧૨૭ ની નોંધ પ્રકરણ ૧૦ માં કરવામાં આવી છે.

તેનો યથાસ્થિત ખ્યાલ આવવા એક પત્રક તૈયાર કર્યું છે, તે સ્વતઃ બોલી ઉઠશે:

### સન ૧૮૯૨ માં: તેઓ ઑનરરી સેક્રેટરી નિમાયા ત્યારે

| સોસાઇટીની મિલ્કત | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| | | ૫૨,૪૭૩—૮—૬ |
| રોકડ | ૪૧૨૮૮-૪-૫ | |
| જંગમ | ૮૩૭૫-૨-૬ | |
| સ્થાવર | ૨૮૧૦-૧-૭ | |
| | ૫૨,૪૭૩-૮-૬ | |

ટ્રસ્ટ ફંડો: ૨૦, મૂડી રૂ. ૭૨૮૭૫-૦-૦

| | | રૂ. આ. પા. |
|---|---|---|
| પુસ્તકો માટે | ૭ | ૩૬૭૦૦—૦—૦ |
| મિશ્ર ઉદ્દેશ ,, | ૪ | ૧૭૭૮૨—૦—૦ |
| ઇનામ, સ્કોલરશીપ વગેરે ,, | ૮ | ૧૨૩૩૩—૦—૦ |
| લાઇબ્રેરી ,, | ૧ | ૬૦૬૦—૦—૦ |
| | | ૭૨૮૭૫—૦—૦ |

લાઇફ મેમ્બરો: ૧૪૩

નવાં પુસ્તકો: ૧૧૧

### સન ૧૯૧૨ માં

| સોસાઇટીની મિલ્કત | રૂ. આ. પા. | રૂ. આ. પા. |
|---|---|---|
| | | ૧૭૦,૩૭૦—૭—૨ |
| રોકડા | ૧૦૦૩૨૫—૮—૮ | |
| જંગમ | ૪૯૧૪૬—૧૧—૬ | |
| સ્થાવર | ૨૦૮૯૮—૩—૦ | |
| | ૧૭૦,૩૭૦—૭—૨ | |

ટ્રસ્ટ ફંડો: ૮૨, મૂડી રૂ. ૨૩૧૩૨૯-૦-૦

| | | રૂ. આ. પા. |
|---|---|---|
| પુસ્તકો માટે | ૧૧ | ૪૪૯૦૦—૩—૦ |
| મિશ્ર ઉદ્દેશ ,, | ૪ | ૧૭૭૮૨—૦—૦ |
| ઇનામ, સ્કોલરશીપ વગેરે ,, | ૬૧ | ૧૪૬૭૨૩—૦—૦ |
| લાઇબ્રેરી ,, | ૬ | ૧૮૯૨૪—૦—૦ |
| | | ૨૩૧,૩૨૯—૦—૦ |

લાઇફ મેમ્બરો: ૫૮૩

રજીસ્ટર લાઇબ્રેરીઓ: ૧૨૭

નવાં પુસ્તકો: ૨૫૫

સોસાઇટીની આર્થિક સ્થિતિ સુધારવા તેઓ સતત પ્રયત્ન કરતા; અને એવો લાભ મેળવવાના લોભથી સોસાઈટીની કેટલીક સરકારી લોન મુંબાઈના એક જાણીતા શેરદલાલદ્વારા વેચવા સારૂ એમણે મોકલી આપી હતી. એ દલાલ ભાંગતાં, અદરહુ લોનની રકમ જોખમમાં આવી પડી હતી અને તે કાર્ય માટે લાલશંકર પર કેટલાક અઘટિત આક્ષેપ એમના વિરોધીઓએ કર્યા હતા. પણ આખરે એ રકમ મળી ગઈ હતી. આ બનાવ બન્યા પછી સોસાઈટીના નિયમોમાં ઉમેરો કરવામાં આવ્યો હતો, કે સોસાઈટીની લોન, ડિબેન્ચર, શેરો વગેરેની ખરીદી, વેચાણ વગેરેનું કામકાજ મુંબાઈ બેન્કદ્વારા કરવું.

સાહિત્યને એઓ જીવન વ્યવહાર અને જીવનની ઉપયોગિતાની દૃષ્ટિએ અવલોકતા; ઉપયોગિતાવાદ પ્રતિ એમનું વલણ વિશેષ રહેતું અને વિકટોરિયન યુગની રીતિનીતિ અને વિચારની છાયાથી એમનું માનસ રંગાયલું રહેતું હતું; પરંતુ કેળવણીના પ્રશ્નોમાં એમને વધુ રસ પડતો હતો.

એ કારણે સોસાઇટીનાં પ્રકાશનોમાં શુદ્ધ સાહિત્યની દૃષ્ટિ કરતાં, તે લોકોપયોગી થાય એ વિચારને વિશેષ મહત્વ મળતું હતું અને નવું સાહિત્ય સર્જન આજ્ઞા કરેથી કે પૈસા આપેથી ન જ ઉદ્ભવે એ સ્પષ્ટ છે. તેમાં વળી એમની પાસે કામ કરનાર આસિ. સેક્રેટરીઓ વારંવાર બદલાતા રહેવાથી અને સાવ કરકસરથી સોસાઈટીનો વહિવટ કરવા જતાં, તેની સાહિત્ય પ્રવૃત્તિ આપણે ઇચ્છીએ તેવી ખીલી શકી નહોતી. પણ તેઓ એ માટે કહેતા કે કેવાં પુસ્તકો રચાવવાં એ નક્કી કરવાનું કાર્ય સાક્ષરોનું છે; અને તે કાર્ય માટે એમની સૂચનાથી પ્રો. આનંદશંકર ધ્રુવ, રા. રમણભાઇ અને રા. કમળાશંકર એ ત્રણ વિદ્વાનોની કમિટી નિમવામાં આવી હતી. તે પછી એવી બુક-કમિટીદ્વારા સોસાઇટીએ લખાવવાનાં નવાં પુસ્તકોની યાદી તૈયાર થાય છે.

ટ્રેનિંગ કોલેજમાં તેઓ ભણતા હતા ત્યારથી થોડુંઘણું લખવાનો એમને શોખ હતો. 'ગુજરાત શાળાપત્ર' માં અને 'બુદ્ધિપ્રકાશ' માં લખેલા એમના કેટલાક લેખો મળે છે; અને એમના ગ્રંથો વિષે એટલું કહેવું જોઇએ કે તે સર્વ પાઠ્ય પુસ્તકની ખોટ પૂરી પાડવાની દૃષ્ટિએ યોજાયાં હતાં.

સ્વર્ગસ્થ કાંટાવાળા એ ગ્રંથપ્રવૃત્તિના સંબંધમાં જણાવે છે, કે— "સન ૧૮૬૪-૬૫ ની સાલથી અમે કંઇ ગ્રંથો લખવાનો વિચાર કર્યો. પ્રથમ અમે બંનેએ મળીને નિરખ સંબંધીના એક મરાઠી નાના પુસ્તકનું ભાષાંતર કર્યું, તે ગુ. વ. સોસાઇટીએ છપાવ્યું હતું. તે પછી વિધવા વિવાહ નામક મરાઠી ગ્રંથનો તરજુમો ભાઇ લાલશંકરે કર્યો, તેમાં

હું થોડોક જ ભાગ લઈ શક્યો હતો. એ પછી ભાઇ લાલશંકરે ભૂસ્તરવિદ્યા, મેં હિંદુસ્તાનની ભૂગોળ, અને અમારા મિત્ર વિઠ્ઠલદાસે મુંબઇ ઇલાકાની ભૂગોળ લખી. આગળ જતાં ભાઇ લાલશંકરે અને મેં સંયુક્ત કર્ત્તા તરીકે ગુજરાતી ભાષાનું મોટું વ્યાકરણ અને મોટું ગણિત એ બે શાળોપયોગી ગ્રંથો પ્રકટ કર્યા. વ્યાકરણ માટે મુંબઈ સરકારે એક ઠરાવ બહાર પાડી અમને શાબાશી આપી હતી. ગણિત માટે પ્રોફેસર છત્રેએ અભિપ્રાય આપ્યો હતો કે તે તેમના પોતાના મરાઠી ગ્રંથ કરતાં ચઢીઆતો છે. અમારા બંનેની ભાષા એવી હતી કે કોણે કયો ભાગ લખ્યો હશે એ જણાઇ ન આવે. એ પછી ભાઈ લાલશંકરે નાનું ગણિત બહાર પાડયું તે અદ્યાપિ સુધી પાઠ્ય પુસ્તક તરીકે ચાલે છે."*

ઘણાં વર્ષો સુધી તેઓ સરકારી બુક-કમિટીના સભાસદ હતા; તેના અંગે અનેક પ્રકારનાં પાઠ્ય પુસ્તકો તપાસવાનું એમને પ્રાપ્ત થતું હતું. એક વખતે બુક-કમિટીમાં પાઠ્ય પુસ્તકો તરીકે વંચાતાં ત્રણ વ્યાકરણો હોપ, મહીપતરામ અને ટેલર કૃત-ના ગુણદોષ વિષે ચર્ચા થઈ હતી અને ત્રણ પૈકીનું એકકે પૂરૂં સંતોષકારક કમિટીને જણાયું નહોતું. એ ચર્ચા લક્ષમાં લઇને એક સારા વ્યાકરણની ઉણપ પૂરી પાડવા એમણે કાંટાવાળા સાથે ગુજરાતી વ્યાકરણ રચ્યું હતું; અને તે વિષે બુક કમિટીના એક સભ્ય મી. બેન્ટલી (Bently) નો નીચે મુજબ અભિપ્રાય મળી આવે છેઃ

"There are many good things in this new Grammer. The language is generally simple and the definition clear; the subject of analysis is well-treated and nothing could be better than the directions as to how to teach Grammer." [2nd May 1883.]

એ પ્રમાણે ભોગીલાલ લિખિત લેખાવલિનો પ્રશ્ન બુક-કમિટી સમક્ષ ઉપસ્થિત થયો હતો અને તે ખામીભરી અને અધુરી જણાયાથી લાલશંકરે એ વિષયપર નવું પુસ્તક લખી આપવાનું સ્વીકાર્યું હતું; અને તે એમના તરફથી તૈયાર થઈ મળતાં, કેળવણી ખાતાએ પ્રસિદ્ધ કર્યું હતું.

અભિપ્રાય અર્થે જે પુસ્તકો તેમને મળતાં તે બહુ ઝીણવટથી વાંચી જતા તેનું એક ઉદાહરણ આપીશું. તેઓ વીરમગામમાં સબ જડજ હતા તે વખતે ગુજરાતી ભૂગોળનું પુસ્તક તેમની પાસે તપાસવા માટે ગયું હતું. એમાં તેમને વીરમગામ તાલુકાની કેટલીક હકીકત ભૂલભરેલી અને ખોટી જણાઇ; તે પરથી એમણે કમિટીને જણાવ્યું હતું કેઃ—

* સાહિત્ય, ઓગષ્ટ, સન ૧૯૨૮, પૃ. ૪૫૫.

With reference to your letter no. 261 of 23rd December last, I beg to express my opinion on the points raised by your Committee as regards the Gujarati orthography.

The general principles fixed to determine the Gujarati orthography, are sound & unobjectionable.

(1) The nasal sound in words like [illegible] should be represented by an "Anuswar". (Principle III)

(2) There should be no sign or letter to represent the partial "h" in words like [illegible] (Principle III)

(3) No sign should be introduced to represent partial "a" in words like [illegible] (Principle III)

(4) Words referred to in this clause should be written as [illegible] (Principle III, & the above clause (3))

(5)

લાલશંકર ઉમિયાશંકરના હસ્તાક્ષર.

"What I have stated above is all in my personal knowledge. There may be similar mistakes with regard to other parts. I therefore suggest that the book should be sent to all local officers in Gujarat to ascertain whether the information given is correct and whether any changes or additions are required to be made therein."

[ July 1889. ]

દલપતરામ સંપાદિત કાવ્યદોહનમાં અને કવિ નર્મદાશંકરના નર્મ-ગદ્યમાં કાપકુપ અને ફેરફાર અને સુધારા વધારા કરવા સારૂ આપણે મહીપતરામને દોષ દઇએ છીએ; પણ ખરૂં કહીએ તો તે માટે સરકારી કેળવણી ખાતું જવાબદાર છે. સન ૧૮૭૩ માં પાઠ્ય પુસ્તકોની સુધારણાનો પ્રશ્ન વિચારવા પુનામાં એક કમિટી નિમાઈ હતી તેણે પાઠ્ય પુસ્તકોમાંથી ધર્મની ખોટી માન્યતાઓ, દેવદેવાદિમાં અંધશ્રદ્ધા અને અજ્ઞાનતામૂળક અને ભ્રમજનક, રીતિનીતિનાં વર્ણનો અને વિવેચનો કાઢી નાખવા આગ્રહ કર્યો હતો; અને એ અભિપ્રાયનું પ્રતિપાદન કરતાં જણાવ્યું હતું, કે:—

"let no corrupt communication proceed out of your mouth is a precept which can stand independently of its divine source and should rule in the interests of morality no less than in those of religion;" અને છેવટ એમ ઠરાવ્યું હતું, કે

× × "lead to the exclusion from a sanctioned school course of all direct dogmatic teaching, such as that of metaphysics, fatalism etc., which is to be found in the કાવ્યદોહન."

એ કાવ્યદોહન કેટલો બધો લોકાદર પામ્યું હતું અને સૌ કોઇએ તેની તારીફ કરી હતી અને કેળવણી ખાતાએ જ તેને ઉત્તેજન આપ્યું હતું તે સહુ આપણે પ્રથમ ભાગમાં જોયું છે; પરન્તુ બુક-કમિટીમાં તે પછીથી ક્રિશ્ચિયનધર્મી વાતાવરણનું પ્રાબલ્ય જામતાં ઉપરોક્ત વલણ અખત્યાર થયું હતું એમ અમારૂં માનવું છે.

બુક-કમિટીએ પ્રેમાનંદ રચિત રણયજ્ઞ નામનું કાવ્ય, જે કાંટાવાળાએ સંપાદન કરી છપાવ્યું હતું, તે એક પાઠ્ય-પુસ્તક તરીકે મંજુર કર્યું હતું; પણ કેળવણી ખાતાએ સન ૧૮૭૩ ની પૂના બુક કમિટીએ જે નિયમો મંજુર કર્યા છે તેના વિરૂદ્ધનું કેટલુંક લખાણ એમાં આવે છે તેથી તે સ્વીકારાય એમ નથી એવું કારણ આપી તેને મંજુરી આપી નહોતી.

આ પરથી લાલશંકરે મંજુર થયેલું કાવ્યદોહન અને પ્રસ્તુત "રણયજ્ઞ" માંથી સામસામા ઉતારા ટાંકી ખાતાની દલીલોનું ખંડન કર્યું હતું પણ એ ચર્ચાનું પછી શું પરિણામ આવ્યું તે અમારી જાણમાં નથી; પરન્તુ પાઠ્ય પુસ્તકો મંજુર કરવામાં કેળવણી ખાતાનું ઉપરનું દૃષ્ટિબિન્દુ ખોટું અને એકપક્ષી હતું એ તો સ્પષ્ટ દેખાઈ આવે છે.

કેળવણીના વિષયમાં એમને અત્યંત રસ હતો, એ બિના અમે ઉપર નોંધી છે; અને સરકાર પણ એક કેળવણીના નિષ્ણાત તરીકે એમના અભિપ્રાય વખતો વખત પૂછતી હતી. ગ્રામ્ય શાળાઓનો પ્રશ્ન લાંબી મુદતથી ચર્ચાય છે; અને હજુ એ પ્રશ્નનો છેવટ નિર્ણય આવ્યો નથી. સન ૧૮૮૫ માં એમનો અભિપ્રાય એજ્યુકેશનલ ઇન્સ્પેકટરે પૂછેલો ત્યારે છથી બાર વર્ષનો અભ્યાસક્રમ રાખી, ચોથા અને પાંચમા ધોરણમાં રાજ-વહિવટનો એટલે કે ગામના, તાલુકાના અને જીલ્લાના અમલદારો કોણ કોણ છે અને તેમનું શું શું કર્તવ્ય છે એ વિષયનું જ્ઞાન આપવાનું એમણે સૂચવ્યું હતું.

હંટર કમિશનનો રીપોર્ટ પ્રસિદ્ધ થયા પછી તે વિષે વિચાર કરવા પૂનામાં સન ૧૮૮૫ માં એક કોન્ફરન્સ મળી હતી, તેમાં ચર્ચવાના મુદ્દાઓ વિષે જુદા જુદા વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેકટરે સ્થાનિક ગૃહસ્થોના અભિપ્રાય મેળવવા પત્રો લખેલા, એવા એક પત્રનો જવાબ લાલશંકરે લખેલો અને તેમાં એમણે મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં ગુજરાતીનો વિષય ફરજિયાત કરવા તેમ યુનિવર્સિટીની પરીક્ષામાં ગુજરાતીમાં એક પ્રશ્નપત્ર આપવો જોઇએ એવો અભિપ્રાય દર્શાવ્યો હતો; અને ગુજરાતીમાં પાઠ્ય પુસ્તકોના અભાવની દલીલનો રદીઓ આપતાં જણાવ્યું હતું કે બૉર્ડ ઑફ એજ્યુકેશનના સમયમાં ટ્રીગ્નોમેટરી, યુકિલડ, ખગોળ, યંત્રશાસ્ત્ર વગેરે શાસ્ત્રીય વિષયોનાં પુસ્તકો ગુજરાતીમાં લખાયાં હતાં, તે પ્રમાણે નવાં પુસ્તકોની માગણી થતાં, જે તે પુસ્તકો તુરત તૈયાર થશે; અને એ દલિલમાં વજુદ રહેલું છે, એ આપણે સૌ અનુભવથી જાણીએ છીએ.

સન ૧૮૯૮ માં અમદાવાદમાં કેળવણીના પ્રશ્નો વિષે વિચાર વિનિમય અર્થે એક કોન્ફરન્સ ભરવામાં આવી હતી તેમાં લાલશંકરે બે નિબંધો વાંચ્યા હતા; તેમાંનો એક આપણા પ્રાંતમાં સ્ત્રી કેળવણીના પ્રચાર વિષે હતો. તેમાં કન્યાશાળાઓમાં નીતિના શિક્ષણપર ભાર મૂકતાં એમણે કહ્યું હતું, કે

"Such religious and moral instruction is particularly necessary in Girls' Schools for the purpose of healthy home education. In the formation of character of boys much depends upon the mothers. If girls receive proper religious and moral instruction, then only can we expect proper religious instruction at home."

કન્યાશાળા માટે "શિક્ષા વચનનું" નું પુસ્તક યોજવામાં એમનો પ્રસ્તુત આશય જ કારણભૂત હતો.

એમણે આપણા દેશનો ઉદ્ધાર કેળવણીમાં, ખસુસ કરીને સ્ત્રી કેળવણીમાં, જોયો હતો. તેથી સ્ત્રી કેળવણીની કોઈપણ હિલચાલને તેઓ મદદ કે ઉત્તેજન આપવાનું ચૂકતા નહિ. એ વિષે કાંટાવાળા જણાવે છે,

"ભાઇ લાલશંકર જેમ દયાળુ વૃત્તિના હોઇ અનાથ બાળકો ને વિધવા તથા સ્ત્રીઓને માટે ઘણું કરતા, તેમ તેમને સ્ત્રી કેળવણીને માટે એટલો શોખ હતો કે વડોદરાની મીલમાં જે ૫૦ શેર ભર્યા તેમાંથી ૩૫ શેરો અને ત્રણ આની કમિશનમાંથી એક આનો કમિશન સ્ત્રી કેળવણીના કામમાં દીવાળી ભાભીને નામે જે ઉત્પન્ન આવે તે વાપરવાની યોજના રાખી હતી."*

લાલશંકર મહિલા પાઠશાળા અને સૌ. દિવાળીબાઈ કન્યાશાળા, એ અમદાવાદની સ્ત્રી કેળવણીની મ્હોટી સંસ્થાઓ જોઇને કોઇપણ કબૂલ કરશે કે એ સંસ્થાઓ બહુ સ્તુત્ય અને સંગીન કાર્ય કરી રહેલી છે; અને તે જાણીને સ્વર્ગસ્થનો આત્મા જરૂર પ્રસન્ન થાય.

સોસાઇટીને એમણે અન્ય રીતે ફંડો મેળવી આપીને અને સભાસદો કરીને સમૃદ્ધ અને આબાદ કરી હતી; તેમ તેમના તરફથી ભારે રકમ કેળવણીના કાર્યો માટે અપાયલી છે. એમની જીંદગીનો વિમો રૂ. ૧૦,૦૦૦) નો એમણે સોસાઇટીના નામ પર ચઢાવી આપ્યો હતો; અને તેનું વ્યાજ

---

*સાહિત્ય, સપ્ટેમ્બર, સન ૧૯૨૮, પૃ. ૫૩૦

સૌ. દિવાળીબાઇ કન્યાશાળાના નિભાવમાં ખર્ચાય છે. આજે સોસાઇટીના ચોપડે એમનાં અને એમની પત્નીના નામનાં ૫ ટ્રસ્ટ ફંડો રૂ. ૧,૨૭,૫૨૦) નાં જમે છે, તે એમનું સોસાઇટી માટેનું મમત્વ તેમ કેળવણી; તેમાંય સ્ત્રી કેળવણી માટેનો પ્રેમ વ્યક્ત કરે છે.

એમણે જેમ ધન મેળવી જાણ્યું તેમ પરોપકાર અને કેળવણીના કાર્યમાં તે વાપરીને તેઓ આપણને એક પદાર્થપાઠ શિખવતા ગયા છે, તે એમના હૃદયની ઉદારતા બતાવે છે. તેઓ, ખરે, ગુજરાતના, ખાસ કરીને અમદાવાદના અને વિશેષે કરીને ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીના એક સમર્થ ભાગ્ય નિર્માતા હતા. ધન્ય હો એ મહાપુરૂષને!*

* એમના જીવન વિષે વધુ માહિતી માટે જુઓ બુદ્ધિપ્રકાશ ઓક્ટોબર, સન ૧૯૧૨ અને ઓક્ટોબર, સન ૧૯૧૭.

# પરિશિષ્ટ ૧૦

## બ્રહ્મચારીની વાડી

અમદાવાદ ડિસ્ટ્રીક્ટના મહેરબાન જોઇન્ટ જડ્જ સાહેબની કોર્ટના સન ૧૮૯૨ ના મુકરદમા નંબર ૨૩ ના હુકમનામાની રૂઇએ બ્રહ્મચારીની વાડીને નામે ઓળખાતી મિલકતનો વહીવટ ટ્રસ્ટીદ્વારા થાય છે. આ વાડીના પહેલા ટ્રસ્ટી તરીકે કોર્ટ તરફથી રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવને નીમવામાં આવ્યા હતા. તેમની બદલી ભૂજ થવાથી તેમણે રાજીનામું આપ્યું ત્યારે સદરહુ હુકમનામાની કલમ ૬ ની પેટા કલમ ૨ ને અનુસરીને સોસાઇટીએ રા. રા. રેવાશંકર અંબારામ ભટ્ટને નીમ્યા છે. આ વાડીનો વાર્ષિક હિસાબ સોસાઈટીના રિપોર્ટમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે; અને સન ૧૯૦૬ આખર સુધીનો હિસાબ ટ્રસ્ટીએ મહેરબાન જોઇન્ટ જડજ સાહેબની કોર્ટમાં રજુ કર્યો છે, અને તે કોર્ટે મંજુર કર્યો છે. સન ૧૯૦૭ નો ટ્રસ્ટી તરફથી આવેલો હિસાબ આ રિપોર્ટમાં આગળ આપવામાં આવ્યો છે. આ વાડીમાં એક સંસ્કૃત લાયબ્રેરી તા. ૧૮–૧૨–૧૯૦૭ ના રોજ ઓનરેબલ ડોકટર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકરના હાથે ખુલ્લી મુકવામાં આવી છે; અને તેમાં હિંદુ ધર્મ, તત્વજ્ઞાન તથા વિદ્યા વગેરેનાં લખેલાં તેમજ છાપેલાં પુસ્તકો નંગ ૧૫૩ કીંમત રૂ. ૫૭૧–૭–૦ નાં છે. આ લાઇબ્રેરી માટે રૂ. ૨૫) ની કિંમતનું એક કબાટ તથા હસ્તલિખિત પુસ્તકો નંગ ૪૩ તથા છાપેલાં નંગ ૬ મળી નંગ ૪૯ કીંમત રૂ. ૨૦૦–૦–૦ નાં મર્હુમ વૈદ્ય હરિલાલ અચરતલાલના ટ્રસ્ટીઓ તરફથી બક્ષીસ મળ્યાં છે. તેમજ પુનાના આનંદાશ્રમ તરફથી છાપેલાં સંસ્કૃત પુસ્તકો નંગ ૧૭ રૂ. ૬૬–૯–૦ ની કીંમતનાં તથા ઑનરેબલ મિ. ગોકળદાસ કહાનદાસ પારેખ તરફથી આનંદાશ્રમ તરફથી છપાયલાં પુસ્તકો નંગ ૪૩ રૂ. ૧૬૮–૭–૦ નાં બક્ષીસ આવ્યાં છે. આ સર્વે ગૃહસ્થોનો આ દેણગી માટે ઉપકાર માનવામાં આવે છે. હિંદુ ધર્મ, તત્વ જ્ઞાન, હુન્નર, વિદ્યા, અને બ્રહ્મચર્યના વિષયો ઉપર ભાષણો આપવા, વિદ્યાર્થીઓને ભણાવવા, તથા લાયબ્રેરીની દેખરેખ રાખવા સારૂ એક શાસ્ત્રી રાખવામાં આવ્યા છે. વાડીમાં એક બ્રહ્મચારી રહે છે, તે હિંદુ ધર્મ–તત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. સદરહુ વિષયો ઉપર ભાષણો આપવાની સોઇ થવા માટે આ વાડીની કેટલીક પડતર જમીન શ્રી દેશી નાટક

સભાજના માલીકને નાટકશાળા બાંધવા સારૂ પટાથી ભાડે આપવામાં આવી છે. તેમની સાથે એવી સમજુત છે કે સદરહુ વિષયો ઉપર ભાષણો આપવા સારૂ તેમણે તે નાટકગૃહ વાપરવા આપવું. આ સમજુતી પ્રમાણે પ્રસંગોપાત હિંદુ ધર્મ, તત્વ જ્ઞાન, અને વિદ્યા હુન્નર સંબંધી ભાષણો આપવાના કામમાં સદરહુ નાટકગૃહ વપરાય છે. આ વર્ષમાં આવાં ભાષણો તથા મેળાવડા માટે આ નાટકશાળા પાંચ વખત અપાઇ હતી.×

---

## કોર્ટનું હુકમનામું

# IN THE COURT OF THE JOINT JUDGE AT AHMEDABAD.

## Civil Suit No. 23 of 1892.

| Pleaders | Parties | |
|---|---|---|
| *Pleaders* Messrs, *Lakshmishanker D.* and *Pranshanker N.* | 1 Brhahmachari Ramanand Bhramanand.<br>2 Brahamachari Hari Harinand. | *Plffs.* |

AGAINST.

| Pleaders | Parties | |
|---|---|---|
| *Messrs Gopaldas B. Balwatnrai G. Mulchand A. Manishanker G.* | 1 Chamanlal Madhavlal.<br>2 Mahipatram Acharatlal. | *Defdts.* |

## CLAIM Rs. 260/-

1. The parties agree (1) that Mr. Keshavlal Harsadrai Dhruva B. A. Sanskrit Teacher in the Training College should be appointed trustee.

2. That if he refuses or after his acceptance, the post is vacated for any lawful reason, and also after his decease, the Gujarat Vernacular Society should appoint a Trustee.

3. In future also vacancies to be filled up by same Society.

---

× ગુ. વ. સોનો વાર્ષિક રીપોર્ટ સન ૧૯૦૬.

4. The trustee should render his account to the said society and the society should publish an abstract of it in its journal with its annual report or otherwise as it thinks fit.

5. The trustee shall appoint at least one Bramachari to perform the necessary services in the temple and to render hospitality to travelling Brahmacharis coming to the Dharamshala as far as the funds allotted by the trustee under the control of the society admit.

6. The trustee should take measures to increase the income of the institution by building better rooms or otherwise improving the property and by sending out Brahmacharis to collect subscriptions. Ramanand for this latter purpose should employ Brahmanand Plff, so long as he finds him useful and is satisfied with his conduct, and should allow him a room.

7. The trustee, should as soon as funds permit, build a Lecture-Hall ( with necessary conveniences ) which should be specially available for lectures on the Hindu religion, philosophy, science, arts and literature–and on Brahamcharya in particular. It should also be lent for discussions or discourses likely to have an educative effect or to conduce to the good of society. If the funds permit, a school may also be built.

8. The trustee should set apart at least five rooms for students of the Hindu religion and philosophy and should as soon as funds permit, provide for their food and instruction as well as for general

lectures to the public-preference to be given to Brahmacharis.

9. The gate leading to the quarter inhabited by prostitutes in the wadi near Piramashahs' Roza should be closed and arrangements should be made to open a gate on a side leading to more respectable quarters.

10. The said society to determine to what use the wadi near the Bridge, should be put.

11. The said Society is also empowered with the permission of this Court to make any alterations in the above scheme which experience may show to be necessary provided that a Brahmachari shall always be kept for the temple services.

12. The trustee shall on Jeshta Shud 8 and Phalguna wad 8, feed Brahmacharis or distribute prizes to successful students of Sanskrit or to do both these things and should spend at least 30 Rs., a year for these purposes. He may also in Shravan and Shivratri, sanction what he considers reasonable for special worship in the temple. This sum should not exceed 10 Rs., in the aggregate per annum.

13. The trustee or the Society shall hold the property for the purposes mentioned in this scheme and shall have no power to sell, mortgage or otherwise alienate the property.

14. Nothing in this scheme shall preclude the trustee or the Society from referring any point of difficulty to the Court under the general law of Trusts.

15. The Defts agree to hand over all the immoveable property mentioned in the plaint with its appendages and the moveable property belonging

to the estate to-gether with the sum of Rs. 201-0-0 with interest up to date according to their accounts and on their handing over the said property they shall stand discharged from any further liability as trustees.

16. The taxed costs of the parties to be paid out of the estate. The parties agree that a decree may be passed in accordance with the above clauses.

(સહી) મહીપતરાય અચરતલાલ સ. દા. પોતે.
Sd. **Laxmishanker Devshanker.**
Sd. **Mulchand A. Shah.** Sd. **Pranshanker Narotamdas**
(સહી) ચમનલાલ માધવરાય સહી. Dist. Pleader for G. Plffs.

## JUDGMENT.

After the case was argued the parties agreed to certain terms suggested partly by them and partly by the Court which have been separately recorded. Decree to be passed accordingly.

7-11-93. Sd/. **Dayaram Gidumal.**
Joint-Judge.

Mr. Keshavlal and the Society have been asked if they consent. They consent and the decree may now be framed. Their consent should be mentioned in it.

30-11-93. Sd/ **Dayaram Gidumal.**
Joint-Judge.

Ramanand Plff, is only alive and though duly served with a notice, is absent.

As the case of keeping the gate closed no longer exists, it may be opened as prayed for.

15-1-08. Sd/. **S. Padamji.**
Joint-Judge.

# પરિશિષ્ટ ૧૧

## સોસાઇટીના આસિ. સેક્રેટરીઓ

[ કવિ દલપતરામના નિવૃત્ત થયા પછી નવો આસિ. સેક્રેટરી નિમાતા કેટલોક સમય વીતી ગયો હતો. ત્યારબાદ એક આસિ. સેક્રેટરી રાજીનામું આપીને જાય અને નવો તેનું સ્થાન લે એ વચગાળામાં કામચલાઉ નિમણુંક અનેકવાર થઇ હતી. તેથી પ્રસ્તુત યાદીમાં જેમની આસિ. સેક્રેટરીના પદે કાયમ નિમણુક થઇ હતી એવાં નામોનો જ સમાવેશ કર્યો છે. ]

| નામ | સન |
|---|---|
| વ્રજલાલ કાળીદાસ શાસ્ત્રી ... ... | ૧૮૭૯ થી |
| કૃપાશંકર દોલતરામ ત્રવાડી ... ... | ૧૮૮૦ ,, |
| જગજીવનદાસ ભવાનીશંકર કાપડીઆ ... | ૧૮૮૯ ,, |
| નાગેશ્વર જ્યેષ્ઠારામ ... ... ... | ૧૮૯૩ ,, |
| બાલાશંકર ઉલ્લાસરામ કંથારીઆ... ... | ૧૮૯૪ ,, |
| રેવાશંકર અંબારામ ભટ્ટ ... ... | ૧૮૯૫ ,, |
| વિઠ્ઠલદાસ જેઠાભાઈ વ્યાસ ... ... | ૧૮૯૬ ,, |
| ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ ... ... | ૧૮૯૭ ,, |
| ત્રિભુવનદાસ જમનાદાસ શેઠ ... ... | ૧૯૦૨ ,, |
| ભગવાનલાલ રણછોડલાલ બાદશાહ ... ... | ૧૯૦૩ ,, |
| ઉમેદભાઇ લખાભાઈ પટેલ ... ... | ૧૯૦૪ ,, |
| જીવનલાલ અમરશી મહેતા ... ... | ૧૯૦૬ ,, |

# પ્રકરણ ૧૩

## સોસાઇટીનો હીરક મહોત્સવ

"ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી થકી ગુજરાતમાં,
ગુણ બહુ થયો સાહિત્ય વિદ્યાવૃદ્ધિની શુભ વાતમાં;
તે પેખજો ફાર્બસ તમે પરલોકમાં રહિ પ્રીતથી,
દેખજો દલપતરામ! અમસાથેકસુ રુડી રીતથી.
હીરક મહોત્સવ આ થયો જે રીતથી શત ગણો,
શત વર્ષનો થાજો મહામણિ રુપ સોસાઇટી તણો;
ઉભરો ચઢેલો અણુપતે હાક્યો અહીં નિજ હર્ષનો,
ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તણા ઉત્કર્ષનો."*

[તા. ૯ મી. માર્ચ ૧૯૦૯] અ. રા. ભટ્ટ.

સોસાઇટી સ્થપાયે પચાસ વર્ષ પૂરાં થઇ, તેના સુવર્ણ મહોત્સવનો પ્રસંગ સન ૧૮૯૮ ની આખરે આવતો હતો. પણ તે સમયે સોસાઇટીનું નવું મકાન બંધાતું હતું, અને તેના આગલે વર્ષેજ આ નવા મકાનનો પાયો મે. કમિશ્નર લેલી સાહેબના હસ્તે નંખાયો હતો ત્યારે ખાતમુહૂર્તની ક્રિયા બડી ધામધુમથી કરવામાં આવી હતી, તેથી સોસાઇટીના કાર્યકર્તાઓએ આ અવસરે કશો ઉત્સવ ઉજવ્યો નહિ; પરંતુ આ શુભ બનાવની નોંધ બુદ્ધિપ્રકાશના જાન્યુઆરી અંક (સન ૧૮૯૯)માં લેવાઈ હતી; તેમાં સોસાઇટીનો વૃત્તાંત રેખારૂપે વર્ણવવામાં આવ્યો હતો; તથા તેની ખુશાલીમાં સોસાઈટીએ તેનાં પ્રસિદ્ધ કરેલાં પુસ્તકો રૂ. ૧૫) ની કિંમતનાં જે સિલકમાં હોય તે-સોસાઇટીમાં સાર્વજનિક પુસ્તકાલયો રજીસ્ટર થયાં હોય તેને બક્ષીસ આપવાનો ઠરાવ કર્યો હતો.+ તદુપરાંત જનતાની માહિતી અને ઉપયોગ માટે સોસાઈટીના કામકાજનો ૫૦ વર્ષનો સમગ્ર વૃત્તાંત જ્યુબિલી નિમિત્ત એક ખાસ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કર્યો હતો, તે સોસાઇટીનો વિકાસ અને વૃદ્ધિ કેવી રીતે થતી ચાલી તે જાણવા સારૂ કિમતી સાધન સામગ્રી પૂરી પાડે છે.

એક દશકા બાદ સોસાઇટીના હીરક મહોત્સવનો માંગલિક પ્રસંગ આવી પહોંચ્યો. તેના ત્રણ ચાર વર્ષ આગમચ સોસાઇટીની મોટી રકમ

---

* બુદ્ધિ પ્રકાશ, સન ૧૯૦૯, એપ્રિલ પૃ. ૨.

+ ગુ. વ. સો. નો વાર્ષિક રીપોર્ટ, સન ૧૮૯૭, પૃ. ૨૨-૨૩.

જોખમમાં આવી પડી હતી, તેને લઇને સોસાઇટી કેટલું ચર્ચાનો વિષય થઈ પડી હતી. પણ તે નાણાં પૂરેપૂરાં પાછાં મળી જતાં, સોસાઇટીના મિત્ર-મંડળમાં એક પ્રકારનો સંતોષ પથરાઇ રહ્યો હતો; અને એ લાગણીને વ્યક્ત કરવા, તે અરસામાં સોસાઇટીનું સાઠમું વર્ષ બેસતું હતું તે તકનો લાભ લઈ, તે અવસરને સારી રીતે અને ઠાઠમાઠથી ઉજવવા તેના શુભેચ્છકો અને મિત્રો ઉત્સુક બન્યા હતા. આવા આનંદમય વાતાવરણમાં સોસાઇટીનો હીરક મહોત્સવ ઉજવવાની સર્વ તૈયારી થઇ હતી.

આ સમયે ગુજરાત સાહિત્ય સભાનું સુકાન મંત્રી તરીકે અમારા હસ્તક હતું. તાજા જ બી. એ. થયલા એટલે સાહિત્ય અને ઇતિહાસની કંઈ કંઈ યોજનાઓ અને કલ્પનાઓ મનમાં ઘુમરાતી હતી; અમને એમ લાગ્યું કે આપણા પ્રાંતની આ પ્રતિષ્ઠિત અને સમૃદ્ધ સાહિત્ય સંસ્થાએ છેલ્લાં સાઠ વર્ષ દરમિયાન જે કિમતી સેવા ગુજરાતી પ્રજા અને ગુજરાતી સાહિત્યના કરેલી છે, તેની, આ તેના હીરક મહોત્સવ પ્રસંગે, યત્કિંચિત્ કદર થવી ઘટે છે; એટલે એ લાગણીના ઉમળકામાં એક તરફથી સાહિત્ય સભા સોસાઇટીને તેના હીરક મહોત્સવ પ્રસંગે ગુણજ્ઞતાદર્શક એક અભિનંદન-પત્ર અર્પે એવી વ્યવસ્થા કરી, અને બીજી તરફથી નવશિક્ષિત યુવક વર્ગ સોસાઇટી પાસેથી કેવા પ્રકારની સાહિત્યપ્રવૃત્તિ અને સાહિત્યકાર્ય પ્રચ્છે છે તે દર્શાવતી ૧૩ સૂચનાઓ "વસન્ત"માં* એક લેખ લખી રજુ કરી હતી, તે પરિશિષ્ટ ૧૩ માં આપવામાં આવી છે.

પ્રસ્તુત અભિનંદનપત્રમાં સોસાઇટીનું કાર્યક્ષેત્ર વિસ્તારવા કેટલીક ઉપયોગી સૂચનાઓ કરવામાં આવી હતી; જેમાંની એક સોસાઇટી પ્રતિ વર્ષ કોઇ મુકરર ગ્રંથમાં સાહિત્યની પરીક્ષા લે એવી ભલામણ કરી હતી. પણ સભાના એક શુભેચ્છકની સૂચનાને માન આપી એ કલમ મૂળ ખરડામાંથી કાઢી નાખી હતી; જો કે એ પ્રવૃત્તિ ગુજરાત સાહિત્ય સભા દ્વારા પછીથી ઉપાડી લેવામાં આવી હતી.

સોસાઇટીના હીરક મહોત્સવમાં અમે આ પ્રમાણે પરોક્ષ રીતે સામેલ હતા; અને ઉપરોક્ત સૂચનાઓ વગેરે અહિં ફરી આપવાનું પ્રયોજન એ પણ ખરૂં, કે એ પ્રસંગ વીતી ગયા પછી કોઇ દૈવી સંકેતથી ખેંચાઇને અમને અનાયાસે સોસાઇટીના તંત્રમાં જોડાવાનું ભાગ્ય પ્રાપ્ત થયું હતું, તો એમાંની કેટલી સૂચનાઓ અમે અમલમાં આણી શક્યા એ બતાવવાનું અને સરખાવવાનું સુગમ થાય.

* વસન્ત, વર્ષ ૭, પૃ. ૪૦૩.

હવે મૂળ વિષય પર આવીએ.

સોસાઈટીના હીરક મહોત્સવનો અહેવાલ બુદ્ધિપ્રકાશમાં સવિસ્તર છપાયો છે; અને તેની પ્રતો સુલભ છે,÷ તેમજ એમાંનું દી. બા. અંબાલાલે પ્રમુખ તરીકે આપેલું "સોસાઇટીના પ્રમુખો" એ પ્રકરણના અંતે પરિશિષ્ટ રૂપે આપવામાં આવ્યું છે. તેથી એ ચારે દિવસનો આખોય કાર્યક્રમ ફરી નહિ છાપતાં, તેમાંથી ખપપુરતો ભાગજ અહીં આપીશું; પણ વધારા તરીકે આપણા એક અગ્રગણ્ય અને પ્રતિષ્ઠિત વિદ્વાન પ્રો. આનંદશંકરભાઇએ એ માંગલિક બનાવની નોંધ તે વખતે "વસન્ત"માં લીધી હતી તે ફરી આપવી વાસ્તવિક થઈ પડશે. અમારૂં માનવું છે કે સોસાઇટીના ઇતિહાસના વાચકને તે મદદગાર તેમ મનનીય માલુમ પડશે.

## ગુજરાત વર્નાકયુલર સોસાઇટીનો હીરક મહોત્સવ.*
### ( અહેવાલ )

આ સોસાઈટીની સ્થાપના થયાને સન ૧૯૦૮ આખરે સાઠ વર્ષ પૂરાં થયાં, તે અતિ આનંદદાયક પ્રસંગ નિમિત્તે હીરક મહોત્સવ ( ડાયમંડ જ્યુબિલિ ) ઉજવવાની અને તે નિમિત્તે સાહિત્યને લગતાં અમુક ખાસ કાર્યો કરવાની યોજના કરવામાં આવી હતી. આ મહોત્સવ નિમિત્તે કરવા નિર્ધારેલાં કાર્યો તથા મહોત્સવનો કાર્યક્રમ નીચે પ્રમાણે મુકરર કરવામાં આવ્યો હતો.

### મહોત્સવ નિમિત્તે કરવાનાં કાર્યો

૧. "**ગુજરાતી શબ્દકોષ**" કરાવવો.

૨. "**છેલ્લાં સાઠ વર્ષના ગુજરાતી સાહિત્યનું અવલોકન**" રૂ. ૪૦૦ ના પારિતોષિકથી લખાવવું.

૩. **હીરક મહોત્સવ સ્મારક ઈનામ** રૂ. ૧૦૦ નું સ્થાપવું, અને તે ઇનામથી દર વર્ષે, તે વર્ષના "**ગુજરાતી સાહિત્યનું અવલોકન**" લખાવવું.

૪. "**સોસાઈટીનો સાઠ વર્ષનો ઇતિહાસ**" લખાવવો.

૫. સોસાઈટીની સ્થાપના કરાવવા સારૂ કિંવા તેના અભ્યુદય સારૂ નિઃસ્વાર્થે સેવા કરનારા નીચેના ગૃહસ્થોની આખા કદની ઓઇલ પેઇન્ટીંગ છબીઓ તૈયાર કરાવી સોસાઈટીમાં મૂકવીઃ—

( ૧ ) સ્વ. અલેકઝાન્ડર કીન્લાક ફાર્બસ, ઇસ્કવાયર.

( ૨ ) સ્વ. ટી. બી. કર્ટિસ, ઇસ્કવાયર.

---

* બુદ્ધિપ્રકાશ, સન ૧૯૦૯, એપ્રિલ—પૃ. ૧ થી ૬૦. ( વધારો )

( ૩ ) સ્વ. દલપતરામ ડાહ્યાભાઇ કવીશ્વર, સી. આઈ. ઈ.
( ૪ ) સ્વ. રા. બ. ગોપાળરાવ હરિ દેશમુખ.
( ૫ ) સ્વ. રા. સા. મહીપતરામ રૂપરામ નીલકંઠ, સી. આઇ. ઇ.
( ૬ ) સ્વ. રા. સા. ભોગીલાલ પ્રાણવલ્લભદાસ.
( ૭ ) રા. રા. લાલશંકર ઉમીઆશંકર ત્રવાડી.

૬ સાક્ષર સમ્મેલન અને સાહિત્યને લગતાં ભાષણો કરાવવાં.

**કાર્યક્રમ**

**તા. ૯-૩-૦૯, મંગળવાર**—સાંજના સાડા પાંચ વાગે:—**દી. બ. અંબાલાલ સાકરલાલ દેશાઇનું પ્રમુખ તરીકેનું ભાષણ.**

**તા. ૧૦-૩-૦૯, બુધવાર**—સાંજના સાડા પાંચ વાગે:—**" ભાષા-શુદ્ધિ વિષે કેટલાક વિચાર "** વિષે રા. રા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનું ભાષણ.

**તા. ૧૧-૩-૦૯, ગુરૂવાર**—સાંજના સાડાપાંચ વાગે:—**" ગુજરાતી નાટકો અને નવલકથા "** વિષે રા. રા. રમણભાઈ મહીપતરામ નીલકંઠનું ભાષણ.

**તા. ૧૨-૩-૦૯, શુક્રવાર**—સાંજે સાડા ૭ વાગે:—**" સાક્ષર સમ્મેલન. "**

આ કાર્યક્રમ જાહેર થયો તે દરમિયાન સોસાઈટીના ઑનરરી સેક્રેટરી રા. બ. લાલશંકર ઉમીઆશંકરનાં પત્ની સૌ. દીવાળીબાઇ પરલોકવાસી થયાં. આ અણધાર્યો શોકજનક બનાવ બનવાથી વ્યવસ્થાપક કમિટીના કેટલાક સભાસદોએ આ ઉત્સવનો કાર્યક્રમ હાલ થોડા દિવસ મુલતવી રાખી, આવતા એપ્રિલ માસમાં ઇસ્ટરના તહેવારોમાં ઉજવવા લેખી સૂચના કરી હતી, અને તે ઉપરથી સોસાઇટીની વ્યવસ્થાપક મંડળીએ તે પ્રમાણે કરવા ઠરાવ કર્યો હતો. આ ઠરાવ થયાનું રા. બ. લાલશંકરભાઇના જાણવામાં આવતાં, તેમણે પ્રસિદ્ધ થએલો આ સાર્વજનિક કાર્યક્રમ પોતાનાં પત્નીના મૃત્યુને લીધે બંધ ન રાખવા વ્યવસ્થાપક મંડળીને આગ્રહપૂર્વક વિનંતિ કરી, આ મહોત્સવમાં પોતાનાં મર્હુમ પત્નીની ઇચ્છાનુસાર પોતે હાજર રહેવાનું જણાવ્યું. તેમની ઇચ્છાનો વ્યવસ્થાપક મંડળીએ સ્વીકાર કર્યો એટલે મુકરર થએલા કાર્યક્રમ પ્રમાણે મહોત્સવની શરૂઆત તા. ૯ મી માર્ચ ને મંગળ-વારના રોજે સાંજના સાડા પાંચ વાગે દી. બ. અંબાલાલ સાકરલાલ

દેશાઈના પ્રમુખપણા નીચે કરવામાં આવી હતી. આ પ્રસંગે સોસાઇટીના આખા મકાનને ધ્વજપતાકા તથા આસોપાલવનાં તોરણ વગેરેથી સુશોભિત કરવામાં આવ્યું હતું, તેમજ સભાસ્થાન—પ્રેમાભાઇ હૉલ—ને ફુલહાર તથા સુશોભિત વૃક્ષ વેલીઓથી શણગારી આંખને અને મનને શીતળતા આપે એવો દેખાવ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં ભાગ લેવા માટે સોસાઇટીના સર્વે લાઇફ મેંબરો ઉપરાંત ગુજરાત કાઠીઆવાડનાં વર્તમાનપત્રો તથા માસિકપત્રોના અધિપતિઓને તેમજ કેળવાએલા, સુશિક્ષિત અને પ્રતિષ્ઠિત સદ્‌ગૃહસ્થોને તથા સન્નારીઓને આમંત્રણ કરવામાં આવ્યાં હતાં. આ આમંત્રણને માન આપી અમદાવાદના હિન્દુ, મુસલમાન, પારસી, યુરોપીઅન વગેરે સર્વે કોમના ગૃહસ્થોએ પધારવા તસ્દી લીધી હતી, એથી ઉત્સવના ચારે દિવસ સભાસ્થાન ચીકાર ભરાઈ રહ્યું હતું. આ ઉત્સવમાં ભાગ લેવા સારૂ બહાર ગામથી નીચેના ગૃહસ્થો ખાસ પધાર્યા હતાઃ—

| | |
|---|---|
| રા. બ. રણછોડભાઇ ઉદયરામ, | મહુધા. |
| રા. રા. ધીરજલાલ નરભેરામ કવિ, | ભરૂચ. |
| રા. રા. જગજીવન દયાળજી મોદી, | વડોદરા. |
| રા. રા. નરસિંહભાઈ ઇશ્વરભાઇ પટેલ, | મહેસાણા |
| રા. રા. કાળીદાસ ચુનીલાલ કીનખાબવાળા, | વીસનગર |

નીચેના ગૃહસ્થો જાતે હાજર રહી ન શકવાથી તેમણે તાર તથા પત્રદ્વારા સોસાઇટીને મુબારકબાદી આપી મહોત્સવની ફતેહ ઇચ્છી હતીઃ—

| | | |
|---|---|---|
| ૧ | નેકનામદાર રાજાજી સાહેબ, | લુણાવાડા. |
| ૨ | રા. બ. હરગોવિંદદાસ દ્વારકાંદાસ કાંટાવાળા, | લુણાવાડા. |
| ૩ | એ. માસ્ટર, એસ્કવાયર આસિસ્ટંટ કલેક્ટર સાહેબ, | અમદાવાદ. |
| ૪ | રા. રા. નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆ, | રત્નાગિરી. |
| ૫ | પારસી લેખક મંડળના પ્રમુખ મિ. કે. આર. કામા, | મુંબઈ |
| ૬ | શેઠ કીકાભાઇ પ્રેમચંદ રાયચંદ, | ,, |
| ૭ | રા. રા. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી, | ,, |
| ૮ | રા. રા. મણિશંકર રત્નજી ભટ્ટ, | ભાવનગર. |
| ૯ | રા. રા. ન્હાનાલાલ દલપતરામ કવિ, | રાજકોટ. |
| ૧૦ | રા. રા. જન્મશંકર મહાશંકર બુચ, | ,, |
| ૧૧ | રા. રા. નર્મદાશંકર લધાભાઈ. | ,, |
| ૧૨ | રા. રા. ડાહ્યાભાઇ લલ્લુભાઇ પુરોહિત, | વડોદરા. |
| ૧૩ | દેશાઈ રામસિંહ કેશવભાઇ, | વીરમગામ. |

| | | |
|---|---|---|
| ૧૪ | રા. રા. ભોગિન્દ્રરાવ રતનલાલ દીવેટીઆ, | મુંબઇ. |
| ૧૫ | સૌ. સમરથ. | ,, |
| ૧૬ | મી. અને મીસીસ કહાનજી ધર્મસિંહ કવિ, | ,, |
| ૧૭ | રા. રા. અમૃતલાલ સુંદરજી પઢીઆર, | ,, |
| ૧૮ | રા. રા. ઉમીઆશંકર નથુભાઇ, | સરધાર. |
| ૧૯ | રા. રા. ત્રિભુવનદાસ જમનાદાસ શેઠ, | સુરત. |
| ૨૦ | રા. રા. હરિલાલ નરસિંહરામ વ્યાસ, | ચીખોદરા. |

શરૂઆતમાં સોસાઇટીના ઑનરરી સેક્રેટરી રા. બ. લાલશંકર ઉમીઆશંકરે સોસાઇટી વિષે ટૂંકી હકીકત જણાવતાં કહ્યું કે, આ અતિ શુભ પ્રસંગના કાર્યની શરૂઆત થાય તે પહેલાં હું બે બોલ આપની સમક્ષ બોલવાની રજા લઉં છું. મનુષ્ય સ્વભાવ એવો છે કે પોતાની પ્રિય વસ્તુને ઉંમરમાં આવેલી જોવાથી આનંદ થાય છે; તેમાં પણ એ પ્રિય વસ્તુ તરફથી સત્કાર્યો થયાં હોય તો વળી વિશેષ આનંદ થાય છે. આ આનંદ પ્રદર્શિત કરવા વર્ષગાંઠ ઉજવવાનો આપણામાં રિવાજ છે. જેમ મનુષ્યના સંબંધમાં આ પ્રમાણે થાય છે તેમજ અમુક હેતુથી સ્થપાએલી કોઇ સાર્વજનિક સંસ્થા પણ અમુક વર્ષ સતત ચાલુ રહે અને તેના હેતુઓ સફળ થતા જાય તો તેને માટે પણ તેના સંબંધીઓ અને શુભેચ્છકોને હર્ષ થયા વગર રહે નહિ. નામદાર બ્રિટિશ સરકારના રાજ્યમાં સાર્વજનિક સંસ્થાઓના આવા ઉત્સવ કરવાનો રિવાજ છે. પચાસ વર્ષ પૂરાં થતાં 'સોનેરી મહોત્સવ' (ગોલ્ડન જ્યુબિલિ) કરવામાં આવે છે, અને સાઠ વર્ષ પૂરાં થતાં 'હીરક મહોત્સવ' (ડાયમન્ડ જ્યુબિલિ) કરવામાં આવે છે. મર્હૂમ મહારાણી વિક્ટોરિયાના રાજ્ય અમલને સાઠ વર્ષ પૂરાં થતાં આવો મહોત્સવ કરવામાં આવ્યો હતો, એ આપ સૌના સ્મરણમાં હશે જ. આપણી સોસાઇટીને 'હીરક મહોત્સવ' ઉજવવાનો શુભ પ્રસંગ મળ્યો છે તે માટે આપણને ઘણી ખુશી થાય એ સ્વાભાવિક છે. આ શુભ પ્રસંગ આપવા માટે પરમ કૃપાળુ પરમેશ્વરનો આપણે આભાર માની પ્રાર્થના કરીશું કે આ સોસાઇટીનું જીવન ઘણું લાંબું થાય, તેની શક્તિ તથા સાધનોમાં દિન પર દિન વૃદ્ધિ થતી જાય અને દેશકલ્યાણનાં વધારે ઉત્તમ કાર્યો કરી દેશને વિશેષ લાભ કરવા તે ભાગ્યશાળી થાય.

એક સંસ્થાના લાંબા આયુષ્યથી જ આનંદ માનવાનો નથી; આનંદનો ખરો આધાર તો તે સંસ્થાએ પોતાના જીવનમાં કરેલાં કાર્યો ઉપર રહે છે. સાઠ વર્ષ જેટલી લાંબી જીંદગી ભોગવ્યા છતાં પોતાની

શક્તિ વધારી ન હોય અથવા હેતુ અનુસાર ઉપયોગી કામો કર્યાં ન હોય, તો તેના જીવનનાં સાઠ વર્ષ એળે ગયા બરાબર છે. આ સોસાઇટીએ પોતાના આજ સુધીના લાંબા જીવનમાં કેટલું બળ મેળવ્યું તથા શાં શાં કામો કર્યાં તેનું આ પ્રસંગે અવલોકન કરવાની જરૂર છે. મહાત્મા અલેકઝાંડર કીન્લાક ફૉર્બસ સાહેબે, દેશમાં વિદ્યા તથા જ્ઞાનની વૃદ્ધિ કરવાના સ્તુત્ય ઉદ્દેશથી આ સોસાઇટીની સ્થાપના સન ૧૮૪૮ ના ડીસેંબર માસની ૨૮ મી તારીખે કરી હતી. આ મહાત્મા પુરૂષનો હેતુ ધીમે ધીમે સફળ થતો ગયો છે, અને તેને ઉત્સાહી કામ કરનારાઓ વખતોવખત મળી આવ્યા છે, તેમના પ્રયાસનું આપણે આ ફળ ભોગવીએ છીએ. સોસાઇટીએ પોતાનો હેતુ કેવી રીતે પાર પાડયો છે અને સહાયકોએ કેવી કેવી રીતે સહાયતા આપી છે તે વિગતવાર અત્યારે કહેવાની જરૂર હું ધારતો નથી. બીજે કોઈ પ્રસંગે જણાવીશ; પણ સોસાઇટીની સન ૧૯૦૮ આખરની સ્થિતિનો કંઇક ખ્યાલ આપવા ટૂંકામાં હકીકત જણાવવી યોગ્ય ધારૂં છું.

સોસાઇટીના કુલ લાઇફ મેમ્બરો ૫૭૦ હયાત છે, અને ૧૦૧ સાર્વજનિક લાઇબ્રેરીઓ રજીસ્ટર થએલી છે.

સોસાઇટીની પોતાની કુલ મીલકત રૂ. ૧,૬૦,૪૬૩–૧–૨ છે. તેમાં રૂ. ૯૦,૬૦૦–૫–૧૧ રોકડ, રૂ. ૨૦,૮૯૮–૩–૦ સ્થાવર મીલકત અને રૂ. ૪૮,૯૬૪–૮–૩ જંગમ મીલકત છે.

સોસાઇટી હસ્તક જુદા જુદા ગૃહસ્થો તરફથી સોંપાએલાં ટ્રસ્ટ ફંડો ૭૯ રૂ. ૨,૨૪,૫૦૮–૧૨–૧૦ નાં છે, અને તેનો વહીવટ સોસાઇટી કરે છે. આ ફંડોની વિગત આ પ્રમાણે છે:—

| | | | |
|---|---|---|---|
| ૧૧ | પુસ્તકવૃદ્ધિ માટેનાં ફંડ. તેની એકંદર મુદ્દલ રકમ | રૂ. | ૪૪૯૦૦—૦—૦ |
| ૪ | પુસ્તકવૃદ્ધિ તથા વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવાનાં ફંડ | ,, | ,, ૧૭૭૮૨—૦—૦ |
| ૫૯ | વિદ્યાર્થીઓને ઉત્તેજન માટેનાં ફંડ | ,, | ,, ૧૪૩૪૦૨–૧૨–૧૦ |
| ૫ | લાઇબ્રેરીઓ માટેનાં ફંડ | ,, | ,, ૧૮૪૨૪—૦—૦ |
| ૭૯ | | કુલ. | ૨,૨૪,૫૦૮–૧૨–૧૦ |

ગુજરાતી ગ્રંથકારોને તથા લેખકોને જુદી જુદી રીતે મદદ આપવા ઉપરાંત સોસાઇટીએ પોતે વિવિધ વિષયોનાં ૨૫૨ પુસ્તકો નવાં લખાવી

છપાવ્યાં છે. આ પુસ્તકો વડે દેશની તથા ભાષાની કેટલી સેવા બજાવાઇ છે તેનો નિર્ણય કરવાનું કામ આપનું છે.

ભાષા એ વિચાર દર્શાવવાનું સાધન છે, અને તેથી વિચારોના વલણ પ્રમાણે તે સહેલી કે અઘરી બને છે. વિચારોની વૃદ્ધિ સાથે ભાષામાં નવા નવા શબ્દોની પણ વૃદ્ધિ થતી જાય છે. આ વધારામાં સોસાઇટીએ પોતાનાં પુસ્તકો દ્વારા તેમજ 'બુદ્ધિપ્રકાશ' દ્વારા ભાગ લીધો છે, અને તેની અસર આપણી ભાષા ઉપર ઘણે અંશે થઈ છે. સાઠ વર્ષ પહેલાંની અને હાલની ભાષામાં પડેલો તફાવત એ તેની સાબીતી છે.

કોષના સંબંધમાં તેમણે જણાવ્યું કે ગુજરાતી ભાષાના સારા શબ્દ-કોષની ખોટ જણાવવામાં આવે છે; પરંતુ તે કરાવવામાં કેટલીક બાબતો બહુ હરકતકર્તા છે. આપણી ભાષા હજી જોઇએ તેવી ખેડાએલી ન હોવાથી દિવસે દિવસે નવા નવા શબ્દોનો વધારો અને ઉમેરો ભાષામાં થતો જાય છે. વળી આપણી ભાષાની જે વિશેષ સ્થિતિ છે તે તરફ પણ લક્ષ આપવું જોઇએ. હિંદુઓ સંસ્કૃત શબ્દોનું ભરણું કરવા માગે છે અને પર્શીયન શીખેલાઓ તે ભાષાના શબ્દોનું ભરણું કરવા માગે છે; પરંતુ મારા વિચાર પ્રમાણે ભાષાનું બંધારણ જનસમૂહની ઉપયોગિતા વિચારીને રચવું જોઇએ, કે જેથી લોકો પોતાના વિચાર સહેલાઈથી એક બીજાને ભાષા દ્વારા જણાવી શકે.

સારા આધારભૂત શબ્દકોષની અગત્ય ઘણાં વર્ષ થયાં સોસાઈટીને લાગે છે, અને તે માટે સોસાઈટીનો પ્રયાસ ઘણી લાંબી મુદતથી ચાલુ છે; અને આ મહોત્સવ નિમિ ઘણાં વર્ષો થયાં આરંભેલું એ કામ જેમ બને તેમ જલદી પૂરૂં કરવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. આશા છે કે હવે તે થોડી મુદતમાં પાર પડશે.

કોષની પેઠેજ જોડણીનો સવાલ પણ ગુંચવાડા ભરેલો છે. વિદ્વાનોની જુદી જુદી લેખનપદ્ધતિને લીધે આ ગુંચવાડામાં વધારો થતો જાય છે. આ ગુંચવાડો વધારવાને બદલે ઓછો કરવાની જરૂર છે; અને તેમ કરવા સહેલી ને અનુકૂળ જોડણી માટે વ્યવસ્થા થવાની જરૂર છે. હવે હું આપનો વધારે વખત ન રોકતાં આપણા વિદ્વાન પ્રમુખ સાહેબને પ્રમુખ તરીકેનું ભાષણ કરવાની વિનંતિ કરૂં છું. પછી દી. બ. અંબાલાલભાઇએ ભાષણ કર્યું હતું.+

---

+ જુઓ પૃ. ૨૬૪ (પરિશિષ્ટ ૯).

## ( દિવસ ચોથો તા. ૧૨, માર્ચ ૧૯૦૯. )‡

## સાક્ષરસમ્મેલન અને 'ગુજરાત સાહિત્ય સભા'નું અભિનન્દનપત્ર.

મહોત્સવનો આજનો છેલ્લો દિવસ સાક્ષરસમ્મેલન માટે મુકરર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે હૉલમાં બેઠકનો ક્રમ હમેશ પ્રમાણે ન રાખતાં સૌ યથેચ્છ બેસી શકે એવી જુદી જુદી વર્તુલાકાર બેઠકના મધ્યમાં પુષ્પગુચ્છ તથા ઝાડનાં કુંડાઓ ગોઠવી દેખાવ રમણીય કરવામાં આવ્યો હતો. આથી પ્રેમાભાઈ હૉલ નાનાં નાનાં વૃક્ષ, વેલીઓ અને પુષ્પથી સુશોભિત ઉપવનના રૂપમાં ફેરવાઈ ગયો હતો. આ પ્રસંગ માટે પ્રસિદ્ધ કવિઓ તથા સાક્ષરોનાં ખાસ પસંદ કરેલાં કાવ્યો જુદા જુદા કંઠે ફોનોગ્રાફમાં ઉતરાવવામાં આવ્યાં હતાં.

પધારેલા ગૃહસ્થોએ કેટલોક વખત અરસપરસ ચર્ચા અને વાર્તાવિનોદમાં ગાળ્યા પછી ફોનોગ્રાફમાં ઉતરાવેલાં કાવ્યોમાંનાં કેટલાંક કાવ્યો ગવરાવવામાં આવ્યાં હતાં. મિ. ખબરદારનું "ગુણવંતી ગુજરાત" નું કાવ્ય સૌ. વિદ્યાગૌરી રમણભાઇએ તથા રા. રા. ગટુલાલ ગોપીલાલ ધ્રુએ મધુર કંઠે ગાઈ સંભળાવ્યું હતું અને રા. રા. રમણભાઈ મહીપતરામે ×"**ભોમીઆને દીધેલી ભૂલથાપ**"નો હાસ્યરસપૂર્ણ લેખ વાંચી સંભળાવ્યો હતો. પ્રસંગાનુકૂળ કાવ્યોથી તેમજ રા. રા. રમણભાઈના વાચનથી સર્વે ગૃહસ્થોને ઘણો આનંદ થયો હતો.

કેટલોક વખત આ પ્રમાણે આનંદમાં ગાળ્યા પછી અત્રેની 'ગુજરાત સાહિત્ય સભા' તરફનું નીચેનું અભિનન્દનપત્ર, તે સભાના પ્રમુખ રા. રા. રમણભાઇએ વાંચી સંભળાવ્યું હતું.

---

‡ [ બીજે દિવસે રા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ "**ભાષાશુદ્ધિ વિષે કેટલાક વિચાર**" એ વિષય પર અને ત્રીજે દિવસે રા. રમણભાઇ **મહીપતરામ** નીલકંઠે "**ગુજરાતી નાટકો અને નવલકથા**" એ વિષે વ્યાખ્યાનો આપ્યા હતાં, તે પ્રસ્તુત વિભાગ ધાર્યો કરતાં બહુ મોટો થઈ જવાથી અહિં છાપ્યાં **નથી.** તે માટે જુઓ બુદ્ધિપ્રકાશ, એપ્રિલ, સન ૧૯૦૯. ]

× આ લેખ "જ્ઞાનસુધા" **માં** સન ૧૮૯૬ના અંક ૮ થી ૧૨ **માં** છપાયો છે.

## ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના માનવંત પ્રમુખ, ઓનરરી સેક્રેટરી તથા સભાસદો,

આપની સોસાઇટીની કારકીર્દીમાં ડાયમણ્ડ જ્યુબિલીનો શુભ અવસર પ્રાપ્ત થવાથી તે માંગલિક પ્રસંગ જાહેર રીતે ઉજવવાનો સમારંભ સોસાઈટીએ આદર્યો છે, તેમાં ગુજરાત સાહિત્ય સભા આનંદથી સામીલ થાય છે અને છેલ્લાં સાઠ વર્ષમાં સોસાઇટીએ દેશની ઉન્નતિ અને સાહિત્યના ઉત્કર્ષ અર્થે આદરેલા પ્રયાસોની માન અને આભારની લાગણીથી નોંધ લઇ, આપના કાર્યમાં મળેલી ફતેહ વાસ્તે અભિનન્દન આપે છે.

ગુજરાતી ભાષા અર્ધી સદી ઉપર માત્ર વ્યવહારૂ ભાષા હતી. તેમાં વાંચવા લાયક મુદ્રિત પુસ્તકોનું ભંડોળ કંઇજ ન હતું. લોકો અજ્ઞાન અને વહેમી હતા તેવે વખતે સાહિત્યની વૃદ્ધિની અને વિચારની કેળવણીની મહાન સંસ્થા ઉત્પન્ન કરી આખા ગુજરાતમાં એક સાપ્તાહિક પત્ર અને લાયબ્રેરી સ્થાપી અને વિચાર કેળવવા અનેક રીતિઓ ગ્રહણ કરી, સોસાઇટીએ જે જનસેવા કરી છે તેની આજ તુલના કરવી અશક્ય છે.

આપની પ્રવૃત્તિમાં સાહિત્ય અને શિક્ષણદ્વારા સમાજની ઉન્નતિ કરવાનો ઉચ્ચ ભાવ પણ સમાયેલો છે. એ ઉન્નતિને અનુલક્ષી સ્ત્રીકેળવણી તથા સ્ત્રીજાતિની ઉન્નતિના મહત્વના વિષયને સોસાઇટીએ પોતાના કાર્યક્રમમાં પ્રથમથી સ્થાન આપ્યું છે તે સોસાઇટીના મૂળ સ્થાપકોની દીર્ઘ દૃષ્ટિનું દર્શન આપે છે.

ભાષા ખિલવવામાં અને સાહિત્યસમૃદ્ધિ કરવામાં સોસાઇટીએ બજાવેલી સેવા મહાન અને પ્રશંસનીય છે. ગ્રંથવૃદ્ધિ, સ્ત્રીકેળવણી અને સામાજીક ઉન્નતિ માટેનાં અને સામાન્ય વિદ્યોત્તેજનનાં અનેક ટ્રસ્ટ-ફંડો જે સોસાઈટીને સોંપાયાં છે તે સોસાઈટીની પ્રતિષ્ઠા, તેના ઉપર લોકની પ્રીતિ અને તેના વિશે પ્રજાનો વિશ્વાસ પુરવાર કરે છે. સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થયેલાં અનેક પુસ્તકોથી ગુજરાતી ભાષાના ભંડારમાં ભારે વધારો થયો છે.

ટૂંકાણમાં ગુજરાતી ભાષાના સાહિત્યના અને ગુજરાતી પ્રજાના જ્ઞાનના વિકાસ અર્થે સતત પ્રયત્ન કરી તથા બહુ પ્રકારની અનુકૂળતા ઉપજાવી સમસ્ત ગુજરાત દેશને સોસાઈટીએ આભારી કર્યો છે અને પ્રજાની ઉન્નતિનું કાર્ય સરલ અને સતેજ કર્યું છે.

આ માંગલિક પ્રસંગની યાદગીરી કાયમ રહેવા સોસાઇટીએ જે ઉત્તમ યોજનાઓ ઘડી છે તેની પુષ્ટિમાં ગુજરાત સાહિત્ય સભા સોસાઇટીના ઉચ્ચ ઉદ્દેશો પ્રત્યેની પ્રીતિથી નીચેની સૂચના રજુ કરે છે તે વિશે અવકાશ અને અનુકૂળતાએ યોગ્ય વિચાર થવા વિનંતિ છે.

(૧) બ્રિટિશ મ્યુઝીયમ સરખી ગોઠવણ સોસાઇટીના મકાનના એકાદ વિભાગમાં, લેખક અને વાચકોની સગવડ સારૂ એલાયદી કરવી.

(૨) ગુજરાતના પ્રાચીન સાહિત્યક્ષેત્રોની માપણી (Biblographical Survey) કરાવી હાલમાં જે હસ્તલિખિત ગ્રંથો જુદે જુદે સ્થળે માલુમ પડે તેની પુરતી માહિતી મેળવી તેનું સવિસ્તર (descriptive) પત્રક (catalogue) તૈયાર કરવું, તથા વેચાતા મળી શકે તેટલા કીમતી હસ્તલેખ ખરીદી સંગ્રહવા.

છેવટે સોસાઇટી ઉત્તરોત્તર વધારે ને વધારે ઉત્કર્ષ પામતી જાય, યશ મેળવતી જાય અને સાહિત્ય વૃદ્ધિનાં, દેશોન્નતિનાં તથા લોકોપયોગિતાનાં કાર્યોમાં સિદ્ધિ મેળવતી થાય એ પ્રભુ પાસે પ્રાર્થના છે.

અમદાવાદ. } **રમણભાઈ મહીપતરામ નીલકંઠ,**
તા. ૧૨ મી માર્ચ ૧૯૦૯ } **પ્રમુખ, ગુજરાત સાહિત્ય સભા.**

---

આ અભિનન્દનપત્રનો સ્વીકાર કરતાં, પ્રમુખ દીવાન બહાદુર અંબાલાલભાઇએ ગુજરાત સાહિત્ય સભાનો આભાર માની જણાવ્યું કે, આ સાહિત્ય સભા સોસાઇટીની નાની બહેન છે. સોસાઇટીનો હેતુ આખા ગુજરાતમાં વિદ્યા અને જ્ઞાનની વૃદ્ધિ કરવાનો અને તે રીતે ઉન્નતિ કરવામાં સહાયભૂત થવાનો હોવાથી, યોગ્ય રીતે અને યોગ્ય સમયે મિત્ર-ભાવે જે સૂચનાઓ કરવામાં આવશે તે વિષે સોસાઇટી જરૂર વિચાર કરશે. છેવટે સોસાઇટીના આમંત્રણને માન આપી આ મહોત્સવમાં પધારવા માટે સર્વનો આભાર માની તેમણે જણાવ્યું કે, સોસાઇટીની આ સાઠી પ્રમાણે સો વર્ષનો મહોત્સવ ઉજવવાનો માંગલિક પ્રસંગ આવે ત્યારે તે આના કરતાં વધારે ઉત્સાહ અને ઉમંગથી ઉજવાય એવી હું આશા રાખું છું.



અભિનંદન પત્રનો મૂળ ખરડો.

રા. રા. ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરીએ પ્રમુખ દી. બ. અંબાલાલભાઇનો આભાર માનવાની દરખાસ્ત મુકતાં તેઓના ગુણોની તથા જનસેવાની પ્રશંસા કરી જણાવ્યું કે, આપણા વિદ્વાન પ્રમુખ દી. બ. અંબાલાલભાઈનું ખાસ ઓળખાણ આપને આપવાની કંઇજ જરૂર લાગતી નથી. તેમણે પોતાની ઉદ્યોગી જીંદગીમાં સંપાદન કરેલા જ્ઞાનનો લાભ નિવૃત્તિના વખતમાં તેઓ દેશને આપે છે. તેમનું જીવન અનુકરણીય છે. સોસાઇટીના પ્રમુખ તરીકે તેઓ જે કામ કરે છે તે માટે આ પ્રસંગે તેમનો આભાર માનવાની હું દરખાસ્ત મુકું છું, અને આશા છે કે આપ સૌ એકમતે તેને અનુમોદન આપશો. આ દરખાસ્તને રા. રા. કેશવલાલ હર્ષદરાય ધ્રુવે અનુમોદન આપ્યા પછી તે તાળીઓના અવાજો સાથે પસાર થઇ હતી.

ઑનરરી સેક્રેટરી રા. બ. લાલશંકરભાઇએ આ મહોત્સવમાં ભાગ લેવા માટે બહાર ગામથી ખાસ પધારેલા ગૃહસ્થોનો તથા તાર તથા પત્રદ્વારા સહાનુભૂતિ દર્શાવનારાઓનો તેમજ શહેરના ગૃહસ્થોનો સોસાઈટી તરફથી અંતઃકરણપૂર્વક આભાર માની, ફળાહાર માટે નીચેના ઓરડામાં પધારવા સર્વે ગૃહસ્થોને વિનંતિ કરી હતી. પછી સોસાઇટી તરફના ફળાહારને ન્યાય આપવા સર્વે નીચે પધાર્યા હતા. ઇચ્છાનુસાર ફળાહાર લીધા પછી આ 'સાક્ષરસમ્મેલન'નો તેમજ હીરક મહોત્સવનો અપૂર્વ સમારંભ પરિપૂર્ણ થયો હતો. આ અહેવાલ પૂરો કરતાં, છેવટ આપણા પ્રાચીન મહાકવિ પ્રેમાનન્દના શબ્દોમાં અમે પ્રાર્થના કરીએ છીએ કે,

सांगोपांग सुरंग व्यंग अतिशे धारो गिरा गुर्जरी,
पादेपाद रसाळ भूषणवती थाओ सखी उपरीः
जे गिर्वाण-गिरा गणाय गणतां ते स्थान ए ल्यो वरी ?
थाये श्रेष्ठ सहु सखीजन विषे ए आश पूरो हरि !

तथास्तु.

# પરિશિષ્ટ ૧૨

## ×દિગ્-દર્શન

**ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિનો મણિ મહોત્સવ.**

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિને આ વર્ષે સાઠ વર્ષ પૂરાં થયાં તેની ખુશાલીમાં ગઈ તા. ૯ મી માર્ચથી આરંભીને ચાર દિવસ એની 'ડાયમન્ડ જ્યુબિલિ' અર્થાત્ મણિ મહોત્સવ* ઉજવવામાં આવ્યો હતો.

સોસાઇટિના ઑનરરિ સેક્રેટરિ રા. રા. લાલશંકર ઉમિયાશંકર જેમની સોસાઇટિ પ્રત્યેની મમતા અને તે પ્રત્યે કરેલી દીર્ઘ સેવા સુપ્રસિદ્ધ છે તેઓએ એક ટુંકા પણ સમયોચિત ભાષણમાં સોસાઇટિની વર્તમાન સ્થિતિ નીચે મુજબ જણાવી:—

"સોસાઇટિના લાઈફ મેમ્બર ૫૭૦ થયા છે. ૧૦૧ લાયબ્રેરીઓ રજીસ્ટર થઈ છે. સોસાઇટીનું રોકડ ફંડ લગભગ રૂ. ૯૦૬૦૦ છે. સ્થાવર મિલ્કત રૂ. ૨૦૮૯૮ ની છે. જંગમ મિલ્કત રા. ૪૯૦૦૦ ની છે. કુલ સોસાઇટીનું ભંડોળ ગઈ તા. ૧ લી જાન્યુઆરીએ ૧૬૦૦૦૦ રા. ના સુમારે છે. આ સિવાય જુદા જુદા હેતુઓ પાર પાડવાને સારૂ સોસાઇટિને ટ્રસ્ટ ફંડો મળેલાં છે તે રા. ૨૨૪૫૦૮ નાં છે. તેમાંથી તેના હેતુઓ પ્રમાણે કામ થાય છે. સોસાઇટીએ સાઠ વર્ષમાં આ પ્રમાણે શક્તિ મેળવી છે. શક્તિનો ઉપયોગ પુસ્તકો પ્રસિદ્ધ કરી જન સમાજની નીતિ વધારવા, જ્ઞાન ભંડાળ વધારવા, ભાષાની અભિવૃદ્ધિ કરવા તથા સાહિત્ય વધારવામાં કરવામાં આવ્યો છે. આજ સુધીમાં સોસાઇટિએ ૨૫૧ પુસ્તકો પ્રગટ કર્યાં છે."

આટલું કહી રા. રા. લાલશંકરભાઈએ બે વિચાર-બહુ મહત્વના-શ્રોતાઓ આગળ મૂક્યા: ભાષા એ વિચાર દર્શાવવાનું સાધન છે અને તેથી જે પ્રમાણમાં વિચારમાં વધારો થતો જાય તેજ પ્રમાણમાં ભાષા પણ વધારે સમૃદ્ધ બને એ સ્વાભાવિક છે. અને તે કારણથી આજ પર્યન્ત

---

×વસંત, વર્ષ ૮, અંક ૩, પાન ૧૩૪.

*સોસાઇટિનું અધિકારી મંડળ એને 'હીરક મહોત્સવ' કહે છે; પણ એ 'તરજુમિયો' શબ્દ અમને ઓછો શ્રુતિપ્રિય લાગવાથી અમે એને મણિ મહોત્સવ કહ્યો છે.

સોસાઇટિએ કોષ રચવાનું કામ કેમ ન કર્યું તેનો ખુલાસો થશે. બીજું ગુજરાતી ભાષાની સ્થિતિ અન્ય પ્રાન્તની ભાષાઓ કરતાં જુદી તરેહની છે અને તેથી એના વિકાસમાં કેટલીક અડચણો નડે છે. દાખલા તરીકે, હિન્દુ પારસી ખોજા વગેરે વિવિધ કોમનાં માણસો એનો ઉપયોગ કરતા હોઇ એના ઘણાક પ્રશ્નોનું સર્વમાન્ય સમાધાન કરવું કઠણ પડે છે. "હિન્દુઓ સંસ્કૃત શબ્દોનું ભરણું કરવા માગે છે, પર્શિયન શીખેલા પર્શિયન શબ્દોનું ભરણું કરવા માગે છે-વગેરે. છેવટે, પોતાનો મત જણાવી કહ્યું કે-" રાજ્ય, વિચાર, રીતભાત એ બધા ઉપર આધાર રાખીને ભાષા બંધાય છે. મારા વિચાર પ્રમાણે ભાષાનું બંધારણ જન સમૂહના ખપમાં આવે તેવું થવું જોઇએ. જોડણી માટે પણ તેમ થવું જોઇએ."

સોસાઇટિ સામે જે ત્રણ ચાર મ્હોટા આક્ષેપ કરવામાં આવે છે કે તેણે આજ પર્યન્ત એક પણ કોષ બહાર પાડયો નથી, જોડણી સંબંધી સર્વમાન્ય નિયમો ઘડયા નથી, 'તળપદી' શૈલીને જ ઉત્તેજન આપ્યાં કરીને ભાષાને સંસ્કારવતી બનાવી નથી, એનો રા. રા. લાલશંકરભાઇએ ઉપરના શબ્દોમાં બેશક એક વિચારવા લાયક ઉત્તર વાળ્યો છે. વળી, તેઓ સોસાઇટિની નાણાં સંબન્ધી સ્થિતિ વિષે માત્ર આંકડા આપીને જ આત્મ સ્તુતિથી દૂર રહ્યા છે; પરંતુ ભવિષ્યમાં સોસાઇટિ સાહિત્ય સેવાના નવા માર્ગો ઉઘાડશે તો તેમાં પણ રા. રા. લાલશંકરે સંપાદન કરેલી ઉત્તમ આર્થિક સ્થિતિ સાધનભૂત થશે એ વાત ભૂલવા જેવી નથી.

પ્રમુખ તરીકે દિ. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇએ ભાષણ આપ્યું. એ દેશહિતૈષી વિદ્વાનનાં ભાષણો હરકોઇ શ્રોતા જિજ્ઞાસા અને માનપૂર્વક સાંભળે છે, અને સાંભળી વિચારવંત થઇ ઘેર જાય છે. ભાષાના અલંકારની એ વિદ્વાને કદી દરકાર રાખી નથી; પણ સર્વ અલંકારનો અલંકાર-દૃઢ આત્મ નિશ્ચય-તે એમની વાણીને સમર્થ બનાવે છે, અને પ્રત્યેક વાકય પાછળ દીર્ઘ અનુભવ અને ગંભીર મનન રહેલાં છે, એમ પગલે પગલે પ્રતીતિ થાય છે. સોસાઇટિની શરૂઆત શી રીતે થઇ ઇત્યાદિ જણાવીને, એના કામની તુલના કરવાની બાબતમાં એમણે એક ઉત્તમ-ઐતિહાસિક દૃષ્ટિબિન્દુ રજુ કર્યું. તેમણે જણાવ્યું કે—

"જૂદા જૂદા કાળ પ્રમાણે સોસાઇટિનો ઉપયોગ થતો ચાલ્યો છે. પ્રથમ કાળ અજ્ઞાન અને વહેમોને દૂર કરી જ્ઞાનનો ફેલાવો કરવાનો હતો અને તેથી તે વખતે ભૂત જાદુ વગેરેને લગતાં પુસ્તકો પ્રકટ થયાં અને

વધારાને માટે બુદ્ધિપ્રકાશ શરૂ કર્યું. પ્રથમ વીશ વર્ષ આ પ્રમાણે ક્રમે ચાલ્યો...

તે પછી યુનિવર્સિટિની કેળવણીનો ફેલાવો થતાં અંગ્રેજીનાં ભાષાંતરો માટે પ્રયત્ન થવા લાગ્યો અને હાલ હજુ તે દિશા ચાલે છે. મરાઠી, બંગાળી અને સંસ્કૃતમાંથી પણ ભાષાંતરો થયાં છે. હુન્નરકળા માટે પણ પુસ્તકો થવા લાગ્યાં છે. આ પ્રમાણે વખત પ્રમાણે કામ થતું ચાલ્યું છે."

ઇત્યાદિ કહીને સોસાઇટિએ કરેલા કામ માટે સન્તોષ જાહેર કર્યો. એમના જ ગંભીર શબ્દો અત્રે ઉતારીએ તો—

" આ લાંબા વખતમાં કરવાનાં કામો રહી ગયાં હશે અથવા વહેલાં કરવાનાં કામો મોડાં પણ થયાં હશે; પણ મંડળીના કામની તુલના તેની પરિસ્થિતિ ઉપરથી કરવી જોઇએ. પોતે એ સ્થિતિમાં આવીને તેનો તોલ કરવો જોઇએ. તે પ્રમાણે મિત્ર દૃષ્ટિથી તુલના કરતાં અપૂર્ણતાઓ રહેવા છતાં પણ કહેવું જોઇએ કે સોસાઇટિનું કામ અસંતોષકારક નથી."

શાન્તિથી વિચાર કરી જોતાં દિ. બહાદુરના ઉપલા અભિપ્રાય સાથે મળ્યા વિના ચાલે તેમ નથી. ઘણી વાર એમ પૂછવામાં આવે છે કે ગુજરાતના ગદ્ય અને પદ્યનો ઉત્તમ ભાગ સોસાઇટિની બહાર જ રચાયો છે એ શું? અમને આ આક્ષેપમાં જે આશ્ચર્ય સમાએલું છે તે બિલકુલ અસર કરતું નથી; અમારી સમજણ તો એવી છે કે જગતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ અસાધારણ જનો માટે હોતી જ નથી; જેમ ધર્મના વિષયમાં સન્તો તે વર્ણાશ્રમ વ્યવસ્થાની બહાર જ વિલસે છે, તેમ નિબંધ કે ઇનામી કવિતા લખીને કાર્લાઇલ કે મોર્લિ, નર્મદ કે મણિલાલ જેવા ગદ્ય લેખક થવાતું નથી. અને જે ગદ્યને લાગુ પડે છે તેજ સવિશેષ રીતે પદ્યને પણ લાગુ પડે છે. ગુ. વ. સોસાઇટિ જેવી સંસ્થાનું કર્તવ્ય તે વિવિધ માર્ગે સ્વયં ઉપજેલી અને પરિણામે વિજયવંતી નીવડેલી પ્રવૃત્તિઓને સુપ્રતિષ્ઠિત કરવાનું છે—દ્રવ્યની મદદથી એનું કામ વિદ્વાનો ઉત્પન્ન કરવાનું નથી, પણ સિદ્ધ વિદ્વાનોને ફુરસદ સાધી આપીને નવી શોધખોળ કરવામાં તેઓનો ઉપયોગ કરવાનું છે; અને આપણા દેશની ખાસ સ્થિતિ વિચારતાં એની એક વિશેષ ફરજ એ છે કે સસ્તાં, સરળ, અને મનોહર પુસ્તકો પ્રસિદ્ધ કરીને સર્વત્ર સાહિત્ય અને કેળવણીનો પ્રચાર કરવો અને એ રીતે આપણાં પશુતુલ્ય બન્ધુજનોને મનુષ્ય બનાવવાં.

આગળ ચાલતાં, દેશી ભાષાની હાલની સ્થિતિ શાથી કંગાલ છે એ વિષે દિ. બ. અંબાલાલભાઇએ ઉંડા મર્મગ્રાહી વિચારો દર્શાવ્યા, અને આને અંગે—

## ' મૂળ ગ્રંથો કેમ થતા નથી ? '

એ વિષે એમણે જે કારણ નિરૂપણ કર્યું તે ભાગ તો એમની ભાષા અને વિચારના નમૂના તરીકે ગુજરાતી ભાષાના સાહિત્યમાં ચિરકાળ ટકશે.

જ્ઞાનની બાબતમાં આપણી સ્થિતિ આપણા વેપારની સ્થિતિના જેવીજ માત્ર ' દુકાનદારી ' ની છે એમ ખેદ દર્શાવીને દિવાન બહાદુર કહે છે કેઃ—

" ભાષા ને સાહિત્ય તે લોક સમસ્તની વાણી છે; વિચારો, તરંગો અને લાગણીઓ પ્રમાણે શબ્દને રૂપ મળે છે. જેવી લાગણી તેવી છાપ આવે છે, તથા મનની દૃષ્ટિ પ્રમાણે વિષય વિસ્તૃત થાય છે. રૂપિયાના રણકારની પેઠે ખરી લાગણીના વિચાર ખરા આવે છે. સત્યની ભૂમિમાં સાહિત્ય પૂર્ણ પાકે છે. સ્વતંત્રતાનો તેને વાયુ મળવો જોઇએ, અઘટિત અંકુશની છાયાથી તેને દૂર રાખવું જોઇએ. દેશની ઉન્નતિની જોડે સાહિત્યની ઉન્નતિનો સંબંધ છે. રાજકીય, સાંસારિક, ઔદ્યોગિક તથા શિક્ષણ વગેરેની સ્થિતિ સુધરે તેની જોડે સાહિત્યમાં પણ સુધારો થાય. "

મૂળ ગ્રન્થોના અભાવ માટે દિ. બ. અંબાલાલભાઇએ બતાવેલા ખેદમાં અમે પણ ભાગ લઇએ છીએ; પણ અમને લાગે છે કે દેશની આર્થિક ઉન્નતિના ક્રમમાં ' દુકાનદારી ' એ એક આવશ્યક પગથીઉં છે અને તેજ રીતે સાહિત્યની ઉન્નતિ માટે પણ ભાષાન્તરોની જરૂર છે.

અમને તો હજુ આ દિશામાં એટલું બધું કર્તવ્ય નજરે પડે છે કે એ કર્યા વિના મૂળ ગ્રન્થોની વાત કરવી તે ભવિષ્યના કાલ્પનિક તેજથી રહી વર્તમાનનું સાચું પગલું ચૂકવા જેવું છે. હજી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિએ જગતના મહાન કવિઓ, નવલકથાકારો, તત્વજ્ઞો, વિજ્ઞાનશાસ્ત્રીઓ પ્રવાસીઓ વગેરેના ગ્રન્થોનું ગુજરાતી વાંચકને શું ભાન કરાવ્યું છે? એણે આજ સુધી પદ્ધતિસર એકપણ ભાષાન્તરમાળા ક્યાં રચી છે? ભાષાન્તરોનું કામ સાહિત્યની ઉન્નતિ અર્થે તમને નજીવું લાગતું હોય તો લેટિન ગ્રીક ઇટાલિયન વગેરે ભાષાના અભ્યાસે ઇંગ્લાંડના સાહિત્યને કેટલો ઉપકાર કર્યો છે, ગ્રીક અને શેક્સપિયરના તરજુમાથી ફ્રાન્સ અને જર્મની કેવાં નવાં થયાં છે, ઇત્યાદિ વિચારો પ્લેટ બ્રધર્સના પરદેશી સાંચાનો

ઉપયોગ કરીને કાપડ વણતાં આપણે શરમાતા નથી, બલ્કે કાપડ વણવાની પાશ્ચાત્ય પદ્ધતિનું અનુકરણ કરવામાં 'સ્વદેશી' નો વિજય માનીએ છીએ, તો સાહિત્યના વિષયમાં એજ પ્રમાણે હજી કેટલોક વખત અનુકરણ કરવું પડે તો એમાં શું ખોટું છે?

છેવટે પ્રમુખશ્રીએ સમસ્ત હિન્દુસ્થાનની એક ભાષા કદી પણ થઈ શકે એ આશા સ્વપ્ન તુલ્ય જણાવીને ગુજરાતી ભાષાના ઉત્કર્ષ માટે ભવિષ્યમાં શું શું કર્તવ્ય છે તે વિષે કેટલીક સૂચનાએ કરી.

(૧) ઊંચી કેળવણી અને સર્વ જાતનું જ્ઞાન દેશી ભાષામાં મળે તેમ થવું જોઇએ.

(૨) જનસમાજમાંના સર્વને સામાન્ય જ્ઞાન મળવું જોઇએ, સંસ્કાર વગરનું એકપણ મનુષ્ય ન રહેવું જોઇએ.

(૩) સ્ત્રી કેળવણી સ્ત્રીઓની સ્થિતિને અનુસાર આપવાની જરૂર છે. હાલની કેળવણી છાછરી મળે છે. અંગ્રેજીની જરૂર નથી. અવકાશ હોય તો ભલે તેનો ઉપયોગ કરે.

(૪) સાહિત્યનો અર્થ નાટક કે કવિતાજ નથી. માણસના સર્વ જાતના લિખિત વિચારોનો તેમાં સમાવેશ થાય છે. સાહિત્યના પ્રવાહને દેશ કલ્યાણના રસ્તે વાળવાની હવે જરૂર છે.

(૫) ગુજરાતી ભાષાના સર્વ પુસ્તકોનો સંગ્રહ આ સોસાઇટિમાં થવો જોઇએ.

(૬) ગુજરાતી જૂનું સાહિત્ય ઉધઈ ખાય છે તે હસ્તગત કરવામાં ઢીલ થાય તેટલી ગુજરાતી સાહિત્યને હાનિ છે. ગુજરાતી જૂના શિક્કા, તામ્રપત્રો વગેરેનો પણ સંગ્રહ થવો જોઇએ.

ઉપલી સૂચનાઓ પૈકી છેલ્લી બે તો સર્વમાન્ય છે અને તે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિ માથે લઈ શકે એમ છે એટલુંજ નહિ પણ એ સંસ્થાનુંજ એ પરમ કર્તવ્ય છે, અને ભવિષ્યમાં એ તરફ વિશેષ લક્ષ અપાશે એમ સંપૂર્ણ આશા રહે છે. દિવાન બહાદુરે દર્શાવેલી સાહિત્યના સ્વરૂપની વિશાળતા પણ હવે સર્વત્ર સ્વીકારાય છે; અને યદ્યપિ તે કરતાં પણ એને વિશેષ વિશાળ માનીને મનુષ્યનું મનુષ્યત્વ વધારે સ્ફુટ અને ઉન્નત કરવાનો સાહિત્યનો ઉદ્દેશ છે એમ કહીએ તો પણ ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિ જેવી સંસ્થા તો દેશ કલ્યાણ કરતાં વધારે ઉંચો અને વ્યવહાર સાધ્ય ઉદ્દેશ ભાગ્યેજ રાખી શકે એ ખુલ્લું છે. તથાપિ આ

અાળે એટલું દર્શા‌વ્યા વિના ચાલતું નથી કે સાહિત્ય તે માત્ર કવિતા કે નાટક જ નથી એમ ભવિષ્ય માટે સૂચના રૂપે સ્મરણ આપવું તે ગુ. વ. સોસાઇટિએ આજ પર્યન્ત કરેલું કાર્ય જોતાં જરા અસ્થાને દીસે છે. ગુ. વ. સો. એ તેમ માનવાની ભૂલ કરી નથી એટલુંજ નહિ પણ નાટક કે કવિતાનો સાહિત્યમાં સમાવેશ એને માન્ય હશે કે કેમ એ વિશે પણ એણે પ્રસિદ્ધ કરેલાં પુસ્તકો જોતાં શંકા ઉપજે છે! દિ. બ. અંબાલાલભાઇના સ્ત્રી કેળવણી વિષેના વિચાર પરત્વે મતભેદનો અવકાશ છે. તથાપિ વ્યક્તિના પ્રશ્ન તરીકે આ પ્રશ્નને ન વિચારતાં સમસ્ત દેશના પ્રશ્ન તરીકે એને વિચારીએ તો દિવાન બહાદુરનો નિર્ણય યથાર્થ અને સંગીન છે એમ કબૂલ કર્યા વિના ચાલશે નહિ. દેશમાં કેળવણી વિસ્તારવાની દિ. બહાદુરે જરૂર બતાવી તે પણ સર્વમાન્ય છે, પરંતુ સાક્ષાત્ નિશાળો ઉઘાડીને એ કામ કરવું તે સોસાઇટિના કર્તવ્ય પ્રદેશની માંહે છે કે કેમ એ વિષે શંકા રહેશે. દિવાન બહાદુરની પહેલી સૂચના ઉચ્ચ કેળવણી પણ દેશી ભાષા દ્વારાજ આપવી જોઇએ એ અતિ મહત્વની તેમજ અત્યારે સર્વ દેશમાં સ્વીકારાતી કેળવણીની પદ્ધતિને અનુસરતી છે; તથાપિ અંગ્રેજીદ્વારા ઉચ્ચ શિક્ષણ આપવાની ચાલતી રૂઢિ એવી ઉંડી જડ ઘાલી બેઠી છે કે એને ફેરવવી સર્વથા અશકય છે. પણ અશકય શા માટે છે? એમ જ્યારે અમે અમારા મનને વિશેષ પ્રશ્ન પૂછીએ છીએ ત્યારે ગુજરાત વર્નાકયુલર સોસાઇટિએ હજી આપણા જનસમાજમાં તેમજ અધિકારી મંડળ સમક્ષ જોઇએ તેટલું વજન પ્રાપ્ત કર્યું નથી એવા ખેદજનક ઉત્તર સિવાય બીજો ખુલાસો મળતો નથી.

બીજે દિવસે 'ભાષા શુદ્ધિ' ઉપર ગુજરાત મેઇલ ટ્રેઇનીંગ કોલેજના પ્રિન્સિપાલ રા. રા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી એઓએ કેટલાક વિચારો દર્શાવ્યા. વિષય અપૂર્વ હતો, અને રા. રા. કમળાશંકરભાઇએ એ ઉપર બહુ જુસ્સાથી, દ્રઢતાથી અને નિઃશંકપણે ભાષણ કર્યું. એમણે શુદ્ધ ભાષા વાપરવાની આવશ્યકતા બતાવી, મમ્મટનું દોષનું લક્ષણ તથા દોષના વિશેષ પ્રકારો લઇ એનાં ઉદાહરણો આપ્યાં. એ ઉદાહરણો આજકાલ પ્રસિદ્ધ થતી અનેક ચોપડીઓ સરકારી રાહે પોતા પાસે અભિપ્રાય માટે આવે છે તેમાંથી લીધેલાં હતાં; તેથી તે તે દોષો માત્ર કલ્પિત નથી પણ હાલ લખાતી ગુજરાતી ભાષામાં ખરેખર નજરે પડે છે એમ જણાવ્યું. બુક કમિટી સમક્ષ આવતાં પુસ્તકોનો મોટો ભાગ અર્ધશિક્ષિત લેખકોને હાથે લખાએલો હોય છે એ જોતાં, રા. કમળાશંકરભાઇએ બતાવેલી

ભૂલોમાંની ઘણીખરી વિદ્વજ્જનોને સ્વયંપ્રકાશ લાગે અને તેથી રા. કમળાશંકરભાઇએ ઉઠાવેલો શ્રમ નિરર્થક જણાય; પરંતુ વિદ્વાનો કરતાં અર્ધ શિક્ષિત લેખકોજ દ્રવ્યકીર્તિ વગેરે વિવિધ લાલસાઓથી પ્રેરાઇ ગુજરાતી ભાષાનાં પુસ્તકોમાં દિન પર દિન ઉમેરો કરતા આવે છે અને ગુજરાતી ભાષામાં કેટલાક દુષ્ટ પ્રયોગને રૂઢ બનાવતા જાય છે એ જોતાં રા. કમળાશંકરભાઈનું ભાષણ આપણી ભાષાને બહુ ઉપયોગી સેવા બજાવશે એમ અમને લાગે છે.

આરંભમાં તેઓ દોષનું લક્ષણ આપવા જતાં પ્રસંગોપાત 'લક્ષણ' શબ્દના પ્રયોગ વિષે કેટલુંક બોલ્યા અને શાળોપયોગી પુસ્તકોમાં લક્ષણને બદલે 'વ્યાખ્યા' શબ્દ પ્રયોજાય છે તે સામે ટીકા કરી. રા. કમળાશંકરભાઈ માટે પૂર્ણ માન સાથે અમારે એટલું કહેવું જોઇએ કે આપણા વડીલ ગુજરાતી લેખકોએ Definition માટે 'વ્યાખ્યા' શબ્દ કેવળ અકારણ યોજ્યો નહતો. અત્રત્ય નૈયાયિકોનો 'લક્ષણ'–શબ્દ અને અંગ્રેજી Definition–Logical definition–તે સર્વથા સામાનાર્થક નથી. મિલ પરિપૂર્ણ સન્તોષકારક Definition માં એક નહિ, પણ એ શબ્દના અર્થમાં સમાતા બધા અસાધારણ ધર્મોનું પ્રકટીકરણ આવશ્યક માને છે; અને સંસ્કૃત નૈયાયિકોનાં 'લક્ષણ' માં તો એકજ અસાધારણ ધર્મ આવે તો બસ એટલુંજ નહિ પણ જોઇએ તે કરતાં અધિક વ્યાવર્તક–ભેદક ધર્મો હોય તો તેટલો અંશ પદકૃત્ય વિચારમાં નિષ્પ્રયોજન ગણાઈ આક્ષેપને પાત્ર થાય છે. આ કારણથી પ્રાચીનોએ 'વ્યાખ્યા' શબ્દ વાપર્યો હોય તો આશ્ચર્ય નહિ. *

---

* The only adequate definition of a name is as already remarked, one which declares the fact and the whole of the facts, which the name involves in its signification...... Differentia being seldom taken to mean the whole of the peculiarities constitutive of the species, but some one of those pecluiarities only, a complete definition would be per genus et differentias, rather than differentiam. It would include with the name of the superior genus, not merely some attribute which distinguishes the species intended to be defined...but all the attributes implied in the name of the species.—Mill's Logic.

વસ્તુતઃ આપણા નૈયાયિકોની 'લક્ષણ' ની સમજણ બરાબર છે કે મિલની 'Definition' ની બરાબર છે કે મિલની Definition ને મળતા અર્થમાં પણ અન્ય સંસ્કૃત તત્વજ્ઞોએ લક્ષણ શબ્દ વાપર્યો છે. ઇત્યાદિ વિચાર ભાષાશુદ્ધિના વિષયની બહાર જાય છે; અને તેથી આપણી પૂર્વના લેખકોએ વસ્તુવિચારમાં ગમે તે ભૂલ કરી હોય પણ ભાષાશુદ્ધિની ભૂલ તો તેઓએ કરી જણાતી નથી.

સંસ્કૃત અને ફારસીમાંથી ગુજરાતીમાં આપેલા તત્સમ શબ્દો મૂળ રૂપમાં લખવા જોઇએ એ નિયમ વિચારમાં સારો છે. પણ આચારમાં ઉતરતાં પ્રશ્ન થાય છે કે આ બન્ને ભાષાનું પુખ્ત જ્ઞાન વિદ્વાનોમાં દુર્લભ છે તો સામાન્ય વર્ગના લેખકોમાં તો એની આશા કેમ રાખી શકાય? આ ઉપરાંત, સંસ્કૃત શબ્દો પરત્વે પણ દિ. બ. અંબાલાલભાઇએ પ્રમુખ તરીકે કહ્યું હતું તે સ્મરણમાં રાખવા જેવું છે કે ગુજરાતી ભાષા તે સંસ્કૃત ભાષાની કન્યા ખરી પણ તે હવે આંગળી છોડીને છૂટી ચાલતાં શીખી છે. દાખલા તરીકે 'પ્રશ્નોદ્ધારા' 'વિન્ધ્યાચળ પર્વત' ઇત્યાદિ પ્રયોગ સ્હામેનો રા. કમળાશંકરનો વાંધો આ વસ્તુસ્થિતિના વિસ્મરણમાં ઉત્પન્ન થએલો અમે માનીએ છીએ. ભાષાના અનેક ફેરફારમાં સમાજનું અંગ (ઉદા. 'દ્વારા') પ્રત્યયરૂપે લેખાવા માંડે છે અને આ વલણ આપણે છેક પાણિનિમાં પણ જોઇએ છીએ. વળી જો રૂઢિને લઇ 'सप्त सप्तर्षयः અને पञ्च पञ्चजनाः' એવા પ્રયોગો નભાવી લેવાય છે તો 'વિન્ધ્યાચળ પર્વત' કહેતાં જીભ અટકવાનું કાંઇજ કારણ નથી. એ રીતે તો 'કોન્સ્ટાન્ટિનોપલ' 'વિન્ડર્મીઅર' કે 'ફ્રૅંકફર્ટ' ન કહેતાં 'કૉન્સ્ટન્ટાઇન–શહેર' 'વિન્ડર સરોવર' કે ફ્રૅંકકિલ્લો એમ પ્રયોગોજ કરવા પડે! ભાષાશુદ્ધિના આવા કેટલા સત્યાગ્રહ બાદ કરતાં–રા. કમળાશંકરભાઇનાં દોષસૂત્રો અને તેના આકૃતિ શાળાપત્રમાં પ્રસિદ્ધ થશે ત્યારે ગુજરાતી લેખકોને તેથી લાભ થયા વિના રહેશે નહિ.

ત્રીજે દિવસે રા. રમણભાઇ મહીપતરામ નીલકંઠ એઓએ ગુજરાતી નાટકો અને નવલકથાઓ ઉપર એક રસિક અને ગુજરાતી સાહિત્યના પરિચયથી ભરપૂર એવો નિબન્ધ વાંચ્યો. નવલકથાના કારણચિન્તનમાં, ઇંગ્લંડમાં પ્યૂરિટન લોકોએ નાટકશાળા બંધ કરી અને તેથી નાટકને સ્થાને નવલ–કથા ઉત્પન્ન થઇ–મનુજહૃદયના સમારાધનનું એક દ્વાર બંધ થતાં બીજું ઉઘડ્યું એટલી એક નાની સરખી વાત ઉમેરવા ઉપરાંત એ

નિબન્ધ ઉપર કાંઈ કહેવાનું રહેતું નથી. ગુજરાતી નાટકો અને નવલકથાઓનું એમાં કરેલું ઐતિહાસિક અને સહૃદયતાભર્યું અવલોકન સમગ્ર વાંચવા જેવું હોવાથી એ નિબન્ધ વસન્તમાં અમે હવે પછી પૂરેપૂરો આપીશું.

ચોથે દિવસે સાક્ષરજનોનો એક મેળાવડો કરવામાં આવ્યો હતો. તેમાં નીચેનાં કાવ્યો ફેનોગ્રાફમાં ગાવામાં આવ્યાં હતાં.

૧ ઇશ્વર પ્રાર્થના ... ... ... ભોળાનાથ

૨ અભિનંદન ... ... ... ... નરસિંહરાવ

૩ વસન્ત ( આવો આવો વસંત વધાવો ) ... કવિ દલપતરામ

૪ ગુર્જરીગિરા ... ... ... ... કવિ પ્રેમાનંદ

૫ જય જય ગરવી ગુજરાત ... ... કવિ નર્મદાશંકર

૬ ગુણવંતી ગુજરાત ... ... ... ખબરદાર

૭ ગુજરાતની મુસાફરી ... ... ... નવલરામ

૮ કાફી ( ગગને આજ. ) ... ... મણિલાલ

૯ વસંત ૠતુ ખીલ્યો વનમાં—ગરબી. ... કવિ દલપતરામ

૧૦ વીરની વિદાય ... ... ... પ્રેમભક્તિ

૧૧ મહેમાનોને પ્રાર્થના ... ... ... कान्त

## *પરિશિષ્ટ ૧૩

## ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને સૂચના

(૧) સાહિત્ય પ્રવૃત્તિ એકજ સ્થળે સમાઈ ન રહેતાં, ચોગરદમ ફેલાય, અને જુદી જુદી સંસ્થાઓ, સાહિત્યનાં અનેક કાર્યો

**સાહિત્ય સભાઓ.** પોતાની અનુકૂળ રીતે ઉપાડી લઈ, કાર્યની વ્હેંચણી કરે તો, સાહિત્યનો વેગ બહુ સતેજ અને મોટો થાય અને કામકાજમાં **સરલતા, વ્યવસ્થા, સંગીનતા અને સુગમતા આવે.**

અર્થશાસ્ત્રમાં 'કાર્યની વ્હેંચણી' નો નિયમ બહુજ જાણીતો છે એટલે બહુ લાંબા વિવેચનની જરૂર નથી. વાસ્તે જો ગુજરાતનાં મુખ્ય શહેરો, જેવાં કે સુરત, ભરૂચ, નડિયાદ, વિગેરેમાં તેમજ ઇલાકાના પાયતખ્ત મુંબાઇમાં અને કાઠિઆવાડના રાજકોટમાં જે જે સાહિત્ય ઉન્નતિ અર્થે સંસ્થાઓ સ્થપાઇ હોય, તેમની સાથે, સોસાઇટી, નિકટ સંબંધમાં આવી, તેમને જોઇતી મદદ આપી, કેટલીક ગોઠવણ કરે તો બેશક બહુ લાભ થાય એમ અમારૂં માનવું છે. નડિયાદમાં 'યંગમેન યુનીઅન' છે. વડોદરામાં શ્રેયસાધક વર્ગ અને સુરતમાં નાગર એસોસીએશન અને નર્મદ લાયબ્રેરી, વિગેરે છે. મુંબઇમાં પારસી લેખક મંડળ, હિંદુ યુનિયન આદિ સંસ્થાઓ છે. જેમ યુનિવરસીટીને ભિન્ન ભિન્ન કોલેજ હોય છે તેવી રીતે સોસાઇટી કેન્દ્રમાં રહી, આ સર્વ સભાઓ સાથે પત્રવ્યવહારથી, અને બીજી રીતિઓએ, ગાઢો સંબંધ બાંધી, સાહિત્ય પ્રવૃત્તિ વધારવા ઘટતી સૂચનાઓ વખતોવખત કરે તો દરેકને મુસીબતો ઓછી થઈ, કાર્યની સરળતા આવી, વખત, મહેનત અને પૈસાનો બચાવ થાય.

વળી, દરેક પ્રાંતની સંસ્થાઓ, આખા સાહિત્યના પ્રદેશને ખેડવાને બદલે, ફક્ત પોતાના સ્થળના જાણીતા સાક્ષરોના લખાણોનો બારિક અભ્યાસ કરી, ઉંડા ઉતરી, તેનો લાભ અન્ય સર્વને આપે તો તેથી કામમાં વિશેષ સંગીનતા પ્રાપ્ત થશે. છેવટે, સોસાઇટીએ સાહિત્ય પરિષદ પોતે ભરી, તેમાં આ સર્વ મંડળોને આમંત્રણ કરી, અરસપરસ સંબંધમાં આવી, લેખકો વચ્ચે, મિત્રાચારી અને સ્નેહ સારૂ સાધન કરી આપવાં જોઇએ. માત્ર વલણ અથવા હેતુ દર્શાવવાજ પ્રયત્ન છે. કાર્યની ઝીણી ઝીણી તપસીલો આમ બતાવી શકાય તેમ નથી.

---

* વસંત, વર્ષ ૭, અંક ૯. પાન ૪૦૩.

(૨) આ શુભ પ્રસંગની યાદગીરીમાં એક સ્મારક ગ્રંથ રચાવો જોઇએ; તેમાં ગુજરાતી સાહિત્યના વિવિધ પ્રદેશોમાં શરૂઆતથી, જે જે કાર્ય થયું હોય તેની નોંધ ગુજરાતના, જાણીતા વિદ્વાનો પાસે લખાવવી જોઇએ.

**સ્મારક ગ્રંથ.**

મુંબઈની રોયલ એસીઆટીક સોસાઇટીનો Centenary ગ્રંથ, આ સંબંધે કંઈક વિચાર આપી શકશે. આથી આપણે કેટલો વધારો કરી શક્યા છીયે તે માલુમ પડશે અને ભવિષ્યમાં શું શું કરવાનું બાકી છે તેનો બરોબર ખ્યાલ આવશે.

યુરોપમાં જેમ ગ્રીક અને લેટીન ભાષાના પુનર્ જીવનના પરિણામે, તે સમયની પ્રજા Middle Ages અંધકારના સમયમાંથી દૂર થઇ, નવીન વિચાર અનુભવવા લાગી હતી, તેમ હાલ આપણે પોતાના જુના અને પશ્ચિમના નવીન વાતાવરણના સંગમના કલહથી એક વિચિત્ર (?) સ્થિતિ પસાર કરીએ છીએ–આવા પ્રસંગે, ગયા જમાનાનાં સાધનોનો જો યોગ્ય સંગ્રહ થયો હોય તો ભવિષ્યના ઇતિહાસકારને, પાછલા ઇતિહાસમાં, જે વિવિધ શક્તિઓ ગતિમાં હોય, તે નિરખવાનું બહુ સહેલું બને.

(૩) આજ સુધી આપણા ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખાયો નથી તેથી, સોસાઇટીએ આ કાર્ય રા. કેશવલાલ-ભાઇને સોંપવું જોઇએ અથવા તો આ સારૂ રા. રમણભાઈ, પ્રો. ધ્રુવ, રા. કમળાશંકરભાઈ અને રા. કેશવલાલભાઇ એ વિદ્વાનોની એક કમિટી નીમી, સાહિત્યના ઇતિહાસના વિભાગ પાડી, દરેકે અમુક ભાગ ઉપાડી લેવાની બહુ જરૂર છે.

**ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ.**

(૪) ગુજરાતના જાણીતા સાક્ષરો, કવિઓ અને લેખકોની તેમજ વર્નાક્યુલર સોસાઈટીના આજ સુધીના પ્રમુખો અને ઓનરરી સેક્રેટરીની છબીઓ, સોસાઇટીના હોલમાં ગોઠવાવી જોઇએ. આ સર્વની વચ્ચે સોસાઈટીના સ્થાપક મી. ફૉરબસનું ઑઇલ–પેઇન્ટીંગ આ ઉપરાંત ગુજરાતના ઇતિહાસમાં ઉપયોગી, મળી આવતી વસ્તુઓનો સંગ્રહ કરી, તેનું રફતે રફતે મ્યુઝીઅમ કરે તો બહુ સારૂં થાય. કેમકે આવી જુની વસ્તુઓ, જેવાં કે, તામ્રપત્ર, શિક્કા, શિલાલેખ, પ્રાચીન પુસ્તકો વિગેરે, વખતના વહેવા સાથે, અથડાઈ, કુટાઈ એવા તો અટવાઈ જશે કે જેનું

**મ્યુઝીઅમ–Picture gallery**

નામ નિશાન પણ રહેશે નહિ. વાસ્તે આ બાબત પર ખાસ લક્ષ આપી, વખતસર સાવચેતીનાં પગલાં લેવાની બહુ જરૂર છે. આ કાર્ય સારૂ સોસાઇટીના આસિસ્ટન્ટ સેક્રેટરીને વર્ષના અમુક માસ, ગુજરાત અને કાઠીઆવાડમાં મુસાફરીએ મોકલવો જોઇએ. મુંબઈની એલ્ફીનસ્ટન કૉલેજના સંસ્કૃત પ્રોફેસરને અને રાજકોટ વોટસન મ્યુઝયમના ક્યુરેટરને આ પ્રકારની, પોતાના કામ ઉપરાંત, વધારાની ફરજ છે. આર્કોલોજીના (Archeology) ડીરેક્ટરની તો આ ફરજ છે. જેઓએ, આ ગૃહસ્થોના રીપોર્ટ વાંચ્યા હશે, તેઓને ખાત્રીપૂર્વક જણાયું હશે કે હજુ પણ આ દિશામાં કરવાનું ઘણુ બાકી છે. મુંબઈની ફારબસ સભા અને સોસાઇટી, એ બંને આ કાર્ય ઉપાડે તો તે શું અઘટિત છે? તેની શું જરૂર નથી?

**અમદાવાદનો ઇતિહાસ.**

(૫) ઈ. સ. ૧૯૧૨–૧૩માં અમદાવાદ સ્થપાયે, પાંચસે વર્ષ પૂરાં થશે. વાસ્તે આ પાંચ સદીમાં અમદાવાદના ઇતિહાસમાં કેટલો ફેરફાર થઇ તેનો આધુનિક ઇતિહાસ તુલનાત્મક અભ્યાસ રીતે લખાવો જોઇએ. તે પ્રસંગે યોગ્ય ધામધુમ તો થશે પણ ઇતિહાસની યોજનાનું કાર્ય આજથીજ શરૂ થવું જોઇએ. મુંબઈની એસીઆટીક સોસાઇટીએ ડૉ. કુન્હા પાસે મુંબઇનો ઇતિહાસ લખાવ્યો છે. વળી મી. એસ. એમ. એડવર્ડસેએ 'Rise of Bombay' મુંબાઇની ઉન્નતિ એ નામનો ગ્રંથ મુંબાઈના વસ્તીપત્રક સારૂ ખાસ લખ્યો છે. સરકારના ગેઝીટીઅર અને મુસલમાન ઇતિહાસો તેમજ પરદેશી મુસાફરો અને સિક્કા અને તામ્રપત્રથી છેલ્લી શોધખોળના આધારે, અમદાવાદનો ઇતિહાસ, પ્રજાદૃષ્ટિએ લખાવાની બહુ આવશ્યકતા છે.

**વાર્ષિક ભાષણ.**

(૬) વિલાયતમાં જાણીતી સોસાઇટીઓમાં દર વર્ષે મંડળના પ્રમુખ તરફથી બહુ વિદ્વત્તાભરેલું ભાષણ અપાય છે. અને વર્ષમાં પોતાના ખાસ વિષયમાં જે જે વધારા અને ફેરફાર થયા હોય છે, તેનું દિગ્દર્શન કરે છે. મહારાષ્ટ્રમાં સોસાઇટી જેવું મોટું કોઇ મંડળ નહિ હોવાથી, ત્યાં 'ગ્રંથસંગ્રહ' એ નામની સંસ્થા મુંબઇમાં છે તેના વાર્ષિક દિવસે મરાઠી સાહિત્યનો એકાદ વિદ્વાન સુંદર રસિક ભાષણ કરે છે તો આપણે અહિં સોસાઇટીની વાર્ષિક મીટિંગના દિવસે, સેક્રેટરી યા પ્રમુખે વર્ષની સાહિત્યપ્રવૃત્તિનું નિરીક્ષણ કરવું જોઇએ. મુંબઇમાં મીલમાલેકોની સભાઓ પણ વાર્ષિક

જાણવુ વખતે પોતાના બજારનું ( market ) સરવાયું તપાસે છે તો શું સોસાઇટીનું આ દિશામાં કર્તવ્ય નથી ?

**ફ્રી વાંચન અને સ્રીવાંચન.**

(૭) સોસાઇટીએ જ્ઞાન ફેલાવવા સારૂ અનેક પ્રયાસો કરવા જોઇએ. પ્રાથમિક કેળવણી આપણી મ્યુનીસીપાલીટીઓ આપે છે પણ જનસમાજ અને સ્રી મંડળ સારૂ વાંચનની અત્યંત જરૂર છે. આ વાસ્તે દરેક સ્થળે ફ્રી લાયબ્રેરી સ્થપાય તેવા પ્રયત્ન સોસાઇટીએ કરવા જોઇએ. પેટલાદના એક ઉત્સાહી અને પરોપકારી ગૃહસ્થે પોતાના આત્મભોગે આ દિશામાં બહુ સારૂં કાર્ય કર્યું છે અને તેમના મિત્રમંડળને બહુ સારી ફતેહ મળી છે. તે જ ધોરણે ગાયકવાડી રાજ્યમાં પોતાની ઉદાર રાજ્યનીતિને અનુસરીને, નામદાર ગાયકવાડ સરકારે દરેક ગામમાં ફ્રી લાયબ્રેરી સ્થાપી છે. ઇંગ્લાંડમાં રીવ્યુ ઓફ રિવ્યુઝના અધિપતિ મી. સ્ટેડની ' ક્રુઝેડ ' બહુ સુપ્રસિદ્ધ છે. આવાં અનેક કાર્યો સોસાઇટીએ ઉપાડવાં જોઇએ. 'સ્રીવાંચન' સંબંધી હાલમાં બહુ બુમ છે અને તે વાસ્તવિક છે. આ ખામી દૂર કરવા સોસાઇટીના વ્યવસ્થાપક મંડળે વિચાર કરી એક યોજના ઘડી કાઢવી જોઇએ.

**વિદ્યા, હુન્નર, દેશી કારીગરી સંબંધેનું સાહિત્ય.**

(૮) હાલ જ્યારે સ્વદેશી ચળવળના પરિણામે લોકમાં દેશી કારીગરીને ઉત્તેજન આપી, જુના હુન્નરો સજીવન કરવા ઝાઝી જીજ્ઞાસા છે ત્યારે સોસાઇટીએ વેપાર ઉદ્યોગ, હુન્નર, વિદ્યા આદિ વિષયો પર લેખો તેમજ પુસ્તકો લખાવી જનસમાજમાં જ્ઞાનની વૃદ્ધિ કરી, દેશની આર્થિક સ્થિતિ સુધારી, સુખનાં સાધનો વધારવા, ખાસ લક્ષ આપવું જોઇએ. અસલ નવીન લેખો થવાનો સમય હજી બહુ દૂર છે પણ જો સારાં ભાષાંતરો થશે તો પણ સાધન ઘણાં છે અને સારો લાભ થશે. નામદાર સરકાર દરેક પ્રાન્તની વખણાતી, સારી ચીજ પર ખાસ અનુભવી આદમી પાસે લેખ લખાવી તે જુદા પ્રસિદ્ધ કરે છે. ( જેમકે સુરતના કિનખાબ, સુખડકામ, હાથીદાંતની કોતરણી વિગેરે ) વળી થોડા સમયથી દરેક પ્રાન્તવાર ત્યાંના હૈયાત તેમજ નાબુદ થયેલા હુન્નરોની એક યાદી તૈયાર થાય છે. સંયુક્ત પ્રાંતમાં તપાસ થઇ ચુકી છે. ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીએ ગુજરાતમાં ' હાથની શાળો ' દાખલ કરવા શા શા ઉપાયો યોજ્યા ?

વિશેષ ખેતીવાડીની બાબતોમાં સોસાઇટીને ઘણું કરવાનું છે. આપણો ગુજરાત પ્રાંત ખેતીવાડી અને વેપાર ઉદ્યોગથીજ આબાદ છે અને તે સારૂ

મશહુર છે. સર્વ સાધન તૈયાર છે. ફક્ત તેનો સારી રીતે ઉપયોગ થવાની જરૂર છે. સરકારનું 'પુસા ખેતિવાડી ખાતું' આ સંબન્ધે પુષ્કળ કામ કરે છે. હિન્દુસ્તાનમાં સારૂં રૂ ઉગાડવા ઈંગ્લાંડના મિલમાલિકોએ લાખો રૂપીઆ રોકી, એક મોટી કંપની કાઢી છે. વાસ્તે જો સોસાયટી આપણી ઔદ્યોગિક કોન્ફરન્સ, સરકાર તરફથી પ્રસિદ્ધ થએલા જુદા જુદા હુન્નરોના ખાસ લેખો ( Monographs ) ખેતિવાડી ખાતા તરફથી છપાતા રીપોર્ટ માસિકો અને પુસ્તકો હિન્દુસ્તાનની કાચી પેદાશ ( economic products) સંબન્ધે મિ. વૉટસના ફરીથી તૈયાર થતા નવા અંકો વિગેરેની માહિતી મેળવી કામ કરશે તોપણ ઘણો લાભ થશે. અમદાવાદમાં 'ડેરી' નું કામ ધમધોકાર ચાલે છે ત્યારે તે સંબન્ધે સર્વ માહિતીનો સંગ્રહ કરી, યોગ્ય જ્ઞાન, લોકમાં શા સારૂ ફેલાવું ન જોઈએ? ઇંગ્લાંડમાં લોર્ડ રીપન જેવા આપણા લોકપ્રિય વાઈસરોય ડેરીનો ધંધો કરે છે. સંચાના રૂના જે વિકટ પ્રશ્ન છે તે પણ તેથી દૂર થશે. વિલાયતમાં, તે ચીજ બીસ્કીટ વગેરેના ખપમાં લેવાય છે, જ્યારે દેશમાં અજ્ઞાનતા છે, જાહેર સંસ્થાઓ બહુ થોડી છે ત્યારે સોસાઇટીએ દેશોન્નતિની દરેક બાબતો પર ખાસ ધ્યાન આપવું જોઇએ એમ મારૂં માનવું છે.

**સાહિત્યની કોન્ફરન્સ અને ગાઈડ બુક.**

(૯) બુદ્ધિપ્રકાશમાં બહુ સારા લેખો પ્રસિદ્ધ થયા છે. હમણાં જુની ફાઇલો સઘળાને મળી શકે તેમ નથી વાસ્તે વ્યવસ્થાપક મંડળની એક કમિટી નીમી તેઓએ આજ સુધી 'બુદ્ધિપ્રકાશ' માં જે જે સારા ઉપયોગી લેખો આવ્યા હોય તે એક પુસ્તકરૂપે ફરીથી છપાવવા: એમ કદાચ કરવું ન ફાવે તો, 'બુદ્ધિપ્રકાશ' માં આવી ગયેલા વિષયોનું એક સાંકળીયું કરી તે પ્રસિદ્ધ કરવું એવી નમ્ર સૂચના છે. વળી, ઇંગ્લાંડમાં અનેક 'ગાઈડ બુક' અને 'રેફરન્સ' નાં પુસ્તકો પ્રસિદ્ધ થાય છે તેવી રીતે, દર વર્ષે સોસાઇટીએ સાહિત્યના ઉપયોગી વિષયો તેમજ વર્ષમાં બહાર પડેલા ગ્રંથોની યાદી, તેની કિંમત અને મળવાનાં સ્થળ સાથે જુદી છપાવવી જોઈએ. આજ સુધી ગુજરાતી સાહિત્યમાં પ્રસિદ્ધ થયેલા સર્વ ગ્રન્થોની એક યાદી થાય તો સાહિત્યના ઇતિહાસમાં બહુ લાભ થાય. આ બહુ મહેનતનું કામ નથી. સરકાર તરફથી આજ કેટલાંક વર્ષો થયાં દેશી પુસ્તકોની ત્રૈમાસિક યાદીઓ જુદી છપાય છે. તે પરથી સહેલાઈથી કામ બની શકશે.

**સસ્તુ' સાહિત્ય**

૧૦. આપણી ગરીબાઇને લીધે તેમજ લોકની અજ્ઞાનતાને પરિણામે લેખકોને ઘણીવાર પૈસા સંબંધી મુસીબતો ખમવી પડે છે. તેથી જેમ વિલાયતમાં ઓક્સફર્ડ અને કેમ્બ્રીજ જેવી મહાન પાઠશાળાઓ પોતે પુસ્તકો છપાવી, પ્રસિદ્ધ કરે છે તો સોસાઈટી એક સારૂં પ્રેસ કાઢી, લેખકની તેમજ જનસમાજની સસ્તાં પુસ્તકો છાપી, સેવા કરે તો તે શું અયોગ્ય છે? **ગુજરાતી પ્રેસ** કેવું સારૂં કાર્ય કરે છે એ પ્રત્યક્ષ પુરાવો છે.

**પરદેશી મુસાફરોના અહેવાલો**

૧૧. ગુજરાતમાં અનેક વિદેશી મુસાફરો આવી ગયા છે અને (Hakluyt Society) હેકલ્યુત સોસાઇટી તેના 'મુસાફરી' ના ગ્રંથો સારૂ મશહુર છે. જો સોસાઈટી, ગુજરાતને લગતા અહેવાલનું એકાદ પુસ્તક રચાવે તો તે સમયની જનસમાજના રીત રિવાજ અને જીવનનો સારો ખ્યાલ આવે. પ્રાચીન કવિઓના પુસ્તકો પરથી આપણે કેટલાક અનુમાન બાંધી શકીએ પણ જો તેમાં આ પરદેશી મુસાફરોના અહેવાલોની સાક્ષી આવે તો તે વાત ચોક્કસ સાબીત થાય અને લોકના અનેક વહેમ ટળી જાય. વળી-ગુજરાત અને કાઠિયાવાડમાંથી, જે શિલાલેખો અને તામ્રપત્ર વિગેરે મળ્યાં હોય તે સર્વ ભાષાંતર કરી પ્રજાની માહિતી સારૂ છપાવવાં જોઇએ. ભાવનગર દરબારે, આવાં એક બે પુસ્તકો પ્રસિદ્ધ કર્યા છે. ઇંગ્રેજ સરકારના Indian Antiquary અને Epigraphia Indica વિદ્વાનોને એક મહાન સુખરૂપ છે.

૧૨ આ શુભ ખુશાલીના પ્રસંગની યાદગારીમાં ગુજરાતના અનાથ-શ્રમ અને કન્યાશાળાઓમાં, જેઓ લાયબ્રેરી સ્થાપે તે સંસ્થાઓને સોસાઇટીએ છપાવેલા ગ્રંથો બક્ષીસ આપવા.

**રા. બા. લાલશંકરભાઇ**

૧૩. છેવટે રા. બા. લાલશંકરે સોસાઇની ઉત્તમ પ્રકારે સેવા કરી તેને સારી આબાદ સ્થિતિએ આણી છે તે સારૂ તેમની આ અવસરે સોસાઈટી તરફથી યોગ્ય કદર બુજાવી જોઇએ. તેમણે 'સ્ત્રી કેળવણી' અને સ્ત્રી ઉન્નતિ અર્થે સેવા કરી છે. તેમની જ મદદથી સોસાઇટીએ 'સ્ત્રી કેળવણી અને સ્ત્રી પરીક્ષા' ની ઉત્તમ રૂઢિઓ દાખલ કરી છે. ટુંકાણમાં તેમની સેવા અનેક છે, અને સોસાઇટીએ તેમના કાર્યની કદર, આ અવસરે કરવા ચુકવું નહિ.

NTERY, AHMEDABAD